૮૯૯૫

● વર્ષ : ૬ ● અંક : ૧ ● ● તા. ૧૬-૧-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બાળમજૂરોની સમસ્યા

કેટલાક વખતથી જગતના સમાજશાસ્ત્રીઓ બાળકો માટે વધુ જાગૃત અને ચિંતિત થવા લાગ્યા છે. યુનાઇટેડ નેશન્સ તરફથી બાળકો માટેના કન્વેન્શનમાં બાળકોના રક્ષણ માટે જે નીતિનિયમો ઘડવામાં આવ્યા છે તેમાં ઘણાં દેશોએ સહકાર આપવાની ખાતરી આપી છે. દુનિયાના ઘણા દેશોમાં બાળકલ્યાણ કેન્દ્રોની સરકારી સ્તરે સ્થાપના થઇ છે. દુનિયાના કેટલાંયે દેશોમાં બાળમજૂરી અંગે કાયદાઓ ઘડાયા છે. તેમ છતાં સમગ્ર દુનિયામાં મળીને કરોડો બાળમજૂરો મજૂરી કરી રહ્યા છે. અને એમાં કેટલાંકની પાસે પશુની જેમ કામ કરાવવામાં આવે છે એ વાસ્તવિકતાનો અસ્વીકાર થઇ શકે તેમ નથી.

અનાજ, કપડાં, રહેઠાણ, વાહન વ્યવહાર ઇત્યાદિની બાબતમાં માત્ર સ્વાવલંબી જ નહિ, સમૃદ્ધ બનેલા રાષ્ટ્રો, વૃદ્ધો, અપંગો, બાળકો, મહિલાઓ વગેરેની વિવિધ પ્રકારની સુવિધાઓ માટે જાગૃત બને એ સ્વાભાવિક છે. એટલે પાશ્ચાત્ય દેશો બાળમજૂરોના વિષયમાં જેટલા સજાગ અને સક્રિય હોય એટલા કદાચ અન્ય રાષ્ટ્રોના સામાજિક કે રાજકીય કાર્યકર્તાઓ ન હોય એ દેખીતું છે. અવિકસિત રાષ્ટ્રોને માટે બીજા ઘણા વિષયો એથી પણ ગંભીર હોય છે.

બાળકોની સમસ્યા વિવિધ પ્રકારની છે. કોઇ યુગ એવો નથી પસાર થયો કે જ્યારે બાળકોની કોઈકને કોઇક સમસ્યાએ સમાજને સચિંત ન કર્યો હોય. આરોગ્ય, શિક્ષણ, ગુનાખોરી, મજૂરી, આજીવિકા વગેરે ઘણી જુદી જુદી દૃષ્ટિએ બાળકોની સમસ્યાઓનું નિરાકરણ વિચારાય છે. વર્તમાન જગતમાં બાળકોના આરોગ્ય માટે ઘણા ઉપાયો અમલમાં આવ્યા છે, જો કે કેટલાંક ગરીબ દેશોમાં અંતરિયાળ વિસ્તારોમાં એ બધી સુવિધાઓ પૂરતા પ્રમાણમાં હજુ સુલભ થઇ નથી. બાળકોની બીજી જે ગંભીર સમસ્યાઓ છે તેમાં રસ્તે રઝળતાં બાળકો, બાળકોમાં ગુનાખોરી અને બાળમજૂરી એ ત્રણ મહત્ત્વની છે. એ વિશે ઠીકઠીક જાગૃતિ ઘણાં દેશોમાં આવી છે. આ બધી સમસ્યાઓમાંથી આપણે હાલ અહીં મજૂર કે નોકર તરીકે બાળકોનો જે ઉપયોગ થાય છે તેની માત્ર વિચારણા કરીશું, આ વિષય ઉપર કાયદાની દૃષ્ટિએ, અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ એમ વિવિધ દૃષ્ટિકોણથી વખતોવખતથી પરામર્શ થાય છે. એમાંથી કેટલાક મુદ્દા વિચારીશું.

જ્યાં સુધી માણસને પેટ છે ત્યાં સુધી ખાવા માટે એણે કંઇક પ્રવૃત્તિ ી રહે છે. પોતાની આજીવિકા પોતે રળવાની રહે છે. દરેક માણસ ાવાનાં સાધનો અને ઉપાયો એકસરખાં હોતાં નથી. ી શક્તિ અને સંજોગોનુસાર, સામાજિક અને આર્થિક દૃષ્ટિએ ઇ જાય છે. પોતાનું ગુજરાન ચલાવવા માટે માણસ પોતે નગરમાં પોતાની આજીવિકાનું સાધન શોધી લે છે. કેટલાંક એમાં સફળ થાય છે, કેટલાંક નિષ્ફળ જાય છે. કેટલાંક પોતાની શક્તિ અને સૂઝ અનુસાર એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં જાય છે. કેટલાક પોતાનું ગામ છોડી બીજે જાય છે અને એમ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે છે.

યુરોપ અને અમેરિકાના સમૃદ્ધ દેશો કરતાં મધ્ય પૂર્વ, એશિયા અને આફ્રિકાના પછાત દેશોમાં લોકોનું સરેરાશ જીવનધોરણ ઘણું નીચું છે. બીજી બાજુ જીવનનિર્વાહ માટે માણસને ઘણો શ્રમ કરવો પડે છે. ગરીબ દેશોની અર્થવ્યવસ્થા જુદા પ્રકારની છે. અસંખ્ય કુટુંબો માટે તો રોજનો રોટલો રોજ કમાવા જેવી સ્થિતિ છે. એવાં કુટુંબોમાં દરેક સભ્યે કંઇક ને કંઇક કામ કરવું પડે છે કે જેથી કુટુંબનિર્વાહ બરાબર થઇ શકે. આવા કુટુંબોમાં નાનાં બાળકોની આજીવિકાની પણ ગણતરી થાય છે.

કેટલાક સમૃદ્ધ દેશોમાં બાળ મજૂરી ઉપર કાયદેસર પ્રતિબંધ હોવા છતાં કેટલાય સ્થળે, અલબત્ત નાના પ્રમાણમાં, બાળકો થોડી ધનપ્રાપ્તિ અર્થે કંઇક કામ ધંધો કરતા જોવા મળે છે. અમેરિકા, કેનેડા અને બીજાં રાષ્ટ્રોમાં કેટલાક છોકરાઓ છાપાની ફેરી કે છૂટક ઘરકામ વગેરે કરે છે. એનું કુટુંબ સુખી હોય છે. પરંતુ પોતાની કહી શકાય એવી કંઇક કમાણી પ્રાપ્ત કરવામાં એને આનંદ હોય છે. ઘણુંખરું તે પોતાના અભ્યાસના ભોગે આવું કામ કરતો નથી. પરંતુ ફાઝલ સમયમાં કે રજાના દિવસોમાં તે આવું કામ કરે છે. એ એની મનગમતી પ્રવૃત્તિ છે, એમાં શોષણ નથી.

કેટલાક વ્યવસાય એવા છે કે જેમાં પિતા પોતે જ પોતાના નાના દીકરાને પોતાની સાથે લઇ જઇને પોતાનું કામ શીખવાડે છે. ઘરમાં તે પજવે નહિ કે ઘરની બહાર રખડી ન ખાય એ માટે પણ તેઓ પોતાની સાથે લઇ જાય છે. ખેડૂતો ખેતરમાં પોતાના છોકરાઓને લઇ જાય છે અને જેવું આવડે એવું કામ તેમને સોંપે છે. સુથાર, લુહાર, દરજી, કુંભાર, કડિયા વગેરે જુદા જુદા વ્યવસાયવાળા કારીગરો પોતાના નાનાં છોકરાંઓને પોતાના વ્યવસાયની તાલીમ નાની ઉંમરથી જ આપે છે.

છોકરાઓ હોંશિયાર થતા જાય છે અને મોટા થતાં પિતાનો ભાર હળવો કરે છે અને લાંબે ગાળે તેઓ પિતાનો વ્યવસાય સંભાળી લે છે. ખેડૂતનો દીકરો ખેડૂત થાય, સુથારનો દીકરો સુથાર થાય, લુહારનો દીકરો લુહાર થાય કે દરજીનો દીકરો દરજી થાય એવો વ્યવહાર હજુ ઘણા મોટા પ્રમાણમાં દુનિયામાં ઘણે સ્થળે જોવા મળે છે. એમ થવું અનિવાર્ય નથી અને વધુ તેજસ્વી બાળકો પોતાની બુદ્ધિશક્તિ અનુસાર અન્ય વ્યવસાયમાં જાય તેમાં કશું ખોટું પણ નથી. એકંદરે તો તે સમાજના હિતમાં છે પરંતુ બીજી બાજુ પોતાનો દિકરો અન્ય વ્યવસાયમાં ચાલ્યો જાય અને પિતાનો વ્યવસાય ભાંગી પડે એ પણ એક મોટી સમસ્યા બની રહે છે. આથી જ કેટલાયે પિતા પોતાનો દીકરો અન્ય વ્યવસાયમાં ન ચાલ્યો જાય એટલા માટે તેને શાળા કે કોલેજમાં વધુ ભણાવતા ન

જે પ્રદેશમાં વસતી ઘણી છે અને વ્યવસાય ઓછા છે અને એને લીધે સમાજની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી રહે છે એ પ્રદેશોમાં નાના નાના પરચુરણ વ્યવસાયો દ્વારા લોકો પોતાનું ગુજરાન ચલાવે છે. સમગ્ર જગતમાં માંગ (Demand) અને પુરવઠો (Supply) અનુસાર વેપાર ધંધો અને બીજા વ્યવહારો ચાલે છે. આવા વ્યવહારમાં બાળમજૂરોની પણ એક આગવી સમસ્યા છે. જે બાળકોને શાળાઓમાં અભ્યાસ કરવાની તક કે સુવિધા નથી એ બાળકો ફાઝલ સમયમાં જો રોકાયેલા ન રહે તો તેઓ માબાપને કે પડોશીઓને સતાવે છે, રખડી ખાય છે, ખરાબ સોબતે જો ચઢી જાય તો ચોરી, મારામારી, ગુંડાગીરી વગેરે કરવા લાગે છે. એવું કરવાનો એમનો તરત ઇરાદો નથી હોતો પરંતુ તેઓ આવી પ્રવૃત્તિઓમાં જાણતાં-અજાણતા ઘસડાય છે. અસામાજિક તત્ત્વો તેમનો લાભ ઉઠાવે છે અને વખત જતાં એવા કિશોરો પોતે અસામાજિક તત્ત્વ બની જાય છે. પછીથી તેઓ સમાજ માટે એક સમસ્યા રૂપ બની રહે છે. આવું જ્યાં થતું હોય ત્યાં બાળકો કોઇક વ્યવસાયમાં રોકાયેલાં રહે તે સમાજના હિતમાં છે. અલબત્ત એવા બાળકોનું નિર્દય રીતે શોષણ ન થાય એ જોવાની ફરજ સમાજના આગેવાનોની છે.

બાળક મોટું થાય એટલે એને કંઇક ને કંઇક કામ કરવું ગમે છે. નવરા બાળકોને કંઇક કામ સોંપીને રોકી રાખવા એ વધુ સલાહભર્યું છે. કેટલાંક બાળકોને આજીવિકાને અર્થે નહિ, પરંતુ કંઇક નવું શીખવાના અર્થે આવું કામ કરવું ગમે છે. કોઇ પણ કામ પોતાને આવડે તો બાળક તેથી રાજી રાજી થાય છે.

ગામડાંઓમાં નાના કુટુંબોમાં વડીલો, બાળકો પાસે ઝાડું કાઢવું, ચીજ વસ્તુઓ આઘી પાછી મૂકવી, લેવડ-દેવડના ધક્કા ખવરાવવા, બજારમાંથી વસ્તુઓ લઇ આવવી વગેરે નાનાંમોટાં કામો કરાવે છે અને બાળક તે ઉત્સાહથી કરે છે. પાડોશીઓ કે સગાં સંબંધીઓ માટે પોતે કરેલાં કામના બદલામાં જો કોઇ નાની મોટી રકમ મળે છે તો તે બાળકને વધુ પ્રોત્સાહિત કરે છે. બાળક લાલચુ થઇ જાય એવું પણ બને, પણ એની હોંશિયારી તો વધવા લાગે છે.

જે કુટુંબમાં આજીવિકા રળતો પુરુષ નાના બાળકોને મૂકીને અકાળે અવસાન પામે છે એ કુટુંબની વિધવાને કંઇક કામ કરીને કમાવું પડે છે. તેને પોતાનાં નાનાં છોકરાંઓ દ્વારા પણ નાનું મોટું કામ કરાવીને પૂરક આજીવિકા મેળવવી પડે છે. નિરાધાર કુટુંબમાં બાળકોની નજીવી કમાણી પણ સહાયરૂપ બને છે. મહાન ચીની ફિલસૂફ કન્ફ્યૂશિયસને માતા વિધવા થતાં બાળવયથી જ જાતજાતની મજૂરી કરવી પડી હતી અને એથી એમની હોંશીયારી ઘણી વધી ગઇ હતી. બીજી બાજુ કેટલાંય એવા ગરીબ લોકો છે કે જેમની પાસે આજીવિકાનું કોઇ મોટું સાધન નથી એવા લોકોમાં નાનું સરખું કામ કરીને રોજનું પેટિયું રોજ રળવાનું રહે છે. આવા લોકો પોતાના કામ માટે નોકર તરીકે નાનાં છોકરાંઓને રાખે છે કે જેથી તેમને પગાર ઓછો આપવો પડે અને પોતે પોતાનો નાનો સરખો ધંધો સરખી રીતે ચલાવી શકે. એશિયાના કેટલાયે દેશોમાં કેટલાંયે માણસો રસ્તા ઉપર નાની હાટડી માંડીને કે રેકડી રાખીને પોતાનો ધંધો ચલાવે છે. તેઓ પોતાના મદદનીશ તરીકે બાળ મજૂરોને રાખે છે. જો તેઓ બાળ મજૂરોને ન રાખે અને પુખ્તવયના નોકરોને રાખે તો પોતાનો વ્યવસાય ચલાવી ન શકે. પોતાને પગભર રહેવા માટે બાળ મજૂરોની જરૂર પડે. એમાં કોઇ શોષણનો ઇરાદો નથી હોતો, પરંતુ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો જ પુરુષાર્થ હોય છે. એની એવી પ્રવૃત્તિથી બે કુટુંબોને રાહત મળે છે-ધંધો કરનારના કુટુંબને અને નોકરી કરનાર બાળ મજૂરના કુટુંબને. કેટલાંક તીર્થસ્થળોમાં ચા-પાણીની રેકડી ચલાવનારા આઠ-દસ વરસની ઉંમરના છોકરાઓને નોકરીમાં રાખે છે. આવા કુમળા છોકરા પાસે તમે કેમ મજૂરી કરાવો છો ? એવો પ્રશ્ન કોઇ કરે તો તેઓનો જવાબ હોય છે કે 'મોટા માણસો આવા કામ માટે મળતા નથી. મળે તો મને પોષાય તેમ નથી. આ છોકરાઓની કમાણીથી એમના કુટુંબને રાહત મળે છે. હું જો તેઓને નોકરીમાં રાખવાનું બંધ કરી દઉં તો અમારા બેઉનું બગડે. હું મારું ગુજરાન ન ચલાવી શકું. અને છોકરાઓ પોતાનું ગુજરાન ન ચલાવી શકે.

આવી રીતે બાળપણમાં નોકરી કરનાર છોકરાઓ હોંશિયાર જલદી થાય છે. કેટલાંકમાં લુચ્ચાઇ, પક્કાઇના અંશો પણ જલદી આવે છે. પોતાના માલિકની ધંધાની કુનેહ અને છેતરપિંડીની રસમોના તેઓ માહિતગાર થાય છે. માનવ સ્વભાવના તેઓ પારખું બને છે. કેટલાક કિસ્સાઓમાં તો વખત જતાં પોતાના માલિકના હરીફ બનીને તેઓ ઊભા રહે છે.

પિતાના કે માતાના અતિશય ક્રોધી સ્વભાવને કારણે અથવા માતપિતાનું તકરારી, વિસંવાદી, સંઘર્ષમય જીવન જોઇને એ ત્રાસમાંથી મુક્ત થવાને માટે અથવા મિત્રો સોબતીઓનો આગ્રહભર્યો સાથ મળવાને લીધે કેટલાયે છોકરાઓ ઘર છોડીને ભાગી જાય છે. કુમળી વયના એવા છોકરાંઓ ગુજરાન માટે મોટાં શહેરો તરફ ધસે છે. ત્યાં તેઓને કંઇક ને કંઇક કામ મળી રહે છે. તેઓ ગમે ત્યા ખાયપીવે છે. અને ગમે ત્યાં સૂઇ રહે છે. આવી વિષમ પરિસ્થિતિમાં પણ પોતાના ઘર કરતાં પોતે વધુ સુખી છે એવું તેઓને લાગે છે. એમાં પણ સરખેસરખી વયના દોસ્તારો મળી જતાં તેઓ એક જુદી જ દુનિયામાં વસવા લાગે છે. માતા-પિતા કે ભાઇ-ભાંડુઓની તેમને ચિંતા હોતી નથી. તેઓ યાદ પણ ભાગ્યે જ આવે છે. આવી રીતે ભાગી નીકળેલા છોકરાઓને સગવડ મળે, સારી તક મળે તો પણ ઘરે પાછું ફરવું ગમતું નથી હોતું એવો અભિપ્રાય એ ક્ષેત્રમાં સેવાનું કામ કરતા સામાજિક કાર્યકર્તાઓનો છે.

આવા દોસ્તારોની સોબત એકંદરે સારી નીવડતી નથી. બિડી-સિગરેટ પીતા તેઓ તરત થઇ જાય છે. ચલચિત્રો જોવાનો તેમને નાદ લાગે છે. કેટલાંક તો વળી ચરસ-ગાંજો પીવા લાગે છે, કેટલાંક દારૂ અને જુગારના અડ્ડા તરફ આકર્ષાય છે, કેટલાંક ચોરી- દાણચોરીમાં સંડોવાય છે, અને ગુજરાન કરતાં વધુ પૈસા કમાવા મળવા લાગતાં કેટલાંક નાની કાચી વયથી જ વેશ્યાવાડા તરફ ખેંચાય છે. કેટલાંક જાતજાતના રોગનો ભોગ થઇ અકાળે મૃત્યુ પામે છે, ઘર છોડીને ભાગી નીકળેલાં એવા દુનિયાનાં અસંખ્ય બાળકોનું જીવન અંતે કરુણાંતિકા જેવું બની રહે છે.

એક અંદાજ પ્રમાણે દુનિયાભરના બાળ મજૂરોના પચીસ ટકા જેટલા બાળ મજૂરો ઘરનોકર તરીકે કામ કરે છે. ઝાડું કાઢવું, વાસણ માંજવા, કપડાં ધોવાં વગેરે પરચુરણ પ્રકારના ઘરકામ કરવા માટે બહુ મોટી આવડતની જરૂર પડતી નથી. આ બાળ મજૂરોમાં છોકરીઓનું પ્રમાણ ઠીક ઠીક હોય છે. ઘરકામ કરવા માટે બાળ મજૂરને રાખવામાં કાયદાનો પ્રશ્ન બહુ નડતો નથી, કારણ કે એવી નોકરીમાં કોઇ કાયદેસરનું લખાણ હોતું નથી. મજૂરીની રકમ માટે લેખિત પહોંચ લેવાતી નથી. વળી એવા ઘરોમાં એક-બેથી વધારે બાળકો જવલ્લે જ કામ કરતા હોય છે. એટલે તેવા બાળ મજૂરો કે તેમનો સમુદાય નજરે ચડતો નથી, કેટલાંય કુટુંબોમાં બાળ મજૂરને કુટુંબના સભ્યની જેમ સારી રીતે રાખવામાં આવે છે. કેટલાંક કુટુંબોમાં તો દિવસ-રાત ત્યાં જ રહેવાનું હોય છે. તેમને ખાવા-પીવાનું અને કપડાં અપાય છે. કેટલાં યે ઘરોમાં તો નાની છોકરીઓ કામ કરતી હોય છે. અલબત્ત બીજી બાજુ કેટલાંક ઘરોમાં બાળ નોકરો પાસેથી નિર્દય રીતે કામ લેવામાં આવે છે. કેટલાય ઘરોમાં લાચાર બાળકોને માલિકનાં ગાળ અને માર સહન કરવા પ[illegible] માનવતા વિહોણું વર્તન હોવા છતાં બાળક કશું કહી શકતું નથી કે નોકરી છોડવા જતાં ભૂખે મરવાનો વખત આવે છે.

સામાન્ય સરેરાશ બાળક સહેલાઇથી મજૂરી કરી શ[illegible] જેમાં બુદ્ધિચાતુર્યની બહુ જરૂર ન હોય એવો એક બ[illegible]

ખાનપાનનો, હોટેલ, રેસ્ટોરાં, લોજવીશી વગેરેનો છે. નાના ગામડાંઓની નાની નાની હોટેલો, રેસ્ટોરાંઓમાં છોકરાંઓ કામે લાગી જાય છે, આવી નોકરીમાં છોકરાઓને ખાવા- પીવાનું મળે છે. એ એક મોટું આકર્ષણ બાળ મજૂરોમાં હોય છે. ભલે વધ્યું ઘટ્યું ખાવાનું મળતું હોય તો પણ પોતાના પેટની ચિંતા બાળકને રહેતી નથી. નોકરીમાંથી પગાર મળે છે તેનો ઉપયોગ પોતાને માટે અથવા પોતાના કુટુંબ માટે તે કરી શકે છે. કુટુંબને પણ એ બાળકને ખવડાવવામાંથી રાહત મળે છે. આથી ગરીબ દેશોમાં બાળ મજૂરોનું મોટું પ્રમાણ આવા ખાવાપીવાના વ્યવસાય તરફ ખેંચાયેલું રહે છે.

મધ્યમ વર્ગના કેટલાંક કુટુંબોના બાળકો ઘરે રહીને મજૂરીનું કામ કરી લે છે. બાળકો માટે સરળતાથી કામ કરીને થોડીક કમાણી કરી લેવા માટે અનેક જાતના વ્યવસાય પ્રવર્તે છે. ગુજરાત, સૌરાષ્ટ્રમાં કપાસની ઋતુમાં કાલાં ફોલવાની પ્રવૃત્તિ ઘેર ઘેર ચાલતી હોય છે. (આ લખનારે પોતે જ દસ-બાર વર્ષની ઉંમરે કાલાં ફોલવાનું, દિવાળી વખતે કેલેન્ડરોમાં ચિત્રો ચોંટાડવાનું, તારીખ-તિથિના દટ્ટા લગાડવાનું, કાગળની કોથળીઓ બનાવવાનું એમ જુદું જુદું કામ કરેલું છે.)

કેટલાંક વ્યવસાયો બાળ મજૂરો માટે બહુ થકવનારા અને જોખમભરેલા હોય છે. ગરીબી અને બેકારીને કારણે બાળકોને તેવા વ્યવસાયમાં જોડાવું પડે છે. ભારતમાં આંધ્ર પ્રદેશના પોચમપલ્લીમાં તથા વારાણસીના સાડીઓના કારખાનાઓમાં, કાશ્મિર , મિરઝાપુર, વારાણસી વગેરે સ્થળે આવેલાં ગાલીચાના કારખાનાઓમાં, ફિરોઝપુરમાં કાચની બંગડીઓના કારખાનાઓમાં, ગુજરાતમાં ચરોતરમાં બીડી-તમાકુના કારખાનાઓમાં, દક્ષિણમાં શિવકાશીમાં દિવાસળી અને ફટાકડાના કારખાનાઓમાં એમ ઘણા શહેરોનાં કારખાનાઓમાં કામ કરતા બાળ મજૂરોની દશા દયાજનક છે.

ભારતમાં ગાલીચા બનાવનારી કેટલીક કંપનીઓમાં મજૂર તરીકે બાળકોનો ઉપયોગ થાય છે, કારણ કે બાળકોને ઓછી મજૂરી આપવાથી ગાલીચા બનાવનારાઓની પડતર કિંમત ઓછી રહે છે અને વેપારીઓ પોતાના ધંધામાં હરીફાઇનો સામનો કરી શકે છે. પરંતુ થોડા સમય પહેલાં પાશ્ચાત્ય દેશોની કેટલીક કંપનીઓએ ભારતીય કંપનીઓ પાસેથી ગાલીચા ખરીદવા અંગે એવી ધમકી આપી હતી કે જો તેઓ બાલ મજૂરો પાસે કામ કરાવશે તો તેઓના ગાલીચા ખરીદવાનું બંધ કરવામાં આવશે. આ ધમકીને પરિણામે કેટલીક કંપનીઓએ બાળ મજૂરોને છૂટા કરીને તેની જગ્યાએ પુખ્ય વયનાં મજૂરોને રોક્યાં છે. આવી કેટલીક ઘટનાથી બાળ મજૂરોની સમસ્યા વિશેષ પ્રકાશમાં આવે છે.

કેટલાંકને એમ લાગે છે કે પાશ્ચાત્ય દેશોની કંપનીઓને ભારત, પાકિસ્તાન, નેપાળ, બંગલાદેશ., ફિલિપાઇન્સ, થાઇલેન્ડ વગેરે એશિયાના દેશોના બાલ મજૂરો માટે કોઇ હમદર્દી ઊભરાતી નથી, પરંતુ આવા બાળ મજૂરો દ્વારા થયેલા ઉત્પાદનને કારણે તેઓને વેપાર-ધંધામાં તીવ્ર હરીફાઇનો સામનો કરવો પડે છે. એટલે બાળ મજૂરોના શોષણને નામે તેઓ ઉહાપોહ મચાવે છે. જો કે એવી રીતે તેઓએ ઉહાપોહ મચાવ્યો હોય તો પણ બાળ મજૂરોના શોષણનું સમર્થન થઇ શકે નહિ.

કેટલાંક વ્યવસાયો બાળકોને માટે આરોગ્યની દષ્ટિએ પણ બહુ જોખમકારક ગણાય છે. સિમેન્ટનાં કારખાનાં, દિવાસળી, રંગ, ફટાકડા, કાચ વગેરેનાં કારખાનાં-એવા પંદરેક પ્રકારના જોખમકારક વ્યવસાયોમાં મજૂર તરીકે બાળકોની ભરણી કરવાં ઉપર પ્રતિબંધ ઘણા દેશોમાં છે. ભારતમાં પણ એવો પ્રતિબંધ છે, પરંતુ તેનો અમલ જેટલો કડક રીતે થવો જોઇએ તેટલો થતો નથી. એને પરિણામે શહેરોના અને ખાસ કરીને દૂર દૂરના નાનાં નાનાં ગામડાંઓમાં આવેલાં કારખાનાઓમાં બાળ મજૂરોનું નિર્દય રીતે શોષણ થાય છે. કેટલાંયે કારખાનાઓના માલિકોને આ અંગેના કાયદાઓની પૂરી જાણકારી હોતી નથી. કેટલાંકને જાણકારી હોય છે, પણ સરકારી અધિકારીઓ સાથે સંબંધ સાચવી લેવાની આવડત તેમનામાં હોય છે. બાળ મજૂરોને તો પોતાના હકની ખબર જ ક્યાંથી હોય ?'

બાળ મજૂરોને નોકરીમાં રાખવાનો સરકારી સ્તરે કાયદેસર ત્યારે વિચાર કરાય છે કે જ્યારે કોઇ દેશ લાંબા સમય સુધી યુદ્ધમાં સંડોવાયેલો રહે. યુદ્ધ મોરચે લાખો સૈનિકો મૃત્યુ પામે અને પુરુષોની સંખ્યા ઘટી જાય ત્યારે ચૌદ પંદર વર્ષના છોકરાઓને લશ્કરી તાલીમ આપી યુદ્ધમોરચે ધકેલાય છે અને બીજાં કામો માટે પણ બાળ મજૂરોને કામે લગાડાય છે. પહેલાં અને બીજા વિશ્વયુદ્ધ વખતે કેટલાંક દેશમાં એવી પરિસ્થિતિ સર્જાઇ હતી.

બાળ મજૂરોની એક મોટી સમસ્યા તે જાતીય સતામણીની હોય છે. જે વ્યવસાયમાં બાળ મજૂરોને ખાવાપીવા સાથે રહેવાનું પણ તેજ સ્થળે હોય છે અને તે સ્થળે મોટા નોકરો પણ હોય છે તેવે સ્થળે નાના છોકરાઓની આ મોટા નોકરો જાતીય સતામણી કરતા હોય છે . કુમળા છોકરાઓ તેનો ભોગ બને છે, પરંતુ પૈસા મળતા હોવાના કારણે કે નોકરી છૂટી જવાના ભયને કારણે કે માર ખાવાની બીકને લીધે તેઓ કશું બોલી શકતા નથી અને એ જાળમાંથી છૂટી પણ શકતા નથી. કેટલેક સ્થળે કુમળી વયની છોકરીઓ આવું કામ જ્યાં કરતી હોય છે ત્યાં આવી જાતીય સતામમણીનો ભોગ બને છે. ક્યારેક આવી ઘટનાઓના ઉગ્ર પરિણામો આવે છે. કુમળાં બાળકો ભયંકર રોગના ભોગ બને છે.

દુનિયાંનાં ઘણાં મોટા શહેરોમાં બજારુ સ્ત્રીઓના વ્યવસાયમાં પણ બાળકોને નોકરીએ રાખવામાં આવે છે. તેઓની પાસે જાતજાતનાં કામો કરાવવામાં આવે છે. ક્યારેક તેઓ દલાલ તરીકે પણ કામ કરે છે. ક્યારેક તેઓ પોતે પણ જાતીય સંતામણીનો ભોગ બને છે. આવા કેટલાંક બાળકોમાં ખુદ બજારુ સ્ત્રીઓનાં બાળકો પણ હોય છે. આવાં બાળકો ઉપર કુમળી વયથી જ એવા કેટલાક ખરાબ સંસ્કાર પડે છે કે ભવિષ્યમાં તેઓ સારા નાગરિક બની શકે એવી સંભાવના ઘણી જ ઓછી રહે છે. પુખ્તવયના થતાં ઘણાંખરાં પોતે એવા હલકાં વ્યવસાયમાં જ ઘસડાય છે.

જેટલાં બાળકો મજૂરી કરે છે એટલાં બાળકો જો મજૂરી ન કરે તો પુખ્તવયની ઉંમરના માણસોને તેટલો નોકરી ધંધો મળી રહે એવી દલીલમાં સત્ય રહેલું હોય તો પણ વ્યવહારમાં તે ઓછી કારગત નીવડે એવી છે, કારણ કે દરેક ઠેકાણે ફક્ત ઉંમરનો જ વિચાર નથી કરાતો. એની સાથે બીજી ઘણી આર્થિક અને સામાજિક સમસ્યાઓ સંકળાયેલી રહે છે. જ્યાં અસ્તિત્વ માટે જ સંઘર્ષ ( struggle for existence) કરવો પડે છે ત્યાં નાનામોટાનો ભેદ રહેતો નથી. દરેક પોતાના અંગત સ્વાર્થથી જ દોરવાય છે. જે દેશમાં પુખ્તવયના બેકાર લોકોનું પ્રમાણ વધુ હોય અને બાળ મજૂરોનું પ્રમાણ પણ મોટું હોય તો તે દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિનો ઊંડાણથી અભ્યાસ કર્યા પછી જ સુધારાઓ સૂચવી શકાય. બાળ મજૂરોને દૂર કરવાથી તરત પુખ્તવયના બેકારોને એટલી રોજી રોટી મળી જશે એવા ભ્રમમાં રહેવાય નહિ. ઊલ્ટાનું એમ કરવા જતાં તો બેકારોનું પ્રમાણ વધી જવાનું જોખમ પણ રહે છે.

જે વેપાર ઉદ્યોગમાં પચીસ, પચાસ કે સો બાળ મજૂરોને રાખવામાં આવે છે એવા વેપારીઓની બાળ મજૂરો માટે એક દલીલ એવી હોય છે કે બાળ મજૂરો પાસે પોતે ધાર્યું કામ કરાવી શકે છે. એથી વેપારમાં પરિણામ સારું આવે છે. જો પુખ્ત વયના મજૂરો રાખવામાં આવે છે તો તેમાં કોઇક માથાભારે અને અવળચંડા પણ આવી જાય છે. તેઓ પોતે તો સરખું કામ કરતા નથી, પરંતુ તેઓ બીજા નોકરોને બગાડે છે અને કેટલીક વાર તો ચીજવસ્તુઓને જાણી જોઇને નુકશાન પહોંચાડે છે.

વળી પુખ્તવયના મજૂરો સંપી જઇને ધીમું કામ કરે છે, હડતાલ, પર ઊતરે છે, યુનિયનમાં જોડાઇને કાયદેસરની સમસ્યાઓ ઊભી કરે છે અને ધંધાને ઘણું નકસાન પહોંચાડે છે, ધંધો બંધ કરવાનો વખત આવે છે. બાળ મજૂરો રાખવામાં આવી કોઇ ચિંતા રહેતી નથી. આવા વેપારીઓની દલીલ પોતાના સ્વાર્થ પૂરતી હોય છે. વસ્તુતઃ તેઓ બાળ મજૂરોને ઓછું વેતન આપી તેમની પાસેથી વધુ કલાક કામ કરાવીને લેવાનું શોષણ કરવાનું લક્ષ્ય રાખતા હોય છે.

બાળ મજૂરોની સમસ્યાઓનું કાયદાની દૃષ્ટિએ ગમે તેટલું નિરાકરણ કરવામા આવે અને ગમે તેટલા પ્રતિબંધો ફરમાવવામાં આવે તો પણ જ્યાં સુધી ગરીબી છે અને બેકારી છે ત્યાં સુધી આ સમસ્યા સારી રીતે હલ કરી શકાશે નહિ. જ્યાં પેટનો ખાડો પૂરાય નહિ ત્યાં બાળકો આવી મજૂરી કરવા તરફ અવશ્ય દોડવાના. ક્યારેક તો કાયદાનો ભંગ કરીને પણ તેઓ તેમ કરવાનાં અને તે માટે તેમનાં માતાપિતાની સંમતિ પણ રહેવાની.

બાળ મજૂરી ઉપર કાયદા દ્વારા પ્રતિબંધ લાવી શકાય છે. પરંતુ એ કાયદાનું પાલન કરવું એટલું સહેલું નથી. જે દેશની આર્થિક સ્થિતિ નબળી હોય અને બેકારીનું પ્રમાણ ઘણું મોટું હોય એ દેશમાં બાળકોને મજૂરી કરતાં અટકાવવાથી સમસ્યા હળવી થતી નથી. સરકાર પાસે સરખી યોજના ન હોય અને તે માટે પૂરતા પ્રમાણમાં નાણાં ન હોય તો એવા કાયદાઓ અને એવી અવાસ્તવિક યોજનાઓ માત્ર કાગળ ઉપર જ રહે છે. તેનું ધાર્યું પરિણામ આવી શકતું નથી. બાળ મજૂરી ઉપરનો પ્રતિબંધ તોજ અસરકારક નીવડી શકે કે જો સરકાર પાસે ગરીબ કુટુંબોના જીવનનિર્વાહ માટે પૂરી જોગવાઇ હોય. બાળ મજૂરી અટકાવી દેવાથી તેવા બાળ મજૂરો શાળામાં જઇને હોંશે હોંશે અભ્યાસકરવા લાગશે એમ માનવું ભૂલ ભરેલું છે. એવું કરવા માટે તો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક દૃષ્ટિએ તેવું સરસ વાતાવરણ ઊભું કરવું પડે, નહિ તો ઊલટી સામાજિક સમસ્યાઓ વધી પડે.

જ્યાં ગરીબી, બેકારી છે ત્યાં ત્યાં બાળ મજૂરોની સમસ્યા રહેવાની. ઝારના વખતમાં રશિયામાં બાળ મજૂરો હતા. સોવિયેટ યુનિયન થતાં બાળ મજૂરો રહ્યા નહિ. હવે સોવિયેટ યુનિયનના વિસર્જન પછી રશિયા અને અન્ય રાષ્ટ્રોની આર્થિક પરિસ્થિતિ બગડતાં બાળ મજૂરોનું વત્તું ઓછું પ્રમાણ ચાલુ થઇ ગયું છે. ગરીબી, બેકારી અને આર્થિક પછાતપણાને કારણે જે જે દેશોમાં બાળ મજૂરોની પ્રથા નિર્મૂળ થઇ શકે એમ નથી તે તે દેશોમાં ત્યાં સુધી સરકાર દ્વારા તેમજ બાળકલ્યાણ માટે કાર્ય કરતી સામાજિક સંસ્થાઓ દ્વારા એટલું તો થવું જોઇએ કે જ્યાં જ્યાં બાળકો મજૂરી કરતાં હોય તેમનું શક્તિ ઉપરવટ, વધુ પડતા કલાકો કામ કરાવીને શોષણ કરવામાં ન આવે, તેમને મજૂરીની યોગ્ય રકમ નિયમિત મળે, તેમને વાસી-એઠું ખાવાનું આપવામાં ન આવે, તેમના રહેઠાણની વ્યવસ્થા સ્વચ્છ હોય, એમના પ્રત્યે નિર્દય, અમાનુષી વર્તન ન થતું હોય અને એમની પાસે જોખમકારક વ્યવસાયનાં કાર્યો ન કરાવાતાં હોય.

બાળકો મજૂરી કરે એટલે દેખીતું છે કે અભ્યાસ તરફ તેનું પૂરતું લક્ષ ન હોય. વળી એથી શિક્ષણ પ્રત્યે એકંદરે તેઓમાં રુચિનો અભાવ રહે છે. બાળ મજૂરો વચ્ચેનું વાતાવરણ પણ એવી રુચિને પોષક હોતું નથી. આથી એકંદરે દુનિયાભરમાં બાળ મજૂરોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું રહે છે. જ્યાં આર્થિક પરિસ્થિતિ મધ્યમ પ્રકારની હોય એ દેશમાંથી શાળાએ જતાં બાળકો રજાના દિવસોમાં અને રોજેરોજના ફાઝલ સમયમાં કંઇક નોકરી કરીને કુટુંબ માટે થોડી વધુ આવક મેળવવા પ્રયત્ન કરે એવું બનવું અનિવાર્ય છે. ઘણાં માતાપિતાને પણ એની સામે વિરોધ હોતો નથી. બલ્કે થેડી મજૂરી કરીને પોતાનું બાળક હોંશિયાર થાય છે અને થોડી કમાણી કરી લાવે છે એ જોઇને તેઓ રાજી થાય છે.

બાળ મજૂરી અટકાવવાનો એક સારો ઉપાય તે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ફરજિયાત બનાવવાનો છે. વળી જ્યાં એ ફરજિયાત હોય ત્યાં તેનો અમલ પણ કડક રીતે થવો જરૂરી છે. બાળ શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવા માટે કોઇપણ સરકાર પાસે પૂરતાં નાણાં હોવા જરૂરી છે. આઝાદી પૂર્વે ભારતમાં ગાયકવાડ રાજ્યનાં બાળશિક્ષણ મફત અને ફરજિયાત હતું અને એ કાયદાનો અમલ પણ કડક રીતે થતો. એટલો શાળામાં અભ્યાસ કરવાને લાયક હોય એવાં બાળકો દિવસ દરમિયાન નોકરી કરવા જતાં હોય એવા ગાયકવાડી કિસ્સા જવલ્લે જ બનતાં.

કોઇ પણ દેશની આબાદી જેમ જેમ વધતી જાય તેમ તેમ તેની શૈક્ષણિક સુવિધાઓ પણ વધવા લાગે છે. લોકોની સમજદારી પણ વિકસે છે. પોતાનાં સંતાનોનો સારો વિકાસ થાય એવી ભાવના માતાપિતાને અવશ્ય થાય છે. કુટુંબની આર્થિક ચિંતા જો ન રહે તો બાલકો પાસે કોઇ મજૂરી કરાવવાની આવશ્યકતા રહેતી નથી એને પરિણામે બાળકો શાળાઓમાં સારી રીતે અભ્યાસ કરે છે અને ફાજલ સમયમાં રમત-ગમત, હરવું ફરવું, ઇતર વાંચન કરવું, મિત્રોને મળવું, મનગમતી પ્રવૃત્તિઓ કરવી વગેરેમાં સારી રીતે વિતાવે છે. તેથી શારીરિક વિકાસની સાથે સાથે તેમનો બૌદ્ધિક વિકાસ પણ ઘણો સારો થાય છે. તેઓની પ્રતિભા વધુ તેજસ્વી બને છે. યુરોપ અને અમેરિકામાં બાળ મજૂરોનો પ્રશ્ન ખાસ નથી. એશિયામાં જાપાન અને સિંગાપુરમાં પણ બાળ મજૂરોનો પ્રશ્ન નથી. એવા દેશોમાં નાનાં તંદુરસ્ત બાળકોની વિકસેલી બૌદ્ધિક પ્રતિભા જોઇને આ વાતની પ્રતીતિ થશે.

જીવન સતત વિકાસશીલ છે, પરંતુ તેમાં પણ બાળક જન્મે ત્યારથી તે દસ પંદર વર્ષનું થાય ત્યાં સુધીમાં તેના વિકાસ માટે ઘણો બધો અવકાશ રહે છે. શાળાના સરસ અભ્યાસ સાથે ઘરે રમકડાં, રમત-ગમતનાં સાધનો, ચિત્રો વગેરેના ઉપયોગ દ્વારા તથા હરવા-ફરવાની ઇતર પ્રવૃત્તિ દ્વારા, પોતાને લાયક ચલચિત્રો, નાટક, સરકસ અને રમતો જોવા દ્વારા તથા એમને લાયક સચિત્ર પુસ્તકો દ્વારા વિકાસ થઇ શકે છે. વર્તમાન જગતમાં ટી. વી. અને વિડિયોના માધ્યમ દ્વારા એનો યોગ્ય અને ઉચિત ઉપયોગ કરીને પણ બાળકની હોંશિયારી, જાણકારી ઘણી સારી રીતે વધારી શકાય છે. તેમનો ફાજલ સમય આનંદમાં, ઉલ્લાસમાં, કિલ્લોલમાં પસાર કરી શકાય છે. આજનું બાળક એ આવતીકાલનું નાગરિક છે. સારા નાગરિકો જોઇતા હોય તો આજના બાળકોને સુશિક્ષિત, સંસ્કારી, ચપળ અને તેજસ્વી બનાવવાં જોઇએ. કોઇપણ દેશના તમામ બાળકોને એક સાથે સુધારવાનું કાર્ય એટલું સહેલું નથી, તો પણ વ્યક્તિગત કુટુંબકક્ષાએ કેટલાંય કુટુંબો વિષમ સામાજિક પરિસ્થિતિમાં પણ પોતાના બાળકોને વધુ તેજસ્વી બનાવી શકે છે. બાળકોના વિકાસમાં માતાપિતાનું ઉત્તરદાયિત્વ પણ ઓછું નથી, અલબત્ત, પોતાના ઉત્તરદાયિત્વ વિશે માતાપિતાને પણ સભાન કરવા માટે એવા પ્રકારના શિક્ષણની આવશ્યકતા રહે છે.

બાળકોને પ્રભુના અવતાર તરીકે ઓળખાવાય છે. એમની પાસે અકાળે પશુ જેવી મજૂરી કરાવવી પડે તે કોઇપણ સમાજ માટે લાંછન રૂપ છે. વસ્તુતઃ બાળકોના વિકાસમાં માતાપિતા, ભાઇ-ભાંડુઓ, સગાં અને પાડોશીઓ, શિક્ષકો, સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, રાજકીય નેતાઓ, સાધુ-સંતો એમ બધાં ઘણું મૂલ્યવાન યોગદાન આપી શકે છે. એ દરેક જો બાળકો પ્રત્યેના પોતાના કર્તવ્યને સારી રીતે સમજે અને નિષ્ઠા તથા દૃષ્ટિપૂર્વક તેનો અમલ કરે તો બાળ મજૂરોનો પ્રશ્ન એટલો ગંભીર રહે નહિ, આવતી કાલના નાગરિકો ઉત્તમ થાય તથા તેમના દ્વારા જગત વધારે આશાસ્પદ બની શકે !

❑ રમણલાલ ચી. શાહ

# જૈન વિચારધારાનાં આવશ્યક તત્ત્વો

❑ શશિકાંત મહેતા

(વિશ્વધર્મ સંસદ, બેલૂર મઠ, કલકત્તામાં તા. ૧૫મી નવેમ્બર ૧૯૯૪ના રોજ અંગ્રેજીમાં રજૂ કરેલા વક્તવ્યનો સારાંશ)

શ્રી રામકૃષ્ણે બધા ધર્મો વચ્ચે સંવાદ પ્રબોધ્યો છે. સ્વામી શ્રી વિવેકાનંદે સમગ્ર માનવજીવનમાં રહેલા એકત્વનો ઉપદેશ આપ્યો છે. સ્વામીજીએ વિશ્વને વેદાંતનો આધ્યાત્મિક સંદેશો પાઠવ્યો છે. આ ઉપગ્રહમાં જીવતા કરોડો માનવીની આધ્યાત્મિક ખોજનો પ્રારંભ થઇ ચૂક્યો છે. ભૌતિક સભ્યતા સામે એક અદ્ભુત પ્રતિક્રાંતિ ડોકાઇ રહી છે. માનવી પોતાની જિંદગી માટે કેવળ સાધનોના બદલે સાધ્યની શોધ કરવામાં પણ સક્રીય બન્યો છે. માનવીના પોતાના ધર્મની, આધ્યાત્મ સાથેના કોઇક જોડાણની આ શોધ છે. એવી આશા છે કે આ શોધથી દરેક મનુષ્યમાં પડેલી ઇશ્વરીય શક્તિ અવશ્ય પ્રગટ થશે.

ધર્મના ઇતિહાસમાં આ એક વળાંક બિંદુ છે. ધર્મથી આધ્યાત્મ તરફ આપણા ધર્મો જાય એવી અપેક્ષા છે. જરૂર છે ક્રિયાકાંડ અને સંસ્થાઓના એક અલિપ્ત સાંપ્રદાયિક અસ્તિત્વથી ઉપર ઊઠવાની. આધુનિક સમાજના વૈજ્ઞાનિક મિજાજ સાથે આવી અપેક્ષા જ સુસંગત છે. વિજ્ઞાન અને યંત્ર વિદ્યાએ વિશ્વને એક વૈશ્વિક સમાજનું રૂપ આપી દેવાની સિદ્ધિ હાંસલ કરી છે. હવે ધર્મોનું કર્તવ્ય છે કે આવા વૈશ્વિક સમાજને વૈશ્વિક માનવીની ભેટ આપે.

આધ્યાત્મની, વિજ્ઞાનની માફક, એક સર્વ વ્યાપી ભાષા વિકસવી જોઇએ. ઉપદેશ મુજબનું આપણી જિંદગીમાં આચરણ થવું જોઇએ. આચરણહીન ઉપદેશ સાંભળવાની કોઇ જ જરૂરત નથી.

વેદાન્ત એ અધ્યાત્મ વિજ્ઞાન છે. જૈન દર્શન પણ એક અધ્યાત્મ વિજ્ઞાન જ છે. માનવીમાં રહેલી દિવ્યતા અને સર્વ જીવો વચ્ચે રહેલી અતૂટ સંબંધોની સાંકળ-આ દર્શન જે વેદાન્તમાં છે તેની સાથે જૈનધર્મ સંમત છે. જૈનવિચારધારા જીવનને સમગ્રતાથી જુએ છે (હોલીસ્ટીક લાઇફ) સમાજમાં રહેતા માનવી માટે જૈનદર્શને એક આચારસંહિતા બતાવી છે.

પાંચ પ્રકારનાં પર્યાવરણ સાથે સંવાદ યોજવાની તેમાં શિખામણ છે. તેનાથી જ જિંદગીમાં સમ્યક્ ન્યાય અને અંતર્પ્રકાશ સર્જાય છે. આ પાંચ પર્યાવરણો નીચે મુજબ છે :

(૧) પ્રકૃતિ અને સમગ્ર જીવસૃષ્ટિ સાથે અહિંસા આચરવી અને અનુકંપા ધરાવવી.
(૨) ભૌતિક ઉપલબ્ધિઓથી નિર્મોહી થવું.
(૩) આર્થિક જિંદગીમાં નૈતિકતા કેળવવી.
(૪) સામાજિક સંબંધોમાં મૈત્રીભાવ સર્જવો.
(૫) આપણી સભ્યતા તરફ વફાદાર રહેવું.

જૈન વિચારધારામાં પલાયનવાદ નથી. સમગ્ર જીવો તરફ આપણું સામાજિક ઉત્તરદાયિત્વ છે. બધા જ જીવોના ભલા માટે આપણે તેથી સતત ચીવટ રાખવાની છે. આ સંદેશ પરહિતચિંતાનો છે. આપણે બધાં જ જીવોની સેવા પણ કરવાની છે. આ સંદેશ પરોપકારનો છે. પોતાના સામાજિક જીવનમાં મનુષ્યની આ બેવડી પ્રધાન ભૂમિકા છે.

ઇશ્વરને એકલાને સ્મરી શકાય નહીં. જીવમૈત્રી અને જિનભક્તિ આપણી આધ્યાત્મિક જિંદગીના અવિભાજ્ય અંગ છે. જનસેવા વગરની જિનસેવા માત્ર ક્રિયાકાંડરૂપ ભક્તિ છે. ભગવાન મહાવીર વધુમાં કહે છે : તમામ જીવો વચ્ચે સંબંધ અને સંલગ્નતા છે. આથી જ આપણે આટલું કરવું જોઇએ :

(૧) પ્રકૃતિ તરફ મૈત્રી (પ્રકૃતિ મિત્ર) (૨) સંસ્કૃતિ તરફ મૈત્રી (સંસ્કૃતિ મિત્ર) (૩) સમાજ તરફ મૈત્રી (સમાજ મિત્ર) (૪) રાષ્ટ્ર તરફ મૈત્રી (રાષ્ટ્ર મિત્ર) (૫) વિશ્વ તરફ મૈત્રી (વિશ્વ મિત્ર)

સાચા જૈનની આ જ એક છબી છે: મનુષ્ય, દિવ્ય ચેતના અને પ્રકૃતિ વચ્ચેનું એક સંયોજન. જૈન વિચારધારાની અસલ તાકાત અહિંસાની ફિલસૂફી અને તેના આચરણના ચુસ્ત લગાવમાં રહેલી છે : જૈન વિચારધારાનું પ્રમુખ વિષય વસ્તુ છે : (૧) અહિંસા (કાર્યમાં અહિંસા) (૨) અનેકાંત (વિચારમાં અહિંસા) (૩) અપરિગ્રહ (સંપત્તિનો અપરિગ્રહ) આ ત્રણ પાયાના ગુણોથી મનુષ્ય દૈવી શિખરને આંબી શકે છે. સમાજ તે ત્રણ ગુણોથી શાંતિ અને સંવાદપૂર્વક જીવી શકે છે.

અહિંસાની જરૂરિયાતમાં બધી જ બાબતો સમાવિષ્ટ છે. સજીવ તેમજ નિર્જીવરૂપ તમામ જિંદગીની સુરક્ષા કરવાની છે. મૂંગી જીવસૃષ્ટિની તે વાચા બને છે. બધી જ જિંદગીઓને હત્યામુક્ત બક્ષવી. પ્રકૃતિને, તેના વિવેકપૂર્ણ ઉપયોગ દ્વારા, પ્રદુષણમુક્ત કરવી. સંપુર્ણતયા શાકાહાર અપનાવવો. ઉચ્ચ આધ્યાત્મિક આચરણ સાથે સાદગીપૂર્ણ જીવન જીવવું. આ છે જૈનધર્મના પાયાના ઉપદેશ.

માનવ સંસ્કૃતિના બચાવના પાયામાં અહિંસા છે. ઇતિહાસમાં આપણે જોઇએ કે અહિંસા શું હાંસલ કરી શકે છે તે જોવા મળશે. અહિંસા પ્રધાન ચળવળ દ્વારા મહાત્મા ગાંધી ભારત માટે સ્વાતંત્ર્ય લાવી શક્યા. નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકામાંથી રંગભેદને વિદાય આપી શક્યા. યુ.એસ.એ.માં કાળા-ધોળા લોકોમાં સમાનતા માર્ટિન લ્યુથર કિંગ લાવી શક્યા. પોલાંડમાં શક્તિશાળી સામ્યવાદી શાસન સામે અહિંસા દ્વારા લિચ વાલેસાએ સંઘર્ષ કર્યો.

માત્ર એક જ અગ્રેસર વ્યક્તિગત બળ દ્વારા આચરાતી અહિંસાની આ શક્તિ અને તાકાત હોય તો બધા ધર્મો પોતાની શ્રદ્ધા જો અહિંસામાં કેન્દ્રિત કરે અને ભૌતિકવાદ અને ભોગપ્રધાન સભ્યતાને વરેલી આપણી સંસ્કૃતિની સુધારણા માટે કામ કરે તો શું સિદ્ધ ન થઇ શકે ?

અનેકાંતવાદ વિચારોની અહિંસા છે. અનેકાંતવાદ આધ્યાત્મિક કે અન્ય કોઇ પણ સ્વરૂપના જ્ઞાનમાં રહેલા વિવિધ દ્રષ્ટિબિંદુઓને માન્ય ગણે છે. સત્યના કોઇપણ અંશ ધરાવતા બધા જ દ્રષ્ટિબિંદુઓ તેથી અનેકાંતવાદને પણ સ્વીકારે તે યોગ્ય છે. આથી જ અન્ય વિચારધારાઓ પ્રતિ કોઇપણ અંતિમવાદી અભિગમમાં જૈનધર્મ માનતો નથી.

આધુનિક પરિભાષા મુજબ અનેકાંતવાદ જિંદગીની વિભિન્ન વ્યવસ્થાના દર્શન તરીકે જાણીતો છે. આપણા ઘણા સંઘર્ષો અને અવરોધો માત્ર અયોગ્ય સમજણની જ નીપજ છે. આ સમસ્યાઓનું નિરાકરણ અનેકાંતવાદ છે.

જિંદગીની આ સમજણ પાછળ સર્વોચ્ચ ફિલસૂફીનું બળ છે. તમારી પાસે રહેલી સંપત્તિ ખરેખર તમારી નથી. ખરેખર તે ઇશ્વરનું સર્જન છે. તમારી સંપત્તિના ટ્રસ્ટી તરીકે જ તમારી જાતને તમારે સમજવાની છે. યથાશક્ય તેમાંથી દાન કરવું જોઇએ. દાનધર્મમાં જૈન સમાજ હંમેશા આગળની હરોળમાં હોય છે. કેવળ પરોપકારમાંથી જ સમૃદ્ધિનું સર્જન થાય છે. અપરિગ્રહની ફિલસૂફી માટે આથી જ સાદગીપૂર્ણ જીવન આવશ્યક છે. સાધુ જેવા જીવનમાં સરળતાથી આખરે પ્રવેશી શકો તે માટે આવો વર્તમાન ત્યાગપૂર્ણ જીવનનો રસ્તો જ જરૂરી છે. સાધુઓની જીવનવ્યવસ્થા જુઓ-બધી જ ભૌતિક ઉપલબ્ધિઓનો ત્યાગ કરવાનો, જિંદગીની યાત્રા પગપાળે જ કરવાની, ભિક્ષા ઉપર દેહ ટકાવવાનો. આ જ છે જિંદગીમાં સંપૂર્ણ અહિંસાનો પૂર્ણ અભિગમ.

આ તબક્કે સ્વામી વિવેકાનંદના એક વિધાનને યાદ કરતાં હું નર્યો આનંદ અનુભવું છું; સ્વામીજીએ કહેલું 'વેદાન્તમાં પ્રબોધેલી અહિંસા અને ત્યાગની ફિલસૂફી જૈન વિચારધારાએ સંપૂર્ણતા બક્ષી છે.' વર્તમાન સમાજમાં અહિંસા અને ત્યાગવૃત્તિની સખત જરૂર છે.

૧૮૯૪માં સ્વામી વિવેકાનંદે વિવિધલક્ષી કાર્યોનું દર્શન પ્રબોધેલ. આધ્યાત્મના આ દિશામાર્ગોને ઘડવામાં આપણે સહયોગ કરીએ. અતિ નમ્રતાપૂર્ણ ભાવ સાથે કેટલાક દિશામાર્ગોની રૂપરેખા આપ સૌની વિચારણા માટે આ સંસદ સમક્ષ હું મુકું છું.

**(૧) ધાર્મિક વિચારધારાનું વિશ્વ સંગઠન :**

બધાં જ ધર્મોના પ્રતિનિધિઓની બનેલી એક વિશ્વ ધર્મસંસદની આપણે સ્થાપના કરીએ. આ ધર્મસંસદ સામાજિક, આર્થિક તથા રાજકીય સ્તર ઉપરની વર્તમાન વ્યવસ્થાઓ/સંસ્થાઓ સાથે સંવાદ કરીને, માનવ સમુદાય માટે ઘણી સમસ્યાઓમાં તેનાં રચનાત્મક સૂચનો-સહયોગ આપશે. ધર્મોમાં ડહાપણ સુઝ બુઝ તથા શાશ્વત તત્ત્વો આધારીત એક સમાજ વ્યવસ્થા આપવાની શક્તિ છે. વર્તમાન ભૌતિકવાદ, ઉપભોગ પ્રધાન-વિલાસ કેંદ્રિત જીવન શૈલીનો વિકલ્પ આ સંસદ જગત સમક્ષ આપે. આ સંસ્થા લોકો માટે, લોકોથી જ ચાલશે. તેને કોઇ રાજકીય સ્વીકૃતિની જરૂરત નથી.

**(૨) આધ્યાત્મિક બિરાદરી :**

આધ્યાત્મિક બિરાદરી બધા ધર્મની વિચારધારાઓના પ્રતિનિધિરૂપ હશે. વિશ્વભરમાં શક્ય તેટલી સંખ્યાનાં ગામો તેમજ શહેરોમાં આવી બિરાદરીઓ રચાવી જોઇએ. સાધકોની બનેલી આ બિરાદરી અનેક રચનાત્મક કાર્યોમાં યોગદાન આપી શકે. આ બિરાદરીના સાધકો ધર્મની સરહદો ઓળંગી જવા તૈયાર હશે અને બધી જ જિંદગીઓમાં રહેલા એકત્વનું નિદર્શન કરશે, બધી જ વિચાર-ધારાઓ વચ્ચે સંવાદ અને મૈત્રીભાવનું કવચ વિકસાવશે. આ સાધકો સામાજિક ચેતનાને દિવ્ય ચેતનાના સ્તર સુધી ઊંચી ઊઠાવવાનું કામ કરશે. સ્વામી વિવેકાનંદે ખૂબ સાચું જ કહ્યું છે. 'તમે ગમે તે ધર્મમાં જન્મ લીધો હશે પણ તેમાં મરવાનું તમે પસંદ કરશો નહીં.' હું એટલું જ ઉમેરીશ કે આપણે ધર્મોથી ઉપર ઊઠવું પડશે; જિંદગીને આધ્યાત્મના આયામ પૂરા પાડવા પડશે-એક વ્યક્તિ તરીકે અને એક સમાજ તરીકે પણ, અને પછી આપણે એક વિશ્વમાનવ તરીકે તેમાં જ જિંદગીની સમાપ્તિ સ્વીકારીશું. વૈશ્વિક વિચારણા સાથે સ્થાનિક આચરણ આધ્યાત્મિક બંધુત્વ બિરાદરીનો જીવનમંત્ર હશે.

**(૩) શાંતિના દેવાલયો :**

સ્વામી વિવેકાનંદની વાણી સો વરસ પહેલાંની છે. તે વખતે તેમણે 'ઓમ'નાં દેવાલયોની વાત કરી હતી; તે દેવાલયોમાં દરેક વ્યક્તિ શાંતિપૂર્વક પ્રાર્થના કરી શકશે. શાંતિ, પ્રેમ, અને સંવાદને ઉછેરવા માટે શાંતિનાં દેવાલયો બને તેટલા રાષ્ટ્રોનાં, બને તેટલાં શહેરો તેમજ ગામોમાં બાંધીએ. એક જ શહેર કે ગામમાં રહેતા ઘણા વંશીય સમૂહો માટે માનવ-એકતાનું બળ આ દેવાલયો દ્વારા સર્જાશે. શાંત પ્રાર્થના માનવીની સામાન્ય ચેતનાને દિવ્ય સપાટી સુધી ઊંચી ઊઠાવશે. ૧૮૯૪માં સ્વામી વિવેકાનંદને વિશ્વધર્મ સંસદમાં એકલા જ પગ મૂકવો પડેલો. ૧૯૯૪માં ઠાકુર રામકૃષ્ણદેવના પવિત્ર ધામ તરફ સમગ્ર વિશ્વ મીટ માંડીને બેઠું છે-એ આશાથી કે વિશ્વભરમાં એક આધ્યાત્મિક સભ્યતાનો આવિષ્કાર થાય. રામકૃષ્ણ મઠ આ કાયધર્મ હાથ ધરશે એવી અત્રે ઉપસ્થિત વિશાળ પ્રતિનિધિઓની સભાની માંગણી છે.

**(૪) પર્યાવરણ-મૈત્રીયુક્ત સમાજ :**(Eco-Friendly Society)

પૃથ્વી ઉપરના પર્યાવરણની સુરક્ષાને વરેલા બધાં જ બળોને આપણે મજબૂત સમર્થન આપીએ. પ્રકૃતિની સુરક્ષા વિના મનુષ્યની સુરક્ષાનો સંભવ નથી. પૂર્વ અને પશ્ચિમ બંનેમાં વસતા સમૃદ્ધ સમાજો અને સમૃદ્ધ વર્ગોમાં રહેલા માણસો માટે સાદા જીવનધોરણ ઉપર આપણે ભાર મૂકવો પડશે. બગાડયુક્ત વિલાસી જીવનમાંથી મનુષ્યને મુક્ત કરવાનું બધી જ વિચારધારાઓનું એક સ્પષ્ટ કર્તવ્ય છે. તો જ આપણે સાચી રીતે ગરીબોની સંભાળ લઇ શકીશું. સાદગીપૂર્ણ જીવન જ વિશ્વમાં જેને વધુ જરૂર છે તેવા વંચિતો માટે પૂરતાં સંસાધનો ફાજલ કરી શકશે.

**(૫) વિજ્ઞાન અને આધ્યાત્મ વચ્ચે એક સહયોગ :**

વિજ્ઞાન હવે આધ્યાત્મની ભાષા બોલે છે...અને આધ્યાત્મ વિજ્ઞાનની ભાષા બોલે છે. તો પછી બંનેએ એક બીજાની નજીક આવવું જોઇએ, સાથે વાત કરવી જોઇએ...સહયોગથી કામ પણ કરવું જોઇએ...એક સાથે ચાલવું જોઇએ...એક સાથે જ પ્રાર્થનામાં જોડાવું જોઇએ.

વિશ્વ ધર્મની વિચારધારાના સંગઠન પાસે એક ખાસ કામ છે વિજ્ઞાનની દુનિયાને જીતી લેવાનું. વિજ્ઞાન અને આધ્યાત્મનાં સંયુક્ત પુરૂષાર્થની જરૂર છે. વિજ્ઞાન અને આધ્યાત્મ બંને ભેગા મળીને આ પૃથ્વી ઉપર દિવ્યતાનું અવતરણ કરાવી શકે.

**(૬) આપણે સ્પષ્ટ થવું પડશે :**

માનવીના અસ્તિત્વ માટે આવશ્યક એવા સનાતન સત્ય અને સનાતન ડહાપણને બળ આપવા માટે જ આપણે અહીં છીએ. અત્યંત બુલંદીથી શ્રી વિવેકાનંદે કહ્યું છે 'સત્ય કોઇ સમાજને-પ્રાચીન કે અર્વાચીન સમાજને શ્રદ્ધાંજલિ આપતું નથી. સમાજે જ સનાતન સત્યને શ્રદ્ધાંજલિ આપવી પડે છે. તેનો એક માત્ર વિકલ્પ છે-વિનાશ. (મોત)'

પસંદગી આપણે કરવાની છે. જૈન વિચારધારાના પ્રતિનિધિ તરીકે જિંદગીના આ ઉમદા ઉદ્દેશ માટે અમારા સંપૂર્ણ સહયોગનો હાથ અહીં લંબાવું છું.

○○○

## નેત્રયજ્ઞ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી ચિખોદરાની શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ દ્વારા સ્વ. જ્યોત્સનાબહેન ભૂપેન્દ્રભાઈ ઝવેરીના સ્મરણાર્થે નીચે પ્રમાણે નેત્રયજ્ઞના ઉદ્ઘાટનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

**સ્થળ :** કાંકણપુર (તા. ગોધરા-પંચમહાલ)

**સમય :** રવિવાર, તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે.

સર્વને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

-મંત્રીઓ

**સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત**

## વિદ્યાસત્ર (વર્ષ-૧૮)

સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિદ્યાસત્રમાં જાણીતા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઇ બે વ્યાખ્યાનો આપશે. કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે :

❑ **પ્રથમ વ્યાખ્યાન :**

**વિષય : આજની પરિસ્થિતિના સંદર્ભમાં જીવનલક્ષી સાહિત્ય**

❑ **દ્વિતીય વ્યાખ્યાન :**

**વિષય : સમૂહ માધ્યમો-પરિસ્થિતિ અને પડકાર**

❑ **સમય :** સાંજના ૪ થી ૬ ● વચ્ચે પંદર મિનિટનો વિરામ

❑ **સ્થળ :** ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦ ૦૨૦.

કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળશે.

સર્વને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

તારાબહેન ૨. શાહ
સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

# વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તેની ૬૫ વર્ષની યાત્રા પૂર્ણ કરે છે ત્યારે વિતેલાં વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધજીવન'ના અંકોમાં પ્રગટ થયેલ છે, એટલે અહીં એ પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં સળંગ અહેવાલ આપીએ છીએ.

❖ **સંઘના સભ્યો** : સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે : પેટ્રન : ૧૮૨, આજીવન સભ્ય : ૨૧૮૬, સામાન્ય સભ્ય : ૬૦ અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો : ૧૫૦.

❖ **'પ્રબુદ્ધ જીવન'** : ગાંધીજીની ભાવનાને અનુસરીને કશી પણ જાહેરખબર લીધા વિના છેલ્લા પંચાવન વર્ષથી સંઘનું માસિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો 'પ્રબુદ્ધ જીવન'ને સારો સહયોગ મળતો રહ્યો છે, જે માટે અમે તેમના આભારી છીએ. 'પ્રબુદ્ધ જીવન'નાં તંત્રી તરીકે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ માનદ્ સેવા આપી રહ્યાં છે, જે માટે અમે તેમના ઘણા આભારી છીએ. તદુપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના મુદ્રણકાર્ય માટે 'મુદ્રાંકન'ના પણ અમે આભારી છીએ.

❖ **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય** : પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૨૯૬૭ના પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. વર્ષની આખરે ૧૩૪૫૦ પુસ્તકો છે. પુસ્તકાલયની પ્રવૃત્તિ માટે પુસ્તકાલય સમિતિના તથા તેના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહના અમે આભારી છીએ.

❖ **પ્રેમળ જ્યોતિ** : સંઘ સંચાલિત અને શ્રીમતિ વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા પ્રેરિત પ્રેમળજ્યોતિ દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કૂલ ફી, યુનિફોર્મ વગેરેની સહાય આપવાની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન સારી રીતે ચાલી રહી છે. સંયોજકો તરીકે શ્રી નિરુબહેન શાહ અને શ્રી નટુભાઇ પટેલ પ્રશસ્ય સેવા આપે છે. આ માટે અમે તેમના અને અન્ય કાર્યકર ભાઇ-બહેનોના આભારી છીએ.

❖ **અસ્થિ સારવાર કેન્દ્ર** : સંઘના કાર્યાલયમાં તા. ૩૧-૭-'૮૩ થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંના દર્દોના નિષ્ણાંત ડૉક્ટર શ્રી જે.પી. પીઠાવાલા દર રવિવારે નિયમિતપણે સવારના ૧૦ થી બપોરના ૨ વાગ્યા સુધી હાડકાંના દર્દીઓને વિનામૂલ્યે માનદ સારવાર આપે છે. ડૉ. પીઠાવાલાના તેમજ તેમના સાથી કાર્યકરોના તથા સંયોજક શ્રી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

❖ **અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર** : આ કેન્દ્રમાં મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી ડૉ. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. અંધેરી ખાતેની આ પ્રવૃત્તિ માટે શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘ તરફથી તેમની જગ્યાનો ઉપયોગ કરવા દેવા માટે અમે તેમના આભારી છીએ.

❖ **સ્વ દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ** : સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈનધર્મનાં પુસ્તકોના પ્રકાશન માટે ભેટ રકમ આપવામાં આવી હતી અને ત્યારપછી તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. આ ટ્રસ્ટના ઉપક્રમે અત્યાર સુધી તેર જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે. ૧૯૯૩-૯૪ના વર્ષ દરમિયાન (૧) સાંપ્રત સહચિંતન ભાગ ૪/૫ (૨) જિનતત્ત્વ ભાગ ૫ (૩) પ્રભાવક સ્થવિરો ભાગ ૪ (૪) તિવિહેણ વંદામિ અને (૫) આપણાં તીર્થંકરો એ પુસ્તકો પ્રગટ થયા છે.

❖ **સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક** : 'પ્રબુદ્ધ જીવન' માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલ લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. ૧૯૯૩ના વર્ષ માટેનું પારિતોષિક પ્રા. ચી. ના. પટેલને આપવામાં આવ્યું હતું. આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામભાઇ દેસાઇ અને શ્રી પન્નાલાલ આર. શાહે સેવા આપી હતી.

❖ **શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ રમકડા ઘર** : સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડા આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે બપોરના ૩ થી ૫ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૭૫ જેટલી રહી છે. રમકડાં ઘર માટે વખતોવખત નવાં રમકડાં ખરીદવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજકો ડૉ. અમુલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

❖ **શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ** : શ્રી જે. એચ. મહેતાના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫૦૦૦ની રકમ અનાજ રાહત ફંડમાં મળી હતી.અને તેમાં વખતેવખત ઉમેરો થતો રહ્યો છે. એમાંથી જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા, શ્રી રમાબહેન મહેતા અને અન્ય બહેનો સેવા આપી રહ્યા છે તેમનાં અમને આભારી છીએ.

❖ **કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ** : સ્વ. કિશોર ટિમ્બડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને રૂપિયા એક લાખનું દાન મળ્યું હતું. આ ફંડમાંથી બૃહદ્ મુંબઇની કૉલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇ-બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજકો શ્રી વસુમતીબહેન ભણસાલી, શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતાના અમે આભારી છીએ.

❖ **શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી ચશ્મા બેન્ક** : સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા દર્દીઓને મફત ચશ્મા આપવામાં આવે છે. શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયમાંથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે.

❖ **ભક્તિ સંગીતના વર્ગો** : સંઘના ઉપક્રમે ચાલુ વર્ષે ભક્તિ સંગીતના વર્ગો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા હતા. શ્રી શ્યામ ગોગટેએ આ તાલીમ વર્ગના અધ્યાપક તરીકે અને શ્રી ઉષાબહેન મહેતાએ આ વર્ગના સંયોજક તરીકે સેવા આપી હતી.

❖ **પર્યુષણ વ્યાખ્યાનમાળા** : સંઘના ઉપક્રમે રવિવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૩થી રવિવાર તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૩ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ ખાતે યોજવામાં આવી હતી. આ આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત્ વર્ષની માફક આ વર્ષે પણ ક્લોઝ સરકીટ ટી.વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| ☆ ડૉ. હુકમચંદ ભારિલ્લ | સુખ કી પ્રાપ્તિ |
| ☆ શ્રી શશિકાંત મહેતા | ભગવાન મહાવીરનો પૂર્ણયોગ |
| ☆ પૂ. સાધ્વીશ્રી સોહનકુમારીજી | કષાયમુક્તિ-મોક્ષ કા ઉપાય |
| ☆ ડૉ. ચિનુભાઇ નાયક | ધર્મધ્યાન અને જીવનશુદ્ધિ |
| ☆ શ્રી હેમાંગિની જાઇ | જીવન સંગીત અને માનવધર્મ |
| ☆ શ્રી પ્રવીણભાઇ સી. શાહ | સમક્તિ પ્રાપ્તિની પ્રક્રિયા |
| ☆ શ્રી મનુભાઇ ગઢવી | ચાતક પીએ ન એઠાં પાણી |
| ☆ શ્રી હરિભાઇ કોઠારી | તમસો મા જ્યોતિર્ગમય |
| ☆ શ્રી આર. ડી. મહેતા | અહિંસા કી વૈજ્ઞાનિકતા |
| ☆ પૂ. શ્રી જશુબાઇ મહાસતીજી | આત્મખોજ |
| ☆ શ્રી નેમચંદ ગાલા | અપ્રમાદ |
| ☆ પ્રા. રમેશ દવે | લઘુતા સે પ્રભુતા મિલે |
| ☆ ડૉ. દેવબાળા સંઘવી | મનની જીત |
| ☆ ડૉ.રમણલાલ ચી. શાહ | નામકર્મ |

❖ પૂ. સમણી શ્રી અક્ષયપ્રજ્ઞાજી પ્રેક્ષાધ્યાન ઓર જીવન વિજ્ઞાન
❖ શ્રી શૈલજાબહેન ચેતનકુમાર શાહ શ્રદ્ધા પરમ દુર્લભ છે

આ વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ વ્યાખ્યાનનાં પ્રરંભ પહેલાં એક કલાકનો ભક્તિસંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એમાં અનુક્રમે સર્વશ્રી શોભાબહેન સંઘવી, કુસુમબહેન શાહ, ભાનુબહેન શાહ, તરલાબહેન શેઠ, મનમોહન સેહગલ, શારદાબહેન ઠક્કર, અવનિબહેન પારેખ અને ચંદ્રાબહેન કોઠારીએ આપ્યો હતો. અમે શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનાં સર્વ વ્યાખ્યાતાઓના, સંગીતકારોના તથા સહકાર આપનારા સર્વના આભારી છીએ.

❖ **પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી** : ૧૯૯૩-૯૪નું વર્ષ શ્રી પરમાનંદ કાપડિયાની જન્મ શતાબ્દીનું વર્ષ હોય તા. ૧લી અને ૨જી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ બે દિવસનો કાર્યક્રમ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર હોલમાં યોજવામાં આવ્યો હતો. 'પરમાનંદ કાપડિયા-એક વિલક્ષણ પ્રતિભા' એ વિષય પર શ્રી યશવંત દોશી અને શ્રી હરીન્દ્ર દવેના વ્યાખ્યાનો થયા હતા. બીજા દિવસે 'સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો' એ વિષે ડૉ. ઉષાબહેન મહેતાએ અને 'સંપૂર્ણ લોકક્રાંતિની વિભાવના' એ વિષય પર શ્રી નારાયણ દેસાઇએ વ્યાખ્યાનો આપ્યા હતા.

❖ **ગાંધીજીની સવા શતાબ્દી પ્રસંગે વ્યાખ્યાન** : સંઘ અને શ્રી ગાંધી સ્મારક નિધિના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સવા શતાબ્દી પ્રસંગે શનિવાર, તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ સાંજના ૫-૩૦ કલાકે જાણીતા લેખક અને ચિંતક શ્રી નેમચંદ ગાલાનું 'મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચંદ્ર' એ વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

❖ **નેત્રયજ્ઞ** : સંઘના ઉપક્રમે નીચે મુજબ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૧) પનવેલ પાસેના તારા ગામે યુસુફ મહેરઅલી સેન્ટરમાં તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞ યોજ્યો હતો. (૨) માંડવી નેત્રયજ્ઞ સમિતિના સહયોગથી સૂરત જીલ્લાના માંડવી મુકામે તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૩) સ્વ. ધીરજબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે ચિખોદરાની આંખની હૉસ્પિટલ દ્વારા તા. ૧૭મી એપ્રિલ, ૧૯૯૪ના રોજ ભરૂચ જિલ્લાના રાજપીપળા ગામે નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૪) સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરીની આર્થિક સહાયથી ચિખોદરાની આંખની હૉસ્પિટલ દ્વારા ખેડા જિલ્લાના માતર મુકામે તા. ૨૮મી મે, ૧૯૯૪ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું.

❖ **ચામડીના રોગો અંગેનો કેમ્પ** : સંઘના ઉપક્રમે ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં ઉઝરડા મુકામે ચામડીના રોગો માટેના કેમ્પનું આયોજન થયું હતું. તેમાં સારી એવી સંખ્યામાં આદિવાસીઓએ લાભ લીધો હતો. આ કાર્યના સંયોજક ડૉ. પ્રવીણભાઇ મહેતાના અમે આભારી છીએ.

❖ **નરસિંહ મહેતાનાં પદો-ભક્તિસંગીત-પ્રવચનો** : સંઘના ઉપક્રમે નરસિંહ મહેતાના પદો પર ભક્તિસંગીત અને પ્રવચનનો કાર્યક્રમ તા. ૧લી અને ૨જી માર્ચ, ૧૯૯૪ના રોજ પરમાનંદ કાપડિયા હૉલમાં સાંજના સમયે યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે નરસિંહ મહેતાના પદો મધુર કંઠે રજૂ કર્યા હતા. તે પર ડૉ. રમણલાલ ચી. શાહે વિવેચનાત્મક પ્રવચનો આપ્યા હતા. આ કાર્યક્રમ માટે ડૉ. રમણભાઇ શાહ, શ્રીમતી પૂર્ણિમાબહેન શેઠ અને સંયોજક શ્રીમતી રમાબહેન વોરાના અમે આભારી છીએ.

❖ **શિવાનંદ મિશન હૉસ્પિટલને સહાય** : ગત્ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વીરનગરની શિવાનંદ મિશન હૉસ્પિટલને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ સંઘ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. અને તે માટે રૂપિયા સાડા દસ લાખ જેટલી રકમ એકત્ર થઇ હતી. આ રકમનો ચેક આપવાનો કાર્યક્રમ વીરનગર ખાતે રવિવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને સમિતિના કેટલાક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંઘના સભ્યોએ શિવાનંદ મિશનની હૉસ્પિટલની તથા ઉપલેટામાં નેત્રયજ્ઞની મુલાકાત લીધી હતી.

❖ **વિદ્યાસત્ર** : સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનાં વ્યાખ્યાનો શનિવાર, તા. ૯મી એપ્રિલ, ૧૯૯૪ના રોજ ભારતીય વિદ્યાભવનના ગીતા હૉલમાં યોજવામાં આવ્યા હતા. ડૉ. નંદિનીબહેન ઉમાશંકર જોશીએ 'યુવાનોનો સંઘર્ષ' અને 'ભવિષ્ય આપણા હાથમાં' એ બે વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા હતાં. કાર્યક્રમના સંયોજક તરીકે પ્રો. તારાબહેન ર. શાહે સેવા આપી હતી. અમે વિદ્વાન વ્યાખ્યાતાના અને કાર્યક્રમના સંયોજક પ્રો. તારાબહેન ર. શાહના આભારી છીએ.

❖ **કીડનીના દર્દીઓની સહાય અર્થે દાન** : સંઘ દ્વારા વિલેપાર્લેની નાણાવટી હૉસ્પિટલને કીડનીના દર્દીઓને સહાય અર્થે રૂપિયા ત્રણ લાખનું દાન આપવામાં આવ્યું હતું. બુધવાર, તા. ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના રોજ નાણાવટી હૉસ્પિટલમાં યોજાયેલ એક અર્પણવિધિમાં સંઘના પદાધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

❖ **વાર્તાલાપ** : સંઘના ઉપક્રમે તા. ૨૦મી મે, ૧૯૯૪ના રોજ સાંજના છ વાગે પરમાનંદ કાપડિયા હોલમાં ડૉ. દક્ષાબહેન પટેલનો 'રાજપીપળા તાલુકાના નર્મદા વિસ્તારના આદિવાસીઓની સમસ્યા' એ વિષય પર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

❖ **મોતીયાના ઓપરેશન** : સંઘના આર્થિક સહયોગથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મોતીયાના દર્દીઓને લેન્સ બેસાડવા સાથે મફત ઓપરેશન કરવાની યોજના કરવામાં આવી છે . વર્ષ દરમિયાન ઘણા દર્દીઓએ એનો લાભ લીધો હતો. આ કાર્યમાં સહયોગ આપવા માટે અમો ડૉ. પ્રવીણભાઈ મહેતાના આભારી છીએ.

❖ **આભાર** : વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની અગિયાર સભા મળી હતી. કારોબારી સમિતિનાં સર્વ સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને ઘણો આનંદ છે.

❖ વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રસંગે વર્ષ દરમિયાન સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓને કેમ ભૂલાય? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

❖ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાના અખબારોએ અને એમના સંચાલકોએ સંઘની વિવિધ પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાન પત્રોના અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

❖ આપણી વ્યાખ્યાનમાળાઓ, વ્યાખ્યાનશ્રેણીઓ અને વાર્તાલાપના વિદ્વાન વક્તાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

❖ સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના સર્વ સભ્યોને પ્રેમભરી હુંફ આપવા માટે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના અમે અત્યંત આભારી છીએ.

❖ સંસ્થાના હિસાબો ચીવટપૂર્વક જોઇ તપાસી આપવા માટે ઓડિટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટસ્‌ના શ્રી ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.

❖ સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતા અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે !

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

# બૌદ્ધધર્મ અને તેનો સામાજિક સંદર્ભ

❑ ડૉ. વર્ષા દાસ

આજથી ચૌદ વર્ષ પહેલાં દિલ્હીમાં એક મિત્ર પાસે નિચિરેન દાઇશોનિનના મહાયાન બૌદ્ધ સંપ્રદાયની વાત સાંભળી. એ વખતે હું મારા જીવનપથ પર એક એવે સ્થાને ઊભી હતી. જ્યાં નીચે ધરતી હતી, ઉપર આકાશ હતું અને હું જાણે દિશાશૂન્ય મનઃ સ્થિતિમાં એકલી ચાલતી જતી હતી. આજે મારા જીવનના દરેક ક્ષેત્રમાં પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. પહેલાંનું જીવન હાથમાંથી સરી જતી રેતી જેવું હતું. એના પર મારો કાબૂ નહોતો. જ્યારે આજે મન દઢ અને સ્પષ્ટ છે, કાર્યક્ષમતામાં ગુણવત્તા અને માત્રાની દ્રષ્ટિએ વૃદ્ધિ થઇ છે. જીવન એક ધ્યેય તરફ ગતિ કરી રહ્યું છે. માનવ અસ્તિત્વનું મૂલ્ય સમજાયું છે. અને પરિણામે મુશ્કેલીઓની વચ્ચે પણ હું આનંદનો અનુભવ કરું છું. આ રીતે જીવતાં શીખી છું. સોકા ગાક્કાઇ ઇન્ટરનેશનલ નામની સંસ્થાના અધ્યક્ષ શ્રી દાઇસાકુ ઇકેદાના માર્ગદર્શનને કારણે.

આજથી અઢી હજાર વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધે જે ઉપદેશ આપેલો તેને સાતસો વર્ષ પહેલાં નિચિરેન દાઇશોનિને નવા અભિગમથી પ્રતિપાદિત કર્યો. અને સોકા ગાક્કાઇના અધ્યક્ષે એ દર્શનને આજના સંદર્ભમાં મૂકીને તેનું આચરણ કેવી રીતે કરવું તે શીખવ્યું. આ અભિગમ એટલો વ્યવહારોપયોગી છે કે તેનો રોજિંદી જીવનચર્યામાં, કર્તવ્ય પાલનમાં, સાંસારિક જવાબદારીઓ પૂરી કરવામાં ઉપયોગ કરી શકાય છે.

નિચિરેન દાઇશોનિનના આ બૌદ્ધધર્મનો મૂળમંત્ર છે નામ્ મ્યોહો રેંગે ક્યો. નાનપણમાં ગાંધીજીની આશ્રમ ભજનાવલિમાં એ મંત્ર વાંચેલો, પરંતુ એ વિશે વિશેષ જિજ્ઞાસા નહોતી જાગી. ચૌદ વર્ષ પહેલાં જ્યારે આ સંપ્રદાયનો પહેલવહેલો પરિચય થયો ત્યારે મને સમજાવવામાં આવેલું કે ગૌતમ બુદ્ધનાં ૮૪૦૦૦ સૂત્રોમાં સૌથી મહત્ત્વપૂર્ણ છે સદ્ધર્મ પુંડરિક સૂત્ર. ગૌતમ બુદ્ધે એમની જ્ઞાનપ્રાપ્તિ પછી આ ઉપદેશ આપ્યો હતો. એમના એકેય ઉપદેશ એમણે પોતે કે એમના જીવનકાળ દરમ્યાન એમના શિષ્યોએ લિપિબદ્ધ નહોતા કર્યાં. એમના નિર્વાણ પછી એમના એક અગ્રણી શિષ્ય મહાકશ્યપની અધ્યક્ષતા હેઠળ રાજગૃહના ગૃધ્રકૂટ પર સર્વ શિષ્યોની બેઠક ગોઠવાયેલી. તેમાં ઉપાલિ અને આનંદે સ્વયં બુદ્ધના મુખે સાંભળેલા ઉપદેશોનું શબ્દશઃ પારાયણ કર્યું. તે પછી સૌએ સાથે મળીને તેનો પાઠ કર્યો. પરંતુ તે વખતે પણ એ ઉપદેશો લખી લેવાયા નહોતા.

લેખનનો સૌથી પહેલો પ્રયાસ ઇસ્વીસન્ પૂર્વે પહેલી શતાબ્દીમાં થયો. તે વખતે વિનયસૂત્ર, આગમસૂત્ર, અને આગમસૂત્ર પરનાં ભાષ્ય અભિધર્મસૂત્ર લખાયાં, જે ત્રિપિટકને નામે ઓળખાય છે. અને તે પછી આજના મહાયાન બૌદ્ધધર્મના સૂત્રો લખાયાં. આ પ્રક્રિયા લગભગ એક હજાર વર્ષો સુધી ચાલી. મહાયાન સૂત્રોને ત્રણ સમયાવધિમાં વિભાજિત કરવામાં આવે છે. પહેલો ગાળો છે ઇસ્વીસન્ ૧૫૦-૨૫૦ સુધીનો. તેમાં મહાયાન શાખાના વિદ્વાન નાગાર્જુન થઇ ગયા. આ સમયના પ્રતિનિધિ સૂત્રો વિમલકીર્તિ સૂત્ર, સદ્ધર્મ, પુંડરિક સૂત્ર વગેરે. તે પછીનો ગાળો ચોથી અને પાંચમી શતાબ્દીનો છે, જેમાં વસુબંધુ થઇ ગયા. તે પછીના સમયમાં કેટલાંક નાનાં સૂત્રો સંકલિત થયાં.

'સદ્ધર્મ પુંડરિક સૂત્ર' બૌદ્ધ સંસ્કૃતમાં લખાયેલું. તે શાસ્ત્રીય કે સાહિત્યિક સંસ્કૃતિથી થોડુંક જુદું છે. તેમાં ૨૮ પ્રકરણો છે. આ સૂત્રના ચીની ભાષામાં છ અનુવાદો થયા હતા. તેમાંથી અત્યારે માત્ર ત્રણ ઉપલબ્ધ છે. એ ત્રણેમાં કુમારજીવે કરેલો અનુવાદ 'મ્યોહો રેંગે ક્યો' સૌથી વધુ સમ્માનીય અને લોકપ્રિય રહ્યો છે.

મહાયાન બૌદ્ધ ધર્મનો વિશેષ પ્રસાર અને પ્રચાર ઇસ્વીસન્ પૂર્વે ત્રીજી શતાબ્દીમાં સમ્રાટ અશોકના સમયમાં થયો. ભારતના ઉત્તર ભાગથી તિબેટ, ચીન, કોરિયા અને જાપાનમાં બૌદ્ધ અનુયાયીઓ ગયા. જ્યારે હીનયાન સંપ્રદાય દક્ષિણમાં શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ દેશો થાયલેંડ તથા બ્રહ્મદેશ તરફ પ્રસર્યો.

ઇસ્વીસન્ ૫૩૮-૫૯૭, એટલે કે છઠ્ઠી શતાબ્દીમાં ચીનમાં તીએન- તાઇ નામના એક બૌદ્ધ વિદ્વાન થઇ ગયા. તે સમયે ચીનમાં ગૌતમ બુદ્ધના નિર્વાણ સૂત્ર પર આધારિત દસ સંપ્રદાયો હતા. તીએન-તાઇએ ૫૯૪માં માકા-શિકાન નામનો મહાન ગ્રંથ લખીને તેમાં પુંડરિક સૂત્રને ગૌતમ બુદ્ધના સર્વશ્રેષ્ઠ ઉપદેશ તરીકે પ્રસ્થાપિત કર્યો.

આઠમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં જાપાનના દેન્ગ્યો નામના બૌદ્ધ વિદ્વાને તીએન-તાઇ સંપ્રદાયના બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કર્યો. પછી ચીન જઇને પુંડરિક સૂત્રનાં ભાષ્યોનું અધ્યયન કર્યું અને તે પછી એમણે પણ જણાવ્યું કે ગૌતમ બુદ્ધનો સર્વશ્રેષ્ઠ ઉપદેશ છે 'મ્યોહો રેંગે ક્યો'.

તે પછી તેરમી સદીમાં, ઇસ્વીસન્ ૧૨૨૨ના ફેબ્રુઆરીની ૧૬મીએ જાપાનના આવા નામના પ્રાંતમાં એક માછીમારને ત્યાં નિચિરેનનો જન્મ થયો. એમણે પણ બૌદ્ધ મંદિરોમાં જેટલા બૌદ્ધ ગ્રંથો હતા તે બધાનું અધ્યયન કર્યું. અને ઘોષણા કરી કે ગૌતમબુદ્ધનો સર્વશ્રેષ્ઠ ઉપદેશ 'મ્યોહો રેંગે ક્યો'માં છે. સદ્ધર્મ પુંડરિક સૂત્રમાં ગૌતમ બુદ્ધે પ્રત્યેક મનુષ્ય, પ્રત્યેક જીવમાં રહેલાં બૌદ્ધતત્વ પર ભાર મૂક્યો છે. કર્મના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે અને જણાવ્યું છે કે કોઇ પણ મનુષ્ય તેની વર્તમાન સ્થિતિમાં પોતાનાં કર્મોને બદલી શકવાની ક્ષમતા ધરાવે છે, પોતાની અંદર રહેલા બૌદ્ધ તત્ત્વને જાગ્રત કરીને બુદ્ધ એટલે કે સત્યનો જાણકાર બની શકે છે.

નિચિરેન દાઇશોનિને બુદ્ધના આ સિદ્ધાંતોને આચરણમાં મૂકવાનો સરળ રસ્તો બતાવ્યો. 'મ્યોહો રેંગે ક્યો'ની આગળ 'નામ' શબ્દ ઉમેરી એક મંત્ર રૂપે આપ્યો. આ 'નામ્ મ્યોહો રેંગે ક્યો' શું છે ? માત્ર જાપ કરવાનો એક મંત્ર છે ? કે કંઇક વિશેષ છે ? આપણે પ્રત્યેક શબ્દનો અર્થ જોઇએ. 'નામ્' શબ્દ સંસ્કૃતના 'નમ્' ધાતુ પરથી લીધેલો છે. તેનો અર્થ છે. નમન, આદર, ભક્તિ, સંપૂર્ણ સ્વીકાર. તે પછીનો શબ્દ છે મ્યોહો. સંસ્કૃત શબ્દ સદ્ધર્મનો ચીની અને જાપાની ભાષામાં અનુવાદ છે. મ્યોહોનું અંગ્રેજી છે. Mystic Law, એક રહસ્યમય નિયમ. સર્વ જીવ, નિર્જીવ પદાર્થો, વનસ્પતિ, પૃથ્વી, આકાશ, અવકાશ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલો રહસ્યમય નિયમ. તે નિયમ છે કારણ અથવા કર્મ અને તેની અસરનો. આપણે મનસા, વાચા, કર્મણા જ્યારે કંઇ પણ કરીએ છીએ; એટલે કે જે વિચારીએ, બોલીએ કે ક્રિયા કરીએ છીએ તેનો પ્રભાવ તરત જ આપણા જીવનમાં જડાઇ જાય છે. પરંતુ તે પ્રભાવનો આવિર્ભાવ ક્યારે, કેવી રીતે, ક્યા સ્વરૂપે થશે તે આપણે નથી જાણતા. એ રહસ્યમય છે. આ છે The Law of Cause and Effect. વિજ્ઞાનમાં તેને ક્રિયા અને પ્રતિક્રિયા કહે છે-action and reaction. આ નિયમ અટલ, અફર અને શાશ્વત છે. આપણે તે વિશે જાણતા હોઇએ કે ન જાણતા હોઇએ દરેક ક્રિયાની પ્રતિક્રિયા આપણા જીવનમાં જડાઇ જવાની. એ પ્રતિક્રિયાના વ્યક્ત સ્વરૂપને આપણેસદ્ભાગ્ય કે દુર્ભાગ્યના નામે, સુખ કે દુઃખના નામે ઓળખીએ છીએ, એ ક્રિયાનો કરનાર હું પોતે જ છું, તે વાત ભૂલી જઇએ છીએ. તે પછીનો શબ્દ છે 'રેંગે.' જાપાની ભાષામાં રેંગે એટલે પુંડરિક, કમળનું ફૂલ. આ એક જ એવું ફૂલ છે જેમાં ફૂલ અને તેનું ફળ એક સાથે ઊગે છે. સાધારણ રીતે કોઇ પણ વૃક્ષ કે છોડ પર પહેલાં ફૂલ બેસે, તે કરમાય પછી ફળ ઊગે, ફળ પાકે, તેમાં બીજ હોય. એ બીજમાંથી બીજું વૃક્ષ ઊગે, અને એ રીતે ચક્ર ચાલતું રહે. પરંતુ કમળના ફૂલમાં ફૂલ અને ફળનું એક સાથે ઊગવું તે ક્રિયા અને પ્રતિક્રિયા, કારણ અને તેનો પ્રભાવ તેની સમકાલિનતાનું-Simultaneityનું પ્રતીક છે. એટલે કે આ બંને ક્રિયા એકી સાથે થાય છે. મન, વાણી કે કાર્યથી જેવી કોઇ ક્રિયા થઇ કે

તેની પ્રતિક્રિયા તે જ ક્ષણે જીવનમાં જડાઇ ગઇ. તેનો આવિર્ભાવ ક્યારે થશે તે આપણે નથી જાણતા. તે રહસ્યમય છે.

કમળ કાદવમાં ઊગે છે, પરંતુ કાદવની મલિનતાથી અલિપ્ત છે. તે જ રીતે આપણી અંદર રહેલું બૌદ્ધતત્ત્વ આપણી ત્રૂટિઓ, ક્ષતિઓ, દુર્વિચાર, દુર્ભાવનાઓની વચ્ચે કે નીચે હોવા છતાં એ બધાંથી અલિપ્ત છે. આપણે એને જાગ્રત કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણી અંદર રહેલા બુદ્ધના ગુણોને આપણે વ્યક્ત સ્વરૂપમાં જરૂર જોઇ શકીએ છીએ. એ ગુણો છે કરુણા, શાણપણ, શક્તિ, મુક્તિ, આનંદ, શુદ્ધતા, ઇત્યાદિ.

કાદવમાં ઉગતા કમળને એ કાદવમાંથી જ પોષણ મળે છે. એને તરવાના હોજમાં મૂકી દો તો એ નહીં ઊગે. તેવી જ રીતે આપણા બૌદ્ધતત્ત્વને જાગ્રત કરવા માટે, એક મનુષ્ય તરીકે આપણો વિકાસ સાધવા માટે આપણને પણ દુઃખ, કષ્ટ, સંકટરૂપી કાદવની જરૂર છે. જે વ્યક્તિ ભોગ-વિલાસમાં જ આનંદનો અનુભવ કરે છે અથવા એશો-આરામની જિંદગી વીતાવે છે તેને પોતાનો વિકાસ કરવાનું જરૂરી નથી લાગતું. સૂઝતું પણ નથી. પછી એક દિવસ અચાનક જ્યારે એનાં કર્મોનાં ભંડારમાંથી બધાં સુકર્મો ખર્ચાઇ જાય છે ત્યારે એને એના વિલાસનાં, આરામના સાધનો નથી મળતાં. અને એ સાધનો વિના જીવતા એને આવડતું નથી, એટલે એ હતાશા, નિરાશાની ગર્તામાં રિબાય છે. પોતે દુઃખી થાય છે અને આખા કુટુંબને, પોતાના સમાજને પણ સંકટમાં મૂકી દે છે. એવી સ્થિતિમાં કેટલાંક આપઘાત પણ કરી બેસે છે!

તો એ શબ્દ હતો 'રેંગે.' તે પછી છે 'નામ્ મ્યોહો રેંગે ક્યો'નો છેલ્લો શબ્દ 'ક્યો'. 'ક્યો' શબ્દ સૂત્રનો અનુવાદ છે. સૂત્રનો અર્થ સંસ્કૃતમાં 'દોરો' છે. દોરો કે તાંતણો સાતત્યનું, નિરંતરતાનું પ્રતીક છે. માણસ મૃત્યુ પામે છે ત્યારે બધું જ પાછળ રહી જાય છે. માત્ર તેનાં કર્મો તેની સાથે એક જન્મથી બીજા જન્મમાં ને બીજામાંથી ત્રીજામાં જાય છે. કેટલાક કર્મોનો આવિર્ભાવ થાય છે, તે ચૂકવાઇ જાય છે. કેટલાંક નવાં ઉમેરાય છે.

'ક્યો'નો અર્થ જાપાની ભાષામાં 'ધ્વનિ' છે. કહેવાય છે કે સમગ્ર વિશ્વમાં, બ્રહ્માંડમાં એક સંવાદિત ધ્વનિ છે. એનો એક લય છે. એ લય સાથે જ્યારે આપણા વ્યક્તિગત ધ્વનિનો લય ભળે છે ત્યારે એક સંવાદિત સૂર બને છે અને તેને કારણે આપણને જીવન સરળતાથી, આનંદથી પસાર થતું લાગે છે. પરંતુ એ લય નથી જળવાતો ત્યારે દરેક કામમાં મુશ્કેલી, વિઘ્નો, સંઘર્ષનો અનુભવ થાય છે. સવાર અને સાંજની પ્રાર્થના વખતે મનુષ્યને દિવસમાં બે વાર લયની સંવાદિતા સાધવાનો અવસર મળે છે. એ અવસરનો આપણે લાભ લઇએ છીએ કે નહીં તે તો આપણે જ નક્કી કરવાનું છે. એટલે જ આ મંત્રનો જાપ મોટેથી થાય છે. મનમાં, ધ્યાન ધરતાં હોઇએ તે રીતે નહીં. જેમકે, નામ્ મ્યોહો રેંગે ક્યો, નામ્ મ્યોહો રેંગે ક્યો, નામ મ્યોહો રેંગે ક્યો.

એ જાપ આપણે કેવી રીતે કરીએ છીએ, તે વખતે આપણી મનઃસ્થિતિ કેવી છે, મનમાં કયા કયાં ભાવો આવે છે, કઇ ઇચ્છાઓ અને આકાંક્ષાએઓ જાગે છે તેનું ધ્યાન રાખવું જરૂરી છે. આપણી અંદર જે હોય તેનું જ પ્રતિબિંબ બહાર પડે. જેવું શરીર તેવો જ તેનો પડછાયો. શરીર સીધું તો પડછાયો સીધો, શરીર વાંકું તો પડછાયો વાંકો. એટલે કે જેવા આપણે તેવું જ આપણી આસપાસનું વાતાવરણ. પણ આપણે ઘણીવાર આ વાત ભૂલી જઇએ છીએ. જ્યારે કોઇ મુશ્કેલી આવી પડે છે ત્યારે તરત આપણે બીજાનો વાંક કાઢીએ છીએ. મારી ભૂતકાળની જ કોઇક ક્રિયાની આ પ્રતિક્રિયા છે, તે હકીકત ક્યાં તો યાદ નથી રહેતી અથવા આપણું મન તેને સ્વીકારવા તૈયાર નથી હોતું.

એક ઉદાહરણ જોઇએ. એક ગ્લાસમાં પાણી છે. અને તેને તળિયે થોડી માટી પડી છે. જ્યારે ચમચીથી એ પાણીને હલાવીએ છીએ ત્યારે આખા ગ્લાસનું પાણી માટીવાળું થઇ જાય છે. હવે આ પાણી માટીવાળું થઇ ગયું તેમાં વાંક ચમચીનો કે પાણીમાં પડી રહેલી માટીનો ? જો પાણીમાં માટી હોય જ નહીં તો ચમચીને ગમે તેટલી હલાવીએ તોયે પાણી માટીવાળું ન થાય. પણ પાણીમાં માટી છે તે હકીકત છે. એટલે ચમચીનો ઉપયોગ જો આપણે પાણીમાંથી માટી દૂર કરવા માટે કરીએ તો વખત આવ્યે પાણી ચોખ્ખું થઇ શકે. પરંતુ સાધારણ સંયોગોમાં એવું નથી થતું. આપણે આપણી પોતાની મલિનતાને પોતાની ત્રૂટિઓને, પોતાનાં દુષ્કર્મોને જોઇ શકતાં નથી અથવા તે સ્વીકારવા ઇચ્છતાં નથી. આપણો અહમ્ આડે આવે છે. એટલે આપણે ચમચીનો વાંક કાઢીએ છીએ. બીજાનો દોષ જોવાનું સહેલું છે. એમાં આપણે આત્મસંતોષ પણ અનુભવીએ છીએ. અને ત્યારે એ યાદ નથી રહેતું કે આમ કરવાથી આપણાં પોતાનાં કર્મોના ભંડારમાં આપણે થોડાં વધુ દુષ્કર્મો ઉમેરતાં જઇએ છીએ.

ચમચીનો વાંક ન કાઢીને તેનો ઉપયોગ મલિનતા દૂર કરવા માટે કરવો, તે જ છે. Value Creation, એટલે કે મૂલ્ય-સર્જન. તેને જાપાની ભાષામાં કહે છે. 'સોકા' વિષનું ઔષધમાં પરિવર્તન. જ્યારે કોઇ પણ વ્યક્તિને, સમસ્યાને કે પરિસ્થિતિને જોવાની આપણી દૃષ્ટિ બદલાઇ જાય છે ત્યારે આપણી અને એની વચ્ચેનું સમીકરણ પણ બદલાઇ જાય છે. આપણને દુઃખ આપનાર વ્યક્તિ કે પરિસ્થિતિને એ દુઃખ માટે જવાબદાર ન ગણીને આપણે એ કર્મની જવાબદારી આપણે માથે લઇએ છીએ ત્યારે એ વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યે ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા જેવા એકેય ભાવ નથી જાગતા. અને એવા ભાવ ન જાગવાને કારણે આપણું મન શાંત રહે છે. બીજાઓ સાથેનું આપણું વર્તન શિષ્ટ અને સ્વાભાવિક રહે છે. આપણા મનની શાંતિ આપણા વાતાવરણને શાંત રાખે છે. એક શાંત તળાવમાં નાખેલો પથરો જેમ તરંગોનો વિસ્તાર સર્જે છે, તેવું જ આપણા પોતાના વિચાર અને આચરણથી આપણા કુટુંબમાં, આપણા સમાજમાં થાય છે.

ગમે તે પરિસ્થિતિમાં પોતાનાં કર્મની જવાબદારી પોતાને માથે લઇ શકવાની ક્ષમતા ઘડવા માટે મન, દઢ, સ્વચ્છ અને સ્પષ્ટ હોવું જોઇએ. નિચિરેન દાઇશોનિને એમના એક લખાણમાં કહ્યું છે કે 'when the sky is clear, the ground is illuminated.' જ્યારે આકાશ સ્વચ્છ હોય છે ત્યારે ધરતી પ્રકાશિત થાય છે. જ્યારે મન દઢ હોય, સ્પષ્ટ હોય ત્યારે પરિસ્થિતિની નાનામાં નાની વિગત પણ આપણે બરાબર પારખી શકીએ છીએ. પણ મન પર લાગણીનાં, મુંઝવણનાં, નબળાઇનાં વાદળાં છવાઇ જાય ત્યારે સત્ય-અસત્યનો તફાવત પરખાતો નથી. આપણે કોઇ બાબતમાં ખોટો નિર્ણય લઇ બેસીએ છીએ અને પછી પસ્તાઇએ છીએ.

મનને સ્વચ્છ આકાશ જેવું કેવી રીતે બનાવાય ? દુષ્કર્મોનો આવિર્ભાવ થાય ત્યારે મૂલ્ય-સર્જન કેવી રીતે કરાય ? વિષમાંથી ઔષધ કેવી રીતે બનાવાય ?

નિચિરેન દાઇશોનિનના બૌદ્ધધર્મમાં consciousness એટલે કે ચેતનાનાં નવ સ્તરોનો ઉલ્લેખ છે. પહેલાં પાંચ સ્તર તે આપણી ઇંદ્રિયો, ચાક્ષુષ, શ્રોત, ઘ્રાણ, જિહ્વા અને કાય. છઠ્ઠું સ્તર આપણું જાગ્રત મન, સાતમું આપણું આંતરમન, એટલે કે subconscious mind. મનોવૈજ્ઞાનિકો આ સાતમા સુધી પહોંચી શકે છે. એમનાં જ્ઞાન અને કુશળતાથી મનુષ્યને અશાંત કરનારી ગ્રંથિઓ દૂર કરીને સુખનો અનુભવ કરાવે છે. પરંતુ એ મનોવૈજ્ઞાનિક એના દર્દીનાં કર્મો બદલવામાં મદદ નથી કરી શકતો.

તે પછીનું આઠમું સ્તર છે. 'આલય' ચેતનાનું. આ આલય, એટલે કે ભંડાર છે. આપણાં સારા-નરસા કર્મોનો, આપણાં અતીત અને વર્તમાનમાં સર્વ પ્રકારનાં અનુભવો, કર્મોનો અહીં સંગ્રહ થાય છે. માનવ અસ્તિત્વનું મૂળભૂત માળખું આ આઠમી આલય-ચેતનાની ગુણવત્તા પ્રમાણે ઘડાય છે. જેમકે એક વ્યક્તિનો જન્મ કેવી પરિસ્થિતિમાં થાય છે, એ કુટુંબ સુખી છે કે દુઃખી, બાળકનાં રંગ-રૂપ, સ્વાસ્થ્ય, સ્વભાવ વગેરે બધું જ કર્મોના ભંડાર પર આધારિત છે. આ ભંડારમાં સુકર્મો છે અને દુષ્કર્મો છે. તે વધે છે અને ઘટે પણ છે. આપણે

કેવા પ્રકારનું જીવન જીવીએ છીએ તેના પર સારાં-નરસાં કર્મોની વૃદ્ધિનો આધાર છે.

અને છેલ્લું નવમું સ્તર છે અમલા-ચેતનાનું. તે છે નામ્ મ્યોહો રેંગે ક્યો. ત્યાં કર્મની અશુદ્ધિ નથી, કોઇ પ્રકારની મલિનતા નથી. એક શુદ્ધ સ્થિતિ, એક નિર્મળ સત્તા છે.

જ્યારે એક વ્યક્તિ આ મંત્રનું ઉચ્ચારણ પોતાની પાંચે ઇન્દ્રિયો અને મનથી કરે છે ત્યારે તે ચેતનાના નવમાં સ્તરને જાગ્રત કરે છે. એ સત્કર્મ આઠમા સ્તરના ભંડારમાં ઉમેરાય છે, જેને પરિણામે સાતમા સ્તરનું આંતર્મન પ્રભાવિત થાય છે. એ આંતર્મન જાગ્રત મન પર અસર કરે છે અને તે મનના આદેશ પ્રમાણે પાંચે ઇન્દ્રિયો આપણને બાહ્ય જગત સાથે જોડે છે. તેને કારણે ક્રિયા-પ્રતિક્રિયાની શ્રૃંખલા સર્જાય છે. આલય-ચેતનામાં સુકર્મોની વૃદ્ધિથી મનુષ્ય જીવનમાં સુખ અને આનંદ અનુભવે છે. પરંતુ આ વૃદ્ધિને સભાનપણે અસ્ખલિત રાખવાનું કાર્ય સહેલું નથી. મંત્રના રટણ સમયે મન કઇ તરફ દોરાય છે? તેને સદ્‌વિચારો, દઢ નિશ્ચયો તરફ વાળીએ, એ માટે સભાનપણે પ્રયત્ન કરીએ તો જ આપણા જીવન પર આપણું નિયંત્રણ રહે અને આપણે આપણું ભાગ્ય બદલી શકીએ.

પ્રાર્થનાની શક્તિ વિષે તો આપણે સૌ જાણીએ છીએ. પરંતુ એ પ્રાર્થનાનું સ્વરૂપ કેવું છે તેના પર તેના પરિણામનો આધાર છે. જેમકે તીર કોઇ લક્ષ્ય વિના આકાશમાં છોડવું હોય તો તે માટે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર નથી, પરંતુ જો એક નિશ્ચિત લક્ષ્યને વીંધવાનું હોય તો તીરંદાજ પોતાનું ચિત્ત એકાગ્ર કરશે, શારીરિક અને માનસિક શક્તિ એકત્રિત કરીને તીર છોડશે જેથી એ બરાબર નિશાન પર વાગે. પ્રાર્થનાનું પણ એવું જ છે. એ માટે નિશ્ચિત ધ્યેય, લક્ષ્ય અત્યંત જરૂરી છે.

નિચિરેન દાઇશોનિનના બૌદ્ધધર્મમાં એક સિદ્ધાંત છે. Bonno Soku Bodai. બોન્નો એટલે સાંસારિક ઇચ્છાઓ, બોદાઇ એટલે બુદ્ધત્વ, પરમજ્ઞાન અને સોકુ એટલે પરિવર્તિત. આ જ સિદ્ધાંત અંગ્રેજીમાં કહેવાય છે Earthly Desires are Enlightenment. સાંસારિક ઇચ્છાઓની પૂર્તિ માટે નામ્ મ્યોહે રેંગે ક્યોનું રટણ કરતી વ્યક્તિની અંદર સમય જતાં કરુણા, શાણપણ જેવા ગુણો વિકસિત થવા માંડે છે. આ પરિવર્તન આકસ્મિક નથી. તે બૌદ્ધ દર્શન અધ્યયન કરે છે, પોતાની મનોવૃત્તિ, વિચારસરણી, બદલવાનો પ્રયત્ન કરે છે. બીજાને મદદ કરવાની ઇચ્છા કેળવી તેને આચરણમાં મૂકે છે. આ પ્રયત્નોને કારણે ધીરે ધીરે એની પોતાની ઇચ્છાઓનું સ્વરૂપ બદલાવા માંડે છે. સ્વાર્થથી શરૂઆત કરીને એ પરમાર્થ તરફ વળે છે.

પોતાના કુટુંબમાં, સમાજમાં, કાર્યક્ષેત્રમાં પોતાની ભૂમિકા રચનાત્મક રીતે બજાવવા માટે માણસનાં શાણપણ, આત્મવિશ્વાસ અને હિંમતમાં ક્રમશઃ વૃદ્ધિ થવી અનિવાર્ય છે. ધર્મ કે દર્શનનું આ જ તો મુખ્ય લક્ષ્ય છે કે તે માણસને તેની સુષુપ્ત શક્તિઓ અંગે જાગ્રત કરે, તેનામાં ચેતના જગાડે. એ વ્યક્તિ પોતાનું કલ્યાણ કરે અને બીજાઓનું પણ કલ્યાણ કરે.

ભગવદો મંડલમાં ધર્મ શબ્દની વ્યાખ્યા જોઇએ તો સૌથી પહેલું વાક્ય આ પ્રમાણે છે. 'અવશ્ય કરવા યોગ્ય અને પાળવા યોગ્ય આચાર-વિચાર અને કર્તવ્ય...વેદમાં જે ધર્મ છે તેના સ્થાપનાર ઋષિઓ છે. એ ધર્મ સ્થાપવાનો મુખ્ય હેતુ જીવોનું પરમ કલ્યાણ કરવું આ જ છે.'

આ દુનિયામાં સર્વ ક્રિયાકલાપોના પ્રારંભ અને અંતમાં મનુષ્ય છે. જે કંઇ સર્જાય છે, શોધાય છે, વપરાય છે, કે નષ્ટ થાય છે તે બધામાં મનુષ્યનું પ્રદાન છે. મનુષ્ય આટલો શક્તિમાન હોવા છતાં એ એકલો રહી શકતો નથી. માનવ-સમાજ, પ્રકૃતિ અને બ્રહ્માંડનું સહઅસ્તિત્વ છે. એ એકબીજા પર આધાર રાખે છે. શ્રી દાઇસાકુ ઇકેદાએ કહ્યું છે કે મનુષ્યને તેના વ્યક્તિત્વ અને ચારિત્ર્યના ઘડતર માટે ત્રણ વસ્તુઓ પર આધાર રાખવો ઘટે.

એક છે આ રહસ્યમય નિયમ, નામ્ મ્યોહો રેંગે ક્યો; બીજું ગુરુ અને ત્રીજું સંપૂર્ણ પ્રામાણિકતા-integrity. રહસ્યમય નિયમ તો સમગ્ર બ્રહ્માંડને લાગુ પડે છે, પરંતુ તેને મનુષ્યના જીવનના, સમાજના સંદર્ભમાં કઇ રીતે સમજવો, આચરણમાં કેવી રીતે મૂકવો તે માટેનું માર્ગદર્શન ગુરુ આપે છે અને તે માર્ગદર્શનથી આપણે જીવનના બધા જ પક્ષોમાં, બધી જ જવાબદારીઓનાં ક્ષેત્રોમાં, પરસ્પર વ્યવહારમાં સંપૂર્ણ પ્રામાણિકતાથી, સ્વાભાવિકતાથી વર્તી શકીએ છીએ. તે રીતે જીવી શકીએ છીએ. આપણું વિશિષ્ટ સ્થાન નિર્મી શકીએ છીએ. પોતાના જીવનને એક અનુકરણીય ઉદાહરણ રૂપે ઘડીને તેને વધુ સાર્થક બનાવી શકીએ છીએ.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની અસાધારણ સ્પર્ધામાં માણસનો માણસ તરીકેનો વિકાસ ક્યાંક ભુલાઇ તો નથી જતો ને? આજના યુગમાં કેટલાય દેશોમાં ધાર્મિક પુનર્જીવન અને પુનસ્થાપના-revival-પર ગંભીરતાપૂર્વક વિચારણા ચાલી રહી છે. કાર્લ માર્કસે ધર્મને અફીણ કહ્યો હતો, પરંતુ એમની પોતાની વિચારસરણી પણ વર્તમાન સંદર્ભમાં કેટલી ઉપયુક્ત છે. તેના પર તેમના જ દેશોમાં પુનર્વિચારણા શરૂ થઇ ગઇ છે. ધર્મ વિશે પણ સંદેહ પેદા થાય એવું વાતાવરણ સર્જાઇ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં આપણે કેટલાક સવાલો ઉઠાવવા પડશે.

શું મારા ધર્મ કે મારા દર્શન પર આધારિત મારું આચરણ મને મારી અંદરની મલિનતા દૂર કરવાને રસ્તે લઇ જાય છે? શું હું સારા-નરસાનો ભેદ પારખી શકું છું? મારામાં માનસિક શાંતિ છે? મારી ત્રૂટિઓ દૂર કરવામાં અને શક્તિઓ ખીલવવામાં હું સક્રિય રહી શકું છું? હું વધુ સારા ને જવાબદાર માનવ તરીકે કુટુંબ અને સમાજમાં જીવી શકું તે માટે સતત પ્રયત્નશીલ છું? સંકટ સમયે ધૈર્ય અને સમતુલા જાળવી શકું છું? જીવનમાં આવતા જાતજાતના પડકારોને ઝીલી શકું છું?

આ સવાલોને આપણા માપદંડ બનાવવાની જરૂર છે. અને તે પણ આજે જ. હમણાં જ. સામાજિક પદ્ધતિઓ, શાસન અને કાયદાના નિયમો બદલવાથી મનુષ્ય સુખી નથી થવાનો. આવતી સદીમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગણાશે માનવનું આંતરિક પરિવર્તન. અને તેની પ્રેરણા મળશે. જીવન અને મૃત્યુ અંગેની નવી સમજણથી. જીવન કેવી રીતે જીવાયું છે તે તેની અંતિમ ક્ષણે, મૃત્યુ સમયે સ્પષ્ટ થઇ જાય છે. મૃત્યુ કેવા સંયોગોમાં થયું, તે વખતે વ્યક્તિની શારીરિક અને માનસિક સ્થિતિ કેવી હતી, ચહેરા પર કેવા ભાવો હતા, આ બધું જ વર્તમાન જીવનને તથા નવા જન્મને જાણવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ જીવનની અંતિમ ક્ષણ આવતા જીવનની પહેલી ક્ષણ છે. એટલે જ, સમય વેડફ્યા વિના વર્તમાનને સંભાળી લેવાની ખૂબ જ જરૂર છે.

શ્રી ઇકેદા કહે છે કે માણસ પોતાના ભૂતકાળને મનમાં ઘોળ્યા કરે છે, ભવિષ્યની ચિંતા કર્યા કરે છે અને વર્તમાન પ્રત્યે બેદરકાર રહે છે. જો વર્તમાન પર ધ્યાન આપીએ, તેને સાર્થક બનાવીએ તો ભવિષ્ય તેની મેળે જ સુધરી જશે. બૌદ્ધ શાસ્ત્રમાં કહેવાયું છે કે ભવિષ્યનાં પરિણામો જાણવાં હોય તો વર્તમાનમાં તમે કેવા કર્મો કરો છો તેના પર ધ્યાન આપો. પછી વિચારીશું, પછી જોઇશું, કાલે વાત, આવી વૃત્તિ રાખીએ તો તો બધું આગલી જીંદગી સુધી ઠેલાઇ જાય અને આ જીવનમાં સાર્થકતાનો અનુભવ નહીં થાય.

આવી સ્થિતિમાં મનમાં કેટલાંક પ્રશ્નો જાગે તે સ્વાભાવિક છે. કોઇ પણ કામ કરવાનો સૌથી સારો સમય કયો? ક્યું કામ સૌથી સારું ગણાય? કઇ વ્યક્તિ સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય? આ પ્રશ્નોના ઉત્તરમાં શ્રી ઇકેદાએ મહાન રુસી લેખક લિયો તોલ્સતોયની એક વાર્તા ટાંકી છે. વાર્તાનું શીર્ષક છે. 'ત્રણ સવાલ'.

એક રાજાને આ જ ત્રણ પ્રશ્નો મૂંઝવે છે. એને થાય છે કે આ પ્રશ્નોના સરખા ઉત્તર મળે તો તે જીવનમાં કદી નહીં હારે. એણે પોતાના રાજદરબારીઓને આ ત્રણે પ્રશ્નો પૂછ્યા.

કોઇ પણ કામ કરવાનો સૌથી સારો સમય કયો? એના જવાબમાં કોઇએ કહ્યું કે નકામા કામમાં સમય ન બગાડવો. બીજાએ કહ્યું, કામ

શરૂ કરતાં પહેલાં સલાહકારોની સલાહ લઇને સારો સમય જાણવો. ત્રીજાએ કહ્યું, કામના સમય વિશે પહેલેથી વિચારવું જોઇએ, આળસ ન કરવી જોઇએ, વિગેરે.

બીજો પ્રશ્ન હતો ક્યું કામ સૌથી સારું ગણાય ? કોઇએ કહ્યું, જ્ઞાન-વિજ્ઞાનનું, તો બીજાએ કહ્યું, દાન-ધરમનું ને ત્રીજાએ કહ્યું, યુદ્ધ અંગેનું. ત્રીજો પ્રશ્ન હતો, કઇ વ્યક્તિ સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય ? તેના જવાબમાં એકે કહ્યું, સલાહકાર, બીજાએ કહ્યું, પૂજારી ને ત્રીજાએ કહ્યું, વૈદ્ય.

રાજાને એકે જવાબથી સંતોષ ન થયો. એ વેશ બદલીને જંગલમાં રહેતા સાધુ પાસે ગયો. સાધુ તે વખતે કોદાળીથી જમીન ખોદતા હતા. ખૂબ થાકી ગયા હતા. રાજાએ એમને પણ આજ ત્રણ સવાલ પૂછ્યા. સાધુ જવાબ આપ્યા વિના જમીન ખોદતા રહ્યા. એમની હાલત જોઇ રાજાએ કોદાળી માંગી. સાધુ કોદાળી રાજાને આપીને બેસી ગયા. રાજા જમીન ખોદવા માંડ્યો. એમ કરતાં સાંજ પડી ગઇ. રાજા પણ થાકી ગયો હતો. કોદાળી બાજુએ મૂકી રાજાએ પોતાના પ્રશ્નો ફરી એકવાર પૂછ્યા. સાધુ મૌન રહ્યા. એટલામાં એક માણસ દોડતો દોડતો એ લોકો પાસે આવી પહોંચ્યો. એ સારી પેઠે ઘવાયેલો હતો. ઘામાંથી ખૂબ લોહી નીકળતું હતું. રાજાએ એનો ઘા સાફ કર્યો, પાટો બાંધ્યો અને સાધુની મદદથી એ માણસને ઝૂંપડીની અંદર સુવાડ્યો. હવે તો રાજા ખૂબ જ થાકી ગયેલો. ઝૂંપડીના ઉંમરા પર બેઠો બેઠો એ ઊંઘી ગયો.

સવારે જ્યારે રાજાની આંખો ખૂલી ત્યારે એણે એકીટશે તાકી રહેલા ઘવાયેલા માણસને જોયો. એ માણસે ધીમે અવાજે રાજાની માફી માંગી. એણે જણાવ્યું કે રાજાએ એના ભાઇની મિલ્કત જપ્ત કરી લીધી હતી એટલે એ રાજાને મારી નાખવા ઝાડીમાં સંતાઇને બેઠો હતો. રાજા સૂર્યાસ્ત સુધી ન આવ્યો એટલે એને શોધવા એ જેવો ઝાડીમાંથી બહાર આવ્યો કે રાજાના અંગરક્ષકોએ એના પર હુમલો કર્યો. એ ત્યાંથી છટકીને મહા મુશ્કેલીએ રાજા પાસે આવીને ઢળી પડ્યો હતો. રાજાએ એનો ઘા સાફ કરીને પાટો ન બાંધ્યો હોત તો કદાચ એ જીવી ન શક્યો હોત. રાજા રાજી થયો. એનો દુશ્મન હવે એનો મિત્ર બની ગયો હતો!

રાજાએ સાધુને પોતાના પ્રશ્નો પૂછવાનો છેલ્લો પ્રયાસ કર્યો.

છેવટે સાધુ બોલ્યા :

'ગઇ કાલે તારા મનમાં મારા પ્રત્યે દયા ન જાગી હોત તો તું ચાલ્યો જાત અને આ માણસ તારા પર હુમલો કરત. મારી પાસે ન રોકાવા બદલ તને પસ્તાવો થાત. તું જે સમયે જમીન ખોદતો હતો. તે જ સૌથી સારો સમય હતો. એ વખતે મારું કામ તારે માટે સૌથી સારું હતું. અને હું સૌથી મહત્ત્વનો માણસ હતો. તે પછી આ ઘાયલ માણસ આવ્યો. તેં એની સેવા કરી. પાટો બાંધ્યો. એ જ સૌથી સારો સમય હતો. એની સેવા સૌથી સારું કામ હતું. અને એ માણસ સૌથી મહત્ત્વનો હતો.

સૌથી યોગ્ય સમય એ સમય છે જ્યારે આપણે પોતે કંઇક કરવાને શક્તિમાન હોઇએ છીએ. જે માણસ આપણી પાસે હોય, આપણી નજીક હોય એ સૌથી મહત્ત્વનો માણસ છે. અને આપણી સામે રહેલા મુશ્કેલીઓમાં પડેલા માણસને મદદ કરવી, તે સૌથી જરૂરી કામ. બીજાને કામ આવીએ તો જ જીવન સફળ ગણાય.'

આ સાંભળીને રાજાને ખૂબ જ સંતોષ થયો. સાધુને પ્રણામ કરીને એ ચાલ્યો ગયો.

લિયો તોલ્સ્તોયની આ વાર્તા દ્વારા શ્રી ઇકેદાએ નિચિરેન દાઇશોનિનના બૌદ્ધધર્મનો સાર સમજાવી દીધો છે. સમકાલીન વ્યક્તિ અને સમાજ તેના મૂલ્યો, કાર્યની પ્રાથમિકતા, ધર્મ પર આધારિત વ્યવહાર, એ બધું જ આમાં સાંકળી લેવાયું છે.

કોઇ પણ સંસ્કૃતિ-culture-ની સફળતા કે નિષ્ફળતા લોકોના ધર્મ સાથે જોડાયેલી છે. સભ્યતાની-civilization-ની ગુણવત્તા તે જે ધર્મ પર આધારિત હોય તેની ગુણવત્તા પ્રમાણે નક્કી થાય છે .

સભ્યતા કે સંસ્કૃતિમાંથી જન્મેલા બે સામાજિક વિકારો છે યુદ્ધ અને સામાજિક અન્યાય. દરેક સભ્ય સમાજ તેની શક્તિની હ્રાસ કરનાર આ ભયંકર સામાજિક વ્યાધિની હયાતિ છતાં અખંડ રહી શક્યો છે, તેનું કારણ ધર્મનું આધ્યાત્મિક બળ છે. આ ધર્મ એટલે જીવન પ્રત્યેનો એ અભિગમ જેને કારણે માણસ પોતાની માનવતા સાચવવામાં આડે આવતાં સંકટો ઝીલવાની ક્ષમતા કેળવે છે , બ્રહ્માંડનાં રહસ્યો, તેમાં માનવની ભૂમિકા, અને મનુષ્યને જીવવા માટેના વ્યવહારુ નૈતિક ઉપદેશો અંગેના તેના મૂળભૂત સિદ્ધાંતોના એ આધ્યાત્મિક રીતે સંતોષકારક ઉત્તરો મેળવે છે. જ્યારે જ્યારે માણસ ધર્મ પરની શ્રદ્ધા ગુમાવી બેસે છે ત્યારે તે સભ્યતા કૌટુંબિક, સામાજિક વિઘટનનો તથા વિદેશી લશ્કરી આક્રમણોનો ભોગ બને છે. આમ શ્રદ્ધા ખોવાને કારણે જે સભ્યતાનો નાશ થાય છે ત્યાં નવા ધર્મથી પ્રેરાઇને નવી સભ્યતાનું સર્જન થાય છે.

ધર્મ નૈતિકતા અને સદાચાર મનુષ્યના જટિલ મનની ઇચ્છાને અતિલોભ-greed-થી દૂર રાખે છે. પરંતુ આજનો માનવ અનેક પ્રલોભનો અને પ્રભાવોની વચ્ચે જીવે છે. એ બધાંની વચ્ચે શું એ સહેલાઇથી પોતાની પ્રામાણિકતા-integrity જાળવી શકે છે ? જેમકે બાળકો શાળાના શિક્ષણ દ્વારા, ઘરમાં માતા-પિતાના શિસ્ત દ્વારા તથા પોતાના વાંચનથી નૈતિકતા અંગેનું જ્ઞાન મેળવે છે. પરંતુ આ જ્ઞાન તેમના ક્રિયાશીલ જીવનમાં માપદંડ બનશે તે ખાત્રીપૂર્વક કહી ન શકાય. ઊલટાનું ક્યારેક એવું યે જોવા મળે છે કે માણસનું વર્તન તેની નૈતિક તાલીમથી તદ્દન વિપરીત હોય છે. માણસની લાગણી, તેની ભાવનાશીલતા ઘણીવાર તેની વિચારશક્તિ કરતાં વધારે શક્તિશાળી હોય છે. પરિણામે સૈદ્ધાંતિક જ્ઞાન પાછળ રહી જાય છે અને તે લાગણીથી પ્રેરાઇને ખોટું કામ કરી બેસે છે. લાગણીના મૂળમાં તેનો અહમ્ હોય છે. આ અહમ તેને સારું કામ કરતાં રોકે છે અને તેની પાસે ખરાબ કામ કરાવે છે. આ આત્મ-કેન્દ્રિત લાગણી તેના કુટુંબને, તેના સમાજને અને દેશને આવરી લે છે. એટલે જ અહમનું નિયંત્રણ અતિ આવશ્યક છે. ઇકેદા કહે છે કે જે માણસ પોતાના પર દયા ખાતો હોય, પોતાનાં દુઃખો પર રડ્યા કરતો હોય તેની પાછળ પણ તેનો અહમ્ રહેલો છે.

આ અહમ્‌ને નિયંત્રિત કરવા માટે, મનને નિર્મળ આકાશ જેવું સ્વચ્છ-સ્પષ્ટ ને દઢ બનાવવા માટે, પોતાના અને અન્યોના આનંદ માટે શ્રદ્ધા, પ્રાર્થના અને અભ્યાસનો ત્રિભેટો અનિવાર્ય છે. પ્રાર્થના પણ પોતાને માટે અને અન્યજનો માટે, પોતાની શાંતિ માટે અને સમાજ તથા વિશ્વની શાંતિ માટે છે.

વિશ્વશાંતિનું ધ્યેય સિદ્ધ કરવા માટે દરેક વ્યક્તિનું એક વિશિષ્ટ જીવનકાર્ય છે. જેમ વાદ્યવૃંદમાં દરેક વાદ્ય બીજાથી જુદું છે, પરંતુ સૂરીલી સંગીત રચનામાં એક વાદ્ય પણ બેસુરું કે બેતાલ વાગે તો આખી રચના બગડી જાય. એટલે બધાએ પોતાનું આગવું વ્યક્તિત્વ જાળવવાનું અને એક સાથે એક ધ્યેય માટે કામ કરવાનું.

સોકા ગાક્કાઇનું વિશ્વશાંતિ માટેનું આંદોલન પણ આ જ સિદ્ધાંત પર નામ્ મ્યોહો રેંગે ક્યોને આધાર બનાવી વિશ્વવ્યાપી બની ગયું છે. દુનિયામાં ભાગ્યે જ કોઇ દેશ એવો હશે જ્યાં સોકા ગાકકાઇનો એક પણ સભ્ય ન હોય. વસુધૈવ કુટુંબકમ્‌ની પરિકલ્પના સોકા ગાક્કાઇ સાકાર કરી રહ્યું છે.

નિચિરેન દાઇશોનિને કહ્યું છે કે કામાકુરાથી ક્યોતો જતાં બાર દિવસ લાગે છે. જો બારમે દિવસે ચાલવાનું બંધ કરી દઇએ તો રાજધાની પર ઉગેલો સુંદર ચંદ્ર કેવી રીતે જોઇ શકાય ? એટલે જે કાર્ય હાથમાં લીધું તે પાર ન પડે ત્યાં સુધી પ્રયત્ન રોકવાનો, થાકવાનો, ફરિયાદ કરવાનો તો પ્રશ્ન જ નથી. શરૂઆત કરવી સહેલી છે પણ સફળતા તો છેક સુધી પ્રયત્ન કરતાં રહીએ તો જ મળે. ચાલતાં ચાલતાં આઠ વાર પડી જઇએ તો નવ વાર ઊભા થવાનું. અને ઊભા કરવા માટે સોકા ગાક્કાઇનો હાથ હંમેશા લંબાવેલો હોય છે. એક નાનકડી માખી એકલી બહુ દૂર સુધી ન ઊડી શકે, પરંતુ એ પાંખાળા ઘોડાની પૂંછડી પર બેસી જાય તો ઘણે દૂર પહોંચી શકે. સોકા ગાક્કાઇના સભ્યો એ પાંખાળા ઘોડાને પકડીને ભૌતિક તથા આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ સાધી શક્યા છે.

આવી અસાધારણ સંસ્થાના પરિચયમાં હું આવી, શ્રી ઇકેદાની શિષ્યા બની, તેને હું મારું પરમ સદ્‌ભાગ્ય માનું છું.

**[ સંઘ તરફથી સપ્ટેમ્બર, ૧૯૯૪માં યોજાયેલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વ્યાખ્યાન ]**

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૯૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ ૪૦૦ ૦૯૨

● વર્ષ : ૬ ● અંક : ૨ ● ● તા. ૧૬-૨-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ડૉ. ભોગીલાલ સાંડેસરા

સંસ્કૃત, પ્રાકૃત અને મધ્યકાલીન જૂની ગુજરાતી ભાષાના પ્રકાંડ પંડિત, જૈન આગમ ગ્રંથોના અભ્યાસી, સમગ્ર ગુજરાતમાં યુનિવર્સિટીની અનુસ્નાતક કક્ષાએ યુવાન વયે પ્રોફેસર તરીકે નિયુક્ત થનાર પ્રથમ અધ્યાપક, ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ, રણજિતરામ સુવર્ણચંદ્રક મેળવનાર પાટણના વતની ડૉ. ભોગીલાલ સાંડેસરાનું ૭૮ વર્ષની વયે અમેરિકામાં એમના પુત્રને ત્યાં અવસાન થયું છે.

ડૉ. સાંડેસરાના દીકરા-દીકરી બધાં અમેરિકામાં રહે છે. એટલે છેલ્લાં કેટલાંક વર્ષથી તેઓ અમેરિકા આવજા કરતા હતા. આ વખતે તેઓ સતત લગભગ ત્રણ વર્ષ રહ્યાં. એમના સાથી અધ્યાપક અને ગાઢ મિત્ર ડૉ. રણજિતભાઈ પટેલ (અનામી) અવારનવાર મને ડૉ. સાંડેસરાના સમાચાર આપતા રહેતા. કેટલાક વખત પહેલાં એમણે મને લખ્યું હતું કે જાન્યુઆરીમાં ડૉ. સાંડેસરા વડોદરા આવવાના છે. પરંતુ તેઓ આવે તે પહેલાં જ તેમના સ્વર્ગવાસના સમાચાર આવ્યા. છેલ્લાં કેટલાંક વખતથી સાંડેસરા દંપતીનું સ્વાસ્થ્ય સારું રહેતું નહોતું. એટલે અમેરિકા કરતાં ભારતમાં રહેવું વધુ ગમતું હતું છતાં તબિયતને કારણે અને એમના દીકરા ડૉક્ટર હોવાને કારણે વૃદ્ધાવસ્થામાં અમેરિકામાં રહેવાનું વધુ અનુકૂળ રહેતું હતું. વિદેશમાં પોતે દેહ છોડશે એવું તેમણે સ્વપ્નેય ધાર્યું નહિ હોય !

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ મારા રસનો વિષય હોવાથી છેલ્લાં ઘણાં વર્ષથી ડૉ. સાંડેસરા સાથે મારે આત્મીય સંબંધ થયો હતો. વડોદરામાં હતા ત્યારે 'પ્રબુદ્ધ જીવન'નો અંક મળતાં તેઓ અવારનવાર મારા લેખ માટે સરસ પ્રતિભાવ દર્શાવતા. ડૉ. સાંડેસરાના જવાથી મને એક મુરબ્બી માર્ગદર્શકની ખોટ પડી છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરાનો જન્મ ઇ. સ. ૧૯૧૭માં પાટણમાં થયો હતો. એમના પિતાનું નામ જયચંદભાઈ ઈશ્વરદાસ સાંડેસરા અને માતાનું નામ મહાલક્ષ્મી હતું. એમના પિતા પાટણ છોડી અમદાવાદમાં રેશમનો વેપાર કરવા આવ્યા હતા. આથી ડૉ. સાંડેસરાએ શાળાનો અભ્યાસ અમદાવાદમાં ચાલુ કર્યો હતો. તેઓ જ્યારે આઠ વર્ષની ઉંમરના હતા ત્યારે એમના પિતાનું અવસાન થયું. એટલે એમનું કુટુંબ અમદાવાદ છોડી પાછું પાટણ આવ્યું અને ડૉ. સાંડેસરાએ અને એમના નાના ભાઈ ઉપેન્દ્રરાય સાંડેસરાએ પાટણની હાઈસ્કૂલમાં અભ્યાસ શરૂ કર્યો.

ડૉ. સાંડેસરા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. પરંતુ મેટ્રિકની પરીક્ષામાં ૧૯૩૩માં તેઓ બેઠા ત્યારે નપાસ થયા. એમનો ગણિતનો વિષય ઘણો કાચો હતો. એ દિવસોમાં મેટ્રિકની પરીક્ષા મુંબઈ યુનિવર્સિટી લેતી. ત્યારે બધા જ વિષય ફરજિયાત હતા અને દરેક વિષયમાં પાસ થવું ફરજિયાત હતું. જેનો એક વિષય કાચો હોય તે જિંદગીમાં ક્યારેય મેટ્રિક પાસ ન થઈ શકે અને કોલેજમાં જઈ ન શકે. ડૉ. સાંડેસરા ૧૯૩૪માં ફરી મેટ્રિકની પરીક્ષામાં બેઠાં, પરંતુ બીજી વાર પણ ગણિતનું પેપર સારું ગયું ન હતું. તેમને આવડેલા દાખલાના માર્ક્સ ગણી જોયા તો પાસ થવા માટે ચાર માર્ક્સ ખૂટતા હતા. પરંતુ એ વર્ષે એવી ઘટના બની કે પરીક્ષકોથી ગણિતનો એક દાખલો ખોટો પુછાઈ ગયો હતો. પરીક્ષકોની એમાં ભૂલ હતી. પરીક્ષામાં પૂછાયેલા આ ખોટા દાખલા સામે વિદ્યાર્થીઓનો અને એમના વાલીઓનો ઘણો વિરોધ થયો. છેવટે મુંબઈ યુનિવર્સિટીએ જાહેર કર્યું કે મેટ્રિકની પરીક્ષામાં ગણિતના વિષયમાં પૂછાયેલા આ ખોટા દાખલા માટે દરેક વિદ્યાર્થીને છ માર્ક્સ ઉમેરી આપવામાં આવશે. એનો લાભ ડૉ. સાંડેસરાને પણ મળ્યો અને તેઓ મેટ્રિકની પરીક્ષામાં પાસ થયા. કોલેજમાં હવે ગણિતનો વિષય લેવાનો રહ્યો ન હતો. એટલે ડૉ. સાંડેસરાએ અમદાવાદ આવી ત્યાંની ગુજરાત કોલેજમાં અભ્યાસ ચાલુ કર્યો. તેઓ ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે બી. એ. થયા અને ત્યારપછી એમ. એ.માં ગુજરાતી વિષયમાં પ્રથમ નંબરે આવવા માટે એમને કેશવલાલ ધ્રુવ ચંદ્રક મળ્યો હતો.

ડૉ. સાંડેસરા પાટણની હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારે એક ઘટનાએ તેમના જીવનને સરસ વળાંક આપ્યો હતો. એ દિવસોમાં મુનિ જિનવિજયજી પાટણ પધાર્યા હતા. અને જૈન બોર્ડિંગમાં ઊતર્યા હતા. તેઓ સિંઘી સિરિઝના ગ્રંથોના સંપાદનનું કાર્ય કરતા હતા. તેઓ પાટણના જ્ઞાન ભંડારની હસ્તપ્રતોની માહિતી એકત્ર કરવા આવ્યા હતા. એ વખતે ડૉ. સાંડેસરાને મુનિ જિનવિજયજીને મળવાનું થયું હતું. એક કિશોર તરીકે તેમને જિજ્ઞાસા થઈ કે મુનિશ્રી જિનવિજયજી કેવા પ્રકારનું કામ કરે છે. તેઓ તેમની સાથે જ્ઞાન ભંડારમાં જવા લાગ્યા. એ વિષયમાં એમને પણ રસ પડ્યો. ત્યારે તેમની ઉંમર પંદરેક વર્ષની હતી. એ વખતે મુનિશ્રી પુણ્યવિજયજીનું ચાતુર્માસ પાટણમાં હતું. એટલે મુનિ જિનવિજયજી કિશોર સાંડેસરાને પુણ્યવિજયજી પાસે લઈ ગયા અને ત્યારથી સાંડેસરા મુનિ પુણ્યવિજયજી પાસે જવા લાગ્યા અને જૂની હસ્તપ્રતોમાં રસ લેવા લાગ્યા. પુણ્યવિજયજી સાથેનો એમનો સંબંધ

વધતો ગયો એને લીધે ડૉ. સાંડેસરાને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રસ પડવા લાગ્યો અને પંદરેક વર્ષની કિશોર વયે તેઓ મુનિશ્રી પુણ્યવિજયજીએ આપેલી તાલીમને લીધે હસ્તપ્રતો પણ વાંચતા થઇ ગયા હતા. ત્યાર પછી પુણ્યવિજયજી મહારાજના માર્ગદર્શન હેઠળ એમણે મધ્યકાલીન કવિ માધવ કૃત 'રૂપસુંદર કથા' નામની કૃતિનું સંપાદનકાર્ય ચાલુ કર્યું. અઢારેક વર્ષની ઉંમરે તેમણે તૈયાર કરેલું આ શાસ્ત્રીય સંપાદન એટલું સરસ હતું કે મુંબઇની ફાર્બસ ગુજરાતી સભાએ એ છાપવા માટે સ્વીકાર્યું. આ કૃતિ પ્રગટ થતાં ડૉ. સાંડેસરાને ગુજરાતી વિદ્વદ્ જગતમાં સારી ખ્યાતિ મળી. અને એ પુસ્તક યુનિવર્સિટીના એમ. એ.ના પાઠ્યક્રમમાં મૂકવામાં આવ્યું. ડૉ. સાંડેસરા તો ત્યારે હજુ મેટ્રિક પણ થયા નહોતા. મેટ્રિક પાસ થયા પછી ૧૯૪૩માં જ્યારે તેઓ એમ. એ.નો અભ્યાસ કરવા લાગ્યા ત્યારે એમ.એ.ના પાઠ્ય પુસ્તકોમાં એક પુસ્તક-'રૂપસુંદર કથા' હતું. પોતાનું જ સંપાદિત કરેલું પુસ્તક પોતાના અભ્યાસક્રમમાં હોય આ કંઇ જેવી તેવી સિદ્ધિ ન કહેવાય.

ડૉ. સાંડેસરાને મુનિશ્રી પુણ્યવિજયજી પાસેથી અને મુનિશ્રી જિનવિજયજી પાસેથી પ્રાચીન ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત સાહિત્યના અભ્યાસની દીક્ષા મળી. એ બંને મુનિવરો હયાત હતા ત્યાં સુધી તેમને એમની પાસે જવાનું નિયમિત રહેતું. મુનિશ્રી જિનવિજયજીના સ્વર્ગવાસ પછી ડૉ. સાંડેસરાએ એમનું જીવનચરિત્ર પણ લખ્યું હતું.

ડૉ. સાંડેસરાના મધ્યકાલીન સાહિત્યના રસ અને રુચિને બીજી એક રીતે પણ પોષણ મળતું રહ્યું હતું. પાટણની હાઇસ્કૂલમાં એ વખતે ત્યાંના જાણીતા સંશોધક વિદ્વાન શ્રી રામલાલ મોદી એક શિક્ષક તરીકે નોકરી કરતા હતા. આ રામલાલ મોદીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને ઇતિહાસમાં ઘણો રસ હતો. તેઓ એક સ્કોલર હતા. પાટણના કવિ ભાલણ વિશે તેમણે ઘણું સંશોધન કાર્ય કર્યું હતું. વિદ્યાર્થી તરીકે ડૉ. સાંડેસરા પોતાના એ શિક્ષકના ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા હતા. અને એને લીધે સાહિત્યના સંશોધનના ક્ષેત્રમાં એમને રસ પડ્યો હતો. શ્રી રામલાલ મોદી ઉપરાંત પાટણ હાઇસ્કૂલના હેડમાસ્તર શ્રી કલ્યાણરાય જોશી પણ સાહિત્યના સંશોધનમાં રસ ધરાવતા હતા અને એમની પાસેથી પણ ડૉ. સાંડેસરાને પ્રેરણા અને માર્ગદર્શન મળતાં રહ્યાં હતાં. આમ શાળામાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન મધ્યકાલીન સાહિત્યના સંશોધનના વિષયમાં વધુ રસ લેવાને કારણે શાળામાં અભ્યાસમાં ડૉ. સાંડેસરાના બીજા કેટલાક વિષયો કાચા રહી ગયા હતા, જેમાં ગણિતનો વિષય મુખ્ય હતો.

કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે ડૉ. સાંડેસરા આજીવિકા અર્થે સાથે સાથે નોકરી પણ કરતા હતા. તેઓ 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં જોડાયા હતા. અને ગુજરાત સમાચારના તંત્રી વિભાગમાં પણ કામ કરવા લાગ્યા હતા. એ સમયમાં તેઓ 'પ્રજાબંધુ' ના તંત્રી, પીઢ પત્રકાર અને નવલકથાકાર શ્રી ચુનીલાલ વર્ધમાન શાહના ગાઢ પરિચયમાં આવ્યા હતા. એમ. એ. થયા પછી ડૉ. સાંડેસરા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યા સભા) માં અનુસ્તાક વિભાગમાં જોડાયા હતા અને એના નિયામક ડૉ. રસિકલાલ પરીખના સંપર્કમાં તેઓ આવ્યા હતા. એમના માર્ગદર્શન હેઠળ એમણે 'મહાઅમાત્ય વસ્તુપાળનું સાહિત્ય મંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેમનો ફાળો' એ વિષય પર શોધ પ્રબંધ લખીને તેમણે પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. તદુપરાંત ગુજરાત વિદ્યાસભામાં શ્રી ઉમાશંકર જોશીએ 'પુરાણોમાં ગુજરાત ' એ વિષય પર જેમ સંશોધન ગ્રંથ તૈયાર કર્યો તેમ ડૉ. સાંડેસરાએ 'જૈન આગમોમાં ગુજરાત' એ વિષય પર સંશોધન ગ્રંથ તૈયાર કર્યો હતો.

જૂના વડોદરા રાજ્યના રાજા સયાજીરાવ ગાયકવાડ સુશિક્ષિત, બાહોશ, પ્રજાવત્સલ અને દીર્ઘ દષ્ટિવાળા રાજા હતા. પોતાના રાજ્યના વિકાસકાર્યમાં તેઓ સતત રસ લેતા રહેતા હતા. એ દિવસોમાં ભારતમાં છસો કરતાં વધુ દેશી રાજ્યોમાં આંગળીના વેઢે ગણી શકાય એવા વિકાસશીલ રાજ્ય તરીકે વડોદરા રાજ્યની ગણના થતી હતી. સયાજીરાવનું એ સ્વપ્ન હતું કે પોતાના રાજ્યમાં એક યુનિવર્સિટીની સ્થાપના થાય. એમણે આજથી સીત્તેર વર્ષ પહેલાં એક કરોડ રૂપિયા જેટલી મોટી રકમ યુનિવર્સિટીની સ્થાપના માટે અનામત ફાળવી રાખી હતી, પરંતુ અંગ્રેજ શાસનકાળ દરમિયાન એ યુનિવર્સિટી થઇ શકી નહિ. ભારતને આઝાદી મળ્યા પછી વડોદરા શહેરની જુદી સ્વતંત્ર 'મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી'ની સ્થાપના થઇ. અને એમના પ્રથમ વાઇસ ચાન્સેલર તરીકે શ્રીમતી હંસાબેન જીવરાજ મહેતાની નિયુક્તિ થઇ હતી. ત્યારપછી મુંબઇ અને ગુજરાતની યુનિવર્સિટીમાં યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અનુસાર ગુજરાતી વિષયના પ્રોફેસરનો હોદ્દો સર્વ પ્રથમ સયાજીરાવ યુનિવર્સિટીમાં કરવામાં આવ્યો. પગાર તથા ગૌરવની દષ્ટિએ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયનો આ સર્વોચ્ચ હોદ્દો હતો. એ માટે કોની નિમણુંક થાય છે તે જાણવા ગુજરાતનું સાહિત્ય-જગત અને અધ્યાપકજગત ઉત્સુક હતું. સૌને એમ હતું કે આવું ઊંચું પદ શ્રી ઉમાશંકર જોશીને મળી શકે. પરંતુ એ દિવસોમાં કલમને આધારે જીવનારા કવિ ઉમાશંકર જોશીએ એવો આગ્રહ રાખ્યો હતો કે પોતે યુનિવર્સિટીમાં અરજી નહિ કરે, પરંતુ યુનિવર્સિટી જો સામેથી નિમંત્રણ આપે તો પોતે જોડાવા તૈયાર છે.

૧૯૫૦માં વડોદરામાં લેખક મિલનનું આયોજન થયું હતું. અને તેમાં ઉમાશંકર જોશી, સ્નેહરશ્મિ, જયંતી દલાલ વગેરે નામાંકિત સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સુપ્રસિદ્ધ નવલકથાકાર અને વડોદરા રાજ્યના માજી સૂબા શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ યજમાન સમિતિના અધ્યક્ષ હતા. વડોદરાના લેખક મિલન પછી ડભોઇમાં દયારામ જયંતીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો અને ત્યારપછી ચાણોદ-કરનાળી તીર્થની યાત્રાનો કાર્યક્રમ પણ ગોઠવાયો હતો. એમ. એ.ની પરીક્ષા આપીને હું એ કાર્યક્રમમાં જોડાયો હતો. ડભોઇના કાર્યક્રમમાં રમણલાલ દેસાઇએ સભાને સંબોધતા વચ્ચે એવું કહ્યું કે કવિ ઉમાશંકર જોશી એક સાધુ પુરુષ જેવા છે. એમણે આવો ઉલ્લેખ કેમ કર્યો હશે તેની સાહિત્યકારોમાં પછી ચર્ચા ચાલી અને જાણવા મળ્યું કે રમણલાલ દેસાઇએ ઉમાશંકરને વડોદરા યુનિવર્સિટીમાં પ્રોફેસરના હોદ્દા માટે અરજી કરવા ઘણો આગ્રહ કર્યો. તેઓ હંસાબહેનની સાથે પસંદગી સમિતિમાં હતા. પરંતુ ઉમાશંકરે એ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. યુનિવર્સિટી ગ્રાંટ કમિશનના નિયમ અનુસાર ઉમેદવારે અવશ્ય અરજી કરવી જ જોઇએ. અને ઉમાશંકર અરજી કરવા ઇચ્છતા નહોતા. (જો કે પછી ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયના પ્રોફેસરનો હોદ્દો કરવામાં આવ્યો ત્યારે ઉમાશંકરને એ હોદ્દા માટે ન છૂટકે અરજી કરવી પડી હતી.)

સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રોફેસરના હોદ્દા માટે સ્થાનિક અધ્યાપકો શ્રી ચતુરભાઇ પટેલ અને શ્રી મંજુલાલ મજમુદાર સહિત ગુજરાતના તે વખતના નામાંકિત અધ્યાપકોએ આ હોદ્દા માટે અરજી કરી હતી. પરંતુ તેમાં વરણી યુવાન અધ્યાપક ડૉ. ભોગીલાલ સાંડેસરાની થઇ હતી. આ એક જ ઘટનાએ ડૉ. સાંડેસરાને ઘણી ખ્યાતિ અપાવી. વળી સયાજીરાવ યુનિવર્સિટી સ્થાનિક યુનિવર્સિટી હતી. એટલે આંતર યુનિવર્સિટી ક્ષેત્રે પણ ડૉ. સાંડેસરાને આ સ્થાન દ્વારા ઘણી તક મળી. ગુજરાતી ઉપરાંત પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના ક્ષેત્રે જ્યાં જ્યાં કાર્યક્રમો થતાં ત્યાં ત્યાં ડૉ. સાંડેસરાને અવશ્ય નિમંત્રણ મળતું. કેટલીયે યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના પરીક્ષક તરીકે તેમની પસંદગી થતી. ઓરિએન્ટલ કોન્ફરન્સમાં પણ તેમને માનભર્યું સ્થાન મળતું અને

એકવાર તેઓ પ્રાકૃત વિભાગના અધ્યક્ષ તરીકે પણ નિમાયા હતા. ન્યૂયોર્કના રોકફેલર ફાઉન્ડેશન તરફથી એમણે નિમંત્રણ મળ્યું હતું. એ વખતે એમણે 'પૃથ્વીની પ્રદક્ષિણા' નામનું પોતાના અનુભવનું પુસ્તક લખ્યું હતું.

કેટલાંક વર્ષ પછી ડૉ. સાંડેસરાને પ્રાચ્ય વિદ્યા મંદિરના ડાયરેક્ટરનો હોદ્દો પણ મળ્યો. એમણે હરગોવિંદદાસ કાંટાવાળાની બંધ પડેલી ગ્રંથશ્રેણી ચાલુ કરી અને 'સ્વાધ્યાય' સામયિક પણ શરૂ કર્યું. એમાં એમને ડૉ. સોમાભાઇ પારેખનો સારો સહકાર મળ્યો હતો. ડૉ. સાંડેસરાએ પ્રાચ્ય વિદ્યા મંદિરના ડાયરેક્ટર તરીકે તથા સયાજીરાવ યુનિવર્સિટીના સિન્ડીકેટના સભ્ય તરીકે ઘણું મોટું સ્થાન ગુજરાતમાં જમાવ્યું હતું. ગુજરાતના કેળવણી ક્ષેત્રે તેમની પ્રતિષ્ઠા ઘણી મોટી હતી. ડૉ. સાંડેસરાની યશસ્વી કારકિર્દીનો એ ચડતો કાળ હતો. એ વખતે સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂંક થવાની હતી. એ માટે જે ત્રણ ચાર નામ બોલાતાં હતાં તેમાં એક નામ ડૉ. સાંડેસરાનું પણ હતું. એ અરસામાં મારે વડોદરા એમના ઘરે જવાનું થયું હતું. ત્યારે મેં એમની વાઇસ ચાન્સેલર તરીકેની નિમણૂંકની સંભાવના માટે હર્ષ વ્યક્ત કર્યો હતો. પરંતુ ડૉ. સાંડેસરાએ કહ્યું કે પોતાને એ પદ માટે પૂછાવવામાં આવ્યું છે, પરંતુ પોતે તેનો અસ્વીકાર કર્યો છે. એથી મને આશ્ચર્ય થયું, કારણ કે એ દિવસોમાં ગુજરાતીના અધ્યાપકોને વાઇસ ચાન્સેલરનનું પદ મળે તે ઘણા ગૌરવની વાત હતી. એ વખતે આવા પદ માટે એટલી બધી ખટપટો નહોતી કે માણસને તે સ્વીકારવાનું મન ન થાય. એટલે મેં જ્યારે એમના આ નિર્ણય માટે આશ્ચર્ય વ્યક્ત કર્યું. ત્યારે તેમણે કહ્યું કે 'મારે હજુ નિવૃત્ત થવાને દસ વર્ષ બાકી છે. વાઇસ ચાન્સેલરના પદ માટેની નિમણૂંક ત્રણ વર્ષ માટે થાય છે. વધુ ત્રણ વર્ષ કદાચ મળે કે ન મળે. એ અથવા બીજી કોઇ યુનિવર્સિટીઓમાં પછી એવું ઊંચુ પદ ન મળે તો ઘરે બેસવાનો વખત આવે. પોતાની યુનિવર્સિટીમાં કદાચ પ્રોફેસરના પદ ઉપર ફરીથી આવી શકાય, પરંતુ એક વખત વાઇસ ચાન્સેલરનું પદ ભોગવ્યા પછી પાછા પ્રોફેસર થવામાં એટલી મજા નહિ અને એટલું ગૌરવ પણ નહિ. અને જો કદાચ નોકરી વગરના થઇ ગયા તો આર્થિક અને બીજા ઘણા પ્રશ્નો ઊભા થાય એટલે આ બાબતનો મેં ઘણો ઊંડો વિચાર કર્યો છે અને તે પછી જ આ નિર્ણય લીધો છે.' ડૉ. સાંડેસરા કેવા વ્યવહારુ દષ્ટિવાળા હતા તે આ ઘટના ઉપરથી જોવા મળ્યું હતું.

૧૯૫૫માં મેં 'નળ દમયંતીની કથાનો વિકાસ' એ વિષય ઉપર પીએચ. ડી.ની પદવી માટે શોધ નિબંધ લખવાનું વિચાર્યું હતું. તે વર્ષે નડિયાદમાં યોજાયેલા સાહિત્ય પરિષદના અધિવેશનમાં ડૉ. સાંડેસરાને મળવાનું મારે થયું હતું. ત્યારે મારા વિષય અંગે એમની સાથે કેટલીક ચર્ચા વિચારણા કરી હતી. નળ દમયંતી અંગે જૈન પરંપરાની રાસકૃતિઓ ત્યારે અપ્રકાશિત હતી એટલે મારે હસ્તપ્રત વાંચીને એને આધારે લખવાનું હતું. એ માટે પુણ્યવિજયજી મહારાજ ઉપરાંત ડૉ. સાંડેસરાનું પણ કેટલુંક માર્ગદર્શન મળ્યું હતું. ૧૯૬૦માં મેં મુંબઇ યુનિવર્સિટીમાં મારો શોધ પ્રબંધ રજૂ કર્યો ત્યારે મારા સદ્ભાગ્યે એના પરીક્ષક તરીકે ડૉ. સાંડેસરાની નિમણૂંક થઇ હતી અને મારા શોધપ્રબંધથી તેઓ ખૂબ પ્રસન્ન થયા હતા. આમ પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય રસ ધરાવનારા અધ્યાપકોની સંખ્યા નહિ જેવી જ હતી. એટલે ડૉ. સાંડેસરાને મારા પ્રત્યે વધુ સદ્ભાવ રહ્યો હતો. અને અમારો સંબંધ ઉત્તરોત્તર ગાઢ થતો ગયો હતો.

૧૯૬૩માં મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ના ગાઇડ તરીકે મારી નિમણૂંક થઇ ત્યારે હું સેંટ ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે કામ કરતો હતો. પીએચ. ડી.ના ગાઇડ તરીકે મારી નિમણૂંક થઇ ત્યારે મારે એમને મળવાનું થયું હતું. એ વખતે ગાઇડ તરીકે તમે શી સલાહ આપો છો એવા મારા સવાલના જવાબ રૂપે એમણે મને યોગ્ય સલાહ આપી હતી. પીએચ.ડી.નું કામ યુનિવર્સિટીમાં માનાર્હ કામ છે. એમાં જેટલાં વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરવા આવશે એમાંથી ત્રીસ ચાલીસ ટકા વિદ્યાર્થીઓ અડધેથી છોડી દેશે. અને તમારી મહેનત નકામી જશે. માટે જે વિદ્યાર્થી લો તે ચકાસીને લેવા. વળી એમણે પોતાના અનુભવ પરથી એક સાચી સલાહ એ આપી હતી કે બને ત્યાં સુધી તમે પોતે કોઇ વિષય વિદ્યાર્થીને ન આપશો. વિષયની ચર્ચા કરજો. પણ વિષયની પસંદગી તો વિદ્યાર્થીની પોતાની જ રહેવી જોઇએ. જો એમ નહિ કરો તો વિદ્યાર્થીઓ તમને દોષ આપશે કે અમુક વિદ્યાર્થીને તમે સહેલો વિષય આપ્યો અને મને અઘરો વિષય આપ્યો. વિદ્યાર્થી થિસિસનું કામ આગળ નહિ કરે અને બધો દોષનો ટોપલો તમારે માથે નાખશે. માટે વિષયની પસંદગી વિદ્યાર્થીની પોતાની હોવી જોઇએ. ૧૯૬૩થી શરૂ કરીને ૧૯૮૬માં હું નિવૃત્ત થયો ત્યાં સુધીમાં પંદરેક વિદ્યાર્થીઓએ મારા માર્ગદર્શન હેઠળ પીએચ. ડી.ની ડિગ્રી મેળવી, પરંતુ તેમાં ડૉ. સાંડેસરાની સલાહ બરાબર કામ લાગી હતી.

૧૯૭૦માં મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયનો અનુસ્નાતક વિભાગ શરૂ કરવામાં આવ્યો. એના અધ્યક્ષના પદ માટે મેં અરજી કરી હતી. એ વખતે પસંદગી સમિતિના પાંચ સભ્યોમાંના એક તે ડૉ. સાંડેસરા હતા. આમ તો આવા સ્થાન માટે ઘણી ખટપટો થાય. એટલે એ સ્થાન મને મળશે એવી કોઇ આશા ન હતી. પરંતુ મારા સુખદ આશ્ચર્ય સાથે ઇન્ટરવ્યૂ પછી બીજા દિવસે જાણવા મળ્યું કે એ સ્થાન માટે મારી પસંદગી થઇ હતી. અને પસંદગી સમિતિની ચર્ચાવિચારણામાં ડૉ. સાંડેસરાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ડૉ. સાંડેસરાએ એમ. એસ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય પદે મારી નિમણૂંક કરાવી હતી. એ નિમિત્તે મારે વડોદરા ઘણી વાર જવાનું થતું. બોર્ડની મિટિંગમાં પાઠ્ય પુસ્તકો અને પાઠ્યક્રમ વિશે ઠીક ઠીક વિચારણા થતી એ તો ખરું જ, પણ ડૉ. સાંડેસરા સાથે આખો દિવસ ગાળવા મળતો એ મારે માટે વિશેષ લાભની વાત હતી. અમારા રસના વિષયો સમાન હતા એટલે એક પીઢ અનુભવી પ્રાધ્યાપક પાસેથી ઘણી જાણકારી મળતી અને વ્યવહારુ માર્ગદર્શન મળતું.

ડૉ. સાંડાસરાના આગ્રહથી એમ. એસ. યુનિવર્સિટીના એમ. એ. ગુજરાતી વિષયના પરીક્ષક તરીકે કેટલાંક વર્ષ મારે કામ કરવાનું થયું હતું. મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયા પછી મેં યુનિવર્સિટીઓમાં બી. એ., એમ. એ.ની પરીક્ષાનાં કાર્યો સ્વીકારવાનું છોડી દીધું હતું. પરંતુ એક દિવસ અચાનક ડૉ. સાંડેસરાનો વડોદરાથી ફોન આવ્યો. કોઇક પરીક્ષકે છેલ્લી ઘડીએ સંજોગોની પ્રતિકૂળતાને કારણે એમ. એ.ના ગુજરાતી વિષયની પરીક્ષાનું કાર્ય છોડી દીધું હતું. દિવસ ઓછા હતા અને પ્રશ્નપત્રો તરત કાઢવાના હતા. ડૉ. સાંડેસરા જાણતા હતા કે હું પરીક્ષાનું કાર્ય સ્વીકારતો નથી. તેમ છતાં એમણે ફોન કરી મને અત્યંત આગ્રહ કર્યો અને ફોન ઉપર જ મારે સંમતિ આપવી પડી. એમણે સોંપેલા પ્રશ્નપત્રો તરત કરીને હું વડોદરા પહોંચ્યો. એ વખતે અમારી સાથે પરીક્ષક તરીકે ડૉ. જશભાઇ પટેલ હતા. તેઓ પરીક્ષકની મિટિંગમાં એકે એક પ્રશ્નપત્રમાં શબ્દે શબ્દે ચર્ચા કરતા અને કેટલાક શબ્દોમાં ફેરફાર કરાવતા. સદ્ભાગ્યે મારા બંને પ્રશ્નપત્રોમાં એક પણ શબ્દ ફેરવવો પડ્યો ન હતો. મારું તો એ વિષે ધ્યાન નહોતું ગયું. પરંતુ બેઠકના અંતે ડૉ. સાંડેસરા બોલ્યા કે આપણાં બધાના પ્રશ્નપત્રોમાં એક રમણભાઇના પ્રશ્નપત્રમાં કોઇ શબ્દ બદલવાની જરૂર

પડી નથી.' આ અભિપ્રાય સાંભળીને મને ખૂબ આનંદ થયો. પરંતુ મેં કહ્યું કે 'આ બધું તો અમારા વડીલોની તાલીમના પરિણામે છે. મુંબઇ યુનિવર્સિટીમાં બહુ નાની ઉંમરમાં મને એમ. એ.ની પરીક્ષાનું કામ મળ્યું હતું અને પહેલી વાર હું મારા પ્રશ્નપત્ર તૈયાર કરીને ગયો હતો. તે વખતે રામપ્રસાદ બક્ષી, મનસુખલાલ ઝવેરી, અનંતરાય રાવળ, સુંદરજી બેટાઇ વગેરે પીઢ પરીક્ષકો મારી સાથે હતા. મારા એકે એક પ્રશ્નમાં તેઓએ એટલા બધા શાબ્દિક સુધારા કરાવ્યા હતા કે હું ખરેખર શરમાઇ ગયો હતો. પરંતુ એને લીધે જ બીજે વર્ષે હું એવી તૈયારી કરીને ગયો હતો કે મારા પ્રશ્નપત્રોમાં તેઓને કશો ફેરફાર કરવાની આવશ્યકતા જણાઇ નહિ. આ રીતે વડીલ પરીક્ષકોએ મને જે તાલીમ આપી એને પરિણામે પ્રશ્નપત્રો તૈયાર કરવાની એક સૂઝ આવી ગઈ હતી.'

એમ. એસ. યુનિવર્સિટીના પરીક્ષકોની બેઠકમાં આ મારો પહેલો અનુભવ હતો. પરંતુ તે જ વખતે ડૉ. સાંડેસરાએ બધાની વચ્ચે કહ્યું કે 'રમણભાઇએ તો આ વખતે છેલ્લી ઘડીએ આપેલું આપણું નિમંત્રણ સ્વીકાર્યું છે. પરંતુ હવે એમને મારી આજ્ઞા છે કે આપણી યુનિવર્સિટીની પરીક્ષાનું કામ હું નિવૃત્ત થાઉં ત્યાં સુધી સ્વીકારે.' ડૉ. સાંડેસરા સાથે આ રીતે તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી પરીક્ષક તરીકે મારે કામ કરવું પડ્યું. એમની નિવૃતિ પછીના વર્ષે પણ નિયમ મુજબ યુનિવર્સિટીનું નિમંત્રણ આવ્યું. પરંતુ મેં તેનો અસ્વીકાર કર્યો. તે વખતે ડૉ. સુરેશ જોશીનો મારા પર પત્ર આવ્યો કે પોતાની યુનિવર્સિટીમાં એમ. એ.ની પરીક્ષાનું કામ તેઓ પહેલી વખત સ્વીકારે છે અને પરીક્ષકોના કન્વિનર તરીકે સ્થાનિક અધ્યાપક તરીકે પોતાની જવાબદારી છે. એટલે મારે ઓછામાં ઓછું એક વર્ષ તેમની સાથે પરીક્ષાનું કામ કરવું. ડૉ. સુરેશ જોશીના આગ્રહને વશ થઇ વધુ એક વર્ષ માટે એમ. એસ. યુનિવર્સિટીના પરીક્ષક તરીકે મેં કામ કર્યું અને પછી કાયમ માટે છોડી દીધું.

ડૉ. સાંડેસરાનો સંસ્કૃત અને પ્રાકૃત ભાષા અને સાહિત્યનો રસ એટલો બધો હતો કે તેમણે ઘણા ગ્રંથોનું ઝીણવટપૂર્વક અધ્યયન કર્યું હતું. તેમણે સેંકડો શ્લોક કંઠસ્થ હતા. વાતચીતમાં તેઓ તરેહ તરેહના શ્લોક ટાંકતા. એવું નહોતું કે તેમણે માત્ર સાહિત્યના શાસ્ત્રીય ગ્રંથોનું જ અધ્યયન કર્યું હતું. ધર્મ, તત્ત્વજ્ઞાન, પુરાણ, આયુર્વેદ, જ્યોતિષ વગેરે ઇતર શાસ્ત્રોનું પણ ઠીક ઠીક અધ્યયન કર્યું હતું અને કેટલીકવાર તો તેઓ એવા ગ્રંથોમાંથી હળવાં અવતરણો ટાંકતાં કે વાતચીત દરમિયાન વાતાવરણ હળવું બની જતું. મુંબઇ યુનિવર્સિટીમાં એમણે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'શબ્દ અને અર્થ' વિષય ઉપર પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. એમાં ઘણાં રસિક દૃષ્ટાંતો ટાંક્યાં હતાં.

ડૉ. સાંડેસરા અતિથિવત્સલ હતા. યુનિવર્સિટીના કામકાજ માટે પોતે જ્યારે યુનિવર્સિટી તરફથી નિમંત્રણ આપ્યું હોય ત્યારે તેઓ પોતાના ઘરે ઊતરવા માટે આગ્રહ કરતા. જમવા માટે તો અચૂક એમને ઘરે જવાનું રહેતું. આ રીતે ડૉ. સાંડેસરાનું આતિથ્ય ઘણીવાર મેં માણ્યું છે. તેઓ પ્રાચ્ય વિદ્યા મંદિરના ડાયરેક્ટર હોવા છતાં પોતાના વ્યવહારમાં ક્યારેય પોતાના ઉચ્ચ પદનો ભાર લાગવા દેતા નહિ. બહુ સરળતાથી વાત કરે અને એમના ઘરે હોઇએ ત્યારે આપણી બધી જ સગવડોનું ચીવટપૂર્વક ધ્યાન રાખે. વડોદરા હું એક દિવસ માટે પણ ગયો હોઉં ત્યારે મારો સમય નિરર્થક વેડફાય નહિ અને નીરસ ન બને એ માટે તેઓ આખા દિવસના કાર્યક્રમનું ઝીણવટથી ધ્યાન રાખતા.

કેટલાંક વર્ષ પહેલાં અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ડૉ. સાંડેસરાનાં ત્રણ વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં હતાં. એ વખતે ડૉ. સાંડેસરા મારા ઘરે ઊતર્યા હતા. એમની સરળ પ્રકૃતિનો ઘરમાં સૌને અનુભવ થયો હતો. તેઓ ઘરમાં એકલા પડે ત્યારે તરત પુસ્તક વાંચવા બેસી જતા. પોતાની પિત્ત પ્રકૃતિને કારણે ડૉ. સાંડેસરાને મરચાં વગરની મોળી રસોઇ જોઇતી. તેઓ એ બાબતમાં બહુ ચીવટવાળા હતા અને જ્યાં પણ જમવા જવાનું હોય ત્યાં અગાઉથી પોતાની મરચાં વગરની રસોઇ માટે સ્પષ્ટ સૂચના લખી દેતા. અમને પણ એ રીતે સૂચના અગાઉથી લખી હતી. એક વખત દિલ્હી યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપકના ઇન્ટરવ્યુ માટે પસંદગી સમિતિમાં અમે સાથે હતા. તે વખતે પણ અમારે જેમને ત્યાં જમવા જવાનું હતું તેમને ડૉ. સાંડેસરાએ અગાઉથી પત્ર લખીને પોતાની રસોઇ અંગે સૂચના આપી દીધી હતી.

ડૉ. સાંડેસરાને ભોજન પછી અડધો કલાક આડા પડવાની ટેવ હતી. જો તેમ ન કરે તો તેમની આંખો બળવા લાગતી. એક વખત મુંબઇમાં તેઓ મારા ઘરે જમવા આવ્યા હતા. ત્યારે બીજા મહેમાનો પણ જમનાર હતા. જમ્યા પછી બધા વાતોએ વળગ્યા. એમ કરતાં અડધા કલાક કરતાં વધુ સમય થઇ ગયો. ડૉ. સાંડેસરાએ તરત ઊભા થઇને મને કહ્યું, 'રમણભાઇ, હવે આંખો બળવા લાગી છે. તમે બધા વાતો કરો. હું અડધો કલાક આડો પડી લઉં.'

એવી એક માન્યતા છે કે જે લેખકો વાંચન-લેખન માટે ઘણો પરિશ્રમ કરતા હોય અને સતત ચિંતન કરતા રહેતા હોય તેવા લેખકોને જ્ઞાનતંતુઓની નબળાઇને કારણે બીજા માણસ કરતાં વધુ ઠંડી લાગે. આ માન્યતા સાચી હોય કે ન હોય, પરંતુ પંડિતયુગમાં ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું ઉદાહરણ તેમના જમાનામાં જાણીતું હતું. આપણા સમદર્શી વિવેચક સ્વ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને પણ ઘણી ઠંડી લાગતી અને તેઓ એ બાબતમાં ઘણી કાળજી રાખતા. ડૉ. ભોગીલાલ સાંડેસરા પણ ગળામાં હંમેશાં મફલર વીંટાળીને ફરતા. કોઇક વાર તો ભર ઉનાળામાં પણ તેમને ગળે મફલર હોય. તે માટે તેઓ સંકોચ અનુભવતા નહિ. કોઇક મજાક કરે ત્યારે તેઓ અંગ્રેજીમાં પ્રશ્ન કરતા, 'Tell me whether there is anything illegal about it ?'

ડૉ. સાંડેસરાના જીવનમાં એક ઘટના આઘાત થાય તેવી બની હતી. તેઓ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા. તેમણે માન્યું હતું કે તેમનું કાર્ય, સ્વાસ્થ્ય અને પ્રતિષ્ઠા જોતાં તેમને યુનિવર્સિટીમાં બે-ત્રણ વર્ષ માટે એક્સટેન્શન મળશે. તેઓ યુનિવર્સિટીની સિન્ડીકેટમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા એટલે પોતાને યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરનું પદ મળે એવી ધારણા પણ કદાચ હશે પરંતુ ન તેમને વાઇસ ચાન્સેલરનું પદ મળ્યું કે ન પોતાના હોદ્દા માટે એક્સ્ટેન્શન મળ્યું. આટલું તો ઠીક પરંતુ યુનિવર્સિટીના કાવાદાવાના કારણે તેમના ઉપર બીજા કેટલાક વરિષ્ઠ અધ્યાપકો દ્વારા મૌખિક અને અનૌપચારિક રીતે સાવ ક્ષુલ્લક આક્ષેપો પણ થયા. પરંતુ આનો આઘાત ડૉ. સાંડેસરાને ઘણો લાગ્યો. તે એટલી હદ સુધી કે તેમણે થોડો સમય માનસિક સ્વસ્થતા ગુમાવી હતી. એ દિવસોમાં એક વખત તેઓ મુંબઇ આવ્યા અને સવારે અગિયાર વાગે મારા ઘરે આવી ચઢ્યા. તેમની માનસિક અસ્વસ્થતાની મને કશી જ ખબર નહિ. અજાણી વ્યક્તિને તો તેનો કશો જ ખ્યાલ ન આવે. તેમના બોલવામાં કોઇ અસંબદ્ધતા નહોતી. ખાવાપીવામાં કે હરવા ફરવામાં પણ કંઇક ફરક નહોતો. મારા ઘરે તેઓ આવ્યા. જમ્યા અને લગભગ ચારેક વાગ્યા સુધી બેઠાં. તેઓ સતત બોલતા જ રહેતા. અને તેમાં પોતાની યુનિવર્સિટીની જ વાતો કરતા રહેતા. જે કોઇ વ્યક્તિઓને હું ઓળખું પણ નહિ એવી વ્યક્તિઓ પોતાની યુનિવર્સિટીમાં શું શું કરે છે એના વિશે તેમાં સતત કહેતા રહ્યાં. મને આશ્ચર્ય થયું કે જે વાત સાથે કે જે વ્યક્તિ સાથે મને કશી જ નિસ્બત નથી તેમના વિશે આટલી બધી માંડીને વાત તેઓ કેમ કરે છે ? હું વિષયાંતર કરવા જાઉં તો તેઓ મારી વાત જરા પણ સાંભળે નહિ. વાત કરતાં

તેમના અવાજમાં ઉગ્રતા આવી જતી અને ત્યારે તેઓ મારો હાથ જોરથી દબાવીને વાત કરતા. કોઇ વખત બહુ આવેગમાં આવીને ટીપોઇ ઉપર જોરથી હાથ પછાડતાં. તેઓ કલાકને બદલે ચારેક કલાક મારા ઘરે બેઠાં એથી જ મને કંઇક વિચિત્ર લાગ્યું. તેમાં વળી એમનો અવાજ અને ઉશ્કેરાટ પણ અસ્વાભાવિક લાગ્યાં. અલબત્ત તેમના વિચારોમાં કે અભિવ્યક્તિમાં અસંબંદ્ધતા નહોતી. ચારેક વાગ્યે તેઓ ઊભા થયા. ત્યારે મને કંઇક રાહત લાગી પણ ત્યાં તો તેમણે મને કહ્યું, 'રમણભાઇ, તમે તૈયાર થઇ જાવ. આપણે અહીંથી ભારતીય વિદ્યાભવનમાં જવું છે. ત્યાં નવનીત સમર્પણના તંત્રી ઘનશ્યામ દેસાઇને મળવું છે.' હું તૈયાર થઇ ગયો અને ભારતીય વિદ્યાભવનમાં પહોંચ્યા. ડૉ. સાંડેસરાને આવેલા જોઇને શ્રી ઘનશ્યામ દેસાઇ માનપૂર્વક ઊભા થઇ ગયા. અને સરસ આવકાર આપ્યો. અમે બેઠા. ડૉ. સાંડેસરાએ માંડીને વાત કરી. તેઓ સતત બોલતા જ રહ્યાં, પરંતુ તેમાં એક મુખ્ય વાત હતી. તેમને ઘનશ્યામ દેસાઇને કહ્યું કે 'પ્રાચ્ય વિદ્યા મંદિરમાં મારા નામે આવતું નવનીત-સમર્પણ હું ઘરે લઇ ગયો છું અને તેના જૂના અંકો મેં પસ્તીમાં વેચી નાખ્યા છે આવો આરોપ મારા ઉપર કરવામાં આવ્યો છે. પરંતુ તમે મને નવનીત સમર્પણના અંકો જે મોકલતા હતા તે તો મારા અંગત સંબંધને કારણે મોકલતા હતા, નહિ કે પ્રાચ્ય વિદ્યા મંદિરને માટે. અંકના રેપર ઉપર મારું જ નામ લખાતું. છતાં આવો આક્ષેપ થયો છે તો મારે એ લોકો આગળ સાબિતી રજૂ કરવી છે કે આ અંક મને અંગત રીતે ભેટ તરીકે મળતો હતો. તો તમે તમારા નવનીત સમર્પણના લેટર પેડ ઉપર આવું સર્ટિફિકેટ મને લખી આપો.' આવા ક્ષુલ્લક આક્ષેપની વાત સાંભળીને ઘનશ્યામ દેસાઇને પણ બહુ આશ્ચર્ય થયું. આવા મૌખિક આક્ષેપોને ગણકારવાના ન હોય કે તેનો જવાબ આપવાનો ન હોય. પરંતુ ડૉ. સાંડેસરાને આવા આક્ષેપની માનસિક ચોટ લાગી ગઇ હતી. 'હું કંઇ ચોર નથી.' એવું તેઓ વારંવાર બોલતા હતા એ ઉપરથી પણ અમને લાગ્યું કે ડૉ. સાંડેસરાએ આવા આઘાતના કારણે માનસિક સ્વસ્થતા ગુમાવી દીધી છે. તેઓ ઘનશ્યામ દેસાઇનો હાથ પણ વારંવાર જોરથી દબાવીને ખૂબ ઊંચા અવાજે બોલતા. એમની વાતમાં અલ્પવિરામ આવતો નહિ અને અમે વચ્ચે કંઇ બોલીએ તો તે સાંભળતા પણ નહિ. આટલી વાત કરતાં કરતાં તો ભારતીય વિદ્યા ભવનમાં ત્રણ કલાક વીતી ગયા અને છતાં ડૉ. સાંડેસરા શાંત થયા નહોતા. ઓફિસ બંધ કરવાનો વખત થયો એટલે ભારતીય વિદ્યાભવનમાંથી અમે નીચે ઊતર્યાં. ડૉ. સાંડેસરા સામેની ગલીને છેડે ગંગાદાસ વાડીમાં પોતાના સગાને ત્યાં ઊતર્યાં હતા. ડૉ. સાંડેસરા આગ્રહ કરીને અમને તેમની સાથે ત્યાં લઇ ગયા. તેઓ અમારો હાથ એવી રીતે પકડી રાખે કે ખસાય પણ નહિ. અમે એમની સાથે ઉપર ગયા અને ત્યાં બેઠાં. ડૉ. સાંડેસરાનું બોલવાનું હજુ ચાલુ જ હતું. એમ કરતાં કરતાં તો રાતના અગિયાર વાગી ગયા. જેમ તેમ કરીને અમે એમનાથી છૂટા પડ્યા. પણ નીચે ઊતરતાં મને અને ઘનશ્યામ દેસાઇને તરત જ લાગ્યું કે સાંડેસરાને એવો આઘાત લાગ્યો છે કે જેથી એમણે માનસિક સ્વસ્થતા ગુમાવી દીધી છે.

ત્યારપછી તો વડોદરાથી પણ ખબર મળી કે આ વાત સાચી છે અને એમના દીકરાએ એ માટે તરત જ દાક્તરી ઉપચાર ચાલુ કરી દીધા છે અને થોડાં વખતમાં જ ડૉ. સાંડેસરા પહેલા હતા તેવા સ્વસ્થ થઇ ગયા.

ડૉ. સાંડેસરાનું સ્મરણ થતાં શ્વેત કફની, ધોતિયું અને શ્વેત ટોપીવાળી વ્યક્તિનું જીવંત ચિત્ર નજર સામે તરવરે છે અને કેટલાંયે પ્રસંગો સાંભરે છે.

દિવંગત ડૉ. સાંડેસરાને મારી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પું છું.

❑ રમણલાલ ચી. શાહ

☆☆☆

# સંઘની નવી કાર્યવાહક સમિતિ

## (૧૯૯૪-૧૯૯૫)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર, તા. ૧૨-૧-૧૯૯૫ના રોજ ૪-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના હિસાબો, સરવૈયું અને નવા વર્ષના અંદાજપત્રો રજૂ થયા બાદ અને તે મંજૂર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

**❑ પદાધિકારીઓ :**

**(૧) ડૉ. રમણલાલ ચી. શાહ-પ્રમુખ**
**(૨) શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ- ઉપ-પ્રમુખ**
**(૩) શ્રીમતી નિરુબેન એસ. શાહ- મંત્રી**
**(૪) શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ- મંત્રી**
**(૫) શ્રી પન્નાલાલ ર. શાહ- કોષાધ્યક્ષ**

**❑ કાર્યવાહક સમિતિ :**

સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી નીચે મુજબ કરવામાં આવી હતી : (૧) શ્રી ચીમનલાલ જે. શાહ (૨) શ્રી તારાબહેન ર. શાહ (૩) શ્રી સુબોધભાઇ એમ. શાહ (૪) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ (૫) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૬) શ્રી કે.પી. શાહ (૭) શ્રી ઉષાબહેન મહેતા (૮) શ્રી વસુમતીબહેન ભણસાલી (૯) શ્રી પુષ્પાબહેન સી. પરીખ (૧૦) શ્રી શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી (૧૧) શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ (૧૨) શ્રી નેમચંદ ગાલા (૧૩) શ્રી જયંતીલાલ પી. શાહ (૧૪) શ્રી જયાબહેન વીરા (૧૫) શ્રી મીનાબહેન એન. શાહ.

**❑ કો-ઓપ્ટ સભ્યો :**

(૧) શ્રી કુસુમબહેન એન. ભાઉ (૨) શ્રી રમાબહેન વી. મહેતા (૩) શ્રી દિલીપભાઇ એમ. શાહ (૪) શ્રી વી. આર. ઘેલાણી અને (૫) શ્રી ગુણવંતલાલ અ. શાહ.

**❑ નિમંત્રિત સભ્યો :**

(૧) શ્રી વસનજી લખમશી શાહ (૨) શ્રી બિપિનભાઇ જૈન (૩) શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ (૪) શ્રી યશોમતીબહેન શાહ (૫) શ્રી રમાબહેન વોરા (૬) શ્રી કલાબહેન શાંતિલાલ મહેતા (૭) શ્રી નટુભાઇ પટેલ (૮) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ (૯) શ્રી જયંતીલાલ ફત્તેહચંદ શાહ (૧૦) શ્રી ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ (૧૧) શ્રી મહાસુખભાઇ કામદાર (૧૨) શ્રી ભૂપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ ઝવેરી (૧૩) શ્રી જયવદનભાઇ મુખત્યાર (૧૪) શ્રી ધીરુભાઇ દોશી (૧૫) શ્રી બચુભાઇ દોશી (૧૬) શ્રી અરવિંદભાઇ આર.શાહ (૧૭) શ્રી વસંતલાલ નરસિંહપુરા (૧૮) શ્રી રમેશભાઇ સંઘવી (૧૯) શ્રી ચંપકલાલ અજમેરા. (૨૦) શ્રી મહેન્દ્રભાઇ આર. શાહ (કોલસાવાળા).

**❑ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ:**

**ટ્રસ્ટીઓ :** (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ (૩) શ્રી સુબોધભાઇ એસ. શાહ (૪) શ્રી કે. પી. શાહ અને (૫) શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ.

**લાયબ્રેરી સમિતિ :** (૧) શ્રી નેમચંદ એમ. ગાલા (કન્વિનર) (૨) શ્રી તારાબહેન ર. શાહ (૩) નિરુબહેન એસ. શાહ (૪) શ્રી ઉષાબહેન મહેતા (૫) શ્રી વસુમતીબહેન ભણસાલી (૬) શ્રી કુસુમબહેન એન. ભાઉ (૭) શ્રી પુષ્પાબહેન સી. પરીખ અને (૮) શ્રી જયવદનભાઇ મુખત્યાર.

☆☆☆

# શેક્સપિયરનું 'કિંગ લિયર'
## સંતાનોની કૃતઘ્નતાનું ટ્રેજિડી પ્રકારનું નાટક

❑ પ્રો. ચી. ના. પટેલ

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૪-૧૯૯૪ના અંકમાં ડૉ. રમણલાલ ચી. શાહે 'નિઃસંતાનત્વ' શિર્ષકથી લખેલા તેમના તંત્રી લેખમાં શેક્સપિયરના નાટક 'કિંગ લિયર'માંથી પોતાની પુત્રી ગોનરિલની કૃતઘ્નતાથી વ્યથિત થયેલા રાજા લિયરના આ ઉદ્‌ગાર ટાંક્યા છે :

Ingratitude, thou marble-hearted fiend, more hideous when thou shows't thee in a child, than the sea-monster !

(સંતાનમાં દેખાય છે ત્યારે દરિયાઇ રાક્ષસ કરતાં પણ વધારે ભયંકર લાગતી આરસપહાણ જેવા કઠણ હૃદયની દુષ્ટ પિશાચ જેવી કૃતઘ્નતા !)

વળી How sharper than a serpent's tooth it is to have a thankless child !

(પોતાનું બાળક કૃતઘ્ન હોવાનો ડંખ કોઇ સર્પના ડંખ કરતાં ય કેટલો વધુ તીક્ષ્ણ હોય છે !)

લિયરના આ ઉદ્‌ગારો વાંચી આપણને ગોનરિલ પ્રત્યે ભારે તિરસ્કાર થયા વિના ન જ રહે, પણ ટ્રેજિડી પ્રકારના નાટકમાં દોષ એક પક્ષે નથી હોતો. એવા નાટકમાં જે કરુણ પરિણામ આવે છે તે માટે નાટકનો નાયક પણ અમુક અંશે જવાબદાર હોય છે. આ વાત 'કિંગ લિયર' નાટકના મુખ્ય કથાનો નાયક રાજા લિયર અને ગૌણ કથાનો નાયક ગ્લોસ્ટરનો ઉમરાવ, એ બેયને લાગુ પડે છે. નાટકના પહેલા અંકના પહેલા દશ્યમાં જ આપણે ગ્લોસ્ટરની કોઇ પિતાએ ન કરવી જોઇએ એવી ગંભીર ભૂલ અને લિયરની સ્વભાવગત નિર્બળતાઓ પ્રગટ થતી જોઇએ છીએ.

ગ્લોસ્ટરને એડગર નામનો એક ઔરસ અને એડમન્ડ નામનો એક અનૌરસ એમ બે પુત્રો છે. નાટકના પહેલાં અંકના પહેલાં દશ્યમાં તે લિયરના કેન્ટ નામના બીજા ઉમરાવને એડમન્ડનો પરિચય કરાવતાં કહે છેઃ 'આ મારો પુત્ર છે એમ કહેતાં હું એટલી બધી વાર શરમાયો છું કે હવે એ બાબત હું બેશરમ બની ગયો છું. આ અવળચંડાને (મૂળમાં Knave છે) બોલાવ્યો તે પહેલાં તેણે જન્મ લેવાની ધૃષ્ટતા કરી હતી, પણ તેની મા એવી દેખાવડી હતી કે હું તેને મારા પુત્ર તરીકે સ્વીકાર્યા વિના રહી શકતો નથી. તે નવ વર્ષ પરદેશ રહ્યો છે અને વળી પાછો પરદેશ જ જશે. ' પિતાને પોતાના વિશે આમ બોલતાં સાંભળી કોઇ પણ યુવકનું સ્વમાન ઘવાય, અને વળી એડમન્ડ તો નવ વર્ષ પરદેશ રહ્યો છે, તેથી પિતા કે ભાઇ સાથે સ્નેહસંબંધ બંધાય એવો તેને અવકાશ જ મળ્યો નથી. લિયરની બાબતમાં દરબારીઓ હંમેશાં કરતા આવ્યા છે તેમ તેના દરબારીઓએ પણ તેની ખુશામત જ કર્યા કરી છે. અને પરિણામે તે ખુશામતપ્રેમી બની ગયો છે. વળી તે આપખુદ પણ છે. અને તેનો કોઇ વિરોધ કરે અથવા તેને અણગમતી કંઇ વાત બને ત્યારે તે ક્રોધના અદમ્ય આવેગને વશ થઇ જાય છે.

લિયરને જ્યેષ્ઠ ગોનરિલ, વચેટ રીગન, અને સૌથી નાની કોર્ડીલિય, એમ ત્રણ પુત્રીઓ છે અને પુત્ર નથી. તે એંશીની ઉંમર વટાવી ગયો હોવાથી વૃદ્ધાવસ્થાની નિર્બળતા અનુભવે છે અને તેથી તેણે પોતાનું રાજ્ય ત્રણ પુત્રીઓ વચ્ચે વહેંચી આપવાનો નિર્ણય કર્યો છે. ત્રણે પુત્રીઓમાં તેને નાની કોર્ડીલિય સૌથી વધુ વહાલી છે અને તેનો વિચાર તો તેને પોતાનાં રાજ્યનો સૌથી વધુ સમૃદ્ધ ભાગ આપી પોતાનું શેષ જીવન તેની સાથે શાન્તિથી ગાળવાનો છે. પણ તેના સ્વભાવમાં ઘર કરી ગયેલા ખુશામતપ્રેમને પોષવા તે પોતાનું રાજ્ય ત્રણ પુત્રીઓ વચ્ચે વહેંચી આપતા પહેલાં દરબાર ભરે છે અને વારાફરતી એ ત્રણ પુત્રીઓને પોતાના ઉપરનો પ્રેમ જાહેર કરવાનું કહે છે. ગોનરિલ અને રીગનને તેમના પિતા ઉપર જરાય પ્રેમ નથી, પણ એ ઢોંગી પુત્રીઓ પોતાનો પ્રેમ મીઠા મીઠા શબ્દોમાં જાહેર કરીને લિયરને ખુશ કરે છે અને લિયર તેમને પોતાના રાજ્યના બે સરખા ભાગ, ગોનરિલને તેના પતિ ઓલ્બનીના ડ્યૂક સાથે અને રીગનને તેના પતિ કાર્નવલના ડ્યૂક સાથે રાજ્ય કરવા આપવાનું જાહેર કરે છે.

તે પછી ત્રીજી પુત્રી કોર્ડીલિયને ઉદ્દેશીને તે કહે છે :

Now, our joy...What can you say to draw A third more opulent than your sister ?

(અને હવે મારી આંખની કીકી, તારી બે બહેનોને મળ્યા છે તે કરતા વધારે સમૃદ્ધ ભાગ મેળવવા તું શું કહીશ ?) પણ કોર્ડીલિયનો પિતા પ્રત્યેનો પ્રેમ તો એટલો ઊંડો છે કે તે તેને શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતી, અને તેથી તે લિયરના પ્રશ્નનો 'કંઇ નહિ' એવો મિતાક્ષરી ઉત્તર આપે છે. એ ઉત્તરથી લિયરનો ક્રોધ ભભૂકી ઊઠે છે અને તે કોર્ડીલિયને કહે છે : 'તો ભલે, તારું સત્ય એજ તારી પહેરામણી... આજથી હું પિતા તરીકે તારા ઉપરના મારા પ્રેમનો અને આપણા લોહીના સંબંધનો ત્યાગ કરું છું. મારી ભૂતપૂર્વ પુત્રી એવી તું (Thou my sometime daughter) પોતાનાં સંતાનને ભરખી જનાર કોઇ મને વહાલું લાગે એટલીજ વહાલી લાગશે. આમ કહેવામાં લિયર ભૂલી જાય છે કે લોહીના સંબંધનો ક્યારેય ઇન્કાર કરી શકાતો નથી.

આમ કોર્ડીલિયને પોતાના વારસામાંથી બાકાત રાખી લિયરે તેના માટે રાખેલો પોતાના રાજ્યનો સમૃદ્ધ ભાગ ગોનરિલ અને રીગન વચ્ચે વહેંચી આપે છે અને પોતે વારાફરતી એક એક માસ તેમની સાથે પોતાના ૧૦૦ સૈનિકવીરો (Knights) સાથે રહેશે એવી શરત કરે છે. તેનો ઉમરાવ કેન્ટ વચ્ચે પડીને લિયરને એમ ન કરવા સમજાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે લિયર તેની ઉપર પણ રોષે ભરાઇ તેને દેશનિકાલ કરે છે, પણ સ્વામીભક્ત કેન્ટ વેશપલ્ટો કરીને લિયરના સેવક બનીને રહે છે. કોર્ડીલિયના હાથનું માગું કરવા ફ્રાંસમાંથી બર્ગન્ડરનો ડ્યુક અને ફ્રાન્સનો રાજા એ બે આવ્યા છે. કોર્ડીલિયને પહેરામણીમાં કંઇ નથી મળવાનું એમ જાણી બર્ગન્ડીનો ડ્યૂક તેને પરણવાની અનિચ્છા બતાવે છે, પણ ફ્રાન્સનો રાજા તેની સત્યનિષ્ઠાથી પ્રભાવિત થઈ તેને પોતાની રાણી બનાવી ફ્રાન્સ લઇ જાય છે.

લિયરનું કોર્ડીલિય અને કેન્ટ પ્રત્યેનું વર્તન જોઇ ગોનરિલ ભડકી ઊઠે છે અને તેથી દરબાર પૂરો થતાં જ તે લિયરે પોતાને આપેલો રાજ્યનો ભાગ તે પાછો ન લઇ શકે એવું કંઇક કરવાની રીગન સાથે મસલત કરે છે. દરબારમાં પોતે કરેલી શરત પ્રમાણે લિયર પહેલો માસ ગોનરિલની સાથે રહેવા ગયો. અને તે પછી પંદર દિવસમાં જ ગોનરિલને પોતાને મળેલો રાજ્યનો ભાગ લિયર પાછો ન લઇ શકે એવું કંઇક કરવાનાં બહાનાં મળી જાય છે. જૂના સમયમાં રાજાઓ રાખતા તેમ લિયર પણ એક વિદૂષક (Fool) રાખતો. એ વિદૂષકે ગોનરિલના કોઇ અનુચરની અણછાજતી મશ્કરી કરી હશે અને તે અનુચરે વિદૂષકને એમ કરવા માટે ઠપકો આપ્યો હશે. એટલે લિયરે ઉત્તેજિત થઇ એ અનુચરને તમાચો માર્યો. વળી લિયરના ૧૦૦ સૈનિકવીરો ય ગોનરિલના દરબારની શિષ્ટ પૂરી જાળવતા નહિ હોય. એટલે ગોનરિલે

પહેલું કામ તો લિયરના ૧૦૦ સૈનિકવીરોમાંથી ૫૦ને તેને પૂછ્યા વિના રજા આપવાનું કર્યું અને પછી તેના ઓઝ્વલ્ડ નામના એક દુષ્ટ બુદ્ધિના અનુચરને લિયર શિકાર કરવા ગયો હતો ત્યાંથી પાછો આવે ત્યારે તેની સેવા કરવામાં શિથિલ થઇ જવાની સૂચના આપી. ગોનરિલની એવી સૂચનાને અનુસરીને ઓઝ્વલ્ડ શિકાર કરીને પાછા આવેલા લિયરે તેને ગોનરિલ ક્યાં છે એમ પૂછ્યું તેનો કંઇ ઉત્તર આપ્યા વિના જતો રહ્યો. લિયરે પોતાના અનુચરને મોકલીને તેને પાછો બોલાવ્યો અને 'તું જાણે છે હું કોણ છું ?' એમ તેને પૂછ્યું ત્યારે 'આપ નામદાર રાજા' એમ કહેવાને બદલે 'મારી સ્વામિનીના પિતા' એવો ઉત્તર આપ્યો. તેના એવા ઉદ્ધત ઉત્તરથી ઉત્તેજિત થઇ લિયર તેને તમાચો મારે છે, અને ઓઝ્વલ્ડ તેનો વિરોધ કરે છે ત્યારે કેન્ટ તેના પગની પાનીને લાત મારી તેને ઊંધો પાડી નાખે છે.

આમ ચડભડ થઇ રહી હતી ત્યાં ગોનરિલ તેના ખંડમાંથી મોં ચઢાવીને આવી અને લિયરના વિદૂષકની અને તેના સૈનિકવીરોની વિરુદ્ધ જાતજાતની ફરિયાદો કરવા લાગી, અને તેય લિયરને અપમાનજનક લાગે એવી ભાષામાં. તેથી ક્રોધે ભરાઇ (રમણલાલ શાહે 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૪-૧૯૯૪ના અંકમાં લિયરના ઉદ્ગારોની જે પાંચ પંક્તિઓ ટાંકી છે તેમાંની) 'Ingratitude..the Sea Monster' એ ત્રણ પંક્તિઓ આક્રોશપૂર્વક ઉચ્ચારે છે અને પછી ક્રોધથી આંધળો બનેલો લિયર કોઇ પિતાએ પોતાની પુત્રીને ન આપવો ઘટે એવો શાપ આપે છે. તે કહે છે. 'દુષ્ટ સમડી, તું જૂઠું બોલે છે, અરેરે કોર્ડીલિયનો નાનો સરખો દોષ મને કેવો મોટો લાગ્યો હતો ! પ્રકૃતિની દેવી ! (Nagative), સાંભળ, તેં આ પ્રાણીમાં (in this creature) સંતાન ઉત્પન્ન કરવાનો ઇરાદો રાખ્યો હોય તો તે પડતો મૂક, સંતાન ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતાં તેના શરીરનાં અંગો સૂકવી નાખ, તેના નીચ શરીરમાંથી તેને માન આપે એવું કોઇ બાળક ન જન્મે, એમ કર, પણ જો તેને બાળક થાય જ તો એ બાળક એવા વિકૃત માનસનું થાય અને તેનેએવો અસહ્ય ત્રાસ આપે કે તેના આ યુવાન મોં ઉપર કરચલીઓ પડી જાય અને તેની આંખોમાંથી એવાં ઊનાંઊનાં આંસુ વરસે કે તેના બેય ગાલમાં ચીરા પડે, મા બનીને તેણે એ બાળક માટે જે કંઇ દુઃખ સહન કર્યું હોય અથવા તેના ઉપર જે ઉપકારો કર્યા હોય તે બધાંની એ બાળક મશ્કરી અને તિરસ્કાર કરે, કે જેથી તે સમજે કે પોતાનું બાળક કૃતઘ્ન હોવાનો ડંખ કોઇ સર્પના ડંખ કરતાં ય કેટલો વધુ તીક્ષ્ણ હોય છે !' આમ કહી લિયર બહાર જાય છે, પણ ગોનરિલે પોતાના પચાસ સૈનિકવીરોને રજા આપી છે. જાણીને પાછો આવે છે અને વળી પાછો ગોનરિલને શાપ આપે છેઃ 'એક પિતાને રુઝાઇ નહિ એવા લાગેલા ઘાનો શાપ તારી એકેએક ઇન્દ્રિયને વીંધી નાખે. મારે હજુ બીજી એક પુત્રી છે. તે આ બધું સાંભળશે ત્યારે તે તેના જન્મથી તારા વરુ જેવા ચહેરાને ચામડી ઉતારી નાખશે. તું માને છે કે મેં મારી બધી રાજા તરીકેની સત્તાનો ત્યાગ કર્યો છે, પણ ના તું જોશે કે હું એ બધી સત્તા પાછી લઇ લઇશ, જરુર લઇ લઇશ.' એમ કહીનેલિયર કેન્ટ વિદૂષક અને તેના અનુચરો સાથે ગોનરિલનો મહેલ છોડીને રીગન સાથે રહેવા જતો રહે છે.

એમ લિયર ગોનરિલનો મહેલ છોડીને રીગન સાથે રહેવા જતો રહ્યો તે પછી તરત ગોનરિલે જે કંઇ બન્યુ હતું તેની માહિતી આપતો રીગન ઉપર પત્ર લખીને ઓઝ્વલ્ડ સાથે મોકલ્યો અને લિયરે પણ પોતે તેની સાથે રહેવા આવે છે એ મતલબનો રીગન ઉપર પત્ર લખીને તે કેન્ટ સાથે મોકલ્યો. રીગનને લિયરનો પત્ર મળે તે પહેલાં તેને ગોનરિલનો પત્ર મળી ગયો અને તેથી લિયરને પોતાની સાથે રાખવાનું ટાળવા રીગન અને કોર્નવિલ તેમનો મહેલ છોડી ગ્લોસ્ટરના ગઢમાં રહેવા જતાં રહ્યાં. કેન્ટ લિયરનો પત્ર લઇને પહેલાં રીગનના મહેલે પહોંચ્યો, અને ત્યાં રીગન ન મળતાં તેણે પણ બીજા દિવસના પરોઢે ગ્લોસ્ટરના ગઢની પાસે આવી પહોચ્યો. રીગનના મહેલમાં તેને ગોનરિલનો પત્ર આપીને ઓઝ્વલ્ડ પણ રીગન અને કોર્નવલની પાછળ પાછળ કેન્ટ આવ્યો તે જ સમયે ગ્લોસ્ટરના ગઢ પાસે આવી પહોંચ્યો. તેને જોતાં જ કેન્ટે તેના ઉપર અપમાનોનો વરસાદ વરસાવ્યો. અને તેની ઉપર તલવાર ઉગામી. એ બેની બોલાચાલી સાંભળી કોર્નવલ અને રીગન તેમના ખંડમાંથી બહાર આવ્યાં અને કોર્નવલે કેન્ટના પગ લાકડાના ચોકઠામાં બંધાવી તેને એ સ્થિતિમાં ગઢની બહાર પરોઢથી સાંજ સુધી બેસી રહેવાની સજા કરી. ગોનરિલના મહેલમાંથી નીકળેલો લિયર પણ પહેલાં રીગનના મહેલે ગયો અને રીગન તથા કોર્નવલ ત્યાંથી નીકળીને ગ્લોસ્ટરના ગઢમાં રહેવા ગયાં છે એમ સાંભળી વિદૂષક અને પોતાના સૈનિકવીરો સાથે ત્યાં આવી પહોંચ્યો. કેન્ટને ગઢની બહાર બંધાયેલાં પગે લાકડાના ચોકઠામાં બેઠેલો જોઇ તે એવો અસ્વસ્થ થઇ ગયો કે તેને વાઇ આવવા જેવું થયું, પણ તેણે મહામહેનતે પોતાના ક્રોધના આવેગને સંયમમાં રાખ્યો અને રીગન તથા કોર્નવલને મળવા ગઢમાં ગયો. પણએ બેયે પોતે આખી રાતનો પ્રવાસ કરીને થાકી ગયો હોઇ અસ્વસ્થ છે તેથી લિયરને મળી શકે એવી સ્થિતિમાં નથી એવી મતલબનો ગ્લોસ્ટર સાથે સંદેશ મોકલ્યો. લિયરે પહેલાં તો આ વાત સાચી માની પણ પછી તેની દ્રષ્ટિ કેન્ટ ઉપર પડતાં તેને લાગ્યું કે રીગન અને કોર્નવલ પ્રવાસ કરીને થાકી ગયાં છે એ વાત પોતાને ન મળવાનું બહાનું જ છે. અને તે વળી પાછો ઉત્તેજિત થઇ ગયો. તેને શાંત પાડવા ગ્લોસ્ટર રીગન અને કોર્નવલના ખંડમાં જઇ તેમને બહાર બોલાવી લાવ્યો. બહાર આવીને રીગને લિયરને કહ્યું: 'આપ નામદારને જોઇને મને આનંદ થયો છે.' રીગનના પક્ષે આ તો માત્ર બતાવવાનો જ વિવેક હતો, પણ તેના ઉત્તરમાં લિયર વળી પાછો કોઇ પિતાને ન શોભે એવા શબ્દો બોલ્યો. તેણે કહ્યું, 'હા. હું જાણું છું, કે તને આનંદ થયો છે, અને તને આનંદ થવાનું શું કારણ છે તેય હું જાણું છું. તને આનંદ ન થયો હોત તો હું તારી માની કબરમાં એક વ્યભિચારિણી સૂતી છે એમ માનીને તે કબરને છૂટાછેડા આપત. આમ કહી લિયર ગોનરિલ વિરૂદ્ધ કડવી ફરિયાદો કરવા માંડે છે. રીગન એ ફરિયાદો સાચી હોવાનું માનવાનો ઇન્કાર કરે છે અને લિયરને ગોનરિલ પાસે જઇ પોતે તેને અન્યાય કર્યો છે એમ કબુલ કરવાની સલાહ આપે છે. ઉત્તરમાં વળી પાછો લિયર ગોનરિલને કોઇ પિતા માટે અક્ષમ્ય ગણાય એવો શાપ આપે છે. તે કહે છે, 'ઓ ઝેરી વાયુઓ, તેના ગર્ભમાં રહેલા બાળકને એવો ઝપાટો લગાવો કે તે લંગડું થઇને જન્મે.' હવે ગોનરિલ પણ ગ્લોસ્ટરના ગઢમાં આવી પહોંચે છે અને રીગન લિયરને પાછા ગોનરિલ સાથે રહેવા જઇ ત્યાં એક માસ પૂરો કરી પોતાની પાસે આવવાનું કહે છે. ઉત્તરમાં લિયર કહે છે કે એમ કરવા કરતાં પોતે ફ્રાન્સના રાજાને પગે પડીને વર્ષાસન માગવાનું અથવા નીચ ઓઝ્વલ્ડના ગુલામ થવાનું પસંદ કરે. દાઝેલાને ડામ દેતી હોય તેમ નિષ્ઠુર ગોનરિલ કહે છે, 'જેવી તમારી ઇચ્છા !' ગોનરિલનો આવો અધમ ઉત્તર લિયરને સત્યની કંઇક ઝાંખી કરાવે છે અને ગોનરિલની દુષ્ટતા પોતે જ તેને વારસામાં આપી હોવાનું સમજ્યો હોય એમ તે કહે છે: 'પુત્રી, હું તને વિનંતી કરું છું, મને ગાંડો ન બનાવી દે, હું હવે તને ભારરૂપ નહિ થાઉં, આપણે નહિ મળીએ, પણ ના, તું મારી પુત્રી છે, તું મારા જ માંસ અને રુધિરમાંથી બનેલી છે, અથવા કહે કે, તું મારા જ માંસમાં રહેલા વિકારનું મૂર્તિમંત રૂપ છે, મારા વિકારી લોહીમાંથી થયેલું ગુમડું, ઝેરી ચાંદુ અથવા સૂઝેલું પાઠું છે. તારે સુધરવું હોય ત્યારે સુધરજે. હું મારા ૧૦૦ સૈનિકવીરો સાથે રીગનની સાથે રહી શકીશ.'

પણ રીગનને તો લિયરને પોતાની સાથે રાખવો જ નથી, તેથી તે કહે છે, 'તમે મારી સાથે રહેવા આવો તો હું તમને વિનંતી કરું છું કે

તમે તમારી સાથે માત્ર ૨૫ સૈનિકવીરોને જ લાવજો.' ઉત્તરમાં લિયર પોતાની સાથે રાખવા દેવાના સૈનિકવીરોની સંખ્યા ઉપરથી તે તે પુત્રીના પોતાની પ્રત્યેના પ્રેમની કિંમત કરતો હોય એમ ગોનરિલને કહે છે: 'હું તારી સાથે રહીશ. તારા ૫૦ સૈનિકવીરો તેના ૨૫ સૈનિકવીરોથી બમણા છે અને એમ તારો મારા ઉપરનો પ્રેમ તેના પ્રેમ કરતાં બે ગણો છે.' હવે બે બહેનો નિષ્ઠુરતામાં એકબીજાની હરીફાઈ કરે છે. ગોનરિલ કહે છે: 'નામદાર સાંભળો, આપને ૨૫ સૈનિકવીરોની, કે ૧૦ની કે પાંચની પણ શી જરૂર છે. અમારા અનુચરો અમારા આપની સેવા કરે એનાથી કેમ સંતોષ ન માનો?' તેને ટપી જઇને રીગન કહે છે, 'એકની પણ શી જરૂર છે?' રીગનની આવી નિષ્ઠુરતાથી લિયર વૈરાગ્નિથી સળગી ઊઠે છે અને દેવોને સંબોધીને કહે છે: 'જો તમે જ આ પુત્રીઓને તેમના પિતાની વિરુદ્ધ ઉશ્કેરતા હો તો હું એ બધું સહન કરી લઉં એવો મને મૂર્ખ ન રાખો, મારામાં પ્રતાપી ક્રોધનું તેજ પ્રેરો (touch me with noble anger).....વિકૃત ડાકણો, હું આખી દુનિયા જોઇ રહે એવું તમારા ઉપર વેર લઈશ, હું શું કરીશ તે નથી જાણતો. પણ એવું કંઇક કરીશ કે સમગ્ર પૃથ્વી ધ્રુજી ઉઠશે, તમે માનો છો કે હું રડવા માંડીશ, ના હું નહિ રડું, જો કે મારે રડવાનું પુરું કારણ છે, હું રડું તે પહેલાં આ હૃદયના હજારો ટુકડા થઇ જશે.' એમ કહી 'ઓ મારા વિદૂષક, મને ચિત્તભ્રમ થઈ જશે.' એવો આક્રોશ કરીને લિયર કેન્ટ અને વિદૂષક સાથે ગ્લોસ્ટરનો ગઢ છોડીને જતો રહે છે. એ જ સમયે દૂર વગડામાં તોફાની પવન ફૂંકાઇ રહ્યો હોવાની ગર્જના સંભળાય છે. એ સાંભળીને ગોનરિલ કહે છે: 'એમ જતા રહ્યા એમાં એમનો જ દોષ છે. ભલે, તેમને તેમની મૂર્ખતાના પરિણામનો સ્વાદ લેવા દો.' લિયરની સાથે ગયેલો ગ્લોસ્ટર પાછે આવીને ગોનરિલ અને રીગનને જણાવે છે કે લિયર ખૂબ આવેશમાં આવી ગયા છે અને ઘોડા ઉપર બેસીને ક્યાંક જતા રહેવા તૈયાર થયા છે. આ જાણીને પણ એ બે બહેનોને જરાય ચિંતા નથી થતી. ગોનરિલ તો ગ્લોસ્ટરને કહે છે: 'નામદાર, તેમને અહીં રહી જવાનો જરાય આગ્રહ ન કરતાં.' અને રીગન કહે છે: 'મનસ્વી માણસો પોતાના હાથે કષ્ટ વહોરી લે છે તે જ ભલે તેમને પાઠ ભણાવે. આપના ગઢનાં દ્વાર બંધ કરી દો.'

આ પહેલાં કેન્ટે કોર્ડીલિયને પત્ર લખીને તેને ગોનરિલે લિયર સાથે જે વર્તન કર્યું હતું તે જણાવી દીધું છે. એ પત્ર વાંચીને કોર્ડીલિય ફ્રાન્સનું સૈન્ય લઇને ઈંગ્લંડના દક્ષિણ કિનારે આવેલાં ડોવર નામના શહેર પાસે આવી પહોંચી છે. ગ્લોસ્ટરના એક મિત્રે તેને પત્ર લખીને આ માહિતી આપી છે અને ગ્લોસ્ટરે એ પત્ર પોતાના એક કબાટમાં સંતાડી રાખ્યો છે. એડમન્ડનો સ્વભાવ ન ઓળખી શકેલો ગ્લોસ્ટર આ વાત તેને કહી દે છે અને તે સાથે એ પણ કહે છે કે પોતે ગઢ છોડીને જતા રહેલા લિયરને મદદ કરશે તો પોતાને મોતની સજા થશે એવી ધમકી આપવામાં આવી છે છતાં પોતે લિયરને મદદ કરવા જશે જ.

ગ્લોસ્ટરના ગઢમાંથી નીકળી લિયર એ ગઢની પાસે આવેલા વગડામાં જતો રહે છે, અને ત્યાં વરસાદ, ભયંકર વાવાઝોડું અને વાદળની ગર્જનાઓથી થઇ ગયેલી ચિત્તભ્રમ જેવી દશામાં એ વાવાઝોડાને અને ગર્જનાઓને તેમનાંથી થાય એ કરી લેવાનો પડકાર કરે છે. કેન્ટ તેને વગડામાં પોતે જોયેલા એક ઘોલકામાં આશ્રય લેવા સમજાવે છે અને...લિયર એ ઘોલકામાં આશ્રય લઇ રહ્યો હોય છે ત્યાં ગ્લોસ્ટર આવે છે અને તેને પોતાના ગઢની પાસે એક ખેતરમાં આવેલા મકાનમાં લઇ જાય છે. લિયર એ મકાનમાં ઊંઘતો હોય છે. ત્યારે ગ્લોસ્ટર વળી પાછો આવે છે અને પોતે લિયરને મારી નાખવાનું કાવતરું ઘડાયું હોવાનું સાંભળ્યું છે એમ કહી તેને એક પાલખીમાં બેસાડી ડોવર લઇ જવાની કેન્ટને સલાહ આપે છે.

કોર્ડીલય ફ્રાન્સનું સૈન્ય લઇને ડોવર પાસે આવી પહોંચી છે. એવી માહિતી આપતો ગ્લોસ્ટરને પત્ર મળ્યો છે અને ગ્લોસ્ટરે લિયરને પાલખીમાં ડોવર મોકલી દીધો છે. એ બધી વાત એડમન્ડ રીગન અને કોર્નવલને કહી દે છે. જાણીને ગ્લોસ્ટરને ક્રૂર શિક્ષા કરવાનો નિર્ણય કરીને કોર્નવલ ગોનરિલ પાછી જતી હતી તેની સાથે એડમન્ડને મોકલી દે છે. એ બેના ગયા પછી ગ્લોસ્ટર લિયરને ડોવર વિદાય કરીને પાછો આવે છે ત્યારે કોર્નવલ પોતાના એક નોકર પાસે તેના બે હાથ એક ખુરશી સાથે બંધાવી તેની એક આંખને લાત મારીને તે ફોડી નાંખે છે. પણ રીગન કહે છે કે ગ્લોસ્ટરની બાકી રહેલી આખી આંખ ફૂટેલી આંખની મશ્કરી કરશે એટલે કોર્નવલ ગ્લોસ્ટરની બીજી આંખને પણ લાત મારવા જાય છે. તેને એમ કરતો જોઇ તેનો એક બીજો નોકર તલવાર લઇ તેની સામે જાય છે. અને તેને ઘાયલ કરે છે. એ જોઇ રોષે ભરાયેલી રીગલ પહેલા નોકરની તલવાર ઝુંટવી લઇ કોર્નવલની સાથે લડતા નોકરની પીઠમાં ઘા કરે છે અને ઘાયલ થયેલો એ નોકર મૃત્યુ પામે છે. તે પછી ઘાયલ થયેલો કોર્નવલ ગ્લોસ્ટરની બીજી આંખને લાત મારીને તેને પણ ફોડી નાંખે છે. એમ આંધળો બનેલો ગ્લોસ્ટર એડમન્ડને યાદ કરી તેને ઉદ્દેશીને કોર્નવલ ઉપર વેર લેવાનું કહે છે. રીગન હવે ગ્લોસ્ટરને કહી દે છે કે તેની વિરૂદ્ધની બધી વાત એડમન્ડે જ કરી હતી. એ સાંભળીને ગ્લોસ્ટરને સમજાઇ જાય છે કે પોતે એડગરને અન્યાય કર્યો હતો અને દેવોને પોતાને ક્ષમા કરવાની અને એડગરને આશીર્વાદ આપવાની પ્રાર્થના કરે છે. નિષ્ઠુર રીગન પોતાના એક નોકર પાસે આંધળા ગ્લોસ્ટરને ગઢની બહાર ધકેલી દેવડાવે છે. કોર્નવલને પહેલા નોકરની તલવારનો ઘા જીવલેણ નીકળે છે અને તે પણ મૃત્યુ પામે છે.

ઘેરા આંધળા ગ્લોસ્ટરને તેનો એક જૂનો સ્વામીભક્ત ખેડૂત દોરીને વગડામાં લઇ જાય છે અને ત્યાં કોઇ ગાંડાના જેવો વેશ ધારણ કરીને ભટકતા એડગરને સોંપી દે છે. આમ ગ્લોસ્ટર અને લિયર વગડામાં ભટકતા થયા તે સાથે નાટકનો પૂર્વાધ પૂરો થાય છે. એ પૂર્વાધમાં આપણે ગ્લોસ્ટરને તેણે એડમન્ડને લગતી ભૂલ માટે, અને લિયરને તેનાં ખુશામતપ્રેમ, આપખુદી અને ઉગ્ર ક્રોધને વશ થવાની સ્વભાવગત નિર્બળતા માટે ક્રૂર સજા થતી જોઈએ છીએ. તેમને એવી સજા કરનાર એડમન્ડ, ગોનરિલ, રીગન અને કોર્નવલ પ્રત્યે આપણને ભારોભાર તિરસ્કાર થાય છે, પણ જે પરિણામ આવ્યું તેમાં ગ્લોસ્ટરનો અને લિયરનો પોતપોતાના પક્ષે દોષ હતો, એ વાતેય આપણે નથી ભૂલી શકતા. પણ શેક્સપિયરના ટ્રેજિડી પ્રકારનાં નાટકોમાં વિપત્તિના ફળસ્વરુપ કોઇ કોઇ પાત્રમાં આપણી કલ્પનાને આકર્ષક લાગે એવું પરિવર્તન થતું હોય છે અને પરિણામે જાણે કે એ પાત્રો નવો અવતાર પામતા હોય એમ લાગે છે. નાટકના ઉત્તરાર્ધમાં ગ્લોસ્ટર અને લિયર પણ નવો અવતાર પામતા જણાય છે અને ત્યારે આપણે તેમના દોષો ભૂલી જઇ શકીએ છે. નાટકોનો એ ઉત્તરાર્ધ એક સ્વતંત્ર લેખ માગી લે છે, અને તે હવે પછી.

## નેત્રયજ્ઞ

☆ સંઘના આર્થિક સહયોગથી શ્રી મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચીંચણી (જી. થાણા) મુકામે રવિવાર તા. ૫મી માર્ચ, ૧૯૯૫ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

## સ્વ. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી સંઘને ભેટ

અમને જણાવતાં હર્ષ થાય છે કે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની 'પ્રેમળજ્યોતિ'ની પ્રવૃત્તિઓ માટે રૂપિયા એક લાખની ભેટ રકમ મળી છે.

આ ભેટ રકમ માટે અમે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ટ્રસ્ટીઓના આભારી છીએ.

-મંત્રીઓ

# વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં ઉત્થાન, ઉન્નતિ કે અવનતિ કે પતનની ક્ષણોનું પરિવર્તન થતું રહે છે. પતનના ઉંડા ગર્તમાંથી અભ્યુદયના પરમોચ્ચ શિખરે પહોંચવું તેને ધન્યાતિધન્ય ક્ષણો જીવનની ગણી શકાય. આવી વ્યક્તિનાં જીવનની ઝલકનું વિહંગાવલોકન તથા તેથી નિષ્પન્ન થતું તત્ત્વ જોઇએ. વિવેકભ્રષ્ટો અગણ્ય રીતે અધઃપતન પામતાં હોય છે.

પિતાના મૃત્યુ પછી નાની વયનો અરણિક ધર્મલાભ કહી શેઠાણીને ત્યાં ગોચરી માટે ગયા. તેણીએ મુનિનું પતન કરાવ્યું. મોહમાં પડી, રાગના રંગે રંગાયા, સોગઠાંબાજી રમતાં, કલ્પાંત કરી બાળમુનિને શોધી રહેલી ગાંડી થયેલી માતાના 'અરણિક-અરણિક' શબ્દો કાને પડ્યાં. માનો સાદ સાંભળી સ્થિતિ સંભાળી લઇ ફરી દીક્ષા લઇ ધગધગતી શિલા પર અનશન કર્યું. પશ્ચાતાપ શું નથી કરાવી શકતો? પતન અને ઉત્થાન.

નટને ત્યાં સ્વાદિષ્ટ સિંહકેસરિયો લાડુ વહોરતા સ્વાદના લોભે આષાઢાભૂતિ લબ્ધિ વડે ફરી ફરી ત્યાં પહોંચે છે, નટને ત્યાં નટકન્યાઓમાં આસક્ત થાય છે. ગુરુવચન પર દઢ રહી નગ્ન દારૂ-માંસ ખાધેલી કન્યાઓને તરછોડી ૫૦૦ રાજકુમારો સાથે ભરત ચક્રવર્તિનું નાટક આબેહૂબ ભજવતાં અરિસા ભુવનમાં વીંટી સરકી જતાં અનિત્ય ભાવનામાં ચઢતાં ૫૦૦ રાજકુમારો સાથે કેવળજ્ઞાન ! બાર ભાવનાઓમાંથી ગમે તે એકનું ચિંતન મોક્ષ આપી શકે છે ને? રસનાની લોલુપતા પતનનું કારણ બની શકે છે.

શિષ્ય સમુદાયના આચાર્ય આષાઢાચાર્ય જ્યારે માંદા પડ્યા હતા ત્યારે દેવલોક, પુણ્ય-પાપ, નરકની માહિતી ન મળતાં ફરી સંસારી બને છે તેમના ચોથા શિષ્યે નાટક કરી તેમનો ઉદ્ધાર કર્યો; ફરી દીક્ષા લે છે; શ્રદ્ધામાં દ્રઢિભૂત થયા, અને એજ ભવમાં મોક્ષ મેળવ્યો. નાટક દ્વારા પણ શ્રદ્ધાનો દીપ પ્રગટી શકે અને પરિવર્તન !

નટડી પાછળ પાગલ બનેલો ઇલાચીકુમાર રાજદરબારમાં પાંચમી વાર વાંસ પર ચઢે છે. સામેના મકાનમાં રૂપવતી લલનાની નીચી દષ્ટિએ મોહક વહોરવાનું દ્રશ્ય જોઇ તેઓ ભાવનામાં ચઢે છે. અને ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાનને ચરિતાર્થ કરે છે. ત્યારપછી બીજા ચાર રાજા વગેરે પણ ભાવનામાં ચઢી ભવના ફેરા ટાળનારું જ્ઞાન મેળવે છે. અહીં સ્ત્રી પતનનું, તથા ઉત્થાનનું કારણ બને છે.

મંખલિપુત્ર ગોશાલક પોતાની મેળે મહાવીરનો શિષ્ય માની બેઠો છે. તેમની પાસેથી શીખેલી તેજોલેશ્યા તેમના પર છોડે છે. તથા ઘણી કનડગત કરે છે. મૃત્યુ પહેલાં પશ્ચાતાપ કરે છે તેથી બારમા દેવલોકમાં જાય છે; પરંતુ દુષ્ટ કર્મોનું ફળ ભોગવવા અનંત જન્મોમાં રખડવું પડે છે. જૈન શાસનમાં કર્મોના સરવાળા બાદબાકી નથી; પરંતુ તેના ગુણાકાર ભાગાકારને અવકાશ હોય છે. ગુરુ દ્રોહ કરવાનો અવિનય.

પૂર્વ ભવમાં પરાશર નામના ખેડૂતે મજુરો પર ત્રાસ ગુજારી કામ લીધું હતું. મૃત્યુ બાદ કૃષ્ણના ઢંઢણ નામના પુત્ર થયા. દીક્ષા લે છે પણ લાભાંતરાય કર્મો ઉદયામાં આવે છે. દીક્ષામાં મેળવેલી ભિક્ષા સ્વલબ્ધિથી નથી તેમ જાણતાં તેનો ચૂરો કરતાં ભારે કર્મોનો ચૂરો, પાપનો પશ્ચાતાપ અને કેવળજ્ઞાન. ક્રુર કર્મોનાં ફળ લાભાંતરાય કર્મ રૂપે દેખા દે છે.

મરુભૂતિ બ્રાહ્મણ હોવા છતાં પણ સુંદર જૈનધર્મ પાળતો હતો. ભાઇ કમઠ તેની પત્ની સાથે દુરાચાર કરતો હોવાથી રાજાને ફરિયાદ કરી. તેને દેશનિકાલ કરાયો. પછી તે તાપસ થયો. મરુભૂતિને લાગ્યું કે તેને લીધે ભાઇની આ દશા થઇ છે. તેને ખમાવવા તેના પગમાં માથું ટેકવે છે. દુષ્ટ કમઠ મોટા પથ્થર વડે માથામાં ઘા કરે છે ત્યારે મરુભૂતિનું સુંદર શ્રાવકધર્મનું પાલન બાજુએ રહી ગયું. શિલાના આઘાતથી વેદનાના આર્તધ્યાનમાં ચાલી જવાયું; પરિણતિ દુર્ધ્યાનમાં ચાલી ગઇ, અવનતિ થતાં મરીને વિંધ્યાચલની અટવિમાં હાથણીના પેટમાં હાથી તરીકે તિર્યંચગતિમાં જવું પડ્યું. પાપબંધ અને દુર્ગતિને સારા શ્રાવકની ક્યાં શરમ રહી? જંગલી તોફાની હાથીનો અવતાર મળ્યોને !

આચાર્ય મહારાજે ૫૦૦ મુનિઓની ઉત્કૃષ્ટ વૈયાવચ્ચ કરનારા બાહુ-સુબાહુની પ્રશંસા કરી જે પીઠ અને મહાપીઠને કઠી; ઇર્ષાગ્નિથી બળી રહ્યા, ચાર ભાવોમાંથી પ્રમોદભાવ ગુમાવ્યો. આ સહન ન થયું તે મનમાં છુપાવ્યું; બહારથી પ્રશંસામાં હાજી હા કરી માયા સંજ્ઞામાં તણાયા તેથી ધર્મ ગુમાવી સ્ત્રીવેદ કર્મ ઉપાર્જ્યું અને બ્રાહ્મી અને સુંદરી થયા.

રાજકુમાર લલિતાંગ મંત્રી પત્નિથી આકર્ષાયો. તે સુંદરી પણ તેની ચાટુ કળામાં મુગ્ધ થઇ ખાનગી રીતે સુરંગ દ્વારા બહાર નીકળવાનો પેંતરો રચી અને બંને એક થયા. નિર્દોષ એવા મંત્રીને સ્થાન ભ્રષ્ટ કરાયો. આની જાણ થતાં લલિતાંગને તીવ્ર પશ્ચાતાપ થયો. પોતે ગુનેગાર છે તે સહન ન થતાં આપઘાત કરવાનો વિચાર કરે છે. સાધુ મહાત્માના ઉપદેશથી તીવ્ર- ઉત્કૃષ્ટ તપ કરે છે. અવનતિમાંથી બહાર નીકળી તપના પ્રભાવથી પૂરના પાણી અસ્પૃષ્ટ રહે છે તથા અસંમત નાસ્તિક દ્વારા બાળી નાંખવાના પ્રયત્નમાં પણ અગ્નિ આંચ આવવા દેતું નથી. કેવાં ચઢ-ઉતરાણ ! ઉત્કૃષ્ટ તપસિદ્ધિને અહંકારનો દોષ લાગ્યો.

ધર્મ, ગુરુદેવ, વગેરેમાં ન માનનારો અસંમત નાસ્તિક; જેણે સાધુ-મહાત્માઓને પીડ્યા છે, ધર્મની હાંસી ઉડાવી છે. જંગલી કૃત્યો કર્યાં છે; તે લલિતાંગના જીવનના પ્રસંગોથી પ્રતિબોધિત થઇ 'કમ્મે શૂરા તે ધર્મે શૂરા' એ ઉક્તિને ચરિતાર્થ કરી એટલો તીવ્રતમ પશ્ચાતાપ કર્યો કે આ પાપ નહીં પણ પૂર્વ જન્મોનાં પણ અસંખ્ય પાપોને નષ્ટ કરી લલિતાંગ મુનિથી બે ડગલાં આગળ નીકળી જઇ આત્માનું કૈવલ્ય સાધે છે. વિવેકભ્રષ્ટ થયેલો જીવ પણ સદ્‌બુદ્ધિના સંસ્પર્શે ઉન્નત બની શકે. તેમાં જૈનદર્શનનો કર્મસિદ્ધાંત ભાગ ભજવી શકે તે નિર્વિવાદ તત્ત્વજ્ઞાન છે.

શ્રેણિકના પુત્ર નંદિષેણે ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી. ભોગાવલિ કર્મો બાકી હોવાથી અજાણતાં વેશ્યાને ત્યાં જઇ ચઢ્યા. ધર્મલાભ નહીં અહિં તો અર્થલાભનો ખપ છે. તેથી શક્તિસંપન્ન હોવાથી સોનામહોરોનો વરસાદ વરસાવ્યો. ત્યાં રહી પ્રતિદિન ૧૦ને પ્રતિબોધે છે. એક દિવસ ૧૦મો પ્રતિબોધ પામતો ન હોવાથી તેણી ટોણો મારે છે; તો આજે ૧૦મા તમે. તે વાક્યથી ચાનક ચઢતા ફરી સંયમનો માર્ગ સ્વીકારી પશ્ચાતાપપૂર્વક ઉગ્ર તપ તપી કરી ઉન્નતિ સાધે છે. મનુષ્યના જીવનમાં સાંકેતિક ટોણો ઉત્તમ કાર્ય કરી શકે છે. લબ્ધિનું મિથ્યા અભિમાન પતન કરાવે છે કેમકે અહીં ચારિત્ર માટે લીધેલી દીક્ષા વેશ્યાના શબ્દબાણથી વિંધાયેલા નંદિષેણ ત્યજી દે છે. લબ્ધિનું મિથ્યા ગુમાન અવિવેકી બનાવે છે.

પુંડરિક અને કંડરિક બે ભાઇઓમાંથી; પુંડરિકે લાંબા સમય સુધી ભોગો ભોગવી એક જ દિવસની દીક્ષા પછી આત્મકલ્યાણ સાધ્યું, જ્યારે કંડરિકે લાંબા સમયના દીક્ષા પછી એક જ દિવસમાં રસનાની લોલુપતાએ એટલું ખાધું કે પુષ્કળ ઝાડા થઇ ગયા અને કર્યું કારવ્યું ધૂળધાણી થઇ ગયું. માટે જેણે રસના જીતી તેણે બધું જીત્યું એમ કહેવાય છે. रसना जये जीतं सर्वम्।

પ્રદેશી રાજા પૂર્વવયમાં બધી રીતે વ્યસની તથા નાસ્તિક હતો. કેશી ગણધરથી પ્રતિબોધિત થઇ ધર્મ આરાધનામાં ગરકાવ થયો. રોષે ભરાયેલી સૂરિકાન્તા રાણી તેમને પૌષધમાં હોવા છતાં દ્વેષથી ઝેર આપ્યું એટલું જ નહીં; પરંતુ પ્રેમ પ્રગટ કરતી હોય તેવો ડોળ કરી પોતાનો કેશકલાપ તેના ગળાની આસપાસ એવી રીતે વિંટાળી દીધો કે ગળે ટૂંપો દઇ મૃત્યુ લાવી દીધું. તેણે આ બધું પ્રતિકાર વગર સમતા ભાવે સહી લીધું જેથી મૃત્યુ બાદ સૂર્યાભદેવ થયા. વિવેકહીન રાજા સમતા સાગરમાં ! અને પ્રાણપ્રિય પતિને મારનારી વિવેકશૂન્ય પત્ની ! પ્રવરદેવ નામના ભિખારીને કોઢ થયો. મુનિ પાસે અવિરતીનું પાપ દૂર કરવા કટિબદ્ધ થયો. જબ્બર તપ કર્યું. એક વિગઇ, એક શાક, એક વસ્તુ ભોજનમાં લેવાનું વ્રત કર્યું. તેના પ્રતાપે કરોડપતિ થયો; છતાં પણ આ નિયમ તથા ઉષ્ણ અચિત જળપાન ચાલુ રાખ્યું. તેના પ્રતાપે બાર વર્ષના દુકાળની નૈમિત્તકની ભવિષ્યવાણી ખોટી પાડી, ધોધમાર વરસાદ વરસ્યો. તપ શું નથી કરી શકતું ? શ્રદ્ધાપૂર્વકનો તપ ચમત્કાર સર્જી શકે છે. રસના લોલુપતા દૂર થતાં કોઢ ગાયબ.

મેતાર્યનો જન્મ ચાંડળકુળમાં થયો હતો. એક પ્રસંગે શેઠાણી ચાંડાલણીના સંતાનોની અદલાબદલી કરાય છે. મેતાર્ય શેઠાણીને ત્યાં ઉછરે છે. તેનો મિત્ર જે દેવ થયો છે તે લગ્નમાં ભંગ પડાવે છે. મિત્ર દેવને ગયેલી આબરૂ પાછી મેળવ્યા પછી તેના કહેવા મુજબ કરવાનું વચન આપે છે. દેવની મદદથી ત્રણ વસ્તુ સિદ્ધ કરી આપવાથી મગધપતિ શ્રેણિકની પુત્રીને પણ પરણે છે. બાર વર્ષ પછી મિત્ર દેવ ફરી યાદ દેવડાવે છે. મુનિ થાય છે. સોનીને ત્યાં ભિક્ષા માટે જાય છે. પંખી જવાળા ચણી ગયું. જીવ હિંસા ન થાય તેથી તેના પરનો આરોપ સહન કરે છે. સોનીએ માથે મૂકેલા દેવતા સમતાથી સહન કરે છે. આત્મકલ્યાણ સાધે છે. જૈન દર્શનમાં મેતાર્ય જેવી નીચ ચંડાળની કુખે જન્મેલો પણ સમતાપૂર્વક દુઃખ સહન કરે તો કલ્યાણ સાધી શકે છે તથા સંયમના દ્વાર સર્વને માટે ખુલ્લા છે એવો ઉદાર દૃષ્ટિવાળો જૈનધર્મ છે.

મગધદેશના નાસ્તિક અધિપતિ રાજા શ્રેણિક ભગવાન મહાવીરની સુશ્રાવિકા ચેલ્લણાના કુશળ પ્રયત્નવશાત્ ક્ષાયિક સમક્તિી બન્યા. તે પૂર્વે મહામિથ્યાત્વી હતા; ત્યારે હરણીના શિકારમાં અત્યંત આનંદ વ્યક્ત કર્યો જેથી પ્રથમ નરકે ગયા. સમક્તિ પ્રાપ્ત કર્યા પછી પતનમાંથી ઉન્નતિ સાધી પુણ્યાનુબંધી પુણ્યના પ્રતાપે પ્રથમ તીર્થંકર નામે પદ્મનાભ આવતી ચોવીસીમાં થશે.

સુકુમાલિકા રાજકુમારી બે મુનિબંધુના ઉપદેશથી સાધ્વી થઇ. પોતાના સુંદર રૂપને કારણે પોતાનું શીલવ્રત ભયમાં ન મૂકાઇ જાય તે ભયથી આજીવન અનશન ધારણ કરે છે. ભૂલથી મહાપારિઠાવણી ક્રિયા કરાઇ. તેમાં મૃત્યુ પામેલાને વનમાં મૂકી દેવામાં આવે છે. ઠંડા પવનથી તે મૃત્યુ પામી છે તેમ માની વનમાં મૂકી દેવાઇ હતી. તેના શરીરમાં ઠંડા પવનથી ચૈતન્ય ઝબક્યું. કોઇ સાર્થવાહ ઘેર લઇ ગયો. નિર્દોષ સ્નેહથી સેવા કરે છે. નિર્દોષમાંથી સદોષ થઇ ગયું. તેની પત્ની બની. શુભ નસીબે બંધુમુનિઓ ભિક્ષાર્થે ત્યાં આવી પહોંચ્યાં. ઘટસ્ફોટ થતાં પાપનો ઘોર પશ્ચાતાપ કરી તેણે ફરી દીક્ષા લઇ ઉત્થાન આત્મસાત્ કર્યું. તેથી કરેલા પાપ પ્રત્યે ઘૃણા, ગર્હણા, ભર્ત્સના, આલોચનાદિથી પાપી પણ ધર્મી બને છે. સાધ્વીમાંથી ગૃહિણી બનવાનો અવિવેક હતો ને !

સુમેરપ્રભ નામનો હાથી જંગલમાં દાવાનલ વખતે ઉંચા કરેલા પગ નીચેના સસલાને બચાવવા અઢી દિવસ પગ ઉંચો રાખે છે. મૃત્યુ બાદ શ્રેણિકના પુત્ર મેઘકુમાર થાય છે. દીક્ષા પછી પ્રથમ રાતે અગવડ ન સહન થવાથી દીક્ષા ત્યજવા તૈયાર થાય છે. મહાવીરસ્વામી પાસે પૂર્વ ભવ જાણી દીક્ષા ન ત્યજતાં મેઘકુમાર ચારિત્ર ચમકાવી કલ્યાણના પંથે વિચરે છે. અહીં પરીષહ ન સહન કરવાનો અવિવેક હતો !

સ્થૂલીભદ્ર રૂપાકોશાથી આકર્ષિત થઇ માતા-પિતાની અવજ્ઞા કરી બાર વર્ષ સુધી ત્યાં અમનચમનાદિ કાર્યોમાં રસમગ્ન રહ્યો. પિતાના મૃત્યુના સમાચારથી, ભાઇ દ્વારા થયેલા વધના કારણ જાણી મળતા મંત્રીપદને તિલાંજલિ આપી આલોચના કરતાં કરતાં લોચ કરી એવી 'દુષ્કર દુષ્કર' ચારિત્ર વિષયક કરણી કરી કે જેથી ચોર્યાશી ચોવીસી સુધી પોતાનું નામ અમર કરી ગયો. કેવું ચારિત્ર્યભ્રષ્ટ જીવન અને કેવું ઉન્નતિને શિખરે પહોંચાડે તેવું આચરણ ! અવિવેકમાંથી વિવેક.

ગુર્જરેશ્વર કુમારપાળ પછી ત્રણ વર્ષ સુધી શાસન કરનાર અજયપાળે કાળો કેર વર્તાવ્યો. અનેક જિનાલયો તોડી નંખાવ્યા, સાધુઓને ખૂબ સતાવ્યા. ચોકીદારની માતા સુહાગદેવી સાથે સંભોગ, પકડાઇ જતાં ઘાંઘાએ પોતાની માતાને વિકટાવસ્થામાં જોઇ ગુસ્સે થઇ અજયપાળને માથામાં મોટો પત્થર મારી માથું ફાડી નંખાવ્યું. ક્યાં એક શાસન કરતો વિષયલંપટ, નાસ્તિક રાજા અને ક્યાં નીચ કાર્ય કરનારી તેની તે જ વ્યક્તિ ! વિવેકભ્રષ્ટ થયો માટે ને ?

જે નગરીના મધ્યભાગમાં દેવો વડે રત્નમય શિખરોથી યુક્ત જિનેશ્વર ભગવંતોના સ્તૂપોનું નિર્માણ થયેલ છે, અને જેનો પ્રભાવ સર્વ દિશામાં પ્રસરેલો છે; એવા મથુરામાં યમુન નામે રાજા હતો. નગરની યમુના નદી નજીક દંડ નામે અણગાર આતાપના લઇ રહ્યા હતા. રાજાએ તેમને જોયા, ક્લિષ્ટ કર્મોના ઉદયથી તેના પર કોપ થયો. તેના મસ્તકનો છેદ કર્યો. તેને અનુસરીને સેવકોએ ઇંટો-ઢેખારાનો વરસાદ વરસાવ્યો. સાધુ સમતાપૂર્વક સહન કરતાં મારાં પૂર્વકૃત કર્મ ઉદયમાં આવ્યા છે, કોઇનો અપરાધ નથી. આવું શુક્લધ્યાન ઉલ્લસિત થતાં કેવળજ્ઞાન પામ્યાં. અંતકૃતકેવળી થઇ સિદ્ધિપદ પામ્યા.

ત્યારપછી ઇન્દ્રે પુષ્પાદિથી તેમની પૂજા કરી. યમુન રાજાને તેના કાર્ય બદલ લજ્જા થઇ. ધિક્કાર થાંઓ એમ વિચારી વધ કરવા તૈયાર થયા. ઇન્દ્રે કહ્યું અપરાધની શુદ્ધિ થાય તેવું પ્રાયશ્ચિત કરો. આલોચનાથી માંડી પારાંચિત સુધીના પ્રાયશ્ચિતો પૂછ્યાં. શુદ્ધ ચારિત્ર્ય એ પ્રાયશ્ચિત છે. તેમણે અભિગ્રહ ધારણ કર્યો કે ભોજન પહેલાં, કે તે દરમ્યાન જો આ પાપ યાદ આવે તો મારે ભોજન કરવું નહીં. તે પ્રમાણે તેમણે એક પણ દિવસ ભોજન લઇ ન શક્યા. ફરી વ્રતો ઉચ્ચારી, પંડિત મરણની સાધના કરી. કાળ કરી તેઓ દેવલોકમાં ઉત્પન્ન થયા. અહીં અવનતિ અને ઉન્નતિ બંને જોવા મળે છે. મુનિને કદર્થના કરવાની વિવેકશૂન્યતા હતી તેથી ને ?

પત્નીની આંખો સજળ થયેલી જોઇ, જેને લીધે આ ઉમળકો ઊભરાઇ આવ્યો છે તે વ્યક્તિ તેનો જાર હોવો જોઇએ તેવા મિથ્યા દુરાગ્રહને લીધે; ઝાંઝરિયા મુનિનો ઘાતક રાજા પશ્ચાતાપના પાવન અગ્નિમાં પોતાના ઘનઘાતી કર્મોને સળગાવી નાંખવામાં સફળ બન્યો છે. દૃષ્ટાંતમાં પતનમાંથી ઉત્થાન થયું છે. મુનિને મારી નાંખવાનો અવિનય હતો.

૫૦૦ શિષ્યોના અગ્રણી આચાર્ય અંગારમર્દક કોલસી પર પગ ચાંપતા 'કેવાં જીવો મસળાઇ રહ્યાં છે' તેવો પાપી વિચાર કરનારી વ્યક્તિ અભવ્ય છે તેની ખાતરી થઇ, સમ્યક્ત્વ વમી નાંખે છે; તિર્યંચ ગતિમાં ચાલ્યા જાય છે.

વિશાળ સાધ્વી સમુદાયના ગુરુણી અજ્જા સાધ્વી અચેતજળના સેવનથી કોઢ થયો તેવી ઉત્સૂત્ર પ્રરૂપણાથી જીવન હારી ગયા.

રજ્જા સાધ્વીએ ચકલા-ચકલીનું મૈથુન જોઇ; તીર્થંકર આ બાબતમાં શું જાણે તેમ માની માનસિક પતન થતાં કપટપૂર્વક પચાસ વર્ષો સુધી તીવ્ર તપશ્ચર્યા જેવી કે ઉપવાસ, આયંબિલ કર્યાં; પરંતુ કપટશલ્ય દૂર ન થતાં ૮૦ ચોવીસી સુધી રખડતાં થઇ ગયાં. પોતાની શોક્યોને જિનપૂજામાં પારંગત બનાવનારી રાજરાણી કુંતલા ઇર્ષ્યાથી બળી મર્યા પછી કુતરી થઇ. ઇર્ષ્યા પતન કરાવનારું કારણ થયું.

સ્ત્રી દ્વારા તારું પતન થશે તે ગુરુની શંકાને નિર્મૂળ કરવા કોઇ પણ પ્રકારની સ્ત્રીથી બચવા જેણે દૂરવાસ સ્વીકાર્યો, નદીના વહેણને વાળી દીધું; તેથી તે તપસ્વીનું નામ કુલવાલક પડ્યું. જેણે તીવ્ર તપશ્ચર્યા કરી છે તે માગધીકા વેશ્યાના સંપર્કમાં આવ્યા પછી મુનિસુવ્રતસ્વામીનો

સ્તૂપ તોડાવી નંખાવ્યો તે મુનિ કેવા વિવેકભ્રષ્ટ થયા. રસના લોલુપી, દ્રષ્ટિરાગ તથા કામરાગ પતનનું કારણ બન્યા.

ભગવાન મહાવીરસ્વામીના અનન્ય ભક્ત કોણિકે ખોટી ભ્રાંતિથી પિતા શ્રેણિકને જેલમાં પૂરી રોજ ૧૦૦ ચાબકાનો માર મરાવતો. રથમુસલ તથા મહાશીલાકંટક યુદ્ધમાં એક કરોડ ૮૦ લાખ જીવોનો સંહાર કરાવ્યો તે મરીને છઠ્ઠી નરકે ગયો. પત્નીના વચન ખાતર વૈશાલી જીતવા મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ પણ તોડાવી નંખાવ્યો.

ભગવાન મહાવીરસ્વામીના જમાઇ જમાલિ ૫૦૦ શિષ્યોના ગુરુ હોવા છતાં પણ 'કરેમાણે કડે' જેવી ઉત્સૂત્ર પ્રરૂપણાથી જીવન હારી ગયા. ધનાઢ્ય નંદમણિયાર પરિગ્રહની મમતાથી મરીને દેડકો થયો. સુકૃત પાણિમાં ગયું. નયશીલ મુનિ ઈર્ષાથી મરી સાપ થયા.

મંગુ આચાર્ય રસનાના ગુલામ બની ગટરના ભૂત થયા.

મરીચિ ભગવાન આદિનાથની વાણી સાંભળી ફૂલાઇને ફાળકો થયો. 'હું પ્રથમ ચક્રવર્તિ, વાસુદેવ, તીર્થંકર થઇશ' તેવા મિથ્યાભિમાનથી ૧૦૦૦ ક્રોડાક્રોડ સાગરોપમ કાળ પછી ૨૪મા તીર્થંકર થયા. તેમના ૨૭ ભવમાંથી એકમાં સિંહને ચીરી નાંખ્યો , ત્રિપૃષ્ઠના ભવમાં નોકરના કાનમાં ધગધગતું શીશું રેડાવ્યું, અભિમાનથી નીચ ગોત્રમાં જન્મ થયો તથા બધાં તીર્થંકરો કરતાં વધુ દુઃખો સહન કર્યાં.

રહનેમિ સુંદર ચારિત્ર પાળનારા હોવા છતાં પણ ગિરિગુફામાં વરસાદથી ભીનાં થયેલાં ભાભી રાજીમતિને નિર્વસ્ત્ર જોઇ કામ ભોગની લાલસામાં સરી પડ્યાં; પરંતુ ભાભીએ પરિસ્થિતિ સંભાળી લઇ યોગ્ય ઉપદેશથી તેઓને ફરી સન્માર્ગે ચઢાવી દીધા.

બાર બાર વર્ષો સુધી સુંદર ચારિત્ર પાળી આચાર્ય કાલિકાચાર્યની કૃપા મેળવી વિનયરત્ને પૌષધમાં ગુરુ સાથે રહેલા રાજા ઉદાયીનું કંકશસ્ત્રથી ખૂન કરી ભાગી ગયા. સાથે ગુરુ પણ મૃત્યુ પામ્યા. વૈરનો અવિવેક !

વૈયાવચ્ચી નંદિષેણ કદરૂપા હોવા છતાં પણ દીક્ષા લીધી. આપઘાત કરવા પર્વત પર ગયા. અગિયાર અંગો ભણ્યા, મહાગીતાર્થ થયા. સાધુઓના પ્રખર વૈયાવચ્ચી થયા, દેવની પરીક્ષામાં ઉત્તિર્ણ થયા; ૫૨૦૦ વર્ષો સુધી છઠ્ઠના પારણે છઠ્ઠનો અભિગ્રહ, અનશન, નમસ્કારનો જાપ આ બધું એળે ગયું કારણ કે છેલ્લે મતિભ્રંશ થતાં સેંકડો લલના મારી પાછળ ઘેલી બને તેવું નિયાણું કરી, હાથી વેચી ગધેડો ખરીદ્યો !

બ્રહ્મદત્ત ચક્રીના ૭૦૦ વર્ષના આયુષ્યના ૧૬ વર્ષ બાકી હતા ત્યારે વૈરભાવથી કોઇ બ્રાહ્મણે ગોફણ દ્વારા તેની આંખ ફોડી નાંખી. પ્રતિકારરૂપે પ્રતિદિન થાળ ભરી બ્રાહ્મણોની આંખો લાવવા હુકમ કર્યો. કુશળ મંત્રીઓએ ગુંદાના ઠળિયા ભરેલો થાળ; આંખોથી ભરેલો છે, તેમ માની સતત ૧૬ વર્ષ સુધી એવાં ચીકણાં નિકાચિત કર્મો બાંધ્યા કે રૌદ્ર ધ્યાનમાં સાતમી નરક. કેવું પતન અને કેવી રીતે શિક્ષા !

મુનિસુવ્રતસ્વામી પાસે સ્કંદકાચાર્યે વિહાર માટે આજ્ઞા માંગી ત્યારે પ્રભુએ કહ્યું: 'ત્યાં તમને અને તમારા સાધુવૃંદને મરણાન્ત ઉપસર્ગ નડશે.'

પ્રત્યુત્તરમાં પૂછ્યું : અમે આરાધક કે વિરાધક ?

તમારા સિવાય બધાં આરાધક !

૫૦૦ શિષ્યો સાથે બધાંને ઘાણીમાં પીલવાનું જૈનધર્મના કટ્ટર દ્વેષી પ્રધાને રાજા પાલકને ભરમાવી કાવત્રું કર્યું.

જ્યારે ૫૦૦માં બાળમુનિનો વારો આવ્યો ત્યારે પોતાને તેની પહેલાં પીલવાની દરખાસ્ત મૂકી. રાજાએ તે વાત અમાન્ય કરી. ક્રોધાન્વિત મુનિએ રાજા સહિત નગરને બાળી નાંખવાનું નિયાણું કર્યું. વિરાધક તરીકે પુણ્યના બળે મૃત્યુ પામી દેવ થયા. નગર બાળી નાંખ્યું. તે ભૂમિ દંડકારણ્ય તરીકે જાણીતી થઇ. કેવા તપસ્વી ચારિત્રનિષ્ઠ સાધુ પણ છક્કા ખાઇ જાય છે ! તેમના સિવાય બધાંનો ઉદ્ધાર થયો.

ચોમાસામાં ચાર મહિના ઉગ્ર તપસ્યા કરનારા ચાર મુનિમાંથી સિંહગુફાવાસી મુનિએ તેજોદ્વેષથી સ્થૂલભદ્રની જેમ કોશાને ત્યાં ચોમાસું કરવાની આજ્ઞા માંગી. ઉપરવટ થઇ ગયા પણ પ્રથમ દ્રષ્ટિએ દ્રષ્ટિરાગ થતાં લપસી પડ્યા. નેપાળ જઇ રત્નકંબળ કોશાને પામવા લઇ આવ્યા. ત્યારે કોશાએ તેના ટૂકડા કરી ખાળમાં પધરાવી દીધાં. આમ કેમ તેના પ્રત્યુત્તરમાં કહ્યું કે જેમ તમે સંયમરૂપી સુંદર ચારિત્રચાદર નારી માટે ભ્રષ્ટ કરી છે; તેમ મેં રત્નકંબળ ખાળમાં પધરાવી દીધી. આંખ ખૂલી ગઇ . બીજાના વાદે ચણા ચાવવા જાય તો દાંત પણ તૂટી જાય.

ઉપરના દ્રષ્ટાંતોની સૂચિ લાંબી ન કરતાં ઉન્નતિ અને અવનતિના પ્રસંગોનું મૂલ્યાંકન કરીએ.

જીવનમાં ધર્મપ્રવૃત્તિ માટે જીવદયા, ઉદારતા, પરોપકાર, હિતબુદ્ધિ, સહિષ્ણુતા, મૈત્રીભાવ, માધ્યસ્થભાવ, કરુણા, ગુણાનુરાગાદિ વણાઇ જવા જોઇએ.

પુણ્યાનુબંધી પુણ્ય હાંસલ થયું હોય તો :- (૧) પાપ અને પાપી જીવનનો તીવ્ર સંતાપ અને ધિક્કાર. (૨) ધર્મારાધનમાં ભારે અહોભાવ, ગદગદ્દતા, ઉલ્લાસ, અપૂર્વ વીર્યોલ્લાસ અને કર્તવ્યબુદ્ધિ. (૩) ધર્માનુષ્ઠાનોમાં નિરાશંસભાવ, અનાસક્તિ, અસંગભાવ. (૪) ઔચિત્ય પાલન તરફ જીવનનો ઝોક. પ્રથમના દ્રષ્ટાંતો રૂપે જયતાક પ્રદેશી રાજા, દ્રઢપ્રહારી, અંગુલિમાલ, ચિલાતીપુત્ર, સ્થૂલભદ્ર, સુકુમાલિકા, સિદ્ધર્ષિ. બીજાના દ્રષ્ટાંતરૂપે કુમારપાળ, નાગકેતુ, સુલસા ચંદનબાળા, નંદિષેણ, મહારાજા, શ્રેણિક, સનતકુમાર ચક્રી, પુંડરિક, વંકચૂલ, દેવપાલ વગેરે. ત્રીજાના દ્રષ્ટાંતમાં દેવપાલ, શિવકુમાર, વજ્રજંઘ રાજા, ભરવાડ પુત્ર સંગમ, અર્ણિકાપુત્ર, પુષ્પચૂલાં, ચંદનબાળા, રાવણની ભક્તિ, ધર્મારાધના માટે ધર્મપુરુષાર્થના ત્રણ ઉપાયો ઉપર સૂ

ચવ્યા છે; જેનાથી પરિણિત અને અકરણ નિયમ હાંસલ કરી શકાય. પરિણતિ એટલે આગળ ને આગળ સતત ઉર્ધ્વગમન અને અકરણ નિયમ ચૌદ ગુણસ્થાનકોના પગથિયાં ચઢવા માટે અત્યંત આવશ્યક છે; જેનાથી ચઢતાં ચઢતાં કોઇ દિવસ મુક્તિ રૂપી મહેલમાં પ્રવેશ પામી શકાય.

જંબુસ્વામીના પૂર્વભવે ચારિત્ર લીધું હતું, બળજબરીથી પાળતા હતા, અહોભાવ વિના; કારણ કે મનમાં પત્ની નાગિલા રમી રહી હતી. મોટાભાઇના મૃત્યુ પછી સંસાર ફરી માંડવા વિચારે છે. અવનતિ , પરંતુ નાગિલાના કુનેહ પછી ચારિત્ર્યના મહામૂલ્યનો ખ્યાલ આવી ગયો. ચારિત્રમાં સ્થિર થઇ ગયા. આલોચના, પ્રાયશ્ચિત કર્યું; અહોભાવથી ઉત્સાહ જાગ્યો. આચાર અનુષ્ઠાનાદિમાં ગદ્દગદતા અનુભવે છે. જંબુસ્વામીના ભવમાં આ પુણ્યાનુબંધી પુણ્યથી આઠ પત્ની તથા અઢળક સંપત્તિ સાપની કાંચળીની જેમ ત્યજી શકે છે.

ફૂલમાં રહેલો નાનો સાપ પૂજા કરી રહેલા નાગકેતુને કરડે છે. તેની પીડા ન ગણકારતાં પૂજા અહોભાવે, એકાગ્રતાપૂર્વક ગદ્દગદ્દ દિલે કરે છે; પરિણામે કેવળજ્ઞાન.

રબારીનો પુત્ર સંગમ ગમાર છતાં કલ્યાણમિત્રના સંપર્કે મુનિને ખીર અહોભાવે ગદ્દગદ્દ દિલે વહોરાવે છે. રાતે મર્યો ત્યારે ગુરુ પ્રરૂપિત દયા, ત્યાગ તથા દાનની અનુમોદના કરતો રહ્યો તેથી પુણ્યાનુબંધી પુણ્યના ગુણાકાર રૂપે ૩૨-૩૨ પેટિયો; ૩૨ પત્ની, અઢળક સંપત્તિને ત્યજી શાલિભદ્ર ચારિત્ર ગ્રહણ કરે છે.

ખંધકમુનિની ચામડી ઉજરતાં કષાયો ન સેવ્યાં, સંયમભાવ સેવ્યો. સંતુષ્ટ થયેલા ધરણેન્દ્ર રાવણની ભક્તિથી તુષ્ટ થઇ તેના સાટે માંગવાનું કહે છે. ત્યારે રાવણ મુક્તિ માંગે છે. પ્રત્યુત્તરમાં તેઓ જણાવે છે કે મને તે મળી નથી તો કેવી રીતે આપી શકું. કેવી નિરાશંસ ભાવની ભક્તિ ! આનંદશ્રાવક તથા અર્હન્નકાદિ દશ ઉપાસકોની નિરાશંસભાવે ધર્મારાધના હતી.

સુદર્શન શેઠે પૂર્વભવમાં 'નમો અરિહંતાણં'ની રટણા નિરાશંસભાવે કરી તેથી પુણ્યનો ગુણાકાર થયો.

આ લેખની સમાપ્તિ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીના આ શ્લોકથી કરીએ:-

संसार सागराओ उब्बडो
मा पुणो निब्बुडिज्जा ।
चरणकरण विप्पहिणो
बुड्डई सुबहुंपि जाणंतो ॥

સંસાર સાગરમાં ઉંચે આવેલો, તું ફરીથી ડૂબી ન જઇશ ખૂબ જાણકાર હોવા છતાં પણ ચરણ-કરણ વગર તું ડૂબી જઇશ.

લખાણના નિષ્કર્ષરૂપે જણાવવું હોય તો :- (૧) પશ્ચાત્ તપારો, હાર્દિક, તપારો તે પ્રાયશ્ચિત. (૨) કરેલા પાપોને અનુલક્ષીને ખંતપૂર્વકનું પ્રાયશ્ચિત (૩) કરેલા પાપોનું નિષ્ઠાપૂર્વક પ્રત્યાખ્યાન. (૪) નિત્ય ઉપરના ગુણસ્થાનકે ચઢવા માટે પરિણતિ (૫) ભવિષ્યમાં કરેલાં પાપો ફરી ન થાય તે માટે અકરણનિયમ. જેમણે આ પાંચ તત્ત્વો જીવનમાં વણી લીધા છે તે પાપીઓનું ઉપરના દૃષ્ટાંતોમાં જીવન પરિવર્તન તથા કેવળજ્ઞાન કે મોક્ષપદની પ્રાપ્તિ જોવા મળે છે.

ઉન્નતિ પછી અવનતિના ગર્તમાં પડવા માટે આટલું નોંધી શકાય કે ચૌદ પૂર્વધરો કે નવગ્રૈવેયકમાં જનારો જીવ જો મિથ્યાત્વથી કલુષિત હોય તો પ્રથમ ગુણસ્થાનકે ગબડી પડે છે; તથા ચૌદ પૂર્વોનો જાણકાર હોય, પરંતુ તેમાંના એક અક્ષર વિષે મિથ્યાત્વ હોય તો પણ ઉન્નતિ પછી અવનતિ થઇ શકે છે.

જે પડે છે તે ઊભો થઇ શકે છે. જે બાળક ચાલે છે તે પડી ફરી ઊભો થઇ આવે છે.સમવસરણમાં ભગવાને કહ્યું છે કે 'पडिवाइ अनंता' પડનારાઓની સંખ્યા અનંત છે, પરંતુ જે પડયા છે, સમજ્યા છે તેઓ જ ફરી ઊભા થઇ આગળ વધી શકે છે. તેથી કહેવાયું છે કે 'कम्मे शूरा ते धम्मे शूरा' । દ્રઢપ્રહારી, અંગુલિમાલ, ચિલાતિપુત્ર, વંકચૂલ વગેરે કર્મ કરવામાં શૂરાપૂરાવીર હતા. તેઓ ધર્મ કરવામાં એટલું જ શૌર્ય કે તેથી અધિક બતાવી કલ્યાણકામી થઇ ગયા.

મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ એ ચારમાંનો એક પણ પાયો જો ગુમાવ્યો, અને આહાર, વિષય, પરિગ્રહ, ભય, નિદ્રા તથા ક્રોધ, માન, માયા, લોભ એ આઠમાંની એક પણ સંજ્ઞાના રોકાણની શુદ્ધિ જો ગુમાવી તો તે વ્યક્તિ ક્વચિત વિવેકભ્રષ્ટ થઈ જાય છે. તેણે કરેલી ઉંચી ધર્મસાધનાને પાયા વિનાની અને શુદ્ધિ વિનાની બનાવી દેવા સમર્થ છે. વિવેકભ્રષ્ટ થયેલાંઓમાં આઠ સંજ્ઞામાંથી ગમે તે એક કે અધિક સંજ્ઞાનું પ્રાબલ્ય ભ્રષ્ટ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ટૂંકાણમાં વેશ્યાને ઘેર ન જવાની મર્યાદાના લોપે નંદિષેણ, નીચું જોઇને ચાલવાની મર્યાદાના લોપે લક્ષ્મણા સાધ્વી, અવગ્રહમાં પ્રવેશ અંગે સ્ત્રીની મર્યાદાના લોપે સંભૂતિમુનિ, સંઘાટક સાથે ગોચરી જવાની મર્યાદાના અતિક્રમણે આષાઢાભૂતિ મુનિ, યોગ્ય કારણ હોવાથી પણ વિગઇઓના મર્યાદિત સેવનના લોપે કંડરિક મુનિ, નારી સામે નહિ જોવાની મર્યાદાના લોપે સિંહગુફાવાસી મુનિ વગેરેના ઉપર દોષોના હુમલા થઇ ગયા છે, અને પતન પામી ચારિત્ર લુપ્ત થઇ ગયું હોય છે. ઇર્ષ્યાથી રાજરાણી કુંતલા મરીને કુતરી થઇ. નિયાણાથી વૈયાવચ્ચી નંદિષેણ ગબડ્યા, ગુલાટ ખાઇ ગયા. ઉત્સૂત્ર પ્રરૂપણાથી જમાલિ, સાધ્વી રક્ષા, દર્પ અને અહંકારથી સિંહગુફાવાસી મુનિ, ક્રોધ થકી ચંડકૌશિક, મત્સરથી તથા દંભથી બાહુ-સુબાહુ, દ્રષ્ટિરાગ તથા કામરાગથી કુલવાલક મુનિ વગેરે પોતાને સર્વજ્ઞ માનનારો તથા ગર્વ અને અભિમાનથી ચાર જ્ઞાન ધરાવનાર જાતને પંડિત શિરોમણી માનનારા ગૌતમ મહાવીરસ્વામી દ્વારા સંબોધન પામતાં નમી પડી વિવેકહીનતાને તિલાંજલિ આપી તીર્થંકરના પ્રથમ ગણધર પદને પામ્યા.

☆☆☆

## મહાવીર વંદના

☆સંઘના ઉપક્રમે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળાના આર્થિક સહયોગથી રવિવાર તા. ૧૬-૪-૯૫ ના રોજ સવારે દસ વાગે બિરલા ક્રીડા કેન્દ્રમાં 'મહાવીર વંદના'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. કાર્યક્રમ ફક્ત સભ્યો માટે જ છે. તે માટે સભ્યોને કાર્ડ મોકલવામાં આવશે.

-મંત્રીઓ

## શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તથા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે ટ્રેઇનિંગ કોર્સ

અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તથા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે નીચે મુજબનો એક ટ્રેઇનિંગ કોર્સ રાખવામાં આવ્યો છે. કોઇપણ યુવાન આ ટ્રેઇનિંગ કોર્સમાં ભાગ લઇ શકે છે. તેના માટે સંઘના સભ્ય હોવું જરૂરી નથી.

**શિક્ષણ :** ગ્રેજ્યુએટ, ઉંમર ૨૦ થી ૩૫ વર્ષના માટે
**રજીસ્ટ્રેશન ફી :** રૂા. ૨૦૦ (શનિવારે બપોરે લંચ અને રવિવારે સવારે ચા-નાસ્તા સાથે)
**દિવસ અને તારીખ :** શનિવાર, તા. ૧૧-૩-૯૫ સવારે ૯-૦૦ થી ૫-૩૦. રવિવાર તા. ૧૨-૩-૯૫ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
**સ્થળ :** બી.સી.એ., ગ્રીન રૂમ, ગરવારે કલબ હાઉસ, ડી. રોડ, મરીનડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

આ ટ્રેઇનિંગ કોર્સમાં શ્રી મુરલીભાઇ મહેતા, શ્રી વિવેક પટકી અને શ્રી નિખિલ દેસાઇ જેવા નિષ્ણાંતો નીચે મુજબના વિષયો પર માર્ગદર્શન આપશે.

(૧) Goal Setting (૨) Time Management (૩) Effective Communication (૪) Human Relations (૫) Positive Thinking (૬) Leadership-Quality and Skill

આ ટ્રેઇનિંગ કોર્સમાં જોડાવા માટે નીચેના સરનામે રજીસ્ટ્રેશન ફી ભરી નામ નોંધાવવું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ, મુંબઇ-૪૦૦ ૦૦૪.

| | |
|---|---|
| નિરુબહેન એસ. શાહ | રમણલાલ ચી. શાહ |
| પ્રવીણચંદ્ર કે. શાહ | સૂર્યકાંત છો. પરીખ |
| માનદ મંત્રીઓ, | મેનેજીંગ ટ્રસ્ટીઓ, |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘ | શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ |

પ્રદીપ એ. જે. શાહ - પ્રવીણચંદ્ર કે. શાહ
સંયોજકો

## માંગરોળની 'આર્ચ' સંસ્થાની મુલાકાત

સંઘ દ્વારા ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન માંગરોળ (તા. રાજપીપળા)ની 'ARCH' સંસ્થાને સહાય કરવાનો પ્રોજેક્ટ લેવામાં આવ્યો હતો. અને તે માટે આશરે રૂપિયા સાત લાખની રકમ નોંધાઇ હતી.આ રકમનો ચેક એ સંસ્થાને અર્પણ કરવા માટે તથા એ સંસ્થાની મુલાકાત લેવા માટે એક કાર્યક્રમનું આયોજન શનિ-રવિ, તા. ૧લી અને ૨જી એપ્રિલ, ૧૯૯૫ના રોજ માંગરોળ ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં રસ ધરાવતા સભ્યોને કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

-મંત્રીઓ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮, લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : ૬ ● અંક : ૩ ● ● તા. ૧૬-૩-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## વારસદારો

થોડાં સમય પહેલાં ગુજરાતમાં એક નાના ગામડામાં નેત્રયજ્ઞ પ્રસંગે જવાનું પ્રાપ્ત થયું હતું. એ ગામના એક વયોવૃદ્ધ ધનિક શેઠે પોતાની હયાતીમાં જ પોતાના ઘર, જમીન, મિલકત બધું ગામને સમર્પિત કરી દીધું હતું અને પોતે અકિંચન થઇને રહેતા હતા. એમના ભોજન વગેરેની જવાબદારી ગામના લોકોએ ઉપાડી લીધી હતી. પોતાની હયાતીમાં જ પોતાનું સર્વસ્વ બીજાઓને આપી દેવું એમાં કેટલી ઊંચી ત્યાગભાવના અને કેટલી દ્રઢ શ્રદ્ધા રહેલી છે. જે ગામમાં પોતે જન્મ્યા, મોટા થયા અને કમાયા એ ગામને એમણે પોતાની સર્વ મિલકતનું વારસદાર બનાવી દીધું હતું.

કુદરતની વ્યવસ્થામાં કેટલું બધું ઔચિત્ય રહેલું છે કે માણસ જ્યારે જીવન પૂરું કરી આ દુનિયામાંથી સદાને માટે વિદાય લે છે ત્યારે પોતાની સાથે કોઇ પણ ભૌતિક પદાર્થ લઇ જઈ શકતો નથી. અરે, પોતાનો સૌષ્ઠવયુક્ત રૂપાળો દેહ પણ લઈ જવાતો નથી. માણસ પોતાની સાથે પોતાની ઇચ્છા પ્રમાણે જો બધું લઇ જઇ શકતો હોત તો આ દુનિયાનું સ્વરૂપ ઘણું જુદું હોત. માનવ અને માનવ વચ્ચેના સંબંધોનું સ્વરૂપ પણ જુદું હોત. વિવિધ પ્રકારના તર્ક અને કલ્પના એ વિષયમાં ચલાવી શકાય.

જૂના વખતની એક જાણીતી દંતકથા છે. એક રાજાને પોતાના કેટલાંક કિંમતી રત્નો અત્યંત પ્રિય હતાં. તે ચોવીસ કલાક પોતાની પાસે જ રાખતા અને પેટીમાંથી કાઢીને જોઇ જોઇને રાજી થતા. એ રત્નો તેઓ પોતાના કુંવરને પણ આપતા નહિ. રાજા વૃદ્ધ થયા અને મરણ પથારીમાં પડ્યા, પણ રત્નો છૂટતાં નહોતાં. રાજાને સમજાવવા માટે એક દિવસ દીવાને રાજાના હાથમાં એક સોય મૂકતાં કહ્યું, 'મહારાજ ! ગઇ કાલે સ્વપ્નમાં મને આપણાં નગરનો પેલો દરજી આવ્યો. મરીને એ સ્વર્ગમાં ગયો છે. પણ ત્યાં એનું સીવવાનું કામ થતું નથી, કારણ કે એ પોતાની સોય સાથે લેવાનું ભૂલી ગયો છે. તો એ સોય આપની સાથે મોકલવા માટે એણે મને ભલામણ કરી. એથી એને ઘરે જઇને હું આ સોય લઇ આવ્યો છું. આ સોય આપ આપનાં રત્નોની સાથે સ્વર્ગમાં લેતા જજો. એ દરજી ત્યાં આપની પાસે આવીને સોય લઇ જશે.' દીવાનની વાતથી રાજાની આંખ ખૂલી ગઇ. રત્નો માટેની તેમની આસક્તિ છૂટી ગઇ.

માણસ પોતાની સાથે કશું નથી લઇ જઇ શકતો, પણ પોતાના માલ-મિલકત, જર-જમીન, ઘરેણાં વગેરે પોતાની ઇચ્છા પ્રમાણે બીજાને આપી જવાનો ભાવ તે જરૂર રાખે છે. બીજી બાજુ વિદાય લેતી વ્યક્તિનો વારસો મેળવવાની ઇચ્છા ધરાવનાર લોકો પણ સર્વત્ર હોય છે. ક્યારેક તો વારસો આપનારી વ્યક્તિ જલદી વિદાય લે તો સારું એવી સ્વાર્થી વૃત્તિ ધરાવનારા માણસો પણ જોવા મળે છે. આમ, પોતાનો વારસો આપવાની અને કોઇકની પાસેથી વારસો મેળવવાની એમ ઉભય પ્રકારની વૃત્તિ માનવજાતમાં રહેલી છે. પરંતુ દરેક વખતે દરેકની ઇચ્છા સર્વથા સંપૂર્ણપણે ફળીભૂત થાય છે એવું નથી હોતું. મોટા સારા વારસાની લાલચ આપી બીજા પાસે યુક્તિપૂર્વક કામ કરાવી લેનારા લુચ્ચા અપ્રામાણિક માણસો હોય છે અને માત્ર વારસાની લાલચે વડીલની સેવા-ચાકરી કરનાર વ્યક્તિ વારસો મેળવતાં પહેલાં જ ગુજરી જવાના કિસ્સા પણ બને છે. પોતાની મિલકતના કાયદેસરના વારસદારોનાં નામ અને હિસ્સા જીવનની અંતિમ ક્ષણ સુધી ગુપ્ત રાખવાની કે બદલવાની કાનૂની છૂટ આપવામાં આવે છે. એમાં મનુષ્ય સ્વભાવની વિચિત્રતા અને વિલક્ષણતાનું ઘેરું પ્રતિબિંબ પડેલું જોઇ શકાય છે.

જૂના વખતમાં સંયુક્ત કુટુંબની પ્રથા હતી ત્યારે અને કરવેરાના કાયદાઓ ખાસ બહુ નહોતા ત્યારે માણસ પાંચ સાત પેઢી સુધી ચાલે એટલું ધન કમાવાની ઇચ્છા રાખતો. પરંતુ પાંચ-સાત પેઢી સુધી ધન પહોંચે એવી કિસ્સાઓ તો જવલ્લે જ બનતા. સાત માળની હવેલીમાં સાતમે માળે પાંચમી પેઢીના પુત્રને સોનાના પારણામાં હિંચોળવાનું વરદાન દેવ-દેવી પાસે માગતી સ્ત્રીનું ચિત્ર એ તો નરી કવિ-કલ્પના જ છે !

કેટલાક માણસોને પોતાની મિલ્કતના વારસા માટે ઘણી ચિંતા રહેતી હોય છે. એક કરતા વધારે સંતાનો હોય ત્યારે વારસાની વહેંચણી સરખી રીતે અને સમાંતર કરવાનું ઘણું અઘરું બની જાય છે. મા-બાપને પણ સંતાનોમાં કેટલાંક વધારે કે ઓછાં વહાલાં હોય છે. અગાઉથી વારસો જાહેર કરાવમાં વારસદારોમાં માંહોમાંહે ઝઘડા થવાની અને કુટુંબમાં કલેશ-કંકાસ થવાની ઘણી શક્યતા રહે છે. કેટલાંક માતા-પિતા પોતાના વારસાની વિગતો છેવટ સુધી ગુપ્ત રાખે છે. પોતાના વસિયતનામામાં એ બધી વિગતો લખે છે.

કેટલાંક નિઃસંતાન માણસોને પણ પોતાના માલ-મિલકતના વારસા માટે ઘણી ચિંતા રહે છે. ક્યારેક અયોગ્ય ખુશામતખોરો તેમનો વારસો પડાવી જવામાં સફળ નીવડે છે. કેટલીક વખત તેમણે કરેલા વિલ પ્રમાણે બધું બનતું નથી હોતું, જેમના હાથમાં તેના મોમાં એવી ઘટના પણ બને છે. કોર્ટના કાંવાદાવામાં પડવાનું કેટલાંકને ગમતું નથી. વિલ કરનારને તો લાગે છે કે પોતાના માલ-મિલકતના વારસાની

વહેંચણી માટે બધું જ વ્યવસ્થિત વિચારીને યોગ્ય રીતે કર્યું છે. પરંતુ તેમના ગયા પછી તેનું પરિણામ કંઇક જુદું જ આવે છે.

કેટલાંક માણસો પોતાના વિલમાં કોને શું શું આપવું તેની વિગત લખી લે છે, પણ પછી પોતે એટલું બધું લાંબું જીવે છે કે વારસદારો વારસો મેળવતાં પહેલાં જ વિદાય લઇ લે છે ! તેઓ એવા વડીલની સેવા-ચાકરી કરીને પોતાની જિંદગીને નીચોવી નાખે છે. કેટલીક વ્યક્તિઓ ઘણું લાંબું જીવે છે પરંતુ સંજોગોનુસાર વિલને સુધારવાની અર્થાત્ નવું વિલ બનાવવાની ફુરસદ તેમને મળતી નથી. આપણાં ગઇ પેઢીના એક નિઃસંતાન ધનિક સાક્ષરે પોતાની નિષ્ઠાપૂર્વક ચાકરી કરનાર નોકરને માટે પોતાના વિલમાં રૂપિયા બારસોની રકમ લખી હતી. દસેક વર્ષના પગાર જેટલી એ રકમ ગણાય. એ રકમ જ્યારે લખાઇ ત્યારે ઘણી જ મોટી હતી. નોકર પણ એ જાણીને રાજી રાજી થઇ ગયો હતો. પરંતુ લેખક ઘણું લાંબું જીવ્યા. નવું વિલ બન્યું નહિ અને અંતે અવસાન પામ્યા ત્યારે તેમની લાખોની મિલ્કતમાંથી એમના છેલ્લા શ્વાસ સુધી ચાકરી કરનાર નોકરને ફક્ત બારસો રૂપિયા જ મળ્યા ત્યારે શેઠે પોતાની આટલી જ કદર કરી એવો આઘાત અનુભવીને એ નોકર ખૂબ રડ્યો હતો.

કેટલાક માણસો પ્રકૃતિએ બહુ કૃપણ હોય છે અને એથી પોતાની હયાતીમાં બીજાને ખાસ બહુ આપી શકતા નથી. કેટલાક ચતુર માણસો પોતાના વિલમાં પોતાના વારસા માટે કોઇકના નામ લખીને તેમની પાસે ઘણું કામ કરાવી લે છે પણ હકીકતમાં તેમને તેઓ વારસો આપવાનો ઇરાદો નથી હોતો અને પછીથી કરેલી બીજા વિલમાં તેમના નામ કાઢી નાખેલાં હોય છે.

કેટલાંક માણસોએ નાનપણમાં ઘણું દુઃખ વેઠ્યું હોય છે. બહુ કષ્ટથી તેઓ અર્થોપાર્જન કરતા હોય છે. કુટુંબનું ગુજરાન માંડ માંડ ચલાવી શકતા હોય છે. પરંતુ સતત પુરુષાર્થ અને નસીબની યારીને કારણે અચાનક ધનવાન થઇ જાય છે. એક બે દાયકામાં તો તેઓ મોટા ધનપતિ થઇ જાય છે. સમાજમાં ઠેર ઠેર માનપાન મેળવે છે. તેમને એક જ લગની લાગે છે કે જે દુઃખ પોતાને પડ્યું તેવું દુઃખ પોતાનાં સંતાનોને ભોગવવાનું ન આવે. એટલા માટે તેઓ પોતાના સંતાનોને બહુ લાડકોડમાં ઉછરે છે. તેમને માટે વધુમાં વધુ ધન સંપત્તિ મૂકી જવાની ભાવના સેવે છે. પરંતુ તેમના સ્વર્ગવાસ પછી શ્રીમંત થયેલા દીકરાઓ જોતજોતામાં ધન સંપત્તિ ઉડાવવા લાગે છે. વાર-તહેવારે મહેફીલો જામે છે. દારૂ, જુગાર, પરસ્ત્રીગમન વગેરે વ્યસનોમાં તેઓ રાચે છે અને પુરુષાર્થહીન નિઃસત્વ જીવન તેઓ જીવે છે. વારસો મૂકી જનાર વ્યક્તિ આવું દશ્ય જો કદાચ જોઇ શકે તો તેને થાય કે 'અરેરે ! મારી સંપત્તિની આ દુર્દશા ! મેં આ કેવી મોટી ભૂલ કરી !'

પોતાના સંતાનોને અઢળક ધન સંપત્તિનો વારસો આપવામાં ઘણાં ભયસ્થાનો રહેલાં છે. સંપત્તિ સાથે ભોગ-વિલાસ આવ્યા વિના રહેતાં નથી. અભિમાન, સ્વચ્છંદીપણું, મનસ્વીપણું, ક્રોધાદિ ઉગ્ર કષાયો, વેર લેવાની વૃત્તિ વગેરે ધનના જોરે વધે છે અને પોષાય છે. માણસ જાગૃત ન હોય તો ધનના અનર્થો તરફ ઘસડાય છે અને ખોટા મિત્રોની સોબતે ચઢી જાય છે. માટે પોતાના સંતાનોને વારસામાં અઢળક સંપત્તિ આપતાં પહેલાં વિચારવાન માણસે બહુ જાગૃત રહેવાની જરૂર છે.

કેટલાક દીર્ઘદ્રષ્ટિવાળા માણસો સંતાનોના હાથમાં સંપત્તિ ન સોંપતા તેનું ટ્રસ્ટ કરી નાખે છે, પરંતુ એવાં ટ્રસ્ટોને પણ ધોઇ પીનારા હોય છે. સરવાળે તો સંતાનોને વધુ પડતી સંપત્તિનો વારસો ઘણીવાર શક્તિહીન, એદી અને તામસી બનાવવામાં જ પરિણમે છે.

જે માણસને એક કરતાં વધુ પત્ની હોય કે પત્ની તથા રખાત હોય અને તેનાં સંતાનો હોય તેવા માણસે તો પોતાની સંપત્તિનું વેળાસર વિભાજન કરી લેવું જોઇએ. જેઓ એમ કરતાં નથી તેઓ અંતે તો પોતાના સંતાનોને વધારામાં વેરઝેરનો વારસો આપીને જ જાય છે.

પોતાને એકનો એક દીકરો હોય અને છતાં પિતાને પોતાની સંપત્તિના વારસદાર તરીકે અન્ય કોઇ વ્યક્તિ કે સંસ્થાને નિમવાની ઇચ્છા થાય એ કંઇ જેવું તેવું દુઃખ નથી. પિતા-પુત્ર વચ્ચે ક્યારેક એટલું બધું વૈમનસ્વ થઇ જાય છે કે બોલવા વ્યવહાર પણ રહેતો નથી. એમા એક પક્ષે જ વાંક હોય છે એવું નથી. તો પણ આવી વિષમ પરિસ્થિતિ પ્રત્યેક સમાજમાં વખતોવખત સર્જાય છે.

જેઓને પોતાનાં સંતાનોના ભાવિની ચિંતા નથી હોતી અને જેઓ પોતાની માતબર સંપત્તિમાંથી લોકકલ્યાણ અર્થે કંઇક ધનરાશિ વાપરવાની ભાવના રાખતા હોય તેઓએ તો પોતાના સંતાનો ઉપર આધાર રાખવાને બદલે પોતાની હયાતીમાં જ એવાં શુભ કાર્ય પતાવી દેવાં જોઇએ. મનુષ્યનું ચિત્ત ઘણું સંકુલ છે. વાતને વિલંબમાં મૂકવા માટેનાં વ્યાજબી કારણો ઘણાં મળી રહે. પરંતુ એવે વખતે દઢ મનોબળ રાખીને પોતાના સંકલ્પો સવેળા પાર પાડવા જોઇએ. ભાવિ અનિશ્ચિત હોય છે અને સંતાનોના સંજોગો અને મતિ બદલાતાં વાર નથી લાગતી. પિતાના અવસાન પછી ધંધામાં અચાનક નુકસાની આવતાં કે ભાઇઓ-ભાઇઓ માંહોમાંહે પોતાના ભાગ માટે કોર્ટે ચડતાં પિતાના સંકલ્પને પાર પાડવાની દરકાર કોઇને ન રહી હોય એવા કેટલાય કિસ્સા જોવા મળે છે.

વ્યાવસાયિક ક્ષેત્રે કેટલાક માણસો પોતાના વ્યવસાયનો વારસો પોતાના સંતાનોને આપવામાં સફળ નીવડે છે. તેજસ્વી સંતાનો પોતાના પિતાના વારસાને સવાયો કે બમણો કરીને દીપાવે છે. ડૉક્ટર એન્જિનિયર, સોલિસિટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા કેટલાંક વ્યવસાયકારો પોતાની બુદ્ધિ, શક્તિ, આવડત વગેરે દ્વારા પોતાનાં સંતાનોને તૈયાર કરે છે. ઘરનું વાતાવરણ પણ તેને પોષક નીવડે છે. વળી પિતાના અનુભવો અને સંબંધો પણ પુત્રને કામ લાગે છે. પુત્રની કારકિર્દી ઘડવામાં પિતા સતત સહાય રૂપ માર્ગદર્શક બની રહે છે એટલું જ નહિ તે તે ક્ષેત્રમાં થયેલી છેલ્લામાં છેલ્લી પ્રગતિથી પોતાના સંતાનોને વાકેફ રાખે છે. એથી સંતાનો પિતાના વારસાને સારી રીતે શોભાવી શકે છે. દુનિયાભરમાં એવા અસંખ્ય ઉદાહરણો જોવા મળશે કે જેમાં ડૉક્ટરનો દીકરો સારો ડૉક્ટર થયો હોય, વકીલનો દીકરો વકીલ થયો હોય, વૈજ્ઞાનિકનો દીકરો વૈજ્ઞાનિક થયો હોય. ડૉક્ટરી વ્યવસાયમાં પણ જુદી જુદી શાખાઓના નિષ્ણાતોમાં આંખના ડૉક્ટરનો દીકરો આંખનો ડૉક્ટર બન્યો હોય, ઇ.એન.ટી. ડૉક્ટરનો દીકરો એ વિષયમાં પ્રસિદ્ધ ડૉક્ટર થઇ શક્યો હોય. કોઇ નામાંકિત સંગીતકારનો દીકરો સુપ્રસિદ્ધ સંગીતકાર બન્યો હોય એવાં ઉદાહરણ પણ જોવા મળે છે.

પોતાના જ ક્ષેત્ર અને વિષયનો વારસો સંતાનને સોંપવામાં ક્યારેક વૈમનસ્ય થવાનો સંભવ પણ રહે છે. એમાં વ્યવસાયની પ્રગતિ તો ખરી, પરંતુ પિતા અને પુત્ર વચ્ચેના સ્વભાવનો કે વિચારોનો મેળ ન હોય તો સંઘર્ષ થાય છે અને એક જ વ્યવસાયમાં હોવા છતાં પિતા અને પુત્ર એકબીજાના પ્રતિસ્પર્ધી જેવા બની જાય છે.

કેટલાક વ્યવસાયો સ્વરૂપે એવા હોય છે કે પોતાનો પુત્ર પોતાના વ્યવસાયનો વારસો ન સ્વીકારે એવું પિતા ઇચ્છતા હોય છે. જે વ્યવસાયમાં બહુ કસ રહ્યો ન હોય અથવા પોતાને ઘણાં વિપરીત વ્યાવસાયિક અનુભવો થયા હોય તેવા માણસો પોતાના વ્યવસાય પોતાના સંતાનને ન સોંપતાં તેમને જુદી જ દિશામાં વાળે છે.

શિક્ષક કે અધ્યાપક કે પંડિત પોતાનાં સંતાનો શિક્ષક કે અધ્યાપક કે પંડિત બને એવું ઇચ્છે એવા કિસ્સા એકંદરે ઓછા બને છે. બૌદ્ધિક અને આર્થિક એમ બંને પ્રશ્નો એમાં સંકળાયેલા છે. છેલ્લાં પાંચેક દાયકામાં ગુજરાતી વિષયનાં અધ્યાપકોમાંથી કેટલાંનાં સંતાનો ગુજરાતી વિષયનાં અધ્યાપક થયાં ? ખાસ કોઇ નહિ. તેવી રીતે સંસ્કૃત, હિંદી, મરાઠી વગેરે ભાષામાં પણ જોવા મળશે. પત્રકારોમાંથી બહુ ઓછાનાં

સંતાનો પત્રકાર બને છે. જે વ્યવસાયો પોતે સારા રસિક હોય પણ જેમાં આર્થિક બરકત બહુ ઓછી હોય એવા વ્યવસાયકારો પોતાનો વ્યાવસાયિક વારસો સંતાનોને આપવાની ઇચ્છા ઓછી રાખે છે. સંજોગોવશાત્ લાચારીથી તેમ ન કરવું પડે તે જુદી વાત છે.

અધ્યાપકોના વ્યવસાયમાં ગ્રંથોનું મૂલ્ય ઘણું મોટું હોય છે. ગ્રંથો તેમની મહત્ત્વની મૂડી બની જાય છે. કેટલાક અધ્યાપકોની આર્થિક સ્થિતિ બહુ સારી નથી હોતી, પરંતુ તેમનું ઘર ગ્રંથોથી સમૃદ્ધ હોય છે. કેટલાયે અધ્યાપકોને પોતાના અવસાન પછી પોતાના ગ્રંથો બીજા કોને આપવા તેનો વિચાર થતો રહે છે. ગ્રંથો માટેનું અધ્યાપકોનું મમત્વ ઘણું મોટું હોય તે સમજી શકાય તેવી વાત છે. પરંતુ કેટલાયે અધ્યાપકોના અવસાન પછી એમના ગ્રંથસંગ્રહ વેરવિખેર થઇ ગયાનું સાંભળ્યું છે. અમારા એક વડીલ અધ્યાપકને ગ્રંથો વસાવવાનો ઘણો મોટો શોખ હતો. પોતાનો ગ્રંથ બીજા કોઇને વાંચવા માટે આપવામાં તેઓ ઘણી આનાકાની કરતા. પરંતુ તેમનું અકાળે અવસાન થતાં તેમનો પુત્ર એ બધા ગ્રંથો એક ગ્રંથાલયને ભેટ તરીકે આપી આવ્યો. પરંતું ગ્રંથાલય માટે એટલાં બધાં પુસ્તકો રાખવાની જોગવાઇ નહોતી, એટલે ગ્રંથાલયે તો પોતાના કામના થોડાંક કિંમતી પુસ્તકો પાસે રાખીને બાકીના બધા જ પુસ્તકો વાચકોને મફત લઇ જવા માટે આપી દીધા. એક અઠવાડિયામાં તો આખો ગ્રંથસંગ્રહ વેરવિખેર થઇ ગયો.

કેટલાક માણસો સામાજિક કાર્યકર્તા કે રાજદ્વારી નેતા તરીકે પોતાના ક્ષેત્રમાં જે સ્થાન અને સત્તા ધરાવતા હોય છે તે સ્થાન અને સત્તા પોતાના પછી પોતાનાં સંતાનને પ્રાપ્ત થાય એવી ભાવના રાખતા હોય છે. કેટલીકવાર એ ભાવનાને તેઓ સ્પષ્ટપણે વ્યક્ત કરે છે અથવા બીજા પાસે વ્યક્ત કરાવે છે, તો કેટલીકવાર પોતાની એ ભાવનાને અંતરમાં રાખે છે અને સાનુકૂળ સમય જોઇ, તક મળતાં તે વ્યક્ત કરે છે. પોતાનાં સંતાનની એવા સત્તાસ્થાન માટે યોગ્યતા ઓછી હોય તો પણ પિતાની નજરમાં તે આવતી નથી. અપત્ય-સ્નેહને કારણે તેમને પોતાનાં સંતાનો ખરેખર હોય તે કરતાં વધારે મોટા અને શક્તિશાળી લાગે છે. આવી રીતે પદ અને સત્તાનો વારસો સંતાનને સોંપવાથી કેટલીકવાર સારું પરિણામ આવે છે, તો કેટલીક વાર એથી અનર્થો પણ સર્જાય છે.

પં. જવાહરલાલ નહેરુ વૃદ્ધ થયા ત્યારે 'જવાહર પછી કોણ?' એવી ઘણી ચર્ચા ચાલી હતી. પોતાના ઉત્તરાધિકારી તરીકે કોઇકનું નામ જવાહરલાલજીએ જાહેર કરવું જોઇએ એવી માંગણી કેટલાય રાજદ્વારી નેતાઓએ વારંવાર કરી હતી. પરંતુ જવાહરલાલજીએ તે અંગે કોઇ શબ્દ ઉચ્ચાર્યો ન હોતો. પરંતુ એમના અંતરમાં ઇચ્છા પડેલી હતી કે પોતાની પુત્રી ઇન્દિરા પોતાના પછી ભારતનું વડાપ્રધાનનું પદ મેળવે. એ દૃષ્ટિએ એમણે પોતાની હયાતીમાં જ ઇન્દિરાને કેટલાંક મોટાં અને મહત્ત્વનાં સ્થાન અપાવ્યાં હતાં અને એમને સારો અનુભવ મળે તે માટે સતત પોતાની પાસે રાખ્યાં હતાં. અલબત્ત ઇન્દિરા ગાંધીએ સત્તા મળતાં વડા પ્રધાનના પદ માટેની કાબેલિયત દાખવી હતી, પરંતુ જવાહરલાલજીના વારસાને તેમણે શોભાવ્યો હતો એમ ન કહી શકાય.

ધનસંપત્તિના વારસા ઉપરાંત પોતાના સંતાનો અને એમનાં સંતાનો પોતાનાં જેવાં જ ધાર્મિક, સદાચારી, સેવાભાવી, પ્રામાણિક થાય એવી ભાવના ઘણા રાખે છે. પરંતુ તેમાં પોતાની ઇચ્છાનુસાર જ બધું થાય છે એવું નથી. છેલ્લાં કેટલાંક સમયથી દુનિયાની વિભિન્ન પ્રજાઓની હેરફેર સતત વધતી રહી છે. કેટલાયે ભારતીય લોકો દેશવિદેશમાં જઇને વસ્યા છે. કેટલાંકે સ્થાનિક લોકો સાથે લગ્નસંબંધો પણ બાંધી લીધા છે. એમની વર્ણસંકર પ્રજા પણ ઉત્તરોત્તર વધુ વર્ણસંકર થતી રહી છે. ભારતના કોઇ હિંદુ ડૉક્ટર કેનેડામાં જઇ ત્યાંની યુવતી સાથે લગ્ન કરે. એને પ્રાપ્ત થયેલ પુત્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં કરતાં ઇરાનથી અભ્યાસ કરવા આવેલી કોઇ મુસ્લિમ યુવતી સાથે લગ્ન કરે એવા એવા કિસ્સા ઉત્તરોત્તર વધુ બનવા લાગ્યા છે. ત્રીજી, ચોથી પેઢીના પોતાના વારસદાર સંતાનો પોતાની કલ્પના, ઇચ્છા પ્રમાણે જ હશે એવા ભ્રમમાં માણસે રહેવું ન જોઇએ. જૂના વખતમાં બનતું હતું તેના કરતા વર્તમાન સમયમાં વર્ણસંકર પ્રજાનો સંભવ ઉત્તરોત્તર વધતો ચાલ્યો છે. માત્ર ભાષાં કે પ્રાદેશિક લાક્ષણિકતા જ નહિ, ધર્મ અને વર્ણના વર્ણસંકર ઉદાહરણો પણ ઘણાં જોવા મળે છે.

ગઇ સદીના આપણાં એક સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક જૈનધર્મ, જૈન સંસ્કાર અને સંસ્કૃત, અર્ધમાગધી અને ગુજરાતી ભાષા માટે ઘણું અભિમાન ધરાવતા. તેઓ આંગ્લ ભાષા માટે ભારે અણગમો બનાવતા. આંગ્લ સંસ્કાર માટે તેમને બહુ અપ્રીતિ હતી. પરંતુ તેમના સુશિક્ષિત પુત્ર વધુ અભ્યાસ અર્થે સ્વીઝરલેન્ડ ગયા. અભ્યાસકાળ દરમિયાન ત્યાંની યુવતી સાથે લગ્ન કર્યાં. પછી કાયમ માટે તેમણે સ્વીઝરલેન્ડમાં વસવાટ સ્વીકારી લીધો. તેમને બે સંતાનો થયાં. એ સંતાનોને નથી જૈન ધર્મ સાથે કશી નિસ્બત કે નથી ભારતીય ભાષા સાથે. વસ્તુતઃ ભારત જેવા પછાત, ગરીબ અને ગંદકીવાળા દેશને તો તેઓ ધિક્કારે છે. એક જ પેઢીના અંતરમાં કેટલું બધું વિપરીતપણું આવી ગયું હતું.

કેટલાંક સમય પહેલાં અમેરિકામાં મારા એક વિદ્યાર્થીને ત્યાં જવાનું થયેલું. એણે પોતાના એક મિત્રનો મને પરિચય કરાવ્યો. એ મિત્રે એક અમેરિકન યુવતી સાથે લગ્ન કર્યા હતાં. એ મિત્રની સાથે વાત કરતાં જાણવા મળ્યું કે એના દાદા તો ગુજરાતના એક મોટા સામાજિક કાર્યકર્તા હતા. તેઓ ચુસ્ત જૈન ધર્મ પાળતા હતા. તેઓ બારવ્રતધારી શ્રાવક હતા. કંદમૂળ વગેરે અભક્ષ્ય અને અનંતકાયની તેમને આજીવન બાધા હતી. તેઓ રાત્રિભોજન કરતા નહિ. જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વગેરે એમના ધર્મમય જીવનમાં પૂરાં વણાઇ ગયાં હતાં. એમણે ખૂબ લાડકોડથી પોતાના આ પૌત્રને સારી રીતે ઉછેર્યો હતો. નાનપણમાં એને સૂત્રો, સ્તવનો વગેરે કંઠસ્થ કરાવ્યાં હતાં. તેઓ પોતાના એ પૌત્રના ખૂબ વખાણ કરતા અને ગર્વ અનુભવતા. પરંતુ મોટા થતાં પૌત્ર અમેરિકા ભણવા ગયો. ત્યાં અમેરિકન યુવતી સાથે લગ્ન કર્યાં. જીવનનું વહેણ બદલાયું. દારૂ અને માંસાહાર સહજ રીતે એના જીવનમાં વણાઇ ગયાં. ધર્મમાંથી પોતાની શ્રદ્ધા ઊડી ગઇ, એટલું જ નહિ પોતાને જૈન તરીકે ઓળખાવતાં પણ એને શરમ લાગતી હતી. સદ્ભાગ્યે પોતાના આ પૌત્રનું ભાવિ જીવન જોવા દાદા હયાત રહ્યા ન હતા. જો તેઓ હયાત હોત તો પોતાના એ વારસદારને માટે એમને પારાવાર દુઃખ થયું હોત.

આ તો પૌત્રની વાત થઇ. પણ ખુદ પુત્ર પણ શત્રુ જેવો નીવડે એવી ઘટનાઓ પણ બને છે. એક હિંદુ મંદિરના ટ્રસ્ટી પોતે માત્ર શાકાહારી જ નહિ, મરજાદી પણ હતા. એમનો પુત્ર જર્મનીમાં ભણીને આવ્યો અને જર્મન પત્નીને પણ લાવ્યો. એક જ બંગલામાં માતાપિતા સાથે રહેતો એ યુવાન ઘરમાં જ મરઘી લાવીને રાંધતો. માતાપિતાની પાછલી જિંદગીને એણે ધૂળધાણી કરી નાખી અને બંગલાનો માલિક થઇને બેસી ગયો.

ગઇ પેઢીના એક કલા વિવેચક પોતાના લેખોમાં મરાઠીઓએ ગુજરાતને સાહિત્ય-સંગીત કલાના ક્ષેત્રમાં ઘણો મોટો અન્યાય ભૂતકાળમાં કર્યો છે એવો દ્વેષભર્યો આક્ષેપ વખતોવખત ઉચ્ચારતા. તેમની સાથેની અંગત વાતચીતમાં પણ એમનાં મરાઠીઓ પ્રત્યેના દ્વેષભર્યાં કટુ વચનો સાંભળ્યાં હતાં. પરંતુ કુદરતની વિચિત્રતા કેવી કે એમના ત્રણે સંતાનોએ મરાઠીભાષી વ્યક્તિ સાથે પ્રેમલગ્ન કરી લીધાં. પોતાનાં દીકરા કે દીકરી પોતાના શત્રુના દીકરા કે દીકરી સાથે ભાગી જઇને લગ્ન કરે એવી ઘટનાઓ ઠેઠ પ્રાચીનકાળથી બનતી આવી છે. રોમિયો અને જુલિયેટની વાત પણ જાણીતી છે.

પોતાના પાંચમી છઠ્ઠી પેઢીના કે તે પછીનાં વારસદાર સંતાનો પોતાનાં ભાષા, ધર્મ, જીવનશૈલીને કે ભાવનાને અનુસરતાંમ રહેશે એવું માનવું અવાસ્તવિક છે. કોઇક વિરલ અપવાદરૂપ કિસ્સાઓમાં એવા વારસાદર સંતાન કે સંતાનો એથી અધિક સંતોષકારક હોઇ શકે, પરંતુ ઘણા કિસ્સાઓમાં તો પરિણામ વિપરીત કે અપયશ અપાવનારું પણ હોઇ શકે. એક વાવ બંધાવનારના વારસદારે તો પીવાના પાણીના પૈસા માગ્યા એટલે તો વિમલ મંત્રીએ પોતાને સંતાન ન હોય એવું વરદાન અંબામાતા પાસે માગ્યું હતું.

ત્રણ-ચાર પેઢીએ કે આઠ દસ પેઢીએ માણસના વારસદારો તદ્દન બેહાલ દશામાં હોય એવું બને છે. કવિ મલબારીએ ગાયું છે કે-

સગાં દીઠા મેં શાહ આલમનાં,
ભીખ માંગતા શેરીએ.

જે રાજા રાજ્યની સર્વોચ્ચ સત્તા ધરાવતો હોય અને રાજ્યની અઢળક સમૃદ્ધિ ભોગવતો હોય, સુખચેનમાં જીવન પસાર કરતો હોય એ જ વ્યક્તિના સંતાનો અને સગાં સંબંધીઓ માટે રાજ્યનો પરાજ્ય થતાં ભીખ માગવાનો વખત આવે એમાં કશું આશ્ચર્ય નથી. રાજ્ય સત્તાના ક્ષેત્રે પણ ચડતી-પડતીનો ક્રમ ચાલ્યા જ કરે છે. વળી રાજા એક હોય પણ એના કુંવરો ત્રણ-ચાર કે વધુ હોય તો તે દરેકને સરખી રાજસત્તા કે મિલ્કત મળતી નથી. એવા સત્તાવિહીન રાજકુંવરોના ઉત્તરોત્તર વધતા જતા વંશજોમાં વારસામાં મળેલી સંપત્તિ વહેંચાતી વહેંચાતી ગામગરાસ સુધી આવે છે. એમ કરતાં કરતાં એક વખત એવો આવે છે કે જ્યારે મૂળ રાજવંશી કુટુંબના વારસદારોને ભીખ માંગવાનો વખત આવે છે.

પોતાનો ધાર્મિક, સાંસ્કારિક, વારસો પોતાની ઘણી પેઢી સુધી ચાલ્યા કરે એવી ભાવના રાખવી તે ઉત્તમ વાત છે, પણ તેવો આગ્રહ રાખવા જતાં દુઃખી થવાનો વખત આવે એવો સંભવ રહે છે. ઝડપથી બદલાતા જતા જીવન વ્યવનહારમાં વારસદારો પણ એવો ધાર્મિક કે સાંસારિક વારસો સાચવવા અંગે વિવશ બની જાય છે. વસ્તુતઃ મનુષ્યે પોતાના જીવનને જ ઉત્તમ રીતે કૃતાર્થ કરવા તરફ લક્ષ આપવું જોઇએ અને ભાવિ પેઢીમાંથી મમત્વભાવને પાછો ખેંચી લેવો જોઇએ.

કેટલીક ગુપ્ત વિદ્યાઓ ધરાવનાર મહાપુરુષો યોગ્ય ઉત્તરાધિકારી સિવાય બીજા કોઇને પોતાની વિદ્યા સોંપતા નથી. પોતાના સંતાનોમાં જો એવી પાત્રતા ન હોય તો વિદ્યાની પરંપરા ભલે વિચ્છિન્ન થઇ જાય, પરંતુ અપાત્રને વિદ્યાનો વારસો આપવામાં ઘણું જોખમ છે એમ તેઓ સમજે છે. મંત્રવિદ્યા વગેરે કેટલીક ગૂઢ રહસ્યમય વિદ્યાઓની બાબતમાં આમ બનવું સ્વાભાવિક છે. જ્યોતિષ, આયુર્વેદ વગેરે કેટલીક વિદ્યાઓ માટે યોગ્ય ઉત્તરાધિકારી મેળવવાનું અઘરું નથી. પરંતુ બીજી બાજુ મંત્રવિદ્યા, યોગવિદ્યા, અધ્યાત્મવિદ્યા જેવા કેટલીક ગૂઢ વિદ્યાઓ સરળતાથી બીજાને આપી શકાતી નથી.

જેમ કૌટુંબિક ધનસંપત્તિનો વારસો હોય છે તેમ પ્રજાકીય ભૌતિક અથવા સાંસ્કારિક સમૃદ્ધિનો વારસો પણ હોય છે. ભારતીય સંસ્કૃતિ દુનિયામાં પ્રાચીનતમ સંસ્કૃતિ છે અને ભાષા, ધર્મ, તત્ત્વજ્ઞાન, વિવિધ કલાઓ, જીવન વ્યવહારની વિવિધ પ્રથાઓ ઇત્યાદિ વિષયમાં અત્યંત સમૃદ્ધ રહી છે. એના એ વૈભવશાળી વારસાએ માત્ર થોડીક વ્યક્તિઓના નહિ, સમયે સમયે અનેક લોકોનાં જીવનને ધન્ય અનો ઉજ્જવળ બનાવવામાં ઘણું મોટું યોગદાન આપ્યું છે.

સ્થૂલ ભૌતિક પદાર્થો કરતાં સૂક્ષ્મ સાંસ્કારિક વારસો વધુ ચિરંજીવી રહે છે. જીવ અને જગત વિશે તત્ત્વજ્ઞાન અને એના રહસ્યનો વારસો તો હજારો વર્ષ સુધી સતત વહેતો રહે છે. આ વારસો એવો છે કે જે વાપરવાથી ખૂટતો નથી, પણ વધતો ચાલે છે. માનવ જાતને ટકાવી રાખવા અને ઉન્નત બનાવવા માટે એ ઘણું મોટું પ્રેરકબળ બની રહે છે. જેઓએ પોતાના જીવનને કૃતાર્થ કરવું છે તેઓએ તો આવો અમૂલ્ય અને અવિનાશી વારસો મેળવવાની અને મળ્યા પછી તે બીજા સુધી પહોંચાડવાની ભાવના સેવવી જોઇએ.

❑ રમણલાલ ચી. શાહ

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

**સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ ગ્રંથશ્રેણી**

**અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલા ગ્રંથો**

૧. મહાવીર વાણી-સંપાદક : ડૉ. ભગવાનદાસ તિવારી (અપ્રાપ્ય)
૨. નિહ્નવવાદ : લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ (અપ્રાપ્ય)
૩. જિનતત્ત્વ-ભાગ ૧. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૪. જિનતત્ત્વ-ભાગ-૨. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૫. જિનતત્ત્વ-ભાગ ૩. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૬. પ્રભાવક સ્થવિરો-ભાગ ૧. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૭. જિનતત્ત્વ-ભાગ ૪. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૮. પ્રભાવક સ્થવિરો-ભાગ ૨. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૯. આપણા તીર્થંકરો-સંપાદક : તારાબહેન રમણલાલ શાહ
૧૦. પ્રભાવક સ્થવિરો-ભાગ ૩. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૧૧. જિનતત્ત્વ-ભાગ ૫. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૧૨. પ્રભાવક સ્થવિરો ભાગ-૪. લેખક-ડૉ. રમણલાલ ચી. શાહ
૧૩. નેમિનાથ-રાજિમતી બારમાસા-સંપાદક ડૉ. શિવલાલ જેસલપુરા
૧૪. નલદવદંતી પ્રબંધ (વિજયશેખર કૃત) સંપાદક-ડૉ. રમણલાલ ચી. શાહ

## સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે વસંત વ્યાખ્યાનમાળામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો અંગ્રેજી ભાષામાં યોજવામાં આવ્યાં છે:

વિષય : Economic Reforms (આર્થિક સુધારાઓ)

| તારીખ | વક્તા |
|---|---|
| મંગળવાર, તા. ૨૫-૪-૯૫ | શ્રી ડી. આર. મહેતા<br>અધ્યક્ષ S.E.B.I. |
| બુધવાર, તા. ૨૬-૪-૯૫ | શ્રી મીનુ શ્રોફ<br>નાણાંકીય સલાહકાર<br>જે. કે. ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ |

સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦ ૦૨૦.

સમય : સાંજના ૬-૧૫ કલાકે

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળશે.

સુબોધભાઇ એમ. શાહ
સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

## સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૪ના વર્ષ માટેનું પારિતોષિક ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયાને તેમના લેખો માટે આપવામાં આવે છે.

આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામ દેસાઇ અને પન્નાલાલ આર. શાહે સેવા આપી છે.

અમે ડૉ. બીપીનચંદ્ર કાપડિયાને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

-મંત્રીઓ

# શેક્સપિયરનું 'કિંગ લિયર'

## રાજા લિયરનો અને ગ્લોસ્ટરના ઉમરાવનો નવો અવતાર

❑ પ્રો. ચી. ના. પટેલ

શેક્સપિયરના આ 'કિંગ લિયર' નાટકનું સૌથી મોટું આકર્ષણ એ છે કે તેમાં તેની સર્જકપ્રતિભાએ લિયર જેવા ખુશામતપ્રેમી, આપખુદ અને મહાક્રોધી અને ગ્લોસ્ટર જેવા અવિચારી પિતાનાં પાત્રોમાં પણ નૈતિક લોકશાહી ભાવનાઓનો ઉદય થતો બતાવ્યો છે. લિયરે પોતાનું રાજ્ય પણ પુત્રીઓ વચ્ચે વહેંચી આપવા ભરેલા દરબારમાં તેની જ્યેષ્ઠ અને વચેટ પુત્રીઓ ગોનરિલ અને રીગન જેમ તેની સૌથી નાની પુત્રી કોર્ડીલિય પણ પોતાનો તેના પ્રત્યેનો પ્રેમ જાહેરમાં કહી બતાવે એવી માંગણી કરી. તેના ઉત્તરમાં કોર્ડીલિયે માત્ર 'કંઇ નહિ' એમ કહ્યું હતું તેથી રોષે ભરાઇ તેણે કોર્ડીલિયને પહેરામણીમાં કંઇ નહોતું આપ્યું, પણ તે પછી થોડા જ સમયમાં તે પોતાના એવા વર્તન માટે મનમાં કંઇક બેચેની અનુભવતો જણાય છે. ગોનરિલની સાથે રહેતાં તેને પંદરેક દિવસ થયા હશે એવામાં એક દિવસ શિકાર કરી પાછો આવી તેણે પોતાના એક સૈનિકવીરને 'મારો વિદૂષક કયાં છે, મેં તેને બે દિવસથી જોયો નથી'. એમ પૂછ્યું તેનો એ સૈનિકવીરે 'બહેનના ગયા પછી એ ઝૂરી રહ્યો છે' એવો ઉત્તર આપ્યો તે સાંભળીને લિયર કહે છે, 'બસ, એ વાત બંધ કરો, હું એ જાણું છું' વળી જ્યારે તેની જ્યેષ્ઠ પુત્રી ગોનરિલે તેના સૈનિકવીરો વિરુદ્ધ ફરિયાદો કરવા માંડી ત્યારે તેને શાપ આપતાં લિયર કહે છે, 'અરેરે, કોર્ડીલિયનો નાના સરખો દોષ મને કેટલો મોટો લાગ્યો હતો !'

એવી જ રીતે જ્યારે લિયરની વચેટ પુત્રી રીગનના પતિ કોર્નવલે ગ્લોસ્ટરને ખુરશીએ બંધાવી પહેલાં તેની પહેલી આંખ ઉપર અને પછી તેની બીજી આંખ ઉપર લાતો મારી તેની બેય આંખો ફોડી નાખી ત્યારે એમ આંધળો બનેલો ગ્લોસ્ટર પણ પોતાનો ઔરસ પુત્ર એડગરને અન્યાય કર્યો હતો એ સમજી જાય છે અને પોતાના એવા વર્તન માટે તે દેવોને પોતાને ક્ષમા કરવાની અને એડગરને આશીર્વાદ આપવાની પ્રાર્થના કરે છે. આમ લિયરમાં અને આંધળા ગ્લોસ્ટરમાં જાગ્રત થયેલી વિવેકબુદ્ધિ વગડામાં વધુ સ્પષ્ટ બને છે અને તેમનામાં માનવ જીવન પ્રત્યે એક નવી જ દૃષ્ટિનો ઉદય થાય છે.

રીગનના મહેલમાંથી રોષપૂર્વક જતો રહેલો લિયર વરસાદના અને પવનના વાવાઝોડા જેવા ભયંકર તોફાનમાં સપડાઇ જાય છે અને એવા તોફાનથી ઉત્તેજિત થઇ તે વરસાદ અને પવનને સંબોધીને કહે છે 'ભલે, તમારે કરવી હોય એટલી ગર્જનાઓ કરો, વીજળીના ચમકારા કરો, મુશળધાર વરસાદ પડો, તમે મારી પુત્રીઓ નથી, તેથી હું તમારો દોષ નથી કાઢતો, પણ તમે મારી નીચ પુત્રીઓ સાથે મળીને તેમના અધમ ગુલામોની જેમ મારા આ વૃદ્ધ અને શ્વેત મસ્તક ઉપર તાંડવયુદ્ધ ખેલી રહ્યાં છો.' લિયરમાં હવે શેક્સપિયરનું આ નાટક જે માટે અસંખ્ય વાચકોને પ્રિય થઇ પડ્યું છે એવો ચમત્કાર થાય છે' તે કહે છે: 'આપણાં માથાં ઉપર તોફાન વરસાવી રહેલા પ્રતાપી દેવોને તેમના સાચા શત્રુઓ શોધી કાઢવા દો, જેમને માટે ન્યાયની અદાલતમાં થવી જોઇતી ફટકાની સજામાંથી તું બચી ગયો છે એવા નીચ કૃત્યોને છુપાવી રાખનાર દુષ્ટ, તું હવે ભયથી થરથરવા માંડ, લોહીથી રંગાયેલા હાથવાળા ખૂની, અદાલતમાં ખોટા સોગંદ લેનાર, મા, પુત્રી કે બહેન સાથે વિષય કરીને સદ્‌ગુણી હોવાનો દેખાવ કરનાર ઢોંગી, તમે બધા હવે સંતાઇ જાઓ, પોતાના ગુનાઓ છુપાવી રાખનારાઓ હવે એ ગુનાઓ કબૂલ કરી દો અને તમને અદાલતમાં હાજર રહેવા બોલાવવા આવનાર ભયપ્રેરક દૂતોની કૃપા યાચો, હું તો દોષિત છું તે કરતાં વધારે બીજાંઓએ કરેલા દોષનો ભોગ બન્યો છું-(I am a man more sinned against than sinning) આ પહેલાં મનસ્વી અને આપખુદ રહેલાં લિયરમાં આપણે આમ માનવ જીવનને નૈતિક દૃષ્ટિથી જોતો થયેલો જોઇએ છીએ.

વળી વેશપલ્ટો કરીને લિયરની સેવામાં રહેલો સ્વામીભક્ત કેન્ટ તેને વગડામાં એક નાના સરખા ઘોલકામાં (મૂળમાં Loved છે) આશ્રય લેવા વીનવે છે ત્યારે પણ લિયર પહેલાં પોતાના વિદૂષકનો વિચાર કરે છે. કેન્ટની વિનંતીના ઉત્તરમાં તે 'મને હવે ચિત્તભ્રમ શરૂ થતો જણાય છે.' કહી વિદૂષકને કહે છે. 'ચાલ દીકરા તને ટાઢ વાય છે ? મને પણ વાય છે, મારા વહાલા ગરીબડા દીકરા, મારા હૃદયમાં હજુય એક એવો ભાગ છે જે તને જોઇને દુઃખી થાય છે' ઘોલકા પાસે જઇને પણ લિયર વિદૂષકને, 'દીકરા, તું પહેલો જા, હું પ્રાર્થના કરીશ, જા, જા, ઘોલકામાં જા.' એમ કહીને લિયર જે પ્રાર્થના કરે છે તે વિશે કવિ-વિવેચક કોલરિજે કહ્યું હતું કે એ વાંચીને પોતાને શેક્સપિયરને પગે પડવાનું મન થયું હતું. આ રહી લિયરની એ પ્રાર્થના. 'ઘરબાર વિનાનાં વસ્ત્રહીન દીન દુઃખિયારા, આ દયાહીન વાવાઝોડાનો તમે જ્યાં પણ સપાટો સહન કરતાં હશો ત્યાં તમારાં મોટાં મોટાં બાકોરાવાળાં ઝૂંપડાંઓ તમારાં નાગાંપૂગાં શરીરોનું રક્ષણ કેવી રીતે કરતાં હશે ? અરેરે, મેં આનો ક્યારેય વિચાર ન કર્યો ! ઠાઠમાઠમાં રહેતા ધનિકો, આનો વિચાર કરો અને આ દીન દુઃખિયારાને જે સહન કરવું પડે છે તે તમે પણ સહન કરો, એમ કરશો તો તમે તમારી જરૂરિયાતો ઉપરાંત તમારી પાસે જે કંઇ હોય તે એ દીન દુઃખિયારાને આપી દેવા પ્રેરાશો અને એવી રીતે તમે સાબિત કરશો કે આસમાનના દેવો વધારે ન્યાયી છે.'

લિયર આ પ્રાર્થના કરી રહે છે ત્યાં ઘોલકામાં ગયેલો વિદૂષક અંદર ગાંડાના વેશમાં છુપાઇ રહેલા એડગરને જોઇ ભડકીને બહાર આવે છે અને તેની પાછળ પાછળ એડગર પણ બહાર આવે છે. એડગરને એવી અર્ધનગ્ન દશામાં જોઇને લિયર જીવનનું એક બીજું મહત્ત્વનું સત્ય સમજ્યો હોય તેમ કહે છે: 'તારા અર્ધનગ્ન શરીરે આ વાવાઝોડાનો સપાટો સહન કરવા કરતાં બહેતર છે કે તું મરી જાય અને તને કબરમાં દાટી દેવામાં આવે. ખરેખર, માણસ આનાથી કંઇ વધારે નથી ? બરાબર વિચાર કરીને જુઓ કે માણસ શું છે. તું (એટલે કે એડગર) કોઇ રેશમી વસ્ત્ર માટે નથી. રેશમના કીડાનો દેવાદાર, કે ચામડાના વસ્ત્ર માટે કોઇ પશુનો કે ઊન માટે કોઇ ઘેટાનો કે કસ્તૂરીની સુવાસ માટે કસ્તૂરી મૃગનો. અહીં તો અમે કૃત્રિમ જીવન જીવતા (sophisticated) ત્રણ જણ છીએ, તું તો વસ્તુતઃ માણસ જ છે તે જ છે (thou art the thing itself). જીવનની સુખ સગવડો વિનાનો માણસ માત્ર તારા જેવો અકિંચન, વસ્ત્રહીન, ખાવાના કાંટા જેવો દેખાતા બે પગવાળા પશુ જેવો જ છે.' આમ કહીને ઉન્માદના આવેશમાં લિયર પોતાનાં વસ્ત્રો કાઢી નાખીને ફેંકી દેવા જાય છે. એવામાં એક મશાલ સાથે આવીને ગ્લોસ્ટર લિયરને, કેન્ટને અને વિદૂષકને પોતાના ગઢની પાસે એક ખેતરમાં આવેલા મકાનમાં (મૂળમાં Farmhouse છે) મૂકીને પાછો જાય છે. તેના ગયા પછી ચિત્તભ્રમની દશામાં લિયર પોતાની કલ્પનામાં ગોનરિલ અને રીગન ઉપર અદાલતમાં કામ ચલાવી ઊંઘી જાય છે. પણ વળી ગ્લોસ્ટર પાછો આવે છે અને પોતે લિયરને મારી નાખવાનું કાવતરું ઘડ્યું હોવાનું સાંભળ્યું છે એમ કહીને તે પોતાની સાથે એક પાલખી લાવ્યો હતો તેમાં બેસાડીને લિયરને ડોવર લઇ જવાની કેન્ટને સૂચના કરે છે.

આ બાજુ એડમન્ડે એડગરના નામે જો પોતે ગ્લોસ્ટરનું ખૂન કરવાની એડગરની યોજનામાં સહકાર આપે તો એડગર તેને ગ્લોસ્ટરની

મિલ્કતમાંથી ભાગ આપશે એ મતલબનો પોતાના ઉપર પત્ર લખ્યો અને એ પત્ર તેણે ગ્લોસ્ટરને બતાવ્યો. ગ્લોસ્ટરે એ પત્રમાં લખેલી વાત સાચી માની લીધી અને જો એડગર પકડાય તો તેને મોતની શિક્ષા કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. એ સાંભળીને એડગર ગાંડા હોવાનો દેખાવ કરતો વગડામાં ભટકતો હતો.

આ બાજુ રીગનના નોકરે ધક્કો મારીને તેના ગઢમાંથી બહાર કાઢેલા ગ્લોસ્ટરને તેનો એક જૂનો ગણોતિયો ખેડૂત મળે છે અને તે તેને દોરીને વગડામાં લાવે છે. ગાંડાના વેશમાં વગડામાં ફરતો એડ્ગર પોતાના પિતાની આવી દશા જોઇને દ્રવી ઊઠે છે, પણ તે પોતે કોણ છે એ ગ્લોસ્ટરને નથી કહેતો, પોતાને દોરી જતા ગણોતિયા ખેડૂતને ગ્લોસ્ટરને કહે છે, 'આમ કરવાથી મને લાભ નથી થવાનો પણ તું કદાચ ભયમાં આવી પડીશ. માટે તું જતો રહે.' પણ આપ જોઇ તો શકતા નથી,' ખેડૂત ઉત્તર આપે છે. હવે આપણે જોઇએ છીએ કે લિયરની જેમ ગ્લોસ્ટર પણ સત્ય સમજતો થયો છે તે ખેડૂતને કહે છેઃ 'મારે ક્યાંય જવાનું નથી અને તેથી મને આંખોની પણ જરૂર નથી. હું જોઇ શકતો હતો ત્યારે મેં ઠોકર ખાધી. આપણે ઘણીવાર જોઇએ છીએ કે આપણી પાસે કંઇ સાધન હોય છે ત્યારે આપણે નિશ્ચિંત બની જઇએ છીએ, અને સાધનાનો અભાવ હોય છે ત્યારે આપણને લાભ થાય છે. છેતરાઇ ગયેલા તારા પિતાના રોષનો ભોગ બનેલા પ્રિય પુત્ર, એડ્ગર, જો હું માત્ર સ્પર્શથી જ તને જોઇ શકું ત્યાં સુધી જીવું તો હું કહીશ કે મારી આંખો ફરી જોતી થઇ છે.' ગાંડાના વેશમાં એડ્ગરને જોઇ ખેડૂત તેને પૂછે છે, 'અલ્યા, તું ક્યાં જાય છે ?' એ સાંભળીને ગ્લોસ્ટર પૂછે છે, 'એ કોઇ ભિખારી છે.' ઉત્તરમાં ખેડૂત કહે છે, 'ભિખારી અને સાથે ગાંડો પણ' એ સાંભળી ગ્લોસ્ટર કહે છેઃ 'ગઇ કાલે રાત્રે મેં આના જેવો એક માણસ જોયો હતો. અને તેને જોઇને મને માણસ પામર જંતુ (worm) જ છે એવો વિચાર આવ્યો હતો, અને સાથે સાથે તેને જોઇને મને મારા પુત્રનું સ્મરણ થયું હતું. ત્યારે તો મારા મનમાં તેના ઉપર રોષ હતો, પણ પછી મેં સાચી વાત જાણી છે. ખરેખર, સ્વચ્છંદી બાળકો જેવું માખીઓ સાથે વર્તન કરે છે તેવું જ દેવો આપણી સાથે કરે છે. રમતના રસ માટે તેઓ આપણને મારી નાખે છે (They kill us for their Sport) પણ પછી ખેડૂતને રજા આપી એડ્ગરને નાણાંની એક થેલી આપી પોતાને ડોવર તરફ દોરી જવાની વિનંતી કરતાં ગ્લોસ્ટર લિયરે ઘોલકામાં જતાં પહેલાં પ્રાર્થના કરી હતી તેનો જ પડઘો પાડતો હોય એમ કહે છેઃ 'દેવો, હંમેશાં તમે આમ જ કરતા રહેજો. જરૂર કરતાં વધારે ધન એકઠું કરીને બેઠેલાં ઇન્દ્રિયોના વિષયોમાં રચ્યોપચ્યો રહેતા, લાગણીહીન હોવાથી જાણી જોઇને સાચી વાત સમજવા માગતા નથી અને તેથી તમારી આજ્ઞાઓનો અનાદર કરતા માણસને તમારી શક્તિઓનો પરચો બતાવો, જેથી ધનવાનો તેમનું વધારાનું ધન બીજાંઓમાં વહેંચી દે છે અને એ રીતે દરેક માણસને પૂરતું મળી રહે.'

આમ એક પક્ષે લિયર અને ગ્લોસ્ટરમાં પોતપોતાની ભૂલો સમજવાની સત્યદષ્ટિનો ઉદય થઇ રહ્યો છે અને તેમનાં મન સત્યેન શુદ્ધતિ મનઃ એ મનુસ્મૃતિના વચન અનુસાર શુદ્ધ થઇ રહ્યાં છે, તો બીજા પક્ષે ગોનરિલ અને રીગને લિયર પ્રત્યે આચરેલી દુષ્ટતાના પરિણામે કર્મની સૂક્ષ્મ ગતિના સિદ્ધાંત અનુસાર એ બે એકબીજા પ્રત્યે દુષ્ટતા આચરવા પ્રવૃત્ત થાય છે. ગ્લોસ્ટરની આંખો ફોડી નાંખતાં પહેલાં કાર્નવિલે એડમન્ડને પોતાના મહેલે પાછી જતી ગોનરિલ સાથે મોકલી દીધો હતો. માર્ગમાં ગોનરિલ એડમન્ડના પ્રેમમાં પડે છે. અને પોતાના મહેલે પહોંચી એડમન્ડ પોતાના પતિ ઓલ્બજાને મળે તે પહેલાં તેને પોતાનો અનુચર ઓઝ્વલ્ડ પોતાના વચ્ચે દૂતનું કામ કરશે એમ કહી પાછો મોકલી દે છે. એડમન્ડના ગયા પછી ગોનરિલ પોતાના મહેલમાં જાય છે ત્યારે તેના અને રીગનના લિયર પ્રત્યેના વર્તન વિશે સાંભળીને રોષે ભરાયેલો ઓલ્બની તેને કહે છેઃ ' તમે શું કર્યું ? પુત્રીઓ નહિ પણ વાઘણો, તમે તમારા પિતાને, અને તે પણ એક શ્રીસંપન્ન (Gracious) વૃદ્ધને ચિત્તભ્રમ કરાવી બેઠી. જંગલી, અધમ કૃત્ય મારા ગરમ થયેલાં લોહીને વશ થઇ હું જો હું મારા આ બે હાથ જે કરવા તલપી રહ્યાં છે, તે તેમને કરવા દઉં તો તે તને ચીરી જ નાખે, પણ શું કરું, તું અધમ રાક્ષસી છે પણ તારું સ્ત્રીનું શરીર તારું રક્ષણ કરે છે.' ઓલ્બની આમ કહી રહ્યા હોય છે ત્યાં એક સંદેશવાહક (messenger) આવીને કાર્નવિલ મૃત્યુ પામ્યો હોવાના સમાચાર આપે છે. એ સમાચાર સાંભળી ગોનરિલ સ્વગત બોલે છેઃ 'એક રીતે તો આ મને ગમે છે. લિયરે રીગનને આપેલો પોતાના રાજ્યનો ત્રીજો ભાગ હવે રીગન કાર્નવિલના રક્ષણ વિનાની વિધવા બની હોવાથી પોતે તે તેની પાસેથી છીનવી લઇ શકશે એવા વિચારે.

પણ રીગન હવે વિધવા થઇ અને મારો ગ્લોસ્ટર (એટલે કે ગ્લોસ્ટરનો વારસ એડમન્ડ) તેની સાથે હોવાથી મેં મારી કલ્પનામાં ઘડેલો હવાઇ કિલ્લો મારી ઉપર જ તૂટી પડશે અને મારું જીવન ઝેરથી ભરી દેશે. છતા બીજી રીતે વિચારતાં જે થયું છે તે સારું જ છે.'

ગોનરિલને તેના મહેલ સુધી મૂકી એડમન્ડ પાછો ગયો તે પછી ગોનરિલ તેના અનુચર ઓઝ્વલ્ડ સાથે તેની ઉપર એક પ્રેમપત્ર મોકલ્યો હતો તે લઇને ઓઝ્વલ્ડ રીગનને ગ્લોસ્ટરના ગઢમાં મળ્યો. હવે પોતાનો નીચ સ્વભાવ પ્રગટ કરવાનો વારો રીગનનો આવે છે. રીગન એ પ્રેમપત્ર જોવા માગે છે તે તેને આપવાની આનાકાની કરતા ઓઝ્વલ્ડને તે કહે છેઃ 'હું જાણું છું, તારી સ્વામિનીને તેના પતિ ઉપર પ્રેમ નથી. તે અહિં હતી ત્યારે મેં તેને એડમન્ડ પ્રત્યે પ્રેમકટાક્ષો કરતી જોઇ હતી. તેના મનમાં શું છે તે હું જાણું છું. એડમન્ડ ઉપરનો મારો આ પ્રેમપત્ર લે. મારા પતિ મૃત્યુ પામ્યા છે. મારી અને એડમન્ડની વચ્ચે સમજૂતી થઇ ગઇ છે. તેમને તારી સ્વામિનીનું પાણિગ્રહણ કરવા કરતાં મારું પાણિગ્રહણ કરવાનું વધારે સરળ પડે. અને તું પેલા આંધળાં રાજદ્રોહી વિશે ક્યાંય સાંભળે તો ધ્યાન રાખજે કે તેને ખતમ કરી નાખનારને એક પદવી ઊંચે ચઢાવવામાં આવશે.'

ગોનરિલે લિયર પ્રત્યે કેવું વર્તન કર્યું હતું તે કેન્ટે એક પત્ર લખીને કોર્ડીલિયને જણાવ્યું હતું અને એ પત્ર વાંચીને કોર્ડીલિયે ફ્રાન્સનું સૈન્ય લઇને ડોવર પાસે આવી પહોંચી છે. ત્યાં તેણે લિયરને ખેતરોમાંથી નીંદી નાખેલાં જાતજાતનાં ઘાસમાંથી બનાવેલો મુગટ પહેરીને મોટે મોટેથી ગાતો તોફાની સમુદ્ર જેવી ચિત્તભ્રમની દશામાં જોયો. તેની આવી દશા જોઇ કાર્ડીલિય પોતાના ડૉક્ટરને પૂછે છે; 'માણસનું જ્ઞાન રાજાને સ્વસ્થ બનાવવા કંઇ કરી શકે ? ઉત્તરમાં ડૉક્ટર કહે છે, 'હા, પ્રકૃતિની આપણી ધાઇમાતા, નિદ્રાનો આરામ છે. (our foster of nature is respose) અને તે તેમને મળ્યો નથી. પણ તેમને નિદ્રા અપાવી શકે એવી ઔષધિઓ છે અને એ ઔષધિઓ તેમની વ્યથાને શાંત કરી તેમને નિદ્રા અપાવશે.' ડૉક્ટરના આવા આશાનજક શબ્દો સાંભળી નાટકના પહેલા અંકના પહેલાં દ્રશ્યમાં પિતા પ્રત્યેના પોતાના ઊંડા પ્રેમને શબ્દોમાં વ્યક્ત ન કરી શકનાર કોર્ડીલિય હવે પ્રેમાર્દ્ર હૃદયે પ્રાર્થે છેઃ 'પૃથ્વીની સર્વ અમૃતમય છૂપી અપ્રગટ શક્તિઓ, મારા આ અશ્રુઓના સિંચનથી ઊંગી નીકળો અને આ સાધુ પુરુષને એમની દુર્દશામાંથી મુક્ત કરવામાં સહાય કરો.'

ગાંડાના વેશમાં એડ્ગર આંધળા ગ્લોસ્ટરને ડોવર પાસે એક ટેકરીની ટોચ સુધી લાવે છે. ગ્લોસ્ટરનો ઇરાદો એ ટેકરીની ટોચ ઉપરથી નીચે પડવા-કૂદકો મારીને આપઘાત કરવાનો હતો. એમ કરતાં પહેલાં તે એડ્ગરને એક બીજી નાણાંની થેલી આપે છે અને 'ઓ દેવી, જો એડ્ગર જીવતો હોય તો તેને તમારા આશીર્વાદ આપજો,' એવી પ્રાર્થના કરીને કૂદકો મારીને પડે છે, અને માને છે પોતે ટેકરીની નીચે તળેટીમાં પડ્યો છે. હકીકતમાં તે ટેકરીની ટોચ ઉપર જ પડ્યો હતો, પણ એડ્ગર પોતાનો અવાજ કોઇ અણઘડ ગામડિયના જેવો કરીને ટેકરીની ટોચથી તળેટી સુધીના દેખાવનું કલ્પનાને તાદ્રશ લાગે એવું વર્ણન કરીને ગ્લોસ્ટરને પોતે ખરેખર ટેકરીની ટોચ ઉપરથી તળેટીએ પડ્યો છે અને ચમત્કારિક રીતે બચી ગયો છે એમ સમજાવે છે. આંધળો ગ્લોસ્ટર

હવે એક પક્ષે કોર્ડીલિયના સૈન્ય અને બીજા પક્ષે ગોનરિલ અને રીગનના સૈન્ય વચ્ચે યુદ્ધ થાય છે તેમાં ગોનરિલ અને રીગનના સૈન્યની સરદારી એડમન્ડ લે છે અને યુદ્ધમાં કોર્ડીલિયનું સૈન્ય હારી જતાં તે અને લિયર કેદ પકડાય છે. યુદ્ધ શરૂ થયું તે પહેલાં એડગર એક વૃક્ષની છાય નીચે બેસાડેલા ગ્લોસ્ટરે કોર્ડીલિય અને લિયર કેદ પકડાયાના સમાચાર એડ્ગર પાસેથી સાંભળી હતાશ થઇને ત્યાંથી જવાની એડ્ગરને ના પાડતાં કહ્યું: 'મારે ક્યાંય નથી જવું. અહીં બેઠાં બેઠાં પણ માણસ સડી જઇ શકે છે.' તેને પોતાની સાથે સમજાવતાં એડ્ગરના મોમાં શેક્સપિયરે જે ઉદ્ગારો મૂક્યા છે તેમાં તેનું જ જન્મ અને મૃત્યુને લગતું ચિંતન પ્રગટ થતું જણાય છે. એડ્ગર ગ્લોસ્ટરને કહે છે: 'વળી પાછા અવળા વિચાર કરવા માંડ્યા? માણસો આ દુનિયામાં આવવાનું સહન કરી લે છે તેમ તેમણે તેમાંથી જવાનું પણ સહન કરી લેવું જોઇએ. પોતે પાકું પાન હોય એટલું જ જોઇએ. (Ripeness is all) કેદી બનેલી કોર્ડીલિય કેદી લિયરને પૂછે છે, 'આપણે આ પુત્રીઓ અને બહેનોને મળવું નથી?' તેને ઉત્તર આપતાં લિયર કહે છે: 'ના, ના, ના, ના, ચાલ આપણે જેલમાં જઇએ અને ત્યાં આપણે બે એકલાં એકલાં પાંજરામાં પુરાયેલાં પંખીઓની જેમ ગાઇશું, તું મને પગે પડીને મારાં આશીર્વાદ માગીશ ત્યારે હું તારા પગે પડીને તારી ક્ષમા માગીશ, આપણે એકબીજાને જૂની પુરાણી વાર્તાઓ કહીશું. રંગબેરંગી પતંગિયા જેવા દરબારીઓની મજાક ઉડાવીશું, આપણે તેમને પૂછીશું, કોણ ચઢ્યું, કોણ પડ્યું, કોણ સત્તાસ્થાને આવ્યો અને કોણ સત્તાસ્થાનેથી પડ્યો, આપણે જાણે ઇશ્વરના ગુપ્તચરો હોઇએ તેમ આ સંસારના દ્રષ્ટા બનીને તેનું રહસ્ય જાણી લઇશું. (and take upon's the mystery of things as we were good's spies), આમ જેલની ચાર દિવાલોની અંદર રહીને આપણે મોટા મોટા માંધાતાઓના સ્વાર્થી પક્ષો અને જોડાણોના ભાગ્યોના ચંદ્રની કળાની જેમ થતાં ભરતી ઓટને જોતાં જોતાં જીવીશું.' આ બધું સાંભળીને રહેલો એડમન્ડ સૈન્યના એક અધિકારીને કોર્ડીલિય અને લિયરને લઇ જવાની આજ્ઞા કરે છે ત્યારે લિયર એ આજ્ઞાને આવકારતો હોય એમ કહે છે, 'આવાં બલિદાનો ઉપર તો, મારી કોર્ડીલિય, દેવા પણ સુગંધી દ્રવ્યોની.

ઇશ્વરના ગુપ્તચર રૂપે આ સંસારના દ્રષ્ટા બની તેનું રહસ્ય જાણી લેવાની લિયરની આ કલ્પનામાં તે અને તેના પાત્રનો સર્જક શેક્સપિયર બેયકોઇ લગભગ આધ્યાત્મિક અનુભૂતિ જેવા લાગતા ચૈતસિક સ્તરના સીમાપ્રદેશ સુધી પહોંચી ગયા હોય એમ જણાય છે. અને નાટકના આ દ્રશ્યમાં આપણે શેક્સપિયરની કવિદ્રષ્ટિનો એક વિરલ ઉન્મેષ પ્રગટ થયો હોવાનું અનુભવીએ છીએ.

નાટકનાં અંત શેક્સપિયરનાં ટ્રેજિડી પ્રકારનાં સર્વ નાટકોમાં આવે છે તેમ તેમ તેનાં મુખ્ય પાત્રોનાં મૃત્યુથી આવે છે. યુદ્ધ શરૂ થયું તે પહેલાં એડ્ગરે ગોનરિલનો એડમન્ડ ઉપરનો પ્રેમપત્ર ગોનરિલના પતિ ઓલ્બનીમાં આપી દીધો હતો અને કહ્યું હતું કે એ પત્રમાં જે લખ્યું છે તે સાબિત કરવા પોતે એક સૈનિકવીરને લઇને આવશે. પણ એડેગરનો ઇરાદો તો પોતે જ એ પત્રમાં જે લખ્યું હતું તે સાબિત કરવા એડમન્ડ સાથે તલવારનું દ્વંદયુદ્ધ કરવાનો હતો. એમ કરવા માટે શસ્ત્રસજ્જ થઇને તે ગ્લોસ્ટરને પોતે ગાંડાના વેશમાં કેવી રીતે ફરતો રહ્યો હતો એમ કહીને એડમન્ડ સાથેના દ્વંદયુદ્ધમાં પોતે સફળ થાય તે માટે ગ્લોસ્ટના આશીર્વાદ માગે છે. એ બધું સાંભળીને હર્ષ અને દુઃખના પરસ્પર વિરોધી આવેગોનો આઘાત ગ્લોસ્ટરનું નિર્બળ પડી ગયેલું હ્રદય સહન ન કરી શક્યું અને તે મોં ઉપર હાસ્ય સાથે મૃત્યુ પામી ઢળી પડ્યો. તે પછી પોતાના એડમન્ડ માટેના પ્રેમમાં રીગનને પોતાની હરીફ માનતી ગોનરિલે તેને ઝેર આપ્યું અને તે મૃત્યુ પામી, અને પછી તરત પોતાના એડમન્ડ ઉપરના પ્રેમપત્રની વાત જાહેર થઇ ગયેલી જાણી ગોનરિલે આપઘાત કર્યો.

એડ્ગર અને એડમન્ડ વચ્ચે તલવારનું દ્વંદયુદ્ધ થયું તેમાં એડમન્ડ ઘાયલ થઇને પડ્યો, પણ મરતાં પહેલાં તેને સદ્બુદ્ધિ આવી અને પોતે સૈન્યના એક કમાનને કોર્ડીલીયને ફાંસી આપી તેણે હતાશ થઇ આપઘાત કર્યો હતો એમ જાહેર કરવાની સૂચના આપી હતી એ કબૂલ કર્યું અને તે કમાનને પોતાની સૂચનાનો અમલ કરતો અટકાવવા તેણે નિશાનીરૂપે એડ્ગરને પોતાની તલવાર આપી. એડેગર એ તલવાર લઇને જાય તે પહેલાં કમાને એડમન્ડની સૂચનાનું પાલન કરી કોર્ડીલિયને ફાંસી આપી દીધી હતી. લિયર કોર્ડીલિયના મૃતદેહને પોતાના બે હાથમાં લઇને આવ્યો અને આક્રોશપૂર્વક બોલવા માંડ્યો: 'તમે બધા પત્થર જેવા છો. એ સદાય માટે ગઇ, આ પીછું તેના શ્વાસથી હાલે છે, તે જીવે છે! જો ખરેખર એમ હોય તો એ દૈવયોગ મેં જે કાંઇ કષ્ટ સહન કર્યાં છે તે બધા મને ભુલાવી દેશે...કોર્ડીલિય, કોર્ડીલિય, જરા થોડો સમય જીવી જા. તું શું કહે છે? તેનો અવાજ નિત્ય સૌમ્ય, મૃદુ અને હળવો, સ્ત્રીની સર્વોત્તમ શોભા જેવો હતો...કોઇ કૂતરો, ઘોડો, કે ઉંદર કેમ જીવતાં રહે અને તું નહિ?...તું હવે ક્યારેય પાછી નહિ આવે, ક્યારેય નહિ, ક્યારેય નહિ, ક્યારેય નહિ, ક્યારેય નહિ, ક્યારેય નહિ, 'ક્યારેય નહિ'ના આવાં પાંચ પુનરાવર્તનોમાં શેક્સપિયરે આપણને મૃત્યુની અંતિમતા કેવી સચોટ રીતે પ્રત્યક્ષ કરાવી છે! 'ક્યારેય નહિ'નું પુનરાવર્તન કરતાં લિયરને હાંફ ચઢે છે અને તે પાસે ઊભેલામાંથી એકને પોતાનું બટન ખોલી નાખવાનું કહે છે અને તે જ ક્ષણે તેને કોર્ડીલિયના હોઠ હાલતા જણાય છે અને બોલી ઊઠે છે. 'જુઓ, જુઓ, એના હોઠ જુઓ, અહીં જુઓ, અહીં જુઓ' અને એમ બોલતાં તે હર્ષના અસહ્ય 'આવેગ'થી મૃત્યુ પામી ઢળી પડે છે અને તે પછી એડ્ગરની તલવારના પ્રહારથી ઘાયલ થયેલો એડમન્ડ પણ મૃત્યુ પામે છે.

નાટકમાં છેલ્લા ઉદ્ગારો ઓલ્બનીના છે. કોઇ સંસ્કૃત નાટકનું પાત્ર ભરતવાક્ય બોલતું હોય એમ તે કહે છે: 'આ શોકમય કાળનો બોજો આપણે સહન કરવો જોઇએ, આપણે જે કહેવું જોઇએ તે નહિ પણ આપણું હ્રદય જે પ્રેરે તે જ કહેવું. આપણામાં સૌથી વૃદ્ધ હતા તેમણે સૌથી વધુ સહન કર્યું, આપણે યુવાનો એમના જેટલું જોઇશું ય નહિ અને જીવીશું ય નહિ.

☆☆☆

**પ્રબુદ્ધ જીવન**

(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૨. પ્રસિદ્ધિનો ક્રમ : દર મહિનાની સોળમી તારીખ.

૩. મુદ્રકનું નામ : ચીમનલાલ જે. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૪. પ્રકાશકનું નામ : ચીમનલાલ જે. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૫. તંત્રીનું નામ : ડૉ. રમણલાલ ચી. શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : રસધારા કો. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.

૬. માલિકનું નામ અને સરનામું : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪.

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૯૫ રમણલાલ ચી. શાહ

# ભય-નિર્ભય-અભય

❑ હેમાંગિની જાઈ

માણસને સીધા કરનારા તત્ત્વો બે. એક ભીતિ અને બીજી પ્રીતિ. ઈશ્વરનો ભય છે માટે માણસ ધર્મને નીતિને માર્ગે ચાલે છે. મા-બાપનો થોડો ઘણો ધાક હોય તો જ બાળકો સદાચારને પંથે વળે. અધિકારીવર્ગનો થોડો ડર હોય તો જ કર્મચારીઓ વ્યવસ્થિત કામ કરે. જીવનમાં ઈશ્વરનો, માત-પિતાનો, વડિલોનો, ગુરુજનોનો, ઉપરી અધિકારીનો થોડો ભય જોઈએ જ. ઉપનિષદનો મંત્ર છે-

भयादस्य अग्निस्तपति भयात्तपति सूर्यः ।

भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पंचमः ॥

પરમાત્માનો ભય છે, માટે જ અગ્નિ તપે છે, માટે જ સૂર્ય પ્રકાશ આપે છે. એના ભયથી વાયુ પ્રકૃતિના ક્રમાનુસાર વહે છે. દેવરાજ ઈન્દ્ર ક્રિયાશીલ રહે છે અને મૃત્યુ ગતિશીલ.

પરંતુ ...ભીતિ સાથે જો પ્રીતિ ન હોય તો અતિશય ધાકથી, નિરંકુશ દાબથી વ્યક્તિના મનમાં અનિષ્ટ ભય પેસી જાય. આવો ભય સર્જનાત્મક શક્તિનો ઘાતક છે. જ્યાં શ્રદ્ધા-ભક્તિનો અભાવ હોય, પ્રીતિનો આવિર્ભાવ ન હોય ત્યાં ભીતિ ભયાનક સ્વરૂપ ધારણ કરે છે.

ભયભીત મનુષ્યનાં કામ રવડી પડે છે. તેથી ક્વચિત્ નિરાશા પામે, વ્યક્તિત્વ હણાતું હોય તેવો ભાસ થાય, લઘુતાગ્રંથિ બંધાય, તબિયત લથડે, વિચારો પતંગની જેમ અસ્થિરતાપૂર્વક ગોથાં ખાય- આ બધાને કારણે માનસશાસ્ત્રીઓ ભયને ભયંકર ઝેરી રોગ માને છે.

આધુનિક સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની સાથે સાથે માનવજીવન વધારે ને વધારે અસલામતીભર્યું અને ચિંતાતુર બની ગયું છે. ચિંતા અને ભયને ખાસ દોસ્તી છે. માનસિક તાણ કે ચિંતાથી માનવી ભયનો શિકાર બની ગયો છે. સવારનો નીકળેલો માણસ બોમ્બવિસ્ફોટ, અપહરણ, હત્યાકાંડમાંથી ઉગરીને સાંજે સાજો નરવો હેમખેમ પાછો આવશે કે નહીં તેની ચિંતા કોરી ખાતી હોય છે. મનુષ્યને એક સાથે અનેક ભય વળગેલા છે. શારીરિક પીડાનો ભય, એકલવાસનો ભય, પ્રતિષ્ઠાલોપનો ભય, સંપત્તિનાશનો ભય, સ્વજનવિયોગનો ભય, અનિશ્ચિત પરિસ્થિતિનો ભય, અસ્તિત્વલોપનો અર્થાત્ મરણનો ભય, અજ્ઞાતનો ભય, ભાવિનો ભય, કોઈપણ કારણ વિનાનો અકારણ ભય. આવા ભય ઓછા હોય તેમ કાલ્પનિક અનેક ભય ઉમેરીને સતત ભયના ઓથાર નીચે જ આપણે જીવતા હોઈએ છીએ, જીવવું પડતું હોય છે.

આ ભય નામનું ભૂત એકલું માનવીને જ નથી ડરાવતું. પ્રાણીસૃષ્ટિમાં તો એનું અસ્તિત્વ હતું જ. હવે તો એક દેશ બીજાથી ડરે છે તેથી સંરક્ષણ માટે લખલૂટ ધન ખર્ચે છે. Hero- Worship 'હીરો વર્શિપ' નામના પુસ્તકમાં કાર્લાઈલનું કથન છે. 'આજે પણ મનુષ્યનું પહેલું કર્તવ્ય ભય નાબૂદ કરવાનું છે. જ્યાં સુધી માણસ બીકને, ભયને દૂર નહીં કરે ત્યાં સુધી તેના સર્વ કામોમાં ગુલામી મનોવૃત્તિ અને ઉપરનો ડોળ રહે છે. તેના વિચારો પણ ગુલામ અને કાયર જેવા રહે છે.'

ભયથી કોઈ સર્વથા, સર્વદા મુક્ત રહી શક્યું નથી. નિર્ભય થવાનું કહેનાર કાર્લાઈલ પણ કોઈ દુકાનમાં ચડતાં બીતા કારણ એમને દુકાનદારનો ડર લાગતો. ન્યૂટન પાણીથી ગભરાતા, મોઝાર્ટ બ્યુગલના અવાજથી ડરતા. શોપનહોઅર હજામના અસ્ત્રાને જોઈ ધ્રૂજતા. આદિમાનવની કલ્પના કરીએ...એ તો મેઘગર્જનાથી પણ ભય પામતો. આકાશમાં સંતાયેલી વીજને કાલાવાલા કરતો કે એને જીવવા દે. પ્રકૃતિના તત્ત્વોને સમજતો ગયો તેમ તેમ ભયથી મુક્ત થતો ગયો. ભયનું સ્વરૂપ સમજી લેવાથી એનું નિવારણ મળી શકે, નિર્ભય બની શકે.

એક પંડિતજી સમુદ્રમાર્ગે પ્રવાસ કરતા હતા. અચાનક મધદરિયે તોફાન ઊઠ્યું. પંડિતજીનો જીવ તાળવે ચોંટ્યો. ખલાસી તો આવાં તોફાનોથી ટેવાયેલો હતો. પંડિતજી એને પૂછે-'તોફાનનો ભય નથી લાગતો?'ખલાસી કહે, 'ના. મારા તો પિતા અને કાકા બને આવાં તોફાનમાં મરણને શરણ થયા.' પંડિતજી તો આભા બની ગયા, પૂછે-'...તો યે તોફાનનો ડર નથી સતાવતો? મરણનો ડર નથી લાગતો?' ખલાસી પણ પંડિતના માથાનો, સામો પ્રશ્ન કર્યો, 'આપના પિતાનું મરણ કેવી રીતે થયું?' 'પથારીમાં' 'અને દાદાજીનું?' 'તે ય પથારીમાં.' 'તો પછી તમને પથારી પર સૂતાં મરણ પથારીનો ડર નથી લાગતો?' પંડિતજી નિરુત્તર હતા. ભયની વચમાં પણ ખલાસી નિર્ભય છે.

આ ભવસાગરમાં તોફાનો ઊઠે છે. જીવન-નૈયા અવારનવાર હાલકડોલક થતી રહે છે. સાચું મરણ જિંદગીમાં એક જ વાર આવતું હોય છે. પરંતુ મરણના ડરથી માણસ ડગલે ડગલે મરતો હોય છે. કેટલાક જીવ મરણના ડરથી જીવન હારી જતા હોય છે અને કેટલાક મરજીવા મરણને પણ જીવી, જીતી જાણતા હોય છે.

એક વાંચેલો પ્રસંગ છે. નગરની બહાર સાધુ મહારાજ ધૂણી ધખાવીને બેઠેલા. ત્યાં પ્લેગ ભૈરવ કે કોલેરા ભૈરવીને નગર તરફ જતાં જોયાં અને પૂછ્યું-'કેટલાંને મારશો?'

'બસ્સોને.' થોડા દિવસ પછી પ્લેગભૈરવ પાછો જતો હતો. રસ્તામાં પેલા સાધુ મળ્યા, પૂછે, 'કેમ બસ્સોને બદલે ચારસોને માર્યા?' પ્લેગભૈરવ કહે-'મેં તો બસ્સોને જ માર્યા, બાકીના તો ભયથી મર્યા.'

ભય મારક છે. અભય તારક છે, રામનામ પારક છે. ગાંધીજી જેવા ગાંધીજી બાળપણમાં અંધારાથી ડરતા. અભયનો મંત્ર એ ક્યાંથી શીખ્યા? રામનામમાંથી. ગાંધીજી નિર્ભય હતા કારણ કે નિઃસ્પૃહ હતા. દક્ષિણ આફ્રિકામાં આત્મગૌરવ અને અભયનો ધ્વજ લહેરાવ્યો એ એમની સંકલ્પ-શક્તિનું પ્રતિક છે. કોમી દાવાનળ ભારતમાં ચારેકોર ભભૂકી ઊઠેલો ત્યારે નોઆખલીમાં કોઈની પણ વહાર વિના પદયાત્રા કરનાર બાપુ અભયની મૂર્તિ સમા હતા. એમનો અભય દેશવાસીઓના હૈયામાં ભયરહિત અવસ્થાનો સંચાર કરી શકતો.

અભય અને નિર્ભયમાં સૂક્ષ્મ ભેદરેખા છે. નિર્ભય માનવ સૃષ્ટિને રંજાડી શકે, અહિત કરી શકે, ત્રાહિમામ્ પોકરાવી શકે.આપણે ત્યાં એક કથા છે. એક ઋષિના આશ્રમમાં નાનો ઉંદર હતો. એને બિલાડીનો ભય લાગ્યો તો ઋષિએ ઉંદરમાંથી બિલાડી બનાવી. બિલાડીને કૂતરાનો ડર લાગ્યો તો બિલાડીમાંથી કૂતરો. કૂતરાને વાઘની બીક લાગી તો ઋષિએ વાઘ બનાવ્યો. ઉંદરમાંથી વાઘ બનેલો એના ઋણને ભૂલી ગયો અને ઋષિને જ ખાવા ધસ્યો ત્યારે ઋષિએ પુનઃ મંત્રબળથી એને ઉંદર બનાવી દીધો. કથાનું તાત્પર્ય એ કે નિર્ભયતા સાથે નમ્રતા ન હોય તો તે નિર્ભયતા માનવની શત્રુ બની શકે.

આપણે ત્યાં ઘણાં ય એવા ઉદાહરણો છે કે અસૂરો, દાનવો, રાક્ષસો, દેવોને રીઝવી વરદાન પ્રાપ્ત કરે અને પછી દેવ, ગુરુ, દ્વિજ, સજ્જનોને ત્રાહિમામ પોકરાવે. નિર્ભયતા સાથે જીવદયા ન હોય તો નિર્ભય માનવ પ્રજાને રંજાડી શકે. અભય અને નિર્ભય મનુષ્યમાં આ ફરક છે. અભય સભ્ય હોય છે,નિર્ભય ક્યારેક નિર્દય બની શકે. નિર્ભય સદ્ગુણોનો જનક છે. અભય દૈવી સંપત્તિનો શિરોમણિ છે. પરંતુ નિર્ભય એકલો પડી જાય તો ઉદ્દંડ, ઉચ્છૃંખલ, ઉદ્ધત બની શકે. અભય સાથે નિત્ય ભૂતદયા, અહિંસા, વિવેક જેવાં સદ્ગુણો વણાયેલાં હોય છે. આવો અભય આર્ત અને પીડિતજનોને સાંત્વના બક્ષે છે.

અભય જનકલ્યાણનો દ્યોતક છે. હિંદુ, બૌદ્ધ, જૈન ત્રણેય ધર્મો અભયમુદ્રાનો ઉપયોગ કરે છે. આખ્યાયિકા છે. ભગવાન બુદ્ધ સામે એક મદોન્મત્ત હાથી ધસી આવ્યો. ભગવાન બુદ્ધની સાધના એટલી ઉત્કટ કે કેવળ અભયમુદ્રા દર્શાવી એને શાંત કર્યો. અભયમુદ્રા ભદ્રામુદ્રા છે. સુરક્ષિતતા,કલ્યાણકારિતા, મનની સ્વસ્થતાની દ્યોતક છે. અભયમુદ્રા થકી અશુભનો પરિહાર થઇ સર્વમંગલ થાય એવી ભારતીયોની માન્યતા છે.

નિર્ભયતા કવચિત્ અશુભ કરી છે.
અભય સર્વદા શુભંકર છે.
નિર્ભયતા કદાચિત ભયંકર હોઇ શકે.
અભય સર્વથા અભયંકર છે.
નિર્ભયતા ત્રાહિમામ્ પોકરાવી શકે.
અભય પાહિ મામનું પ્રતીક છે.
નિર્ભયતા વિધ્વંસક હોઇ શકે.
અભય પોષક છે.
નિર્ભયતા વિનાશક હોઇ શકે.
અભય સંરક્ષક છે.
નિર્ભયતા રંજાડી શકે.
અભય જનરંજન કરી શકે.
નિર્ભયતા માનવીય ગુણ છે.
અભય દૈવી ગુણ છે.
નિર્ભયતા કેળવવી પડે.
અભય આત્મભાવની સહજ નિષ્પત્તિ છે.
નિર્ભયતા અપરા પ્રકૃતિ છે.
અભય પરાપ્રકૃતિ છે.
નિર્ભયતા કેવળ નીડરતા છે.

અભયમાં નીડરતા ઉપરાંત આશ્રય, સંરક્ષણ, જીવદયા, કરુણાનો શીલગત સ્વભાવ છે.

નિર્ભયતા દ્વૈતબુદ્ધિને જન્મ આપી શકે.
અભય અદ્વૈતબુદ્ધિ, એકાત્મતાનો સહજ ગુણ છે.

સંતકવિ જ્ઞાનેશ્વર મહારાજની ઓવી છે. जालेनि अद्वैते नाशे भय । જાલ અર્થાત્ જ્યાં એકાત્મતાનો અનુભવ કર્યો કે ભીતિ ગઇ જ સમજો. ભય પારકાંનો હોય, પોતીકાંનો ન હોય. ઉપનિષદ કહે છે- द्वितीयाद्वै भयं भवति । આ મારાથી જુદો છે, પારકો છે. એવો ભાવ આવ્યો કે ભય ઉદ્‌ભવ્યો જ. જ્યાં પ્રીતિ હોય ત્યાં ભીતી ન હોય. પ્રેમ નિર્ભય હોય છે. માતાના ખોળામાં માથું મૂકીને સૂતેલાં નાના બાળકને ભય હોય છે? 'आत्मौपम्येन' । સર્વત્ર સમતાને નિહાળનારમાં નિર્ભયતા સહજ પ્રગટે.

ભય તામસી ધૃતિ છે. (ગીતા ૧૮.૩૫) ગીતામાં અર્જુનને શ્રીકૃષ્ણ સ્વધર્મનું પાલન કરવાનું સૂચન કરતા કહે છે, તું ક્ષત્રિય યોદ્ધો છે. યુદ્ધ તારો સ્વધર્મ છે. યુદ્ધ ત્યજીને પરામુખ થવા જેવો બીજો ભયાવહ પરધર્મ નથી. તારા શત્રુઓ તને ટોણાં મારશે...કાયર ! ડરપોક ! જોયું ! ડરીને નાઠો... રણછોડરાય કી જય...भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः...

અર્જુન પાપભીરુ છે. શ્રીકૃષ્ણ એને સમજાવે છે. આ નિષ્કામ કર્મયોગનું, સ્વધર્મનું પાલન એવી એક પ્રવાહી પ્રક્રિયા છે કે એમાં નથી કોઇ પ્રત્યવાય કે નથી વિપરીત પરિણામનો ભય. આ કર્મયોગનું અલ્પ ધર્માચરણ પણ મોટા ભયમાંથી ઉગારી લે છે. स्वभामप्यस धर्मस्य त्रायते महतो भयात् (ગીતા ૨.૪૦)

ગીતા એટલે વિષાદમાંથી પ્રસાદની, પરધર્મમાંથી સ્વધર્મની, અકર્મણ્યતામાંથી કર્મયોગની, સંશયમાંથી સંકલ્પની, ભયમાંથી અભયની વિકાસયાત્રા. અર્જુન ભયથી વ્યથિત છે. भयेन च प्रव्यथितं मनो मे (૧૧.૪૫) પ્રિય સખા કૃષ્ણનું પરમ મિત્રનું આત્મિય સ્વજનનું સાક્ષાત્ કાળરૂપી સ્વરૂપ નિહાળીને-વિશ્વરૂપ દર્શન કરીને અર્જુન ભયભીત છે. ભગવાનનું આ કાલસ્વરૂપ એને भयानां भयं भीषणं भीषणानाम । જેવું ભાસે છે. થરથર ધ્રુજતોઅર્જુન શ્રીકૃષ્ણને પ્રાર્થે છે- तेनैव रुपेण चतुर्भुजेन सहस्त्रबाहो भव विश्वमूर्ते । અર્જુનની પ્રાર્થના સુણીને શ્રીકૃષ્ણ ફરીને સૌમ્ય સ્વરુપે પ્રગટે છે. અર્જુનને આશ્વાસન આપે છે. आश्वासयामास च भीतमेनं भूत्वा पुनः सौम्यवपुर्महात्मा । (૧૧.૫૦)

ભયની અનુભૂતિ વિના અભયની સાધના શક્ય નથી. અનન્યભક્તિ વિના અભયની અભિવ્યક્તિ સંભવિત નથી. અભય એ તો કુરુક્ષેત્રમાં ખીલતી જીવન-કલાનો માપદંડ છે. આ કુરુક્ષેત્ર બહાર પણ છે અને આપણા મનમાં પણ. ગીતાના પહેલા અધ્યાયમાં જેમ એક બાજુ કૌરવો અને બીજી બાજુ પાંડવોને સામસામાં ખડા કર્યાં છે. તે પ્રમાણે સોળમાં અધ્યાયમાં એક બાજુ દૈવી ગુણો અને બીજી બાજુ દુર્ગુણોને સામસામા ખડા કર્યા છે. માનવના મનમાં સદ્‌પ્રવૃત્તિ અને અસદ્ પ્રવૃત્તિ, દૈવી સંપદ્ અને આસુરી સંપદ્ વચ્ચે ગજગ્રાહ ચાલ્યા કરે છે.

વિનોબાજી લખે છે-હિંદુઓની જેમ પારસીઓના ધર્મગ્રંથમાં અહુરમઝદ અને અહરિમાનનો, ખ્રિસ્તીધર્મમાં પ્રભુ અને શેતાનનો, ઇસ્લામમાં પયગંબર અને ઇબ્લિસ વચ્ચે આંતરયુદ્ધ ચાલ્યા જ કરે છે.

યુદ્ધ કહીએ એટલે સેનાપતિ જોઇએ. ગીતામાં સદ્‌ગુણોએ પોતાનો સેનાપતિ નીમ્યો છે. એ સેનાપતિ તે અભય. અભય વિના એકે ય સદ્‌ગુણ વિકસતો નથી તેથી દૈવીસંપદ્ તરીકે ઓળખાવેલા સોળમાં અધ્યાયનો આરંભ શ્રીકૃષ્ણ અભયથી કરે છે.

અભયદાન જેવું શ્રેષ્ઠ બીજું કોઇ દાન નથી એમ ભારતીય પરંપરાની દ્રઢભૂત માન્યતા છે. सर्वेषु दानेषु अभयप्रदानम् । સત્ય, અહિંસા, દયા, કરુણા, સર્વ સદ્‌ગુણોને અભયનો આશ્રય જોઇએ. ભયના ભાષ્યમાં ચિરંતન મૈત્રી કે નિરંતર પ્રેમ પ્રગટી ન શકે. ભયભીત વાતાવરણમાં સદ્‌ગુણ પણ દુર્ગુણ બની બેસે. સત્ પ્રવૃત્તિ પણ દૂબળી પડી જાય. અભય સર્વ સદ્‌ગુણોનો સેનાનાયક છે.

સેના કહીએ તો આગલા અને પાછલા બન્ને મોરચાને સંભાળવો પડે. સેનાને મોખરે જેમ અભય છે તેમ સેનાની આખરે નમ્રતા છે. નમ્રતા ન હોય તો જીત ક્યારેક હારમાં પલટાય. શ્રી કૃષ્ણ અર્જુનને યુદ્ધ માટે પ્રેરે છે ત્યારે પ્રલોભન આપે છે - हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् । અર્થાત્ સામી છાતીએ લડતાં લડતાં જો હણાશે તો સ્વર્ગ મળશે અને જીતશે તો પૃથ્વીને ભોગવશે. દુષ્ટોનો સંહાર કરીશ હે અર્જુન ! તો ધરાને અભયદાન મળશે. પૃથ્વી પર સ્વર્ગનું નિર્માણ થશે. સ્વર્ગ એટલે અભયનો વિરાટ વર્ગ. Cosmic Classroom. કઠ ઉપનિષદમાં વિધાન છે :

स्वर्गलोके न भयं किंचनास्ति । न तत्र त्वं न जस्या विभेति ।
उभे तीर्त्वा अशनयापिपासे । शोकातिगो मोदते स्वर्गलोके ॥

જ્યાં ભય નથી તેનું જ બીજું નામ સ્વર્ગ. જ્યાં નથી વૃદ્ધાવસ્થાનો ડર, નથી ભૂખ કે તૃષ્ણાનો ભય. તે ભયરહિત અવસ્થાનું નામ છે સ્વર્ગ.

મૈત્રી સ્વર્ગની દાત્રી છે, અભયની ધાત્રી છે. Friendship leads to fearlessness, peace and works for universal happiness.

પૃથ્વી પર સ્વર્ગને સાકાર કરવાની ખેવના રાખતા વૈદિક મંત્રદષ્ટા આર્તપ્રાણ પ્રાર્થના કરે છે.

अभयं मित्राद् अभयम् अमित्राद्

अभयं ज्ञाताद् अभयं पुरो य :
अभयं नक्त अभयं दिवा न :
सर्वं आशा मम मित्रं भवन्तु । અથર્વવેદ ૧૯.૧૫-૧૬
જ્યાં ભય છે ત્યાં પરાજય છે.
જ્યાં અભય છે તે અજય છે.
ભયમાં આમય છે.
અભય નિરામય છે.
ભયમાં અનુભય છે.
અભયમાં વિનય છે.
ભયમાં વિલય છે.
અભયને તેજોવલય છે.
નિર્ભય નિર્દય હોઇ શકે.
અભય સદય છે.
જ્યાં ભય છે ત્યાં ક્ષય છે.
અભય અક્ષય છે.
યજુર્વેદના આર્ષદ્રષ્ટા ઋષિ આર્તપ્રાણ પ્રાર્થે છે.
यतो यतः समीहसे ततो नो अभयं कुरु ।
शं नः कुरु प्रजाभ्यः अभयं नः पशुभ्यः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ।

☆☆☆

# સંતહૃદયી સારસ્વત પ્રા. ફિરોજ કાવસજી દાવર

□ પ્રા. કાન્તિભાઇ બી. શાહ

૧૯૯૨નું વર્ષ ગુજરાતના એક વિરલ વિદ્યાસારસ્વત પ્રા. ફિરોઝ કાવસજી દાવરનું જન્મશતાબ્દી-વર્ષ હતું. ગુજરાતની કેટલીક શિક્ષણ સંસ્થાઓએ, દાવર સાહેબના વ્યાપક શિષ્ય સમુદાયે અને બહોળા ચાહકવર્ગે પોત પોતાની રીતે આ સંનિષ્ઠ શિક્ષણકારનું પુણ્યસ્મરણ કર્યું. અમદાવાદ પારસી પંચાયતે 'વિલક્ષણ વિભૂતિ' નામે સ્વ. સદ્‌ગુરુ પ્રા. દાવર-સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરી, એના વિમોચન-સમારોહ નિમિત્તે દાવર સાહેબને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

પ્રા. ફિરોઝ દાવરનો જન્મ તા. ૧૬-૧૧-૧૮૯૨ના રોજ અહમદનગર ખાતે થયો. એમના પિતા કાવસજી જાહેર બાંધકામ વિભાગના કાબેલ હિસાબનીસ હતા. એમને નોકરી અર્થે ગામેગામ ફરવાનું થતું. માતા દીનામાય એક લેખિકા હતા. અને 'આરમઇતી' તખલ્લુસથી પારસી અખબાર અને સામયિકોમાં લેખો-વાર્તાઓ લખતાં. દાવર સાહેબને શાવકશાહ નામે એક મોટાભાઇ અને પાંચ બહેનો હતાં.

અહમદનગર દાવરસાહેબની જન્મભૂમિ બન્યું, પણ કર્મભૂમિ બન્યું ગુજરાતનું અમદાવાદ. ગવર્નમેન્ટ મિડલ સ્કૂલમાં અને ત્યારબાદ આર. સી. હાઇસ્કૂલમાં શાળાનું શિક્ષણ લીધું. મેટ્રિક થઇ ૧૯૦૯માં ગુજરાત કૉલેજમાં અભ્યાસાર્થે જોડાયા. ૧૯૧૨માં કોલેજમાંથી સ્નાતક થયા અને દક્ષિણા ફેલોશિપ પ્રાપ્ત કરી. અંગ્રેજી અને ફારસી વિષયો સાથે ૧૯૧૩માં મુંબઇ યુનિવર્સિટીમાંથી એમ.એમ. થયા. પિતાજીની ઇચ્છાથી એમણે કાયદાનું શિક્ષણ પણ લીધું અને ૧૯૧૬માં એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરીને યુનિવર્સિટીનું બનાજી પારિતોષિક મેળવ્યું. વકિલાત કરવા માટે એમનું મન નહિ માનતા છેવટે પિતાજીએ પુત્રને વકીલ બનાવવાનો આગ્રહ જતો કર્યો. પૂનાની ડેક્કન કોલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે જોડાઇને દાવરસાહેબે અધ્યાપકીય કારકિર્દીનો આરંભ કર્યો. તે પછીનું ૧૯૧૬થી ૧૯૬૬ સુધીનું પૂરી અડધી સદીનું એમનું જીવન અધ્યાપક તરીકે મા સરસ્વતીનાં ચરણોમાં જ સમર્પિત થયું. ૧૯૨૦થી ૧૯૪૭ સુધી એમણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી. તે પછી એલ.ડી. આર્ટ્સ કોલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક અને વિભાગાધ્યક્ષ બન્યા. અને ૧૯૬૬માં નિવૃત્ત થયા ત્યાં સુધી પૂરા આનંદ અને સંતોષપૂર્વક અધ્યાપનકાર્ય કરતા રહ્યા.

અર્ધી સદી સુધીના એમના અધ્યાપન દ્વારા ઊછરતી ત્રણ યુવાપેઢીઓને એમણે અંગ્રેજી સાહિત્યનું શિક્ષણ આપ્યું અને એમાંના ઘણા આજે અંગ્રેજીના વિદ્વાન અધ્યાપકો તરીકે ખ્યાત થયા છે.

અવિરત સ્વાધ્યાય અને ચિંતન-મનને એક સફળ શિક્ષણકાર તરીકેના દાવરસાહેબના પાયાને દઢ કર્યો. દાવરસાહેબનાં વર્ગવ્યાખ્યાનો સદાયે વિદ્યાતેજથી વિભૂષિત થતાં. વિષયનો તલસ્પર્શી અભ્યાસ, અસ્ખલિત વાગ્ધારા, વિશદતાપૂર્ણ છણાવટ અને અંગ્રેજીની સાથે સંસ્કૃત-ફારસીના અનેક સંદર્ભોની પ્રસ્તુતિ દ્વારા એમનાં વ્યાખ્યાનો વિદ્યાર્થીઓને પ્રભાવિત કરતાં અને જ્ઞાનનો પ્રકાશપુંજ પાથરતાં. વિદ્યાવ્યાસંગને પૂજા માનનારા દાવરસાહેબમાં અભ્યાસસજ્જતા, વાચનમનનની એકાગ્રતા અને જ્ઞાનવિતરણની સંનિષ્ઠાના ગુણો સહજભાવે જ મૂર્ત થતા. એટલે તો એમના સન્માનના પ્રત્યુત્તરમાં એમણે કહેલું કે 'સંનિષ્ઠા, પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠા એ કાંઇ મારા આગવા ગુણ નથી. રમતમાં જેમ નિયમો હોય એમ શિક્ષણના ક્ષેત્રે પણ આ તો પ્રાથમિક નિયમો છે.'

ઇ. સ. ૧૯૩૩માં દાવરસાહેબનું લગ્ન સૂરતના જાણીતા જજ દીનશાહજી મહેતાનાં પુત્રી સુનામાય સાથે થયાં. તેઓ સાચા અર્થમાં એક વિનમ્ર અને સુશીલ ગૃહિણી બની રહ્યાં. દાવરસાહેબને સંતાનમાં એક દીકરી. પોતાનાં માતુશ્રી દીનામાય જે 'આરમઇતી' ઉપનામથી લખાણો કરતાં તેમની સ્મૃતિરૂપે દાવરસાહેબે પુત્રીનું નામ પણ આરમઇતી રાખ્યું.

અધ્યાપનકાર્યની સમાંતરે દાવરસાહેબનું લેખનકાર્ય પણ સતત ચાલતું રહ્યું. નિવૃત્તિ પછીયે, આંખની તીવ્ર ઝાંખપ છતાં, એમનો લેખન-વાચનનો સ્રોત વહેતો જ રહ્યો. દાવરસાહેબે લખેલાં પુસ્તકોમાં ૧. Art and Morality and other essays. ૨. Iran and its Culture. ૩. Iran and India through the Ages. ૪. Socrates and Christ ૫. Life of Sir Naoroji Vakil ૬. Parsis and Racial Suicide ૭. મોત પર મનન ૮. ઇરાનનનો ચેરાગ ૯. જરથુસ્ત્ર દર્શન ૧૦. જરથોસ્તી અને બહાઇ ધર્મપ્રકાશ- એટલાં પુસ્તકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 'Reflections' એ ગુજરાત કોલેજ શતાબ્દી સમિતિ દ્વારા પ્રકાશિત અને પ્રિ. ડૉ. આરમઇતી દાવર સંપાદિત દાવરસાહેબનાં લખાણોનો સંકલનગ્રંથ છે.

દાવર સાહેબનું 'મોત પર મનન' પુસ્તક આપણે ત્યાં મૃત્યુ વિષયક ચિંતન રજૂ કરતાં પુસ્તકોમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ પુસ્તક લેખન પાછળ પણ એક ઇતિહાસ છે. ઇ. સ. ૧૯૪૧માં દાવરસાહેબ ટાઇફોઇડના જ્વરમાં સપડાયા અને ઉપરાછાપરી એના ત્રણ હુમલાનો ભોગ બન્યાં. મુંબઇના તબીબોએ ત્રણેક દિવસ તો આશા પણ છોડી દીધેલી. પણ દૈવયોગે તેઓ એમાંથી ઊગરી ગયા. મૃત્યુની છેક સમીપે પહોંચી ચૂકેલા દાવર સાહેબના મનમાં મૃત્યુ વિશે જે સ્વાનુભૂતિસભર વિચારમંથન ચાલ્યું એનું આવિષ્કરણ એટલે આ 'મોત પર મનન' ગ્રંથ.

૧૯૫૬માં ઇરાનની તેહરાન યુનિવર્સિટી તરફથી ત્રણ મહિના માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે દાવર સાહેબને નિમંત્રણ મળતાં એમણે

પારસીઓના માદરેવતન ઈરાનનો શૈક્ષણિક પ્રવાસ કર્યો. આ અગાઉ એમનાં 'ઈરાનનો ચેરાગ' (૧૯૫૦) અને 'Iran and its Culture' (૧૯૫૩) પુસ્તકો તો પ્રગટ થઇ ચૂક્યાં હતાં, પણ ઈરાનની મુલાકાત દ્વારા ત્યાં વસતા પારસીઓના પ્રજાકીય જીવનનો એમને જે પ્રત્યક્ષ અનુભવ થયો તે પછી એમણે 'Iran and India through the Ages' જેવો ગ્રંથ ૧૯૬૨માં પ્રગટ કર્યો.

૧૯૬૬માં તહેરાનમાં વર્લ્ડ ઝોરોસ્ટ્રિયન કોંગ્રેસનું અધિવેશન મળ્યું. તેમાં દાવર સાહેબે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને એ રીતે ઈરાનની ફરી મુલાકાત લેવાની તક એમને પ્રાપ્ત થઇ.

જન્મે પારસી એવા આ સંતહૃદયી સજ્જને સર્વધર્મસમભાવને સાચા અર્થમાં પચાવી જાણ્યો હતો. સવારે ઊઠીને તેઓ ગાયત્રી મંત્રના પાઠ અને અવસ્તામાંથી બંદગી કરતા. ભગવદ્ગીતા અને બાઇબલના વિચારો વિશે ઊંડું મનન કરતા. ઉત્તરાવસ્થામાં શ્રી રામભાઇ અમીન પાસે મહર્ષિ અરવિંદનું સાહિત્ય વંચાવતા. અને સર્વશ્રી રોહિત મહેતાનાં મહર્ષિ અરવિંદ વિશેના વ્યાખ્યાનોમાં ઊંડો રસ લેતા. એક વાર 'ગુજરાત સમાચાર'ના પ્રતિનિધિએ એમની મુલાકાત લીધી. પડખેના ટેબલ પર પડેલી સરસ્વતીની કાષ્ઠમૂર્તિ વિશે વાત નીકળી. દાવરસાહેબે કહ્યું કે પોતે રોજ સવારે લેખન-વાચનનો આરંભ મા સરસ્વતીને પ્રણામ કરીને કરે છે. પ્રતિનિધિએ ટકોર કરી કે 'આ તો હિંદુઓની દેવી છે.' ત્યારે દાવર સાહેબે કહ્યું; 'એ ભેદ તમારા મનમાં છે, મારા મનમાં નથી.'

શિક્ષણને વરેલાં દાવર સાહેબમાં દેશદાઝ પણ એટલી જ તીવ્ર હતી . ગુજરાત કોલેજના તત્કાલીન અંગ્રેજ પ્રિન્સિપાલ શિરાઝને તેમણે કહેલું 'Let me be true to myself and my motherland'. સ્વાતંત્ર્ય આંદોલનના ચોમેર ગુંજતા વાતાવરણમાં દાવરસાહેબે ગાંધીજીનો 'સાબરમતીના સંત' તરીકે ઉલ્લેખ કર્યા પછી એમને ચેતવણી મળી ચૂકી હતી કે જો તેઓ રાષ્ટ્રવાદી વલણ ધરાવશે તો પસ્તાવાનો વારો આવશે. બન્યું પણ એમ જ. કોલેજમાં મિ. શિરાઝ આચાર્યપદે રહ્યા ત્યાં સુધી દાવરસાહેબને સિનિયર વ્યાખ્યાતા તરીકે બઢતી ન મળી. પણ એમને થયેલા આ અન્યાય બદલ આ અજાતશત્રુ સજ્જન કશોયે કચવાટ સેવ્યા વિના એમનું કર્તવ્ય બજાવતા રહ્યા.

દાવરસાહેબ આમ તો ગાંધી વિચારધારાથી પ્રભાવિત, પણ હડતાળના શસ્ત્ર વિશે સાશંક એ માટે હતા કે ગાંધીજીએ શુદ્ધ હૃદયથી વાપરેલું આ શસ્ત્ર વામણા લોકો સ્વાર્થ કાજે પણ પ્રયોજે. એમાંયે 'શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રે તે ન વપરાય' એવું દ્રઢપણે માનતા. છતાં વિદ્યાર્થી-હડતાળના એક પ્રસંગે દાવરસાહેબે જે વલણ અપનાવ્યું તે અંગે શ્રી નીરુભાઇ દેસાઇએ નોંધેલો એક કિસ્સો એમના પ્રગાઢ વિદ્યાર્થીપ્રેમને પ્રગટ કરનારો છે:

ગુજરાત કોલેજની હડતાળ વખતે વિદ્યાર્થીઓ નિસરણી પર આડા સૂઇ ગયા. દાવરસાહેબ આવ્યા ને પૂછ્યું કે 'આજે શું છે ?'

'હડતાળ' વિદ્યાર્થીઓનો જવાબ.

દાવરસાહેબે બીજો પ્રશ્ન કર્યો કે 'હડતાળ તો વિદ્યાર્થીઓ પૂરતી હશે ને ?'

વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો : 'આ હડતાળને અમે વિસ્તારી છે, ને અધ્યાપકો અમારા શરીર ઉપર પગ મૂકીને જ જઇ શકશે.'

'વિદ્યાર્થીઓના શરીર પર પગ મૂકવા કરતાં હું રાજીનામું આપવાનું પસંદ કરીશ.' આમ કહી પાછા વળી ગયા.

જેવો ઉત્કટ એમનો પુસ્તકપ્રેમ એવો જ ઉત્કટ એમનો ચાલવાનો શોખ . પણ ઉત્તરાવસ્થામાં દેહની નબળાઇ અને આંખોની નિસ્તેજતાને લીધે ચાલવાનું બંધ થયું ને ઘરમાં એકાંતવાસ જેવી સ્થિતિ સર્જાઇ ત્યારે પણ ચિંતન, મનન ને લેખનના સાતત્ય દ્વારા એમણે આ એકાંતવાસને ભર્યોભર્યો જ રાખ્યો.

મોત ઉપર મનન કરનાર આ વિભૂતિને મૃત્યુનો ડર તો શાનો જ હોય ! આવનાર મૃત્યુ માટે તેઓ પૂરતા સજ્જ હતા. શેક્સપિયરની ઉક્તિ 'ઈીચગૈહીજજ઼઼' જ ચનંનદ ટાંકીને તેમણે પુત્રી આરમઇતીબેનને છેલ્લે છેલ્લે મૃત્યુ વિશે સમજ આપતાં કહેલું, 'મૃત્યુને યમરાજના ભયાવહ સ્વરૂપ સાથે કલ્પી લેવું એ તો નાદાનિયત છે. મૃત્યુનો ડર ના હોય. તે તો એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવાની પ્રક્રિયા છે. મોત મંગલકારી વિકાસયાત્રા છે.'

૧૯૭૮ના ૩૧મી જાન્યુઆરીએ તેઓ પરોઢની પ્રાર્થના પછી મૂર્છામાં સરી ગયા અને ત્રણ દિવસ બેભાનાવસ્થામાં ગાળી ૩જી ફેબ્રુઆરીએ આ પુણ્યાત્માએ ચિરવિદાય લીધી.

દાવરસાહેબનું વ્યક્તિત્વ નિર્દોષતા, પારદર્શિતા, નિખાલસતા અને વિનમ્રતાથી સભર હતું. દાવરસાહેબને સન્માનતાં, કુલપતિપદેથી શ્રી ઉમાશંકર જોશીએ ઉચ્ચારેલાં આ શબ્દો કેટલા યથાર્થ છે: '...તેઓ બધા ધર્મોનો સમાવેશ થાય એવા મહાન જરથોસ્તી ધર્મનું જીવંત ઉદાહરણ છે. 'પ્રોફેસર' શબ્દ કોઇના નામ આગળ મુકાઇને કૃતાર્થ થતો હોય તો તે દાવરસાહેબના નામની આગળ. એમના શિષ્યોના હૃદયમાં બિરાજીને તેઓ ગુજરાતના ખૂણેખૂણે પહોંચી ગયા છે...જીવનના ઝંઝાવાતો વચ્ચે અક્ષુબ્ધ રહીને જ્ઞાનનો અગ્નિહોત્ર નિરંતર ચાલુ રાખનાર આ વિદ્યાવારિધિએ અંગ્રેજીમાંથી, ફારસીમાંથી, ગુજરાતીમાંથી, સંસ્કૃતમાંથી તારવી તારવીને જ્ઞાન સંચિત કર્યું.'

પ્રા. અનંતરાય રાવળ દાવરસાહેબના વ્યક્તિત્વને મૂલવતાં લખે છે: 'આડંબર અને અભિમાનથી સાવ મુક્ત-જ્ઞાનનો ગર્વ નહીં... નિષ્ક્રીય ચર્ચામાં પડવાનું નહીં. બીજા વાદ-વિવાદમાં પડ્યા હોય ત્યાં દાવરસાહેબ મૌન સ્મિત સાથે શાંતિ જાળવે... મન-વચન-કર્મમાં સીધાપણું જણાય. એ રીતે પાકા જરથોસ્તી. વર્તનમાં માણસાઇ ભુલાય નહીં એવા ક્ષમાશીલ ઋષિ સંસારી જીવનમાં ભાગ્યે જોવાય.'

થોડુંક અંગત : દાવરસાહેબના પુત્રી ડૉ. આરમઇતીબહેન દાવર જે સંસ્થામાં અંગ્રેજીમાં અધ્યાપિકા તરીકે સેવા આપી રહ્યાં હતા (અને હાલ આચાર્યપદે છે) તે બી.ડી. આર્ટસ્ કોલેજમાં પાછળથી હું પણ જોડાયો. દાવરસાહેબના ખાનપુર ખાતેના નિવાસસ્થાનેથી થોડીક જ મિનિટના અંતરે મારું રહેઠાણ. એ રીતે આરમઇતીબહેનના સહાધ્યાપક અને પાડોશીના નાતે જ્યારે જ્યારે એમને ઘેર જવાનું થતું ત્યારે દાવરસાહેબના અભિજાત વ્યક્તિત્વની મહેંક મારા અંતરને પુલકિત કરી જતી. દાવરસાહેબના પ્રત્યક્ષ સાન્નિધ્યની માણેલી થોડીક પણ સુખદ ક્ષણોને હું મારા જીવનનું સદ્ભાગ્ય સમજું છું. ગુજરાતની આ વિરલ સારસ્વત-પ્રતિભાને એમની જન્મશતાબ્દી નિમિત્તે હૃદયની ભાવાંજલિ.

❖ ❖ ❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે શ્રી રજનીકાંત ચંદુલાલ ભણશાળીના આર્થિક સહયોગથી સ્વ. ચંદુલાલ જેસંગલાલ ભણશાળીના સ્મરણાર્થે ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ દ્વારા શનિવાર, તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ દેથલી (તા. માતર જી. ખેડા) મુકામે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

-મંત્રીઓ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. લેસરટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : ૬ ● અંક : ૪ ● ● તા. ૧૬-૪-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. મોરારજી દેસાઇ

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઈનો ૯૯ વર્ષની ઉંમરે મુંબઈમાં તા. ૧૦મી એપ્રિલ ૯૫ના રોજ સ્વર્ગવાસ થયો. એમણે ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો, પરંતુ શતાબ્દી પૂરી કરી શક્યા નહિ. તેમની નિયમિતતા અને શારીરિક સ્વસ્થતા જોતાં એવી આશા હતી જ કે તેઓ અવશ્ય ૧૦૦ વર્ષ પૂરાં કરશે. પરંતુ કુદરતનું કરવું કંઈક જુદું જ હોય છે. જેમના નખમાંયે રોગ નહોતો એવા મોરારજીભાઈ અચાનક તાવમાં પટકાયા અને તાવની અસર મગજ ઉપર પહોંચી. બેભાન અવસ્થામાં તેમણે જસલોક હોસ્પિટલમાં દેહ છોડ્યો. જસલોક હોસ્પિટલમાં છેલ્લા દિવસોમાં એમને જોવા માટે પણ મુલાકાતીઓને જવા દેવામાં આવતા ન હતા. આમ પણ તેઓ ભાનમાં ન હતા. એટલે એમને અંદર જોવા જવાનો વિશેષ અર્થ પણ નહોતો.

મોરારજીભાઈના પાર્થિવ દેહને, એમની ભાવના અનુસાર અમદાવાદમાં સાબરમતી નદીના તટમાં અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા.

પ્રખર ગાંધીવાદી, નિર્દંભ, સત્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ, સાધનશુદ્ધિના આગ્રહી, કુશળ વહીવટકર્તા, સ્વતંત્ર વિચારક, ભગવદ્દ્ગીતાના ઉપાસક કર્મયોગી એવા સ્વ. મોરારજી દેસાઈની ૯૯ વર્ષની સક્રિય કારકિર્દીના ઘટનાસભર જીવન વિશે ઘણું લખી શકાય. એમનું વિસ્તૃત જીવનચરિત્ર લખાયું છે. અહીં તો માત્ર એમના જીવનનાં કેટલાંક પાસાં વિશે અંગત સ્મરણો સાથે લખવું છે.

ભારતની આઝાદીના જંગમાં ભાગ લેનાર નેતાઓમાં આ પચાસ વર્ષમાં એક માત્ર મોરારજીભાઈ જ એવી વ્યક્તિ છે કે જેમને બધી કક્ષાનો સત્તાવાર અનુભવ હતો. જવાહરલાલને સીધો વડા પ્રધાન તરીકેનો અનુભવ હતો. રાજ્યકક્ષાનો કશો અનુભવ નહોતો. તેવી જ રીતે ઈન્દિરા ગાંધીને પણ રાજ્યકક્ષાનો અનુભવ નહોતો. રાજીવ ગાંધીને તો ધારાસભા કે લોકસભાના સભ્ય તરીકેનો કે રાજ્ય કે કેન્દ્રના કોઈ પ્રધાન તરીકેનો પણ અનુભવ નહોતો. મોરારજીભાઈને ધારાસભાના સભ્ય તરીકે, રાજ્યના પ્રધાન તરીકે, રાજ્યના નાયબ પ્રધાન તરીકે, રાજ્યના મુખ્ય પ્રધાન તરીકે, લોકસભાના સભ્ય તરી, કેન્દ્રના પ્રધાન તરીકે, નાયબ વડા પ્રધાન તરીકે અને વડા પ્રધાન તરીકેનો અનુભવ હતો. આટલા બધા પ્રકારનાં સત્તાસ્થાન પર રહેલી હજુ સુધી કોઈ એક વ્યક્તિ હોય તો તે મોરારજી દેસાઈ છે. વળી તેઓને બ્રિટિશ શાસનકાળ દરમિયાન બ્રિટિશ રાજ્યતંત્રમાં પણ ડેપ્યુટી કલેક્ટર, પ્રોવિન્શિયલ ઓફિસર, પર્સનલ એસિસ્ટન્ટ ટુ કલેક્ટર વગેરે પ્રકારનાં સત્તાસ્થાનોનો અનુભવ હતો અને આઝાદી પૂર્વે ૧૯૩૭માં જે હોમરૂલ પ્રાંતિક સરકારની રચના થયેલી તેમાં બાળાસાહેબ ખેર સાહેબ સાથે એમણે મહેસૂલ ખાતાના પ્રધાન તરીકે કામગીરી બજાવી હતી.

સરકારી સત્તાસ્થાનો ઉપરાંત કોંગ્રેસ પક્ષમાં પણ એમણે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી તરીકે, કારોબારીની સમિતિના સભ્ય તરીકે, કામરાજ યોજના હેઠળ રાષ્ટ્રના અગ્રણી કાર્યકર નેતા તરીકે એમ વિવિધ પ્રકારની કામગીરી બજાવી હતી. મોરારજીભાઈએ ૧૯૩૦માં સાબરમતી જેલમાં, ૧૯૩૧માં નાસિક જેલમાં, ૧૯૩૩માં યરવડા જેલમાં, ૧૯૪૧માં સાબરમતીમાં અને યરવડા જેલમાં, ૧૯૪૨માં યરવડા જેલમાં અને આઝાદી પછી ઈન્દિરા ગાંધીના કટોકટીના શાસનકાળ દરમિયાન ૧૯૭૫માં સોહના જેલમાં રહીને જેલ જીવનનો પણ ઘણો અનુભવ લીધો હતો.

મોરારજીભાઈ સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થયા ત્યારે શ્રી જૈન યુવક સંઘની વસંત વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે પધાર્યા હતા. ત્યારે વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે મેં એમની આ બધી સિદ્ધિઓ દાખવતાં એવી ઈચ્છા અને આશા વ્યક્ત કરી હતી કે હવે એકમાત્ર રાષ્ટ્રપતિનું પદ મોરારજીભાઈને મળવું બાકી છે અને સક્રિય રાજકારણમાંથી તેઓ નિવૃત્ત થયા છે ત્યારે આ પદ પણ તેમને મળશે એવી આશા વ્યક્ત કરું છું. પરંતુ મોરારજીભાઈને એ પદ મળ્યું નહિ. મળ્યું હોત તો રાષ્ટ્રની શોભા વધત. એટલું સારું થયું કે એમને પોતાની હયાતીમાં જ 'ભારતરત્ન'નો ઈલ્કાબ મળ્યો હતો. પાકિસ્તાને પણ એમને સર્વોચ્ચ ઈલ્કાબ 'નિશાને પાકિસ્તાન' આપ્યો હતો. ભારતના દુશ્મન ગણાતા રાષ્ટ્રમાં પણ મોરારજીભાઈની સુવાસ કેવી હતી એની એ પ્રતીતિ કરાવે છે. ભારત અને પાકિસ્તાન એમ બંને રાષ્ટ્રોના સર્વોચ્ચ ઈલ્કાબ મેળવનાર એક માત્ર વ્યક્તિ હોય તો તે મોરારજીભાઈ જ છે.

મોરારજીભાઈને નજીકથી મળવાનો સૌથી પહેલો પ્રસંગ મને ૧૯૫૨માં પ્રાપ્ત થયો હતો. ત્યારે તેઓ મુંબઈ રાજ્યના મુખ્ય મંત્રી બન્યા હતા. તે વર્ષે હું બેલગામમાં લશ્કરી તાલીમ લેવા ગયો હતો. બેલગામ ત્યારે મુંબઈ રાજ્યમાં હતું. મોરારજીભાઈ રાજ્યના મુખ્ય મંત્રી તરીકે બેલગામના મિલિટરી સેન્ટરની મુલાકાત લેનાર હતા. તેઓ અમારી પરેડની સલામી લેનાર હતા અને મિલિટરી મેસમાં અમારી સાથે ભોજન લેનાર હતા. આઝાદી પછી હજુ થોડાં જ વર્ષ પસાર થયાં હતાં. બ્રિટિશરોની લશ્કરી એટિકેટ હજુ ચાલુ હતી. એટિકેટનો મુખ્ય પ્રશ્ન આ હતો-મિલિટરી મેસમાં કે પરેડના મેદાનમાં કોઈપણ વ્યક્તિ ચંપલ પહેરીને જઈ ન શકે. બૂટમોજાં પહેરીને જ જવું પડે. વળી કોઈ પણ વ્યક્તિ મેસમાં ભોજન માટે ધોતિયું કે પાયજામો પહેરીને ન જઈ શકે.

પેન્ટ જ પહેરવું પડે. મોરારજીભાઇ ધોતિયું અને ચંપલ પહેરીને આવવાના હતા. વડા પ્રધાન જવાહરલાલ બુટ પહેરતા અને ધોતિયું નહોતા પહેરતા. એમનાથી લશ્કરી ઓફિસરો ટેવાઇ ગયા હતા. પરંતુ ધોતિયું અને ચંપલથી હજુ ટેવાયા નહોતા. મિલિટરીમાં એટિકેટનો-શિષ્ટાચારનો ભંગ એ ઘણી ગંભીર બાબત ગણાય. વસ્તુતઃ ગુનો જ લેખાય છે. મોરારજીભાઇ માટે બુટમોજાં સહિત લશ્કરી યુનિફોર્મ તૈયાર રાખવામાં આવ્યો હતો, પરંતુ એ કહેવાની હિંમત કરે કોણ ? અને તેઓ ન માને તો શું થાય ? અમારા કમાન્ડિંગ ઓફિસર આ બાબતમાં જે બહુ ગુસ્સામાં હતા તે છેલ્લી ઘડીએ ઢીલા પડી ગયા. અમારી ઓફિસરોની મિટિંગમાં તેમણે જાહેર કર્યું કે આપણાથી કશું કહી શકાશે નહિ. એટિકેટનો ભંગ થાય તે જોયા કરવો પડશે.'

મોરારજીભાઇ મુલાકાત માટે આવ્યા. તેઓ પ્રસન્નવદન હતા, પણ અમારા કમાન્ડિંગ ઓફિસરના ચહેરા પર માત્ર કૃત્રિમ પ્રસન્નતા હતી. બીજા ઓફિસરો પણ ઝંખવાણા પડી ગયા હતા. મોરારજીભાઇએ અમારી સાથે ધોતિયું અને ચંપલ પહેરીને ભોજન લીધું. બેલગામના મિલિટરી સેન્ટરમાં પહેલીવાર એટિકેટના ભંગરૂપ ઐતિહાસિક ઘટના બની ગઇ.

ભોજન પછી અમે બધા ઓફિસરો બેઠકના ખંડમાં બેઠા. તેમની સાથે વાત કરવાની મને પણ તક મળી. ઓફિસરોમાં ગુજરાતી તરીકે હું એક જ હતો. હું લશ્કરી તાલીમ લઉં છું એ જાણીને એમને આનંદ થયો. વળી હું જૈન છું એ જાણીને એમને આશ્ચર્ય થયું. ખાનપાનમાં મને કંઇ મુશ્કેલી નથી પડતી અને મને યોગ્ય શાકાહાર મળી રહે છે એ જાણીને એમને સંતોષ થયો હતો. હું કઇ કોલેજમાં કયો વિષય ભણાવું છું તે પણ એમણે મને પૂછ્યું. થોડી મિનિટ માટેની આ અમારી અનૌપચારિક વાતો એમને માટે તો અનેકમાંની એક હતી. એમને યાદ પણ ન રહે. પણ પચીસ વર્ષની વયે મને રાજ્યના મુખ્ય મંત્રી સાથે વાત કરવાની તક મળી એ મારે માટે યાદગાર ઘટના હતી. અલબત્ત, ત્યાર પછી તો એમને મળવાનું ઘણીવાર થયું હતું.

મોરારજીભાઇને જ્યોતિષમાં ઊંડી શ્રદ્ધા હતી. એક વખત અમારી સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે પોતે જરૂર ભારતના વડા પ્રધાન થવાના છે. પોતાની જન્મકુંડળીમાં એવો યોગ છે. મોરારજીભાઇની એ વાત સાચી પડી હતી.

વડાપ્રધાનના પદેથી નિવૃત્ત થયા પછી એક વખત મોરારજીભાઇને મારે મળવાનું થયું ત્યારે એમણે વાતવાતમાં કહ્યું હતું કે જ્યોતિષના આધારે ઇન્દિરા ગાંધી કરતાં પોતે વધુ જીવવાના છે. ઇન્દિરા ગાંધી ત્યારે ફરીથી વડા પ્રધાન થયાં હતાં. ઇન્દિરા ગાંધીની હત્યા થઇ અને તેઓ મોરારજીભાઇ કરતાં વહેલાં વિદાય થયાં, પરંતુ એ હત્યા ન થઇ હોત તો પણ ઇન્દિરા ગાંધીનું આયુષ્ય લાંબુ નથી એવું મોરારજીભાઇ માનતા હતા. એક વખત વાતચીતમાં એમણે ઇન્દિરા ગાંધીનો નિર્દેશ કરતાં કહ્યું કે ઇન્દિરા ગાંધી પોતાને થયેલા કોઇ ગંભીર રોગની જાહેરાત થવા દેતાં નથી, પરંતુ તેઓ નિયમિત વધુ પ્રમાણમાં કોર્ટિઝનનો ઉપયોગ કરે છે. તે પરથી લાગે છે કે એમનું શરીર વધુ સમય ટકી શકશે નહિ. અલબત્ત ઇન્દિરા ગાંધીની હત્યા થઇ એટલે એમના સ્વાસ્થ્ય વિશેની આ વાતની તો માત્ર અટકળ જ કરવાની રહે છે.

મોરારજીભાઇને કિશોરાવસ્થાથી જ નિસર્ગોપચારમાં શ્રદ્ધા હતી. તેઓ જવલ્લે જ માંદા પડ્યા હશે. તેમણે ક્યારેય એલોપથીની દવાઓ લીધી નહોતી. તેમણે ક્યારેય બળિયા-અછબડા માટે રસી મુકાવી નહોતી. જે વખતે આખી દુનિયામાં કોઇ દેશ રસી મુકાવ્યા વગર ગમે તેવી મોટી વ્યક્તિ હોય તો પણ પોતાના દેશમાં પ્રવેશ આપતી નહોતી તે વખતે પણ મોરારજીભાઇ રસી મુકાવ્યા વગર દુનિયાના ઘણા દેશોમાં જઇ આવ્યા હતા. એમના પ્રત્યેના માનને કારણે આવી છૂટ એમને અપાતી હતી. મોરારજીભાઇને શિવામ્બુમાં ઘણી શ્રદ્ધા હતી. જીવનભર એમણે એ એ પ્રયોગ કર્યો. તેમણે યુવાન વયથી બ્રહ્મચર્યવ્રત અંગીકાર

તેવી પરિસ્થિતિમાં અસ્વસ્થ થતા નહિ. સદાચારી હંમેશાં નિર્ભય હોય છે. મોરારજીભાઇના જીવનમાં એવી નિર્ભયતા હતી.

મોરારજીભાઇ પોતાના દૈનિક કાર્યોમાં નિયમિતતા ચીવટપૂર્વક રાખતા. રોજ સવારના ચાર વાગે ઊઠી જતા. વ્યાયામ કે યોગાસનો કરતા. સ્નાન માટે તેઓ સાબુનો ઉપયોગ કરતા નહિ, પણ શરીર બરાબર ચોળી-ઘસીને સ્નાન કરતા. એમના પગ પણ અત્યંત સ્વચ્છ રહેતા. નેવું વર્ષની ઉંમરે પણ એમના પગના નખ લાલ લાલ રહેતા. જેમ સ્નાનની બાબતમાં તેમ ભોજનની બાબતમાં પણ તેઓ નિયમિત હતા. સવારે દસના ટકોરે તેઓ જમવા બેસતા. ગમે ત્યારે ગમે તે પ્રસંગે જવાનું હોય, તેઓ પોતાના જમવાના સમયની સ્પષ્ટતા કરતા. જે કોઇ એ સમય સાચવી શકે તેનું જ નિયંત્રણ સ્વીકારતા. ઘાટકોપરમાં એક વખત એમના પ્રમુખપદે સભા યોજાઇ હતા. સભા પછી શ્રી દુર્લભજી ખેતાણીને ત્યાં એમને જમવાનું હતું. દુર્લભજીભાઇએ ચીમનલાલ ચકુભાઇને તથા મને નિમંત્રણ આપ્યું હતું. સભામાં પહેલા બે ત્રણ વક્તાઓ લાંબુ બોલ્યા, પરંતુ મોરારજીભાઇએ તો પોતાનો સમય થયો એટલે બીજા વક્તાઓને પડતા મૂકી પોતાનું વક્તવ્ય ચાલુ કરી દીધું અને તરત સભા પૂરી કરીને દુર્લભજીભાઇને ત્યાં પહોંચી ગયા હતા. આહારમાં મોરારજીભાઇ લસણ નિયમિત લેતા. રોજ લસણની દસબાર કાચી કળી તેઓ ખાતા, એથી પોતાનું સ્વાસ્થ્ય સારું રહે છે એમ કહેતા. તેઓ દૂધ ગાયનું પીતા, માખણ ગાયના દૂધનું ખાતા. પોતે સત્તા પર પ્રધાન કે વડા પ્રધાનના પદે રહેતા હતા ત્યારે એમના મંત્રી દરેક સ્થળે અગાઉથી સૂચના આપી સ્થાનિક કાર્યકર્તાઓ પાસે આ બધી સગવડ કરાવતા. મને યાદ છે કે એક વખત નડિયાદમાં એક કાર્યક્રમમાં મોરારજીભાઇ આવવાના હતા ત્યારે આગલે દિવસે રાત્રે અગિયાર વાગે કાર્યકર્તાઓને યાદ આવતાં ગાયના દૂધના માખણ માટે દોડાદોડ કરી મૂકી હતી.

મોરારજીભાઇ ક્યારેક આકરા સ્વભાવના બની જતા. ક્યારેક હઠીલા અને ઉતાવળિયા પણ બનતા. એમ છતાં લોકોમાં અને ખાસ કરીને ગુજરાતના ગુજરાતીઓમાં તેમને માટે માનભર્યું સ્થાન હતું. તેમને માટે 'સર્વોચ્ચ' શબ્દ રૂઢ થઇ ગયો હતો. પરંતુ જૂના મુંબઇ રાજ્યમાં જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર સાથે હતાં ત્યારે ડાંગના પ્રશ્નની બાબતમાં મોરારજીભાઇએ અભિપ્રાય આપવાની જે ઉતાવળ કરી હતી તેને લીધે ગુજરાતની પ્રજા નારાજ થઇ હતી. મુંબઇ રાજ્યમાં જ્યારે બી.જી. ખેર મુખ્ય મંત્રી હતા અને મોરારજીભાઇ નાયબ મુખ્ય મંત્રી હતા એ વખતે ખેરની સાથે મોરારજીભાઇએ ડાંગ જીલ્લાની મુલાકાત લીધી અને બે-ચાર ગામ પાસેથી જીપમાં પસાર થતાં લોકો સાથે વાતચીત કરી અને તે લોકો મરાઠીમાં બોલ્યા એટલે મોરારજીભાઇએ મુંબઇમાં આવીને જાહેરાત કરી કે ડાંગની ભાષા મરાઠી છે. મોરારજીભાઇની આ જાહેરાત ઉતાવળી અને અભ્યાસ વગરની હતી. એને લીધે મુંબઇ રાજ્યના વિભાજન વખતે ગુજરાતને ઠીક ઠીક સહન કરવું પડ્યું હતું. ડાંગ જીલ્લાના નેતાઓ સ્વ. છોટુભાઇ નાયક અને બીજાઓ સાથે ડાંગમાં જઇને મેં આ અંગે વાતચીત કરી હતી ત્યારે ખેર સાહેબના અધિકારીઓએ લોકો પાસે મરાઠીમાં બોલાવવાનું કેવી રીતે નાટક ગોઠવ્યું હતું તેની બધી વિગત જાણવા મળી હતી. ડાંગ મહારાષ્ટ્રમાં જાય નહિ તે માટે તેઓને કેટલો બધો પ્રતિકાર કરવો પડ્યો હતો અને ગામે ગામ જઇને પ્રચાર કરવો પડ્યો હતો તેની કટિબદ્ધ વિગતો પણ જાણવા મળી હતી.

મોરારજીભાઇ મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા ત્યારે એમની કીર્તિનો મધ્યાહ્ન ઝળહળતો હતો. પરંતુ એમના આખાબોલા સ્વભાવને કારણે કેટલાંક વર્તુળોમાં તેઓ અળખામણા થયા હતા. બીજી બાજુ, મોરારજીભાઇ પોતે સ્વચ્છ હોવા છતાં એમનાં નામનો દુરુપયોગ થવા લાગ્યો હતો. થોડે ઘણે અંશે મોરારજીભાઇ પોતે પણ એ વિશે જાણતા હશે. આવી વાતો રાજદ્વારી વર્તુળોમાં પ્રસર્યા વગર રહે નહિ. પોતાનાં

ગેરકાયદેસરના નથી હોતા, પરંતુ એથી નેતાની પ્રતિભાને ઝાંખપ તો લાગે જ છે અને લાંબે ગાળે એવી વાતો નેતાની પ્રગતિને રુંધે છે. મોરારજીભાઇના જીવનમાં પણ એવી વાદળી આવીને પસાર થઇ ગઇ હતી એમ મનાય છે.

મોરારજીભાઇની શક્તિ જોતાં નહેરુએ ૧૯૫૬માં એમને કેન્દ્રમાં પ્રધાન બનાવ્યા હતા. ત્યારે સિનિયોરિટીમાં એમનો નંબર ચોથો હતો. નહેરુ પછી મૌલાના આઝાદ અને ગોવિંદ વલ્લભ પંત હતા અને ચોથે સ્થાને મોરારજીભાઇ હતા. મૌલાના આઝાદ અને ગોવિંદ વલ્લભ પંતનાં અવસાન થતાં મોરારજીભાઇ બીજે નંબરે આવ્યા. નહેરુને એ ગમ્યું નહિ, કારણ કે પોતે ન હોય ત્યારે મોરારજીભાઇ વડા પ્રધાન બને. નહેરુની ઇચ્છા પોતાની ગાદી ઇન્દિરાને સોંપવાની હતી. એટલે નહેરુએ 'કામરાજ યોજના'ની ચાલબાજી ઊભી કરી અને પક્ષના સંગઠન માટે પોતે સત્તા પરથી નિવૃત્ત થાય છે એવો દંભ કરી પોતે સત્તા પર રહ્યા અને મોરારજીભાઇને દૂર કર્યા. ત્યારથી મોરારજીભાઇનાં વળતાં પાણી જણાયાં. પછી તો લાલ બહાદુર શાસ્ત્રી અને ઇન્દિરા ગાંધી વડા પ્રધાન બન્યા. છેવટે મોરારજીભાઇએ નાયબ વડા પ્રધાનનું પદ સ્વીકાર્યું. પરંતુ ગાંધીજીની જન્મ શતાબ્દી પ્રસંગે હરિજનને રાષ્ટ્રપતિ બનાવવા અને એ પદ જગજીવનરામને આપવું એવો આગ્રહ ઇન્દિરા ગાંધીનો હતો અને તેની સામે મોરારજીભાઇનો વિરોધ એ હતો કે જગજીવનરામ દસ વર્ષથી પોતાનો ઇન્કમટેક્ષ ભરતા નથી. એવી વ્યક્તિને રાષ્ટ્રપતિ બનાવવામાં ભારતની લોકશાહીને લાંછન લાગશે. માટે સંજીવ રેડીને રાષ્ટ્રપતિ બનાવવા જોઇએ. આ મુદ્દા ઉપર છેવટે કોંગ્રેસમાં ભંગાણ પડ્યું. મોરારજીભાઇનું નાણાં ખાતું ઇન્દિરા ગાંધીએ છીનવી લીધું અને છેવટે મોરારજીભાઇએ નાયબ વડા પ્રધાનનું પદ છોડ્યું. આ ઝઘડામાં રાષ્ટ્રપતિના પદ માટે ફાવી ગયા વી. વી. ગીરી.

મોરારજીભાઇ સ્વસ્થ રહેતા. પોતાના માટે જાગેલા ગમે તેવા વિવાદ વખતે પણ તેઓ પોતાની સમતુલા ગુમવાતા નહિ. પરંતુ પોતાના એ જ સદ્‌ગુણને તેઓ કયારેક નિષ્ઠુરતાની કોટિ સુધી લઇ જતા ત્યારે લોકોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડતા. સંયુક્ત મહારાષ્ટ્રના આંદોલન વખતે કે મહારાષ્ટ્ર અને ગુજરાતના વિભાજન વખતે કે સુવર્ણધારાના વિરોધ સામે સોનીઓએ કરેલા આંદોલન વખતે મોરારજીભાઇની સમતુલા નિષ્ઠુરતામાં પરિણમી હતી એવો જે આક્ષેપ થાય છે એમાં વજુદ નથી એમ નહિ કહી શકાય.

કટોકટી વખતે મોરારજીભાઇને જેલમાં પૂરવામાં આવ્યા. જેલમાં જતાંની સાથે જ જેલના સત્તાવાળા આગળ તેમણે પોતાનો નિર્ણય જાહેર કરી દીધો કે પોતે ફળાહાર સિવાય બીજો કશો આહાર લેશે નહિ. અન્નાહાર છોડીને ફળાહાર તરફ વળવાનો વિચાર તો તેમના મનમાં ઘણાં વર્ષોથી ચાલતો હતો. પરંતુ તે અમલમાં મુકાતો ન હતો. કટોકટી દરમિયાન જેલનિવાસમાં આ વિચારને અમલમાં મૂકવાની સારી તક મળી ગઇ.

આમ તો અન્નાહાર છોડી ફળાહાર તરફ વળવાની ઘટના બહુ મોટી ન ગણાય. પરંતુ તેની પાછળ બીજો હેતુ પણ રહેલો હતો. ઇન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરી અને જયપ્રકાશજી જેવા લોકનેતાને પણ જેલમાં પૂર્યા. તેમની સત્તાલોલુપતા અને કઠોરતા કેટલી બધી હતી તે જણાઇ આવતી હતી. પોતાની સત્તા ટકાવી રાખવા માટે જે વ્યક્તિ આવું કરે તે કઇ હદ સુધી ન જાય એ કહી શકાય નહિ. એટલે મોરારજીભાઇએ અન્નાહાર છોડી ફળાહાર સ્વીકાર્યો. એ નિર્ણય સમયોચિત હતો, કારણ કે ફળાહાર માટે પણ મોરારજીભાઇએ એવો નિર્ણય કર્યો હતો કે પોતાને માટે લાવવામાં આવતાં ફળ બરાબર સારી રીતે જાતે જ ધોવાં. છરી પણ બે વખત જાતે જ ઘસી ઘસીને ધોવી. ફળ જાતે જ સુધારવા અને પહેલાં એક નાની કટકી ચાખી જોવી અને પછી જ ખાવું. આ બધું એમની અગમચેતી જ સૂચવતી હતી.

મોરારજીભાઇ રાજકારણના પુરુષ હતા. સક્રિય રાજકારણમાં જેમણે સફળ થવું હોય તેમણે દુનિયાભરમાં બનતી ઘટનાઓથી રોજેરોજ પરિચિત રહેવું જોઇએ. એ માટેનું મુખ્ય સાધન તે વર્તમાનપત્રો છે. મોરારજીભાઇએ જીવનભર રોજ સવારે દૈનિક છાપાંઓ વિગતવાર વાંચી જવાની પોતાની પ્રવૃત્તિને ક્યારેય છોડી ન હતી. બ્રિટિશ શાસન દરમિયાન જેલમાં પણ તેઓ છાપાંઓ નિયમિત વાંચતા, ઇન્દિરા ગાંધીના કટોકટીકાળ દરમિયાન પણ તેમણે છાપાઓ વાંચવા માટે આગ્રહ રાખ્યો હતો અને જો પોતાને છાપાંઓ આપવામાં નહિ આવે તો પોતે ઉપવાસ પર ઊતરશે એવી ધમકી પણ આપી હતી અને તરત છાપાંઓ ચાલુ કરાવ્યા હતા. મોરાજીભાઇ આ પ્રવૃત્તિને લીધે જ હંમેશા માહિતીથી સુસજ્જ રહેતા. એને લીધે જ રાજકારણમાં કોઇ વ્યક્તિ એમની પાસેથી ગેરલાભ લઇ શકતી નહિ. આખા જગતના રાજકારણ વિશે તેઓ વાંચતા પરંતુ તેમાં નિર્ણય કે અભિપ્રાય સ્વતંત્ર રીતે વિચારીને જ આપતા. આથી જ દેશમાં કે વિદેશમાં પત્રકાર પરિષદ ભરાઇ હોય ત્યારે પત્રકારો મોરારજીભાઇને હંફાવે એના કરતાં મોરારજીભાઇ પત્રકારોને હંફાવે એવી ઘટના વધુ બનતી. પત્રકાર પરિષદમાં પણ મોરારજીભાઇની પ્રતિપ્રશ્નની શૈલી વધુ જાણીતી હતી. પત્રકારને સીધો ઉત્તર આપવાને બદલે એ વિષય અને બાબતને અંગે તેઓ પત્રકારને સામો એવો પ્રશ્ન પૂછતા કે પત્રકારને ચૂપ થઇ જવું પડતું. આ સજ્જતા કંઇ જેવી તેવી નહોતી. વિગતોની માહિતી તો હોવી જોઇએ. પરંતુ દરેક પ્રશ્ન અંગે પોતાની વિચક્ષણ બુદ્ધિથી કરેલું ચિંતન પણ હોવું જોઇએ. આથી જ મોરારજીભાઇ સાથે પત્રકારોની પરિષદ યાદગાર બની જતી. કટોકટી પછી તેઓ ભારતના વડા પ્રધાન બન્યા અને અમેરિકાની મુલાકાતે ગયા હતા ત્યારે ત્યાં આગળ પત્રકારોની સમક્ષ અને બીજા રાજદ્વારી પુરુષો સમક્ષ એમણે જે ઉદ્‌બોધન કર્યું હતું તે એટલું બધું સચોટ, માર્મિક અને ગૌરવવાળું હતું કે જયપ્રકાશ નારાયણે એમને ભારતમાંથી ફોન કરીને કહ્યું હતું કે 'તમારા જેવા ભારતના વડા પ્રધાનને માટે અમે ખરેખર બહુ ગૌરવ અનુભવીએ છીએ.' જયપ્રકાશ નારાયણ જેવી તટસ્થ, દેશભક્ત મહાન વ્યક્તિએ મોરારજીભાઇ માટે ઉચ્ચારેલા આવા શબ્દો મોરારજીભાઇ માટેના એક મોટા પ્રમાણપત્ર જેવા બની રહે છે.

મોરારજીભાઇ વડા પ્રધાન હતા અને એક વખત મુંબઇ આવ્યા હતા ત્યારે સ્વ. ચીમનલાલ ચકુભાઇ એમને મળવા જવાના હતા. ચીમનભાઇ મને પણ સાથે લઇ ગયા હતા. દસ મિનિટનો સમય આપ્યો હતો. ખાસ કોઇ કામ નહોતું. માત્ર ઔપચારિક મળવાનું જ હતું. અમો મોરારજીભાઇના નિવાસસ્થાને ગયા. આગળના મુલાકાતી બહાર નીકળ્યા એટલે અમને બોલાવ્યા. વડા પ્રધાનના પદ ઉપર આરૂઢ થયા તે પછી મોરારજીભાઇને પહેલી વાર ચીમનભાઇ મળતા હતા. ચીમનભાઇએ મારો પરિચય કરાવ્યો. પછી રાજકારણની વાતો ચાલી. ચરણસિંહ, રાજનારાયણ, જ્યોર્જ ફર્નાન્ડિસ વગેરે વિશે બોલતાં મોરારજીભાઇ નિખાલસ છતાં સાવધ રહેતા જણાયાં હતાં. મારે તો કશું બોલવાનું હતું જ નહિ. બે મોટા માણસની વાતચીતનો દોર કેવી રીતે ચાલે છે તે જ હું તો જોયા કરતો હતો. સમય થયો એટલે અમે ઊભા થયા. મોરારજીભાઇ રૂમના બારણા સુધી વળાવવા આવ્યા, કારણ કે ચીમનભાઇ અને તેઓ જૂના મિત્રો હતા. ચીમનભાઇએ અગાઉ જન્મભૂમિમાં, પ્રબુદ્ધ જીવનમાં મોરારજીભાઇની ઘણી ટીકા કરી હતી. પણ મોરારજીભાઇની વાતમાં એનો અણસાર સુદ્ધાં નહોતો. બહાર નીકળીને ચીમનભાઇએ કહ્યું, 'તમે જોયું, મોરારજીભાઇની આંખો કેટલી બધી શાર્પ છે ? એમની આંખોમાં એક પ્રકારનું મેગ્નેટિઝમ છે એવું મને હંમેશાં લાગ્યા કર્યું છે.' મોરારજીભાઇની વેધક દૃષ્ટિ એમના વ્યક્તિત્વમાં ઉમેરો કરતી હતી એ ત્યારે જોવા મળ્યું હતું.

ઇ. સ. ૧૯૭૯ના જુલાઇ મહિનામાં બ્રાઝીલના રીઓ-ડી-જાનેરામાં આંતરરાષ્ટ્રીય લેખક પરિષદમાં ભાગ લઇને હું મારા પત્ની સાથે આર્જેન્ટીનાના પાટનગર બોનોઝ આઇ રિસમાં હતો. ત્યારે એક મિત્રને ત્યાં જમવા અમે ગયાં હતાં. અમે પહોંચ્યાં ત્યારે એ મિત્રે તરત ૭

જ કહ્યું કે 'ડૉ. શાહ તમારાં દેશના એક આઘાતજનક સમાચાર છે. તમારા વડા પ્રધાન મોરારજી દેસાઇએ વડા પ્રધાન તરીકે રાજીનામું આપ્યું છે.' અમે આ સમાચાર સાચા માની ન શક્યા કારણ કે લોકસભામાં જનતા પક્ષની બહુમતી હતી. પરંતુ અમારા યજમાને જ્યારે છાપું વંચાવ્યું ત્યારે એ સાચા સમાચાર સ્વીકારવા પડયા. અમને એ વાત જાણીને દુઃખ થયું. ભારતની આ એક કમનસીબ ઘટના છે એવું અમારે યજમાનને કહેવું પડ્યું. અમે એમને ત્યાં જમવા ગયા હતા, પરંતુ અમને જમવાનું ભાવ્યું ન હતું.

ભારતના વડા પ્રધાન બન્યા ત્યારપછી જનતા પક્ષમાં વધતી જતી ખટપટોને કારણે ચરણસિંહ અને રાજનારાયણની બાબતમાં મોરારજીભાઇ જેવી અડગ વ્યક્તિએ પણ જ્યારે નમતું જોખ્યું ત્યારે મોરારજીભાઇ પહેલાં કરતાં હવે કંઇક કુમળા પડ્યા છે એવી છાપ લોકોમાં પડી હતી. અને એ છાપ સાચી હતી. ખુદ મોરારજીભાઇએ પોતે પણ એ વાતનો સ્વીકાર કર્યો હતો. વડા પ્રધાનના પદનો ત્યાગ કર્યા પછી તેઓ મુંબઇ આવીને રહ્યા આવ્યા હતા. અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે પધાર્યા હતા ત્યારે તેમણે પોતે જ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે 'સત્ય કથનની બાબતમાં પહેલાં હું જેટલો આકરો હતો તેટલો હવે હું રહ્યો નથી.મારા પોતાના સ્વભાવમાં પણ હવે કેટલુંક પરિવર્તન આવ્યું છે. અનુભવે તે મને શીખવાડ્યું છે. કેટલીક બાબતોમાં સત્યકથન કરતાં મૌન વધારે ઉપયોગી અને અસરકારક જણાયું છે.' મોરારજીભાઇ જ્યાં સુધી સત્તા ઉપર હતા ત્યાં સુધી સત્ય કડવું હોય તોપણ તે બોલવાના આગ્રહી હતા. એથી વખતોવખત ઘણા લોકોને એમણે દુભવ્યા હતા. પરંતુ વિચારો અને અનુભવની પરિપક્વતાથી એમને સમજાયું હતું કે કટુ સત્ય જેટલું હિત કરે છે તેના કરતાં અહિત વધારે કરે છે. જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપતાં એમણે પોતાની આ ભૂલનો એકરાર કર્યો હતો. 'what life has taught me' નામના પોતાના લખાણમાં એમણે આવો એકરાર કરતાં લખ્યું છે, 'I had first a notion that truth cannot always be said pleasantly and did not act up to this advice of the sages, as I thought it was not possible to do so. About 18 years ago I realised that the sages who had prescribed or who had given this avice were much wiser than me and this realisation made me think about how to act on the dictum.

મોરારજીભાઇમાં સત્ય વિશેની આ દષ્ટિ મોડી મોડી પણ આવી તેથી એમનાં છેલ્લાં ઘણાં વર્ષો શાંતિ અને સમત્વના પુરુષાર્થરૂપ બની રહ્યાં. આ દષ્ટિ એમના તપતા મધ્યાહ્નકાળમાં ખીલી હોત તો મોરારજીભાઇ માટે જે કેટલાક વિવાદો સર્જાયા તે ન સર્જાયા હોત અને તેમના માટેની લોકચાહના ઘણી વધુ હોત.

ઇન્દિરા ગાંધીના શાસનકાળ દરમ્યાન એમના પુત્ર સંજય ગાંધી વગર હોદ્દાએ સરકારી સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લેતા હતા તે પ્રત્યે મોરારજીભાઇ પોતાની નાપસંદગી દર્શાવતા હતા અને કહેતા હતા કે જો આમ જ ચાલ્યા કરશે તો સંજય ગાંધીને અંકુશમાં રાખવાનું ઇન્દિરા માટે ભારે થઇ પડશે.

સંજય ગાંધીનું વિમાની અકસ્માતમાં મૃત્યુ થયું ત્યારે ઇન્દિરા ગાંધીએ તે સ્થળે પહોંચીને તરત સંજયની ઘડિયાળ અને ચાવી માટે તપાસ કરી હતી અને તે પોતાના કબજામાં લઇ લીધી હતી. મેં મોરારજીભાઇને એ વિશે પૂછ્યું હતું ત્યારે એમણે કહ્યું હતું કે 'એવી વાત આવી છે કે સંજયની ઘડિયાળમાં નાનું ટેપરેકોર્ડર છે અને એની અંદર સ્વીસ બેન્કના એકાઉન્ટના કોડવર્ડ રાખેલા છે. એટલા માટે ઇન્દિરા ગાંધીએ તે કોઇના હાથમાં ન જાય તેની ચીવટ રાખી હતી, પણ આ મારી પાસે આવેલી વાત છે. સાચું શું છે તે કોણ કહી શકે?'

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એક વખત મોરારજીભાઇ પધાર્યા હતા ત્યારે મેં એમને મારું 'પાસપોર્ટની પાંખે' નામનું પુસ્તક ભેટ આપ્યું હતું. તેમણે પુસ્તક સ્વીકારતાં કહ્યું 'તમે ભેટ આપ્યું છે તે સ્વીકારું છું પણ હું તે કંઇ વાંચવાનો નથી. મને એટલો ટાઇમ પણ નહિ મળે. મેં કહ્યું કે 'આપના જેવા આટલી બધી જવાબદારી અને આટલા બધા કામવાળા માણસને મારું પુસ્તક વાંચવાનો સમય ન મળે તે હું સમજું છું તેમ છતાં આપની પાસે મારું પુસ્તક હોય એટલી પણ મારા માટે આનંદ અને સંતોષની વાત છે.'

ત્યારપછી કેટલાક વખત પછી મોરારજીભાઇને મળવા જવાનું બન્યું. હું ઘરમાં અંદર ગયો ત્યારે તેમણે કહ્યું કે 'હું તમારું પુસ્તક 'પાસપોર્ટની પાંખે' વાંચી રહ્યો છું. આમ તો વાંચવું નહોતું પણ તમે આમાં 'ગાતાંફળ' નામનો પ્રસંગ લખ્યો છે તે વિશે જિજ્ઞાસા થઇ. તે વાંચ્યા પછી મને રસ પડ્યો અને એમ કરતાં કરતાં અડધું પુસ્તક તો વંચાઇ ગયું, હવે તે વાંચી પૂરું કરીશ.'

મોરારજીભાઇ જેવી વ્યક્તિ મારું પુસ્તક રસપૂર્વક વાંચે એ વાત જ મારા માટે ધન્યતાનો અનુભવ કરાવે એવી હતી.

મોરારજીભાઇ શિસ્તપાલનના કડક આગ્રહી હતા. 'હું તો કોંગ્રેસનો સૈનિક છું' એવું તેઓ ત્યારે ઘણીવાર કહેતા. પોતે સત્તા પર હતા ત્યારે સમયની પાબંધી એમને પાળવી પડતી. પરંતુ વડા પ્રધાનના પદેથી નિવૃત્ત થયા પછી મુંબઇમાં પોતાના નિવાસસ્થાને રહેતા હતા. ત્યારે એમને મળવા સહેલાઇથી જઇ શકાતું. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નિમંત્રણ આપવાને નિમિત્તે, વિષય, તારીખ વગેરે નક્કી કરવા માટે મારે એમને મળવા જવાનું થતું. તેઓ કહેતા કે 'એ માટે મુલાકાતનો સમય નક્કી કરવાની આવશ્યકતા નથી. ગમે ત્યારે ઘરે આવી શકો છો. હું આખો દિવસ ઘરમાં જ હોઉં છું.' આવા મોટા નેતાનો વધુ સમય આપણે ન બગાડવો જોઇએ એમ સમજી હું ઊઠવાની ઉતાવળ કોઇવાર કરતો તો તેઓ કહેતા કે 'તમારે કામ હોય તો જજો, પરંતુ મારા સમયની ચિંતા કરીને ઉતાવળ કરવાની જરૂર નથી.' તેમની સાથે અનેક વિષયોની વાતચીત થઇ શકતી, કારણ કે તેમનું વાંચન ઘણું વિશાળ હતું.

એક વખત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બિરલા ક્રીડા કેન્દ્રના હોલમાં મારું અને મોરારજીભાઇનું એમ બે વ્યાખ્યાનો સાથે હતાં. મારું વ્યાખ્યાન શરૂ થવાને વાર હતી. મોરારજીભાઇ હજુ આવ્યા નહોતા. ભક્તિસંગીત શરૂ થઇ ગયું હતું. એવામાં મંચ ઉપર અચાનક મને બેઠાં બેઠાં ચક્કર આવી ગયાં. રાતના ઉજાગરાની અસર હશે. વ્યાખ્યાનમાળાના આયોજનની ચિંતા પણ ખરી. વળી, મોરારજીભાઇનો સમય સાચવવાની જવાબદારી પણ હતી. તરત હું ભાનમાં આવ્યો. મને બહાર લઇ જવામાં આવ્યો. કોફી પીધી અને સ્વસ્થ થયો. પછી મારું વ્યાખ્યાન આપ્યું. દરમિયાન મોરારજીભાઇ મંચ ઉપર નિયત સમયે આવી પહોંચ્યા. કોઇકે એમને મને ચક્કર આવ્યાંની વાત કરી. મોરારજીભાઇએ મને પૂછ્યું, 'કેમ શું થયું ? કેમ ચક્કર આવ્યાં ?' મેં હસતાં હસતાં કહ્યું, 'તમારી બીકને લીધે ચકકર આવ્યાં ?' એમણે કહ્યું, 'મારી એટલી બધી બીક લાગે છે ? હું કંઇ એટલો બિહામણો નથી. આવું ખોટું ન બોલો.'

મોરારજીભાઇના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં છે. એમની રાજકીય કારકિર્દીમાં ઊજળી અને નબળી એમ બેય બાજુ છે. He is the most misunderstood politician એવું પણ કહેવાયું છે. તેમ છતાં એમની કહેલી અને કરેલી બાબતો કેટલી સાચી હતી એ તો સમય જ પુરવાર કરી શકશે.

ભાવિ ઇતિહાસકાર મોરારજીભાઇને વધુ સારો ન્યાય આપી શકશે.

મોરારજીભાઇના યત્કિંચિત સંપર્ક આવવાનું મારે થયું એને હું મારું સદ્ભાગ્ય સમજું છું. એમના પુણ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પું છું.

❑ રમણલાલ ચી. શાહ

# 'કવિલોકમાં' નામના વિવેચન-સંગ્રહમાં મનોવિહાર

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

ઇ. સ. ૧૯૯૩માં જ્યારે પ્રો. જયંતભાઇ કોઠારીનાં 'વાંકદેખાં વિવેચનો' પ્રગટ થયાં ત્યારે મારા એક મિત્રે એ વિવેચન સંગ્રહ વાંચીને લેખકને અભિનંદન-પત્ર લખ્યો, પણ પોષ્ટ કર્યો નહીં. પત્ર પોષ્ટ નહીં કરવાનું મેં કારણ પૂછ્યું તો કહે: ' કહેવાય નહીં, જયંતભાઇનું. એ તો મારા આ પત્રમાંથી પણ ભાતભાતની ભૂલો કાઢે !' સાક્ષર કે પંડિત યુગમાં શ્રી ન. ભો. દિવેટિયાની આ પ્રકારની ધાક હતી; પણ જયંતભાઇના કેટલાક વિવેચન સંગ્રહો વાંચ્યા બાદ હું બેધડક કહી શકું એમ છું કે મૂળના આધાર સિવાય એ અદ્ધર રીતે એક અક્ષર પણ લખતા નથી અને ગુણદર્શન કે દોષ-દર્શનમાં પણ એ રજમાત્ર વિવેક ચૂકતા નથી. સર્વત્ર એમની અતંદ્ર ઔચિત્ય બુદ્ધિનું દર્શન થતું હોય છે. હા, ઘણીવાર એ કડવું સત્ય પણ કહી શકતા હોય છે, પણ એ તો જ્યારે ઔચિત્યનો ભંગ થતો જુએ ત્યારે. ડિસેમ્બર ૧૯૯૪માં પ્રગટ થયેલ એમના નવા વિવેચન સંગ્રહ 'કવિલોકમાં'માં તેઓ શ્રી હસમુખભાઇ પાઠકના 'પાછલી ખટઘડી' કાવ્ય સંગ્રહનું વિવેચન કરતાં એને 'આધ્યાત્મિક અનુભવનો આલેખ' તરીકે ઓળખાવે છે પણ એ કાવ્યસંગ્રહના છેલ્લા પૂંઠા પર જે લખાણ છે તેને માટે ટીકા કરતાં યોગ્ય રીતે કહે છે કે: 'હસમુખ પાઠકના કાવ્યોને સંઘરતા આ પુસ્તકના છેલા પૂંઠા પર સુરેશ દલાલ વિશેનો પ્રશસ્તિ-લેખ મૂકવાનું ઔચિત્યપૂર્ણ, સુરુચિભર્યું લાગતું નથી.'

જે હાથી વજનદાર મોભ ઉપાડે છે તે જ હાથી નાનકડી ટાંકણીને પણ સૂંઢ વતી ઊંચકી લે છે. આવું સવ્યસાચીપણું કોઇપણ વિવેચકનો વિરલ ગુણ ગણાય. જયંતભાઇમાં આ બંનેય પ્રકારની શક્તિઓનું યુગપદ્ દર્શન થાય છે એની પ્રતીતિ થશે-'કવિલોકમાં'નો મોભ સમોવડ, 'પંડિત, રસજ્ઞ, સર્જક કવિ જયવંતસૂરિનો ૫૭ પૃષ્ઠનો અને ટાંકણી સમોવડ 'અજ્ઞાત ખજાનાની ભાળ' એ ત્રણ પાનાનો-એમ આ બે લેખો વાંચતાં. ૬૬૧ ગુજરાતી પદોને ચાળીસેક હિંદીપદોને સમાવતા. ડૉ. અશ્વિનભાઇ પટેલના ગ્રંથ 'ભક્તકવિ પ્રીતમદાસનાં શ્રી કૃષ્ણભક્તિનાં પદો'ને તેઓ અજ્ઞાત ખજાનાની ભાળ, કહીને બિરદાવે છે, પણ જ્યારે ડૉ. પટેલ પ્રીતમદાસને પ્રથમ પંક્તિના સર્જક કવિ તરીકે સ્થાપવાનો પ્રયત્ન કરે છે ત્યારે શ્રી જયંતભાઇ કોઠારી યોગ્ય રીતે લખે છે: 'અશ્વિનભાઇ પટેલ એમને (પ્રીતમદાસને) બીજી હરોળના કવિ ગણવામાં આવે છે તે વિષે ફરિયાદ કરી નરસિંહ, મીરા ને દયારામની સાથે પ્રથમ પંક્તિમાં મૂકવાની ભારપૂર્વક જિકર કરે છે કે એની સાથે સંમત થઇ શકાય એવું લાગતું નથી' તો પંડિત, રસજ્ઞ, સર્જક કવિ જયવંતસૂરિ સંબંધેના દીર્ઘ, પાંડિત્યપૂર્ણ વિવેચન-લેખમાં લગભગ ૧૮ પૃષ્ઠોનાં મૂળમાં અવતરણો ટાંકી કવિની મોટા ભાગની કૃતિઓનો મર્મગામી પરિચય આપી ઊંચા પ્રકારના કાવ્યના કોઇપણ ધોરણે ચકાસી, મૂલવી આ લેખમાં ત્રણે સ્થળે કવિની ઊભરાતી સર્જકતાને ઉમળકાભેર બિરદાવી છે. આ ત્રણમાંથી એક જ અવતરણ જોઇએ-'જયવંતસૂરિ પંડિત કવિ છે, શાસ્ત્રજ્ઞ, લોકવ્યવહારજ્ઞ અને રસજ્ઞ કવિ છે, એટલે કે જેમણે લોક, શાસ્ત્ર અને કાવ્યનું અન્વેક્ષણ કર્યું હોય એવા કવિ છે. 'કાવ્ય પ્રકાશ'ની ટીકાઓ ભેગી કરવામાં કાવ્યશાસ્ત્રની દસ સ્મરદશા-વિરહદશાની ગણનામાં કામશાસ્ત્ર-રસશાસ્ત્રની વિવિધ શકુનોનાં ફલ નોંધવામાં, શકુનશાસ્ત્રની, દ્વિવ્યસ્ત જાતિ, સર્વતોભદ્રજાતિ વર્ધમાનાક્ષરજાતિ અપહનુતિ જાતિ જેવા અનેક સમસ્યા બંધો નામ નિર્દેશપૂર્વક પ્રયોજવામાં, સમસ્યાશાસ્ત્રની સંખ્યાબંધ રાગોના નિર્દેશોમાં સંગીતશાસ્ત્રની એમ જાતજાતની વિદ્યાઓની કવિની અભિજ્ઞતા દેખાય છે. 'શૃંગાર મંજરી'માં નગરવર્ણન તથા વનકેલિવર્ણનમાં કવિના દ્રષ્ટિ કેમેરાએ ઝીલેલી લાક્ષણિક માનવચેષ્ટાઓની છબીઓ તેમજ ડહાપણભર્યા સુભાષિતો ને લોક પરિચિત ઉપમાનો એમના સંસાર વ્યવહારનાં બારીક નિરીક્ષણનાં ફળ છે. કવિના કાવ્ય પરંપરાના પરિચયની તો શી વાત કરવી ? એ તો પ્રગાઢ છે. ઋતુવર્ણનો શું કે રસનિરૂપણો શું, અલંકાર રચનાઓ શું કે ઉક્તિભંગિઓ શું-સર્વત્ર સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યની સુગંધ અનુભવાય છે. 'ઋષિદત્તા રાસ'માં ઋષિદત્તાની પિતાના આશ્રમેથી વિદાય કાલિદાસના શાકુંતલમાંની શકુંતલાને વિદાયને યાદ કરાવે છે, અણખિયાં, પનિહાં, બારમાસી વગેરે કાવ્ય પ્રકારો પ્રાસ ધ્રુવા, પદ રચનામાં વૈચિત્યો-એ બધું કાવ્ય પરંપરા સાથેનું ગાઢ અનુસંધાન બતાવે છે કે, મધ્યકાળમાં તો વિરલ કહેવાય એવી કવિની સજ્ઞતા પરખાય થછે.' પ્રમાણમાં લાંબુ એવું આ અવતરણ જયવંતસૂરિને પંડિત રસજ્ઞ સર્જક કવિ તરીકે સ્થાપવામાં ઉપકારક છે તો વિવેચક તરીકેની જયંતભાઇની સંપૂર્ણ સજ્ઞતાને બહુમુખી વ્યુત્પત્તિનું પણ દ્યોતક છે.

'અજ્ઞાત ખજાનાની ભાળ', 'કૃષ્ણભક્તિથી પ્રભાવિત શિવભક્તિ' અને 'કૃષ્ણભક્તિની પરંપરાથી પ્રભાવિત શિવભક્તિની કૃતિઓમાં કૃષ્ણભક્તિની કવિતાની એક મહત્ત્વની કડી' આ ત્રણેય લેખોમાં મુખ્યત્વે અને વિશ્વનાથ જાની, 'મીરાં' અને દયારામ વિષયક ત્રણ લેખોમાં સામાન્ય રીતે જયંતભાઇએ કૃષ્ણભક્તિની વાત કરી છે...ચર્ચા કરી છે, કિન્તુ ક્યાંય ભાષા કે વિચારમાં પુનરાવર્તનનો દોષ વરતાનો નથી કે એનો અણસારે ય આવતો નથી. મીરામાં મુખ્યત્વે એના અનવદ્ય કવિકર્મને તો ' અજ્ઞાત ખજાનાની ભાળ'માં ડૉ. અશ્વિન પટેલના સંપાદકશ્રમની કદર બુઝી છે, તો 'કૃષ્ણભક્તિથી પ્રભાવિત શિવભક્તિ'માં ' આરતીના સ્પેશિઆલિસ્ટ' 'સ્તુતિકવિ' કે 'કીર્તનકવિ' સ્વામી શિવાનંદ પંડ્યાની 'કૃષ્ણભક્તિની કવિતાની એક મહત્ત્વની કડી' માં મુસ્લિમ હોવા છતાં પણ ઇસ્લામી સંસ્કારોથી લગભગ ઊફરા રહેલા, દયારામના નજીકના પુરોગામી કવિ રાજેની મબલખ કવિતાનું રસદર્શન અને મૂલ્યાંકન મુખ્ય છે. દયારામમાં એની ગરબીઓના કલા વિધાનને મનભર રીતે દર્શાવ્યું છે. કોઇપણ સર્જક કવિની વાત કરતાં જયંતભાઇના ચિત્તમાં એ પ્રકારના અન્ય કવિઓની સ્મૃતિ સળવળે છે ને એ સર્વની સર્જકતાની તુલના કરે છે પણ એ પ્રકારની તુલનામાં સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેક જળવાય છે. પ્રત્યેક કવિની કવિતા માટેનાં ગુણદર્શી કે દોષદર્શી 'વિશેષણો' સુવર્ણ કાંટે તોળાતાં હોય છે, કે 'કવિલોકમાં'માં આનાં અનેક દ્રષ્ટાંતો જોવા મળે છે. આમાંથી 'દયારામની ગરબીઓનું કલા વિધાન'નું અવતરણ જોઇએ. 'દયારામની રચનાઓ એકસૂત્ર તેમ એકરસ હોય છે. અતિ ઉચ્ચ કોટિનો ઉદ્ગાર દયારામની કૃતિમાં જડતો નથી, પણ દયારામની આખી રચના રસની એક ભૂમિકાએ અને કક્ષાએ ચાલતી હોય છે. ભાવ રેળાઇ જતો નથી. હિસ્સો પડતો નથી, વીખરાઇ જતો નથી, કશું ઊભડક કે અદ્ધર કે અછડતું પણ આલેખાતું નથી. નરસિંહની ઘણી કવિતામાં એકાદ માર્મિક બિંદુ આવે છે, પણ એ અછડતું રહી જાય છે. મીરાંની પણ ઘણી કવિતા ટૂંકી છે અને ભાવ વિચારની માંડણી એમાં જોવા મળતી નથી. દયારામ એક ભાવબિંદુ લે છે, એને સહેજ ઘૂંટે છે, યોગ્ય વિભાવ-અનુભવવાથી એને મૂર્ત કરે છે અને એમાં વધુ પડતા ખેંચાયા વિના કૃષ્ણ શરણ્યતામાં એનું પર્યવસાન સાધે છે. દયારામનાં ઉત્તમ ઊર્મિ કાવ્યો જોતાં આ હકીકતની પ્રતીતિ થશે . સુઘડ, સફાઇદાર ભાવપોષક રચના વિધાન એ દયારામનો એક વિશિષ્ટ કવિગુણ છે. દયારામની પહેલાં ક્યાંક પ્રીતમમાં કે રાજેમાં આવું રચનાત્મક વિધાન ક્યારેક દેખાય પણ દયારામમાં એનો ઉત્કર્ષ છે.' આમાં જે કવિઓનો

ઉલ્લેખ આવે છે તેના પર તો જયંતભાઇએ વિદ્વતાપૂર્ણ અભ્યાસલેખ વિસ્તારથી લખ્યો પણ છે.

ઇ. સ. ૧૯૯૧માં પ્રગટ થયેલ 'આસ્વાદ અષ્ટાદશી' માં ૧૮ કવિઓની કવિતાનું સુંદરમાં સુંદર માર્મિક રસદર્શન હતું જેને માટે અભિપ્રાય રૂપે મેં જયંતભાઇ કોઠારીને લખેલું: 'તમારી ભાષા, એનો વૈભવ, એનો વિનિમય, વિવેક, વસ્તુનો પરામર્શ કરવાની સૂઝ-સમજ અને અભિવ્યક્ત કરતી અભિનવ રીત, તત્ત્વના હાર્દને પામવાની તારતમ્યબુદ્ધિ ને રસાસ્વાદ કરાવવાની આગવી શૈલી-કોઇ વિદગ્ધ પંડિત કરતાં સર્જક-કવિની લાગી.' અલબત્ત, 'કવિલોકમાં'માં સોળ કવિઓ છે પણ 'આસ્વાદ અષ્ટાદર્શી કરતાં આનો વ્યાપ-ફલક અતિ મોટું છે. કેટલાક અભ્યાસ લેખોની માંડણી તો શોધ-પ્રબંધો (પી.એચ.ડી.ના થીસિસ) પર થયેલી છે. અહીં જયવંતસૂરિ અને યશો-વિજયજી જેવા સમર્થ જૈન કવિઓ છે તો મીરાં, વિશ્વનાથ જાની, પ્રીતમ, શિવાનંદ, દયારામ જેવા કૃષ્ણ-શિવભક્તના ગાનાર કવિઓ પણ છે. રાજે, ગની દહીંવાલા ને ઇકબાલ જેવા મુસ્લિમ કવિઓ છે તો કલાપી, સુંદરમ્, હસમુખ પાઠક, ઇન્દુકુમાર ત્રિવેદી, ચંદ્રકાંત શેઠ ને ભાનુપ્રસાદ જેવા અર્વાચીન-અદ્યતન કવિઓ પણ છે. આ સર્વ કવિઓની કવિતાનાં વ્યાવર્તક લક્ષણો, જયંતભાઇએ સૂચવેલાં કાવ્યાત્મક લેખ-શિર્ષકોમાં વ્યક્ત થાય છે. કાવ્યશાસ્ત્ર, રસશાસ્ત્ર ને મુખ્યત્વે અલંકારશાસ્ત્રની ઝીણી ને ઊંડી સૂઝ સહજ માટે 'કવિલોકમાં' ડોકિયું કર્યા વિના ચાલી શકાય નહીં.

'કવિલોકમાં'નાં કેટલાંક વિધાનો વિવેચનનો આદર્શ ને આદર્શ વિવેચકને સમજવા માટે ઉપયોગી થાય તેવાં છે. દા. ત. 'એ (જયવંતસૂરિ) ભલે પ્રતિભાશાળી કવિ નથી, પણ એક સારા 'રાસકવિ' છે.' (શ્રી કનુભાઇ શેઠ)

સારા રાસકવિ તે પ્રતિભાશાળી કવિ નહીં? ...જયવંતસૂરિ કવિ પહેલાં છે અને રાસકવિ પછી. સાચા અને પૂરા અર્થમાં પ્રતિભાશાળી કહી શકાય એવા એ કવિ છે.' (શ્રી કોઠારી)

'જયવંતસૂરિ બાલ બ્રહ્મચારી હતા.' (નિપુણા દલાલ)

જે પંક્તિઓને આધારે એમણે આમ કહ્યું છે તે પંક્તિઓનું અર્થઘટન ભ્રાન્ત છે...જયવંતસૂરિ બાલબ્રહ્મચારી હોઇ શકે પણ આ પંક્તિઓને આધારે એમ કહેવાય નહીં.' (શ્રી કોઠારી)

જયવંતસૂરિએ કાવ્યપ્રકાશ પર ટીકા લખી હતી એ મોહનલાલ દલીચંદ દેસાઇએ (જૈન ગુર્જર કવિઓ ભાગ-૨, પૃ. ૭૨), કનુભાઇ શેઠે ( શૃંગાર મંજરી-પ્રસ્તા. પૃ. ૪) તથા નિપુણા દલાલે (ઋષિદત્તા રાસ, પ્રસ્તા. પૃ. ૪) નોંધ્યું છે. પરંતુ આ 'જૈન ગુર્જર કવિઓ' માં ઉતારાયેલ એ ટીકાની હસ્તપ્રતની પુષ્પિકાના ખોટા અર્થઘટનનું પરિણામ છે' (શ્રી કોઠારી)

'દવ તો લાગેલ ડુંગરિયે, કા'ના કેમ કરિયે'માં ચંદ્રકાંત ટોપીવાલા 'દવ અને ડુંગર' અનુક્રમે 'પ્રેમ' અને 'હૃદય'ના અર્થમાં છે એમ ઘટાવે છે અને શ્રી ટોપીવાલાથી જુદા પડવા માગતા શ્રી નરોત્તમ પલાણ પણ 'ડુંગરમાં લાગેલો દવ જેમ ન બુઝાય તેમ આ ગોપીના પ્રેમની વાત છે' એમ કહી સમગ્ર ક્રિયામાંથી ઝંખનાનો અર્થ વ્યક્ત થતો જુએ છે. કાવ્યનો સંદર્ભ તપાસીએ ત્યારે આપણને કંઇક જુદું જ દેખાય છે... સંસારને માટે જેમ સાગરનું ઉપમાન તેમ દવ લાગેલ ડુંગરનું ઉપમાન અહીં વપરાયું છે.' (પૃ. ૬૨)

'વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી' જેવી વર્ણાનુપ્રાસના દોરથી ચાલતી રચના મીરાં પાસેથી ભાગ્યે જ મળે છે. આ રચના કદાચ ગુજરાતીમાં એમને નામે ચઢી ગયેલી પણ હોય ' મીરાંને નામે મળતી સઘળી રચનાઓ મીરાંની હોવાનું સંભવિત નથી' ...તો મીરાંની ખરેખરી કવિતાને ઓળખી કાઢવા માટે આ લાક્ષણિક અંશોની કસોટી કરવામાં આવે કે કેમ તે વિચારવા જેવું છે.'

આમ છતાં મધ્યકાળના જે કેટલાંક કવિઓને આપણા સાહિત્ય ઇતિહાસ કે સાહિત્ય અભ્યાસમાં ઘટતું સ્થાન આપવાનું હજી બાકી છે. એમાં મારી દ્રષ્ટિએ, વિશ્વનાથ પણ આવે.' (પૃ. ૭૦) 'પણ વિશ્વનાથ જાની મૂળે કનોડિયા જાની હશે એ તર્કને પૂરો અવકાશ છે.'

'શૈવ-વૈષ્ણવ સંસ્કારની સહ-ઉપસ્થિતિ બિલકુલ અસંભવિત નથી.' 'નરસિંહનું આ કાવ્ય (મામેરું) કથા-વિકાસની દ્રષ્ટિએ જેટલું મૂલ્યવાન છે એટલું શુદ્ધ કાવ્ય-દ્રષ્ટિએ નથી.' (શ્રી મહેન્દ્ર દવે)

'મને પોતાને તો આમાં આત્મકથાત્મક 'મામેરું'નું કર્તૃત્વ નરસિંહનું નહીં પણ પ્રેમાનંદ પછીના સમયના કોઇ અજ્ઞાત કવિનું છે...પણ હું જાણું છું કે મારો મત સ્વીકારવામાં હજુ થોડી વાર લાગશે.' (શ્રી કોઠારી)

મારી દ્રષ્ટિએ સાદ્યંત રસદ્રષ્ટિએ થયેલી રચના (ચતુરચાલીસી) વિશ્વનાથની જ છે, નરસિંહની નહીં. નરસિંહની કૃતિ વિશ્વનાથની કૃતિની તુલનામાં ઘણી પાંખી પડે છે.'

'અશ્વિનભાઇએ પોતાના અભ્યાસ (ભક્તકવિ પ્રીતમદાસનાં શ્રી કૃષ્ણભક્તિનાં પદો)માં અલંકાર રચનાઓ વિશે વિગતે વાત કરી છે પણ એમનો પ્રયત્ન પ્રીતમદાસની અલંકાર શક્તિને ઊંચી કોટિની સ્થાપવામાં નિષ્ફળ રહે છે. એમના આ પ્રયત્નમાં અલંકારની સમજણના દોષો છે તે જુદી જ વાત છે.

'દયારામને નામે પ્રચલિત ગોપી-વાંસલડીના સંવાદનાં બે પદો પ્રીતમદાસનાં છે એવું સં. ૧૮૫૯ની હસ્તપ્રતના આધારે શ્રી પટેલ સ્થાપી આપે છે એટલે આપણે એ સ્વીકારવું જ રહ્યું' ' દયારામના ઘણાં બધાં પદો કોઇ પાત્રના ઉદ્ગાર રૂપે ને કોઇને કોઇને સંબોધન રૂપે છે'

'પણ દયારામ પૂર્વે આવું ક્યાંય જરા પણ ન હોય એમ કહી શકાય?' (શ્રી કોઠારી)

'કવિતાના વિવેચનને જંયતભાઇ સાહસ-યાત્રા માનતા લાગે છે. ' અભિવ્યક્તિના આગવા મરોડથી થયેલું વાસ્તવ ચિત્રણ' નામના એમના લેખમાં લખે છે, 'રઘુવીરે કેટલાક સમય પહેલાં મારે વિશે એવી મતલબનું લખેલું કે જયંતભાઇ કવિતાનો સંકોચ અનુભવે છે.' પ્રત્યુત્તરરૂપે જયંતભાઇ લખે છે: 'ખરી વાત છે, કવિતાને ઊભી બજારે અલપઝલપ મળવાનું મને ફાવતું નથી. એની છેડતી કરવાનું મને ગમતું નથી. કવિતાને હું સમજીને પામવા ઇચ્છું છું એટલે કવિતા સાથે ઓળખાણ કરવામાં હું ધીમો હોઉં છું. અને પ્રમાણમાં ઓછી કવિતા સાથે હું ઘનિષ્ઠ સંબંધ કેળવી શકું છું, કવિતાનો આનંદ લેવાની આ ખરી રીત છે એવું નથી પણ એ મારી રીત છે.' (પૃ. ૧૬૫) એમનો આ એકરાર વાંચ્યા બાદ આપણે કહીએ કે અમારે ટપટપ સાથે કામ નથી, મમ મમ સાથે કામ છે અને ધન્ય બની જઇએ એવા મમ મમ અમને એમની પાસેથી આ અને અગાઉના સંગ્રહમાંથી મળી ગયા છે.

આ મનોવિહારને સમાપ્ત કરતાં પહેલાં એમના એક યથાર્થ આક્રોશને સમજી લેવાની ખાસ જરૂર છે. આપણાં ઘણા ખરા સાહિત્યના ઇતિહાસોમાં બ્રાહ્મણ પરંપરાના સાહિત્યકારોને પ્રમાણમાં વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જૈન કે ઇસ્લામ પરંપરાના સારા કવિઓની ઘણીવાર ઉપેક્ષા થઇ છે. જયવંતસૂરિ, યશોવિજયજી કે આનંદઘન જેવા સમર્થ કવિઓનો થવો જોઇએ તેટલો અભ્યાસ થયો નથી-થતો નથી. એમના જ શબ્દોમાં એમની સાચી વાત સારી પેઠે સમજીએ. 'મધ્યકાળના સાહિત્યનાં આપણાં મૂલ્યાંકનો ઘણીવાર પ્રમાણભૂત બની રહેતાં નથી. આનું કારણ એ છે કે મધ્યકાળની આપણી સમજ ઊણી પડે છે. આપણે ચાલુ અભિપ્રાયોથી દોરવાઇએ છીએ અને ખંડદર્શન કરીને અભિપ્રાયો બાંધીએ છીએ. નરસિંહ, પ્રેમાનંદ, શામળ જેવા સિદ્ધ-પ્રસિદ્ધ કવિઓની તો પ્રશંસા જ કરવાની હોય એમ માનીને આપણે ચાલીએ અને એમની રચનાઓના નિર્બળ અંશોનાં પણ ગુણગાન થઇ જાય તે સામે વિશ્વનાથ જાની, ગણપતિ, જયવંતસૂરિ જેવા કવિઓના ખરા ઊંચા કવિત્વને આપણે પારખી ન શકીએ અને એમની ઉચિત કદર કરવામાં આપણે સંકોચ અનુભવીએ છીએ.'

આધાર વિના એક અક્ષર પણ પાડવો નહીં એ આદર્શને નખશિખ વરેલા, ખંડ નહીં પણ સાહિત્યના અખંડ દર્શનના આરાધક, તુલનાધારા, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વસ્તુના હાર્દને સતત પામવા મથતા, સ્વસ્થ ને સમતોલ, વિવેચનના પુરસ્કર્તા જયંતભાઇનાં 'કવિલોકમાં'નાં આ કવિનાં કૃતિલક્ષી માર્મિક વિવેચનો ગુજરાતી સાહિત્યના વિવેચન ક્ષેત્રે આગવી ને નોખી ભાત પાડનાર નીવડશે.

☆☆☆

# નિરાશંસભાવ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રીપાળચરિત્રમાં પ્રથમ શ્રી સિદ્ધચક્રનું સ્વરૂપ દર્શાવી 'શાંતો દાંતો જિતેન્દ્રિયાં' એ શ્લોક દ્વારા આરાધક આત્મા કેવા પ્રકારની વિશિષ્ટ યોગ્યતાવાળો હોય છે તેનું વર્ણન કરે છે. આરાધક આવા વિશિષ્ટ ગુણવાળો હોવો જોઇએ, આવા ગુણથી રહિત-ગુણહીન આત્મા વિરાધક કોટિમાં ગણાય છે. ઉપર જણાવેલાં ગુણોવાળો આત્મા નિરાશંસભાવે ભક્તિ કરી શકે છે.

પુણ્યાનુબંધી પુણ્યના ત્રણ કારણો બતાવ્યા છે-(૧) પાપનો પ્રબળ પશ્ચાતાપ (૨) ગદ્દ્ગદ્દ્ભાવે ધર્મારાધના અને (૩) ધર્માનુષ્ઠાનમાં નિરાશંસભાવ. જો ધર્મારાધના અહોભાવવાળી હોય તો પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થાય. મહારાજા કુમારપાળે પૂર્વ ભવમાંથી પુણ્યાનુબંધી પુણ્ય લઇને આવેલાં પાપિષ્ઠ, વ્યસની બહારવટિયાના જીવન પછી ગુરુયોગથી ધર્મી જીવન બનાવ્યું. પાંચ કોડીના ફૂલથી જીનેન્દ્રની જે અહોભાવગર્ભિત ગદ્દ્ગદ્દ્ભાવે અપૂર્વ હર્ષોલ્લાસથી પૂજા કરી તો અઢાર દેશનું રાજ્ય મળ્યું.

વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલાં શિવકુમારને પિતાની શિખામણ યાદ આવી. મુશ્કેલી જેવા મૃત્યુના મુખમાંથી ઉગારવાનો એક ઉપાય તરીકે ગદ્દ્ગદ્દ્ભાવે નિરાશંસ બુદ્ધિથી નવકારમંત્રનું રટણ કરે છે અને 'આપત્તિ આવે તો નવકાર યાદ કરજે' એ પિતાના વાક્યથી ભીના દિલથી ગદ્દ્ગદ્દ્ભાવે શ્રદ્ધામય દિલથી નવકાર ગણતાં જોગીનો સુવર્ણ પુરુષ બની ગયો, સંકટમાંથી મુક્ત થયો, ધર્મ ભૂલ્યાનો પારાવાર પસ્તાવો તથા ધર્મ પર ભારોભાર અહોભાવ ઉત્પન્ન થઇ ગયો.

રાજા વજ્રજંઘને દેવ-ગુરુ પર અહોભાવ પોતાની પાપિષ્ઠ સ્થિતિ જોઇને એટલો બધો વધી ગયો કે દેવાધિદેવ અને નિર્ગ્રંથ ગુરુ મળીજવાથી ખાંડિયો રાજા હોવા છતાં પણ સિંહસ્થ રાજાને નમન ન કરતાં નિરાશંસભાવમાં શ્રદ્ધાથી ઉન્નત મસ્તક રાખે છે. દેવ-ગુરુ સિવાય બીજાને નમવું નહીં એ નિયમનું નિર્ભિક અને નિઃશંકપણે ચરિતાર્થ કર્યું.

જંબુસ્વામીના પૂર્વ ભવમાં ભવદેવે ચારિત્ર લીધેલું પણ તે અહોભાવ વિના પાળતા; કારણ કે મનમાં પત્ની નાગિલા હતી. મોટાભાઇના મૃત્યુ પછી સંસારમાં જોડાવા પોતાના ગામમાં આવ્યા. પરંતુ પત્ની નાગિલાની કુનેહથી ચારિત્ર્યના મહામૂલ્યનો ખ્યાલ આવી ગયો; હવે ચારિત્ર્યપાલનમાં ભારે જોમ તથા ઉત્સાહ આવ્યો. આ પુણ્યાનુબંધી પુણ્યના પ્રતાપે જંબુસ્વામીના ભવમાં ૮-૮ પત્નીઓને પણ વિરક્ત બનાવી ૫૨૭ જણા સાથે દીક્ષિત થયા. પુણ્યનો કેવો ગુણાકાર, નિરાશંસભાવ હતો ને !

ગરીબના ગમાર દીકરા સંગમ માટે સામગ્રી માંગીને માતા ખીર બનાવે છે; તે ખીર મુનિને કલ્યાણમિત્રની સોબતના લીધે ગદ્દ્ગદ્દ્ભાવે નિરાશંસ બુદ્ધિથી વહોરાવી તે રાતે મર્યો ત્યાં સુધી ગુરુદયા તથા ત્યાગની અનુમોદના કરતા કરતાં બીજા ભવમાં ત્યાગના સંસ્કાર એવાં બળવત્તર થયાં કે ધનાઢ્ય શાલિભદ્ર થયો એટલું જ નહીં પણ મારા માથે સ્વામી છે તે જાણ થતાં ધન્નાની સાથે દીક્ષિત થઇ નિરાશંસભાવે ધર્માનુષ્ઠાનાદિ કર્યા.

ગદ્દ્ગદ્દ્ દિલ સાથેની ધર્મસાધના જીવનમાં કેવું ચમત્કારિક ફળ આપે છે તે મહાન શ્રાવક નાગકેતુના જીવનમાં જોવા મળે છે. પુષ્પ-પુજામાં એક પછી પુષ્પો એક રૂપી એવા ભગવાનની મૂર્તિમાં ગોઠવ્યે જાય છે. તે કરતા નિરાશંસભાવે અરૂપી ભગવાન સાથે અસંગભાવ ઉત્પન્ન થાય છે. ફૂલમાં રહેલો એક સાપ ડંસે છે. ચરમશરીર હોવાથી મોક્ષગામી છે. પ્રભુની પૂજાના રાગી હતા તેથી ભાવોલ્લાસ ધ્યાન પ્રભુભક્તિમાં રહે છે. આ ધ્યાન કેવું જોરદાર હશે કે વીતરાગતા સુધી પહોંચી ગયું કેમકે શુક્લધ્યાનના છેલ્લા બે ચરણોથી જ કેવળજ્ઞાન સુલભ બને છે. ગદ્દ્ગદ્દ્ભાવ નિરાશંસવૃત્તિ. અહોભાવ, નિઃસર્ગતા અને કેવળજ્ઞાન. તાત્પર્ય આમ છે કે પ્રભુભક્તિમાં કે બીજી ધર્મસાધનામાં ગદ્દ્ગદ્દ્ભાવ જેટલો જોરદાર એટલી શુભ અધ્યવસાયોની આત્મપરિણતિ જોરદાર બનતી જાય.

સુદત્ત રાજર્ષિ પાસે ચોરને શિક્ષા માટે લાવવામાં આવ્યો છે થનારી શિક્ષા અને તે પાપ તથા રાજા તરીકે અઢળક પાપો કરવાના પ્રસંગોથી ઉદ્વિગ્ન થઇ ગદ્દ્ગદ્દ્ભાવે રાજર્ષિ પદ છોડી દેતાં અવધિજ્ઞાન થાય છે. કેવો ગદ્દ્ગદ્દ્ભાવનો પ્રભાવ !

છેવટની ક્ષણોએ ગદ્દ્ગદ્દ્ભાવ, નિરાશંસવૃત્તિથી ખંધકમુનિ, સાધ્વી મૃગાવતી, ચંદનબાળા, આચાર્ય મહારાજ અર્ણિકાપુત્ર, પુષ્પચૂલા, ચિલાતીપુત્ર, દ્રઢપ્રહારી વગેરે કલ્યાણ કામી બની જતાં હોય છે.

નિરાશંસભાવે કરાતી ધર્મસાધના અરિહંતપદના આરાધક દેવપાલનો પ્રસંગ મનોભાવમાં ઉપસી આવે છે ને ? શેઠના ઢોરો ચારનાર ક્ષત્રિય જાતિના રજપૂત નોકરને જંગલમાં ભેખડમાંથી ઋષભદેવ ભગવાનની સુંદર પ્રતિમા મળી. ન્હાઇ ધોઇ નાના બનાવેલા મંદિરમાં પ્રતિષ્ઠિત કરી. મહાનિધાન મેળવ્યું એમ માની પ્રતિદિન મૂર્તિપૂજા ન થાય ત્યાં સુધી પાણીનું ટીપું પણ મોઢામાં ન નાંખવાનો નિયમ લે છે. એકવાર સાત સાત દિવસો સુધી વરસાદની હેલી થઇ. સાત દિનના ઉપવાસ થયા ચક્રેશ્વરી અધિષ્ઠાયિકા દેવી પ્રગટ થઇ કારણ કે આઠમા દિને પ્રભુ પાસે જઇ રડ્યો. દેવી કહે છે કે ભક્તિની બદલામાં માંગ માંગ. પ્રભુ, ભક્તિ મને આપો. તે કહે છે કે એ તો તારી પાસે છેજ. જો તે મારી પાસે હોત તો ૭-૭ દિવસો વાંઝિયા કેમ ગયા ? ફરી દેવી કહે છે મારું પ્રગટ થવું નિષ્ફળ જાય નહીં. રાજપાટ કે ખજાનો માંગ. તે કહે છે હાથી વેચી ગધેડો નથી લેવો. મારે તો ઉંચી ભક્તિ જ જોઇએ. દેવી હાથ જોડે છે. તેની પ્રભુભક્તિ પર ઓવારી ગઇ. ઉત્કૃષ્ટ ભક્તિના પરિપાક રૂપે સાતમા દિને રાજા થશે એમ તત્કાળફળે તેવા પુણ્યથી નગરીનો રાજા થઇશ એમ કહી અંતર્ધાન થઇ ગઇ. દેવપાલને ચિંતા થઇ કેમકે હોલામાંથી ચૂલામાં પડ્યો. દેવપાલે ભક્તિના ધર્મને સર્વેસર્વા રાખ્યો. રાજા બન્યો, રાજકુંવરી પરણ્યો પછી પણ ભક્તિને સર્વેસર્વા રાખવા રાજ્ય ચલાવવાનું કામ શ્રાવક મહામાત્યને સોંપી દીધું અને તે પુણ્યના પરિપાક રૂપે તીર્થંકર નામકર્મ નામનું પુણ્ય કમાઇ ગયો.

કમઠના લાકડામાંથી બહાર કાઢવામાં આવેલા અર્ધદગ્ધ સાપને પાર્શ્વકુમાર તરફથી નવકાર સંભળાવવામાં આવ્યો તે એમાં ગદ્દ્ગદ્દ્ થઇ ઓતપ્રોત થઇ ગયો કે મૃત્યુ બાદ ધરણેંદ્ર થયો. આ પ્રમાણે સમડી, બળદ જેવાંને પણ દુઃખદ અંતકાળે નવકાર સાંભળવા મળ્યો, તેમાં ગદ્દ્ગદ્દ્ થઇ એકાકાર થવાથી સુંદર માનવ અવતાર પામ્યા.

રાવણ સમકિતી જીવ હતો. અષ્ટાપદ પર્વત ઉપર ખૂબ ભાવપૂર્વકની ભક્તિથી પ્રસન્ન થયેલા ધરણેંદ્રે ઇચ્છિત માંગી લેવાની લાલચ બતાવી. રાવણ ન લલચાયો, કેમકે તેની ભક્તિ નિરાશંસભાવની હતી. એણે પ્રત્યુત્તરમાં કહ્યું કે ભક્તિના પરિપાક રૂપે મારે મોક્ષ જોઇએ છે જે તું આપી નહીં શકે.

ધરણેંદ્રે બે હાથ જોડી જણાવે છે કે મારો મોક્ષ હું કરી શકતો નથી તો તને તે કેવી રીતે આપી શકું ?

અરણ્યમાં મહાત્મા પાસેથી માત્ર 'નમો અરિહંતાણં' પદ મેળવનાર નોકરે આકાશગામિની વિદ્યાબળે ઉડી જનાર મુનિ પ્રત્યે આકર્ષાઇ દિન-રાત તેના આચરણમાં ચકચૂર છે. તેનું માહાત્મ્ય તથા ઉંચું મૂલ્ય સમજી શેઠ પાસેથી સમગ્ર નવકાર મેળવી તેમાં નિરાશંસભાવે એકાકાર થઇ રટણ કરે છે.

એકવાર નદીમાં પાણી ભરાયા પછી તરતાં તરતાં પેટમાં ખૂંટો ખૂંપી જાય છે. નાગકેતુ જેમ સર્પના ડંસને અવગણી પૂજામાં એકાકાર બને છે તેમ તે પણ અસહ્ય પીડા અવગણીને નવકાર રટતો મૃત્યુ પામે છે. નવકાર મંત્રનું રટણ એવું જોમવાળું, સત્ત્વવાળું હતું કે આ વેદનાને વિસાતમાં ન લેતાં રટણમાં ખૂબ લીન બની ગયો. મરીને સુદર્શન શેઠનો ભવ મેળવે છે. રૂપાળી અને સામેથી ભોગસુખની માંગણી કરનાર અભયારાણીથી ન લલચાતાં બ્રહ્મચર્યમાં અડગ રહે છે. રાણીનો ખોટો આરોપ, રાણીની અહિંસા ખાતર રાણીની પ્રપંચ અંગે મૌન ધારણ કરી સત્વ પ્રગટાવે છે. તે જ ભવમાં મોક્ષ, કેમકે શુળીનું સિંહાસન થઇ ગયું. નિરાશંસભાવનો પ્રતાપ ને !

નિરાંશસભાવે ભક્તિમાં ગદ્ગદ્તા તથા એકાગ્રતા માટે કલ્યાણ મંદિર સ્તોત્રમાં જણાવ્યું છે કે :-

इत्थं समाहितधियो विधिवत्...सान्दोल्लसत्पुलकवच्चुकिताङ्गभागाः । त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्ध लक्षाः.. .संस्तवं रचयन्ति भव्याः ॥ ४३ ॥

પોતાના ભાઈ સાથે પત્ની તરીકેનું જીવન વ્યતીત કરતાં ઘટસ્ફોટ થયાં પછી પશ્ચાતાપ પૂર્વક સાધ્વી બનેલા પુષ્પચૂલા વીતરાગ બનવા માટે પતિની નગરીમા રહી, પતિ તેનું દર્શન કરી શકે તેવી રીતે સાધ્વી બનેલી પુષ્પચુલા ચારિત્ર ધર્મને ઉની આંચ ન આવે તેવી રીતે આચાર્ય ભગવંત અર્ણિકાપુત્રની ઉચ્ચ કક્ષાની વૈયાવચ્ચ કરતાં કરતાં વીતરાગી, વીતદ્વેષી બની કેવળી બને છે. તેમાં રાગના ઘરમાં રહી રાગને માર્યો, તે જ નગરીમાં રહેવાનું હોવાથી ક્યાંય મમત્વ ન બંધાય તે માટે, શિથિલતા ન પેસે એ માટે સંયમની સાધનામાં વધુ ને વધુ હોંશ, જોસ, પરિણતિવાળી બનાવી; તથા ઉપકારી મહાગુણીયલ આચાર્યની સેવામાં અહોભાગ્ય સમજી સેવામાં કમી ન રાખી. આ ભાવો પર આગળ ને આગળ વધતાં રહ્યાં. સંયમથી બહારના પૌદ્ગલિક પદાર્થો પર નિરાશંસભાવ વધારતાં જ ગયા જેથી કેવળીપદ પામ્યા. પ્રશસ્ત રાગમાં પણ કોઇ ફળની આશા જ નહીં તેથી એ રાગને છૂટતાં વાર નહીં અને કેવળજ્ઞાન તેનું મહામૂલ્યવાળું ફળ.

નિરાશંસભાવ કેળવવો એ એક પ્રકારનું ઉત્કૃષ્ટ તપ છે. નિરાશંસભાવના પ્રખર તપથી જૂનાં અકબંધ પાપકર્મોનો ક્ષય થાય. છે, અને તે દ્વારા લબ્ધિઓ ઊભી થાય છે. કોઇ પણ પ્રવૃત્તિમાં , આરાધનામાં, અનુષ્ઠાનમાં કે ઈતર ધાર્મિક વિધિ વિધાનોમાં મન નિરાશંસભાવે વિશુદ્ધ ભાવનાથી તન્મય, તલ્લીન, તદાકાર થાય તો તે શુભ ધ્યાન ઘણાં ઉંચા ફળ આપનારું થાય છે.

દુઃખને અને વિપત્તિને સલામ તથા સંપત્તિ તથા સુખાદિનું સ્વાગત કરવું તે નિરાશંસભાવ પ્રાપ્ત કરવાનું એકમેવ અદ્વિતીય કારણ છે. મહાભારતમાં કુન્તી પણ કહે છે કે विपदः नः सन्तु शश्वत्।

મહારાજા શ્રેણિક અનાથમુનિના નાથ બનવાનો પ્રસ્તાવ રજુ કરે છેઃ ત્યારે મુનિ કહે છે કે તું પોતે જ અનાથ હોઇ કેવી રીતે મારો નાથ બની શકીશ ? સ્પષ્ટીકરણ કરતાં મુનિ પોતાની પૂર્વાવસ્થાની પરિસ્થિતિ વર્ણવે છે. સુખસાહ્યબી તથા પ્રેમી કુટુંબીજનો, મિત્રવર્ગ તથા ઔષધોપચાર છતાં પણ તેના નયનની પીડા કોઇ લઇ શક્યું કે મટાડી ન શક્યું, ત્યારે તેણે નિરાશંસભાવે સંકલ્પ કર્યો કે જો મારી નયનપીડા ટળી જાય તો બીજે દિવસે સંસાર ત્યજી આત્મકલ્યાણની આરાધનામાં ખૂપી જવું. ચમત્કારની જેમ તે શુદ્ધ સંકલ્પના બળે તેની પીડા દૂર થઇ. કેવો નિરાશંસભાવનો પ્રભાવ !

એક ગર્ભિણી સમડી તરતના બચ્ચાં માટે ખોરાક લેવા ગઇ હતી ત્યારે પારધીના બાણથી વિંધાઇ ગઇ. વેદનાનું ભાન થતાં રડવા લાગી. કરુણાના ભંડાર સમા બે મુનિરાજો ઉપદેશ આપે છે કે ભગવાન મુનિવ્રતસ્વામીના શરણનો સ્વીકાર કર, પછી પંચ પરમેષ્ઠિ મહામંત્ર સંભળાવ્યો. એકાગ્રતા આવવાથી, વેદના ભુલાઇ, ધ્યાન બદલાયું, તેના પ્રાણ નીકળી ગયા; તે સિંહલદ્વીપમાં શ્રીપુર નગરમાં ચંદ્રગુપ્ત રાજાના ચંદ્રલેખા પટ્ટરાણીના કુખે સુદર્શના નામની પુત્રી મહાશ્રાવિકા થઇ.

પદ્મરુચિ નામના શેઠે મરવાની અણીએ પડેલા બળદને કાનમાં નમસ્કારમંત્ર સંભળાવ્યો, તેનું રહસ્ય સમજાવ્યું; મરીને તે જ નગરમાં રાજાનો ઋષભધ્વજ નામે પુત્ર થયો.

મથુરામાં જિનદાસ શેઠે ભરવાડનો વિવાહ પ્રસંગ તેને આપેલાં ઉત્તમ પ્રકારના સાધનોથી શોભી ઉઠ્યો. ભરવાડ દંપતીએ બે વાછરડાં ભેટ આપ્યા. ચાર પગાની બાધા હોવાથી અતિથિ તરીકે સાચવે છે. એકવાર મોટા થયેલાં બળદોને તેનો મિત્ર ખૂબ દોડાવે છે. તેઓ મૂર્છા પામ્યાં. શેઠે અનશન કરાવ્યું, ધર્મ સંભળાવ્યો, નમસ્કાર મહામંત્ર સાંભળતાં પ્રાણ ત્યજ્યાં. મરીને કંબલ સંબળ નામના દેવ થયા તે બે દેવોએ ભગવાન મહાવીરસ્વામી ઉપર ઉપસર્ગ કરનારને ભગાડી પ્રભુની ભક્તિ કરી.

ભરતક્ષેત્રમાં સિદ્ધાવટ નામે નગર હતું. આચાર્ય સુવ્રતસૂરિ સમુદાય સાથે ત્યાં ચાતુર્માસ માટે પધાર્યા હતા. તેમાં દમસાર નામના તપસ્વી મૌની શિષ્ય હતા. તેમને જોતાં જ કષાયો, કુવૃત્તિઓ શમી જાય. એક ભીલ દંપતીનાં તેમને જોતાં હિંસક વિચારો ચાલ્યાં ગયા, ભાવમાં પરિવર્તન આવ્યું. મુનિ પાસેથી નવકાર શીખી લીધો. મૃત્યુ બાદ ભીલ રાજસિંહ નામે રાજકુમાર થયો; ભીલડી મરી રત્નવતી રાજપુત્રી થઇ. બંનેનાં ગાંધર્વ લગ્ન થયા. દેવગૃહમાં સુતેલા તેમને રાક્ષસ મારવા તૈયાર થયો. બહાદુરીથી રાક્ષસને મહાત કર્યો. તેઓને ચિંતામણી રત્ન આપ્યું. પતિ-પત્ની ધર્મમય જીવન જીવતા નવકારના સ્મરણપૂર્વક અનશન કરી દેવલોકમાં ગયા, જ્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી મોક્ષ પામશે.

ઉપર કેટલાંક નિરાશંસભાવના ઉદાહરણો ટાંક્યાં છે. ઉપરના લખાણના સંદર્ભમાં આમ કહી શકાય કે સ્વર્ગાદિ સુખોની, દેવતાઇ ઋદ્ધિ-સમૃદ્ધિ તથા સાંસારિક સુખ, સાહ્યબી, ઋદ્ધિ સિદ્ધિ આરોગ્યાદિની મનોકામના ન સેવવી એટલે નિરાશંસભાવ.

ભગવદ્‌ગીતામાં સમત્વ અથવા કર્મયોગ સુખ-દુઃખાદિ. લાભ-અલાભાદિમાં સમત્વ ધારણ કરવું તેને કર્મયોગ તરીકે ઘટાવે છે. સમત્વં યોગ ઉચ્યતે. વળી, ત્યાં કહ્યું છે કેઃ-

कर्माणि अधिकारस्ते मा फलेषु कदाचन ।

मा ते कर्मफळ हेतुर्जु; मा ते संगः अस्तु अकर्मणि ॥

તે પ્રમાણે નિરાશંસભાવ માટે વિકર્મો તથા અકર્મો પણ ત્યાજ્ય છે. અન્ય પરિભાષામાં આ વસ્તુ સમજાવી છે.

કુમારપાળ પૂર્વ વયમાં વ્યસની અને લુંટારા હતા. ગુરુના સંપર્કે તે દશા પર તીવ્ર પશ્ચાતાપ, લોહીના આંસુ ! ત્યારબાદ દેવ-ગુરુ-ધર્મ પર અનહદ આનંદ, શ્રદ્ધા, જવલંત આરાધના, ગદ્ગદ્ભાવ, અહોભાવ, રોમાંચ બધી આરાધનામાં લૌકિક આશંસા, અભિલાષા નહીં. ફક્ત નિરાશંસભાવ આ તત્ત્વોના યોગે એટલી બધી ઉચ્ચ કોટિનું પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું કે. અઢાર દેશના રાજા તો ઠીક પણ તે પુણ્ય પુણ્યાનુબંધીપુણ્ય મળ્યું જેથી આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર પદ્મનાભના ગણધર થશે !

ઉપાશકદશામાં દશ ઉપાસકોની અગ્નિપરીક્ષાનું સચોટ વર્ણન ઉપલબ્ધ થાય છે. અર્હન્નકાદિની દેવાદિ વડે જે સાનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો થયાં છે તેમાં તે સમક્તિ, દ્રઢધર્મી શ્રદ્ધા તથા રુચિવાળા તે ભદ્રિક જીવોની સમ્યક્ત્વ ધર્મની સાધના નિરાશંસભાવથી નિરીહભાવથી છે તેથી ધર્મશ્રદ્ધા તેમને માટે પરમ નિધાન હોઇ તેથી નીચી કક્ષાની દેવો દ્વારા આપવામાં આવતી તુચ્છ ચીજોની ચાહના કે લાલચ શા માટે રાખે ?

નિરાશંસભાવ એટલે નિરીહભાવ. પૌદ્ગલિક, સાંસારિક, ભવાભિનંદી, સ્વર્ગાદિ સુખોની વાંછનાનો ત્યાગ, ઓઘદ્રષ્ટિ નહીં પરંતુ

મોક્ષલક્ષી દ્રષ્ટિ રાખી આરાધના, ધર્મ, તપ, શીલ, દાન વગેરેનું અનુષ્ઠાન તે નિરાશંસભાવ.

પ્રાંતે શ્રીપાલરાજા તથા મયણા સુંદરીના જીવનના પ્રસંગો પર સંક્ષેપમાં દ્રષ્ટિપાત કરીએ. પિતા દ્વારા લેવાયેલી અગ્નિપરીક્ષામાં કર્મના સિદ્ધાંતમાં અટલ શ્રદ્ધા રાખનારી મયણા ભર સભામાં કર્મની સર્વોપરીતા રજૂ કરે છે. ક્રોધાન્વિત પિતા તરત જ કોઢિયા સાથે લગ્ન કરાવે છે. તે કર્મના વિપાકને સ્વીકારી, પતિ તરીકે તેમને સ્વીકારી બીજા દિવસે પ્રભાત થતાં બંને ત્રિભુવનનાથ આદિનાથની ઉચ્ચ ભાવથી નિરાશંસભાવે વંદનાદિ ચૈત્યવંદન કરે છે. તેનું પ્રત્યક્ષ ફળ મળે છે. પ્રભુના નવણથી શ્રીપાલનો કોઢ નષ્ટ થઇ સુંદર સ્વરૂપવાળા બને છે, ૫૦૦ કોઢિયાનું પણ તેવું જ થાય છે. ધવલશેઠને મદદ કરે છે. તેને કલ્યાણમિત્ર તરીકે સ્વીકારે છે; પરંતુ લોભી ધવલ તેને મારવા દોરડા કાપી નાંખે છે. સમુદ્રમાં પડતાં કશી હાયવોય નહી. પરંતુ માની શીખામણ પ્રમાણે નવકારમંત્રનું સંસ્મરણ તથા રટણ જેવી મગરમચ્છની સવારી તથા સમદ્રકાંઠે આવવું. ત્યારપછી જે નવી નવી આઠ પત્નીઓ પરણે છે તે અંગેના પ્રત્યેક પ્રસંગમાં પુનિત મંત્ર નવકારાદિની આરાધના બળવત્તર તથા ફળદાયી નીવડે છે. મયણા તથા શ્રીપાલ રાજસુખ પ્રાપ્ત કર્યા પછી પણ ધામધુમથી સ્વદ્રવ્યના વ્યય વડે સિદ્ધચક્રની આરાધના તલ્લીનતાથી, ગદ્‌ગદ્‌ રીતે કરે છે. નવપદની સ્તુતિ કરતાં તેના ધ્યાન બળે નવમો દેવલોક પામે છે, ચાર દેવ તથા ચાર મનુષ્યભવ પામી નવમા ભવે મોક્ષ મેળવશે.

નિરાશંસભાવે-નિરીહભાવે ધર્મારાધના કરવાથી અસંગભાવે ભક્તિ કરતાં જ્ઞાનાવરણાદિ ધર્મારાધના કરવાથી અસંગભાવે ભક્તિ કરતાં જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનો તીવ્ર ક્ષયોપશમ કે ક્ષય થતાં કૈવલ્યપદ સુધી સાધક પહોંચી શકે છે. ભગવાન મુનિવ્રતસ્વામીના સમયમાં થયેલા આ દંપતી યુગલનું જીવનચરિત્ર જે વિનયવિજયજીએ રચ્યું છે તે શ્રીપાલરાજાનો રાસ પ્રતિવર્ષ ઉત્સાહપૂર્વક ધર્મી જીવો સાંભળે છે, વાંચે છે તથા નિરાશંસભાવને ચરિતાર્થ કરવા મનસુબો સેવે છે.

☆☆☆

# તેરમો જૈન સાહિત્ય સમારોહ

❑ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ 'કલાધર'

## પૂર્વભૂમિકા

બિહારમાં પટણા શહેરથી એકસો કિલોમિટરના અંતરે આવેલ રાજગૃહી પ્રાચીન ભારતના મગધ રાજ્યની રાજધાનીનું શહેર હતું. પ્રાચીનકાળમાં આ નગર ક્ષિતિપ્રતિષ્ઠિત, ઋષભપુર, કુશાગ્રપુર, ગિરિવ્રજ અને રાજગૃહના નામે પણ ઓળખાતું હતું. આ નગરમાં વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન એમ ચાર કલ્યાણકો થયાં હોવાથી પ્રાચીનકાળથી જ આ નગર જૈનોના તીર્થસ્થાન રૂપે સુપ્રસિદ્ધ છે. અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના ચૌદ ચૌદ ચાતુર્માસ પણ આ પવિત્ર ભૂમિમાં થયાં છે. ભગવાન બુદ્ધનું નામ પણ રાજગૃહી સાથે જોડાયેલું છે.

'ઔપપાતિકસૂત્ર'માં મગધની આ રાજધાનીની ભવ્યતા, વિશાળતા અને સમૃદ્ધિનું સુંદર વર્ણન કરેલું છે. ગગનચુંબી રાજમહેલો, શ્રેષ્ઠિઓની હવેલીઓ અને મંદિરોની હારમાળાથી રાજગૃહીની શોભા અપૂર્વ હતી. અહીંની કુત્રિકાપણમાંથી જગતભરની કોઈપણ વસ્તુ મળી શકતી. અહીં ગુણશીલ, મંડિકુચ્છ, મોગ્ગરપાણિ આદિ યક્ષોના ચૈત્યો હતા. નાલંદા જેવા વિશાળ વિસ્તારો રાજગૃહીના ઉપનગરો ગણાતા. મેતાર્ય, અઇમુત્તા, ધન્ના, શાલિભદ્ર, મેઘકુમાર, નંદિષેણ, મહારાજા શ્રેણિક, મહામંત્રી અભયકુમાર, કયવન્ના શેઠ, જંબુસ્વામી, પ્રભાસ, શય્યંભવસૂરિ, સુલસા 'શ્રાવિકા, પુણિયો શ્રાવક વગેરે અનેક નામાંકિત મહાપુરુષો આ નગરના રત્નો હતા. હત્યારા અર્જુનમાલી અને રોહિણીય ચોરનું આ નગરમાં હૃદયપરિવર્તન થયું હતું.

આ નગરમાં વિપુલગિરિ, રત્નગિરિ, ઉદયગિરિ, સ્વર્ણગિરિ અને વૈભવગિરિ નામની રમણીય ટેકરીઓ પર પ્રાચીન જિન મંદિરો અને તીર્થંકરોની ચરણપાદુકાઓની દહેરીઓ છે. નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર એવી રાજગૃહીની પવિત્રભૂમિ કલાપ્રેમીઓને આકર્ષે છે તો ભક્ત-હૃદયમાં આહલાદ્ જગાવે છે.

આવી તીર્થંકરોની પાવન ભૂમિ રાજગૃહી (બિહાર) મધ્યે મુંબઇની સુપ્રસિદ્ધ જૈન શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જિનાગમ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૨, ૧૩, ૧૪, માર્ચ, ૧૯૯૫ના રોજ તેરમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું હતું.

રાજગૃહી ખાતે વીરાયતન સંસ્થામાં પૂ. દર્શનાચાર્ય શ્રી ચંદનાજીની પાવન નિશ્રામાં અને પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાનના નિયામક અને જૈનધર્મના પ્રકાંડ વિદ્વાન ડૉ. સાગરમલ જૈનના પ્રમુખસ્થાને યોજાયેલ આ તેરમા જૈન સાહિત્ય સમારોહમાં ઉદ્‌ઘાટન બેઠક અને સાહિત્યની બેઠકો સહ કુલ પાંચ બેઠકો આયોજિત થઇ હતી. આ જૈન સાહિત્ય સમારોહમાં વીસેક જેટલા વિદ્વાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તે પૈકી તેર જેટલા વિદ્વાનોએ પોતાના અભ્યાસપૂર્ણ પેપર્સ રજૂ કર્યા હતા.

## ઉદ્‌ઘાટન બેઠક :

રવિવાર, તા. ૧૨મી માર્ચ, ૧૯૯૫ના રોજ સવારના દસ વાગે વીરાયતનના સ્વાધ્યાય હોલમાં પૂ. શ્રી ચંદનાજીના મંગલાચરણથી આ સાહિત્ય સમારોહનો પ્રારંભ થયો હતો.

## સ્વાગત અને ભૂમિકા :

આ સાહિત્ય સમારોહના પ્રાણ અને મુખ્ય સંયોજક ડૉ. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાગમ ટ્રસ્ટના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતા જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિને આ વર્ષે શ્રી વસનજી લખમશી શાહ પરિવાર તરફથી તેમના માતુશ્રી રતનબહેન લખમશી ઘેલાભાઇની સ્મૃતિમાં પૂરક આર્થિક સહયોગ પ્રાપ્ત થતાં રાજગૃહી ખાતે આ તેરમો જૈન સાહિત્ય સમારોહ યોજાયો છે. વીરાયતન જેવી સુંદર સંસ્થા અને પૂ. શ્રી ચંદનાજીનું શુભ સાનિધ્ય આ કાર્યક્રમને પ્રાપ્ત થયું છે તેનો આનંદ છે. આપ સૌનું સ્વાગત કરતાં અત્યંત હર્ષ અનુભવું છું.

જૈન સાહિત્ય સમારોહ એ સાંપ્રદાયિક કે સંકુચિત દૃષ્ટિથી નથી શરૂ કરાયો. પરંતુ જૈનો પાસે અઢળક સાહિત્ય અને કલાનો વારસો છે. તેને વ્યવસ્થિત કરવાનો તથા તેના અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનો આ પ્રયાસ છે. આ સાહિત્ય સમારોહ યોજવા પાછળનો ઉદ્દેશ જ્ઞાનની ઉપાસના અને ધર્મ તથા તત્ત્વદર્શનની પ્રવૃત્તિને વેગ આપવાનો છે. અગાઉ વર્ષો સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં જૈન સાહિત્યનો એક જુદો વિભાગ રહેતો કેટલાક વર્ષોથી એ વિભાગ બંધ થયો છે. આથી જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનને વધુ સક્રિય બનાવવાની દૃષ્ટિથી આ અલગ સમારોહ યોજવાની ભૂમિકા રચાઇ હતી અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી જ્ઞાનસમૃદ્ધ સંસ્થાએ એ જવાબદારી ઉપાડી લીધી છે.

આ જૈન સાહિત્ય સમારોહનું કોઇ ઔપચારિક માળખું ઘડવામાં આવ્યું નથી. સમારોહનું કોઇ બંધારણ નથી કે તેના સભ્યપદનું કોઇ લવાજમ રાખવામાં આવ્યું નથી. આ એક સ્વૈરપણે વિકસતી પ્રવૃત્તિ છે.

એમાં કોઇ ફિરકાભેદ કે જૈન જૈનેતર એવી સાંપ્રદાયિક સંકુચિતતા પણ નથી. જૈન સાહિત્યના સંશોધન, સંપાદન, અધ્યયન ઇત્યાદિ પ્રકારની પ્રવૃત્તિને વિકસાવવા તથા નવોદિત સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવાનાં આશયથી લગભગ બે દાયકાથી આ સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ પ્રવૃત્તિ માટે આર્થિક તથા અન્ય પ્રકારનો સહયોગ વિવિધ સંસ્થાઓ અને શ્રેષ્ઠિઓ દ્વારા અમને જે મળતો રહ્યો છે તે માટે અમે સૌના ઋણી છીએ.'

**દીપ પ્રાગટ્ય :**

મંગલદીપ પ્રગટાવીને સાહિત્ય સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં ત્યાગમૂર્તિ શ્રી જોહરીમલ પારેખે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આજે આપણા રાષ્ટ્રમાં શાંતિ અને સંતોષ અદ્રશ્ય થતાં જાય છે. વિદ્યા, રાજનીતિ, વ્યવસાય વગેરે દરેક ક્ષેત્રમાં અસંતોષનો અગ્નિ પ્રજ્વલિત થતો જોવા મળે છે. તેનું મૂળ કારણ ચારિત્રનો હ્રાસ છે. આપણું આજનું નેતૃત્વ ખતમ થઇ ચૂક્યું છે ! 'ધમ્મ નાયગાણં'-ધર્મનું નેતૃત્વ જ હવે દેશને બચાવશે. આ જગતમાં વિદ્વાન બનવું સહેલું છે પણ સમ્યગ્ જ્ઞાની બનવું કઠિન છે. તર્કનો સહારો લઇ કોઇ કદી સમ્યગ્ જ્ઞાની બની શકે નહિ. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી જ સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે.જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય તપ જ કરી શકે. તપમાં તમે વિકાસ નહિ કરો ત્યાં સુધી જ્ઞાન પ્રગટ થશે નહિ.

**જ્ઞાનનો મહિમા :**

આ ઉદ્‌ઘાટન બેઠકમાં વિદ્વાન વ્યાખ્યાતા પ્રા. તારાબહેન ર. શાહે ઉદ્‌બોધન કરતા કહ્યું હતું કે જૈન ધર્મમાં જ્ઞાનનો ભારે મહિમા ગવાયો છે. આપણા શાસ્ત્રોમાં જ્ઞાનને દીપકની ઉપમા આપવામાં આવી છે. એક સૂર્યમાંથી બીજો સૂર્ય પ્રગટ થઇ શકતો નથી, પરંતુ એક દીપકમાંથી અનેક દીપકો પ્રગટ થઇ શકે છે, તેમ છતાં મૂળ દીપકનું તેજ જરા પણ ઓછું થતું નથી. દીપકની હાજરીમાં જેમ અંધકાર ટકી શકતો નથી તેમ જ્ઞાનરૂપી દીપક જેમના અંતઃકરણમાં વિદ્યમાન છે તેમના અંતઃકરણમાં અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, ઇર્ષ્યા અને અસૂયારૂપી અંધકારમાંથી ઉત્પન્ન થનાર અશાંતિ, દુઃખ, ખેદ કે શોકરૂપી દુર્ગુણો ટકી શકતા નથી.

**જ્ઞાન ગુણનું સેવન :**

શ્રી નેમચંદ ગાલાએ સાહિત્ય સમારોહની આ સમ્યક્ પ્રવૃત્તિથી લેખન પ્રવૃત્તિને કેવો વેગ મળે છે તે અંગે પોતાના સ્વાનુભાવની વાત કરવાની સાથે જ્ઞાનદોષના નિર્મૂલન અને જ્ઞાનગુણના સેવન પર વિશેષ ભાર મૂક્યો હતો.

**સમત્વ પ્રાપ્તિ-આત્માનું લક્ષ્ય :**

તેરમા જૈન સાહિત્ય સમારોહના પ્રમુખ ડૉ. સાગરમલ જૈને પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે આજે આપણું દુર્ભાગ્ય છે કે ધર્મ વિશે આપણે ઘણું બધું જાણીએ છીએ પણ તેના આચરણ તરફ એટલા ગંભીર નથી, ધર્મના નામે આપણે સંપ્રદાયની દિવાલ ઊભી કરી દીધી છે અને તેના વ્યામોહમાં જૈન શાસનનો વિકાસ આપણે રૂંધી નાખ્યો છે. આપણે ધર્મને ન તો જીત્યો છે, ન તો તેની અનુભૂતિ કરી છે. ભગવાન મહાવીરે ભગવતીસૂત્રમાં આત્માને સમત્વ રૂપ કહ્યો છે. સમત્વ પ્રાપ્ત કરવું એ જ આત્માનું પરમ લક્ષ્ય હોવું ઘટે. જૈન સમાજ ઓચ્છવ-મહોત્સવ વગેરેમાં અઢળક પૈસો ખર્ચે છે પરંતુ જૈન સાહિત્ય માટે ખાસ કંઇ કરવાની રસ-રુચિ ધરાવતો નથી. દુનિયા પાસે ન હોય તેટલું વિપુલ સાહિત્ય જૈનો પાસે હોવા છતાં તેનો ઉપયોગ નહિવત થાય છે તે અત્યંત ખેદની વાત છે.

**સાહિત્ય જીવનું ધ્યેય :**

પૂ. શ્રી ચંદનાજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે તીર્થંકરની આ પવિત્ર ભૂમિ રાજગૃહીમાં સાહિત્યકારો સાથે વાર્તાલાપ કરવાનો અનોખો આનંદ મળ્યો છે તે અમારા માટે મોટા સદ્‌ભાગ્યની વાત છે. સાહિત્ય એ જીવનનું મહત્વનું અંગ છે, ધ્યેય છે. જે સમાજમાં સાહિત્ય અને સાહિત્યકારોની ઉપેક્ષા થાય છે તે સમાજ કદાપિ પોતાનો વિકાસ સાધી શકતો નથી. આપ સૌ આપની તેજસ્વી કલમ દ્વારા ધર્મ-સંસ્કૃતિને વધુ ને વધુ ઉદ્યોત કરતા રહો એવી આ તકે મારી શુભ કામના છે.

**પ્રથમ બેઠક :**

રવિવાર. તા. ૧૨મી માર્ચ, ૧૯૯૫ના રોજ બપોરના ત્રણ વાગે વીરાયતનના સ્વાધ્યાય હોલમાં જૈન સાહિત્ય સમારોહની પ્રથમ બેઠકનો શુભારંભ થયો હતો. આ બેઠકનું સંચાલન પ્રા. ઉત્પલાબહેન કે. મોદીએ કર્યું હતું. આ બેઠકમાં નીચે મુજબના વિદ્વાનોએ પોતાના નિબંધો રજૂ કર્યાં હતા.

**માધ્યસ્થ ભાવના :**

પ્રા. તારાબહેન ર. શાહે માધ્યસ્થ ભાવના એ વિષય પર બોલતા જણાવ્યું હતું કે જૈન ધર્મમાં મોક્ષલક્ષી આત્મસાધના માટે જે વિવિધ પ્રકારના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે તેમાં શુભ ભાવનાઓનું સેવન જીવો માટે ઘણું લાભકારક છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાને જૈન શાસ્ત્રોમાં શુભ ભાવના તરીકે ઓળખાવવામાં આવી છે. કદર્પિ, કિલ્બર્ષિ, અભિયોગિકી, દાનવી અને સંમોહી એ પાંચ પ્રકારની ભાવના તે અશુભ ભાવના છે. પ્રા. તારાબહેન શાહે ચાર પ્રકારની શુભ ભાવનાની ચર્ચા કરતાં માધ્યસ્થ ભાવના મનુષ્ય જીવનમાં શું ભાગ ભજવે છે તેનો સરસ ચિતાર આપ્યો હતો.

**ન્યાયસંપન્ન વૈભવ :**

શ્રી નેમચંદ ગાલાએ આ વિષય પર પોતાનું અભ્યાસપૂર્ણ પેપર્સ રજૂ કરતાં કહ્યું હતું કે જૈનશાસ્ત્રોમાં માર્ગાનુસારીના ૩૫ ગુણો દર્શાવ્યા છે. તેમાં પ્રથમ ગુણ તરીકે 'ન્યાય સંપન્ન વૈભવ'ને મૂકવામાં આવ્યો છે. ન્યાય, નીતિ, પ્રામાણિકતાથી વ્યવસાય, નોકરી કરી ધન ઉપાર્જન કરવું તેને ન્યાયોપાર્જિત ધન અથવા ન્યાયસંપન્ન આજીવિકા કહે છે. શ્રી ગાલાએ જૈન દર્શનના અને અન્ય દર્શનોના ઘણાં ઉદાહરણો આપી આ વિષયને વધુ પ્રમાણિત અને રોચક બનાવ્યો હતો.

**દ્વિતીય બેઠક :**

રવિવાર, તા. ૧૨મી માર્ચ, ૧૯૯૫ના રાત્રીના આઠ વાગે વીરાયતનના સ્વાધ્યાય હોલમાં જૈન સાહિત્ય સમારોહની બીજી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી જયેન્દ્રભાઇ એમ. શાહે કર્યું હતું. આ બેઠકમાં નીચે મુજબના વિદ્વાનોએ પોતાના નિબંધો રજૂ કર્યાં હતા.

**વિજયશેખર કૃત નલદવદંતી રાસ :**

આ વિષય પર વક્તવ્ય આપતાં ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યું હતું કે સત્તરમાં સૈકામાં થયેલ અચલગચ્છના મહાકવિ વિજયશેખરગણિ કૃત આ નલદવદંતી રાસ મધ્યકાલીન સાહિત્યની એક ઉત્તમ રાસકૃતિ છે. વિ. સં. ૧૬૭૨માં મારવાડના લાદ્રહપુરમાં આ કૃતિની રચના કરી છે. કવિ પોતે અચલગચ્છના છે. જે સમયે રાજસ્થાનમાં ખરતરગચ્છનું જોર વધારે હતું તે સમયે કવિએ રાજસ્થાનમાં રહીને આ રાસની રચના કરી છે. કવિએ રાસમાં દરેક ખંડને અંતે પોતાના દાદગુરુ શ્રી કલ્યાણસાગરસૂરિનો નિર્દેશ કર્યો છે. કવિએ આ સુદીર્ઘ રાસકૃતિમાં નલદવદંતીની કથાને જૈન પરંપરાની મૂળ કથાને બરાબર વફાદાર રહીને વર્ણવી છે. જૈન પરંપરાની નલ-દવદંતીની કથામાં નલ અને દવદંતીના પૂર્વભવની વાત પણ આવે છે. અને નળ-દવદંતીના પછીના ભવની વાત પણ આવે છે. કવિએ એ રીતે સમગ્ર કથાનું સવિગત નિરૂપણ આ રાસની ચાર ખંડની સત્તાવન ઢાળમાં સાડા અગિયારસો કડીમાં કર્યું છે. કવિએ આ રીતે નલ દવદંતી વિશેના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

**તીર્થોનું ગૌરવ :**

આ વિષય પર વક્તવ્ય આપતા ડૉ. હંસાબહેન સુરેશ શાહે જણાવ્યું હતું કે ભારતીય જનતાના હૃદયમાં સતત આધ્યાત્મિકતા ધબકે છે. અને તેથી તમે જ્યાં જ્યાં ફરશો ત્યાં ત્યાં તમને ભક્તિ અને શ્રદ્ધાના પ્રતીક સમા ધર્મસ્થાનો જોવા મળશે. આપણા તીર્થસ્થળો મોટા ભાગે પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર હોય છે. અને તીર્થસ્થળોની સાત્વિકતાનો મહિમા આપણે પ્રાચીનકાળથી જાળવતા આવ્યા છીએ. તેમ છતાં આપણા બધા તીર્થ સ્થળોની શી પરિસ્થિતિ છે તે ખરેખર આજે સંશોધનનો વિષય બની રહે તેમ છે. આપણા તીર્થસ્થળો વિદ્યાધામ બને તેવી કલ્પના હવે સાકાર થવી જોઇએ. તીર્થસ્થાનોમાં વિદ્યા સંસ્થાઓ સારી રીતે નભી શકે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

**કવિ ઋષભદાસ-એક અભ્યાસ :**

શ્રી ચીમનલાલ કલાધરે આ વિષય પર વક્તવ્ય આપતા કહ્યું હતું કે સત્તરમાં સૈકામાં ખંભાતમાં થયેલ કવિ ઋષભદાસ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા આપણા એક ઉત્તમ સાહિત્ય સર્જક છે. જૈનેતર કવિઓમાં તેમના અનુગામી મહાકવિ પ્રેમાનંદ, શામળ અને અખાની હરોળમાં તેઓ બિરાજે છે. જૈન કવિઓમાં તેમનું સ્થાન તેમના સમકાલીન મહાકવિઓ નયસુંદર અને સમયસુંદરની સમકક્ષ આવે છે. કવિ ઋષભદાસ ખંભાતના વીસા પ્રાગ્વંશીય (પોરવાડ) જૈન જ્ઞાતિના હતા. તેમનો જન્મ ખંભાતમાં થયો હતો. તેમના પિતાનું નામ સાંગણ અને માતાનું નામ સરૂપાદે હતું. કવિ ઋષભદાસે ૩૪ જેટલા રાસ, ૫૮ જેટલા સ્તવનો અને અન્ય કેટલીક ઉત્કૃષ્ટ રચનાઓ કરી છે.

**મોક્ષ :**

પ્રા. ઉત્પલાબહેન કાંતિલાલ મોદીએ આ વિષય ઉપર બોલતાં કહ્યું હતું કે સંસારના ભૌતિક સુખોથી આ આત્મા અનંતકાળ ભટકતો રહે છે. પણ તેને સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય એટલે મોક્ષમાર્ગ અવશ્ય પ્રાપ્ત થઇ શકે એમ આપણાં ધર્મશાસ્ત્રો કહે છે. સંસારના સુખોમાં લુપ્ત આ જીવ મોક્ષસુખની ખાસ દરકાર કરતો નથી. કારણ કે તેને તે વિશે વાસ્તવિક જ્ઞાન નથી.

**તૃતીય બેઠક :**

સોમવાર, તા. ૧૩મી માર્ચ, ૧૯૯૫ના રાત્રીના ૭-૩૦ કલાકે વીરાયતનના સ્વાધ્યાય હોલમાં જૈન સાહિત્ય સમારોહની ત્રીજી બેઠક મળી હતી. આ બેઠકનું સંચાલન શ્રી ચીમનલાલ કલાધરે કર્યું હતું. આ બેઠકમાં નીચે મુજબના વિદ્વાનોએ પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

**લેશ્યા :**

આ વિષય પર વક્તવ્ય આપતા ડૉ. સાગરમલ જૈને જણાવ્યું હતું કે જૈન દર્શનમાં લેશ્યાને કર્મમાં બાંધનારી વસ્તુ તરીકે ઓળખાવવામાં આવી છે. લેશ્યાને એક પ્રકારના પૌદગલિક પર્યાવરણ રૂપે પણ માનવામાં આવી છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં લેશ્યાનું નિરૂપણ સ્વરૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ, ગતિ અને આયુષ્યના આધાર પર કરવામાં આવ્યું છે. લેશ્યા છ પ્રકારની બતાવવામાં આવી છે તે છે (૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજોલેશ્યા (૫) પદ્મલેશ્યા અને (૬) શુકલ લેશ્યા. લેશ્યા સિદ્ધાંતમાં આત્માના સંકલિષ્ટ અથવા વિશુદ્ધ પરિણામની ચર્ચા કરવામાં આવી છે. અને દરેક લેશ્યાનો જુદો જુદો રંગ બતાવવામાં આવ્યો છે. લેશ્યાના પ્રકારોના નામ તે રંગ અનુસાર બતાવવામાં આવ્યા છે.

**પૂ. ગુરુદેવ ઉપાધ્યાય અમરમુનિજીકા ચિંતન :**

આ વિષય પર પ્રવચન આપતા પૂ. સાધ્વી શ્રી યશાજીએ જણાવ્યું ... ચૂર્ણિ, ટીકા ગ્રંથો વગેરેની સાથે બૌદ્ધ સાહિત્યના પણ ઊંડા અભ્યાસી હતા. તેમણે પોતાની કલમ દ્વારા વિવિધ વિષયો પર પંચોતેર જેટલા ગ્રંથોનું સર્જન કર્યું હતું. લેખનની સાથે કાવ્યકલા પણ તેમણે સહજ સાધ્ય હતી. ૧૯૬૩ થી 'અમર ભારતી' સામયિકનો પણ પૂ. ગુરુદેવે પ્રારંભ કરાવ્યો હતો. રાજગૃહીની આ વીરાયતન સંસ્થાની સ્થાપના જેવા ક્રાંતિકારી પગલાંથી તેઓશ્રીએ એક નવો રાહ ચીંધ્યો હતો.

**તત્ત્વાર્થ સૂત્ર-કર્તા, કાલ ઔર ઉસકી પરંપરા-એક અનુશીલન :**

આ વિષય ઉપર વક્તવ્ય આપતાં ડૉ. પ્રકાશ પાંડેએ જણાવ્યું હતું કે જૈન સમાજમાં તત્ત્વાર્થ સૂત્ર એક એવો ગ્રંથ છે કે જેને શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને પરંપરા સમાન રૂપે માને છે. તત્ત્વાર્થ સૂત્રની રચના ઇસવીસનની ત્રીજી અને ચોથી સદીમાં ઉમાસ્વાતિજીએ કરી છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે તે સંપૂર્ણ જૈન ધર્મ અને દર્શનને સંક્ષિપ્ત પરંતુ સાર ગર્ભિત અને સૂત્રરૂપમાં પ્રસ્તુત કરે છે. તત્ત્વાર્થસૂત્રને જૈન પરંપરામાં લખાયેલો સર્વ પ્રથમ સંસ્કૃત ગ્રંથ માનવામાં આવે છે, અને તે જૈનોમા સર્વ ફિરકાઓને માન્ય છે અને પ્રમાણભૂત શાસ્ત્રીય ગ્રંથ તરીકે તે સ્વીકારાયો છે.

**પુણ્યવંતી રાજગૃહી :**

શ્રી જયેન્દ્રભાઇ શાહે આ વિષય પર બોલતાં કહ્યું હતું કે વર્તમાનમાં રાજગીર તરીકે ઓળખાતું આ શહેર પ્રાચીન નગર રાજગૃહી હતું. રાજગૃહી જૈન, બૌદ્ધ, હિન્દુ અને મુસ્લિમોનું પવિત્ર શહેર ગણાય છે. ભગવીન મહાવીરે અહીં ચૌદ ચાતુર્માસ ગાળ્યા હતા. ગૌતમ બુદ્ધની આ મુખ્ય વિહાર ભૂમિ હતી. જૈનોના વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીની આ જન્મભૂમિ છે.

રાજગૃહીની ભૌગોલિક રચના જોતાં તેની આસપાસ ટેકરીઓ આવેલી દેખાય છે. તેથી તેનું નામ ગિરિવ્રજ અપાયેલું છે. આ નગરનું કુશાગ્રપુર નામ ચીની પ્રવાસી હ્યુએનસાંગના પ્રવાસ વર્ણનમાં પણ આવે છે. તેમજ જૈન તથા બૌદ્ધ ધર્મગ્રંથોમાં પણ આ નામોલ્લેખ જોવા મળે છે.

**ચતુર્થ બેઠક :**

મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૧૯૯૫ના રોજ સવારના સવા નવ વાગે વીરાયતન સંસ્થાના સ્વાધ્યાય હોલમાં જૈન સાહિત્ય સમારોહની અંતિમ અને ચોથી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી ચીમનલાલ કલાધરે કર્યું હતું. આ બેઠકમાં નીચે મુજબના નિબંધો રજૂ કર્યા હતા.

**ગુણસ્થાન સિદ્ધાંત-ઉદ્ભવ એવમ્ વિકાસ :**

આ વિષય પર વક્તવ્ય આપતા ડૉ. સાગરમલ જૈને જણાવ્યું હતું કે વ્યક્તિની આધ્યાત્મિક શુદ્ધિના વિભિન્ન સ્તરોને સ્પષ્ટ કરવા માટે જૈન દર્શનમાં ગુણસ્થાન સિદ્ધાંત પ્રચલિત છે. ગુણસ્થાન અવધારણા જૈન ધર્મની મુખ્ય અવધારણા છે. તો પણ પ્રાચીન સ્તરના આગમોમાં આચારંગ, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન, ઋષિભાષિત, દશવૈકાલિક, ભગવતી સૂત્ર વગેરેમાં એનો કોઇ ઉલ્લેખ મળતો નથી. શ્વેતામ્બર પરંપરામાં સર્વપ્રથમ સમવાયાંગમાં જીવસ્થાનના નામથી એનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સમવાયાંગમાં જો કે ચૌદ ગુણસ્થાનોના નામનો નિર્દેશ મળે છે પરંતુ તેમાં તેને ગુણસ્થાન કહેવાને બદલે જીવસ્થાન (જીવઠાણ) થી ઓળખાવવામાં આવ્યા છે. આમ એકથી ચૌદ સુધીના ગુણસ્થાનોની ચર્ચા કરી ડૉ. જૈને ગુણસ્થાન સંબંધી જૈન ધર્મ ગ્રંથોના આધારે તુલનાત્મક વિવેચન કર્યું હતું.

**Jain Economics Thoughts :**

ત્યાગમૂર્તિ શ્રી જોહરીમલ પારેખે આ વિષય પર પ્રવચન કરતાં કહ્યું હતું કે સંસારમાં બધાને સુખ જોઇએ છે પણ સુખની વ્યાખ્યા શી? દુઃખનું

સમસ્યાનો તમને આપોઆપ ઉકેલ મળી જશે. ભગવાન મહાવીરે સ્પષ્ટ જ કહ્યું છે કે જેટલી આકાંક્ષા ઓછી કરશો એટલું વધુ સુખ તમે મેળવશો.

**સિદ્ધ પરમાત્મા :**

આ વિષય પર ઉદ્બોધન કરતાં ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યુ હતું કે નવકારમંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યો છે. ભવભ્રમણ કરતા જીવોનું અંતિમ લક્ષ્ય છે મોક્ષ, નિર્વાણ, સિદ્ધદશા. જીવની ઉચ્ચત્તમ એ અવસ્થા છે. સિદ્ધાવસ્થા ઉચ્ચત્તમ હોવા છતાં નવકારમંત્રમાં પ્રથમ નમસ્કાર અરિહંત પરમાત્માને અને બીજો નમસ્કાર સિદ્ધ પરમાત્માને કરવામાં આવે છે. એમાં પણ રહસ્ય રહેલું છે.

સિદ્ધ પરમાત્માએ ચાર ઘાતિ અને ચાર અઘાતિ એમ આઠ કર્મોનો ક્ષય કરેલો હોય છે. એટલે કર્મક્ષયની દ્રષ્ટિએ મોક્ષગતિ પ્રાપ્ત કરવાની દ્રષ્ટિએ સિદ્ધ પરમાત્મા અરિહંત પરમાત્મા કરતાં ચડિયાતા છે. સિદ્ધ પરમાત્મા અશરીર, અકર્મા અને અવિનાશી છે. અરિહંત પરમાત્મા દેહધારી હોય છે. અને એમનો દેહ પણ અંતે તો નાશવંત છે. અરિહંત પરમાત્માને હજુ ચાર અઘાતિ કર્મ ઉદયમાં વર્તતાં હોય છે. સિદ્ધ પરામાત્મા સર્વથા અકર્મા છે. અરિહંત પરમાત્માને હજુ નિર્વાણપદ પામાવાનું, સિદ્ધ થવાનું બાકી હોય છે. કાળ ભક્ષક છે અને તે અરિહંત પરમાત્માને પણ છોડતો નથી. પરંતુ સિદ્ધ પરમાત્મા તો કાળનું પણ ભક્ષણ કરનારા છે. અર્થાત્ અવિનાશી છે.

આમ સિદ્ધ પરમાત્મા ચડિયાતા હોવા છતાં નવકારમંત્રમાં આપણે સર્વપ્રથમ નમસ્કાર અરિહંત પરાત્માને જ કહીએ છીએ, કારણ કે સિદ્ધ પરમાત્માની ઓળખ કરાવનાર અરિહંત પરમાત્મા જ છે. અરિહંત પરમાત્મા તીર્થ પ્રવર્તાવે છે, જીવોને મોક્ષમાર્ગ બતાવે છે. અને એ તરફ દોરી જાય છે. અરિહંત પરમાત્મા ન હોય તો જીવ મિથ્યાત્વના ગાઢ અંધકારમાં અટવાતો હોય છે. સિદ્ધગતિ એટલે શું એની પણ એને ખબર ન હોય. આમ સિદ્ધ પરમાત્માને ઓળખાવનાર અરિહંત પરમાત્મા હોવાથી આપણે અરિહંત પરમાત્માને પહેલો નમસ્કાર કરીએ છીએ.

**લગ્નચર્ય, બ્રહ્મચર્ય, આનંદચર્ય :**

પ્રા. મલૂકચંદ રતિલાલ શાહે આ વિષય પર બોલતાં કહ્યું હતું કે માનવજીવનનું ધ્યેય મોક્ષ પ્રાપ્તિનું છે અને મોક્ષ પ્રાપ્તિની સાધના માટે જૈન ધર્મમાં બ્રહ્મચર્યની ક્રમિક ઉપાસનામાં શ્રાવક કે ગૃહસ્થ માટે ચોથા અણુવ્રત દ્વારા સ્વદારા સંતોષની વાત પર ભાર મૂકાયો છે. અને પોતાના પરિણિત પાત્ર સિવાય અન્ય કોઇપણ ચેતન વ્યક્તિ કે જડ પદાર્થ સાથેના સંબંધ, સ્પર્શ કે ચેષ્ટા પર નિષેધ મૂકવામાં આવ્યો છે.

**સમત્વ :**

આ વિષય પર વક્તવ્ય આપતાં ડૉ. શિલ્પા નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિની બ્રાહ્મણ અને શ્રમણ એમ બે મુખ્ય વિચારધારાઓ, બ્રાહ્મણ સંસ્કૃતિ 'બ્રહ્મ' પર અને શ્રમણ સંસ્કૃતિ 'સમ' પર આધારિત છે. સમ+સ+કૃતિ=સંસ્કૃતિ સમભાવ પૂર્વકની કૃતિ એટલે સંસ્કૃતિ. માનવીની સામ્યભાવના થકી સંસ્કૃતિનો ઉદય થયો છે. જૈન શ્રુતરૂપે પ્રસિદ્ધ બાર અંગો કે ચૌદ પૂર્વમાં સામાયિકનું સ્થાન પ્રથમ છે. સામાયિક એટલે સમતામાં રહેવું તે. સમત્વ એ આત્માનો સહજ સ્વભાવ છે. જૈન દર્શનનો સાર જ સમતા છે. સમતા એટલે નિર્બળતા, કાયરતા, જડતા કે ભાવશૂન્ય નહિ પરંતુ સમતા છે. એટલે અંતરની ઉદારતા, સૌમ્યતા, ક્ષમાપના અને સ્વસ્થતા. સમતા એ સદાચારની જનની છે. અને સદાચાર એ તમામ ધર્મોની આધારશીલા છે.

**પુણ્યતીર્થ :**

વીરાયતન સંસ્થાના વર્તમાન સમયમાં પ્રાણસમા પૂ. શ્રી ચંદનાજીએ જૈન સાહિત્ય સમારોહમાં સમાપન પ્રવચન કરતા કહ્યું હતું કે બિહારની આ પવિત્ર ભૂમિ ખરા અર્થમાં તપોભૂમિ છે. આ પવિત્ર ધરા તીર્થંકરોના વિહારની સાથે સંબંધિત હોવાથી તેનું નામ બિહાર પડ્યું છે. પ્રાચીનકાળમાં રાજગૃહી, મગધ દેશની રાજધાની હતી અને આ નગર હિન્દુ, જૈન અને બૌદ્ધ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હતું. જૈન સાહિત્યમાં અનેક સ્થાનો પર રાજગૃહીની સમૃદ્ધિ, વૈભવ અને ધર્મ-સંસ્કૃતિના અભ્યુદયનું વર્ણન જોવા મળે છે. રાજગૃહીના એ સુવર્ણકાળને જીવંત કરતું પુણ્યતીર્થ વીરાયતન એ જનકલ્યાણનું મંગલમય તીર્થ છે.

સન ૧૯૭૩ થી પૂ. ઉપાધ્યાય શ્રી અમરમુનિજીની પ્રેરણા અને આશીર્વાદથી આ સંસ્થાનો પ્રારંભ થયો હતો અને આજે આ સંસ્થાએ સાહિત્ય, કલા અને સમાજ સેવાના ક્ષેત્રે કેટલીક ઠીક ઠીક પ્રવૃત્તિ હાથ ધરી છે. પૂ. શ્રી ચંદનાજીએ જૈન સાહિત્ય સમારોહ જેવી પ્રવૃત્તિ રાજગૃહીમાં યોજવામાં આવી તે બદલ પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો હતો અને અહીં પુનઃ પધારવા માટે નિમંત્રણ આપ્યું હતું.

આ સાહિત્ય સમારોહની વિશેષતા એ રહી હતી કે સમારોહ પ્રમુખ ડૉ. સાગરમલ જૈને દરેક વિદ્વાનોના નિબંધ વાંચન પછી તેમના વિષય પર વિદ્વતાપૂર્ણ વિવેચન આપી ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા હતા.

**અન્ય નિબંધો :**

તેરમાં જૈન સાહિત્ય સમારોહ માટે જેમના નિબંધો મળ્યા હતા પણ જે વિદ્વાનો ઉપસ્થિત રહી શક્યા ન હતા તેમનાં નામ અને નિબંધો આ પ્રમાણે છેઃ (૧) શ્રી ભંવરલાલ નાહટા (કલકત્તા)-નાગવિદ્યા (૨) ડૉ. કવિન શાહ (બિલિમોરા)-જૈન સાહિત્યની છંદ રચનાઓનો પરિચય (૩) ડૉ. કોકિલાબહેન હેમચંદ શાહ (મુંબઇ)-શ્રીમદ્ રાજચંદ્ર કૃત આત્મસિદ્ધિ-જ્ઞાન અને ભક્તિયોગ (૪) શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા (મુંબઇ)-સમતાનું મૂળ અનેકાંત (૫) ડૉ. ધવલ નેમચંદ ગાલા (માંડવી-કચ્છ) Antiquity and Rationale of Jainism (૬) શ્રી સુદર્શનાબહેન કોઠારી (મુંબઇ)-શ્રાવક ધર્મના બાર વ્રતો.

**અભિવાદન :**

તેરમા જૈન સાહિત્ય સમારોહના પ્રમુખ ડૉ. સાગરમલ જૈનનું, ઉદ્ઘાટક શ્રી જોહરીમલ પારેખનું, સાહિત્ય સમારોહના સંયોજક ડૉ. રમણલાલ ચી. શાહનું, શ્રી નેમચંદ ગાલાનું, સાહિત્યની બેઠકોનું સંચાલન કરનાર પ્રા. ઉત્પાલબહેન મોદીનું શ્રી જયેન્દ્રભાઇ શાહનું અને શ્રી ચીમનલાલ કલાધરનું તેમજ યાત્રા- પ્રવાસનું આયોજન અને વ્યવસ્થા સંભાળનાર શ્રી શાંતિલાલ ગડાનું આ પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું.

**તીર્થયાત્રા :**

આ સાહિત્ય સમારોહમાં ઉપસ્થિત વિદ્વાન ભાઇ-બહેનોને રાજગૃહી ઉપરાંત પાવાપુરી, કુંડલપુર, નાલંદા, ગુણિયાજી, ક્ષત્રિયકુંડ (લચ્છવાડ), ઋજુવાલિકા, સમેતશિખર આદિ તીર્થોની યાત્રા કરાવવામાં આવી હતી. આ ઉપરાંત કલકત્તા, દાર્જીલીંગ અને સિક્કીમનો પ્રવાસ પણ સૌએ સાથે મળીને આનંદોલ્લાસપૂર્વક સંપન્ન કર્યો હતો. આમ શાસનદેવની કૃપાથી અને સૌ ભાઇ-બહેનોના મળેલા સહયોગથી આ તેરમો જૈન સાહિત્ય સમારોહ અનેક રીતે વિરલ, વિશિષ્ટ, યશસ્વી અને યાદગાર બની રહ્યો હતો.

☆☆☆

માલિક : શ્રી જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૮. લેસરટાઇપસેટિંગ: મુદ્રાંકન, મુંબઇ-૪૦૦૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૫ ● ● તા. ૧૬-૫-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. હરીન્દ્ર દવે

મારા મિત્ર શ્રી હરીન્દ્ર દવેનું બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૧૯૯૫ના રોજ મુંબઇમાં જસલોક હૉસ્પિટલમાં અવસાન થયું. કવિતા, નવલકથા, ટૂંકી વાર્તા, ચિંતનાત્મક નિબંધ, પત્રકારત્વ ઇત્યાદિ ક્ષેત્રમાં મહત્ત્વની સિદ્ધિ મેળવનાર, રણજિતરામ સુવર્ણચંદ્રક, ગોએન્કા એવોર્ડ, કબીર એવોર્ડ, સાહિત્ય અકાદમીનું પારિતોષિક ઇત્યાદિ મોટાં બહુમાન મેળવનાર સ્વ. હરીન્દ્ર દવેને અખબારોએ, વિશેષતઃ ગુજરાતી અખબારોએ ખૂબ ભાવથી સરસ અંજલિ આપી. પોતે પત્રકાર હોય અને તેમાં પણ દૈનિક પત્રના તંત્રી તરીકે સક્રિય હોય એ જ વખતે જીવનનો અંત આવે તો એની સુવાસ વિશેષ પ્રસરે છે. તેમાં પણ હરીન્દ્રભાઇના સૌજન્યશીલ, મધુર, મૃદુ વ્યક્તિત્વની સુવાસ તો ઘણી બધી હતી. 'જન્મભૂમિ'નું તંત્રીપદ મળ્યા પછી હરીન્દ્રભાઇએ પોતાના સંબંધો પણ ઘણા વિકસાવ્યા હતા. એટલે મુંબઇ, ગુજરાત અને ગુજરાત બહાર એમનું મિત્ર વર્તુળ ઘણું મોટું હતું.

હરીન્દ્રભાઇના વ્યક્તિત્વનાં ઘણાં પાસાં હતાં અને એમણે મેળવેલી સિદ્ધિઓ ઘણી બધી હતી. હરીન્દ્રભાઇને અંજલિ આપતાં હું તો અહીં મારાં થોડાંક અંગત સંસ્મરણો જ તાજાં કરું છું. મારા કરતાં બીજી કેટલીયે વ્યક્તિઓ એવી હશે કે જેમની સાથે હરીન્દ્રભાઇને ગાઢ મૈત્રી હોય, પરંતુ મારો અંગત સંબંધ એક જુદી જ ભૂમિકા ઉપરનો હતો. છેલ્લાં બે દાયકામાં જ તે વિકસ્યો હતો. એ સંબંધ ગાઢ અને ગૂઢ હતો.

હરીન્દ્રભાઇને છએક મહિના પહેલાં પેટનું કેન્સર થયું હતું. ભાટિયા હોસ્પિટલમાં તેમણે ઓપરેશન કરાવ્યું હતું. સારા થઇને તેઓ ઘરે આવ્યા હતા. પરંતુ કેન્સર ફરીથી પ્રસરતું ગયું અને જસલોક હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા. તબિયત સુધરી નહિ અને એમ કરતાં એમણે ૨૯મી માર્ચે દેહ છોડ્યો.

હરીન્દ્રભાઇએ છેલ્લા શ્વાસ લીધા ત્યારે હું હોસ્પિટલમાં જ હતો. આગલા દિવસથી એમણે ભાન ગુમાવી દીધું. કૃત્રિમ શ્વાસ આપવાનું ચાલુ કરવામાં આવ્યું હતું. અંત સમયે એમના નાકમાંથી લોહીની ટસરો ફૂટી હતી. ડોક્ટરોએ એમને મૃત જાહેર કર્યા તે ક્ષણે હું હોસ્પિટલમાં એમના ખાટલા પાસે હતો. તે વખતે કોઇને અંદર એમની પાસે જવા દેવામાં નહોતા આવતા. પણ હું ગયો ત્યારે મને કોઇએ અટકાવ્યો નહિ. એવું જ બે દિવસ પહેલાં પણ બન્યું હતું. મુલાકાતીઓનો સમય સાંજના સાત વાગ્યા સુધીનો હતો, પરંતુ ટ્રાફિકમાં મોડું થવાને લીધે હું અને મારાં પત્ની સાડા સાત વાગે હોસ્પિટલમાં પહોંચ્યાં. દરવાજા પાસેના કર્મચારીને વિનંતી કરી. એણે ઘણી આનાકાની પછી અમને અંદર જવા દીધાં. આઇ. સી. યુ. વોર્ડમાં જઇ ફરજ ઉપરની સિસ્ટરને વિનંતી કરી. એ અમને હરીન્દ્રભાઇના ખાટલા પાસે લઇ ગઇ. તે વખતૂ એમની પાસે કોઇ જ નહોતું. એમનાં સ્વજનો પણ ઘરે ગયાં હતાં. હરીન્દ્રભાઇ ઘણાં અશક્ત લાગતા હતા. તેમના ચહેરા પરની પ્રસન્નતા હણાઇ ગઇ હતી. એમણે કહ્યું, 'કમળામાંથી કમળી થઇ ગઇ છે, હવે બચવાની આશા નથી.' મેં પૂછ્યું. 'ક્યાંય દુ:ખાવો રહે છે?' એમણે પેટ ઉપર હાથ મૂકી બતાવ્યું કે 'અહીં અંદર ઝીણું ઝીણું દુખ્યા કરે છે.' હરીન્દ્રભાઇ માંડ માંડ બોલી શકતા હતા. બોલતાં બોલતાં થાકી જતા હતા. આંખો મીચાઇ જતી હતી. અવાજ પણ જેમ તેમ પરાણે નીકળતો હતો. એમની એ સ્થિતિ જોઇને જ લાગ્યું કે હવે તેઓ વધુ દિવસ કાઢી નહિ શકે. બે દિવસમાં તો હરીન્દ્રભાઇનો જીવનદીપ બુઝાઇ ગયો.

હરીન્દ્રભાઇ અને મારે પહેલો પરિચય ૧૯૫૧માં થયો હતો. ૧૯૪૮ થી ૧૯૫૦ સુધી 'સાંજ વર્તમાન'માં અને ૧૯૫૦-૫૧માં 'જનશક્તિ' માં પત્રકાર તરીકે મેં કામ કર્યું હતું. પરંતુ મારું આકર્ષણ અધ્યાપનના ક્ષેત્ર તરફ વધુ હતું. ઇ. સ. ૧૯૫૧માં જનશક્તિ છોડીને હું ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે જોડાયો. તે પછી થોડા વખતે હું જનશક્તિના અમારા તંત્રી સ્વ. રવિભાઇ મહેતાને મળવા ગયો હતો. એ વખતે રવિભાઇએ શ્રી હરીન્દ્રભાઇ દવેનો પરિચય કરાવતા કહ્યું, 'રમણભાઇ, અમે તમારી ખાલી પડેલી જગ્યાએ આ ભાઇની નિમણુંક કરી છે. તેમને દૈનિક પત્રકારત્વનો ખાસ અનુભવ નથી. સૌરાષ્ટ્રમાંથી તેઓ આવે છે. બી. એ. થયેલા છે અને ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવે છે. કવિતાઓ પણ લખે છે.' મારા અનુગામી શ્રી હરીન્દ્રભાઇ દવેને મળવાનો આ મારો પહેલો પ્રસંગ હતો. ત્યારે મારી ઉંમર પચીસ વર્ષની હતી અને હરીન્દ્રભાઇની ઉંમર એકવીસ વર્ષની હતી. ત્યારપછી તો કોઇ કોઇ વખત જનશક્તિ કાર્યાલયમાં જવાનું મારે થતું ત્યારે હરીન્દ્રભાઇને પણ મળવાનું થતું. આ યુવાન કવિને તે ઉપરાંત લિપિની પ્રિન્ટરીમાં કવિ શ્રી રાજેન્દ્ર શાહે સ્થાપેલી કવિલોક નામની સંસ્થાના કાર્યક્રમમાં અવારનવાર મળવાનું થતું. વળી ૧૯૫૯ની આસપાસ હરીન્દ્રભાઇએ ગુજરાતી વિષય સાથે એમ. એ.નો અભ્યાસ ચાલુ કર્યો ત્યારે તેઓ મારા વર્ગમાં આવીને બેસતા. પરંતુ એ વર્ષો દરમિયાન અમારો પરિચય ઔપચારિક જ રહ્યો હતો.

પત્રકારત્વનું ક્ષેત્ર છોડી હું અધ્યાપનના ક્ષેત્રમાં આવ્યો હતો. અધ્યાપનનું ક્ષેત્ર મળે તો દૈનિક પત્રકારત્વના ક્ષેત્રમાં કામ કરવું નથી એવી મારી ઇચ્છા રહી હતી અને અધ્યાપનના ક્ષેત્રમાં કામ કરવાનું મળ્યુ એથી હું રાજી થયો હતો. 'સાંજ વર્તમાન' અને 'મુંબઇ વર્તમાન'માં પત્રકાર તરીકે કામ કરતા મારા પારસી મિત્ર સ્વ. મીનુ દેસાઇ મુંબઇ વર્તમાન નામનું છાપું બંધ પડતાં 'મુંબઇ સમાચાર'માં ઉપતંત્રી તરીકે જોડાયા હતા અને પછીથી તંત્રી તરીકે તેમની નિમણુંક થઇ હતી. એ દિવસોમાં મીનુ દેસાઇને એમની ઓફિસમાં મારે વારંવાર મળવાનું થતું. મુંબઇ સમાચારમાં સાહિત્યની કોલમ લખવા માટે મીનુ દેસાઇએ મને ઘણો આગ્રહ કર્યો હતો કારણ કે 'સાંજ વર્તમાન' અને 'જનશકિત'માં સાહિત્ય વિભાગની કોલમ હું સંભાળતો હતો. પરંતુ સમયના અભાવે

મેં તે જવાબદારી સ્વીકારવાનું પસંદ કર્યું ન હતું. ત્યારપછી કેટલેક વખતે શ્રી હરીન્દ્ર દવેને સાહિત્યની કોલમ સંભળાવવાનું મીનુ દેસાઇએ નિમંત્રણ આપ્યું હતું. 'કલમની પાંખે' નામનો એ વિભાગ નિયમિત પ્રગટ થવા લાગ્યો હતો. સાહિત્યિક વર્તુળમાં એ ઘણી પ્રશંસા પામ્યો હતો. એ દિવસોમાં એક વખત હરીન્દ્રભાઇએ પોતાની કોલમમાં જંબુસ્વામી વિશેના કથાનકનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ એમાં કેટલોક વિગત દોષ રહી ગયો હતો. મેં હરીન્દ્રભાઇને એ અંગે પત્ર લખ્યો હતો. એમણે મારો એ આખો પત્ર 'કલમની પાંખે'માં છાપ્યો અને પોતાની ભૂલનો એકરાર કરી લીધો હતો.

હું ઝેવિયર્સ કોલેજમાં જોડાયો અને હરીન્દ્રભાઇ જનશક્તિમાં જોડાયા હતા. ૧૯૫૫માં હું ખેતવાડીમાંથી પ્રિન્સેસ સ્ટ્રીટ રહેવા આવ્યો અને હરીન્દ્રભાઇ પણ એ અરસામાં પરાંમાંથી જૂની હનુમાન ગલીમાં રહેવા આવ્યા. પત્રકાર તરીકેના વેતનમાંથી ઘર ચલાવવાનું એ કંઇ સહેલી વાત નહોતી. વળી સવારના દૈનિકના પત્રકાર તરીકે કામ કરતા હોઇએ ત્યારે રાતની પાળી કરવાનો વખત આવે અને બાર એક વાગે છાપું તૈયાર થઇ જાય તે પછી કાં તો પ્રેસમાં જ સૂવાની સગવડ રાખવી પડે. ઘરે આવતાં દોઢ-બે તો વાગી જ જાય અને પરામાં રહેતાં હોઇએ તો અઢી-ત્રણ પણ થાય. આ બધો અનુભવ મેં લીધો હતો. સમયની બચતને કારણે પરાંમાંથી શહેરમાં આવીને રહેવામાં અનુકૂળતા વધારે રહે, પણ મુંબઇ જેવા શહેરમાં જગ્યાની તંગી હોય એટલે નાની જગ્યામાં સમાવેશ કરવો પડે. હું અને હરીન્દ્રભાઇ નજીક નજીક રહેતા હોવાના કારણે પ્રિન્સેસ સ્ટ્રીટની ફૂટપાથ ઉપર કેટલીયેવાર અમે એકબીજાને મળ્યા હોઇશું. કોઇક વખત હરીન્દ્રભાઇ પોતાનાં પત્ની જયાબહેન અને સંતાનો સાથે પણ મળ્યા હશે. જયાબહેને એ રીતે ઘર નિભાવવાની અને સંતાનોને ઉછેરવાની જવાબદારી ઘણી સારી રીતે ઉપાડી લીધી હતી. કેટલાંક વર્ષ પછી હું પ્રિન્સેસ સ્ટ્રીટથી ચોપાટી બાજુ રહેવા ગયો અને હરીન્દ્રભાઇ તારદેવ વિસ્તારમાં ભાટિયા હોસ્પિટલની સામે ફોરજેટ સ્ટ્રીટમાં નવયુગ નગરમાં રહેવા ગયા. એ પછી પ્રિન્સેસ સ્ટ્રીટના રસ્તામાં મળવાનું અમારું બંધ થઇ ગયું. વ્યવસાયના સ્થળની દૃષ્ટિએ પણ અમારું મળવાનું ઓછું થઇ ગયું. અલબત્ત અમારો સંબંધ ત્યારે પણ માત્ર ઔપચારિક જ રહ્યો હતો.

ઝેવિયર્સ કોલેજના અધ્યાપક તરીકે વીસેક વર્ષ કાર્ય કર્યા પછી હું મુંબઇ યુનિવર્સિટીમાં ૧૯૭૦માં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયો અને હરીન્દ્રભાઇ જનશક્તિ છોડી ભારતીય વિદ્યાભવનના 'સમર્પણ' પાક્ષિકમાં જોડાયા. (જે પછીથી નવનીત-સમર્પણ માસિક થયું.) ત્યાર પછી તેઓ યુસિસમાં જોડાયા હતા. પરંતુ ત્યાર પછી હરીન્દ્રભાઇને જનશકિતના તંત્રી તરીકે જ જોડાવાની તક મળી. હવે અમારા બંનેની ઓફિસો નજીક નજીક હોવાથી ફરીથી મળવાનું ચાલુ થયું. હરીન્દ્રભાઇનો બહુ જ આગ્રહ રહ્યા કર્યો હતો કે હું જનશક્તિમાં કોલમ લખું. પરંતુ એ રીતે નિયમિત કોલમ લખવાનું કામના બોજાને લીધે અનુકૂળ નહોતું.

ઇ. સ. ૧૯૭૧માં મુંબઇ યુનિવર્સિટીએ ઇન્ટર આર્ટસની પરીક્ષા માટે ગુજરાતી વિષયમાં એક પાઠ્ય પુસ્તક તૈયાર કરવાનું ઠરાવ્યું અને તેના સંપાદક તરીકે મારી અને હરીન્દ્રભાઇની નિમણૂંક કરી. યુનિવર્સિટીનું એ નિમંત્રણ સ્વીકારી લેવા માટે મેં હરીન્દ્રભાઇને આગ્રહ કર્યો. 'શબ્દલોક' નામના એ પાઠ્યપુસ્તકની તૈયારી માટે લેખો, વાર્તાઓ વગેરેની પસંદગી માટે અમારે ઘણીવાર મળવાનું થયું હતું. યુનિવર્સિટીમાં બેસીને અમે એ પાઠ્યપુસ્તક તૈયાર કરી આપ્યું. આ પાઠ્ય પુસ્તકને નિમિત્તે હરીન્દ્રભાઇને ઘણીવાર મળવાનું થયું. એથી અમારી વચ્ચે વિશેષ આત્મીયતા સધાઇ. વળી એમણે જ્યારે જાણ્યું હતું કે આ પાઠ્ય પુસ્તકના મારા સહસંપાદક તરીકે મેં જ હરીન્દ્રભાઇનું નામ સૂચવ્યું હતું ત્યારે તેમને મારા માટે વિશેષ આદરભાવ થયો હતો. આ સમયથી હરીન્દ્રભાઇ સાથેની મૈત્રી ઔપચારિક ન રહેતાં અનૌપચારિક અંગત થઇ ગઇ હતી.

ઇ. સ. ૧૯૭૩માં અમૃતસરમાં P.E.N.ની રાઇટર્સ કોન્ફરન્સ હતી. P.E.N.નો હું આજીવન સભ્ય હતો. એટલે મુંબઇ યુનિવર્સિટી તરફથી આ કોન્ફરન્સમાં ભાગ લેવાની મને તક મળી હતી. હરીન્દ્રભાઇ પણ એ કોન્ફરન્સમાં આવવાના હતા. ઉમાશંકર જોશી, ગુલાબદાસ બ્રોકર વગેરે પણ એમાં ભાગ લેવાના હતા. આ કોન્ફરન્સને નિમિત્તે હરીન્દ્રભાઇ સાથે અમૃતસર ટ્રેનમાં જવા આવવાનો તથા અમૃતસરમાં સાથે રહેવાનો અવસર સાંપડ્યો હતો. પાછા ફરતાં હરીન્દ્રભાઇ દિલ્હી ઊતરી જવાના હતા. હરીન્દ્રભાઇ આ કોન્ફરન્સમાં આવ્યા હતા, પરંતુ તેમના ચહેરા ઉપર જોઇએ તેવી પ્રસન્નતા ન હતી. ટ્રેનમાં અમે પાછા ફરી રહ્યા હતા ત્યારે કંઇક વાત નીકળતાં તેમણે કહ્યું કે 'રમણભાઇ, હું બહુ જીવવાનનો નથી. આ મારું છેલ્લું વર્ષ છે.' મેં કહ્યું, 'તમે શાના આધારે કહો છો ? તબિયતનો કોઇ પ્રશ્ન છે કે જ્યોતિષના આધારે કહો છો ? આવી આગાહી કરવાનું કારણ શું ?' તેમણે કહ્યું કે 'તબિયતનું કોઇ કારણ નથી અને કોઇ જોશીની એવી આગાહી પણ નથી, પરંતુ મારા મનથી લાગે છે કે હું હવે જીવવાનો નથી.' મેં કહ્યું કે, 'અચાનક હાર્ટ એટેક આવે કે કોઇ અકસ્માત થાય તો તે જુદી વાત છે, પરંતુ એ સિવાય આયુષ્ય પૂરું થવાનું કોઇ કારણ નથી. તમારા મનમાં તેવું ઊગી નીકળે છે એટલે એ વાતને હસવામાં કાઢી પણ ન શકાય. પણ આવી વાતથી આશ્ચર્ય થાય છે.' એમ છતાં હરીન્દ્રભાઇએ બે-ત્રણ વખત એ વાતને દોહરાવી કે પોતે છ-આઠ મહિના પણ કાઢશે કે કેમ તેની પોતાને શંકા છે.

અમૃતસરની કોન્ફરન્સમાંથી પાછા ફરતાં વડોદરા થઇને અમે આજોલમા યોજાયેલા સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં ભાગ લેવા ગયા. ત્યાંથી અમે મુંબઇ પાછા આવ્યા. ત્યાર પછી કેટલાક દિવસે હું મુંબઇ યુનિવર્સિટીમાં હતો ત્યારે ઘરેથી સમાચાર આવ્યા કે હરીન્દ્રભાઇ અચાનક માંદા પડી ગયા છે અને તેમને ભાટિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હું સાંજે ચાર વાગે મારાં પત્ની સાથે ભાટિયા હોસ્પિટલમાં પહોંચ્યો. હરીન્દ્રભાઇ પાસે કોઇને જવા દેવામાં આવતા નહોતા. જીવન-મરણ વચ્ચે તેઓ ઝોલા ખાતા હતા. મને થયું કે હરીન્દ્રભાઇએ કરેલી આગાહી જાણે સાચી પડી રહી છે. અચાનક શું થઇ ગયું એ જાણવા માટે પૂછ્યું તો નજીકના સ્વજનોએ કહ્યું કે કોઇ દવાનું ભારે રીએક્શન આવ્યું છે. અને હરીન્દ્રભાઇ બચે એવી બિલકુલ આશા નથી.

એ દિવસે સાંજે ફાર્બસ ગુજરાતી સભાની કાર્યવાહક સમિતિની અમારી મિટિંગ હતી. મેં મિટિંગમાં કહ્યું કે, 'હરીન્દ્રભાઇની અચાનક તબિયત બગડી ગઇ છે અને તેઓ હોસ્પિટલમાં સિરિયસ છે.' આ સમાચાર સાંભળીને ચન્દ્રવદન મહેતા, ભૃગુરાય અંજારિયા, યજ્ઞેશ શુકલ, વિલોચન ધ્રુવ વગેરે સમિતિના સભ્યો શોકાતુર બની ગયા. એવામાં સભાના મંત્રી શ્રી જ્યોતીન્દ્ર દવે આવી પહોંચ્યા. તેઓ હરીન્દ્રભાઇ રહે તે જ મકાનમાં રહેતા હતા. મેં જ્યોતીન્દ્રભાઇને કહ્યું કે, 'હરીન્દ્રભાઇ સિરિયસ છે એ સમાચાર તમે તો સાંભળ્યા જ હશે.' એમણે કહ્યું, 'હા, મને તો ઘટના બની કે તરત જ ખબર પડી ગઇ હતી. હું તે વખતે ઘરે જ હતો. અમે એક જ મકાનમાં રહીએ. અમારા બંનેની અટક દવે. એટલે મકાનના કેટલાક મારે ઘેર આવી પહોંચ્યા હતા. આ ઘટના બની ત્યારે તરત જ હું એમના ઘરે પહોંચી ગયો હતો.' પછી જ્યોતીન્દ્રભાઇએ કહ્યું કે 'હમણાં આ વાતની જાહેર ચર્ચા કરશો નહિ, પરંતુ હરીન્દ્રભાઇ અને એમના પત્ની જયાબહેન વચ્ચે કંઇક બોલાચાલી થઇ અને તેને કારણે હરીન્દ્રભાઇએ ઝેરી દવા લઇને આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો.' જ્યોતીન્દ્રભાઇની આ વાત સાંભળીને પહેલાં તો અમે માની શક્યા જ નહિ. જ્યોતીન્દ્ર દવેને રમૂજ કરવાની ટેવ એટલે પણ તરત વાત માનવામાં આવે નહિ. પરંતુ જ્યોતીન્દ્રભાઇએ એટલી જ ગંભીરતાથી કહ્યું કે 'હું આ ઘટનાનો સાક્ષી છું. એટલે તે અસત્ય માનવાનું કોઇ કારણ નથી.' આ વાત સાંભળીને અમે બધા આશ્ચર્યચકિત થઇ ગયા.

હરીન્દ્રભાઇ બચે એવી આશા નહોતી પરંતુ બીજા દિવસે એમની ખબર જોવા હું હોસ્પિટલમાં ગયો ત્યારે જાણ્યું કે તેઓ જોખમમાંથી બચી ગયા છે, ભાનમાં આવ્યાં છે અને તબિયત ધીમે ધીમે સુધારા પર આવતી જાય છે. થોડા દિવસમાં તેમની તબિયત સારી થઇ ગઇ અને તેઓ ઘરે

પાછા આવી ગયા. તેમને માથેથી એક ઘાત ગઇ. હરીન્દ્રભાઇએ અમૃતસરથી પાછા ફરતાં ટ્રેનમાં પોતાના અકાળ અવસાનની જે આગાહી કરી હતી તે આ કારણે જ કરી હતી તેની હવે મને ખાત્રી થઇ ગઇ હતી.

હરીન્દ્રભાઇના જીવનમાં એમના દામ્પત્ય જીવનના વિસંવાદે ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. કેટલીક વ્યક્તિઓના જીવનમાં મોહનીય કર્મના પ્રબળ ઉદયને કારણે આવો વિસંવાદ સર્જાય છે ત્યારે જીવનમાં ઘણો ખળભળાટ મચી જાય છે. એક બાજુ પત્ની અને સંતાનો અને બીજી બાજુ અન્ય સ્ત્રી સાથેના સ્નેહનું ખેંચાણ. 'ચાહીશ તો બન્નેયને હું' એવી કવિ કલાપીની મનોદશા જેવી સ્થિતિ સર્જાઇ હતી. ડૉ. ભારતી શેઠ સાથેનો સ્નેહ સંબંધ વધતાં જતાં હરીન્દ્રભાઇના જીવનમાં ઘણી વિષમ પળો આવી હતી. કોઇ કોઇ વખત ચોપાટી પર તેઓ ત્રણે સાથે ફરવા નીકળતાં ત્યારે અમને મળતાં. હરીન્દ્રભાઇ પોતે પોતાના આ અંગત જીવનની મનોવ્યથા કોઇ કોઇ વખત મને કહેતા. અમારે એ દિવસોમાં એટલું નિયમિત મળવાનું થતું નહિ પરંતુ પોતાની મનોવ્યથા અંગત રીતે વ્યક્ત કરવા માટે તેઓ મને મળવા આવતા. મારી યુનિવર્સિટી અને જનશક્તિની ઓફિસ વચ્ચે પાંચ મિનિટનું પણ અંતર નહિ, પરંતુ એકાંતમાં દોઢ-બે કલાક બેસીને વાત કરી શકાય એટલા માટે અમે નજીકમાં આવેલી ખૈબર નામની રેસ્ટોરામાં બપોરના ત્રણ ચાર વાગ્યા પછી મળતા. તે વખતે રેસ્ટોરામાં લોકોની ખાસ અવરજવર ન હોય. બે સ્ત્રીઓ પ્રત્યેના પ્રેમની વ્યથાને કારણે ઘર છોડીને પોતાને ક્યાંક ભાગી જવાની અને સંન્યાસી થઇ જવાની ઇચ્છા થાય છે એવું તેઓ કહેતા. એક વખત એમણે મને કહ્યું, 'મેં જયાને ચોખ્ખું કહી દીધું છે કે તારી સાથેના જીવનનો અંત આણવા માટે મેં આપઘાત કર્યો, પરંતુ ભગવાનની મરજીથી હું બચી ગયો છું. એટલે મારા જીવન ઉપર હવે તારો અધિકાર રહેતો નથી. ભગવાને જ મને ભારતી માટે બચાવી લીધો છે. મારું શેષ જીવન હવે ભારતી માટે છે.' આ પરિસ્થિતમાંથી કોઇ રસ્તો નીકળી શકે કે કેમ અને તેમાં હું મદદરૂપ થઇ શકું કે કેમ તે વિશે મેં પૂછ્યું હતું, પરંતુ એમણે કહ્યું કે, 'રમણભાઇ, પરિસ્થિતિ હવે એવા વળાંક ઉપર છે કે બીજો કોઇ રસ્તો નીકળી શકે એમ નથી.'

હરીન્દ્રભાઇ જનશક્તિમાં તંત્રી તરીકે હતા ત્યારે એક દિવસ મને મળવા આવ્યા હતા. મને કહે કે 'તમારું ખાસ કામ છે. 'જન્મભૂમિ' માંથી મનુભાઇ મહેતા તંત્રી તરીકે નિવૃત્ત થયા છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની ઇચ્છા છે કે હું જન્મભૂમિના તંત્રી તરીકે જોડાઉં. પણ તેઓ મારી નિમણૂંક કરે તે પહેલાં મારે એમની સાથે ખુલાસો કરી લેવો જોઇએ કે મારે ભારતી શેઠ સાથે સંબંધ છે. હું 'જનશક્તિ' છોડી 'જન્મભૂમિ'માં તંત્રી તરીકે જોડાઉં અને પછી એમને મારી આ વાતની ખબર પડે અને કોઇક સંજોગોમાં તેઓ મને છૂટા થવાનું કહે તો તે સારું કહેવાય નહિ.' હરીન્દ્રભાઇની વાત સાચી હતી. અમે બંને સમય નક્કી કરીને ચીમનલાલ ચકુભાઇના ઘરે રાત્રે મળવા ગયા. એ વખતે કંઇક સંકોચ સાથે પણ હરીન્દ્રભાઇએ પોતાના આ અંગત જીવનનો ખુલાસો કર્યો. ચીમનભાઇએ કહ્યું કે 'હા, આવી ઊડતી વાત મેં પણ સાંભળી હતી, પણ એ વખતે મેં એ વાતને માની નહોતી.' હરીન્દ્રભાઇએ ચીમનભાઇને આગ્રહ કર્યો કે 'તમારા બોર્ડમાં નિમણૂંક અંગે વિચારણા થાય ત્યારે તમે બધા જ ટ્રસ્ટીઓને મારી આ વાત અગાઉથી જણાવશો કે જેથી પાછળથી કોઇપણ ટ્રસ્ટીને મારા આ અંગત જીવન વિશે કંઇ કહેવાપણું રહેવા ન પામે.'

હરીન્દ્રભાઇની જન્મભૂમિ અને પ્રવાસીના તંત્રી તરીકે નિમણૂંક થઇ. હરીન્દ્રભાઇને પોતાને પણ એમ લાગ્યું કે ભારતીબહેન સાથેના પોતાના સ્નેહ સંબંધને જાહેર કરી દેવો જોઇએ અને તે અનુસાર તેમણે જગન્નાથપુરીમાં ભગવાનની સાક્ષીએ લગ્ન કરી લીધાં અને ત્યાર પછી પ્રમુખસ્વામી અને બીજા સંતોના આશીર્વાદ સાથે પોતાનું નવું દામ્પત્ય જીવન જાહેર રીતે શરૂ કરી દીધું. જીવનનો જાણે આ એક બીજો જ તબક્કો હોય તેવું બંનેના જીવનમાં બન્યું હતું.

હરીન્દ્રભાઇએ ભારતીબહેન સાથે જુદા રહેવાનું ચાલુ કર્યું. ત્રણ સંતાનની માતા એવાં ભારતીબહેન માટે પણ જીવનનો આ નવો વળાંક હતો. એમના પતિ અનિલભાઇ શેઠ રાજીખુશીથી છૂટા થઇ ગયા હતા. (અનિલભાઇ શેઠ ઝેવિયર્સ કોલેજમાં મારા વિદ્યાર્થી હતા અને જે દિવસે એમની સગાઇ થઇ તે દિવસે એમણે મને સ્ટાફ રૂમમાં આવીને એ ખુશ ખબર આપ્યા હતા. એનું સ્મરણ આજે પણ તાજું છે.)

હરીન્દ્રભાઇ જન્મભૂમિમાં તંત્રી તરીકે જોડાયા તે પછી કોલમ લખવા માટેના પોતાના નિમંત્રણની મને યાદ અપાવી. અમે જન્મભૂમિમાં મળ્યા. અને મેં એમના નિમંત્રણનો સ્વીકાર કર્યો. દર પંદર દિવસે એક લેખ લખવો એવું વિચાર્યું હતું, પરંતુ તે દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદની જવાબદારી મારે સ્વીકારવાની આવી. વળી એક પછી એક એવા સંજોગો ઊભા થતા ગયા કે છેવટે હું તે કોલમ લખી શક્યો નહિ. આમ છતાં હરીન્દ્રભાઇનું નિમંત્રણ કાયમ માટે ઊભું જ હતું. 'પ્રબુદ્ધ જીવન'માં લખાયેલા મારા લેખો તેઓ અવારનવાર જન્મભૂમિમાં પુર્ન પ્રકાશિત કરતા રહ્યા હતા.

૧૯૮૪માં હરીન્દ્રભાઇને માંદગીને લીધે હરકીશન હોસ્પિટલમાં ઘણા દિવસ રહેવું પડ્યું હતું. પેટમાં અસહ્ય દુઃખાવો થતો. પણ દુખાવાનું કારણ પકડાતું નહોતું. સારું થયું એટલે ઘરે આવ્યા. પણ કોઇ કોઇ વખત દુખાવો થઇ આવતો. ત્યારે તો એવું જ લાગતું કે તેઓ આ માંદગીમાંથી બેઠા થઇ શકશે કે કેમ ? એ દિવસોમાં હું રાત્રે હરીન્દ્રભાઇ પાસે જતો અને એમને કેટલાંક જૈન સ્તોત્રો અને મંત્રો સંભળાવતો. (હરીન્દ્રભાઇએ જન્મભૂમિમાં મારે વિશે લેખ લખેલો તેમાં આ વાતનો નિર્દેશ કર્યો હતો.) એથી એમની પ્રસન્નતા વધતી જતી હતી. પેટનો દુખાવો જ્યારે ઊપડતો ત્યારે તે એટલો અસહ્ય રહેતો કે ઘેનનું ઇન્જેકશન આપવા માટે તેઓ ભારતીબહેનને કહેતા, પણ ભારતીબહેન કહેતા કે એમ વારંવાર એવું ઇન્જેકશન લેવું સારું નહિ. હરીન્દ્રભાઇની તબિયત ક્રમે ક્રમે સુધરતી ગઇ અને તેઓ ફરી પાછા જન્મભૂમિમાં તંત્રી તરીકે સક્રિય બન્યા. ૧૯૮૪થી ૧૯૯૪ના દાયકામાં એમણે સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે ઘણું કામ કર્યું. અનેક જાહેર સમારંભોમાં તેમણે ભાગ લીધો. રાજીવ ગાંધી સાથે પત્રકાર તરીકે કેટલીક વિદેશયાત્રાઓ પણ કરી. એમના જીવનનો આ છેલ્લો દાયકો ખૂબ ઝળહળતો રહ્યો.

કેટલાક સમય પહેલાં સૌરાષ્ટ્રમાં મોરબીની રોટરી કલબ તરફથી મને અને હરીન્દ્રભાઇને વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ મળેલું. સામાન્ય રીતે રોટરી કલબમાં વ્યાખ્યાન વીસ મિનિટનું રહે છે અને આગળ પાછળની ઔપચારિક વિધિ ઘણી થાય છે. એટલે મારી મોરબી જવાની ઇચ્છા ન હતી, પરંતુ હરીન્દ્રભાઇનો ફોન આવ્યો કે મોરબીના સુખલાલભાઇ મહેતા સાથે એ બાબતનો મેં ખુલાસો કરી લીધો છે અને તેઓ કલબની ઔપચારિકતામાં સમય ન લેવાના હોય અને વ્યાખ્યાન માટે પૂરતો સમય આપવાના હોય તો જ નિમંત્રણ સ્વીકારીશું. એ ખુલાસો થતાં અને હરીન્દ્રભાઇનો આગ્રહ થતાં મેં પણ મોરબીના એ નિમંત્રણનો સ્વીકાર કર્યો હતો. મુંબઇથી અમે સાથે વિમાનમાં રાજકોટ ગયા હતા. ત્યાં મોરબીથી રોટેરિયન ભાઇઓ ગાડી લઇને તેડવા આવ્યા હતા. આ રીતે મોરબીમાં અમને બે દિવસ સાથે રહેવા મળ્યું હતું.ને વ્યાખ્યાનોના કાર્યક્રમમાં અન્ય ઔપચારિકતા ન હોવાને લીધે તથા કાર્યક્રમ રોટેરિયન ઉપરાંત અન્ય રસિક વર્ગને માટે ખુલ્લો રાખવામાં આવ્યો હતો એથી કાર્યક્રમ સારી રીતે યોજી શકાયો હતો. આ બે દિવસ હું અને હરીન્દ્રભાઇ સાથે હોટલમાં એક જ રૂમમાં હતા.સાથે રહેવા મળ્યું એને લીધે ઘણી અંગત વાતો થઇ હતી. હરીન્દ્રભાઇના અંગત જીવનની ઘણી વાતોથી હું માહિતગાર હતો એટલે એ રીતે પણ દિલ ખોલીને વાત કરવાની અનુકૂળતા હતી.

હરીન્દ્રભાઇની વિદાયથી મેં એક અંગત સ્વજન ગુમાવ્યા જેવું દુઃખ અનુભવ્યું છે. જાહેર જીવનની સિદ્ધિ પ્રસિદ્ધિ અને અંગત કૌટુંબિક જીવનની મનોવ્યથાઓ એ બે વચ્ચે સમતુલા જાળવવાનું સરળ નથી. હરીન્દ્રભાઇએ પોતાની વેદનાને અંતરમાં સમાવી દીધી હતી. એથી જ તેઓ સ્વસ્થતાપૂર્વક સતત લખતા રહ્યા હતા. ક્યારેક એમની મનોવ્યથા એમની નવલકથાનાં પાત્રો દ્વારા વ્યક્ત થતી, પરંતુ તેમાં પણ તેઓ સૌમ્યતા જાળવતા.

હરીન્દ્રભાઇના પુણ્યાત્માને અંતરથી શ્રદ્ધાંજલિ અર્પું છું.

❑ રમણલાલ ચી. શાહ

# સ્વ. મુકુંદરાય પારાશર્યકૃત 'રુચિનો દોર'

❑ પ્રો. જયંત કોઠારી

આ ગ્રંથ વાંચનારને સાહિત્ય વિવેચનની કંઇક જુદી ને તાજગીભરી આબોહવાનો અનુભવ થયા વિના રહેશે નહીં. અહીં વિવેચનની કોઇ વિદ્વત્પ્રવૃત્તિ-ચાલુ પરિપાટીની, ચોક્કસ ઓજારો ને પરિભાષાનો આશ્રય લેતી-ચાલતી નથી, જાણે પોતાની આગવી સાહિત્યરુચિ ધરાવતા કોઇ અનુભવીનો વાર્તાલાપ ચાલે છે. હા, વાર્તાલાપ, કેમકે મુકુન્દભાઇ ઘણીવાર 'હું'થી વાત કરે છે. એ 'હું' મૃદુ છે, નમ્રતાભર્યો છે ને ઘણીવાર તો એ અનાગ્રહ ને બીજા પર પોતાના વિચાર ન લાદવાની કાળજીને વ્યક્ત કરવા આવે છે. કોઇ વાર તો એમ લાગે કે આટલી બધી નમ્રતા શા માટે ? આપણે માનીએ છીએ તે માનીએ છીએ, અમસ્તુંયે બધા કંઇ એને થોડા સ્વીકારી જ લેવાના છે? પણ મુકુન્દભાઇની હૃદયની કોમળતા એમને આક્રમક થતાં રોકી રહી હોય છે, કોઇને પોતાનાથી કશો આઘાત ન થઇ જાય એની ચિંતા કરાવી રહી હોય છે.

જરૂર, મુકુન્દભાઇ પાસે પોતાના વિચાર છે, પોતાનો કહેવાય એવો અભ્યાસ છે અને પોતાની વિશિષ્ટ સાહિત્યરુચિ પણ છે. એ રુચિનો દોર આ સઘળા લેખોમાં પકડાઇ આવે છે. 'સાહિત્ય અને ધર્મ' એ જૂનો વ્યાખ્યાનલેખ મુકુન્દભાઇની વૈચારિક ભૂમિકા લઇને અહીં આવ્યો છે એમ કહેવાય છે. એમા મુકુન્દભાઇ પ્રતિપાદિત કરે છે કે સાહિત્ય કે કળાનું ઉદ્ભવસ્થાન અને એનો આશ્રય જીવન છે-જીવનનો તાર્કિક બોધ નહીં પણ પ્રત્યક્ષ અનુભવ. અનુભવની પ્રમાણભૂતતા વિના સાહિત્ય કે કળાની સિદ્ધિ નથી. અને જીવન એટલે જગતનો સ્થૂળ ઇન્દ્રિયબોધ નહીં, પણ એના અણુઅણુમાં વ્યાપ્ત ને એના આધારરૂપ સત્યં શિવં સુન્દરમ્‌ના દર્શનની અભિલાષા. (લેખકને અભિપ્રેત 'ધર્મ' એટલે આ ઉચ્ચાશયી જીવનવૃત્તિ. શીર્ષકમાં મુકાયેલો 'ધર્મ' શબ્દ લેખમાં બહુ ઓછો વપરાયો છે.) કવિની દષ્ટિ આ મૂળ તત્ત્વને પકડવાની હોય છે તેથી દરેક કાવ્ય મૂળ સત્યથી ત્રિગુણિત દૂર હડસાયેલું હોય છે એ પ્લેટોની વાત ખોટી; પણ અભ્યાસોમાં રાચતી, તરલ કલ્પના ને વિવેકહીન કુતુહલવૃત્તિથી રચાયેલી કવિતા ત્યાજ્ય્ એટલી પ્લેટોની વાત સાચી.

તો ધાર્મિક એટલે કે આધ્યાત્મિક, નૈતિક મૂલ્યવત્તા એ મુકુન્દભાઇને માટે સાહિત્યનો એક મહત્ત્વનો નિકષ છે. એવી મૂલ્યવત્તાની શોધ અને સ્થાપના, એનું આવિષ્કરણ અને પુરસ્કરણ એ એમની વિવેચનાનો એક મુખ્ય પ્રયાસ છે, જેમ એમણે આલેખેલાં સુંદર ચરિત્રલેખોમાં પણ એજ દ્રષ્ટિ રહેલી છે. ચરિત્રલેખોના એક સંગ્રહને એમણે 'સત્ત્વશીલ' એવું નામ આપેલું છે તે એ રીતે યથાર્થ છે. મુકુન્દભાઇના સાહિત્ય વિવેચનને પણ આપણે સત્ત્વશીલતાલક્ષી વિવેચન તરીકે ઓળખાવી શકીએ. છંદને એ કવચ તરીકે ઓળખાવે છે: છંદ તત્કાળ રક્ષણ આપે, દીર્ઘજીવિતા આણે, પરંતુ દીર્ઘજીવી થવું અને અમર થવું તેમાં ઘણો ફેર છે. છંદનું રક્ષણ પામેલ સદ્ભાવ અને સદ્વિચારનો ઉપયોગ જીવનના અંતિમ લક્ષ્યને-સચ્ચિદાનંદ પરમ તત્ત્વને સિદ્ધ કરવામાં થવો ઘટે. તો જ એને અમરતા મળે. બેશક આ ભારતીય આદર્શ છે અને મુકુન્દભાઇ એમના લાક્ષણિક અનાગ્રહીપણાથી કહે છે કે 'ભારતીય પરંપરામાં ઊતરી આવેલો આદર્શ આજે છે કે હોવો જોઇએ. એવું કશું જ પ્રતિપાદિત કરવું નથી.' આ ઉદ્ગારમાં ' આજ'થી અલગતાની કંઇક પરાયાપણાની લાગણી વ્યક્ત થતી પણ જોઇ શકાય. મુકુન્દભાઇના સાહિત્યદર્શનને ન સ્વીકારનાર પણ છંદના કાર્યને એમણે અહીં જે રીતે પ્રકાશિત કર્યું છે અને છાંદોગ્ય ઉપનિષદની આખ્યાયિકાનું જે સજ્જતાથી ને મૌલિક બુદ્ધિથી અર્થઘટન કર્યું છે એને તો દાદ આપશે જ.

મુકુન્દભાઇના જીવનાદર્શ અને સાહિત્યાદર્શ જોતાં ગમે તે સાહિત્યકૃતિ ને વિષયો વિશે લખવા-વિચારવા એ પ્રવૃત્ત ન થાય, એમની ચોક્કસ પસંદગીઓ હોય. મારે કાન્ત વિશે લખવાનું આવતાં હું એમનાં માર્ગદર્શન-મદદ માટે એમની પાસે ગયેલો ત્યારે એમણે મને ટકોર કરેલી કે 'તમારે તો આથી ઊંચા વિષયમાં કામ કરવું જોઇએ.' આમ છતાં, મુકુન્દભાઇને આવા ઘણા વિષયો વિશે લખવાનું થયું છે. પરંતુ બધે એમનો અભિગમ મહદંશે જીવનસત્ત્વના શોધકનો રહ્યો છે. આનો અર્થ એવો હરગિજ નથી કે મુકુન્દભાઇને માટે સાહિત્યકૃતિમાં જીવનબોધ જ સર્વસ્વ છે. એ કંઇ ધર્મોપદેશક નથી. કવિ છે અને કવિકર્મની એમને પાકી ને પૂરી પિછાન છે. વર્ષો પહેલાં કોલેજમાં ભણાવેલા એમના કાવ્ય ' અવાવરુ વાવ'ના ઝીણા નકશીકામનું સ્મરણ હજુ ભૂંસાયું નથી. અહીંના લેખો પણ એમની કવિતાસૂઝની પ્રબળ પ્રતીતિ આપણને અવારનવાર કરાવી રહે છે. 'વૃત્તિભેદ' એ લેખ આનું ઉત્તમ ઉદાહરણ છે. એમાં બે સંસ્કૃત અન્યોક્તિઓનાં વર્ણધ્વનિ, શબ્દપસંદગી, છંદોબંધ, રચનારીતિ વગેરેની અર્થબોધકતા અને કાવ્યોપકારતા જે બારીકીથી ને ક્ષમતાથી સ્ફુટ કરવામાં આવેલ છે તે તો કોઇ આધુનિક વિવેચકે કરેલું કવિકર્મનું વિશ્લેષણ જ જોઇ લો. પણ મુકુન્દભાઇ માને છે કે 'કાવ્યનિકષ વેળાએ શબ્દદેહ જોવો, ધ્વનિવ્યંજના જોવાં, પણ તે સાથે એ કાવ્યભાવ જે માનસ ભૂમિકામાંથી ઉદ્ભવે છે તે ભૂમિકાની અને ભાવની કોટિ ધ્યાન બહાર ન જવી જોઇએ; કારણ કે કાવ્યની અંતિમ ઉન્નતિમાં, સિદ્ધિમાં આ બન્ને સહાયક છે. એની તુલના પછી કાવ્યની કક્ષા થાય. રસાસ્વાદનો એ ખરો વિષય છે.' અને બન્ને શ્લોકોનાં સર્વાંગી વિશ્લેષણ પછી એમનું તારતમ્ય એવું છે કે 'શબ્દ અને ચિત્રસમત્કૃતિની દ્રષ્ટિએ પહેલો શ્લોક ચડે, જરૂર ચડે, પણ સમગ્રતયા કાવ્યતત્ત્વની દ્રષ્ટિએ અને હૃદયના સંસ્કારની ઉન્નતિની ભૂમિકાની દ્રષ્ટિએ બીજો શ્લોક ચડે.' આ તારતમ્ય અવશ્ય મુકુન્દભાઇનાં કાવ્યવિચાર અને કાવ્યરુચિમાંથી આવેલું છે. પણ એને કાવ્યની વસ્તુલક્ષી તપાસનો એવો સબળ આધાર મળેલો છે કે આપણે એ તારતમ્યને અવગણી શકતા નથી, સસ્તા જીવનબોધથી મુકુન્દભાઇ દોરવાયા છે એવું માની શકતા નથી.

કવિકર્મ કરતાં માનસભૂમિકાને-ભાવભૂમિકાને મુકુન્દભાઇ દશાંગુલ ઊર્ધ્વ મૂકે છે એ અન્યત્ર પણ દેખાય છે. 'કૃતિની ભૂમિકા' એ લેખમાં પોતાની જ એક નાનકડી રચના વિશે એ સ્વીકારે છે કે એની ઉપમાઓમાં આયાસ છે, તેમ છતાં એના પ્રત્યેનો પોતાનો પક્ષપાત જાહેર કરે છે કેમકે એક મંગલ અનુભવનું સ્મરણ એ રચનામાં સચવાયેલું છે. મુકુન્દભાઇના પક્ષપાતને આપણે આપણો પક્ષપાત ન બનાવી શકીએ તોયે એમણે ઉપમાઓના મર્મ જે રીતે ખોલી આપ્યા છે તેમાં એમની કાવ્યસૂઝ અને એક કન્યાના મંગલ રૂપના પોતાને થયેલા દર્શનનું એમણે જે રીતે વિશ્લેષણ કર્યું છે તેમાં એમની સાત્ત્વિક હૃદય સંપત્તિનો પ્રસન્નકર અનુભવ આપણે કરીએ છીએ.

'હરિદર્શન' એ લેખમાં પણ મુકુન્દભાઇ આવું તારતમ્ય કરે છે. શ્રીમદ્ ભાગવતના પ્રત્યેક સંસ્કૃત શ્લોકની રચના પિંગળની દ્રષ્ટિએ શુદ્ધ શાસ્ત્રીય નથી એવું નિરીક્ષણ કરવાનું મુકુન્દભાઇ ટાળતા નથી પરંતુ એમને લાગે છે કે 'શ્રીમદ્ ભાગવતકાર પ્રભુના મહિમારૂપી દૂધપાક કે અમૃતને રૂપાની કટોરીમાં ઝીલીને પીવાની વાટ ન જોતાં તત્કાલ

ઉપલબ્ધ પડિયામાં લઇ લઇને પાન કરી લેવાની ત્વરામાં, ઉત્કંઠામાં છે. અને મહત્ત્વની વાત અમૃત છે, રૂપાની કટોરી નહિ. ભાવ મુખ્ય છે, ભાષા નહિ.' એજ રીતે ભાગવતના શાંતિભાઇએ કરેલું ભાષાંતર, મુકુન્દભાઇ જાણે છે કે, મૂળ ભાગવતની રચના જેવું બન્યું છે, એમાં છંદદોષ છે ને શબ્દની પસંદગીમાં ઉતવાળ થઇ છે; પરંતુ એનું મૂલ્ય હરિનો મહિમા ગાવામાં ને એ દ્વારા મનુષ્યને પારમાર્થિક શ્રેયને પંથે લઇ જવામાં છે.

આનાથી ઉલટું 'આયુર્વેદમાં કવિતા' એ નવતર વિષયના લેખમાં મુકુન્દભાઇ પાછળના સમયમાં આયુર્વેદાચાર્યોની કવિતામાં પદલાલિત્ય ઊંચી કોટિનું છતાં એ શૃંગારરસિક થઇ ગઇ છે ને એમાં એ આચાર્યોની વૃત્તિ જીવનમાં સાધનભાવ રાખનાર નહિ પણ ભોગભાવ રાખતી થઇ ગયેલી દેખાય છે તેનો અફસોસ વ્યક્ત કરે છે. ભોગવૃત્તિ એ કંઇ ઊંચી માનસભૂમિકા નથી. ને તેથી એનો આવિષ્કાર કરતી કવિતાનું મૂલ્ય મુકુન્દભાઇની દ્રષ્ટિએ ઉતરતું છે.

સ્ત્રી-પુરૂષ સંબંધમાંયે ભોગવૃત્તિથી ઉચ્ચ માનસભૂમિકા સંભવે છે ને એની શોધ અને સ્થાપનાના બે ઉત્તમ લેખો અહીં છે. એક છે 'દુર્વાસા મુનિનો શાપ.' એમાં મુકુન્દભાઇ 'શાકુન્તલ' માં નિરૂપાયેલી પ્રેમની બે ભૂમિકા આબાદ રીતે સ્ફુટ કરી આપે છેઃ 'પ્રથમના ત્રણ અંકોની શૃંગાર રસભર કામનો વિજય દર્શાવનારી કથાને ભૂમિકા બનાવી નાટકના ઉત્તરાર્ધમાં કવિએ અંતિમ લક્ષ્યાર્થ એ દર્શાવ્યો છે કે કામ કામસ્વરૂપે, કેવળ યૌવનના આશ્રયે રહી, ઋતુંવર વસંતનો જ સહચર બનીને, તરુણ સુંદર સ્નેહીના પ્રેમપાત્ર થયાનું અભિમાન સેવીને તેમાં જ રત રહે એ અભીષ્ટ નથી. એવો કામ શાપિત બને છે. યૌવનના આશ્રયની અપેક્ષા વિનાનો, ઋતુ અને શારીરિક સૌંદર્યનાં બંધનથી પર જઇને, ભોક્તાપણાનું અભિમાન તજીને, જીવનની સમગ્રતાના એક ઔચિત્ય સ્વરૂપે વ્યક્તિ સમષ્ટિના હિતકારક પુરુષાર્થ રૂપે પરિણમે તેમાં જ કામનું ઔચિત્ય છે, એમાં જ દામ્પત્યની સિદ્ધિ છે.' અને શાપનો પ્રસંગ યોજી, મહાભારતથી ભિન્ન રીતે દુષ્યન્ત-શકુન્તલાના મિલનની સંભાવનાને કાલિદાસે દૂર ફેંકી છે તે એ બન્નેને વિશુદ્ધ પ્રેમનાં અધિકારી બનાવવા માટે એમ એ તર્કપૂર્વક પ્રતિપાદિત કરે છે. પુનર્મિલન વેળાની દુષ્યન્ત-શકુન્તલાની ઉચ્ચ માનસભૂમિકાનું જે ઝીણવટભર્યું વિશ્લેષણ એમણે કર્યું છે તે તો જેનો જીવનબોધ ઊંડો ને માર્મિક હોય તે જ કરી શકે એવું છે. નાનકડા ઉદ્ગારની યે પાછળ રહેલી માનસભૂમિકાને એ પામી શકે છે.

'મેઘદૂત વિશે કિંચિત્' એ લેખ પણ એમ સ્થાપિત કરવા ચાહે છે કે 'મેઘદૂતમાં નિરૂપણ કેવળ કામનું નથી. પણ વિશેષતઃ જે પ્રેમે કામને ધર્મનો અવિરોધી બનાવવા ઉપરાંત મંગળ બનાવ્યાં છે તે પ્રેમનું છે.' આ માટે મુકુન્દભાઇ કામથી નિરપેક્ષ જણાય એવાં અનેકાનેક સૌંદર્ય વર્ણનોની યાદી કરે છે અને એવું તારવે છે કે 'કામી હોવા ઉપરાંત યક્ષ સૌન્દર્યપ્રિય છે, સહૃદય છે. એની ઉક્તિમાં ક્યાંક પંચેન્દ્રિયોને નરી સાત્ત્વિક તૃપ્તિ દેનારાં, ક્યાંક ભક્તિનો ઉદ્રેક નિષ્પન્ન કરનારાં, ક્યાંક સાધક પેઠે અંતઃકરણની શુદ્ધિ પર ભાર દેનારાં વર્ણનો મળે જ છે...આપણા દામ્પત્યજીવનની કાખવૃત્તિને ઉત્તેજી સંતોષવા સાથે યક્ષના માધ્યમ દ્વારા કાલિદાસે આપણને સાત્ત્વિક સૌન્દર્ય અને સદ્ભાવોનું પાન કરવા પ્રેર્યાં છે. મેઘદર્શન કેવળ કામોદ્દીપક નથી, સર્વ સદ્ભાવને અંકુરિત થવાનું, વિકસિત થવાનું એ કારણ છે', કામવૃત્તિના અધિક પ્રાબલ્યદર્શક શ્લોકોમાંયે કવિએ મર્યાદા જાળવી છે એવું નિરીક્ષણ કરે છે; 'જ્ઞાતાસ્વાદો વિવૃત્તજઘનાં કો વિહાતું સમર્થઃ?' જેવા ઉદ્ગારનું તાત્પર્ય પોતાની રીતે સ્ફુટ કરે છે; પ્રવાસી પુરુષના આશ્વાસન સંદેશમાં અને વિરહિણી સ્ત્રીની પુનર્મિલનની આશામાં સમાન આંતરવૃત્તિનું એટલે કે કામનું નહીં પણ અધિષ્ઠાન રૂપે રહેલા નિર્મળ પ્રેમનું પરિણામ જુએ છે. વિરહના ભાવનું એવું વિશ્લેષણ કરે છે કે 'વિરહ એ કોઇ ઇન્દ્રિયજનિત આવેગ નથી, એ આવલંબન માગતા અને અવલંબન દેવાને આતુર પ્રેમાળ અંતઃકરણનો તૃષાજનિત આંતરભાવ છે'; કાવ્યશાસ્ત્રીય અભિપ્રાય પણ નોંધે છે કે 'ભારતીય કાવ્યમીમાંસકોએ શૃંગારના સર્વ પ્રકારોમાં વિપ્રલંભ શૃંગારને સર્વોત્તમ સ્થાન આપ્યું છે. તેમાં કારણ સવિશેષ દામ્પત્યની માધુરીના નિરૂપણની ક્ષમતા સંભવે છે. અને છેવટે એવું પ્રતિપાદન કરે છે કે યક્ષની વિરહાતુર અવસ્થા દ્વારા કવિ કાલિદાસે ભારતના આર્ય જીવનને અભિપ્રેક્ષ ઉત્તરોત્તર પેઢી દર પેઢી નૈસર્ગિક નિયમોને એકધારા અનુસરી સ્વભાવ સંપત્તિના સદુપયોગ વડે સાધેલા આંતરવિકાસના સહજ પરિણામરૂપ દામ્પત્યનું ગૌરવ ગાયું છે. 'મેઘદૂત'ને મુકુન્દભાઇએ જુદા પરિપ્રેક્ષ્યમાં મૂકી આપ્યું છે ને એની નૂતન રસવત્તા સ્ફુટ કરી આપી છે અવશ્ય.

ભાવવિશ્લેષણ એ મુકુન્દભાઇનો ઇલાકો છે એમ આ સંગ્રહના ઘણા લેખો બતાવે છે. 'મધરાતે મેઘ ગર્જન' એ નાનકડો લેખ પણ આ દ્રષ્ટિએ જોવા જેવો છે. 'ગામે ત્યારથી પંથીને ઊતરવા દેવાની બંધી કરી' એ પંક્તિના અર્થઘટનના કેટકેટલા વિકલ્પો એમણે રજૂ કર્યાં છે! એમાં બુદ્ધિવિનોદ છે પણ આ શ્લોકમાં અંતે નિરૂપ્ય છે તે તો વિરહની અસહ્યતા એ મુકુન્દભાઇ આપણને ભૂલવા દેતા નથી.

મુકુન્દભાઇની દ્રષ્ટિએ ગુણપૂજા જીવનવિકાસક છે. સાહિત્ય વિવેચનમાં પણ એમને ગુણદર્શી થવું ગમે, દોષદર્શી નહિ. અલબત્ત, ગુણ હોય ત્યાં જ બતાવી શકાય. અને દોષોની એમને સમજ નથી એવું નથી. એમની ઝીણી નજર નિત્યનોંધના સ્વરૂપને દૂષિત કરતા. કાલવ્યુત્ક્રમો પકડી પાડે છે ('કલકત્તાનો ચમત્કાર') અને એમની ઔચિત્યબુદ્ધિને ગાંધી-પટ્ટણી પત્ર-વ્યવહારના પુસ્તકમાં અન્ય પત્રોની ઉપસ્થિતિ ખૂંચે છે. એ પત્ર વ્યવહારનું સંપાદન કાળજીથી ને પૂરું થયું નથી એવી ફરિયાદ પણ મુકુન્દભાઇ અસંદિગ્ધપણે કરે છે. અલબત્ત, કાવ્યોને સમજવાની એક ભૂમિકા તરીકે જ. છતાં આપણને અનિવાર્ય ન લાગે એટલા વિસ્તારથી જેમનું વ્યક્તિચિત્ર હૃદયસ્પર્શી રીતે આલેખ્યું છે એ હરગોવિંદ પ્રેમશંકરની કવિ તરીકેની મર્યાદાઓ દર્શાવવાનું પણ મુકુન્દભાઇ ચૂક્યા નથી. પરંતુ દોષદર્શનમાં મુકુન્દભાઇ હંમેશાં મૃદુ હોય છે, જાણે ન છૂટકે જ દોષદર્શન કરે છે, ને અગત્યની વાત તો એ છે કે ગુણોની પર્યાપ્ત નોંધ લે છે, દોષ કરતાં ગુણને આગળ મૂકે છે. (જુઓ ભાગવત અને એના શાંતિભાઇએ કરેલા અનુવાદ વિશેના અભિપ્રાયો) અને ક્યારેક દોષના કારણ સુધી જઇ લેખકને ન્યાય કરવા કોશિશ કરે છે. સત્યદર્શનની સાથે હૃદયની કોમળતા કેવી પ્રવર્તી શકે છે એનું આ એક ધ્યાનાર્હ નિદર્શન છે.

'બૃહત્ પિંગળ'ના અવલોકનમાં કરેલી છંદચર્ચા અને બાઇબલના જૂના-નવા ભાષાંતરની આગવી સૂઝભરી તુલના મુકુન્દભાઇનાં અભ્યાસ અને સજ્જતા કેવાં અસાધારણ છે તે આપણને દર્શાવે છે અને આખો લેખસંગ્રહ વાંચી રહીએ છીએ ત્યારે એક કોમળ હૃદયના, ઊંચા જીવનમૂલ્યોથી પ્રેરાયેલા, કવિકર્મની ઝીણી સૂઝ ધરાવતા અને ઊંડા ને વ્યાપક જીવનને સાહિત્ય-અભ્યાસવંતા પુરુષની કંઇક જુદા પ્રકારની વિવેચનવાણી સાંભળ્યાનો અનુભવ સાથે આપણે ઊભા થઇએ છીએ.

☆☆☆

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘ તરફથી પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે બુધવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૧૯૯૫થી બુધવાર, તા. ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૫ સુધી એમ આઠ દિવસ માટે બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી ખાતે યોજવામાં આવશે. તેની વિગતવાર માહિતી હવે પછી આપવામાં આવશે.

-મંત્રીઓ

# હું ગઢડાનો અને ગઢડું મારું !

❑ 'સત્સંગી'

ક્યાં ઉત્તરપ્રદેશમાં આવેલાં અયોધ્યા અને છપૈયા અને ક્યાં સૌરાષ્ટ્ર ? તેમાં ય સૌરાષ્ટ્રના ખૂણે આવેલું ભાવનગર જિલ્લાનું નગર ગઢડા ક્યાં ? આજથી લગભગ ૨૧૧ વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણ અયોધ્યા પાસે આવેલાં છપૈયા ગામમાં પ્રગટ થયા. ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી, ૭ વર્ષ સુધી એકલા વનમાં તપ અને વિચરણ કરતા કરતા તેઓ ૧૯ વર્ષની ઉંમરે સૌરાષ્ટ્રમાં માંગરોળ પાસેના લોજ ગામની વાવના કિનારા પર બેઠા હતા. ત્યાં તેઓ રામાનંદસ્વામીના આશ્રમમાં રહ્યા. અને થોડા સમયમાં રામાનંદસ્વામી સાથે તેમનું મિલન થયું. પછી તેમણે રામાનંદસ્વામી પાસે દીક્ષા લીધી અને સહજાનંદસ્વામી કહેવાયા. રામાનંદસ્વામીએ સહજાનંદસ્વામીને ૨૧ વર્ષની ઉંમરે સંપ્રદાયના ગાદીપતિ બનાવ્યા અને પછી પોતે દેહત્યાગ કર્યો. ત્યારપછી ભગવાન સ્વામિનારાયણ ધર્મકાર્ય કરતા કરતા કારિયાણી ગામે પધાર્યા, ત્યાં તેમના દર્શન માટે ગઢડાના અભય રાજા આવ્યા. અભય રાજા ભગવાન સ્વામિનારાયમને વિક્રમ સંવત ૧૮૬૧ના મહા સુદ એકાદશીને દિવસે પહેલવહેલા ગઢડા તેડી લાવ્યા. ત્યારબાદ ભગવાન સ્વામિનારાયણ સ્વધામ પધાર્યા ત્યાં સુધી ગઢડામાં જ રહ્યા.

ભગવાન સ્વામિનારાયણે અવારનવાર કહેલું છે કે તેમને વનમાં રહેવું અને તપ-સાધના કરવાં ખૂબ ગમે છે. લોકો સાથે રહેવામાં પણ તેમનો અનાસક્ત ભાવ સહજ રીતે જ હતો, છતાં તેઓ બોલ્યા કે, 'હું ગઢડાનો અને ગઢડું મારું !' જેમ તેઓ ભક્તોની ભેટો ભક્તોનાં શ્રેય ખાતર સ્વીકારતા, પણ તેમને ભેટો વગેરેમાં આસક્તિ નહોતી. તેમ આ પંક્તિ પણ તેમના ભક્તોનાં શ્રેય માટે તેમજ તેમનો મહિમા દેખાડવા બોલ્યા છે. એ ભક્તો તે વળી કેવા હશે ? અભય રાજાની વિનંતિથી ભગવાન સ્વામિનારાયણ ગઢડામાં ચાર માસ રોકાયા. પછી ભગવાન સ્વામિનારાયણે ઝાલાવાડ (સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, વઢવાણ વગેરે શહેરોવાળો પ્રદેશ) માં જવાની વાત કરી. એ વાત સાંભળીને જ અભય રાજા અને તેમનાં પુત્ર-પુત્રીઓ રડવા લાગ્યાં, 'હે મહારાજ ! અમને મૂકીને તમે ક્યાં જશો ? જો તમે અમારો ત્યાગ કરીને જતા રહેશો તો અમારું મૃત્યુ થઇ જશે. હે નાથ ! તમારે ઝાલાવાડ દેશમાં જો જવું હોય તો અમને સાથે લઇ જાઓ અથવા ગઢડાપુરમાં જ વાસ કરીને રહો. હે પ્રભુ ! તમારો વિરહ અમારાથી સહન નહિ થાય. આ રાજ્યની અમને ચિંતા નથી. એ તો તમને સોંપી દીધું છે. આજીવિકાની પણ અમને ચિંતા નથી.' આવા નિષ્કપટ ઉદ્‌ગારો સાંભળીને ભગવાન સ્વામિનારાયણે કહ્યું, 'હે અભય રાજા ! તમે ચિંતા ન કરો. હું તમને છોડીને ક્યાંય નહિ જાઉં. તમારી ભક્તિને આધીન છું. હું તમારા ઉપર પ્રસન્ન છું. એટલે દેશાંતરીય ભક્તજનોને રાજી કરવા દરેક ક્ષેત્રમાં જઇને પાછો વારંવાર અહીં આવીને રહીશ અને અમારાં દર્શન કરવા સર્વ સંતો અને હરિભક્તો અહીં ગઢપુરમાં આવશે. અમારા આ વાક્યો સત્ય સમજજો.' ત્યારથી ભગવાન સ્વામિનારાયણની કર્મભૂમિનું મુખ્ય મથક (હેડક્વાર્ટર્સ) ગઢડા બની રહ્યું. અભય રાજાના દેહત્યાગ પછી તેમના પુત્ર દાદા ખાચર અને કુટુંબીજનોના પ્રેમને વશ થઇ ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં રહ્યા. તેમના આ ભક્તોનાં આવાં ભક્તિ અને પ્રેમને લીધે ભગવાન સ્વામિનારાયણ બોલ્યા, ' હું ગઢડાનો અને ગઢડું મારું.'

આ ગઢડા પ્રત્યે મને નાનપણથી અહોભાવ રહેતો. આઝાદી પહેલાંના એ દિવસોમાં કાઠિયાવાડમાં બસ વ્યવહાર મુદ્દલ હતો જ નહિ, તેથી ટ્રેઇન દ્વારા ત્યાં જવાતું. અત્યારે અયોધ્યા-છપૈયા પહોંચવું સરળ છે, પરંતુ તે વખતે ગામડેથી ગઢડા પંહોંચવું વિકટ અને ઘણો સમય માગી લે તેવું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ વર્ષમાં એકાદ વાર ગામડાંઓમાં વિચરણ કરતા. જ્યારે તેઓ કથા માટે વચનામૃત વાંચતા ત્યારે શરૂઆતમાં આ વાક્યો સંભળાતાં, 'સંવત ૧૮૭૬ના માગશર વદિ બીજને દિવસે સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા પ્રત્યે દાદા ખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણનાં મંદિરની આગળ લીમડાનાં વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા...' ત્યારે દાદા ખાચર, તેમનો દરબાર કે વાસુદેવ નારાયણનું મંદિર વગેરે વિશે કંઇ સમજતો ન પડતી, પણ 'અહોભાવ' સાથે જિજ્ઞાસા થતી. સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રમાણભૂત ગ્રંથ વચનામૃત છે જેમાં ભગવાન સ્વામિનારાયણે ધર્મ, ભક્તિ, ઉપાસના અને તત્ત્વજ્ઞાન સંબંધી કરેલી ચર્ચાને શબ્દદેહ અપાયો છે. આ વચનામૃત ગ્રંથમાં સ્થળ પ્રમાણે પ્રકરણો છે. તેમાં મોટા ભાગનાં પ્રકરણોની ચર્ચા ગઢડામાં દાદા ખાચરના દરબારમાં થઇ છે. ગઢડાનાં પ્રથમ પ્રકરણનાં ૭૮ વચનામૃત છે, ગઢડા મધ્ય પ્રકરણનાં ૬૭ અને ગઢડા અંત્ય પ્રકરણનાં ૩૯ છે એમ ગઢડાના કુલ વચનામૃત ૧૭૪ છે, જ્યારે અન્ય સ્થળોના માત્ર ૮૯ વચનામૃત છે.

નાનપણથી ગઢડા પ્રત્યેનો અહોભાવ સંઘરાયેલો હતો તેના દર્શનની મારી ઇચ્છા વરસો બાદ હમણાં જ બેક વરસ પહેલાં સાકાર થઇ. ગુજરાત રાજ્યમાં બસનો વ્યવહાર ખૂબ સારા પ્રમાણમાં વિકસ્યો હોવાથી ગઢડાની મુસાફરી સાવ સરળ બની ગઇ છે. રસ્તો થોડો ડુંગરાળ છે. સૌરાષ્ટ્રનાં ગામડાં જોતાં જોતાં ક્યારે ઘેલા સોમનાથ આવ્યું તેની ખબર પણ જાણે ન પડી. ત્યાં તો થોડી વારમાં બસ ઊભી રહી એટલે અમે પૂછ્યું, 'આ શું આવ્યું ? ' તો જવાબ મળ્યો 'ગઢડા. અહીંથી મંદિરે જવું નજીક પડે છે.' એટલે અમે તરત ઊતરી ગયાં. જૂના સમયના ગામનો ઝાંપો ગામનું નાકું કહેવાય તે દ્રશ્ય જોવાથી આનંદની લાગણી થઇ. નાકાં આગળથી જ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાનાં મંદિરની ધજા દેખાતી હતી. ઝાંપામાંથી ગામની અંદર જતાં ચઢાણ આવ્યું ત્યારે નાનપણના ગ્રામ્ય વિસ્તારના અનુભવોની આનંદભરી સ્મૃતિ થઇ. નદીકાંઠે જ બંધાયેલાં સુંદર અને વિશાળ અક્ષરપુરુષોત્તમ મંદિરમાં અમે પહોંચ્યાં. શાંત, રમણીય સ્થળ જોઇને મુસાફરીના થોડા થાકની વિસ્મૃતિ થઇ ગઇ. મંદિરમાં દર્શન-પ્રદક્ષિણાથી ભકિત-ભાવના સંસ્કારો દ્રઢ થયા. ભગવાન સ્વામિનારાયણ ગઢડામાં બિરાજમાન હતા ત્યારે તેમણે મંદિર માટે આ જ જગ્યા પસંદ કરી હતી. પરંતુ જીવા ખાચર (દાદા ખાચરના કાકા) તેમાં સહમત્ ન થયા તેથી ત્યાં મંદિર ન થયું. પછી દાદા ખાચરના આગ્રહને લીધે ભગવાન સ્વામિનારાયણે દાદા ખાચરના દરબારમાં જ મંદિર બંધાવ્યું હતું. આ સ્થળ શ્રીજીમહારાજની પસંદગીનું હતું તેથી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સ્થાપક પૂજ્ય શ્રી શાસ્ત્રીજી મહારાજે વસમા વિરોધોનો સામનો કરીને ખૂબ રાહ જોયા બાદ નદી કિનારે તે જગ્યાએ જ મંદિર બંધાવ્યું.

મંદિરનાં સારાં એવાં પગથિયાં ઊતરીએ ત્યારે ઘેલા નદીને કાંઠે જવાય છે. આમ તો ૧૨-૦૦ થવા આવ્યા હતા, પણ ઠંડી ઋતુને લીધે પગથિયાં ઊતરવાં કઠિન ન લાગ્યાં. ભગવાન સ્વામિનારાયણ તેમના સાધુ-સંતો અને ભક્તો સાથે ઘેલા નદીમાં નાહવા આવતા. શ્રીજીમહારાજ (ભગવાન સ્વામિનારાયણ) જ્યાં નાહતા તે ઘાટનાં દર્શન કરી ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિનો આનંદ થયો. ત્યારપછી પ્રસાદી (ભોજન) લેવાનો સમય થયો. મંદિરમાં ભક્તો-યાત્રાળુઓને સાત્ત્વિક અને યોગ્ય પ્રમાણમાં પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે. સાથે સાથે આતિથ્ય ભાવનાનો પણ અનુભવ થાય છે. ભક્તો માટે ઊતરવાની સગવડ સારી અને વ્યવસ્થિત હોય છે. તે દિવસે અમરેલી બાજુની માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ પ્રવાસે આવેલા, તેમજ માધ્યમિક શાળાના શિક્ષકો પણ હતા. થોડી વાર તો મંદિરનું સ્થાન ભરચક બની ગયું હતું. આમેય શ્રદ્ધાળુ લોકો પોતાનાં કે ખાનગી વાહનમાં કુટુંબની રીતે કે જૂથની રીતે દૂર દૂરથી પણ દર્શનાર્થે આવતા હોય છે. તે દિવસે પણ એવાં બે જૂથ આવેલાં હતા.

ભોજન બાદ ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિ વાગોળવાની રીતે થોડી વિશ્રાંતિ લઇને દાદા ખાચરનો દરબાર વગેરે જોવા ઉપડ્યાં ભગવાન સ્વામિનારાયણની આ સ્મૃતિ જૂનાં મંદિરમાં છે. જૂનાં મંદિરનો રસ્તો પુરુષોત્તમ મંદિરથી પાંચ-સાત મિનિટનો જ છે. મંદિરમાં પ્રવેશતાં જ ડાબા હાથ પર જ દાદા ખાચરનો દરબાર છે. ચોકમાં જ વચનામૃતમાં જેનો ઉલ્લેખ છે તે લીમડો છે. લગભગ ૧૯૦ વર્ષ પહેલાંનો લીમડો ટેકાઓ રાખીને અને રસાયણોનો ઉપયોગ કરીને સાચવી રાખ્યો છે. યાત્રાળુઓ જાણે ભગવાન સ્વામિનારાયણનાં દર્શન થયાં હોય એવો ભક્તિભાવભર્યો આનંદ અનુભવતા હોય છે. ચારે બાજુ ઓરડા અને ઓસરીઓ છે. આ ઓસરીઓમાં પહેલાંના સમયની માટીની ગાર કરવામાં આવે છે. દિવાલો

પર શ્રીજીમહારાજના જીવનપ્રસંગો બતાવતાં ચિત્રો લટકાવેલાં છે. જેમાં સાધુ-સંતો અને દાદા ખાચર મુખ્ય સ્થાન ધરાવે છે. થોડે જ દૂર જતાં શ્રીજીમહારાજ જે ઓરડામાં સૂતા-બેસતા એ અક્ષર ઓરડી છે. તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલો છે. આ ઓરડી અક્ષરધામતુલ્ય ગણવામાં આવે છે. બાજુમાં જ ગંગાજળિયો કૂવો છે જે સારો એવો ઊંડો છે. તેમાંથી શ્રીજી મહારાજ પાણી સીંચતાં. આ સમગ્ર સ્થળ શ્રીજીમહારાજની પ્રસાદીનું સ્થળ છે. સ્થળ જોતાં શ્રીજીમહારાજ અને તેમના પરમ ભક્ત દાદા ખાચારની ભાવભરી સ્મૃતિ થાય છે અને સાથે સાથે ભક્તિભાવના અલૌકિક આનંદની લહર મનમાં ગૌરવ સાથે અનુભવાય છે.

જૂના મંદિરમાં દસેક મિનિટના રસ્તા જેટલા અંતરે લક્ષ્મીવાડી આવેલી છે. આ જગ્યા પણ જૂનાં મંદિરના કબજામાં છે. અહીં જે સ્થળે શ્રીજીમહારાજના દેહત્યાગ બાદ તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા તે સ્થળે શ્રી હરિસ્મૃતિ મંદિર બંધાવ્યું છે . અલબત્ત તે મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. ત્યાંથી થોડે જ દૂર શ્રીજીમહારાજ જ્યાં દરરોજ સભા કરી બિરાજતા તે બેઠકનું સ્થળ છે. આ સ્થળનો પણ જીર્ણોદ્ધાર થયો છે. દાદા ખાચરના દરબારમાં શ્રીજીમહારાજ ધર્મસભા ભરતા, તેવી રીતે અહીં પણ તેઓ ધર્મસભા ભરતા. ધર્મ, ભક્તિ, ઉપાસના અને તત્ત્વજ્ઞાન માટે વાતચીત, ચર્ચા વગેરે કરવાં એવો શ્રીજીમહારાજનાં જીવનમાં નિત્યક્રમ જ હતો.

ભગવાન સ્વામિનારાયણના એક ઉચ્ચ કક્ષાના સંત નિષ્કુળાનંદસ્વામી હતા. તેઓ જે ઓરડીમાં શાસ્ત્રરચના કરતા તે ઓરડી પણ લક્ષ્મીવાડીમાં છે. શ્રીજીમહારાજ પણ ત્યાં બેસતા અને નિષ્કુળાનંદસ્વામી તેમને પોતાની રચના બતાવતા. આ નિષ્કુળાનંદસ્વામી સાધુ થયા તે પ્રસંગ આશ્ચર્યકારક છે. એક વખત ભગવાન સ્વામિનારાયણ અને જામનગર જિલ્લાનાં શેખપાટ ગામના લાલજી સુતાર કચ્છ જવા નીકળ્યા. તેઓ રણ રસ્તે થઇને ગયા. પછી આધોઇ (અત્યારે કચ્છમાં ભચાઉ તાલુકાનું ગામ અને રાજાશાહીના સમયમાં મોરબી રાજ્યનું ગામ) ગામે પહોંચ્યા. આધોઇમાં લાલજી સુતારના સસરા રહેતા હતા. શ્રીજીમહારાજે તેમને સાધુવેશે ભિક્ષા માગી લેવાનું કહ્યું. એટલે લાલજી સુતાર તૈયાર થયા. શ્રીજીમહારાજે તેમને માથે મૂંડન કર્યું. અને એલ્ફી પહેરાવી. લાલજી સુતાર તેમના સસરાને ઘેર ભિક્ષા માગવા ગયા. તેમનાં પત્ની ત્યાં હતા. તેઓ તેમને ઓળખી ગયાં. તેમના પતિને ઘણાં વિનવ્યા. પણ લાલજી સુતાર અડગ રહ્યા અને ભિક્ષા લઇને શ્રીજીમહારાજ પાસે આવ્યા. પછી તેઓ નિષ્કુળાનંદસ્વામીના નામથી જાણીતા થયા. મહાત્મા ગાંધીજીનું પ્રિય પદ 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' નિષ્કુળાનંદસ્વામીએ રચ્યું છે.

નિષ્કુળાનંદસ્વામી જે ઓરડમાં શાસ્ત્રરચના કરતા તેની બાજુની જે ઓરડીમાં તે સમયનો રથ છે. આ રથ પાછળ ભગવાન સ્વામિનારાયણની તેમના પરમ ભક્ત દાદા ખાચર પરની અનન્ય કૃપાનો ઇતિહાસ છે. દાદા ખાચરને પ્રથમ પત્નીથી કોઇ સંતાન નહોતું થયું. તેથી તેમના કાકા જીવા ખાચર આ અંગે તેમને મહેણું પણ મારતા. ભક્તવત્સલ શ્રીજીમહારાજે દાદા ખાચરનો વંશ ન રહે એ પરિસ્થિતિ રુચી નહિ. દાદા ખાચરનાં ભક્ત તરીકેનાં જીવનમાં વાસનાને સ્થાન હતું જ નહિ. પરંતુ શ્રીજીમહારાજે તેમને કહ્યું, 'તમારે સંતાન માટે બીજું ઘર કરવું પડશે.' દાદા ખાચરે કહ્યું, 'મારે તેવી કોઇ જ ઇચ્છા નથી. શ્રીજીમહારાજે તેમને અતિ આગ્રહથી હા પડાવી. મહારાજે પોતે પોતાનાં માણસો દ્વારા દાદા ખાચર માટે યોગ્ય કન્યા શોધી અને રાજુલા પાસે ભટવદરના રહીશ નાગપાળ વરુનાં દીકરી જસુબાઇ સાથે દાદાખાચરનો સંબંધ નક્કી કરાવ્યો. લગ્નતિથિ પ્રમાણે જાન રવાના થઇ. જે શ્રીજીમહારાજે અનેક પુરુષોને સંસાર પ્રત્યે વૈરાગ્ય કરાવ્યો તે જ શ્રીજીમહારાજ દાદા ખાચરની જાનમાં ગયા એટલું જ નહિ, પરંતુ તેમણે પોતે દાદા ખાચરનો રથ પણ હાંક્યો. આ રથ જોતાં ભગવાન સ્વામિનારાયણને તેમના પરમ ભક્ત દાદા ખાચર પ્રત્યે કેવો વાત્સલ્યભાવ હતો તેની સુખદ સ્મૃતિ થતાં ભાવિકોનો ભક્તિભાવ દ્રઢ થાય છે.

શ્રીજીમહારાજ જ્યાં શરદ પૂનમે રાસ રમ્યા હતા તે છત્રી પણ આ વાડીમાં છે. ભગવાન સ્વામિનારાયણે હંમેશાં સ્ત્રી-પુરુષોની બેસવાની વ્યવસ્થા સભામાં તદ્દન અલગ રાખી હતી. તે માટે તેઓ ખાસ આગ્રહ રાખતા. તેઓ શરદ પૂનમે જે રાસ રમ્યા તેમાં કેવળ પુરુષ-ભક્તોને જ સ્થાન હતું. ભગવાન સ્વામિનારાયણ ધર્મકાર્ય માટે સમગ્ર ગુજરાતમાં વિચરણ કરતા. તે માટે તેમને ઘોડાનું વાહન ફાવી ગયું હતું. શ્રીજીમહારાજનાં નામ સાથે માણકી ઘોડીનું નામ એવી રીતે સંકળાઇ ગયું છે કે હરિભક્તો માણકી ઘોડીનું નામ સાંભળીને ભક્તિભાવભર્યો રોમાંચ અનુભવે છે. આ માણકી ઘોડીનો સમાધિ ઓટો લક્ષ્મીવાડીમાં છે. મહારાજે પૂજેલું સમીવૃક્ષ તેમજ પ્રસાદીનું બોરસલીનું વૃક્ષ પણ અહીં છે. બાજુમાં આવેલાં આમલીનાં બે વૃક્ષોની રીતે હિંડોળો બાંધી તેમાં મહારાજ થોડો સમય ઝૂલતાં . તે આમલીનાં વૃક્ષો દાદા ખાચરના દરબારમાં આવેલા લીમડાની જેમ સાચવી રાખ્યાં છે.

બીજી એક સ્મૃતિનું નામ છે શ્રી મોટીબાનો ઓટો. મોટીબા એટલે જીવુબાઇ. દાદા ખાચરને ચાર બહેનો હતાં-જીવુબાઇ, લાડુબાઇ, પાંચુબાઇ અને નાનબાઇ. આ બહેનો પણ પ્રભુનાં પરમ સ્ત્રી-ભક્તો હતાં. આ વાડી મોટીબાના ભાગમાં આવેલી, જે તેમણે શ્રીજીમહારાજને અર્પણ કરેલી. જીવુબાઇના દેહત્યાગ પછી તેમના દેહના જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા ત્યાં ઓટો બનાવ્યો છે જે મોટીબાનો ઓટો કહેવાય છે. લક્ષ્મીવાડીનો વિસ્તાર ૨૦૦ વીઘાંનો છે. સમગ્ર લક્ષ્મીવાડીમાં જ્યાં ફરીએ ત્યાં શ્રીજીમહારાજની સ્મૃતિ થાય છે. જૂનાં મંદિરમાં શ્રી ગોપીનાથજીની મૂર્તિ ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે પધરાવી છે. જૂનું મંદિર ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિથી સભર છે.

મારી દ્રષ્ટિએ તો ગઢડા સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે તો સંપૂર્ણ તીર્થધામ છે. શ્રીજીમહારાજ વડતાલ, અમદાવાદ , સારંગપુર, લોયા, કારિયાણી, જેતપુર, ડભાણ વગેરે સ્થળો થોડો સમય રહ્યા છે. તેમની સ્મૃતિને લીધે આ સ્થળો તીર્થો જ છે. પરંતુ મારા નમ્ર મતે ગઢડાની તોલે આમાંનું કોઇ આવે જ નહિ. મહારાજે ગઢડાને પોતાનું ગણ્યું એવો જે ભાવ બતાવ્યો છે તે દ્રષ્ટિએ ગઢડા સર્વોપરી તીર્થ ગણાય. શ્રીજીમહારાજની જન્મભૂમિ અયોધ્યા પાસે આવેલાં છપૈયાનો પણ તીર્થ તરીકે આવો મહિમા ગવાયો હશે કે કેમ એ પ્રશ્ન છે. ભગવાન સ્વામિનારાયણનું પ્રાગટ્ય ભલે છપૈયામાં થયું અને તે દ્રષ્ટિએ છપૈયાનો મહિમા અવશ્ય અનેરો જ ગણાય, પરંતુ ધર્મપુરુષ-ગાદીપતિ તરીકે તેમણે સમગ્ર કાર્ય ગઢડામાં રહીને કર્યું હતું. પરિણામે ગઢડા જોતાં શ્રીજી સાંભરે અને શ્રીજી સાંભરે ત્યાં ગઢડા યાદ આવે એવું સમીકરણ સ્વામિનારાયણ સંપ્રદાય માટે બની ગયું. ભગવાન સ્વામિનારાયણ દાદા ખાચરની ભક્તિની આકરી કસોટી પણ કરતા. આ હૃદયસ્પર્શી પ્રસંગો ખરેખર વાંચવા જેવા છે.

તે સમયમાં અજ્ઞાનભર્યું, વાસનાપૂર્ણ અને વહેમી જીવન આડેધડ જીવતા માણસને ધર્મ અને ભક્તિ દ્વારા સુંદર જીવન જીવવાની પદ્ધતિ ભગવાન સ્વામિનારાયણે સહૃદયતાથી અને સચોટ રીતે આપી હતી. તે સમયમાં અંગ્રેજોની સત્તાનો પ્રભાવ ભારત પર વધ્યે જતો હતો. અંગ્રેજોએ ભગવાન સ્વામિનારાયણનાં કાર્યને હૃદયથી બિરદાવી ચમત્કારસમ ગણ્યું હતું. વિ. સં. ૧૮૬૪માં અંગ્રેજ ગવર્નર જ્હોન માલ્કમે ભગવાન સ્વામિનારાણનાં દર્શન કરવાની ઇચ્છાથી પોતાનો દૂત ગઢડા મોકલ્યો હતો. ત્યારે અંગ્રેજ સત્તા ઉદ્ધવ સંપ્રદાય (સ્વામિનારાયણ સંપ્રદાય)ના ત્યાગી અને ગૃહસ્થ આશ્રિતોની તેમને હેરાન કરતા લોકોથી રક્ષણ આપતી, તેથી ભગવાન સ્વામિનારાયણ પોતે જ અગ્રેજ ગવર્નર માલ્કમને દર્શન આપવા રાજકોટ પધાર્યા હતા. તેઓનું આ મિલન અવશ્ય ઐતિહાસિક છે, પરંતુ ગવર્નર માલ્કમે ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે નમ્રતાથી ભક્તિભાવ દાખવ્યો હતો એ દ્રષ્ટિએ આ મિલન ભક્તિભાવની પ્રેરણા માટે સવિશેષ મહત્ત્વનું ગણાય. ભગવાન સ્વામિનારાયણે ગવર્નર માલ્કમને શિક્ષાપત્રી આપી હતી જે આજે પણ લંડનનાં સંગ્રહાલયમાં છે અને તેનો અંગ્રેજી અનુવાદ પણ કરાયો હતો. જે સ્થળ પર ભગવાન સ્વામિનારાયણ અને ગવર્નર માલ્કમનું મિલન થયું હતું ત્યાં આજે સ્વામિનારાયણનું ભવ્ય જૂનું મંદિર છે. આ મંદિરમાં તે સમયની ભગવાન સ્વામિનારાયણની પ્રસાદી તરીકે બોરડીનું વૃક્ષ આજે પણ જાળવી રખાયું છે. આ બોરડીને કાંટા નથી. એ હકીકત પાછળ ચમત્કારિક કથા રહેલી છે. ભગવાન સ્વામિનારાયણ બોરડી નીચે બેઠા હતા અને સદ્‌ગુરુ ગોપાળનંદસ્વામી ઊભા થયા. તેમની પાઘમાં કાંટા ભરાયા ત્યારે તેઓ બોલ્યા, 'તારા નીચે ભગવાન બેઠા છે તો પણ તારો કરડવાનો સ્વભાવ ગયો નહિ.' ત્યાં તો બોરડીના બધા કાંટા ખરી પડ્યા !

☆ ☆ ☆

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૬ ● ● તા. ૧૬-૬-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ભારતનાં કતલખાનાં

થોડાં વખત પહેલાં દિવાળીબહેન મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના મુ. શ્રી મફતલાલ મહેતા સાથે ખ્યાતનામ પત્રકાર શ્રી પ્રીતીશ નાન્દીને મળવાનું થયું હતું. એ વખતે જીવદયાના ક્ષેત્રે શ્રીમતી મેનકા ગાંધી કેવું મહત્ત્વનું કાર્ય કરી રહ્યાં છે તેની વાત નીકળી હતી. શ્રીમતી મેનકા ગાંધીએ ભારતનાં કતલખાનાંઓ સામે એક મોટી ઝેહાદ ઉપાડી છે. એમણે તાજેતરમાં હૈદ્રાબાદના અલ કબીર નામના કતલખાના વિશે લખેલી એક અભ્યાસપૂર્ણ લેખમાળા એક અંગ્રેજી દૈનિકમાં છપાઈ છે. શ્રીમતી મેનકા ગાંધીએ સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓના અધિકૃત આંકડાઓ આપીને બતાવ્યું છે કે અલ કબીરનું કતલખાનું ભારત માટે અને વિશેષતઃ આંધ્રપ્રદેશ માટે કેટલું બધું હાનિકારક છે.

શ્રીમતી મેનકા ગાંધીએ પંજાબમાં હરિયાણાની સરહદ ઉપર આવેલા બસે ડેરા નામના ગામમાં સ્થાપવામાં આવેલા કતલખાના સામે ઝેહાદ ઉપાડી હતી. અન્ય કેટલીક સંસ્થાઓએ પણ તેનો વિરોધ કર્યો હતો. સ્થાનિક લોકોએ પણ ઘણો બધો ઉહાપોહ કર્યો હતો. છેવટે પંજાબની સરકારને એ કતલખાનું બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો. એ કતલખાનાની યંત્ર સામગ્રીનું શુદ્ધિકરણ કરી એનો ઉપયોગ હવે શાકભાજી અને ફળ-ફળાદિ માટે કરવામાં આવશે એવી જાહેરાત પંજાબની સરકારે કરી છે.

પંજાબની જેમ આંધ્ર પ્રદેશની સરકાર માટે પણ અલ કબીરનું કતલખાનું એક સમસ્યારૂપ બની રહ્યું છે. અલ કબીરનું કતલખાનું ખાનગી માલિકીનું છે, પરંતુ તેમાં સરકારે પણ મૂડી રોકાણ કર્યું છે. ભારતમાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કર્યા વિના, લોકોની લાગણીને સમજ્યા વિના, ભારતીય અર્થતંત્રનો સમગ્રપણે ઊંડાણથી પરામર્શ કર્યા વિના જે કેટલાંક ઉતાવળિયાં સાહસો આધુનિકતાને નામે વિશાળ પાયા ઉપર થાય છે તે સરવાળે કેવાં નુકસાનભરેલાં છે તે પાછળથી સમજાય છે.

આંધ્ર પ્રદેશમાં હૈદ્રાબાદમાં કેટલાક સમય પહેલાં સ્થપાયેલા અલ કબીર નામના જંગી કતલખાના માટે આરંભથી જ ઘણો વિરોધ થતો રહ્યો છે. હૈદ્રાબાદના ચાતુર્માસ દરમિયાન પૂ. કલાપ્રભસાગરસૂરિએ ઉપવાસ પણ કરેલા. આ કતલખાનું રાજ્યની માલિકીનું નથી, પરંતુ અંગત માલિકીથી તે સ્થાપવા માટે સરકારે પરવાનગી આપેલી છે. અલ કબીરના કતલખાના માટે જોઈતો પશુઓનો પુરવઠો હવે પૂરતા પ્રમાણમાં મળી રહેતો નથી અને તેથી આર્થિક દૃષ્ટિએ તેને ધારેલી સફળતા મળી નથી. આવું મોટું કતલખાનું દેશના હિતમાં નથી એ વાત સમજાય એવી છે. એથી ઘણા સમાજ હિતચિંતકોએ તેનો પ્રખર વિરોધ કર્યો છે.

ભારતમાં મૂડી રોકાણને માટે વિદેશમાં વસતા ભારતીય (NRI) નાગરિકોને માટે સરકારે જે વિવિધ આકર્ષક યોજનાઓ કરી છે એના અન્વયે આ અલ કબીરનું કતલખાનું સ્થપાયું છે. મધ્ય પૂર્વના દેશોને માંસ પૂરું પાડીને કરોડો રૂપિયાનું હુંડિયામણ ભારતને કમાવી આપવાના આશયથી આ કતલખાનું ચાલુ કરવામાં આવ્યું છે. પાંચ વર્ષના ગાળામાં આ કતલખાનામાં ૩૭ લાખ ઢોરની કતલ થઈ ચૂકી છે. પરંતુ તેની સામે વિદેશી હુંડિયામણ વર્ષે આશરે વીસ કરોડ રૂપિયા જેટલું રહ્યું છે. સરકારને એટલી આવક નથી થઈ, માત્ર હુંડિયામણ મળ્યું છે. આવકવેરા રૂપે સરકારને ઓછી રકમ મળે છે, કારણ કે એન. આર. આઈ. ને ઘણા લાભ મળે છે. આમ, થોડીક વ્યક્તિઓના લાભાર્થે દેશનું પશુધન વેડફી નાંખવામાં કોઈ દૃષ્ટિ રહેલી જણાતી નથી.

છેલ્લાં ત્રણેક દાયકામાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અર્થતંત્રની દૃષ્ટિએ જે કેટલાંક મોટા ફેરફારો થયા છે એમાંનો એક તે મધ્ય પૂર્વ (Middle-East)ના દેશોની આર્થિક સમૃદ્ધિ છે. તેલ, પેટ્રોલ, ગેસ વગેરેના મોટા પાયા ઉપર થયેલા ઉત્પાદનને કારણે સાઉદી અરબીયા, ઈરાન, ઈરાક, કુવૈત, ઈજિપ્ત વગેરે દેશો આર્થિક દૃષ્ટિએ થોડા વખતમાં ઘણાં સમૃદ્ધ બની ગયાં. મધ્યપૂર્વના ઘણા ખરા દેશોમાં રણ વિસ્તાર ઘણો હોવાને લીધે, અસહ્ય ગરમીના કારણે પશુધન ઘણું જ ઓછું છે અને સમગ્ર પ્રજા માંસાહારી છે. વળી હુંડિયામણની પ્રાપ્તિને લીધે આ દેશોની સારી જાતના વિવિધ પ્રકારના માંસાહાર માટેની ભૂખ ઘણી ઊઘડી છે. પોતાને ત્યાં પશુધન ઓછું હોવાને લીધે તેઓ બીજા દેશોમાંથી માંસની આયાત કરવા લાગ્યા છે. તેલની અઢળક કમાણીને લીધે ગમે તે મોંઘો ભાવ પણ તેઓને પરવડવા લાગ્યો છે. ત્યાંના શ્રીમંત વર્ગોમાં અને મોટી મોટી હોટલોમાં માંસાહારના જાત જાતના શોખ વધવા લાગ્યા છે. તેમને પુષ્કળ પ્રમાણમાં માંસ પૂરું પાડનારા દેશોમાં ભારત મુખ્ય છે. વિદેશી ચલણ કમાવાની ઘેલછામાં ભારતે પણ એ દિશામાં આંધળી દોટ મૂકી છે. ભારતમાંથી લાખો ટન માંસની નિકાસ મધ્ય-પૂર્વના દેશોમાં થઈ રહી છે.

મધ્ય પૂર્વના આરબ લોકોને માંસાહાર પૂરો પાડવા જતાં ' ઘરના છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આંટો' જેવી સ્થિતિ આંધ્ર પ્રદેશમાં સર્જાઈ છે. આમ પણ આંધ્ર પ્રદેશમાં બીજા રાજ્યો કરતાં બેકારી અને ગરીબીનું પ્રમાણ ઘણું વધુ છે. તેમાં પણ આ કતલખાના માટે ઢોરો લેવાઈ

જવાને કારણે ગામડાના ગરીબ લોકોની હાલત વધુ ખરાબ થવા લાગી છે. કતલખાનામાં ઢોરની જે કિંમત અપાય છે એટલી ઊંચી કિંમત ઢોરોના સોદામાં પ્રચલિત બની જાય છે. વળી ઢોરોની અછત વધવાને લીધે મધ્યમવર્ગના લોકો ઢોર ખરીદી શકતા નથી અને એને લીધે એમની આજીવિકાનું સાધન ચાલ્યું જાય છે. ઢોરોના ઊંચા ભાવને કારણે તથા અછતને કારણે દૂધ-ઘી વગેરેના ભાવ પણ એવા ઊંચા ચઢી ગયા છે કે જે ગામડાની ગરીબ જનતાને પોસાય એવા રહ્યા નથી. એથી એની અસર ગામડાના લોકોના અને તેમાંય વિશેષત: બાળકોના આરોગ્ય પર થવા લાગી છે. કતલખાનામાં રોજ ઢોરની જરૂર પડે છે. એને લીધે દલાલો યેનકેન પ્રકારે સારાં ઢોરો લઇ આવે છે આથી આંધ્ર પ્રદેશના ગામડાઓમાં ઢોરોની ચોરીના કિસ્સાઓ ઘણા વધી ગયા છે.

મોટાં મોટાં કારખાનાં જંગી રાક્ષસ જેવાં છે. એનું પેટ મોટું હોય છે. એને રોજે રોજ ઘણો બધો ખોરાક આપવાની જરૂર રહે છે. જો તેને ખોરાક ન મળે તો એ પોતાના માલિકને ખાઇ જાય એવો એ રાક્ષસ છે. મોટાં આધુનિક કતલખાનાઓનું પણ એવું જ છે. એને રોજેરોજ હજારો પશુઓ કતલ કરવા માટે પૂરા પાડવાની જરૂર રહે છે. જો એટલાં પશુઓ ન મળે તો આર્થિક દષ્ટિએ કતલખાનું પરવડે નહિ. કતલખાના માટે પૂરતાં પ્રમાણમાં કાયદેસર રીતે ઢોર ન મળે તો માલિકો અને સંચાલકોને ગેરકાનૂની આંટીઘૂંટીઓનો આશ્રય લેવો પડે છે. ઇન્સપેક્ટરોને હપ્તા બાંધી આપીને ખોટા પ્રમાણપત્રો મેળવવા પડે છે. સારા સાજા ઢોરને ઘરડા, અશક્ત ઢોર તરીકે ઓળખાવાય છે. રોજે રોજ સમાજમાંથી હજારો પશુઓ પ્રત્યેક કતલખાના માટે ખેંચાઇ જાય તો તેથી ગામડાઓમાં ઢોરોની અછત થાય અને ઢોરોના ભાવ વધી જાય એ કુદરતી છે. અલ કબીરના કતલખાનામાં માંસનું ઉત્પાદન ઘણાં મોટા પ્રમાણમાં થાય છે. પરંતુ તેમાંથી પોણા ભાગ કરતાં વધુ માંસ તો વિદેશ ચાલ્યું જાય છે. વળી તેના ભાવ પણ ઘણાં ઊંચા છે. આથી ખુદ માંસાહારી લોકોને પણ માંસ પહેલાં કરતા ઘણું મોંઘું મળવા લાગ્યું છે. વળી એથી ખાનગી ખાટકીઓના ધંધા ભાંગી પડે છે. આમ અલ કબીરનું કતલખાનું માત્ર શાકાહારીઓની સમસ્યારૂપ નથી, માંસાહારીઓ માટે પણ સમસ્યારૂપ બની ગયું છે.

માણસ દીઠ ઢોરની સંખ્યાના સરકારી આંકડાઓનો વિચાર કરીએ તો પણ ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, આર્જેન્ટિના, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા જેવા દેશો કરતાં તો ભારત ઘણું પાછળ છે જ, પરંતુ નેપાળ અને પાકિસ્તાન જેવા પાડોશી દેશો કરતાં પણ ભારત ઘણું પાછળ છે.

ભારત દેશ શહેરો કરતાં લાખો ગામડામાં વસેલો છે. ગામડાના અર્થતંત્રમાં પાળેલાં પશુ એક મહત્ત્વનું અંગ ગણાય છે. ગાય, ભેંશ, બકરી, ઘેટું વગેરે દ્વારા કેટલાય લોકોની આજીવિકા નભે છે. વસ્તુત: ભારતમાં વસતીના પ્રમાણમાં જેટલાં ઢોર જોઇએ તેટલાં ઢોર નથી. એને લીધે અસંખ્ય લોકો બેકારી અને ગરીબીમાં સડે છે. જો તેઓને ઢોર આપવામાં આવે તો તેઓ પોતાની આજીવિકા સરળતાથી મેળવી શકે. ભારતનાં અસંખ્ય નાનાં નાનાં ગામડાઓમાં વેપાર-ઉદ્યોગો હોતા નથી. ખેતી અને પશુપાલન એ જ એમની આજીવિકાનું મુખ્ય સાધન છે. ભારત ખેતીપ્રધાન દેશ છે. એટલે ભારતીય પ્રજાના જીવનમાં પશુઓનું મહત્ત્વ ઘણું મોટું છે.જો ભારતનાં ગામડાંઓમાંથી પાળેલાં પશુઓ મોટા કતલખાનાં તરફ ખેંચાતાં રહે તો ભારતનાં ગામડાંઓના નબળા અર્થતંત્રને તો ઊલટાનો વધુ મોટો ફટકો પડે.

ગામડાંઓમાં ગાય, ભેંસની સંખ્યા પૂરતા પ્રમાણમાં રહેતી હોય તો ગામડાંનાં બાળકોને દૂધ, દહીં, છાશ, ઘી વગેરે પૂરતા પ્રમાણમાં સસ્તા દરે મળી શકે. એથી નાનાં, કુમળાં બાળકોનું પોષણ પણ સારી રીતે થઇ શકે. પરંતુ વધતી જતી ઢોરોની અછતને કારણે પછાત ગામડાઓમાં બાળકોને પૂરતું પોષણ મળતું નથી. એથી તેમનામાં અકાળ મરણનું પ્રમાણ વધુ રહે છે તથા અંધત્વ, ક્ષય, કમળો, તાવ વગેરે પ્રકારની બીમારીઓનું પ્રમાણ ગામડાંનાં બાળકોમાં વધુ રહે છે. અલબત્ત એમાં અજ્ઞાનનું કારણ તો છે જ, પણ સાથે સાથે અછતનું કારણ પણ એટલું જ મહત્ત્વનું છે.

ભારતનાં અનેક ગામડાંઓમાં ગરીબ ખેડૂતો હજુ પણ બળદ વડે ખેતી કરે છે. કતલખાનાં માટે જેમ જેમ બળદો ખેંચાતા જાય છે તેમ તેમ બળદોની કિંમત વધતી જાય છે. અને બળદોની અછત પણ વધતી જાય છે. એથી દૂર દૂરના ખૂણામાં વસતાં ગરીબ ખેડૂતો પોતાને બળદ ન પોસાવાને કારણે ખેતીનો વ્યવસાય છોડી દે છે. અન્ય પ્રકારની મજૂરી કરીને કે ભીખ માંગીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગામડાના ગરીબ ખેડૂતોને સસ્તા ભાવે ઢોર મળવાની સુલભતા જો વધતી જાય તો આર્થિક દષ્ટિએ પણ ભારતની આ સમસ્યા હળવી રહ્યા કરે.

પાશ્ચાત્ય દેશોના દરેક વૈજ્ઞાનિક સંશોધન પાછળ બધાંયે આંધળી દોટ મૂકવા જેવું નથી. કેટલાંક સંશોધનો કેટલાક દેશોને ઉપયોગી નીવડે તો બીજી બાજુ કેટલાક દેશોને એ નુકશાનકારક પણ જણાય. રાસાયણિક ખાતરે આખી દુનિયાનો કબજો લઇ લીધો છે. તેના ઘણા લાભ છે એની ના નહિ કહી શકાય, તેમ છતાં દરેકને માટે એ ઉપકારક છે એમ પણ નહિ કહી શકાય. જે દેશોમાં પશુધનની અછત હોય અને એને લીધે છાણ જેવા કુદરતી ખાતરની અછત હોય એ દેશોને માટે ખેતીવાડીમાં રાસાયણિક ખાતર ઘણું લાભદાયી નીવડે છે. પરંતુ જે પ્રદેશોમાં છાણ જેવું કુદરતી ખાતર નજીવી કિંમતે અત્યંત સુલભ હોય તો તે પ્રદેશના લોકો રાસાયણિક ખાતર પાછળ દોટ મૂકે તો લાંબે ગાળે તેઓને પોતાને જ નુકશાન થવાનો સંભવ છે. રાસાયણિક ખાતરની પણ કેટલીક મર્યાદા છે. કુદરતી ખાતર કરતાં એ વધુ ખર્ચાળ છે. હવામાનને બગાડે છે. માટીનાં રસ-કસ ચૂસી લે છે અને હવામાં થતાં પ્રદૂષણને કારણે માણસના આરોગ્ય પર ઘણી અસર કરે છે. વ્યક્તિગત કક્ષાએ રાસાયણિક ખાતરથી કેટલાંક ખેડૂતોએ ઘણો બધો લાભ થતો હોવા છતાં રાજ્યના અર્થતંત્રની દષ્ટિએ ભારત જેવા દેશને માટે તે વધુ નુકશાનકારક હોવાનું જણાયું છે. એટલે આવી બાબતમાં ઉતાવળે પ્રગતિશીલ થવા કરતાં તેનાં પરિણામોનું અવલોકન કરીને ક્રમે ક્રમે તે દાખલ કરવામાં આવે તો તેથી સમગ્રપણે દેશને લાભ થઇ શકે.

કેટલાંક એવી દલીલ કરે છે કે જે ઢોર નકામાં થઇ ગયાં હોય તેનો નિભાવ કરવો તે સમાજને માટે બોજારૂપ છે. તેવાં ઢોરોને કતલખાને મોકલી આપવાથી સમાજનો આર્થિક બોજો હળવો થાય છે. બીજી બાજુ એવા ઢોરની કતલ કરીને તેમના માંસની નિર્યાત કરવાથી રાષ્ટ્રને મોટી આવક થાય છે અને વિદેશી હુંડિયામણનો પ્રશ્ન હળવો બને છે. આ દલીલને ઉપલક દષ્ટિએ જોવાથી કોઇ કદાચ દોરવાઇ જાય. પરંતુ વાસ્તવિકતા એનાથી ઘણી જુદી છે. વસ્તુત: આવા ઘરડાં ઢોરના બહાના હેઠળ જુવાન સશક્ત ઢોરને પણ કતલખાનામાં લઇ જવામાં આવે છે. વિદેશમાં મોકલાતું માંસ ઘરડા, માંદલા ઢોરના માંસ કરતાં જુવાન સશક્ત ઢોરનું માંસ વધુ પ્રમાણમાં હોય છે. વિદેશી ગ્રાહકો પણ માંસની ગુણવત્તા જોઇને તે પ્રમાણે ભાવ આપે છે. માંસ નિર્યાત કરનાર વેપારીઓને તો પોતાની કમાણી સાથે નિસ્બત છે. તે આખા રાષ્ટ્રની ચિંતા કરવા બેઠા નથી.

એવી એક દલીલ કરવામાં આવે છે કે જો ઢોર ઘણાં વધી જાય તો એટલા ઢોરને ખવડાવવા માટે ઘણાં ઘાસની જરૂર પડે. પરંતુ એ દલીલ પણ હાસ્યાસ્પદ છે. કારણ કે માત્ર ખાવા માટે ઉછેરવામાં આવતાં ઘેટા વગેરેને ચરવા માટે જેટલું ઘાસ અને જેટલી જમીન જોઇએ છે તેના આંકડા સરખાવવામાં આવે તો માણસનો ભ્રમ ભાંગી જાય એમ છે.

કેટલાંક એવી દલીલ કરે છે કે પશુ-પક્ષીઓને વધવા જ દઇએ તો તેઓને રાખવા માટે વધુ જગ્યા જોઇશે. એમ કરતાં એક દિવસ એવો આવશે કે જ્યારે માણસને માટે રહેવાની જગ્યા નહિ રહે. આ માત્ર કુતર્ક છે. જ્યારે આવા મોટા કતલખાનાં નહોતાં ત્યારે પણ ઢોરોને રાખવા માટે સરખી વ્યવસ્થા થતી રહી હતી. ખેતીપ્રધાન દેશ હોવાને કારણે જમીનનો પ્રશ્ન શહેરોને જેટલો નડ્યો છે તેટલો ગામડાંઓને નડ્યો નથી. ભારત પાસે કરોડો એકર જમીન હજુ પડતર જમીન તરીકે રહેલી છે. એટલે ઢોરોની સંખ્યા વધતાં જમીન ઓછી પડશે એવું તો ભૂતકાળમાં ક્યારેય બન્યું નથી અને ભવિષ્યમાં ક્યારેય બનશે એવો સંભવ નથી.

બારમા સૈકામાં પશ્ચિમ ભારતમાં રાજા કુમારપાળના વખતમાં એમના સમગ્ર રાજ્યમાં કાયમને માટે અમારિ ઘોષણા કરવામાં આવી હતી એટલે કે કોઇપણ પશુની ક્યારેય કતલ થઇ શકે નહિ. સમગ્ર રાજ્યની પ્રજા કાયદેસર શાકાહારી થઇ ગઇ હતી. સમગ્ર રાજસ્થાન અને ગુજરાતમાં આ રાજ્ય વિસ્તરેલું હતું અને રાજ્યની આ નીતિ ઘણા લાંબા સમય સુધી ચાલી હતી. તેવી રીતે અકબર બાદશાહના વખતમાં બધું મળીને વર્ષમાં છ મહિના માટે અમારિ ઘોષણા થઈ હતી. તેમ છતાં ઇતિહાસમાં ક્યાંય એવું વાંચવામાં આવતું નથી કે ઢોરો વધી જવાને કારણે, ઘણી બધી જગ્યા વપરાઇ હતી અને એને કારણે માણસને રહેવાની મુશ્કેલી પડી હતી. એ બતાવે છે કે જો સરખું વ્યવસ્થા તંત્ર હોય તો ઢોરની વસતીનો બોજો સમાજ પર આવતો નથી, બલકે પશુઓનાં ઘી, દૂધ, ઉન, ચામડું વગેરેને કારણે સમાજ ઉપરનો બોજો હળવો બને છે. જીવનભર પશુઓ મનુષ્યને સહાયરૂપ બને છે.

કતલખાનામાં પશુઓની યાંત્રિક સાધનો વડે મોટા પાયે કતલ કરવી એ માત્ર લોકોની જરૂરિયાતનો પ્રશ્ન રહ્યો નથી, કારણ કે સરકાર સિવાય અન્ય જૂથો દ્વારા ઊભા કરાતાં કતલખાનાં મુખ્યત્વે કમાણી કરવાના આશયથી સ્થાપવામાં આવે છે. આ વ્યવસાય એવો છે કે જેટલા પ્રમાણમાં વધુ કતલ થઇ શકે તેટલા પ્રમાણમાં તેની પડતર કિંમત નીચે જઇ શકે અને ઓછી પડતર કિંમતવાળો માલ પોતાના રાષ્ટ્રના બજારમાં અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્પર્ધામાં ઊભો રહી શકે. આથી ઉત્પાદિત થયેલા માલ માટે પોતાના રાષ્ટ્રમાં સરખું બજાર ન મળી રહે તો વેપારીની દષ્ટિ આંતરરાષ્ટ્રીય બજાર તરફ વળે છે.

ભારતની આર્થિક નીતિમાં જોઇએ તેટલી દીર્ઘદષ્ટિ નથી. કેટલાક તાત્કાલિક ઉપાયો વિચારાય છે, પરંતુ એનાં દૂરગામી અવળાં પરિણામો કેવાં ભયંકર હશે તેની સરકારી સ્તરે વિચારણા થતી નથી. સરકારે જરાક નીતિ ઢીલી મૂકી અથવા વહીવટી તંત્રે ઇરાદાપૂર્વક થોડીક છટકબારી રાખી હોય તો તેનો લાભ લેવા સ્વાર્થાંધ મનુષ્યો દોડ્યા વગર રહે નહિ. સરકારી વહીવટી તંત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને કારણે કેટલાય કાબેલ વેપારીઓ, સરકારી અમલદારોને મોટી લાંચ આપીને પોતાની પરમીટો કઢાવી લે છે.

દુનિયાના કેટલાંક દેશોમાં જે ઝડપથી પ્રગતિ થાય છે અને અદ્યતન સામગ્રી ઉપયોગમાં લેવાય છે એની સરખામણીમાં ભારત કેટલેક અંશે પછાત ગણાય એવી છાપ રહે છે. જો કે ત્રીજા વિશ્વના કેટલાક દેશો કરતાં ભારત ઘણું પ્રગતિશીલ છે એ વિશે પણ શંકા નથી. આમ છતાં ભારતમાં વેપાર-ઉદ્યોગ વગેરે ક્ષેત્રોમાં આધુનિકતાને નામે જે કેટલાંક અવિચારી પગલાં લેવાય છે તેને માટે સમય જતાં પસ્તાવાનો વારો આવે છે. આધુનિકતા અને પ્રગતિશીલતાનો વિરોધ કરવો એ અયોગ્ય છે. તેમ છતાં કેવળ આધુનિકતા ખાતર આધુનિકતા દાખલ કરવામાં ગંભીર ભૂલ થવાનો સંભવ રહે છે. જૂના વખતની કહેવત યાદ કરીએ તો રાજાનો મહેલ જોઇને પોતાની ઝૂંપડી તોડી નાખવાની ઉતાવળ માણસે ન કરવી જોઇએ. જાહેર ક્ષેત્રમાં એક મોટી યોજના દાખલ કરવામાં આવે તો તેથી તરત મોટો લાભ નજરે દેખાય, પરંતુ એથી દૂર દૂરના ગામડામાં વસેલા માણસોને લાંબે ગાળે કેટલું બધું નુકસાન પહોંચે છે અને વખત જતાં એ નુકસાનની પ્રતિક્રિયા રૂપે જ એ જાહેર ક્ષેત્રની મોટી યોજનાને કેટલી બધી અસર પહોંચી શકે છે એ વિશે ઊંડાણથી વિગતે અભ્યાસ થાય તો જ ખબર પડે.

અલ કબીરના કતલખાના માટે અહીં મુખ્યત્વે દેશના અર્થતંત્રની દષ્ટિએ કેટલોક વિચાર કર્યો છે. એમાં પણ હજુ ઘણાં પાસાં વિચારવાનાં રહે છે. સામાજિક, સાંસ્કૃતિક અને જીવદયાની દષ્ટિએ કતલખાનાનો આ પ્રશ્ન એથી પણ વધુ મહત્ત્વનો બની રહે છે.

ભારત માટે કલંકરૂપ આ અલ કબીરનું કતલખાનું બંધ થાય, તો આંસુ સારવાનો વખત એકાદ બે વ્યક્તિને આવે તો આવે, પણ એ ચાલુ રહેશે તો લાખો અબોલ જીવો ઉપરાંત અનેક ગરીબ લોકોને આંસુ પાડવાનો વખત ચાલતો રહેશે. આપણે આશા રાખીએ કે શ્રીમતી મેનકા ગાંધીના જીવદયા પ્રેરિત પ્રયાસોનું સુંદર પરિણામ આવે.

❑ રમણલાલ ચી. શાહ

# સ્વ-સંશોધનની પ્રક્રિયા

❑ સુશીલા ઝવેરી

સત્ય, અહિંસા, પ્રેમ, સમતા જેવા શબ્દો અર્થની દ્રષ્ટિએ બહુ વિશાળતા ધરાવનારા છે. પ્રત્યેક શબ્દ હૃદયની પ્રયોગશાળામાં કોઇક પ્રક્રિયા કરવા સમર્થ છે. શબ્દો દ્વારા એની અભિવ્યક્તિ કરવાની સ્વ માટે અશક્ય નહીં તો કઠીન તો છે જ.

પ્રવચનો ગમે તેટલાં સાંભળીએ કે પુસ્તકો ગમે એટલાં વાંચીએ. પણ જો હૃદયની પ્રક્રિયામાં તે પરિણમેલું હોય નહિ તો આપણી ચેતનામાં ઊણપ છે. એમ સ્વીકારવું જોઇએ. ચેતના પૂર્ણ જાગ્રત હોય ત્યારે માનવીનું વલણ જ જુદુ હોય. ખુદથી સંવાદ ન થાય ત્યાં સુધી બધું નકામું.

કેટલીક વ્યક્તિઓ પોતે વાંચેલું કે સાંભળેલું બીજાને ઉપદેશ દેવામાં ઉપયોગી બનાવીને અજાગ્રતપણે પોતે કંઇક પામ્યા છે...એવો આત્મસંતોષ કદાચ મેળવતા પણ હોય, પણ પ્રત્યેક હૃદય એક પ્રયોગશાળા છે. તે જે સાંભળે, વાંચે, જુએ અને વિચારે એની પ્રક્રિયા સતત અંદર થયા જ કરે. જાગૃતિ દરમિયાન બનેલી ઘટના નિંદ્રાવસ્થામાં પણ પ્રક્રિયા પ્રકટ કરવા સમર્થ છે એ આપણે સ્વપ્નો દ્વારા અનુભવી છીએ.

'મને તમારા પ્રત્યે પ્રેમ છે'-એવી ઉક્તિ કેટલીક વાર ખૂબ સરસ પરિણામ લાવે છે. ફાધર વાલેસ કહે છે કે 'તમે તમારા પરિજનો-સ્વજનો સમક્ષ પ્રેમની અભિવ્યક્તિ કરતા રહો, પણ એ ત્યારે જ ધાર્યું પરિણામ લાવે કે જ્યારે એમાં સચ્ચાઇ હોય. માત્ર શુકપાઠ ન હોય. એમાં સૌથી પહેલી શરત એ છે કે પરસ્પર કંઇક સદ્ભાવ હોય. અપાત્રે થયેલી અભિવ્યક્તિ જડતા, ઉપેક્ષા, ધિક્કાર ને દ્રઢ કરવામાં ભાગ ભજવે એ શક્ય છે. બોલાયેલા કે લખાયેલા શબ્દો એવી તાકાત ધરાવે છે કે પ્રસંગ કે ભાવને મૂર્ત કરી આપણી સામે વ્યક્ત થાય છે. વ્યક્તિએ ધારેલી ચોટ કે આનંદ બીજાના હૃદય સુધી પહોંચાડે છે. માણસ પાસે પોતાને વ્યકત કરવા વાણી, વર્તન, વ્યવહાર, મુખભાવ ઇત્યાદિ સાધન છે.

સામી વ્યક્તિ આપણા આચરણની નોંધ લે એમ આપણે ઇચ્છીએ. પણ આપણા સરળ આચરણની નોંધ ન લે તો વારંવાર સદવ્યવહાર દાખવવો? સદ્ વ્યવહાર નહિં તો દુર્વ્યવહાર દાખવવો? ના, દુર્વ્યવહાર એ સજ્જનનું લક્ષણ નથી, પણ સદ્વ્યવહારનું કૃત્રિમ પ્રદર્શન તો આપણે અટકાવી જ દેવું. નહીં તો એ અનાદરમાં પરિણમે. માણસ ને અનાદર પીડે છે. જ્યારે સદ્વ્યવહાર નિષ્ફળ જાય ત્યારે મૈત્રી, પ્રમોદ વગેરે ચાર ભાવના આપણને રાહત આપે. માણસ એકલો તો જીવી જ નથી શકતો. અનેક કારણે અનેકની જરૂર પડે છે. પણ એ જરૂરને ખાતર દુષ્ટોને નમતા જ રહીએ તો તેઓ દુષ્ટતા છોડે નહીં. પણ વકરે; અને એ વકરેલી દુષ્ટતા આપણી શાંતિ હરી લે. કષાયો જે અંદર અંગ સંકોડી બેઠા હોય એ પોતાની હાજરી નોંધાવે, આપણને સધિયારો બંધાવે કે અમે પડખે છીએ. પણ એ પડખે રહી જે આપણું ભલું નહિં કરે. ત્યાં મૈત્રી, પ્રમોદ, કરુણા ને માધ્યસ્થ ભાવનાનું આલંબન ઉપયોગી બને છે. બધાં જ આપણાં મિત્રો છે. કોઇનું સારું જોઇ આનંદિત થવું. ખરાબ જોતાં આપણી સંવેદના જાગ્રત થવાની જ. એથી પણ લાભ જ થાય છે. કરુણા અને પ્રમોદ કેટલાં નજીક વસે છે ! જ્યાં મૈત્રી પ્રમોદ ને કરુણા એકેય કામ ન લાગે ત્યાં માધ્યસ્થથી ચલાવવું. એ એનું જાણે અથવા એનું નસીબ આપણે શું કરીએ ?' જો આવી સાચી મનસ્થિતિ હોય તો ઘણી હૈયાહોળીથી મુક્ત રહેવાય. ઓછું સ્પર્શે અને કર્મબંધન ઓછા થાય, હળવા થાય. માધ્યસ્થથી સામા માણસ મહાત થાય, હારી ગયાની લાગણી અનુભવે. એથી એનું જોશ ઓછું થાય, મન સહેજ કૂણું પડે.

વળી મૈત્રી બધાને જરૂરી છે. કોઇ વ્યક્તિ આપણી મૈત્રી ન સ્વીકારે ત્યારે વિચારીએ કે આમ કેમ ? જરૂર આની પાછળ ગર્ભિત કારણ હશે. ત્યારે વ્યથાને હટાવી આપણે પ્રમોદમાં પ્રવેશીએ. વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે કરુણા ઉપજે. કેવી દુનિયા છે. જેની બધાને જરૂર છે. એ જ બધા દ્વારા ફેલાય છે. અને માધ્યસ્થી દ્વારા ઉપેક્ષાને ઉપાસીએ; પ્રથમ તો સભાન પ્રયત્નો જ હોય છે. એ સમયે મોટી મોટી વાતો કરવા-વિચારવા કરતાં મનની પરિસ્થિતિને કબૂલીએ-મનમાં ચાલતી પ્રક્રિયાનો સ્વીકાર કરીએ. મનમાં ઉદ્વેગ હોય તો લાગે કે અનુચિત થયું છે ત્યારે મનને જ કહીએ આટલે સુધી તારે જવાની જરૂર હતી ? મનમાં જે જે થતું હોય એની મન સાથે જ વિચારણા કરીએ મન કુટીલતા આચરે તો ઉપદેશ પણ આપીએ. આ મનને સમજવા માટે જ સંત, મહંતના પ્રવચનો કે આધ્યાત્મિક પુસ્તકોની જરૂર છે. આ બધાથી સૌથી પહેલાં મનની પ્રક્રિયાનો પરિચય થાય છે.

માનવ મન કેવું વિચિત્ર છે. સામે મળેલી પરિચિત વ્યક્તિને કોઇ કારણે ન બોલાવી શકયા કે તેણે આપણને ન બોલાવ્યા તો આવા નાના કારણે પણ મન અલ્પાતિઅલ્પ દુભાય, ચિત્તમાં અનેક તરંગો ઊઠે અને અટકળો થાય વળી એમાં સત્ય કંઇક ત્રીજું જ હોય.

હૃદયની પ્રક્રિયા અનેક રીતે થાય, બે વ્યક્તિને વર્તતી જોઇને, બે વ્યક્તિના મુખભાવ જોઇને, આપણી સાથે વાતમાં વપરાતા વાક્યોના મરોડ જોઇને, આંખના ભાવ જોઇને, વ્યંગ, ઉપેક્ષા, તિરસ્કાર, પ્રેમ, બધું જ પરખાઇ જાય છે. અને હૃદયની પ્રયોગશાળા કામે લાગી જાય છે. પ્રયોગશાળાનું કામ દ્રવ્યનું રૂપાંતર કરી પરિણામ નીપજાવવાનું. જેવાં દ્રવ્યો એવી નીપજ. મન પળે પળે દંભ એટલી સૂક્ષ્મ રીતે આચરતું થઇ જાય છે કે એને ખબર જ નથી પડતી કે પોતે દંભ આચર્યો છે. આ માટે સૌ પહેલાં મન સાથે જ પ્રામાણિક બનવું પડશે. એ પ્રામાણિકતા જો સંવાદ સાધવામાં મદદરૂપ થાય તો કાર્ય સહેલું બને છે.

કેટલાંકને કહેતા સાંભળીએ છીએ કે 'અમને સંસારમાં કશો રસ નથી', ત્યારે કંઇક કડવું કહેવાઇ જાય છે. પરંતુ આપણે જ્યાં સુધી સંપૂર્ણ અંતર્મુખ ન બનીએ ત્યાં સુધી આવું થવાનું જ. એટલે જ સ્વને જોવાની જરૂર છે, પરમાં ડોકિયું કરવું અનિવાર્ય નથી. આવું વિચારવાની ટેવનો એક લાભ એ પણ થાય કે આપણને આપણા દંભનો ખ્યાલ આવી જાય છે. પછી આપણે જ્યારે દંભ આચરીએ ત્યારે મન સાવધ બની જાય અથવા દંભને સારી રીતે ઓળખતું થઇ જાય છે. ઓળખવા છતાં પણ જો દંભ આચરીએ તો પણ મન સાથે કબૂલતા રહીએ છીએ . સ્વને સુધારવાનો આ ઉજળો ઉપાય છે.

સત્યનું સંશોધન પણ પ્રથમ આપણાથી જ શરૂ થવું જોઇએ. એના ભેદો બહુ સૂક્ષ્મ હોય છે અને તે ગૃહજીવનમાં પણ સતત ભાગ ભજવે છે. બધા જો ગાંધીજી ન થઇ શકે તો પછી ભગવાન મહાવીર કે બુદ્ધ થવાની વાત દૂર રહી. પણ ફક્ત સત્ય અસત્ય ને અર્ધસત્યને ઓળખી મન સાથે કબૂલ કરતા કરતા અનિષ્ટમાંથી બચવાના પ્રયત્નો જ આપણે સામાન્ય માનવી કરીએ તોય ઘણું. પ્રેમ બહુ ઊંચું તત્વ છે, પણ માનવ માટે એ હંમેશાં પૂર્ણ સત્ય નથી હોતું. પ્રેમ કોઇને માટે કયા કારણે કેવા કેવા ભાવ જન્માવ્યા એનું સૂક્ષ્મ અવલોકન સતત કરતા રહીએ. એવી જ રીતે દ્વેષ ને અણગમા માટે પણ અવલોકન અનિવાર્ય છે. એ શા માટે થયો ? જેને માટે થયો એમાં એ વ્યક્તિ અને આપણે કેટલાં જવાબદાર છીએ ? આવી સૂક્ષ્મ આલોચના સતત થતી રહે ત્યારે જ પ્રેમ કરવા કે પ્રેમ પામવાની લાયકાત આપણે મેળવીએ છીએ.

પ્રાથમિક અવસ્થામાં પોતાના પરિવારથી જ આ પ્રયોગ શરૂ થાય છે. આપણામાં રહેલાં ઉમદા તત્વો કે કનિષ્ઠ તત્વો એનું ભાન પરિવારમાં સ્વજનો તરફથી જ અનુભવાય. પછી પાડોશીને. એ પછી સમાજ. દેશને રાષ્ટ્ર પ્રત્યેના ભાવો આ બધામાંથી જ ઘડાય છે. આ પ્રાથમિક અવસ્થામાંથી જ મહાન પ્રેમ તત્ત્વ તરફ જવાની પ્રક્રિયા શરૂ થાય છે. સત્ય આપણા માટે અને બીજાના માટે જુદું ન હોઈ શકે.

હિંસા ક્યાં ક્યાં આચરી જવાય છે ? આચરવા માટેના સ્થાનોથી તે આચરણથી પોતાને પરિચિત રાખીએ અને આચર્યાનો સ્વીકાર કરીએ. બેદરકારીથી હિંસા જીવની કરી પણ એને હિંસા ગણી જ નહીં. ત્યારે આપણે ડબલ ગુનેગાર. હિંસા અનેક રીતે થાય અસત્ય, જીદ, અહંકાર, વિવેકહીનતા-આ બધા હિંસા કર્યા પછી એનો સ્વીકાર કરવા દેતા નથી. જ્યારે અહિંસા, સત્ય, પ્રેમ, સમતા ને અપ્રમાદ દ્વારા આચરી શકાય. જ્યાં જાગૃતિ નથી ત્યાં અહિંસાનું પાલન આપણે કરી શકતા નથી. ને કરીએ છીએ એવો દંભ આચરીએ છીએ. સમતાને જીવંત રહેવા વાતાવરણ જોઈએ છે. કોઈએ અપમાન કર્યું, ઉપેક્ષા કરી ત્યાં મન ઘવાય છે. આપણે સમજપૂર્વક નક્કી કરીએ કે બીજાની સમતાને જીવંત રાખવા આપણે બીજાને મદદ કરીએ. એ વિચારણાને કેટલીક વાર આપણો અહમ્ સાંગોપાંગ પાર ઊતરવા નથી દેતો.એ જ અવસ્થામાં પોતાની જાતને મૂકી પોતાની અંદર થતી પ્રક્રિયાને તપાસી અહમને ખસેડી કંઇક નક્કી કરવું પડે.

જ્યારે પ્રેમ માટે પોતાની જ જરૂરીયાત ગણી બીજા પ્રત્યે આચરણ કરી શકાય. પ્રેમ એ મહાન તત્ત્વ છે. ઘડીભર વરસી જવું ને પછી ઉજ્જડ ખેતર એ પ્રેમ નથી, એ આવેશ છે. જે જે પ્રસંગે હૃદયમાં આંદોલન ઉઠે તેની નોંધ હૃદયની નોંધપોથીમાં થતી રહે. આંદોલન, કંપન આનંદમય કે વેદનામય એમ બન્ને પ્રકારના હોઈ શકે. આનંદ પણ સ્વ પૂરતો જ હતો કે બીજાને માટે પણ હતો ? કંપન કે વેદના ફક્ત સ્વ માટે જ હતી કે બીજાના દુઃખ તરફ પણ હતી ? આવું સૂક્ષ્મ અવલોકન થતું રહેવું જોઇએ.

હૃદયની પ્રયોગશાળામાં ચાલતી પ્રક્રિયા ઘણી ગૂઢ છે. એથી આત્મવિશુદ્ધિ થવી જોઇએ. આગળ વધતાં વધતાં સાક્ષીભાવથી એને જોવાની કક્ષા સુધી પહોંચવું જોઇએ.

☆☆☆

# સ્વ. હંસાબહેન મહેતા

❑ રમણલાલ ચી. શાહ

શ્રીમતી હંસાબહેન જીવરાજ મહેતાનું બુધવાર, તા. ૪થી એપ્રિલ, ૧૯૯૫ના રોજ ૯૮ વર્ષની ઉંમરે મુંબઇમાં અવસાન થયું.

એમના અવસાનની નોંધ અખબારોમાં જેટલી લેવાવી જોઇતી હતી તેટલી લેવાઇ નથી એવી ફરિયાદ થઇ છે. જો કે આમ બનવું સ્વાભાવિક છે. વ્યકિત વડાપ્રધાન કે રાષ્ટ્રના પ્રમુખપદે હોય તે વખતે તેમનું અવસાન થાય ત્યારે તેમને, તોપ ફોડવા સાથે સલામીનું માન મળે તેટલું માન નિવૃત્ત થઇને તરતના કાળમાં અવસાન પામે ત્યારે ન મળે.

જાહેર જીવનમાં અત્યંત સક્રિય રહેલી અને વિવિધ સિદ્ધિઓ ધરાવતી વ્યક્તિ જાહેર જીવનમાંથી નિવૃત્ત થાય અને નાદુરસ્ત તબિયતને કારણે વર્ષો સુધી જાહેર જીવનથી અલિપ્ત રહે, લોકસંપર્કમાં રહે નહિ તો તેવી વ્યક્તિનું સ્મરણ લોકોમાં ઓછું ને ઓછું થતું જાય તે સ્વાભાવિક છે. વ્યક્તિ એંસી- નેવુંની ઉંમર વટાવી જાય અને પોતાની હારના જાહેર જીવનના સહકાર્યકરોમાંથી લગભગ ઘણાખરાએ વિદાય લઇ લીધી હોય ત્યારે આવું લોક-વિસ્મરણ સહજ છે. ક્યારેક તો લોકોને પૂછવું પડે કે ફલાણા ભાઇ કે બહેન હજુ હયાત છે?

ત્રીસ કે ચાલીસની ઉંમરે પહોંચેલા તે તે ક્ષેત્રના યુવાનો માટે તો ગત્ જમાનાની આવી મહાન વ્યક્તિ એક ભૂતકાલીન ઘટના જેવી બની રહે છે. સમાજ એકંદરે તો વર્તમાન સમયમાં સક્રિય રહેતી જાહેર જીવનની વ્યક્તિઓમાં જ વિશેષ રસ ધરાવતો રહે છે. શ્રીમતી હંસાબહેન મહેતા સયાજીરાવ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરના હોદ્દેથી નિવૃત્ત થયાં અને મુંબઇમાં આવીને રહ્યાં એ પછી કોઇ જાહેર કાર્યક્રમમાં તેઓ ઉપસ્થિત રહેતાં નહોતાં કે એમની કલમનો પ્રસાદ વર્તમાન પત્રો કે સામયિક દ્વારા કશો જ મળતો નહોતો. આથી લોકો સાથેનો, ખાસ કરીને શૈક્ષણિક જગત અને સાહિત્ય જગત સાથેનો એમનો સંપર્ક રહ્યો ન હતો. આઉટ ઓફ સાઇટ, આઉટ ઓફ માઇંડ જેવી પરિસ્થિતિ ત્યારે પ્રવર્તવા લાગે. પરંતુ આવી પરિસ્થિતિ નિવારવાનું કાર્ય ગુણગ્રાહી સમાજ કર્યા વગર રહે નહિ.

સ્વ. હંસાબહેન મહેતાને મુંબઇમાં એમના ઘરે હું મળવા ગયો હતો એ વાતને પણ સાતેક વર્ષ થયાં હશે! ત્રણ વ્યક્તિઓ મુંબઇ મારા ઘરે ઊતરે ત્યારે કોઇક કોઇક વાર તેમની સાથે હંસાબહેનને મળવા જવાનું મારે થતું: (૧) ચંદ્રવદન ચી. મહેતા (૨) ડૉ. ભોગીલાલ સાંડેસરા અને (૩) કવિ ઉમાશંકર જોશી. એમાં પણ ઉમાશંકર જોશી કરતાં ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ચંદ્રવદન મહેતા હંસાબહેનને મળવા માટે વધુ જતા, કારણ કે હંસાબહેન મહેતા જ્યારે સયાજીરાવ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હતાં ત્યારે એ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ડૉ. સાંડેસરા અને ચંદ્રવદન મહેતાએ કાર્ય કર્યું હતું. બંને ઉપર હંસાબહેનનો ઉપકાર મોટો હતો.

ચંદ્રવદન અને હંસાબહેન મહેતા લગભગ સમવયસ્ક હતાં. બંનેનો જન્મ સૂરતમાં અને ઉછેર વડોદરામાં. હંસાબહેન સાથે ચંદ્રવદનની નિખાલસપણે બેધડક બોલવાની રીત પણ ખરી. પરંતુ ડૉ. સાંડેસરા હંસાબહેન કરતાં વીશેક વર્ષ નાના હતા. એટલે એમને હંસાબહેન માટે આદર-ભાવ ઘણો હતો. 'હંસાબહેન અમારાં વાઇસ ચાન્સેલર છે. સયાજીરાવ યુનિર્સિટીમાં મારી નિમણૂંક કરનાર હંસાબહેન છે.' એવું બોલતાં સાંડેસરાની છાતી ફૂલાતી.

છેલ્લા કેટલાંક વર્ષોથી હંસાબહેન અશક્ત રહેતાં એટલે અમે જ્યારે એમને મળવા જઇએ ત્યારે પોતાની રૂમમાંથી બેઠકના ખંડમાં આવતાં પંદર-વીસ મિનિટ નીકળી જતી. નોકરાણીબાઇ હાથ પકડીને એમને ખંડમાં લાવતી. તેઓ સ્વસ્થપણે વાત કરતાં. યુનિવર્સિટીના કેટલાંક યાદગાર પ્રસંગો વાગોળતા. કેટલીક વાતોથી તેઓ પ્રસન્નતા અનુભવતાં, તો પોતાની યુનિર્સિટીમાં ચાલતા રાજકારણની વાતો સાંભળી ખેદ અનુભવતા. એકંદરે યુનિવર્સિટીની જ વાતો નીકળતી. પરંતુ તેઓ ઘણું ઓછું બોલતાં. ક્યારેક કોઇકના સમાચાર પૂછતા. એટલે વાતનો દોર વધુ ચાલતો નહિ. ચંદ્રવદન, ડૉ. સાંડેસરા કે ઉમાશંકર જોશી માત્ર આદરભાવથી પ્રેરાઇને, હંસાબહેનને ફક્ત વંદન કરવાના અને ખબર જોવાના આશયથી જતા. હું તો ત્રણે કરતાં વયમાં ઘણો નાનો હતો. એટલે હું તો માત્ર સાથ આપવા જતો. અને એમની વાતચીતનો સાક્ષી બનીને શાંત બેસી રહેતો. વળી હંસાબહેન મને ઓળખે પણ નહિ. દર વખતે મારે માટે પૂછે, 'આ ભાઇ કોણ છે?' વૃદ્ધાવસ્થાને લીધે યાદ ન રહે એવું બનવું સ્વાભાવિક હતું. એમની વિસ્મૃતિથી મને ક્ષોભ થતો નહિ.

છેલ્લે છેલ્લે તો ચંદ્રવદન કહેતા કે હંસાબહેનને મળવા જવાની ઇચ્છા થતી નથી, કારણ કે આપણા જવાથી એમને ઘણી તકલીફ પડે છે. હંસાબહેન કેટલાંક વર્ષથી પથારીવશ તો હતાં, પરંતુ ત્યારપછી એમણે આંખોનું તેજ પણ ગુમાવી દીધું હતું. આંખોનું તેજ ચાલ્યા ગયા પછી તેમની પરાધીનતા વધી ગઇ હતી. જ્યાં સુધી આંખો ચાલી ત્યાં સુધી તેઓ કંઇક ને કંઇક વાંચતાં રહેતાં, કારણ કે તેમનો વાચનનો શોખ ઘણો હતો. તેમને રેડિયો પર આવતી ક્રિકેટની કોમેન્ટરી સાંભળવાનો રસ પણ ઘણો હતો. પરંતુ છેલ્લાં વર્ષોમાં તેમના જીવનદીપનું તેજ નૈસર્ગિક રીતે પણ ઓછું થતું જતું હતું.

હંસાબહેન મહેતા એટલે જાજ્વલ્યમાન નારી. એમને તેજસ્વિતા વારસામાં મળી હતી. તેઓ વડોદરા રાજ્યના દીવાન સર મનુભાઇ મહેતાનાં પુત્રી. સયાજીરાવના રાજ્યકાળમાં સર મનુભાઇ દીવાને રાજ્યની પ્રગતિમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. સર મનુભાઇ મહેતા પોતે પણ ગુજરાતના પ્રથમ નવલકથાકાર 'કરણઘેલો'ના કર્તા, સુરતના શ્રી નંદશંકર તુળજાશંકર મહેતાના પુત્ર. ભારતના દેશી રાજ્યોમાં સયાજીરાવ ગાયકવાડનું વડોદરા રાજ્ય ઘણું પ્રગતિશીલ રાજ્ય ગણાતું. એ રાજ્યના દીવાનના ઘરમાં જેનો ઉછેર થયો હોય એ સંતાનને જન્મથી જ કેટલાક વિશેષ લાભ મળે અને એની બુદ્ધિ-પ્રતિભા ખીલે એ કુદરતી છે.

હંસાબહેન એમના જમાનામાં બી.એ. અને એમ.એ. થયેલાં. એ જમાનામાં છોકરાઓમાં પણ મેટ્રિક થયેલા છોકરાઓ કોઇક જ જોવા મળે. આખા ઇલાકામાં ફક્ત બે-ત્રણ કોલેજો હોય એ જમાનામાં કોલેજમાં જઇ અભ્યાસ કરવો એ છોકરી માટે નવાઇની વાત હતી, વળી કેટલીક જ્ઞાતિમાં નિષિદ્ધ જેવી વાત પણ હતી અને રૂઢિચુસ્ત સમાજમાં ક્રાંતિકારક ઘટના જેવી લેખાતી હતી. લેડી વિદ્યાબહેન નીલકંઠ, સૌદામિની મહેતા, શારદાબહેન મહેતા વગેરેનાં નામો પછી હંસાબહેન મહેતાનું નામ પણ બોલાતું.

યુનિવર્સિટીના શિક્ષણમાં નાગર કોમની યુવતીઓ જેટલી મોખરે હતી તેટલી અન્ય કોમની નહોતી. વિદ્યાબહેન નીલકંઠ પ્રથમ મહિલા ગ્રેજ્યુએટ હતાં. હંસાબહેન મહેતા પ્રથમ એમ.એ. થનાર મહિલા હતાં.

હંસાબહેનનો જન્મ સુરતમાં વડનગરા નાગર જ્ઞાતિમાં ત્રીજી જુલાઇ ૧૮૯૭ના રોજ થયો હતો. બાલ્યકાળથી જ તે ખૂબ હોંશિયાર હતાં. તેમની સ્મરણશક્તિ ઘણી સારી હતી. ૧૯૧૩માં તેઓ મેટ્રિક થયાં ત્યારે 'ચેટફિલ્ડ પ્રાઇઝ', 'નારાયણ પરમાનંદ પ્રાઇઝ' વગેરે મેળવેલાં. મેટ્રિક પછી વડોદરા કોલેજમાં તેઓ દાખલ થયાં ત્યારે ત્યાં વિદ્યાર્થી સમાજ, વક્તૃત્વ મંડળી વગેરેની સ્થાપનામાં તેમણે સક્રિય રસ લીધેલો.

હંસાબહેનને સંસ્કૃત અને ઇંગ્લિશ ભાષાના વિષયમાં ઘણો રસ હતો. (કૉલેજ કક્ષાએ ગુજરાતી વિષય ત્યારે હજુ દાખલ થયો નહોતો.) તેટલો જ રસ તત્ત્વજ્ઞાનમાં રહેતો. હંસાબહેને મુંબઇ યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા ફિલોસોફીના વિષય સાથે સારા માર્ક્સે પાસ કરી.

તે પછી તેઓ વધુ અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડ ગયાં. તેમણે ત્યાં રહીને લંડન યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને પત્રકારત્વના વિષયનો અભ્યાસ કર્યો. ઈંગ્લેન્ડનાં આ બે વર્ષના અભ્યાસ દરમિયાન તેમને સુપ્રસિદ્ધ ભારતીય કવયિત્રી શ્રીમતી સરોજિની નાયડુનો પરિચય થયો હતો. ૧૯૨૦માં જીનિવામાં ઇન્ટરનેશનલ વિમેન્સ કોન્ફરન્સ યોજાઇ હતી તેમાં ભાગ લેવા માટે તેઓ સરોજિની નાયડુ સાથે જીનિવા ગયાં હતાં. જે દિવસોમાં પ્રવાસીઓ માટે વિમાન વ્યવહાર નહોતો એ દિવસોમાં તેઓ સ્ટીમરમાં ઈંગ્લેન્ડમાં ગયાં હતાં. ઈંગ્લેન્ડમાં બે વર્ષ અભ્યાસ કર્યા પછી ૧૯૨૨માં તેઓ વધુ અભ્યાસ અર્થે અમેરિકા ગયાં હતાં. ૧૯૨૩માં સાન ફ્રાંસિસ્કોમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય કેળવણી પરિષદમાં તેમણે ભાગ લીધો હતો. આ રીતે યુવાન વયે જ તેમણે પોતાની તેજસ્વિતા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દાખવી હતી.

૧૯૨૩માં હંસાબહેન વિદેશમાં અભ્યાસ કરીને વડોદરા પાછાં ફર્યાં તે વખતે તેમની ઉંમર પચીસેક વર્ષની હતી. એ જમાનામાં એક કોલેજ કન્યા તરીકે આટલી બધી પ્રગતિ કરનાર અને આટલી તેજસ્વી કારકિર્દી ધરાવનાર યુવતીનો જોટો મળે નહિ. એ દિવસો સામાજિક રૂઢિઓનાં બંધનોના હતા. જે જમાનામાં મોટા ભાગની છોકરીઓ હાઇસ્કૂલમાં અભ્યાસ કરવા જતી ન હતી, તથા જવલ્લે જ કોઇક છોકરી મેટ્રિક સુધી પહોંચતી હતી અને પંદર-સત્તર વર્ષે છોકરીઓનાં લગ્ન થતાં એ જમાનામાં યુનિવર્સિટીની ડિગ્રી મેળવ્યા પછી વિદેશ જઇ ઉચ્ચ અભ્યાસ કરીને પાછા આવવું એ એક કોલેજ કન્યા માટે વિરલ ઘટના હતી. પરંતુ બીજી બાજુ એમાં સામાજિક સમસ્યા ઊભી થતી કે આવી કન્યાઓ માટે પોતાની જ્ઞાતિમાં યોગ્ય ઉમેદવાર હોય નહિ અને અન્ય જ્ઞાતિમાં લગ્ન થઇ શકે નહિ. જ્ઞાતિનાં બંધનો આજે જેટલાં શિથિલ છે ત્યારે તેટલાં નહોતાં. જ્ઞાતિમાંથી બહિષ્કૃત થવું એ ઘણી મોટી સજા ગણાતી હતી. એ દિવસોમાં હંસાબહેન મહેતા માટે પોતાની વડનગરા નાગર જ્ઞાતિમાં કોઇ યોગ્ય યુવાન હતો નહિ. સર મનુભાઇ દીવાનનું કુટુંબ પ્રગતિશીલ હતું. છતાં જ્ઞાતિનાં બંધનો તોડવા જેટલું સાહસ કરવાની હિંમત તેમનામાં હતી કે કેમ તે પ્રશ્ન છે. એ વખતે વડોદરા રાજ્યમાં ચીફ મેડિકલ ઓફિસર તરીકે કામ કરનાર તેજસ્વી યુવાન ડૉ. જીવરાજ મહેતા હતા. તેઓ અમરેલીના વતની હતા અને અમરેલી વડોદરા રાજ્યનું શહેર હતું. એટલે ગાયકવાડી રાજ્યમાં એના પ્રજાજન તરીકે ડૉ. જીવરાજ મહેતાને સયાજીરાવ ગાયકવાડે મોટી પદવી આપી હતી. ડૉ. જીવરાજ મહેતા કપોળ જ્ઞાતિના હતા. હંસાબહેન માટે તે યોગ્ય ઉમેદવાર હતા. તેમની સાથે હંસાબહેનનાં લગ્ન થાય એવી સયાજીરાવની ઇચ્છા અને સંમતિ હતી. પરંતુ જ્ઞાતિ બહાર લગ્ન કરવાનો પ્રશ્ન ઘણો વિકટ હતો. ઇ. સ. ૧૯૨૪માં એટલે કે આજથી ૭૦ વર્ષ પહેલાં હંસાબહેને ડૉ. જીવરાજ મહેતા સાથે પ્રેમલગ્ન કર્યાં. ત્યારે એ આંતરજ્ઞાતીય લગ્ન માટે એમનાં કુટુંબીજનોએ પણ જબરો વિરોધ કર્યો. મોસાળ પક્ષે તો તેમનો બહિષ્કાર કર્યો હતો. માત્ર વડોદરા રાજ્યમાં જ નહિ, સમગ્ર ગુજરાતમાં તે સમયે ઘણો મોટો ખળભળાટ મચી ગયો હતો. એ વખતે છાપાંઓ ઓછાં નીકળતાં હતાં, પણ પત્રિકાઓ ઘણી નીકળતી હતી. એવી પત્રિકાઓ ઘેર ઘેર લોકોને વહેંચવામાં આવતી. ઠીક ઠીક લાંબા સમય સુધી આવી પત્રિકાઓ નીકળ્યા કરી હતી. (વડોદરા શહેરની નેવું વર્ષની ઉપરની ઉંમરની જે વ્યક્તિઓ હાલ હયાત હશે તેવી વ્યક્તિને એ સમયનું ખળભળાટનું વાસ્તવિક દ્રશ્ય નજર સામે તરવરશે. મારા પિતાશ્રી હાલ ૯૯ વર્ષની ઉંમરના છે. તેઓની પણ આ પ્રસંગની સ્મૃતિ તાજી છે.)

એ સમયે બાલયોગીના ઉપનામથી કોઇક ઘણી પત્રિકાઓ કાઢતું હતું. એવી પત્રિકાઓમાં બેફામપણે લખાતું. સર મનુભાઇ પોતાની પુત્રીની આ ઘટના માટે અંગત માન્યતા અને જાહેર અભિપ્રાય જુદાં જુદાં ધરાવતા.

વડોદરામાં જે જાતના ખળભળાટ ભર્યું વાતાવરણ હતું તે જોતાં ત્યાં વધુ સમય રહેવાનું ગમે એવું નહોતું. એથી હંસાબહેન અને ડૉ. જીવરાજ મહેતા મુંબઇ આવ્યાં.

ડૉ. જીવરાજ મહેતા કે.ઇ.એમ. હૉસ્પિટલમાં ડીન તરીકે જોડાયા. હંસાબહેન પણ ભગિની સમાજ અને બીજી કેટલીક સંસ્થાઓમાં સક્રિય કાર્ય કરવા લાગ્યા. તેઓ મ્યુનિસિપલ સ્કૂલ કમિટિમાં પણ સભ્ય તરીકે સેવા આપવા લાગ્યાં હતાં. સાહિત્ય અને શિક્ષણ એ બે એમનાં રસના ક્ષેત્ર રહ્યાં હતાં. લેડી તાતાએ એમને 'ધી નેશનલ કાઉન્સિલ ઓફ વીમેન ઇન ઇન્ડિયાનાં મંત્રી તરીકે નિયુક્તિ કરી હતી.

મુંબઇ આવીને સ્થિર થવાનું બીજું પણ એક પ્રયોજન હતું. એ દિવસોમાં ગાંધીજીએ ચાલુ કરેલી અસહકાર અને સત્યાગ્રહની ચળવળ વેગ પકડતી જતી હતી. બ્રિટિશ હકુમત અને દેશી રાજ્યોની ભેદરેખા ત્યારે વધારે સુદ્રઢ હતી. ગાયકવાડી રાજ્યમાં રહીને બ્રિટિશ સરકાર સામેના આંદોલનમાં ભાગ લેવો અને તે પણ રાજ્યના દીવાનની પુત્રીએ, એમાં કેટલીક સમસ્યાઓ રહેલી હતી. મુંબઇથી એવી પ્રવૃત્તિ કરવામાં અનુકૂળતા હતી. હંસાબહેનને ૧૯૩૦માં દાંડીકૂચમાં ભાગ લીધો હતો. તેઓ ત્રણેક વાર જેલમાં જઇ આવ્યાં હતાં. તેઓ ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યાં હતાં. ગાંધીજીએ તેમને તાડી-દારૂની દુકાનો અને વિદેશી કાપડની દુકાનો પાસે પિકેટિંગ કરવાનું કામ સોંપ્યું હતું. તેમણે એ કાર્ય પેરીનબહેન કેપ્ટન સાથે મળીને કર્યું હતું. હંસાબહેન, પેરીનબહેન કેપ્ટન, સોફિયા ખાન, વિજયાબહેન કાનુન્ગા વગેરેએ મળીને મુંબઇમાં 'દેશસેવિકા સંઘ'ની સ્થાપના કરી હતી. મુંબઇમાં બ્રિટિશ સરકાર સામે જે લડત ચાલી તેમાં સરઘસનું નેતૃત્વ સંભાળવા માટે પેરીબહેનની ધરપકડ થઇ, તે પછી હંસાબહેને એ નેતૃત્વ સંભાળ્યું ત્યારે એમની પણ ધરપકડ થઇ હતી અને એમને કારાવાસ ભોગવવો પડ્યો હતો. હંસાબહેને એક સુશિક્ષિત સન્નારી તરીકે ત્યારે માત્ર ગુજરાતમાં જ નહિ, સમગ્ર ભારતમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

૧૯૩૪માં હંસાબહેન મુંબઇ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ બન્યાં હતાં. ૧૯૩૭માં બ્રિટિશ શાસન દરમિયાન મુંબઇ ધારાસભાની ચૂંટણીમાં હંસાબહેન ચૂંટાઇ આવ્યાં હતાં. ખેર સાહેબના પ્રધાન મંડળમાં તેઓ શિક્ષણ ખાતાના પ્રધાન થયાં હતાં. એ બતાવે છે કે હંસાબહેન કેટલાં લોકપ્રિય હતાં અને વહીવટી ક્ષેત્રે કેટલાં બધાં કાર્યદક્ષ હતાં.

હંસાબહેનનો જીવ સાહિત્યકારનો હતો. કોલેજમાં અભ્યાસ કરતાં હતાં ત્યારથી જ એમની લેખન પ્રવૃત્તિ ચાલુ થઇ હતી. બાળસાહિત્યમાં તેમને વિશેષ રસ હતો. એમણે 'બાળવાર્તાવલિ', 'અરુણનું અદ્ભુત સ્વપ્ન' વગેરે કૃતિઓ ઉપરાંત નાટકના ક્ષેત્રે 'ત્રણ નાટકો', 'હિમાલય સ્વરૂપ અને બીજાં નાટકો' જેવી મૌલિક કૃતિઓ રચી હતી. તદ્‌ઉપરાંત મોલિયેરના નાટક ઉપરથી 'બાવલાનાં પરાક્રમો'ની રચના કરી હતી તથા શેક્સપિયરના નાટક 'હેમ્લેટ' અને વેનિસનો વેપારીના અનુવાદ જેવી રચનાઓ આપી હતી. તદુપરાંત એમણે રામાયણના અરણ્યકાંડ, યુદ્ધકાંડ અને સુંદરકાંડ ઉપરથી પણ અનુવાદો કર્યા હતા. યુનિવર્સિટીના વહીવટીક્ષેત્રમાં જોડાયા પછી હંસાબહેનની લેખન પ્રવૃત્તિ સ્થગિત થઇ ગઇ હતી જે જીવનના અંત સુધી ફરી પાછી ચાલુ થઇ નહોતી.

ભારતને આઝાદી મળી ત્યારે ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે (૧૪મી ઓગસ્ટે રાતના બાર વાગે) સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી વખતે ભારતની મહિલાઓ વતી રાષ્ટ્રને રાષ્ટ્રધ્વજ અર્પણ કરવાનું સદ્‌ભાગ્ય હંસાબહેનને પ્રાપ્ત થયું હતું. સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણ સભાની (Constituent Assembly)ની રચના થઈ ત્યારે તેના એક સભ્ય તરીકે તેમની વરણી થઇ હતી. સ્વતંત્ર ભારતમાં મહિલાઓને સમાન હક અને સમાન તક મળે એ માટે એમણે એક આવેદન પત્ર બંધારણ સભામાં રજૂ કર્યું હતું. યુનાઇટેડ નેશન્સ તરફથી માનવ હકોનું જાહેરનામું (Charter of Human Rights) ઘડવા

માટે પંચની રચના થઇ ત્યારે ભારતનાં મહિલા પ્રતિનિધિ તરીકે હંસાબહેનની નિમણુંક થઇ હતી. હંસાબહેનને એ પંચના સભ્ય તરીકે પાંચ વર્ષ કાર્ય કર્યું હતું અને તેમાં છેલ્લા વર્ષમાં તો તેઓ પંચનાં પ્રમુખ થયાં હતાં. યુનેસ્કોની સમિતિનાં સભ્ય તરીકે પણ તેમની વરણી થઇ હતી. એમની સિદ્ધિઓ દર્શાવે છે કે બુદ્ધિશક્તિ, વિષયની જાણકારી, મૌલિક ચિંતન વગેરેમાં તેઓ કેવાં તેજસ્વી હતાં. હંસાબહેનમાં મહિલાઓના હક માટેની જાગૃતિ પૂરેપૂરી હતી. તેમ છતાં માત્ર મહિલાઓના પક્ષકાર જેવી તેમનામાં સંકુચિતતા નહોતી કે મહિલાઓને સદા અન્યાય થયા કરે છે એવા ભૂતનું વળગણ તેમને નહોતું. તેઓ મહિલાઓના પ્રશ્નો વિશે પણ સ્વતંત્ર, સ્વસ્થ, તટસ્થ, સમતોલ અને ઉદારમતવાદી વિચારણા ધરાવનારાં હતાં.

હંસાબહેનના પિતાશ્રી સર મનુભાઇ દીવાને વડોદરા રાજ્યની ઘણી મોટી સેવા કરી હતી. વડોદરામાં યુનિવર્સિટીની સ્થાપના કરવાનું સ્વપ્ન મહારાજા સયાજીરાવ ગાયકવાડે સેવેલું હતું અને એ માટે મોટી રકમ અનામત રાખેલી હતી, પરંતુ એમના જીવનકાળ દરમિયાન યુનિવર્સિટીની સ્થાપના થઇ શકી નહિ. ભારતને આઝાદી મળ્યા પછી વડોદરામાં 'મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી'ની સ્થાપના થઇ શકી અને એ યુનવર્સિટીના પ્રથમ વાઇસ ચાન્સેલર થવાનું માન અને સદ્‌ભાગ્ય શ્રીમતી હંસાબહેન મહેતાને પ્રાપ્ત થયું એ પણ સુંદર સુયોગ ગણી શકાય. હંસાબહેને ભારતની યુનિવર્સિટીઓમાં પ્રથમ મહિલા વાઇસ ચાન્સેલર થવાનું માન પણ પ્રાપ્ત કર્યું. પોતાના પિતાનું અને પોતાના મહારાજાનું કાર્યક્ષેત્ર મળતાં હંસાબહેને નિષ્ઠાપૂર્વક અને કાર્યદક્ષતાપૂર્વક નવ વર્ષ સુધી યુનિવર્સિટીને વાઇસ ચાન્સેલર તરીકે ઘણી મહત્ત્વની સેવા આપીને એ યુનિવર્સિટીને ભારતની અગ્રગણ્ય યુનિવર્સિટીઓમાં સ્થાન અપાવ્યું અને વિદેશમાં ઘણી મોટી ખ્યાતિ અપાવી. એમણે ગૃહવિજ્ઞાન (Home Science)નો વિભાગ શરૂ કરાવ્યો અને બીજા પણ કેટલાક નવા વિષયો યુનિવર્સિટીમાં દાખલ કરાવ્યા.

હંસાબહેન આ રીતે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે જે મહત્ત્વની કામગીરી બજાવી તેની કદર રૂપે અલાહાબાદ યુનિવર્સિટીએ અને સયાજીરાવ યુનિવર્સિટીએ તેમને ડિ. લિટ.ની માનદ્ પદવી આપી હતી. તદુપરાંત ભારત સરકારે તેમને ૧૯૫૯ના વર્ષમાં પ્રજાસત્તાક દિને 'પદ્મભૂષણ'નો ઇલ્કાબ આપ્યો હતો.

હંસાબહેને સયાજીરાવ યુનિવર્સિટીના વાઇસચાન્સેલર તરીકે એક મહત્ત્વનું કામ એ કર્યું કે ચંદ્રવદન મહેતાને વિઝિટીંગ પ્રોફેસર તરીકે નિમણુંક આપી. ચંદ્રવદન મહેતા ઓલ ઇન્ડિયા રેડિયોમાંથી નિવૃત્ત થયા હતા. તેઓ એકલા, તરંગી સ્વભાવના અને રખડતા રામ હતા ! નાટકના એ જિનિયસ હતા. લેખન ઉપરાંત વાંચન, પ્રવાસ અને અનુભવની દૃષ્ટિએ તેઓ ઘણાં સમૃદ્ધ હતા. આવી વ્યક્તિઓનો સમાજને, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રને લાભ વધુ મળે એ દૃષ્ટિએ એમને કોઇક યુનિવર્સિટીમાં કંઇક સ્થાન આપવું જોઇએ. પરંતુ સતત ભ્રમણશીલ સ્વભાવના ચંદ્રવદવન એમ કાયમને માટે એક સ્થળે બંધાઇ જાય એવા નહોતા. રમણલાલ દેસાઇ અને ઉમાશંકરે હંસાબહેનને કહેલું કે 'ચંદ્રવદનને તમારે કાયમ માટે ખીલે બાંધવાની જરૂર છે. તમારી યુનિવર્સિટીમાં તમારે એ કેવી રીતે કરવું તેનો રસ્તો તમે શોધી કાઢો.'

હંસાબહેને એવો સરસ ઉપાય શોધી કાઢ્યો કે ચંદ્રવદન જીવનના અંત સુધી સયાજીરાવ યુનવર્સિટીના થઇને રહ્યા. હંસાબહેને ચંદ્રવદનને વિઝિટિંગ પ્રોફેસર તરીકે નિમણૂંક આપી. યુનિવર્સિટીની હોસ્ટેલમાં મનુભાઇ મહેતા હોલમાં (આ મનુભાઇ મહેતા હોલ તે હંસાબહેન મહેતાના પિતાશ્રીની યાદમાં હોસ્ટેલને અપાયેલું નામ) ઉપરના માળે એક સ્વતંત્ર, અલાયદો ખંડ આપવામાં આવ્યો અને યુનિવર્સિટીમાં એવી રીતનો ઠરાવ થયો કે ચંદ્રવદન મહેતા જીવે ત્યાં સુધી એ રૂમમાં રહી શકે. વળી એમના અધ્યાપન કાર્ય માટે પણ સમયનું કોઇ બંધન રાખવામા આવ્યું નહિ. જ્યારે ઇચ્છા થાય ત્યારે અગાઉથી જાણ કરીને વર્ગ લઇ શકે. પીએચ.ડી. ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે. બહારગામ કે વિદેશ જવા માટે તેમને કોઇ રજા-અરજી કરવાની રહે નહિ, કારણ કે વિઝિટિંગ પ્રોફેસર તરીકેની એમને નિમણુંક આપવામાં આવી હતી. આમ હંસાબહેને જે રસ્તો કાઢ્યો એથી ચંદ્રવદનને પોતાને, સયાજીરાવ યુનિવર્સિટીને અને ગુજરાતી સાહિત્યને ઘણો લાભ થયો.

આ બાજુ ડૉ. જીવરાજ મહેતા ગાંધીજીના અંગત તબીબ બન્યા હતા. એમણે ગાંધીજીની વર્ષો સુધી સેવા કરી હતી. જીવનની ઉત્તરાવસ્થામાં ડૉ. જીવરાજ મહેતા તબીબી વ્યવસાય કરતાં સક્રિય રાજકારણમાં વધુ રસ લેવા લાગ્યા હતા. ૧૯૬૦માં જ્યારે ગુજરાતના સ્વતંત્ર રાજ્યનું નિર્માણ થયું ત્યારે એના પ્રથમ મુખ્ય મંત્રી ડૉ. જીવરાજ મહેતા થયા હતા. એમણે એ પદ ઉપર દસ વર્ષ રહી પોતાની વહીવટી કુશળતાથી ગુજરાત રાજ્યની ઘણી સારી સેવા કરી હતી. ૧૯૮૭માં એમનું અવસાન થયું તે પછી હંસાબહેન મુંબઇમાં આવીને પોતાનાં સંતાનો સાથે રહ્યાં ત્યારે એંસીની ઉંમરે પહોંચેલા હંસાબહેન જાહેર જીવન અને જાહેર સંપર્ક સમેટી લઇ એકાંતપ્રિય બની વાંચન-મનનમાં પોતાનો સમય પસાર કરવા લાગ્યાં . પછીથી તો તબિયતની પ્રતિકૂળતા પણ રહેવા લાગી.

હંસાબહેનનાં જીવનનાં અંતિમ વર્ષો શાંતિમાં પસાર થયાં હતાં. શક્તિ અનુસાર પ્રાપ્ત થતા જાહેર જીવનનો જેમ આનંદ છે તેમ જાહેર જીવનમાંથી સદંતર નિવૃત્ત થઇ શાંત, એકાંતપ્રિય જીવન જીવવાનો પણ એક વિશેષ પ્રકારનો આનંદ હોય છે. હંસાબહેને ઉભય પ્રકારના આનંદનો સંતર્પક અનુભવ કર્યો હતો.

ભારતનાં આ સુવિખ્યાત સન્નારીના જીવનમાંથી ઘણાંને પ્રેરણા મળી રહે એમ છે. એમના પુણ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

●●●

## પાલઘરમાં રોગ નિદાન કૅમ્પ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવાર, તા. ૧૧મી જૂન-૧૯૯૫ના રોજ પાલઘર તાલુકામાં આદિવાસી વિસ્તારના પડઘે નામના ગામમાં સર્વ રોગના નિદાન માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માટે ડૉ. પ્રવીણભાઇ મહેતા અને તેમના સાથીદાર ડૉક્ટરોની ટુકડી સાથે, મુલાકાત માટે સંઘના સભ્યો-કાર્યકર્તાઓ ડૉ. રમણભાઇ શાહ, શ્રીમતી તારાબહેન શાહ, શ્રીમતી નિરુબહેન શાહ, શ્રી પન્નાલાલ શાહ, શ્રી ઉષાબહેન મહેતા, શ્રી ભૂપેન્દ્રભાઇ ઝવેરી, શ્રી વાડીલાલ ગોસલિયા, શ્રીમતી તારાબહેન ગોસલિયા વગેરે પણ જોડાયાં હતાં. ડૉ. પ્રવીણભાઇ મહેતાએ પાલઘર જવા-આવવા માટેની બસની વ્યવસ્થા કરી હતી.

આ કેમ્પમાં આશરે ૨૦૦ જેટલાં દર્દીઓ આવશે એવી ધારણા હતી, પરંતુ જેમ જેમ ખબર પડી તેમ તેમ દૂર દૂરના ગામડાઓથી પગે ચાલીને ઘણાં દર્દીઓ આવ્યા હતા અને એમ કરતા દર્દીઓની સંખ્યા ૪૫૦ જેટલી થઇ હતી અને સવારે નવ વાગે શરૂ કરેલા કેમ્પનું કામકાજ સાંજના ૪-૩૦ સુધી ચાલ્યું હતું. નિદાન કરીને દર્દીઓને ત્યાં જ દવા વગેરે આપવામાં આવી હતી અને સાતેક જેટલા ગંભીર માંદગીવાળા દર્દીઓને મુંબઇ લાવીને હૉસ્પિટલમાં દાખલ કરવાની વ્યવસ્થા ડૉ. પ્રવીણભાઇ મહેતાએ કરી હતી. સંઘના આર્થિક ઉપક્રમે યોજાયેલા આ કેમ્પનો લાભ આ રીતે ઘણાં બધા આદિવાસી દર્દીઓએ લીધો હતો અને કેમ્પનું સંચાલન અથાગ પરિશ્રમ કરીને ડૉક્ટરોએ સફળતાપૂર્વક કર્યું હતું.

-મંત્રીઓ

# ગતશતકના ગણિતજ્ઞ પ્રો. સ્વામિનારાયણકૃત - 'स्वदेश–सेवाष्टकम्' ।

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

થોડાંક સમય પહેલાં મને મારા એક વડીલ સ્નેહી પ્રિ. આર. પી. પંડ્યા પાસેથી 'ઉદ્‌બોધન' માસિકનો મે, ૧૯૦૮નો એટલે કે ૮૭ સાલ જૂનો અંક મળ્યો. એના 'તંત્રવાહક-અને પ્રકાશક'-'એક યુવકવર્ગ'. લેખકની યાદીમાં બે પરિચિત નામ લાગ્યાં, જેમના થોડાક પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય પણ મને પ્રાપ્ત થયેલું. એ બે નામ તે ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ અને પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણ. ૧૯૨૯ની જુલાઈની ૨૭મી તારીખે ડૉ. હરિપ્રસાદ દેસાઈ પૂ. ગાંધીજીને લઈને, હું જે રાષ્ટ્રીય શાળામાં ભણતો હતો.-કડીની સર્વ-વિદ્યાલયમાં-ત્યાં આવેલા. એ પછી જૂનાગઢ ખાતે ભરાયેલી 'ગુજરાત સાહિત્ય પરિષદ'માં પણ અમો ભેગા થઈ ગયેલા. પૂ. બાપુની અસહકારની ચળવળમાં ભાગ લેવા પ્રો. સ્વામિનારાયણે ગુજરાત કોલેજ છોડેલી. ઓલિયા જેવા નિરભિમાની સમાજસેવક, સંસ્કૃતના વિદ્વાન ને મહાન ગણિતજ્ઞ. જેમણે કડીની રાષ્ટ્રીય સંસ્થાની શરૂઆતથી તેમાં ઓતપ્રોત બની પ્રથમ વીસીના ઉપ-પ્રમુખ-પ્રમુખ તરીકે સંસ્થાના સંગઠ્ઠનને યોજવામાં, સંસ્કારવામાં ને સુદ્રઢ બનાવવામાં અગ્રીમ ભાગ ભજવેલો તેમને પણ અનેકવાર મળેલો. પ્રો. જેઠાલાલના ચિરંજીવી પ્રો. શાંતિલાલ સ્વામિનારાયણ પણ અમદાવાદની એક કોલેજમાં ગણિતશાસ્ત્રના પ્રોફેસર હતા. પ્રો. જેઠાલાલભાઈનો જન્મ તા. ૨૯-૮-૧૮૮૪ અને અવસાન તા. ૨૪-૬-૧૯૪૧. એમના જન્મનું આ ૧૦૧મું વર્ષ. પ્રો. સ્વામિનારાયણ મુંબઈ ધારાસભાના સભ્ય પણ હતા. શ્રીમતી લીલાવતી મુનશીએ એમનાં 'રેખાચિત્રો'માં, ધારાસભાની બે દિવસની કાર્યવાહી વર્ણવી છે. (પૃ. ૨૦૭, ૨૦૮) એ વર્ણનમાંથી પ્રોફેસર સ્વામિનારાણની નખશિખ છબી ઉપસે છે. આ રહ્યું એ તાદ્રશ અને મૂર્ત વર્ણન.

'પીટીટ પછી બોલ્યા શિવદાસાની. ઠરાવ હતો સાયમન કમીટીનો પણ બોલ્યા ઘણુંખરું બારડોલી ઠરાવ ઉપર. તેમના પછી વારો આવ્યો રા. સ્વામિનારાયણનો. આ રા. સ્વામિનારાયણને કોણ નથી ઓળખતું? એમના બોલ ને એમની બોલવાની રીત, એમનો વેશ અને તે પહેરવાની રીત, એમના વિચારો ને તે દર્શાવવાની રીત, એ સૌ કોઈ કવિના શબ્દમાં 'અનેરાં' કહી શકાય. ચરોતરના પ્રદેશની સઘળી સંસ્કૃતિના એમને મૂર્તિમાન અવતારરૂપ ગણી શકાય. એથી વધારે ઓળખાણ કોઈને જોઈએ તો તેઓ એકવાર ગણિતના પ્રોફેસર હતા અને જ્યારે તેઓ કોલેજમાં હતા ત્યારે નહાવાની ઓરડીની ભીંતો પણ ગણિતના દાખલાઓથી ભરી મૂકતા, એવી એમની ગણિતભક્તિ હતી. મતે તેઓ જહાલ પક્ષના, હાલ કાઉન્સીલમાં સ્વરાજ-પક્ષ તરફથી બિરાજે છે.'

તા. ૪-૧-૧૯૨૬ના રોજ મહારાજા સયાજીરાવ ગાયકવાડે કડીની રાષ્ટ્રીય સંસ્થા 'સર્વ વિદ્યાલય'ની મુલાકાત લીધેલી ત્યારે પ્રો. સ્વામિનારાયણને મળવાનું ખાસ માન આપેલું. તેમાં મહારાજા સાહેબની માનવ-ઝવેરાતને પરખવાની વિશિષ્ટ શક્તિ સાથે પ્રો. સ્વામિનારાયણના અનેરા વ્યક્તિત્વનું પણ દર્શન થાય છે. વર્ષો પૂર્વે તેમણે 'પરાક્રમી પૌરવ યાને ભારતનું ગૌરવ' તથા 'મહારાણા હમીરસિંહ' નામનાં નાટકો લખેલાં જે પ્રગટ થયેલાં છે. ગુજરાતી સાહિત્યના ઓછા અભ્યાસીઓને આની જાણ હશે. ઉપર્યુક્ત 'ઉદ્‌બોધન'ના અંકમાંથી મને પ્રો. સ્વામિનારાયણનું 'સ્વદેશસેવાષ્ટકમ્' નામનું સંસ્કૃત કાવ્ય મળ્યું છે. જેમાં તેમની ઉગ્ર રાષ્ટ્રભક્તિનું દર્શન થાય છે. બંકિમબાબુના 'આનંદમઠ'માં અને ટાગોરની 'ઘરે બાહિરે' નવલકથામાં જે રાષ્ટ્રભક્તિનું દર્શન થાય છે તેવી જ ભક્તિ આ અષ્ટકમાં નિરૂપાઈ છે. ભૂલાઈ જતા એક સંસ્કારી રાષ્ટ્રપ્રેમીની સ્મૃતિને તાજી કરવામાં આ અષ્ટક નિમિત્ત બનશે.

## स्वदेश–सेवाष्टकम् ।

स्वतंत्रतासौम्यफलोपभोगं
संदर्शयन्ती नियतं जनानाम् ।
अपारदुःखोदधिनाशदक्षा
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ १ ॥
ददाति याभीष्टमनोरथांश्च
दरिद्रतादुष्टरिपुं च दाति ।
उन्मूलितानर्थपरंपरा च
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ २ ॥
अरीन बलिष्ठान प्रजिहीर्षमाणान्
समूलनष्टांस्त्वरया करोति ।
परं च या मङ्गलहेतु भूता
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ ३ ॥
उपास्य यां रामरमेश मुख्या ः
पुरातना भूपतयो विशुद्धा ः ।
चक्रुर्मही ध्वस्तनिशाचरां सा
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ ४ ॥
स्थिरप्रतिज्ञो महितः प्रतापः
संश्रित्य यस्या युयुधे पदाब्जम् ।
स्वधर्ममार्यस्य ततो रक्षा
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ ५ ॥
यस्या प्रभावेण शिवावतारो
नृपादुरालोकभुजो भवान्याः ।
म्लेच्छान् मर्मदाशु महोग्रतेजाः
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ ६ ॥
निधाय यां चित्तसरोजमध्ये
लक्ष्मीश्च राज्ञी करवालहस्ता ।
संचुर्णयामास रिपोर्बलानि
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ ७ ॥
अमोघवीर्या विपदाकुलानां
विपत्तिहा सा सुखदा सदा नः ।
गतप्रतिष्ठैः पुरुषैः सुसेव्या
स्वदेशसेवैव महाव्रतं स्यात् ॥ ८ ॥
मनः स्थिरीकृत्य पठेज्जनो य
इमां स्तुतिं पापचयाग्निकल्पाम् ।
ध्रुवं समासादित दिव्यशक्तिः
स्वदेश मोक्षाय भवेत् समर्थ ॥ ९ ॥

## 'स्वदेश-सेवाष्टकम्'નું ગુજરાતી ભાષાન્તર

(૧) માણસજાતને સ્વતંત્રતાના સૌમ્ય-મિષ્ટ ફળોનો અચૂક સ્વાદ ચખાડનારી અને અસંખ્ય દુઃખરૂપી મહાસાગરનો નાશ કરવા સમર્થ એવી સ્વદેશ-સેવા એજ અમારું મહાન વ્રત હો.

(૨) જે આપણા ઈષ્ટ મનોરથોને પ્રાપ્ત કરાવે છે, જે દરિદ્રતારૂપી દુષ્ટ શત્રુને સંહારે છે અને અનેક આપત્તિઓના સમુદાયનું ઉન્મૂલન કરે છે તે સ્વદેશ-સેવા જ અમારું મહાન વ્રત હો.

(૩) જે પ્રહાર કરવાની ઈચ્છા રાખનાર બલવાન શત્રુઓને ક્ષણવારમાં સમૂળગા નષ્ટ કરી નાખે છે અને જે માંગલિક પ્રસંગોની કારણભૂત છે તે સ્વદેશ-સેવા જ અમારું મહાન વ્રત હો.

(૪) જેની ઉપાસના કરીને રામકૃષ્ણાદિ પ્રાચીન વિશુદ્ધ નૃપત્તિઓએ પૃથ્વી ઉપર રાક્ષસોનો ધ્વંસ કર્યો તે સ્વદેશ-સેવા જ અમારું મહાન વ્રત હો.

(૫) જેના ચરણકમલનો આશ્રય લઈને સ્થિર પ્રતિજ્ઞાવાળા અને પોતાની કીર્તિથી દશે દિશા ધવલિત કરનારા ક્ષત્રિય કુલદીપક મહારાણા પ્રતાપસિંહે યુદ્ધ કરી આર્યોના સનાતન ધર્મનું રક્ષણ કર્યું તે સ્વદેશ-સેવા જ અમારું મહાન વ્રત હો.

(૬) જેના પ્રતાપથી શિવના અવતારરૂપ પ્રચંડ તેજશાલી અને ભવાની તલવારની તેજથી ઉગ્રહસ્તવાળા (શિવાજી) રાજાએ મ્લેચ્છોને એકદમ મર્દી નાખ્યા એવી સ્વદેશ-સેવા જ અમારું મહાન વ્રત હો.

(૭) જેને પોતાના હૃદયકમળમાં સ્થાન આપીને લક્ષ્મીબાઈ રાણીએ હસ્તમાં ખડગ્ ધારણ કરી રિપુના બળના ચૂરેચૂરા કરી નાખ્યા એવી સ્વદેશ સેવા જ અમારું મહાન વ્રત હો.

(૮) અમોઘ વીર્યવાળી અને વિપત્તિથી વ્યાકુળ થયેલાઓની આપદાને હણનારી તથા આપણને સદા સુખ આપનારી તેમજ પ્રતિષ્ઠા ગુમાવેલા પુરુષોને સુસેવ્ય એવી સ્વદેશ-સેવા જ અમારું મહાન વ્રત હો.'

(૯) જે એકાગ્ર ચિત્તથી પાપના ઢગલામાં અગ્નિ સમાન એવી આ સ્તુતિનું પઠન કરે તે દિવ્યશક્તિ પ્રાપ્ત કરી સ્વદેશમોક્ષને માટે સમર્થ થાય એમાં લેશ પણ સંશય રાખવો નહીં.

☆☆☆

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૭ ● ● તા. ૧૬-૭-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## परिग्गह निविड्डाणं, वेरं तेसिं पवड्ढई ।

ભગવાન મહાવીરે કહ્યું છે કે જે પોતાનો પરિગ્રહ વધારતો જાય છે તે પોતાના તરફ બીજાઓનું વેર વધારતો જાય છે.

સામાન્ય લોકોનો સામાન્ય ખ્યાલ એવો છે કે જેમ માણસ પાસે ધનસંપત્તિ અને સુખ સગવડનાં સાધનો વધારે તેમ માણસ વધારે સુખી અને સમાજમાં તેને બહુ માનપાન મળે. સ્થૂલ ઉપલક ભૌતિક દૃષ્ટિએ આ કદાચ સાચું લાગે, પણ પ્રજ્ઞાશીલ વ્યક્તિ સૂક્ષ્મ તત્ત્વદૃષ્ટિથી વિચારે તો એને અવશ્ય પ્રતીતિ થશે કે પરિગ્રહ એ દુઃખનું મોટું કારણ છે. અર્થ એ અનર્થનું મૂળ છે.

અપરિગ્રહ તથા પરિગ્રહ-પરિમાણ ઉપર જૈન ધર્મે જેટલો ભાર મૂક્યો છે તેટલો અન્ય કોઈ ધર્મે મૂક્યો નથી. ભગવાન મહાવીરે પંચ મહાવ્રતમાં અપરિગ્રહને યોગ્ય રીતે જ સ્થાન આપ્યું. એમાં શુદ્ધ નિશ્ચય દૃષ્ટિએ ઘણું બધું રહસ્ય રહેલું છે, પરંતુ સામાજિક અને વ્યવહારિક કક્ષાએ પણ અપરિગ્રહનું મૂલ્ય ઘણું મોટું છે. સાધુ ભગવંતો માટે અપરિગ્રહના મહાવ્રતનું પાલન કરવાનું હોય છે અને ગૃહસ્થોએ 'પરિગ્રહ પરિમાણ'ના અણુવ્રતનું પાલન કરવાનું હોય છે.

પરિગ્રહ વિશે ઘણા જુદા જુદા દૃષ્ટિકોણથી વિચારણા થઈ શકે, પરંતુ અહીં તો માત્ર પરિગ્રહ વધારનાર બીજાઓ સાથે જાણતાં, અજાણતાં કેવી રીતે વેર બાંધે છે એ એક પાસા વિશે વિચારીશું.

આહાર, મૈથુન, ભય અને પરિગ્રહ એ જીવની બળવાન સંજ્ઞાઓ છે. પોતાને ઈષ્ટ એવી વસ્તુઓ મેળવવી અને એનો સંગ્રહ કરવો એ જીવનું સામાન્ય લક્ષણ છે. આ કુદરતી સંજ્ઞાને અતિક્રમવા માટે ઘણા મોટા આત્મિક પુરુષાર્થની આવશ્યકતા રહે છે.

પરિગ્રહની સાથે તે ચોરાઈ જવાનો, લૂંટાઈ જવાનો, ખોવાઈ જવાનો કે બગડી જવાનો ભય સંકળાયેલો રહે છે. તે માટે સાવચેતીનાં વધુ પડતાં પગલાં લેવાથી બીજાના મનમાં શંકા, અવિશ્વાસ, અપ્રીતિ વગેરેના ભાવો જન્મે છે. પરિગ્રહની જાળવણી અને ગણતરીમાં માણસના જીવનનો અમૂલ્ય સમય વેડફાઈ જાય છે. પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં માણસને પોતાના વેડફાઈ ગયેલા એ સમયનું સાચું ભાન થાય છે અને ત્યારે પશ્ચાત્તાપનો પાર રહેતો નથી. સાદાઈથી જીવનારને પોતાની જિંદગીનો ઘણો બધો સમય પોતાને માટે મળે છે. એ નિજાનંદનું મૂલ્ય તો અનુભવે જેને સમજાયું હોય તે જ વધુ સારી રીતે કહી શકે.

દુનિયાનાં દુઃખોનું, કલેશ-કંકાસ, વેરઝેર વગેરેનું પૃથક્કરણ કરવામાં આવે તો ઘણા કિસ્સાઓમાં તેનું મૂળ માલ-મિલકતની વહેંચણીના ઝઘડાઓમાં રહેલું જણાશે.

સગા ભાઈઓ વચ્ચે પણ કમાણીની અસમાનતા થાય અને એની સાથે સાથે પોત-પોતાની જુદી જુદી પરિગ્રહવૃત્તિ બળવાન બને તો ભાઈઓ ભાઈઓ વચ્ચે પણ દ્વેષ, ઈર્ષ્યા, મત્સર, વગેરે જન્મે છે. એમાંથી અનુક્રમે અણબનાવ, તકરાર, વેરભાવ, વગેરે જન્મે છે. માત્ર પૈસાની તકરારને કારણે જ બે સગા ભાઈઓ વચ્ચે કે ખુદ પિતા અને પુત્ર વચ્ચે બોલવાનો પણ વ્યવહાર ન રહે કે એક બીજાનું ખૂન કરવા પ્રેરાય એટલી હદ સુધીની ઘટનાઓ બનતી ઘણે ઠેકાણે જોવા મળે છે. એક કુટુંબમાં જ જો આ રીતે બનતું હોય તો સમાજની ભૂમિકાએ તો તેમ બનવું અશક્ય નથી.

માલ-મિલકતનું લક્ષણ એવું છે કે સમય જતાં એની વહેંચણી કરવાના પ્રસંગો આવે છે. બીજી-ત્રીજી પેઢી આવતાં કે અચાનક કોઈનું અવસાન થતાં એવા પ્રસંગોની અનિવાર્યતા ઊભી થાય છે. વળી, માલ-મિલકતનું સ્વરૂપ જ એવું છે કે દરેક વખતે એની યથાર્થ વહેંચણી થઈ શકતી નથી. સંજોગો, વ્યક્તિની જરૂરિયાત, વ્યક્તિની પાત્રતા, સરકારી કાયદાઓ વગેરેને કારણે કલેશ કે સંઘર્ષ થયા વગર રહેતો નથી. સ્પષ્ટ ન દેખાય તો પણ માનસિક કલેશ, ઈર્ષ્યા કે વેરભાવનાં બીજ વવાય છે. માણસ પોતાની હયાતીમાં જ ઉદાર ભાવે સમજણપૂર્વક પોતાનાં માલ-મિલકતનું વખતોવખત વિસર્જન કરતો રહે તો કલેશ-કંકાસનાં નિમિત્તો ઓછાં થાય, વાતાવરણમાં પ્રસન્નતા રહ્યા કરે અને પોતાની સામાજિક કર્તવ્યબુદ્ધિ અને અંગત ધર્મદૃષ્ટિ ખીલતી રહે.

મનુષ્યની પરિગ્રહવૃત્તિનો કોઈ અંત નથી. જેટલી સારી નવી વસ્તુઓ જોવા મળે તે બધી જ લેવાનું માણસને મન થાય છે. પછી તેનો ઉપયોગ કરવા માટે પોતાની પાસે ફુરસદ હોય કે ન હોય. સમૃદ્ધ લોકોના ઘરમાંથી પ્રતિવર્ષે કેટલીયે નવી ખરીદેલી વસ્તુ વપરાયા વગર જૂની થઈ જવાને કારણે કાઢી નખાય છે. કેટલીક એવી વસ્તુઓ તો સીધી કચરામાં જાય છે.

છેલ્લા ત્રણ ચાર દાયકામાં ચીજ-વસ્તુએનું ઉત્પાદન ઘણું જ વધી ગયું છે. તેથી માણસની પરિગ્રહવૃત્તિ વધતી ગઈ છે. રેડિયો, ટી.વી., કેમેરા, વિડિયો, ટેપરેકોર્ડ, ઘડિયાળ, કેલક્યુલેટર, કમ્પ્યૂટર, રેફ્રિજરેટર, એરકન્ડિશનર, મોટરકાર વગેરે પ્રકારનાં આધુનિક સાધનો બનાવતી કંપનીઓ વચ્ચે જે સ્પર્ધા ચાલી રહી છે તેને કારણે તથા એવી કંપનીઓની જે વેપારી નીતિ છે તેને લીધે પ્રતિવર્ષ તેઓ નવાં નવાં પ્રકારનાં મોડેલોનું ઉત્પાદન કરતી રહી છે. એથી જૂનાં મોડેલોના સ્પેર પાર્ટસ્ જાણી જોઈને ન આપવા કે જેથી જૂની વસ્તુઓ વપરાશમાં ઝાઝો

વખત ચાલે નહિ. કોઇ એક વસ્તુ પાંચ દશ વર્ષ સારી રીતે ચાલી તો ઘણું થયું. પછી એ ફેંકી દેવાની રહે. 'વાપરીને ફેંકી દો'-એ પ્રકારની વેપારી નીતિ દુનિયાની ઘણી કંપનીઓની થઇ ગઇ છે. એના કારણે દુનિયાના બજારોમાં રોજે રોજ નવો નવો માલ ઠલવાય છે અને લોકોના ઘર સુધી તે પહોંચાડવાનો, બલ્કે લોકોના ઘરમાં તે ઘૂસાડવાનો યુક્તિપૂર્વક પ્રલોભનો સહિત પ્રયત્ન થાય છે. દુનિયાનું વર્તમાન અર્થકારણ એક જુદી જ પદ્ધતિએ ચાલી રહ્યું છે. તેથી લોકોને અવનવી ચીજો માટે આકર્ષીને તેમનું ધન કેમ ખેંચી લેવું એની શાસ્ત્રીય તાલીમ એવા એજન્ટોને અપાય છે.

દુનિયામાં બધા જ લોકો એકસરખી આવકવાળા, એકસરખાં સાધન-સગવડ ધરાવનાર બને એવું ક્યારેય શક્ય નથી. આર્થિક અસમાનતાનું લક્ષણ લોકોમાં હંમેશ રહેવાનું. એટલે આર્થિક સમૃદ્ધિની સાથે લોકોમાં આર્થિક અસમાનતાનું તત્ત્વ આવ્યા વગર રહે નહિ. અસમાનતા જો આવે તો કુદરતી રીતે ત્યાં ઇર્ષ્યાનું તત્ત્વ પણ આવ્યા વગર રહે નહિ. પ્રજાનો કેટલોક વર્ગ ખૂબ અમનચમન કરતો હોય અને બીજો મોટો વર્ગ બે ટંક ભોજન પણ પામતો ન હોય તો ત્યાં શ્રીમંતો પ્રત્યે દ્વેષ થયા વગર રહે નહિ.

દુનિયાના કેટલાક દેશોના થોડા કે વધુ લોકો અત્યંત સમૃદ્ધ બનેલા દેખાશે, પરંતુ સમગ્ર દુનિયામાં જાતે ફરીએ અને શહેરોથી દૂર દૂરના વિસ્તારોમાં ફરીને જો સરખું અવલોકન કરીએ તો જણાશે કે દુનિયાની વસતીના અર્ધાથી વધુ લોકો મધ્યમ કે નિમ્ન કક્ષાનું સાધારણ જીવન જીવી રહ્યા છે. કેટલાય લોકો અસહ્ય ગરીબીમાં પોતાનું જીવન જેમ તેમ **પૂરું કરે છે. મનુષ્યજન્મ** જાણે કે વેઠ-વૈતરું કરવા માટે એમને મળ્યો હોય **એવું જોવા મળે** છે.

**ઇ. સ. ૧૯૧૭**ના ઓક્ટોબરમાં રશિયામાં લોહિયાળ ક્રાંતિ થઇ. ઝારવંશી **રાજા**ઓને ઉથલાવી પાડવામાં આવ્યા. તે વખતે કેટલેય ઠેકાણે વેર લેવા નીકળેલા ગરીબ લોકોએ શ્રીમંતોને વીણી વીણીને મારી નાખ્યા હતા. મારનાર વ્યક્તિ શ્રીમંતને નામથી પણ ઓળખતી ન હોય. અંગત રીતે એની સાથે કોઇ સંબંધ ન હોય. જે વેર હતું તે વ્યક્તિગત ન હતું. જે વેર હતું તે ગરીબાઇનું, શ્રીમંતાઇ પ્રત્યેનું વેર હતું. શ્રીમંતાઇના મૂળમાં અતિ પરિગ્રહની વૃત્તિ રહેલી હતી. ગરીબો પાસે રહેવાને સરખું ઘર ન હતું, પહેરવાને પૂરતાં કપડાં ન હતાં. ખાવાને માટે પૂરતું ભોજન મળતું ન હતું. બીજી બાજું શ્રીમંતોની મિજબાનીઓના એઠવાડના ઢગલા કચરામાં ઠલવાતા હતા. આવું હોય તો દેખીતી રીતે ગરીબોને શ્રીમતો તરફ ઇર્ષ્યા, દ્વેષ અને નફરત વગેરે થયા વગર રહે નહિ. હિંસાનો વંટોળ જાગે તો તેમાં પહેલાં નિશાન તરીકે શ્રીમંતો જ આવે.

કોઇ એક માણસ જ્યારે પોતાની શક્તિ અનુસાર વધુ પડતું કમાવાનો પ્રયત્ન કરે છે, ત્યારે વ્યાવહારિક રીતે જ બીજા કેટલાક માણસોની કમાવાની તક ઝુંટવાઇ જાય છે. શ્રીમંતો પોતાના પૈસાના જોરે, મોટાં સાહસો કરવાની શક્તિ વડે, બીજાને હંફાવવાની તાકાત દ્વારા મોટી કમાણી કરી લેવાની તક ઝડપી લે છે. વ્યાવહારિક દૃષ્ટિએ એમાં કશું ખોટું નથી એમ કેટલાંકને લાગે, પરંતુ સામાજિક ન્યાય (Social Justice)ની દૃષ્ટિએ તેમાં અન્યાય અવશ્ય રહેલો જણાશે. એટલા માટે પણ માણસે પરિગ્રહની મર્યાદા બાંધી લેવી જોઇએ. માણસે આજીવિકા અર્થે પૂરતું મળતું હોય તો વેળાસર નિવૃત્તિ સ્વીકારી લેવી જોઇએ. એવા લોકો જે સુખ-શાંતિનો અનુભવ કરે છે તે અનેરો છે.

કેટલાંક વર્ષ પહેલાં એક નાનકડા વર્તુળમાં મેં એમ કહ્યું કે સાઠ વર્ષની નિવૃત્તિ વયનો વિચાર આપણા પૂર્વજોએ યોગ્ય રીતે જ કર્યો છે. અને આપણે આપણા જીવનમાં એ પ્રણાલિકાને જો અનુસરીએ તો આપણે પણ સુખી થઇએ અને બીજા પણ સુખી થાય. એ વખતે એક શ્રીમંત ઉદ્યોગપતિએ એવું કહ્યું કે 'નિવૃત્ત થવાનીતમારી વાતની સાથે હું સંમત થતો નથી. હું એક કારખાનું ચલાવું છું. અને એમાં બે હજાર માણસો કામ કરે છે. બે હજાર માણસોને રોજી-રોટી આપવાની જવાબદારી મારી છે. તમારા કહેવા પ્રમાણે હું જો નિવૃત્ત થઇ જાઉં તો એ બે હજાર માણસોનું શું થાય? તેઓ નિરાધાર થઇ જાય. મારે કારખાનું ચાલુ રાખવું એ મારું સામાજિક કર્તવ્ય છે.'

મેં એમને કહ્યું કે કેટલીકવાર આપણને આપણી અનિવાર્યતા લાગે છે, તેમાં આપણો સૂક્ષ્મ અહંકાર પણ હોય, પરંતુ વાસ્તવમાં તેવી અનિવાર્યતા હોતી નથી. અચાનક નિવૃત્ત થવાની જો અનૂકૂળતા ન હોય તો ક્રમિક રીતે નિવૃત્ત થવાનો વિચાર પણ અમલમાં મૂકવાની શરૂઆત કરી દેવી જોઇએ. ક્યારેક તો એવો વખત આવશે કે જ્યારે આપણે નહિ હોઇએ એ વખતે શું થશે એવી કલ્પના કરીને અગાઉથી તે માટે આયોજન કરવું જોઇએ. બે હજાર માણસોને રોજી રોટી આપવાની જવાબદારી જેમ આપણી છે તેમ એટલા લોકોને અચાનક બેકાર બનાવી દેવાનું જોખમ પણ આપણે કદાચ કરી બેસીએ. માટે અમુક ઉંમરે માણસે પોતાના વેપાર-ધંધાને વિકસાવવાના સ્વપ્ન છોડી દેવા જોઇએ.

હવે કુદરતનું બનવું એવું થયું કે આ વાત પછી ત્રણેક મહિનામાં હૃદયરોગના હુમલાને કારણે એ ઉદ્યોગપતિનું અચાનક અવસાન થયું. નિવૃત્ત થવાની તેમની ભાવના તો દૂર રહી પણ તેમની અચાનક વિદાયને કારણે કારખાનામાં મોટી ખોટ આવવા લાગી. અને થોડાંક મહિનામાં કારખાનું બંધ કરવાનો વખત આવ્યો. બે હજાર માણસો કામ-ધંધા વગરના બની ગયા. દરેક વખતે આવું જ બને છે એવું નથી, પરંતુ માણસે દીર્ઘદૃષ્ટિથી વિચારવાની જરૂર તો રહે જ છે.

જેઓએ શુદ્ધ ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી પોતાનું જીવન પસાર કરવું છે તેઓએ તો વિચારવું જોઇએ કે પોતાની પાસે પોતાનો જીવન નિર્વાહ ઘણી સારી રીતે થઇ શકે એટલું ધન જો હોય તો તેઓએ વધુ કમાવા માટેની પ્રવૃત્તિ છોડી દેવી જોઇએ. સ્વેચ્છાએ પોતે નિવૃત્તિ સ્વીકારી લેવી જોઇએ. નિવૃત્ત શાંત, સ્વસ્થ, જીવન જીવવું જોઇએ. ઘણા માણસો પોતાના વેપાર ધંધાને એટલો બધો વિકસાવે છે અને પછી પોતે જ અંદર એટલા બધા ખૂંપતા જાય છે. કે તેમને માટે તેમાંથી નીકળવું જીવનના અંત સુધી શક્ય બનતું નથી. ઘણો સારો વેપાર-ધંધો ચાલતો હોય તો પણ માણસે તેમાંથી વેળાસર નિવૃત્ત થવાની ભાવના સેવવી જોઇએ અને તે પ્રમાણે યોજના પણ અગાઉથી વિચારવી જોઇએ. વેપાર-ધંધામાં માણસે પોતાના ઉત્તરાધિકારીનો વેળાસર વિચાર કરી લેવો જોઇએ.

શાસ્ત્રકારોએ વસ્તુ પ્રત્યેની આસક્તિને, મુર્ચ્છાને પણ પરિગ્રહ તરીકે ઓળખવી છે, એટલે માણસે સ્થૂલ પરિગ્રહ ન વધારવો જોઈએ એટલું જ નહિ, પરિગ્રહ વધારવાની ઇચ્છા પણ ના સેવવી જોઇએ, અલ્પતમ પરિગ્રહ પોતાની પાસે હોય, પરંતુ તેના ઉપભોગમાં અતિશય રસ પડતો હોય તો તે પણ વર્જ્ય ગણવામાં આવ્યો છે.

સૂક્ષ્મ તત્ત્વદ્રષ્ટિએ વિચારીએ તો પરિગ્રહ એટલે પુદ્ગલાસ્તિકાય. પુદ્ગલનું ચૈતન્ય સાથેનું વેર તો અનાદિ કાળથી ચાલ્યું આવે છે. પુદ્ગલ ચેતનનો પીછો જલદી છોડે એમ નથી. જે જીવ પરિગ્રહમાં- પુદ્ગલમાં આસક્ત બને છે તે પોતે પોતાના પ્રત્યે જ વેર બાંધે છે.

પરિગ્રહનો ત્યાગ એટલે પુદ્ગલનો ત્યાગ. જીવનો એટલે કે ચેતનનો ઉચ્ચત્તમ આદર્શ એ જ હોવો ઘટે.

□ રમણલાલ ચી. શાહ

# કલ્યાણમંદિર સ્તોત્ર

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈન સાહિત્યના ઇતિહાસ પ્રમાણે વિક્રમાદિત્ય રાજાના સમયમાં સિદ્ધસેન દિવાકર, જેમને કલ્યાણ મંદિરની છેલ્લી ગાથામાં કુમુદચંદ્ર તરીકે ઓળખાવ્યા છે; તે એક મહાન, વિદ્વાન અને પ્રભાવક આચાર્ય હતા. એક વખત તેમણે સંઘ ભેગો કરી પોતાનો વિચાર જણાવ્યો કે હું સર્વ આગમો સંસ્કૃતમાં કરવા વિચારું છું. શ્રી સંઘે તરત કહ્યું કે શું તીર્થંકરોને તથા ગણધરોને સંસ્કૃત નહોતું આવડતું કે જેથી તેઓએ તે બધાં માગધીમાં રચ્યાં ? તમને આમ કહેવાથી પારાંચિત નામનું પ્રાયશ્ચિત લાગે છે. અહીં જોવા મળે છે કે આચાર્ય કરતાં પણ શ્રી સંઘ મહાન છે.

સિદ્ધસેને સંઘની આજ્ઞા શિરોવંદ્ય ગણી જણાવ્યું કે હું મૌન ધરી બાર વર્ષનું પારાંચિત પ્રાયશ્ચિત લઈ ગુપ્ત રીતે મુખવસ્ત્રિકા, રજોહરણાદિ લિંગ રાખી અવધૂતની જેમ ફરીશ.

બાર વર્ષ પછી તેઓ ઉજ્જૈન નગરીના મહાકાલના મંદિરમાં રંગીન વસ્ત્રો પરિધાન કરી બેઠા. પૂજારીએ મહાદેવને નમસ્કાર કરવા કહ્યું. તેઓ મૌનવ્રતમાં હોવાથી બોલતા નથી. આ લોકવાયકા સાંભળી રાજા ત્યાં આવ્યા. પૂજારીએ નીકળી જવા જણાવ્યું. તેઓ ન નીકળ્યા. રાજાના નોકરોએ પગ પકડી ઘસડવા માંડ્યા; પરંતુ તેમના પગ લાંબા થતા ગયા. રાજાએ કહ્યું, 'क्षीर लिलिक्षे भिक्षे क्मिति त्वया देवो न वंद्यते?' તેમણે જણાવ્યું કે મારા વંદનથી લિંગ ફાટી જશે. ફાટે તો ફાટવા દો પણ નમસ્કાર તો કરો જ.

સિદ્ધિસેને તરત જ પદ્માસને બેસી, દ્વાત્રિંશિકાની બત્રીશ ગાથાથી સ્તવના કરવા લાગ્યા. તેની પ્રથમ ગાથા બોલતા લિંગમાંથી ધુમાડો નીકળ્યો. એટલે લોકોને લાગ્યું કે શિવજીનું ત્રીજું નેત્ર ઉઘડ્યું છે. ભિક્ષુકને તે ભસ્મીભૂત કરી દેશે. એવામાં વીજળીના તેજ જેવો તડતડાત કરતો પ્રથમ અગ્નિ નીકળ્યો અને પછી ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઇ. તેમણે કલ્યાણમંદિરની રચના કરી ક્ષમા માંગી. રાજાએ ખુલાસો પૂછ્યો. તેમણે જણાવ્યું કે બ્રાહ્મણોએ કાલાનુસાર બળ પામી પ્રભુપ્રતિમા નીચે દબાવી તેના ઉપર શિવલિંગની સ્થાપના કરી. રાજાએ ગુરુ સમક્ષ બાર વ્રત ગ્રહણ કર્યા, ત્યાં દેરાસર બંધાવી તેના નિભાવાદિ માટે સો ગામ આપ્યાં. સંઘે ત્યારબાદ સંતુષ્ટ ગુરુને સંઘમાં લીધા.

પ્રસિદ્ધ નવ સ્મરણમાં આઠમું કલ્યાણમંદિર સ્તોત્ર છે. તેના જેવું સાતમું ભક્તામર સ્તોત્ર છે. બંને લોકપ્રચલિત હોવા છતાં પણ ભક્તામરનું પઠન, અધ્યયન, આરાધના, પૂજાદિ કેમ વધારે થાય છે ?

બંને સ્તોત્રો 'ઉક્તાવસંતતિલકા ભજાગગૌગઃ' સૂચિત વસંતતિલકા છંદમાં રચાયા છે. બંનેમાં સમાન ૪૪ શ્લોકો છે. બંનેનો છેલ્લો શ્લોક અન્ય છંદમાં છે. બંનેના કર્તા વિદ્વાન, પ્રતિષ્ઠિત, ગુરુવર્યો માનતુંગસૂરીશ્વરજી તથા પ્રભાવક સિદ્ધસેન દિવાકર છે; જેમણે છેલ્લી અન્ય છંદમાં રચેલી ગાથામાં 'જનનનયનકુમુદચંદ્ર' તરીકે ઓળખાવ્યા છે. ભક્તામરમાં પાણીમાં પ્રતિબિંબિત થયેલા ચંદ્રના પકડવા જેવી સુલભ ચેષ્ટા તથા કલ્યાણ મંદિરમાં સુરગુરુ બૃહસ્તપતિ જે કાર્ય ન કરી શકે તેવું કપરું કાર્ય અલ્પબુદ્ધિવાળો હું કરવા કટિબદ્ધ થયો છું. એમ વર્ણવી બંને હાસ્યાસ્પદ છે એમ સૂચવ્યું છે.

બંને સ્તોત્રોમાં ભરપૂર અનુપ્રાસ અલંકાર જોવા મળે છે. ભક્તામરમાં નાત્યદ્‌ભુતં ભુવન ભૂષણ ભૂતનાથ, ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ; કલ્યાણમંદિરમાં ગર્ભદૂર્જિતઘનોઘમદભ્રભીમં ભશ્યન્તડિન્મુસલમાંસલઘોરધારમ્ ભક્તામરમાં શબ્દોની પુનરાવૃત્તિ જેવી કે મનાગપિ મનો, કલ્પાન્તકાલ, ચલિતાચલેન, મોહ-મહાંધકાર, શાલિવનશાલિની, જલધરૈર્જલભાર, હરિહરાદયઃ;શતાનિ શતશઃ, શિવ-શિવપદસ્ય, મહાવિલવિલોલ, ભ્રમદ્‌ભ્રમર, બદ્ધક્રમઃક્રમાગતં, ગજગર્જિત કલ્યાણ મંદિરમાં સરસઃ સરસો, ભવતોભવિનઃ, હતા હતાશો, મુસલમાંસલ, વિધિવદ્ વિધૂત, શરણં શરણં શરણ્યં, ભુવને ભવાન્તરેપિમાં, પુનરાવૃત્તિમાં સુંદર સંગીત સર્જેલું છે.

ભક્તામરમાં આઠ પ્રભુના આઠ અતિશયોમાંથી ફક્ત ચારને સ્થાન મળ્યું છે. જેમકેઃ અશોકતરુ (૨૮) સિંહાસન (૨૯) ચામર (૩૦) તથા છત્રત્રય (૩૧) ગાથાઓમાં છે; જ્યારે કલ્યાણમંદિરમાં આઠે આઠને સ્થાન મળ્યું છે. જેમકે અશોક (૧૯), સુરપુષ્પવૃષ્ટિ (૨૦), દિવ્યગિર (૨૧) ચામર (૨૨) સિંહાસન (૨૩) દ્યુતિમંડલ (૨૪) સુરદુન્દુભિ (૨૫) આતપત્રય (૨૬)

કલ્યાણમંદિરમાં વિશેષમાં અપ્રચલિત શબ્દો જેવાં કે :- કમઠસ્મધૂમકેતુ, કૌશિકશિશુ, વનશિખણ્ડિન્ ચામીકર, શિતિ-દ્યુતિમંડલ, પાર્થિવનિપ, વગેરે. વિશેષમાં કલ્યાણમંદિરમાં એક શબ્દના વધુ અર્થ નીકળે તેવાં શબ્દો પ્રયોજ્યા છે જેમકેઃ-ગોસ્વામિનીના ત્રણ અર્થ જેવાં કે રાજા, ભરવાડ તથા સૂર્ય; વિગ્રહ-યુદ્ધ, શરીર અશોક તે નામનું વૃક્ષ, તથા શોક રહિત પાર્થિવનિપ માટીનો ઘડો, રાજાથી સુરક્ષિત; દુર્ગત- દુષ્ટ ગતિ, કઠિનાઇથી સમજાય તેવું; અક્ષર અમર, શબ્દદેહ; અલિપિ-લિપિ રહિત, મૌન;અસાતવતિ-અભણ, અજ્ઞોનું રક્ષણ કરનાર આને અલંકાર શાસ્ત્રમાં વિરોધાલંકાર તરીકે ગણાવાય છે. આવાં શબ્દો ૧૬, ૨૯, ૩૦, ૩૫ ગાથામાં જોવા મળે છે.

ભકતામરમાં આદિનાથને આ રીતે સંબોધવામાં આવ્યા છેઃ- ગુણસમુદ્ર, મુનીશ, નાથ, ત્રિભુવનૈ લલામભૂત, ત્રિજગદીશ્વર, મુનીન્દ્ર, ધીર, ભગવત્ જિનેન્દ્ર જ્યારે કલ્યાણ મંદિરમાં શ્રી પાર્શ્વનાથના સંબોધનમાં આવાં શબ્દો મળે છેઃ-અધીરા, નાથ, ઇશ, જિન, વિભો, જિનેન્દ્ર, સ્વામિન, જિનેશ, મુનીશ, વિતરાગ, દેવ, વિશ્વેશ્વર, જનપાલક, જનબાંધવ, દુઃખીજનવત્સલ, શરણ્ય, કારણ્યપુણ્યવસલે, વશિનાં વરેણ્ય, મહેશ, ભુવનપાવન, દેવેન્દ્રવંદ્ય, વિદિતાખિલ વસ્તુસાર, સંસાર-તારક, ભુવનાધિનાથ, કરુણાહૃદ, જનનયનચંદ્ર. આમ કલ્યાણમંદિરમાં સંબોધનો વધારે ભાવવાહી અને ભક્તિસભર છે. ભક્તામરમાં અપ્રચલિત સંસ્કૃત શબ્દો દૃગગોચર થતાં નથી. આ રીતે પણ કલ્યાણ મંદિર ભક્તામર કરતાં વિશેષતા ધરાવે છે. સિદ્ધસેન સિદ્ધહસ્ત, કવિસમ્રાટ, વિદ્વાન, પ્રભાવક આચાર્ય હતા તેથી આ સુલભ બન્યું છે. કલ્યાણ મંદિર એક ઉત્કૃષ્ટ ભક્તિસભર ભાવવાહી ભક્તિસભર ગંભીર કાવ્ય છે. એક દરિદ્ર ભીખારી કોઇ ધનાઢ્ય પાસે દયાર્દ્રકંઠે, લચબચતા ભીના હૃદયથી વિનમ્ર થઇ ભિક્ષા યાચે તેવી રીતે કલ્યાણ મંદિરમાં ભાવગર્ભિત ભક્તિરસ ઠાંસી ઠાંસીને ભર્યો છે. તેમાં કવિએ કહ્યું છે કે તે ભક્તો કૃતકૃત્ય છે જેઓ ત્રણે સંધ્યાએ વિધિપૂર્વક અન્ય કાર્યો બાજુ પર મૂકી ભક્તિથી ઉલ્લસિત અને પુલકિત હૃદયે નેત્રોને તમારા પર ઠેરવી તમારા ચરણકમળની આરાધના કરે છે. મેં આવું કશું કર્યું નથી તેથી પરા ભવાદિનો શિકાર થયો છું. મોહાંધ દ્રષ્ટિ હોવાથી એક પણ વાર મેં તેમને સમ્યક્ રીતે નીરખ્યા નથી, પૂજ્યા નથી, મનમાં ધારણ કર્યા નથી. ભાવશૂન્ય ભક્તિ હોવાથી દુઃખોનું ભાજન બન્યો છું. પરંતુ મારા પર દયા કરી શરણાગત એવા મારાં દુઃખો દૂર કરો કેમકે મેં હવે સાચી ભક્તિથી શરણ લીધું છે; તમો કારુણ્ય અને પુણ્યનું રહેઠાણ હોવાથી શરણ આપશો જ. મારી આવી સ્થિતિમાં જો તમે ચરણોપાસકને તરછોડી દેશો તો હે દેવેન્દ્ર વંદ્ય ! હે સંસારતારક ! હે કરુણાહૃદ ! ભયંકર વિડંબનાના સમુદ્રમાં ડૂબેલાં તેવા ચરણોપાસકની ભક્તિ ફળ વગરની થઇ જશે ! તમારામાં વિધિપૂર્વક પુલકિત હૃદયે, સમાધિસભર બુદ્ધિથી

નિર્મળ એવા તમારા મુખકમળ પર દ્રષ્ટિ કેન્દ્રિત કરી આજીજીપૂર્વક હું કહું છું કે ભક્ત પર દયા વરસાવો. અહીં ભક્તની સરિતા વહેવડાવી છે, જેવી રત્નાકરસૂરિએ 'મંદિર છે, મુક્તિ તણા...'માં વહેવડાવી છે.

કલ્યાણમંદિરમાં ભક્તિ કેવા પ્રકારની હોવી જોઇએ. તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. વૈષ્ણવધર્મમાં ભક્તિનું માહાત્મ્ય અનેરું છે. શ્રી વલ્લભાચાર્યે ભક્તિને સર્વોત્કૃષ્ટ બતાવી ભાગવતાદિ ભક્તિ સભર ગ્રંથોમાં ભક્તિરસ સુંદર રીતે અંકિત કર્યો છે. ઇષ્ટદેવની ઉપાસના અથવા મોક્ષપ્રાપ્તિના સાધનોમાં જ્ઞાન, તપ, ચારિત્ર, ભક્તિ છે. આ બધામાં સૌથી સુલભ આમજનો માટે સફળ અને સુલભ માર્ગ તે ભક્તિ છે. કૃષ્ણ ભક્તોમાં મીરાં અગ્રસ્થાને છે.

કલ્યાણમંદિર કરતાં બીજાં સ્મરણો (નવમાંથી) કેવી રીતે જુદાં છે તે તપાસીએ. પ્રથમ સ્મરણમાં માત્ર પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યો છે- બીજા સ્મરણમાં લોકોત્તર વાંછના કરી છે. ત્રીજા શાંતિકરમાં રોહિણી વગેરે દેવી તથા ગોમુહાદિ યક્ષાદિની પાસે સ્વરક્ષાની માંગણી કરી છે, જે લૌકિલ, પૌદ્‌ગલિક, સાંસારિક છે. ચોથા તિજયપહુત્તમાં ૧૭૦ તીર્થંકરો લૌકિક, પૌદ્‌ગલિક સુખાદિ આપે તેવી સ્પૃહા કરી છે. પાંચમાં નમિઉણમાં પણ કોઢ, તોફાનમાંથી નાવનું રક્ષણ, અગ્નિ, સર્પ, લુંટારા, ગજેન્દ્ર, સિંહ, યુદ્ધ, રોગ, ચોર વગેરેમાંથી રક્ષણ થાય તેવી વિનંતિ કરી છે. છઠ્ઠા અજિતશાંતિમાં પણ સુખાદિ માંગ્યાં છે. આ સ્મરણમાં બે તીર્થંકરો અજિતનાથ અને શાંતિનાથની સ્તવના કરી છે. અંતે અવિષાદ, વિષાદનો નાશ તથા પ્રસાદ કરો તેવી આશંસા વ્યક્ત કરી છે.

આઠમા ભક્તામરમાં પ્રથમ સામાન્ય સ્તવના કરી ૩૪મા શ્લોકથી ઐરાવત, સિંહ, વડવાનલ, ભયંકર સર્પ, યુદ્ધમાં જય, સમુદ્રના તોફાનમાંથી રક્ષણ, જલોદરની વ્યાધિમાંથી મુક્તિ વાંછી છે. જીવવાની આશા ત્યજી દીધેલાને સુંદર કાયાની વાંછના વગેરે સાંસારિક,પૌદ્‌ગલિક, ઓઘદ્રષ્ટિ સંપન્ન અભિલાષા, આશંસા વ્યક્ત કરી છે.

ઉપર્યુક્ત વિવેચનને લક્ષમાં રાખી આઠમા સ્મરણમાં આનાથી વિપરિત પરિસ્થિતિ દષ્ટિગોચર થાય છે. સૌ પ્રથમ આઠમાં શ્લોકમાં પાર્શ્વનાથ પ્રભુ કે જેમને હૃદયગત કર્યા છે તેથી સ્વકાય સ્થિતિ પ્રભુમય બની છે. તેમના પ્રભાવથી નિબિડ એવાં નિકાચિત કર્મો શિથિલ થઇ જાય છે. ત્યારબાદ તમારા માત્ર દર્શનથી અસંખ્ય રૌદ્ર ઉપસર્ગો નષ્ટ થઇ જાય છે. હે તારક ! જે સંનિષ્ઠ હૃદયે તમને ધારણ કરે છે તે ભાવિક ભદ્ર જીવો સંસાર સમુદ્ર તરી જાય છે. હે સ્વામિન્ ! તમને હૃદયસ્ત કરેલાં એવાં ભદ્રિક જીવો બહુ સહેલાઇથી સમુદ્ર તરી જાય છે તેથી શું તીર્થંકરનો પ્રભાવ વિચારણીય નથી લાગતો ? ક્રોધને તિલાંજલી દીધા પછી તમે કર્મરૂપ ચોરોને વિધ્વસ્ત કર્યા છે. યોગી પુરુષો પણ હૃદય કમળમાં પરમાત્મા સ્વરૂપ એવા તમને શોધે છે. હે જિનેશ ! તમારા માત્ર ધ્યાનથી સાધક જીવ શરીર ત્યજી ક્ષણ માત્રમાં પરમાત્મા પદ પ્રાપ્ત કરે છે. જેઓના અંતઃકરણમાં આપ બિરાજમાન છો તેઓના શરીરનો નાશ કરો છો; એટલે કે મુક્તિ આપો છો. અભેદ બુદ્ધિથી ભદ્રિક જીવો તમારું ચિંતવન કરતાં કરતાં તમારામય બની જાય છે; જેવી રીતે વિષ દૂર થતાં પાણી અમૃત બને છે. નષ્ટ થયો છે અંધકારરૂપી અજ્ઞાન જેમનો તેવા હે વિભુ ! પરમતાવલંબી તમારા સાચા સ્વરૂપને સમજી શકે છે. ધર્મોપદેશના સમયે અશોકવૃક્ષ પણ શોક રહિત થઇ જાય છે. સુમન (પુષ્પો) અને દેવો પણ તમારા સાન્નિધ્યમાં બંધન વગરના થઇ જાય છે. તમારી પીયૂષમય વાણીનું પાન કરી ભવ્યો ઝડપથી અમરપદ પ્રાપ્ત કરે છે. જેઓ મુનિપુંગવો જેવાં તીર્થંકરને વંદન કરે છે.

તેઓ વિંઝાતી નીચેથી ઉપર જતી ચામરની જેમ ઉર્ધ્વગતિ મેળવે છે. જન્મજલધિથી મુક્ત થયેલા એવા તમારું જેમણે શરણ સ્વીકાર્યું છે તેઓને તારો છો. પછીના ૨૯ થી ૩૨ શ્લોકોમાં પાર્શ્વનાથ પ્રભુના પરાક્રમોનું વર્ણન છે. ૩૩મા શ્લોકમાં વર્ણન કરે છે કે હે ભુવનાધિપતિ ત્રિસંધ્યા, વિધિપૂર્વક, અન્ય કૃત્યોને દૂર હડસેલી ભક્તિ સભર હૃદયથી તલ્લીન, તકાદાર, તન્મય થઇ જેઓ તમારા પાદદ્રવ્યની આરાધના કરે છે તેઓ ધન્ય છે. મેં તમને નીરખ્યા નહીં. મેં પૂજા વંદનાદિ કર્યા નથી તેથી હું પરાભવાદિનું લક્ષ્ય બની ગયો છું. મારી આરાધના મોહગર્ભિત હતી તેથી હે જનબાંધવ ! હું દુઃખી બન્યો છું; ભાવશૂન્ય ક્રિયાઓ વ્યર્થ નીવડી છે. છતાં પણ હે કારુણ્ય અને પુણ્યના રહેઠાણ સ્વરૂપ ! તમે ભક્તિથી વિનમ્ર બનેલા મારા દુઃખાંકરનું ઉન્મૂલન કરો. અનેકોના હે તારણહાર ! મેં કે જેણે તમારા ચરણકમળની ઉપાસના કરી નથી તેનો જો તમે ત્યાગ કરશો તો હું દુર્ભાગી રહીશ. તેથી ભયંકર ભયદ્ર એવા સંસાર સમુદ્રમાં ડૂબેલાં એવા મારો તમે ઉદ્ધાર કરો.

જો તમારા ચરણકમળની ઉપાસના કરનારની સતત તીવ્ર ભક્તિથી ફળ આપવા માંગતા હો તો માત્ર તમારા એકનું શરણ લેનારનું હે શરણ્ય ! આ ભવમાં તેમજ અન્ય ભવોમાં તેનું રક્ષણ કરનાર થજો. આ રીતે સમાધિનિષ્ઠ બુદ્ધિથી, વિધિપૂર્વક, સોલ્લાસથી પુલકિત હૃદયથી જેઓ તમારા મુખારવિંદ પર દ્રષ્ટિ કેન્દ્રિત કરી સંસ્તવન કરે છે તેઓ પ્રભાસ્વર સ્વર્ગાદિ સુખો મેળવી કર્મમળને નષ્ટ કરી સમય યાપન કર્યા વગર મોક્ષ પ્રાપ્ત કરે છે.

કલ્યાણ મંદિર સ્તોત્રમાં આ રીતે નિરાશંસભાવે પૌદ્‌ગલિક, સાંસારિક, ભૌતિક, ભવાભિનંદી, ઓઘદ્રષ્ટિથી અભિલાષા રાખ્યા વગર જે ભક્તિસભર, ભાવવાહી, મોક્ષલક્ષી સ્તવના કરી છે તે ઉપરના સ્મરણો તથા ભક્તામર કરતાં સો કદમ આગળ છે, બધાં કરતાં શિરમોર્ય છે.

આ લેખ લખવાનો આશય કલ્યાણ મંદિરની ઉપેક્ષા શા માટે કરાઇ છે તે જાણવાનો છે. સામાન્ય રીતે જૈન દેરાસરોમાં ભક્તામરની પૂજાદિ કરાય છે, પણ ક્યાંય કલ્યાણમંદિર માટે કરાતું હોય તે જાણ બહાર છે. શા માટે તેની ઉપેક્ષા કરાઇ રહી છે ?

ઉપર જણાવ્યા પ્રમાણે લગભગ બધાં જ સ્મરણોમાં લૌકિક માંગણી કરાઇ છે. ગ્રહો, દિક્‌પાલો, સુરેન્દ્રો, રોહિણી વગેરે ૧૬ દેવીઓ ગોમુહાદિ ૨૪ યક્ષો, ચક્રેશ્વરી વગેરે ૨૪ દેવીઓ વ્યંતર યોનિના દેવો સર્વે ઉપદ્રવો નષ્ટ કરે તેવી માંગ કરાઇ છે. તિજયપહુત્તમાં ૧૭૦ તીર્થંકરો ભાવિકોના સર્વ પાપો, ઉપસર્ગો, શરીર, વ્યાધિ, જળ, અગ્નિ, કરિ, ચોરારિ મહાભવો દૂર કરે તેવી વાંછના કરી છે. નમિઉણમાં પણ લૌકિક, સાંસારિક વાતો છે. અજીતશાંતિનું જેઓ ઉભય કાળે સંસ્મરણ કરે છે તેઓના પૂર્વ ઉત્પન્ન રોગો નષ્ટ થાય તેવી સ્પૃહા છે.

ભક્તામરમાં લગભગ ઘણાં બધાં શ્લોકોમાં ઉપર જોયું તેમ ઓઘદ્રષ્ટિથી સાંસારિક, ભૌતિક, પૌદ્‌ગલિક વિટંબણા, દુઃખો વગેરેને અનુલક્ષીને આશંસાપૂર્વક માંગણી કરાઇ છે. આ બધાંની તુલનામાં કલ્યાણ મંદિરમાં નિરાશંસભાવે ભક્તિનો ઉદ્રેક છે. ભક્તિમાં ભક્ત પોતાનું સર્વસ્વ, સર્વેચ્છાદિ ત્યજી ભગવાનના શરણે જાય છે. त्वमेव शरणं मम् । બધું ન્યોચ્છાવર કરે છે તેથી 'न मे भक्तो प्रणश्यति' એવું આશ્વાસન તથા ભગવદ્‌ગીતાના છ અધ્યાયોમાં ભક્તિની મીમાંસા કરાઇ છે. ભક્તિના આવા મનસુબા સહિત રાવણે મંદોદરી સાથે ભક્તિ કરી; જેના પ્રતાપે તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યું.

પ્રત્યેક તીર્થંકરોના તીર્થોમાં મૂળનાયકની મૂર્તિ સાથે ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ લગભગ મંદિરમાં અન્યત્ર જોવા મળે છે. તદ્દુપરાંત અન્ય દેવીઓ કરતાં પદ્માવતી પણ હોય છે. જેનું બાહુલ્ય પાર્શ્વનાથ તથા પદમાવતી લોકોમાં વધુ આદરણીય છે તે નિર્દેશ કરે છે. ભગવાન મહાવીર પૂર્વે લગભગ ૨૫૦ વર્ષ પૂર્વે પાર્શ્વનાથ થયા હોવાથી તેઓ લોકમાનસ પર સામ્રાજ્ય ભોગવતા હોય તે શક્ય છે.

કલ્યાણમંદિરમાં પાર્શ્વનાથને કેન્દ્રમાં રાખીને નિરાશંસભાવે ભક્તિની સરિતા વહી રહી છે; આમ હોવા છતાં પણ શા માટે ભક્તામરપૂજાની જેમ કલ્યાણ મંદિરની પૂજા નથી કરાતી? લોકમાનસ પર કેવી રીતે શ્રી પાર્શ્વનાથ તથા પદ્માવતી દેવી સ્થાન ધરાવે છે તેનું એક જ ઉદાહરણ બસ છે.

અમદાવાદમાં આવેલા કોબામાં મહાવીર આરાધના કેન્દ્રમાં મૂળનાયક ભગવાન મહાવીરસ્વામીની સુંદર શ્વેત મૂર્તિ છે. દેરાસરમાં પ્રવેશ કરતાંની સાથે ડાબી તથા જમણી બાજુ પર બે કાળા પત્થરની કાઉસગ્ગ મુદ્રામાં પાર્શ્વનાથની મૂર્તિઓ છે. નીચે ગભારામાં પણ પદ્માવતીની મૂર્તિ સ્વતંત્ર છે.

કલ્યાણમંદિર નવ સ્મરણોમાં આઠમું સ્મરણ છે. અષ્ટ કર્મોનો ક્ષય થતાં કૈવલ્ય પ્રાપ્ત થાય. કલ્યાણમંદિર આઠમું સ્તોત્ર આઠ કર્મોનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરી શકે તેવી અભિલાષાપૂર્વક શું તેની પૂજાદિ ભક્તો કરાવે તેવી અભ્યર્થના સેવવી તે શું અસ્થાને ગણી શકાય?

જેવી રીતે ડૉ. રમણલાલ ચી. શાહે લગ્નવિધિ માટે સંશોધન કરી જૈનલગ્નવિધિ નામની પુસ્તિકા લખી અને તે પ્રમાણે તેમના સંતાનની લગ્નવિધિ કરાવી છે તેવી રીતે કોઇ આચાર્ય ભક્તામરની જેમ કલ્યાણ મંદિરની પૂજાદિ કરાવવાનો શું નવો શિરસ્તો ન પાડી શકે? આચાર્યોની પ્રેરણાથી નવા નવા દેરાસરો, મૂર્તિની અંજનશલાકા, ઉપધાન તપ, વિવિધ પ્રકારના તપો જેવાં કે શત્રુંજય, મોક્ષદંડ, વિવિધ અનુષ્ઠાનો કરાવે છે તેવી રીતે કોઇ પહેલ કરી કલ્યાણ મંદિરની પૂજા કરાવે.

વળી સ્મરણોમાં બીજું સ્મરણ ઉપસર્ગહરણ શ્રી પાર્શ્વનાથ વિષયક છે. પાંચમું સ્મરણ નમિઉણ ભગવાન પાર્શ્વનાથને અનુલક્ષીને છે. આઠમું કલ્યાણ મંદિર તો તેમને ઉદ્દેશીને છે ને? આમ નવસ્મરણોમાં ત્રણ ત્રણ સ્મરણ પાર્શ્વનાથને કેન્દ્રમાં રાખી રચાયેલાં છે. બીજા સ્મરણમાં સમ્યક્ત્વ કે જે કલ્પવૃક્ષથી અધિક છે અને જેનાથી ભવ્ય જીવો અજરામર સ્થાન મોક્ષ ત્વરાથી મેળવે છે.

આ પ્રમાણે ભક્તિસભર હૃદયે સ્તવનાથી ભવોભવમાં બોધિની પ્રાપ્તિ શક્ય બને છે. સાંસારિક આકાંક્ષા ન હોવાથી આ નિયાણું નથી. આની તુલનામાં નમિઉણમાં જુદો દૃષ્ટિકોણ જોવા મળે છે. અહીં રોગ, પાણી, અગ્નિ, સાપ, ચોર, શત્રુ, હાથી, લડાઇ વગેરેના ભયમાંથી બચવાની સ્પૃહા કરી છે. આ સ્મરણમાં વિસહરસ્ફુલિંગ મંત્ર ૧૮ અક્ષરનો છે. તેનું સંતુષ્ટ હૃદયે ધ્યાન ધરે તો ૧૦૮ વ્યાધિમાંથી તથા પાર્શ્વનાથના માત્ર સ્મરણથી તેના ભયમાંથી મુક્ત થાય છે.

નવમા સ્મરણ વિષે ઊહાપોહ કર્યો જ છે; તેથી આ સંદર્ભમાં ભક્તામરની જેમ કલ્યાણ મંદિરની પૂજાદિ ભણાવાય તેવો નવો ચીલો પાડવાનું સાહસ શું ન કરી શકાય? આમાં કંઇ શાસ્ત્ર વિરૂદ્ધની વાત નથી છતાં પણ 'તત્ત્વં તું કેવલીગમ્યં' રૂપી શસ્ત્ર આપણાં બખ્તરમાં છે જ ને?'

એક વાતની નોંધ ખાસ લેવા જેવી છે કે સામાન્ય માણસ માટે ભક્તિ એ ઉત્કૃષ્ટ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. મોક્ષ કરતાં પણ અધિક આનંદ ભક્તિમાં છે. પોતાની રચેલી ઋષભપંચાશિકામાં પ્રભુને કર્તા કહે છે કે ભક્તિ કરતા કરતા આનંદ મળશે તેનો આનંદ છે; પરંતુ તેથી તારા ચરણોમાં આળોટવાનું પૂર્ણવિરામ થઇ જશે તે વિચારથી ત્રાસ થઇ જાય છે. કલ્યાણ મંદિરમાં શું આવી જાતનું ભક્તિરસાયણ પ્રભાવક કવિએ નથી પીરસ્યું?

☆☆☆

# શ્રી હીરવિજયસૂરિ વિશેની પ્રસંગલક્ષી બે કાવ્યકૃતિઓ

☐ કાંતિભાઇ બી. શાહ

મહાન જૈનાચાર્ય અને 'અકબર-પ્રતિબોધક' તરીકે જાણીતા શ્રી હીરવિજયસૂરિનો જૈન પરંપરામાં એટલો મોટો પ્રભાવ છે કે એમના જીવનની મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓને સમાવી લેતું અને હીરવિજયસૂરિને કાવ્યનાયક તરીકે નિરૂપતું, નૈષધની ઠીક ઠીક અસરો ઝીલતું સંસ્કૃતમાં 'હીરસૌભાગ્યમ્' નામે નોંધપાત્ર એવું મહાકાવ્ય રચાયું છે. એ જ રીતે સંસ્કૃતમાં કવિ પદ્મસાગરગણિનું 'જગદ્‌ગુરુ કાવ્ય' પણ મળે છે. હીરવિજયસૂરિના જીવન પ્રસંગોની બાબતમાં મુખ્યતઃ 'હીરસૌભાગ્યમ્' મહાકાવ્યનો આધાર લઇને, મધ્યકાલીન ગુજરાતીમાં ખંભાતના શ્રાવક કવિ ઋષભદાસે 'હીરવિજયસૂરિરાસ' જેવી દીર્ઘ રચના આપી છે; જે મધ્યકાલીન રાસાસાહિત્યમાં એક ધ્યાનાકર્ષક રાસાકૃતિ કહી શકાય. આ સિવાય પણ, હીરવિજયસૂરિના કોઇ ને કોઇ જીવન પ્રસંગને વિષય બનાવતી કેટલીક સ્તવન-સજ્ઝાય-સુરવેલિ-બોલ- બારમાસ-સલોકો સ્વરૂપે લખાયેલી નાની મોટી રચનાઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મળે છે. જેમાંથી મારે અહીં બે કૃતિઓ વિશે વાત કરવાની છે.

૧. વિવેકહર્ષકૃત 'હીરવિજયસૂરિ (નિર્વાણ) રાસ' અને

૨. હંસરાજકૃત 'હીરવિજયસૂરિ ચતુર્માસ લાભ પ્રવહણ સજ્ઝાય'

### ૧. વિવેકહર્ષકૃત 'હીરવિજયસૂરિ (નિર્વાણ) રાસ'

આ બન્ને કૃતિઓ પ્રકાશિત થયેલી છે. એ બંને રચનાઓ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ સૌ પ્રથમવાર 'જૈનયુગ'ના સં. ૧૯૮૬ના અ. શ્રાવણના અંક ૧૧-૧૨ના સંયુક્ત અંકમાં સંપાદન કરીને પ્રગટ કરેલી છે.

કવિ વિવેકહર્ષ એ હીરવિજયસૂરિની શિષ્ય પરંપરામાં હર્ષાણંદના શિષ્ય હતા. આ કવિએ કચ્છના રાજા રાવ ભારમલ્લને પ્રતિબોધ્યા હતા. એની વિગત કચ્છની મોટી ખાખરના શત્રુંજય વિહાર નામના એક જૈન દેરાસરના શિલાલેખમાં મળી આવે છે.

હીરવિજયસૂરિનું છેલ્લું ચાતુર્માસ સૌરાષ્ટ્રના ઉના ખાતે હતું. ત્યાં સંવત ૧૬૫૨ના ભાદરવા સુદ ૧૧ને દિને (ગુરુ) તેમનો સ્વર્ગવાસ થયો. હીરવિજયસૂરિના નિર્વાણ પ્રસંગને કાવ્યવિષય બનાવતી ૧૦૧ કડીની આ રચના છે. આ રચનાની એક નોંધપાત્ર બાબત એ છે કે હીરવિજયસૂરિના સ્વર્ગવાસ પામ્યાના વર્ષમાં જ વિવેકહર્ષે આ કૃતિની રચના બિજાપુરમાં રહીને કરી છે.

હીરવિજયસૂરિ અકબરને પ્રતિબોધ પમાડી ફત્તેહપુર સિક્રીથી વિહાર કરતા કરતા ગુજરાતમાં પાટણ સુધી આવ્યા. હવે પાટણથી હીરવિજયસૂરિ રાજનગર (અમદાવાદ), સૌરાષ્ટ્ર તરફનો વિહાર શરૂ થાય છે. ત્યાંથી કાવ્યનો આરંભ થાય છે.

હીરવિજયસૂરિ રાજનગરથી પાલિતાણા ગયા અને શત્રુંજયની યાત્રા કરી. હીરવિજયસૂરિને ચૈત્રી પૂનમના (સંવત ૧૬૫૦) અહીં આવેલા જાણી પાટણ, અમદાવાદ, ખંભાત, માળવા, લાહોર, મારવાડ, દીવ, સૂરત, ભરૂચ, બીજાપુરના સંઘો એમને વધાવવા ઊમટી પડ્યા. દીવના સંઘે ચાતુર્માસ માટે વિનંતી કરતાં એનો સ્વીકાર કરી તેઓ દીવ આવ્યા. વાજતે-ગાજતે સામૈયું થયું. સ્વાગતમાં રાજારાણી પણ સામેલ થયાં. સુધારસ સમો ઉપદેશ આપી સૌને પ્રતિબોધ્યા.

સમુદ્ર-સફરી વેપારીઓને જે વહાણો માટે સંદેહ હતો તે પાધરાં આવી લાગ્યાં. વૃષ્ટિ પણ સારી થઇ. ગુજરાતનો સંઘ ચાતુર્માસ માટે

વિનંતી કરવા આવ્યો. પણ હવે ચાલવાની અશક્તિ વરતાતી હતી. સંઘે પાલખીમાં લઇ જવાની વિનંતી કરી. પણ ગુરુ પરંપરાએ એ વિહારની સાચી રીતિ નથી એમ જણાવી ઉનામાં જ ચાતુર્માસ રહ્યા. એમના શિષ્ય વિજયસેનસૂરિ ત્યારે લાહોર હતા. એમને સંદેશો મોકલ્યો કે અકબરશાહની રજા માંગી કાગળ મળતાં જ ચાલી નીકળજો. શાહે દિલગીરી પ્રગટ કરી અને એક માસની અમારિનું ફરમાન વિદાયની સુખડી તરીકે આપ્યું. છ વિગયના ત્યાગનો અભિગ્રહ લઇ વિજયસેનસૂરિ હીરવિજયસૂરિને મળવા ચાલી નીકળ્યા. દરમ્યાનમાં પર્યુષણ પર્વ આવ્યાં. હીરવિજયસૂરિએ અમદાવાદથી ઉપાધ્યાય કલ્યાણવિજયને બોલાવ્યા.

આટલી વિગત સંક્ષેપમાં નોંધી કવિ હીરવિજયસૂરિના સ્વર્ગવાસના આગલા દિવસની ઘટના ઉપર આવી પહોંચે છે.

પર્યુષણ પૂરાં થયાં છે. ભાદરવા સુદ ૧૦ની મધરાતે હીરવિજયસૂરિ સૌ સાધુવૃંદને જગાડે છે.

વિમલહર્ષ અને સોમવિજયવાચકને પાસે બોલાવી અનશન લેવાની એમણે જાહેરાત કરી. સોમવિજયે વજ્રઘાતની જેમ આ વચનો સાંભળ્યા. વલોપાત અને વિનંતી કરવા લાગ્યા. કહ્યું કે 'વિજયસેનસૂરિ આવી પહોંચે ત્યાં સુધી અનશન ન લો'. હીરવિજયસૂરિ કહે છે કે વિજયસેનસૂરિને મેં ગચ્છનાયક સ્થાપી આપ્યા છે. એટલે તેઓ ન આવે તો ચિંતા નથી. આમ કહી અનશનનો આરંભ કર્યો. પ્રાતઃકાળે સઘળો સંઘ મળ્યો ને રાતનો સૂરિજીનો નિર્ણય જાણ્યો. સંઘે અંગપૂજન કર્યું. તપગચ્છનાયકે સંધ્યા-પ્રતિક્રમણ સંઘને સંભળાવ્યું અને પછી ધ્યાનમાં સરી ગયા. ભાદરવા સુદ ૧૧ને દિને શ્રવણ નક્ષત્રે પાંચમી નવકારવાળીએ હીરવિજયસૂરિ નિર્વાણ પામ્યા.

**દેવવિમાન** આવ્યાં. આકાશવાણી થઇ. નિર્વાણમહોત્સવ થયો. **કક્ષમાના વસ્ત્ર**ની માંડવી તૈયાર કરાવાઇ. ચાર ઘડી રાત બાકી હતી ને **ઘંટાનાદ થયો.** જે વાડીમાં એમનો અગ્નિસંસ્કાર થયો ત્યાં આંબા મહોરી ઊઠ્યા. મેઘજી પારેખે ત્યાં સ્તૂપ કરાવ્યો. ત્યાં રાત્રે દેવતાઓ આવી નાટારંભ અને વાજિંત્રગાન કરતા. વિજયસેનસૂરિને હીરવિજયસૂરિના નિર્વાણના સમાચાર અધવાટે મળ્યા. તેઓ વિલાપ કરવા લાગ્યા. સંઘે એમને ગચ્છનાયક બનવા વિનંતી કરી.

આખી કૃતિને સમગ્રતયા તપાસતાં ખાસ કોઇ વિશેષ કાવ્ય-ચમત્કૃતિ વાળી બની નથી. છતાં કાવ્યત્વની દષ્ટિએ ધ્યાન ખેંચનારાં જે જે સ્થાનો કે અંશો છે તેના પર એક ઊડતી નજર નાખી લઇએ:

કવચિત જ પ્રસંગ નિરૂપણ આલંકારિક બન્યું છે-

દીવનો સંઘ હીરવિજયસૂરિને ચાતુર્માસ માટે વિનંતી કરતા કહે છે:

**'પ્રભુ દુઃપ્રાપ અહ્મે લહિઉ, મરુધર અમૃત-વેલિ'**

અભિપ્રેત એ છે કે ગુજરાતમાં તો તમે ઘણું રહ્યા પણ અમારે ત્યાં તમારું આગમન એ તો મરુભૂમિમાં દુષ્પ્રાપ્ય એવી અમૃતવેલિ સમાન હશે.

આરંભની કડીઓમાં કવિએ જાળવેલા આંતરપ્રાસ ધ્યાન ખેંચે છે:

**'સંઘ પાટણનઉં સામટઉં, અમદાવાદી અતિ ઊલટયઉ,**
**ધુંસટયઉં ધીંગ ખંભાયતનો, વલીએ.'**

**'શ્રી શત્રુંજય ગિરિવાટ એ, હીરજી અતિ ગહગાટ**
**એ ઘાટ એ મુગત્તા કીધા ગચ્છધણીએ.'**

અહીં ગેય દેશી ઢાળોમાં કેટલાંક ગીતો આવે છે. જેમાં પાત્રોના હૃદયભાવોની અભિવ્યક્તિ છે તો કેટલાંક ગીતો વર્ણનપ્રધાન બન્યાં છે.

હીરવિજયસૂરિ દીવ પધારે છે તે વખતનાં આનંદ-ઊલટ આ ગીતમાં રજૂ થાય છે:

**'દીવ તણઉં પુણ્ય પાધરૂં, આવ્યઉ આવ્યઉ રે તપગછરાય'**
**'વૂઠઉં વૂઠઉ રે અમૃત-મેહ, તું મનમોહન હીરજી,**
**શ્રાવક-મોર અતિ ગહગહ્યા, અતિ નાચઇ રે મદમાચઇ રે'**

આ પંક્તિઓમાં હીરવિજયસૂરિના આગમનને અમૃતવૃષ્ટિ, શ્રાવક સમુદાયને મયુરવૃંદ અને એમના આનંદને વૃષ્ટિથી થતો મયૂરનો ગહેકાટ કહ્યો છે.

ગુરુજીનો વજ્રઘાત સમો નિર્ણય જાણીને શિષ્ય સોમવિજય વલોપાત કરતાં કહે છે:

**'કોઇ વારો રે, હીરજીનઇં અણસણ કરતાં વારો,**
**કોઇ ધ્યાઉ રે, ભવસમુદ્ર જહાજ, અણસણ કરતા વારો'**
**'સંઘ ચતુરવિધ નયણડાં કિમ ઠરસઇ વિણ પ્રભુચંદો રે,**

☆ ☆ ☆

**તુઝ વિણ કુણ પ્રતિબોધસઇ સાહ અકબર સરીખો નરીંદો રે,**
**કોઇ વારો રે'**

હીરવિજયસૂરિના શિષ્ય વિજયસેનસૂરિને ગુરુજીના નિર્વાણની અધવાટે જાણ થાય છે ત્યારે અંતકાળે ગુરુને ન મળી શકાયાની વેદના રજૂ કરતાં કહે છે:

**'અંત્ય સમય જિહાં મુઝ સંભારિઉ, ધન્ય હીરજી ગુરુ રાજોજી**
**પણિ મઈ ચરણ તે નવિ ભેટી શક્યાં, એ કોઇ મુઝ અંતરાયોજી'**

કવિએ ક્યાંક ગુજરાતી સાથે હિંદીની છાંટ દ્વારા ઝમક આણવા પ્રયાસ કર્યો જણાય છે. ગુજરાતનો સંઘ વિનંતી કરતાં કહે છે:

**'પરપીડન કે ભંજન હીરજી હો, સુણી બીનતી કહા ઇસઇ ચૂપ રહો?'**

**'તુમ દેખનકું મન મોહી રહે, જિઉં અંતરતાપ ન થઇ કિહુમેં'.**

ગુરુજીનું તેડું આવતાં વિજયસેનસૂરિ અકબરની વિદાય લે છે તે વખતનો સંવાદ અને પ્રસંગચિત્રણ પણ આવી મિશ્ર-ભાષામાં થયો છે:

**'લેખ દેખત હીરજીના વિજયસેન સુરિંદ,**
**સાહી અકબ્બરકું કહઇ અહ્મે દઉ બિદા નરિંદ.**
**હીરવિજય સુરિંદકું કબહુ હઇ દરદ ટુક ગૂઢ,**
**સુણિ શાહિ 'હઇ, ક્યા ખુદા' કહઇ, ભએ અતિ દિગ્મૂઢ'**

અહીં અકબરશાહે 'હઇ ક્યા ખુદા' કહી જે નીસાસો નાખ્યો અને દિગ્મૂઢ બન્યા એની એક ચિત્રલકીર ભાવપૂર્ણ રીતે ઊપસી આવી છે.

ગુરુજી છેલ્લું પ્રતિક્રમણ કરી ધ્યાનમાં બેઠા ને પાંચમી નવકારવાળીએ અંતિમ ઉપદેશ સંભળાવ્યો:

**'અહમઇ પરભવિં પંથી હવા, તુહમે હુયો હવિ ધર્મધોરી,**
**જિનશાસન દી(પા) વયો રે સાધયો ઇહ-પરલોક'**

હીરવિજયસૂરિના નિર્વાણ પછી એમની અંતિમ સંસ્કારવિધિ, ઉછામણી, નિર્વાણ સ્થળે દેવતાઓનું આગમન અને ગાનવાદન વગેરેનું ચિત્ર સંક્ષિપ્ત વર્ણન દ્વારા કવિએ ઊભું કર્યું છે.

અહીં પેસકસી, ફકીર, મહુર, ખેરાત, ફરમાઉ જેવા અરબી-ફારસી શબ્દપ્રયોગો જોઇ શકાશે.

આમ, આચાર્યશ્રીના નિર્વાણ પ્રસંગને કેટલીક પૂર્વાપર ઘટનાઓ સાથે સાંકળી લઇ કવિ વિવેકહર્ષે ઘણુંખરું વૃત્તાંત કથન, કેટલુંક વર્ણન અને કવચિત ભાવનિરૂપણ દ્વારા આ નાનકડા નિર્વાણ-રાસની રચના કરી છે.

**૨. હંસરાજકૃત 'હીરવિજયસૂરિ ચતુર્માસ લાભપ્રવહણ સજ્ઝાય'**

હીરવિજયસૂરિ વિશેની બીજી એક પ્રસંગલક્ષી કાવ્યકૃતિ છે 'હીરવિજયસૂરિ ચતુર્માસ લાભપ્રવહણ સજ્ઝાય.'

આ કૃતિ કવિ હંસરાજે રચી છે. કૃતિનું રચ્યા વર્ષ મળતું નથી. પણ એની પ્રત સંવત ૧૬૮૫માં લખાઇ છે. (આ કૃતિની પ્રત જે વર્ષમાં

લખાઇ છે એ જ વર્ષમાં ખંભાતના કવિ ઋષભદાસે 'હીરવિજયસૂરિ રાસ'ની રચના કરી છે એ યાદ રહે.) હીરવિજયસૂરિના ખંભાતના ચાતુર્માસનું વર્ષ પણ કૃતિમાં મળતું નથી. પણ અન્ય પ્રમાણોને આધારે શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ એ વર્ષ સંવત ૧૬૩૮નું હોવાનું અનુમાન કર્યું છે. એ રીતે આ રચના સં. ૧૬૩૮ થી સં. ૧૬૮૫ની વચ્ચેના ગાળાની છે એ નિશ્ચિત છે.

જૈન સાહિત્યમાં સ્તવન અને સ્તુતિ (થોય)ની જેમ સજ્ઝાય એ પણ એક લઘુ પદ્યપ્રકાર છે. આપણે જે પહેલી કૃતિ જોઇ એના કરતાં આ કૃતિ વિશેષ કાવ્યાત્મક બની છે. હીરવિજયસૂરિએ ખંભાતમાં ચાતુર્માસ કર્યો તે પ્રસંગનું ૭૨ કડીની આ સજ્ઝાયમાં આલેખન થયું છે.

ખંભાતમાં આચાર્યશ્રીના ચાતુર્માસને નિમિત્તે અહીં ખંભાતનગરી, એનાં પરાં, એનાં દેવળો, આગેવાન શ્રાવકો વગેરે વિશેનો કેટલોક વૃત્તાંત મળે છે. ચાતુર્માસ સમયે આચાર્યશ્રી સાથેનાં સાધુ-સાધ્વીજીઓનાં ૪૦ ઠાણાંની વિગતો છે. હીરવિજયસૂરિએ શીતલનાથની પ્રતિષ્ઠા કરવા સાથે બસ્સો ઉપર જિનબિંબોની અંજનશલાકા કરેલી તેની વિગતો પણ છે. આ બધી વિગતોનું પરંપરામાં ઐતિહાસિક મૂલ્ય છે. પણ કાવ્યત્વની દૃષ્ટિએ આપણને રસ પડે એવા મહત્ત્વનાં બેએક અંશો છે. એક તો, આ કાવ્યમાં કવિએ સંક્ષિપ્ત ઋતુ વર્ણનો કર્યાં છે. અને બીજો કાવ્યાત્મક અંશ, હીરવિજયસૂરિને વહાણ રૂપે નિરૂપાયા છે તે. જેમ દરિયાવાટે કોઇ વહાણ માલ ભરીને આવે ત્યારે સૌને એના વિવિધ લાભો પ્રાપ્ત થાય તે જ રીતે ખંભાતમાં આ સૂરિજી રૂપી વહાણના આગમનથી સૌને કેવો લાભ (ધર્મલાભ) પ્રાપ્ત થયો એનું નિરૂપણ છે. કાવ્યનો આ રસપ્રદ ભાગ ગણી શકાય.

કવિ હંસરાજ કાવ્યારંભે સરસ્વતી માતાનું સ્મરણ કરી ચોવીસે તીર્થંકરોને વંદના કરે છે. કેટલાંકનો તો સંક્ષિપ્ત પરિચય પણ કરાવે છે. વિષયની શરૂઆત કવિ વસંતઋતુના આગમનના વર્ણનથી કરે છે.

**'આવિઉ આવિઉં રે આવ્યઉ માસ વસંત સહી.'**

કવિ વનમાં અને જનમાં પ્રસરેલી વસંતનું સંક્ષિપ્ત આલેખન કરે છે એમાં કેટલોક શૃંગારનો સ્પર્શ પણ છે. પણ એ કેવળ પ્રણાલીગતથી વિશેષ નથી.

**'વિસ્તરઇ પરિમલ સુગંધ કુસુમહ, કુંકમ ચંદન છાંટણાં,**
**એક કરઇ ક્રીડા નારિ પ્રિયડા ખંડોખલીએ ઝીલણાં'**
**'તિહાં મયણ રાજા રતિ અંતેઉરી સેનસ્યું લીલા કરઇ.'**

આવા વસંત માસમાં હીરવિજયસૂરિ ત્રંબાવતી એટલે કે ખંભાત નગરીમાં પધાર્યાં. અહીં રસિક અંશ એ છે કે વસંતઋતુના રૂપકમાં, કવિ સૂરિજીના પ્રભાવની કેટલીક વિગતો નોંધે છે. ગુરુજી નંદનવન સમા છે અને એમનો પ્રવચન-પરિમલ બધે પ્રસરે છે. એમની વાણીમાંથી ઉપશમરસ રેલાય છે. સંયમશ્રી સાથે સૂરિજી ગોઠડી માંડે છે. ગુરુગુણ રૂપી ચંદન છાંટણાં થાય છે. કોકિલકંઠી સ્ત્રીઓ ગુરુજીનાં ગીતો ગાય છે. મધુકર જેમ કમળને સેવે તેમ સૌ નગરજનો ગુરુના ચરણકમળને સેવે છે.

કવિ કહે છે:

**'મુનિ ભૂપતિ જી, રૂપિં મયણ-મદ ગાલીઉં,**
**દીખ્યા-રાણી રે રતિ તણઉ ગરવ ટાલીઉ.'**

આ મુનિ એવા ભૂપતિ છે જે રૂપમાં (પ્રતાપમાં) મદનનો મદ ગાળે છે. આ મુનિને દીક્ષા-રાણી છે જે રતિનો ગર્વ ટાળે છે.આ ગુરુ ક્ષણમાત્રમાં વેરી કર્મોનાં દળ જીતે છે અને સંતોષનું સુખ પ્રાપ્ત કરે છે. એમની કીર્તિ રૂપી પુષ્પપરિમલ અને યશની સુગંધ બધે મહેંકે છે.

આમ, અહીં બે પ્રકારની વસંતનો પ્રભાવ આલેખી કવિ વસંત વર્ણનનું સમાપન આ રીતે કરે છે:

**'જૂઉ વસંતક્રીડા માહારા પૂજ્ય કેરી, મુગતિ-સુંદરી મનિ ધરઇ.'**

ખંભાતમાં હીરવિજયસૂરિના આગમન પછી કેટલીક આનુષંગિક વિગતોની રજૂઆતમાં કશી કાવ્યચમત્કૃતિ નથી. આ વિગતોમાં આગેવાન શ્રાવકો, ગુરુજીની પધરામણી અને વધામણી, ઘરેઘર ઉત્સવનું વાતાવરણ, જિનબિંબોની પ્રતિષ્ઠા, ગુરુજીનું વ્યાખ્યાન-પ્રવચન, ચાતુર્માસ માટેની વિનંતી વગેરેના ઉલ્લેખો આવે છે...

એમ કરતાં અષાઢ માસ આવ્યો છે. હવે, કાવ્યારંભે જેમ વસંતઋતુ તેમ અહીં વર્ષાઋતુ-વર્ણનની તક કવિ ઝડપે છે.

**'ગગનિ ધડૂક્યા મેહ કિ વીજ ઝબૂકઇ સહી રે,**
**મોર કંઇ કઈંગાર કે બાપી પીઉં કરઇ રે,**

આગળ જેમ ગુરુજીના પ્રભાવની બીજી વસંત-પ્રખર જોઇ, તેમ અહીં અન્ય એક વર્ષા રેલાતી કવિ વર્ણવે છે.

ઋષિરાજની વાણી રૂપી નીર પુણ્યક્ષેત્રને સિંચે છે. આમ વસંત અને વર્ષા-વર્ણન એ આ કૃતિનો એક કાવ્યાત્મક અંશ બને છે.

હવે કવિ હીરવિજયસૂરિને એક વહાણના રૂપકથી વર્ણવે છે. અને એમના વિવિધ સદ્‌ગુણો માટે વહાણની સાથે સંબંધ ધરાવતા વિવિધ ભાગોને રૂપકથી પ્રયોજે છે. એનો સારાંશ આ પ્રમાણે છે:

સંસાર રૂપી સમુદ્રમાં હીરવિજયસૂરિ વહાણ છે. સંસાર- સમુદ્રમાં ડૂબેલા લોકોને આ વહાણ તારવાનું કામ કરશે. એમનાં સુકૃત્ય એ વહાણમાં ભરેલાં કરિયાણાં છે. સમક્તિનો સઢ છે. આજ્ઞા રૂપી થંભ છે. કીર્તિનો ધ્વજ છે. સદ્‌વહણા રૂપી નાંગર-દોર છે, અનુકંપાનું છત્ર છે. ઔદાર્યનું ફુમતું છે. ક્ષમાની ઝૂલ છે. સંવેગરસનું જલ છે. બલવંત મુનિજનો ખલાસીઓ છે. દાન-શીલ-તપ-ભાવના એ વહાણની વિવિધ વસ્તુઓ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, નવતત્ત્વનાં હીરામાણેક છે. શિયળનું અમૂલ્ય રત્ન છે. ગુણ નિર્મળ મોતી છે, મહાવ્રતનાં રત્ન છે. ઉપદેશનું ઝવેરાત છે. ઉપધાનની દ્રાક્ષ છે. પૌષધ-સામાયિકની બદામ છે. નવપદની ખારેક છે. ધર્મનો આ વેપાર છે ને શ્રાવકો આ સહુના વહોરતિયા-ખરીદાર છે.

કવિ આવા ગુરુજી રૂપી વહાણના આગમનને મનનાં ઊલટ-ઉમંગથી સત્કારે છે:

**'આસ પુહતી રે માહારા મન તણી, પેખતાં પૂજ્ય દીદાર રે,**
**સુકૃત ક્રિયાણાં ભરી આવીઉં, ફલિયા ફલિયા ધર્મ-વ્યાપાર રે.**
**આસ પુહતી રે માહારા મન તણી.'**

કવિ કહે છે આષાઢ સફળ રીતે સહુને ફળ્યો, કેમકે આવો સુંદર માલ ભરીને પૂજ્યનું વહાણ આવી પહોંચ્યું.

અષાઢ પછી શ્રાવણ-ભાદરવો. મહાપર્વ પર્યુષણના દિવસો. સમવસરણની રચના થઇ. ઉત્સવના મંડાણ થયાં. છેવટે કારતકમાં દેશદેશના સંઘો પધાર્યા ને ઉપધાન-બિંબપ્રતિષ્ઠા આદિ અનેક ધર્મકાર્યો થયાં.

કવિ સમાપન કરતાં કહે છે:

**ચ્યાલીસ ઠાણઇ શ્રી ખંભનગરમાં, હીરજી રહીયા રે,**
**ચઉમાસઇ, ભવીઆં.**
**જિહાં જિહાં ગુરુની આજ્ઞા વરતઇ, તિહાં તિહાં ઉત્સવ થાઇ,**
**દિન દિન ચઢતઇ રંગ સોહાવઇ, હંસરાજ ગુણ ગાવઇ રે ભવીઆં.'**

આમ હીરવિજયસૂરિના ચાતુર્માસ પ્રસંગને નિરૂપતી આ નાનકડી સજ્ઝાયમાં ભલે અલ્પપ્રમાણ, પણ કાવ્યાસ્વાદ મળી રહે ખરો.

☆☆☆

મુનિઓએ રાજા પાસે વતન પાછા ફરવા રજા માગી. પણ રાજાએ એમને થોડા દિવસ રોકાઇ જવા આદરપૂર્વક આગ્રહ કર્યો. સત્સંગી રાજાના આગ્રહને વશ મુનિઓ રોકાઇ ગયા. થોડા સમય પછી ફરી મુનિઓએ વિદાય માટે અનુમતિ માગી પણ રાજા એકના બે ન થયા. મુનિઓ ફરી રોકાઇ ગયાં. આવું અનેકવેળા થયું.

છેવટે મુનિઓએ વિચાર કર્યો કે રાજા તો કોઇ કાળે રજા આપવાના નથી. રાજાને તો જ્ઞાનની ભૂખ છે, જેમાં રાજા ઊંડા ઉતરતાં જાય છે. અને આપણને રોકી રાખ્યા છે. માટે આપણે ચૂપચાપ આજે રાતે જ નગર છોડી ચાલ્યા જઇએ. પરંતુ રાજાની જ્ઞાનપિપાસાને સંતોષ મળે અને આપણને ઋણ ચૂકવ્યાનો અવસર સાંપડે એ અર્થે એવી જ્ઞાનસભર સુંદર રચના મુકતા જઇએ કે રાજા આનંદવિભોર થઇ જાય અને વિદાયની વાત હળવી થઇ જાય.

થોડાંક કલાકો જ પ્રયાણ આડે રહ્યાં હતાં. એટલાં ટૂંકા સમયમાં શી રચના થઇ શકે? એટલે છેલ્લે મુનિઓએ નિર્ણય કર્યો કે આપણે દરેકે એક એક પદ, ચારેક લીટીનું એક પદ લખી મૂકતા જઇએ. જેથી આઠ હજાર પદ થઇ જાય અને રાજા એ પદો આપણી વિદાય પછી પણ ગાય, મનન કરે, જ્ઞાન પામે અને આનંદિત થઇ ઉઠે.

અને એ નિર્ણયને અનુરૂપ દરેક મુનિએ પોતાના જ્ઞાન-અનુભવની ચરમસીમારૂપ એક એક પદ રચ્યું અને મધરાતે એ પદ પોતપોતાના આસન પર મૂકી અંધારામાં જ મુનિઓ નગર છોડી ગયા.

બીજે દિવસે સવારે રાજાને સમાચાર મળ્યાં ને રાજાને સખત આઘાત પહોંચ્યો. અનુચરોએ આઠ હજાર પદ-પત્રો રાજા સમક્ષ રજૂ કર્યાં. પરંતુ આઘાતની અવધિમાંથી રાજાનો ક્રોધ ભભૂક્યો અને પદમાં શું લખ્યું છે, તે જાણવાની, વાંચવાની જરી પણ દરકાર કર્યા વગર રાજાએ ભાન ભૂલી તમામ પત્રોને નદીમાં પધરાવી દેવાનો કડક હુકમ આપ્યો. સેવકોએ રાજાની આજ્ઞા અનુસાર તમામ પદ-પત્રો નદીમાં પધરાવી દીધાં. નદીના ધસમસતાં વહેણમાં પદ-પત્રો તણાઇ લુપ્ત થતાં ગયાં યોગાનુયોગે માત્ર થોડાંક પદ-પત્રો સામે કાંઠે પહોંચી અટવાઇ અટકી ગયાં.

રાજાના ક્રોધનો આવેશ ઓસરતાં જ એને ખૂબ પશ્ચાતાપ થયો. ખૂબ ખેદ થયો. એણે ફરી પાછા અનુચરોને દોડાવ્યાં...'નદીમાં પધરાવેલ બધા પદ-પત્રો એકઠાં કરી હાજર કરો...' અનુચરો દોડ્યાં...કિનારે અટવાયેલાં ચારસો પદ-પત્રો મળ્યાં. અનુચરોએ રાજા સમક્ષ રજૂ કર્યાં. દરેક પદ-પત્રમાં ચાર પંક્તિનું સુંદર ભાવવાહી અને જ્ઞાનસભર પદ હતું. રાજાના આશ્ચર્ય અને આઘાતનો પાર ન રહ્યો. રાજાએ ફરી સેવકોને દોડાવ્યા...પણ બાકીના પદો તો તણાઇ ચૂક્યા હતા. રાજાએ ખૂબ અફસોસ કર્યો...પણ વ્યર્થ. ઉપલબ્ધ ચારસો પદોનો રાજાએ જે એકત્ર કરી ગ્રંથ રચ્યો-ગ્રંથસ્થ કર્યા, અને નામ આપ્યું ' નાલડિયાર'.હવે 'નાલડિયાર'ના કેટલાંક પદો જોઇએ:

દેહ કેટલો નશ્વર છે, નાશવંત છે અને ધર્મ, આરાધના, સાધના વિના વિલંબે-ઘડપણની રાહ જોયા વિના સમયસર શરૂ કરવી જોઇએ, પૂરી કરવી જોઇએ. કારણ કે ક્ષણ માત્રમાં માણસ હતો ન હતો થઇ જાય છે. એ પદનો ભાવાર્થ છે:

આ શરીર ઘાસનાં તણખલાં પર પડેલાં ઝાકળબિંદુ સમાન ક્ષણિક અને ક્ષણભંગુર છે. માટે બને તેટલી ત્વરાથી આત્મસાધનાનું કાર્ય પ્રારંભ કરી પૂર્ણ કરો. કારણ દેહનો કોઇ ભરોસો નથી. હજી હમણાં જ એક માણસ અહિં સાજો-નરવો ઊભો હતો પણ થોડી ક્ષણો પહેલાં જ બધાને રોતા,કકળતા મૂકી સ્વજનો-સંબંધીઓને છોડી સદાને માટે ચાલ્યો ગયો. માટે સમજી લ્યો કે આ શરીર નશ્વર છે. (૨૯)

અહીં ફરી મહાવીરસ્વામીની વાત આવી. ઝાકળ સમાન ક્ષણભંગુર દેહ, અને મહાવીરે જે કહ્યું 'હે ગૌતમ, સમય અલ્પ છે, ક્ષણ માત્રનો પ્રમાદ ન કર.'

બીજા એક પદમાં અલ્પ સમયને લક્ષમાં રાખી, વાંચન-ચિંતનમાં પણ સમયનો વિવેક જાળવવાની વાત કહી છે. જિજ્ઞાસુ કે મુમુક્ષુએ ક્ષીરનીરનો ભેદ પારખી યથાર્થ અને વ્યર્થ વચ્ચેની સીમારેખાને સમજી આવશ્યક વાંચન-ચિંતન કરી બિનઆવશ્યક પાછળ સમય વેડફવો ન જોઇએ. આ પદનો ભાવાર્થ છે.

'ઓ...હો...આ દુનિયામાં ગણ્યા ગણાય નહિં એટલા ગ્રંથો છે. ગ્રંથોની સીમા નથી, પણ આયુષ્ય મર્યાદિત છે, અલ્પ કે ઓછું છે. તેમાં પણ માનવીને કેટલાંક એવાં રોગ થાય છે કે જે આયુષ્યનો અમુક ભાગ નષ્ટ કરી દે છે. એટલા માટે શાણા વિદ્વાન પુરુષો દૂધ પીનારા હંસની જેમ પાણી છોડી સારા સારા ગ્રંથોમાંથી ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરી બાકીનું છોડી દે છે. (૩૮૩)

સજ્જન પોતાની સજ્જનતા કે સદ્‌વૃત્તિ ક્યારેય છોડતા નથી અને અપકાર કરે તેના પર પણ પરોપકારવૃત્તિ અને પારમાર્થિક ભાવનાથી ઉપકાર જ કરે છે. એક પદમાં આ વાત ખૂબ સુંદર રીતે રજૂ થઇ છે. એનો ભાવાર્થ છે:

'કૂતરો ક્રોધે ભરાય ત્યારે માણસને કરડે છે. પણ માણસને ક્રોધ ચડે તો પણ તે કૂતરાને કરડતો નથી, દુર્જન કે નીચ વૃત્તિના લોકો ક્રોધાવેશમાં હલકા શબ્દો સંભળાવે છે. છતાં ઉચ્ચ ગુણો ધરાવતી વ્યક્તિ એના પ્રત્યુત્તર પણઆપતી નથી અને વિચલિત પણ થતી નથી. (૭૦)

બીજા એક પદમાં સંપત્તિની ક્ષણજીવિતા, નશ્વરતા વિષે કહેતાં લખ્યું છે કે સમયને પારખ્યા વગર અવિચારીપણે સંપત્તિને બેફામપણે વેરી નાંખનારને સમય પલટાતાં પાઇ-પાઇ માટે ટળવળવાનો વારો આવે છે. આ પદનો ભાવાર્થ છે:

'જે એક તરફ આરોગે છે, અને બીજી તરફ થૂંકી નાખે છે, તે ખૂબ જ ધનવાન છે. પણ સમય ક્યારે પલટો લે છે, એ કોઇ જાણતું નથી-જાણી શકતું નથી. આજનો લખપતિ આવતી કાલે રઝળતો ભિખારી પણ થઇ શકે છે. રોજ મિષ્ટાન અને પકવાન આરોગનારને રોટલીના ટુકડા માટે પણ ટળવળવાનો અવસર આવે છે. માટે યાદ રહે કે સંપત્તિ નાશવંત છે, લક્ષ્મી ચંચલ છે. (૨)

એક પદમાં ચારિત્રવિહિનતા, પરસ્ત્રી સંબંધ વિષે અર્થગંભીર ચેતવણી ઉચ્ચારી સૂચક-અંગુલિનિર્દેશ કર્યો છે. આ પદનો ભાવાર્થ છે:

'વ્યક્તિ જ્યારે પરસ્ત્રી સંબંધ અર્થે ઘરમાં પ્રવેશ કરે છે . ત્યારથી જ એના મનમાં ફફડાટ અને ડર ઉત્પન્ન થાય છે. એવી સ્ત્રી સાથે સંબંધ બાંધતા પણ ભયભીત હોય છે. ઘરમાંથી નીકળતાં પણ ડર પીછો છોડતો નથી. કોઇને ખબર પડી જશે તો? એ વિચારે જ એને પરસેવો થવા માંડે છે. આટલું બધું જાણવા-સમજવા છતાં શા માટે પુરુષો પરસ્ત્રી પાસે જતા હશે? (૮૩)

અન્ય એક પદમાં દુર્જન પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તે અને સ્વભાવ પ્રમાણે જ દુષ્ટતા દાખવે છે. એ વાત કહી છે. આ પદનો ભાવાર્થ છે:

'કૂતરાને સોનાની થાળીમાં ભોજન કરાવશો તો યે એ એંઠી પતરાવલી તો ફેંકવાનો જ. એ જ પ્રમાણે હલકી વૃત્તિના માણસો પર ગમે તેટલો ઉપકાર કરવામાં આવે, તો પણ તેઓ પોતાના સ્વભાવ પ્રમાણે જ વર્તવાના. (૩૮૩)

એક પદમાં સૌંદર્ય સંસ્કારથી દીપે છે. બાહ્ય આડંબર કે ઠઠારાથી નહિં. આવા બાહ્ય ઉપકરણો કેટલાં ક્ષુલ્લક હોય છે, એ વાત માર્મિક રીતે કહી છે. આ પદનો ભાવાર્થ છે:

'જાતજાતના અંબોડા ગૂંથવા, સુંદર ભભકાદાર કપડાં પહેરવાં, શણગાર કરવાં, શરીરે હળદર ચોપડી ચામડીને કોમળ અને મુલાયમ બનાવવી વગેરેથી ભલે સુંદરતા આવતી હોય, તો પણ એ માત્ર ઉપરછલ્લી છે. સુંદરતા એટલામાં સીમાબદ્ધ નથી થઇ જતી. સાચું સૌંદર્ય તો એવી કેળવણી અને સંસ્કારવર્ધનમાં છે, કે જેનાથી મનુષ્યને સારા-નરસાની સમજ મળે, વિવેકયુક્ત જ્ઞાનની પ્રાપ્તિ થાય અને અંતરને શાંતિ મળે. (૨૩૨)

નાલડિયારનાં ચાલીસ 'અધિકારમ્'માં આવી જ્ઞાનસભર વાતો ઉપરાંત ધાર્મિક આચરણ, સમતા, ક્ષમા, દાનશીલતા, કર્મ અને તેનો વિપાક , સત્યનિષ્ઠા, પરિવાર, ગૃહજીવન, વડીલોનો આદર અને મર્યાદા , સત્સંગ, પુરુષાર્થ, મૈત્રી, બહુગુણ સંપન્નતા, કેળવણી, કૃપણતા, દાંપત્યપ્રેમ, હોંશિયારી, બેવકૂફી, અર્થહીન સંપત્તિ, ગરીબી, માન, મોભો, સ્વમાન, અજ્ઞાન, નાદાની, યોગ્યતા, પાત્રતા, વગેરે ગૃહસ્થ જીવનને સ્પર્શતી તેમજ જીવનવ્યવહારમાં ઉપયોગી એવી અનેક બાબતોને સુંદર રીતે વણી લેવામાં આવી છે.

અસ્તુપાલ, પોરુલપાલ અને કામાત્તુપાલ અર્થાત્ ધર્મ અર્થ અને કામ સંબંધી ગ્રંથમાં કર્તાનું કોઇ નામ નથી.

તમિળ સાહિત્યમાં 'તિરુકુરળ' જેટલું જ મહત્ત્વ, લોકપ્રિયતા 'નાલડિયાર'ની કહી શકાય. સદ્‌ગુણો ખીલવવાનો બોધપ્રધાન ગ્રંથ છે.

પરંતુ અફસોસની વાત તો એ છે કે રાજા ઉગ્રપેરવલુડિના ક્ષણિક ક્રોધના આવેશને કારણે આઠ હજાર પદોમાંથી માત્ર ચારસો પદો જ ઉપલબ્ધ થઇ શક્યાં. રાજાએ જો આ મૂર્ખામી ન કરી હોત તો ભારત પાસે આઠ હજાર ઋચાઓનો કેટલો સમૃદ્ધ જ્ઞાનરાશિ સમો ગ્રંથ હોત! છતાં ચારસો પદોનો સચવાયેલો ગ્રંથ નાનકડો પણ જ્ઞાનસમૃદ્ધ અને આજના સમયમાં પણ એટલો જ ઉપયોગી, યથાર્થ- Relwantકે પ્રસ્તુત છે.

એક માન્યતા એવી પણ છે કે આ રચના આઠ હજાર શ્રાવકોએ કરેલી છે . એક માન્યતા એવી છે કે આ રચનાનો સમય પાંચમી સદી આસપાસનો છે. એમ પણ હોય તો પણ કોઇ ફરક પડતો નથી...એક વાત તો ચોક્કસ જ છે. કે વિદ્વાન ગુણીજનોએ આ રચના કરી છે. એ વિષે કોઇ સંદેહ ન હોઇ શકે!

☆☆☆

# માધ્યસ્થ ભાવના

□ તારાબહેન ર. શાહ

ભાવના માનવજીવનની અદ્‌ભુત શક્તિ છે. શુભ ભાવના એટલે જીવની કલ્યાણકારી વિચારધારા. શુભ ભાવના એટલે સ્વ-પર કલ્યાણ કરે એવા વિચારોનું દ્રઢપણે એકાગ્રચિત્તે ચિંતન-મનન કરવું. શુભ ભાવનું વારંવાર ચિંતન કરવાથી મનની ચંચળતા દૂર થાય છે, આત્મા શુદ્ધ બનતો જાય છે અને વૈરાગ્યનો ભાવ દ્રઢ બને છે. આમ, ભાવના આત્માને નિર્મળ કરવાનું એક મહત્ત્વનું સાધન છે.

તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ ભાવના માટે 'અનુપ્રેક્ષા' શબ્દ પ્રયોજ્યો છે. પ્રેક્ષા એટલે નિરીક્ષણ કરવું. અનુપ્રેક્ષા એટલે આંતરનિરીક્ષણ કરવું, આવશ્યકસૂત્રની ટીકામાં હરિભદ્રસૂરિએ भाव्यतेऽनेनमीति ભાવના ભાવના એવી ભાવનાની વ્યાખ્યા બાંધી છે. જેના વડે મનને આનંદ થાય, સુખ થાય તે ભાવના. તેઓ ભાવનાને 'વાસના' પણ કહે છે. જે મનને વાસિત કરે તે ભાવના. આનંદઘનજીએ પણ અજિતનાથ ભગવાનના સ્તવનમાં 'વાસના' શબ્દ વાપર્યો જ છે:

*તરતમ જોગેરે તરતમ વાસના, વાસિત બોધ આધાર;*
*પંથડો નિહાળું રે બીજા જિનતણો રે.*

જેટલી વાસના સૂક્ષ્મ તેટલો વિશેષ બોધ મનમાં પ્રગટે છે અને મનની શુદ્ધિ થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સમ્યક્ત્વ પ્રકરણમાં ગૌતમસ્વામી ભગવાન મહાવીરસ્વામીને ભાવના વિશે પ્રશ્ન પૂછે છે. ભગવાનના જવાબનો સાર એ છે કે ભવનો અંત લાવે તે ભાવના. અર્થાત્ ભાવના ભવનો અંત લાવનારી પ્રક્રિયા છે. એટલે જ ભાવનાને 'ભવનાશિની' કહી છે.

ભાવના પાછળ માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણ રહેલો છે. ભાવનાનો આધાર ચિત્ત ઉપર છે. ચિત્તથી ભાવના ભાવી શકાય છે. જગતના જીવો પ્રત્યે અને પોતાની જાત પ્રત્યે કેવી ભાવના રાખવી જેથી મનુષ્યજન્મ સફળ થાય ? શાસ્ત્રકારોએ જુદી જુદી બે મુખ્ય દૃષ્ટિથી ભાવનાઓનું વર્ગીકરણ કર્યું છે.

અધ્યાત્મની અથવા વૈરાગ્યની બાર ભાવનાઓ આ પ્રમાણે છે: (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોકસ્વરૂપ (૧૧) બોધિદુર્લભ અને (૧૨) ધર્મભાવના. આ ભાવનાઓ આત્મલક્ષી છે એટલે કે આત્મસ્વરૂપને સમજવા માટે ઉપયોગી છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચારને ધર્મધ્યાનની અથવા સમ્યકત્વની ભાવના તરીકે ઓળખાવવામાં આવે છે. આ ભાવનાઓ પરલક્ષી છે. એટલે કે અન્ય પ્રત્યે એના કલ્યાણ માટે ભાવવાની છે. મૈત્રી એટલે પ્રાણીમાત્ર પ્રત્યે મિત્રતાનો ભાવ. પ્રમોદ એટલે ગુણીજન પ્રત્યે આદર. કરુણા એટલે દુઃખી પ્રત્યે દયા અને માધ્યસ્થ એટલે વિપરીત વૃત્તિવાળા પ્રત્યે ઉપેક્ષાભાવ. આ ચાર ભાવનામાં માધ્યસ્થ ભાવના ક્રમમાં સૌથી છેલ્લી છે. એ ભાવનાને જીવનમાં અમલમાં મૂકવી તે ખૂબ અઘરી છે.

મૈત્રી, પ્રમોદ અને કરુણા એ ત્રણ ભાવનાને જે વ્યક્તિ જીવનમાં ઉતારી શકે તે જ માધ્યસ્થ ભાવના ભાવી શકે. એ દૃષ્ટિએ માધ્યસ્થ ભાવના એ પહેલી ત્રણ ભાવનાનો સરવાળો છે. માધ્યસ્થ ભાવના એટલે મનની સમતા, સ્વસ્થતા. એ મુખ્યત્વે તો આત્માનો ગુણ છે. માધ્યસ્થભાવ અન્ય પ્રત્યે દાખવવાનો હોવાથી એ પરલક્ષી છે. આમ માધ્યસ્થભાવ આત્મલક્ષી છે અને પરલક્ષી પણ છે. આ ભાવના જે ભાવી શકે તે સ્વકલ્યાણ અને પરકલ્યાણ બન્ને સાધી શકે.

હરિભદ્રસૂરિએ આ ચાર ભાવનાની વ્યાખ્યા બાંધતાં કહ્યું છે,

परहितचिंतामैत्री, परदुःखविनाशिनी तथा करूणा ।

परसुखतुष्टि मुदिता, परदोषोपेक्षण उपेक्षा ।।

બીજાના હિતની ચિંતા કરવી તે મૈત્રી, બીજાના દુઃખ દૂર કરવાનો વિચાર કરવો તે કરુણા, બીજાનું સુખ જોઇ આનંદિત થવું તે મુદિતા અને બીજાના દોષોની ઉપેક્ષા કરવી તે તે માધ્યસ્થ ભાવના. કોના પ્રત્યે કઇ ભાવના ભાવવી એ વિશે આચાર્ય અમિતગતિએ પણ આ પ્રમાણે કહ્યું છે:

सत्त्वेषु मैत्री गुणीषु प्रमोदम् क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।

माध्यस्थभावम् विपरीतवृतौ, सदाममात्मा विदधातु देव ।।

બધા જીવો સાથે મૈત્રીભાવ રાખવો, ગુણીજનો પ્રત્યે પ્રમોદભાવ ધારણ કરવો, દુઃખી જીવો પ્રત્યે કૃપા બતાવવી અને વિપરીત વૃત્તિવાળા જીવો પ્રત્યે માધ્યસ્થભાવ રાખવો એવી ભાવના માટે હે પ્રભુ ! મારો આત્મા સદા પ્રયત્નશીલ રહો !

આ વિચિત્ર સંસારમાં વિવિધ સ્તરના, સ્વભાવના, સંસ્કારવાળા લોકો જોવા મળે છે. વળી વિવિધ શક્યતાવાળી પરિસ્થિતિ જોવા મળે છે. પુણ્ય અને પાપ, સત્ય અને અસત્ય, ક્ષમા અને વૈર, પ્રેમ અને ધિક્કાર વગેરે પરસ્પરવિરોધી ભાવો ઓછા-વત્તા પ્રમાણમાં જોવા મળે છે. બધા જ જીવો શીલવાન, ગુણવાન, પરોપકારી, નિષ્પાપ, ક્ષમાશીલ, અને વિનયી નથી હોતા. વળી જગતમાં પાપનું, અવિચારીપણાનું, અણસમજનું, સ્વભાવની વક્રતાનું પ્રમાણ પણ ઠીક ઠીક જોવા મળે છે. સાધકનું, સંતનું પ્રમાણ એકંદરે ઓછું હોય છે. તો પણ તેનો પ્રભાવ ઓછો નથી હોતો.

જગતમાં જ્યારે અધર્મનું પ્રમાણ વધે છે ત્યારે સંત મહાત્માઓ જ અનેકને તારે છે અથવા તરવાનો માર્ગ બતાવે છે. તેઓ જીવન સારી રીતે જીવવાનું બળ આપે છે. બીજાના દોષો પ્રત્યે ઉપેક્ષાભાવ કે માધ્યસ્થભાવ પોતે રાખે છે અને તે રાખવા માટે બીજાને શીખવે છે.

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં લખ્યું છે:

क्रूर कर्मसुनिःशंक, देवता गुरु निन्दिषु ।

आत्मशंसिषुयोपेक्षा तन्माध्यस्थमुदीरितम् ।।

હિંસાદિ ક્રૂર કાર્ય કરે, દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરે, તેવા લોકો તરફ ઉપેક્ષા દાખવવી, તેને માધ્યસ્થભાવ કહે છે.

જીવનમાં હર્ષ કે શોક, માન કે સન્માન, વિજય કે પરાજય વગેરે પ્રકારના સંયોગો આવે ત્યારે મનથી વિચલિત થવાને બદલે સમભાવ ધારણ કરવો તે માધ્યસ્થભાવ.

કોઇ અસંસ્કારી, અણસમજુ, ક્ષુદ્રવૃત્તિવાળા, ટૂંકી બુદ્ધિવાળા, દગાખોર કે નિંદક જેવી વ્યક્તિને ઉન્માર્ગેથી પાછા વાળવા શિખામણ આપીએ ત્યારે તે તેની અવગણના કરે ત્યારે તેના પર રોષ કરવાને બદલે ચિત્તમાં સમતા રાખવી, મનથી સ્વસ્થ રહેવું તે માધ્યસ્થભાવ. આવી વ્યક્તિ પર પ્રગટ નહિ પરંતુ મનથી પણ ક્રોધ કરી આત્માને પણ દુઃખી ન કરવો અને સમજપૂર્વક સ્વસ્થ રહેવું તે માધ્યસ્થભાવ. આ ઘણું જ દુષ્કર છે, પરંતુ એકંદરે તે શ્રેયસ્કર અને ધર્મમાર્ગે દોરનારું છે.

જ્યારે શુભ આશયવાળી વ્યક્તિને કોઇ ઉન્માર્ગે ગયેલાને સન્માર્ગે વાળવામાં નિષ્ફળતા મળે ત્યારે સ્વાભાવિક રીતે જ તેનામાં ક્રોધ જન્મે, દુર્ભાવ પ્રગટે, પરિણામે પરિસ્થિતિ બગડે. બન્ને પક્ષે ગેરસમજ અને અણગમો પ્રવર્તે. વ્યક્તિની આ માનવસહજ નબળાઇને ધ્યાનમાં રાખીને ભગવાને માધ્યસ્થ ભાવનો ઉપદેશ આપ્યો છે. પરંતુ આ નિર્બળતા દૂર કરવા શું કરવું ? પ્રથમ તો નિષ્ફળતા મળે તેનો રંજ ન કરવો. પોતે સદ્‌ભાવપૂર્વક કરેલા પ્રયત્નથી સંતોષ માનવો. પોતાના પ્રયત્ન પાછળ સદ્‌ભાવ જ હતો કે કેમ તે પ્રામાણિકપણે ચકાસવું. નિષ્ફળતા મળે ત્યારે મૌન રહેવું. મૌનની શક્તિ ઘણી મોટી છે. मौनम् सर्वार्थ साधनम् । મૌનને કારણે વાણીથી થતા દોષોથી બચી જવાય છે. નિષ્ફળતાને કારણે ક્રોધ તો ન જ કરવો, કારણ ક્રોધથી મતિ મૂઢ બને છે. સ્મૃતિવિભ્રમ થાય છે અને પરિણામે બુદ્ધિનો નાશ થાય છે. ક્રોધથી સ્વજનો વિપરીત થઇ જાય છે. એથી જીવનમાંથી સુખ-શાંતિ ચાલ્યાં જાય છે.

'શાંત સુધારસ'માં વિનયવિજયજી મહારાજે લખ્યું છેઃ

योऽपि न सहते हितमुपदेशम् तदुपरि मा कुरु कोप रे ।

निष्फलयो किं परजनतप्त्या कुरुषे निजसुख लोप रे ।।

જે કોઈ હિતકારક ઉપદેશ ન સાંભળે તો પણ તેના પ્રત્યે ક્રોધ ન કરવો, ક્રોધ કરવાથી સામેની વ્યક્તિ સુધરે નહિ અને વધારામાં આપણે પોતાનાં સુખ-શાંતિ ગુમાવીએ.

ઉપદેશ કે શિખામણ કે અભિપ્રાય અવસરોચિત હોય તો રુચિકર લાગે છે. સામી વ્યક્તિ ત્યારે તે હૃદયપૂર્વક સ્વીકારવા તૈયાર થાય છે. જો તે અવસરોચિત ન હોય તો તેથી આવનાર અને લેનાર બન્ને વચ્ચે વેરઝેરના બીજ વવાય છે. કેટલીકવાર ટૂંકી દૃષ્ટિવાળી વ્યક્તિ વેરબુદ્ધિથી ઉશ્કેરાટમાં શિખામણ આપનારના નબળાં પાસાં શોધીને અને ન મળે તો કલ્પીને પણ તેને વગોવે છે, જુઠાણું ફેલાવે છે. આ જુઠાણાંનો સામનો કરવાનું કેટલીક વાર મુશ્કેલ બની જાય છે. તેવે વખતે માધ્યસ્થ ભાવના ધારણ કરવાથી ચિત્તની શાંતિ પ્રાપ્ત થાય છે.

વળી ઉન્માર્ગે ગયેલાને શિખામણ પણ શુભ આશયથી, હિતબુદ્ધિથી, મીઠી વાણી વડે આપવી. કડવી વાણી ત્યજવી. કારણ કે વાણીની કડવાશ કહેનાર માટે અણગમો જન્માવે છે. કોઈને ગર્વથી, ચારિત્ર્ય ખંડનના ભાવથી, ઉતારી પાડવાના આશયથી શિખામણ ન આપવી. એવી શિખામણ દ્વેષજનિત કલુષિત વાતાવરણ જન્માવે. પંચતંત્રમાં સુઘરીની વાર્તા આવે છે. ચોમાસામાં બચ્ચાં સાથે સુરક્ષિત રહી શકાય એ માટે સુઘરીએ ચોમાસા પહેલાં તૈયારી કરીને ઝાડની ડાળે સરસ હૂંફાળો માળો બનાવ્યો. ચોમાસું બેસતાં વરસાદના દિવસોમાં સુઘરી પોતાના માળામાં આરામથી બચ્ચાં સાથે રહેવા લાગી. એક વખત વરસાદમાં ઠંડીથી થરથરતો વાંદરો એ ઝાડ પર આવ્યો. તેને એવી દશામાં જોઈને સુઘરીએ તેને ઠપકો આપ્યો. 'તેં આળસ કરી ને?' હવે ભોગવ બધી તકલીફ ! થોડીવાર રહીને ફરી સુઘરી બોલી, 'વાંદરા ! તેં તો મોજ-મજા જ કર્યા કરી ! આખો ઉનાળો વીતી ગયો તોય તને કાંઈ વિચાર ન આવ્યો ? આમ, વારંવાર સુઘરીના ઠપકાથી વાંદરો એકદમ રોષે ભરાયો. એણે કૂદીને રોષમાં આવીને સુઘરીનો માળો તોડી નાંખ્યો. સુઘરી અને તેનાં બચ્ચાં નીચે પડ્યાં. આમ, વાંદરો અને સુઘરી કોઈને ય લાભ ન થયો. આથી પાત્રતા જોયા વિના કોઈને શિખામણ આપવાની ઉતાવળ ન કરવી જોઈએ. માણસે ડહાપણ, સાવધાની વગેરેની બડાશ ન મારવી જોઈએ.

જ્યારે આવી રીતે પોતે કરેલાં હિતવચનની બાબતમાં નિષ્ફળતા મળે ત્યારે માણસે પ્રથમ પોતાની પાત્રતાનો વિચાર કરવો જોઈએ, પોતાની ક્યાંય ભૂલ તો નથી થતી ને ? પોતે ગુરુતાગ્રંથિથી (Superiority Complex) પીડાતા તો નથી ને ? અથવા તો એમ પણ વિચારવું કે, પોતાનો પુણ્યોદય એટલો ઓછો હશે, પોતાનું યશનામકર્મ એટલું ઓછું હશે કે પ્રામાણિક પ્રયત્ન હોવા છતાં પોતાના વચનની કંઈ અસર ન થઈ, બલકે પોતાને નુકસાન થયું. આવી રીતે મનનું સમાધાન કરી લઈ, સમભાવ ધારણ કરીને પોતાની પાત્રતા મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. બીજી બાજુ જેને શિખામણ આપીએ તેની પાત્રતાનો પણ વિચાર કરવો જોઈએ. તે જો ન સાંભળે, ન સમજે તો વિચારવું કે તેની પાત્રતા એટલી ઓછી છે. પ્રત્યેક જીવની ગતિ તેના કર્મને આધીન છે. જ્યાં સુધી તેના અશુભ સંસ્કારો ક્ષીણ થઈ શુભ સંસ્કારો જાગ્રત ન થાય ત્યાં સુધી તેને સાંભળવાની રુચિ થતી નથી. અપાત્રે આપેલો કોઈ પણ જાતનો ઉપદેશ કે શિખામણ પત્થર પર પાણી સમાન નીવડે છે. માણસની પાત્રતા ન હોય તો તેને સમજાવી શકાતો નથી. પરંતુ ઉન્માર્ગે વળેલો જીવ કોઈક શુભ પળે, ધર્માભિમુખ થઈ જાય છે, ધર્મ આચરવા માટે તે પુરુષાર્થ કરવા લાગે છે. પરિણામે તેનાં અશુભ કર્મો ક્ષીણ થવા લાગે છે. સાચો ધર્મ પાળવાની પાત્રતા તે મેળવે છે. કોઈક વાર એવી આશ્ચર્યજનક ઘટના બને છે કે અતિશય ક્રોધી દુર્ગુણી વ્યક્તિમાં અચાનક પરિવર્તન આવે છે, કારણ કે તેનામાં સુષુપ્ત રહેલાં ધર્મસંસ્કારો જાગ્રત થાય છે.

ચંડકૌશિક સર્પનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. એ અત્યંત ઝેરી હતો. તે દૃષ્ટિવિષ સર્પ હતો. બાર ગાઉ દૂરનાં ઝાડપાન કે જીવો તેની આંખમાંના ઝેરથી અને તેના ફૂંફાડાથી બળી જતાં. આવા ભયંકર સર્પનું પરિવર્તન કરવા, તેને બોધ પમાડવા ભગવાન મહાવીર તેની પાસે ગયા. ચંડકૌશિકે તીવ્ર ક્રોધ કરી ભગવાનના પગના અંગૂઠે દંશ દીધો. પરંતુ તેથી વિચલિત થયા વિના ભગવાને અત્યંત સદ્ભાવથી, કરુણાબુદ્ધિથી, મધુર અવાજે એને કહ્યું: 'બુઝ્ઝ, બુઝ્ઝ, ચંડકૌશિક !' ત્યારે ભગવાનનો માતાતુલ્ય વાત્સલ્યભર્યો અવાજ, તેમના મુખ પરની અપાર શાંતિ અને સમતા ભાવ અને અંગૂઠામાંથી ઝરતી માતૃત્વના પ્રતીક સમી શ્વેત દૂધની ધારાએ ચંડકૌશિકને જાગ્રત કર્યો. તેનું ઝેર ઓગળી ગયું . પૂર્વ ભવનું તેનું સાધુત્વ જાગ્રત થયું. પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતનું અમૃત તેનામાં પ્રગટ્યું. હવે બન્ને પક્ષે પાત્રતા હતી. એક બાજુ સમતાના પ્રતીક વાત્સલ્યમૂર્તિ ભગવાન મહાવીર હતા. બીજી બાજુ ચંડકૌશિક જે આ ભવે દૃષ્ટિવિષ સર્પ હતો પરંતુ પૂર્વ ભવમાં સાધુ, તાપસ હતો. તેના સંસ્કારના મૂળમાં સાધુત્વની, ત્યાગની, તપની ભાવના હતી. પરંતુ અત્યંત ક્રોધને કારણે તેની એટલી બધી અવનતિ થઈ હતી કે તે દૃષ્ટિવિષ સર્પ બન્યો હતો. પરંતુ શુભ સંયોગાનુસાર તેને મહાન આત્માનો યોગ થતાં તેની સાધુતા પ્રગટી, તેનું હૃદય પરિવર્તન થયું. ભગવાન મહાવીરના માધ્યસ્થ ભાવનો વિજય થયો. ચંડકૌશિકનું એટલી હદે પરિવર્તન થયું કે પોતાના વિષથી કોઈને હાનિ ન થાય, કોઈની હિંસા ન થાય એ માટે તેણે દરમાં મોઢું સંતાડી દીધું. તેના શરીર પર ચડેલી કીડીઓ મરી ન જાય તે માટે તે જરાપણ હલ્યા વિના સ્થિર પડી રહ્યો.

ચંડકૌશિકના આ પ્રસંગમાં વસ્તુતઃ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચારે ભાવના જોવા મળે છે. ભગવાન મહાવીરની દૃષ્ટિવિષ સર્પ પ્રત્યે મૈત્રીભાવના, તેને પતનમાંથી ઉગારવાના પ્રયત્નમાં રહેલી તેમની કરુણાભાવના, સર્પના પરિવર્તન પછી તેના પ્રત્યે આનંદ અને સંતોષનો ભાવ તે પ્રમોદ ભાવના. તેની ઝેર ઓકતી આંખો સામે સમતા ભાવે સ્થિર ઊભા રહેવું, વાત્સલ્ય દર્શાવવું, તે માધ્યસ્થ ભાવના. આમ, ચારે ભાવનાનાં દર્શન આ એક દૃષ્ટાંતમાં જોવા મળે છે.

માધ્યસ્થ ભાવના એ કાયરતાની કે નબળાઈની નિશાની નથી. શિખામણની ઉપેક્ષા કરનાર પ્રત્યે ક્રોધ ન કરવો, મૌન રહેવું, સમતા ભાવ રાખવો, શુભ આશયથી જ શિખામણ દેવી, પોતાની પાત્રતાનો વિચાર કરવો. ઉન્માર્ગે ગયેલા માટે પ્રાર્થના કરવી, કોઈકવાર તેની તરફથી પ્રગટ થતો વિરોધ કે આક્રોશ સહન કરવો વગેરે ખૂબ ઊંડી સમજ, ધૈર્ય અને વિચારશક્તિ માંગી લે છે. આ દૃષ્ટિએ જોઈએ તો માધ્યસ્થભાવ માટે દૃઢ આત્મશક્તિની અપેક્ષા રહે છે. આવી વિરલ શક્તિને કેળવવા માટે ધર્મધ્યાન અને આત્મ જાગૃતિની જરૂર રહે છે. એટલા માટે પૂર્વાચાર્યોએ માધ્યસ્થ ભાવનાને તીર્થ સમાન ગણી છે. એ બંન્નેને તારે છે. એટલે કે માધ્યસ્થ ભાવના ધારણ કરનાર પોતે તરે છે અને જેના પ્રત્યે એ ભાવના ધારણ કરાય છે તેને પણ તે તારે છે.

માધ્યસ્થભાવ અને પ્રમોદભાવ વચ્ચે સૂક્ષ્મ ફરક છે. પ્રમોદભાવ ધરાવનાર વિવિધ પ્રકારના ગુણોને જોઈને આનંદ અનુભવે છે, માધ્યસ્થભાવ ધરાવનાર અન્યના દોષોને, ત્રુટિઓને જુએ છે અને સમતાભાવથી, હિતબુદ્ધિથી તે દૂર કરવા પ્રયત્ન કરે છે. અને તેમાં સફળતા ન મળે તો તેથી અશાંત થતા નથી.

માધ્યસ્થભાવના ઢાલ જેવી છે. તે પોતાના આત્માનું રક્ષણ કરે છે. દુર્ભાવ અને રાગદ્વેષના પ્રસંગે સમતા ટકી રહેવી એ ઘણો મોટો લાભ છે. સાંસારિક દૃષ્ટિએ પણ માધ્યસ્થ ભાવના ઉભય પક્ષે લાભકર્તા છે. 'અપૂર્વ અવસર'માં શ્રીમદ્ રાજચન્દ્રે માધ્યસ્થ ભાવનાનો આદર્શ યથાર્થ રૂપ વર્ણવતાં લખ્યું છે;

*શત્રુમિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,*
*માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;*
*જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,*
*ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.*

☆☆☆

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગ : શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી બુધવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૧૯૯૫ થી બુધવાર, તા. ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૫ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાન સભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ- ૪૦૦૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦- ૧૫ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| બુધવાર | ૨૩-૮-૯૫ | ૧. શ્રી શશિકાંત મહેતા | મૃત્યુંજયી મહામંત્ર નવકાર |
| | | ૨. શ્રીમતી છાયાબહેન પી. શાહ | તપની તેજસ્વિતા |
| ગુરુવાર | ૨૪-૮-૯૫ | ૧. પૂ. મુનિશ્રી રાજકરણજી | जैन दर्शन में कर्मवाद |
| | | ૨. ડૉ. શેખરચંદ્ર જૈન | आओ आत्मा को पहचाने |
| શુક્રવાર | ૨૫-૮-૯૫ | ૧. ડૉ. અશ્વિન કાપડિયા | એકવીસમી સદી અને આધ્યાત્મિક યુગનું પ્રભાત |
| | | ૨. પૂ. સમણીશ્રી મુદિતપ્રજ્ઞાજી | व्यवहार और अध्यात्म |
| શનિવાર | ૨૬-૮-૯૫ | ૧. પૂ. સાધુ પ્રીતમપ્રસાદદાસ | સેવા-મુક્તિનું દ્વાર |
| | | ૨. ડૉ. પ્રકાશ ગજ્જર | પ્રાર્થનાના અજવાળે |
| રવિવાર | ૨૭-૮-૯૫ | ૧. ડૉ. રમણલાલ ચી. શાહ | અદત્તાદાન વિરમણ |
| | | ૨. શ્રીમતી મેનકા ગાંધી | अहिंसा |
| સોમવાર | ૨૮-૮-૯૫ | ૧. પ્રા. ધીરેન્દ્ર રેલિયા | ચંદનની તો ચપટી ભલી |
| | | ૨. શ્રી નારાયણ દેસાઇ | માથે મોત તોળાતું હોય ત્યારે |
| મંગળવાર | ૨૯-૮-૯૫ | ૧. શ્રી હરિભાઇ કોઠારી | પરમાર્થ યાત્રા- અતિક્રમણથી પ્રતિક્રમણ |
| | | ૨. ડૉ. ગુણવંત શાહ | ધર્મક્ષેત્રે, કુરુક્ષેત્રે અને બજારક્ષેત્રે |
| બુધવાર | ૩૦-૮-૯૫ | ૧. શ્રીમતી શૈલજા ચેતનભાઈ શાહ | વ્રતશિરોમણિની પ્રતિષ્ઠા |
| | | ૨. શ્રીમતી સુષમા અગરવાલ | जिन भावना उतारे पार |

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે: (૧) શ્રીમતી અવનીબહેન પરીખ (૨) શ્રીમતી ઇન્દિરાબહેન પરીખ (૩) શ્રી રમેશભાઇ રાવળ (૪) કુ. કશની શાહ (૫) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી (૬) કુ. અમીષી શાહ (૭) શ્રી નીતિનભાઇ સોનાવાલા અને (૮)શ્રી જતીનભાઇ શાહ.

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ સભ્યો, શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

ચંદ્રકાંત દીપચંદ શાહ
ઉપ-પ્રમુખ
પન્નાલાલ ર. શાહ
કોષાધ્યક્ષ

રમણલાલ ચી. શાહ
પ્રમુખ

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮, લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૮ ● ● તા. ૧૬-૮-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## શ્રીમતી મેનકા ગાંધીનાં ઉદ્‌બોધનો

પર્યુષણ પર્વ દરમિયાન શ્રીમતી મેનકા ગાંધીએ મુંબઇની જુદી જુદી સંસ્થાઓના ઉપક્રમે અહિંસા, જીવદયા, શાકાહાર વગેરે વિષયો ઉપર સરસ, પ્રેરક ઉદ્‌બોધનો કર્યાં. પાંચ-છ દિવસના ભરચક કાર્યક્રમોમાં અપાયેલાં એમનાં વ્યાખ્યાનોને કારણે મુંબઇમાં પર્યુષણ દરમિયાન વાતાવરણ જાણે કે શ્રીમતી મેનકા ગાંધીના વિચારોથી સભર બની ગયું હોય તેવું લાગ્યું. શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે પણ રવિવાર તા. ૨૭મી ઓગસ્ટ ૧૯૯૫ના રોજ શ્રીમતી મેનકા ગાંધીએ ભરચક મેદની સમક્ષ અહિંસા વિશે લગભગ સવા કલાક જેટલો સમય વ્યાખ્યાન આપ્યું. આગલા દિવસથી પોતાને શરદી અને તાવ હતાં એટલે એમની બોલવાની બહુ ઇચ્છા નહોતી, પરંતુ સાંભળનાર સુશિક્ષિત, સંસ્કારી શ્રોતાવર્ગને સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલો જોઇને તેમનો વ્યાખ્યાન માટેનો ઉત્સાહ એટલો વધી ગયો કે સવા કલાક સુધી તેઓ અસ્ખલિત બોલ્યાં. શ્રીમતી મેનકા ગાંધીને પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાઓમાં, ઉપાશ્રયોમાં અને સ્થાનકોમાં તથા વિવિધ મંડળોમાં ઉદ્‌બોધન માટે લઇ જવાના કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી મફતલાલ મહેતા, શ્રી મહીપતરાય શાહ, શ્રી પ્રીતીશ નાન્દી વગેરેએ ઘણી સારી જહેમત ઉઠાવી હતી.

શ્રીમતી મેનકા ગાંધીએ પોતાના વ્યાખ્યાનમાં અહિંસા અને જીવદયાના ઘણા જુદા જુદા પાસાંઓની ચર્ચા કરી. જૈન લોકોમાં રેશમી વસ્ત્ર અને મોતીનો વપરાશ ઘણો બધો છે, પરંતુ એ બંનેની પાછળ કેટલી બધી જીવહિંસા રહેલી છે તે ઘણા જૈનો જાણતા નથી અને જાણતા હોય તો જલદી તે છોડવા તૈયાર નથી એ દુઃખની વાત છે. ભૂતકાળમાં જ્યારે રેશમ અને મોતીની ઉત્પતિ વિશેની જાણકારી લોકોને હતી નહિ ત્યારે લોકોએ તેનો ઉપયોગ ચાલુ કર્યો તે સમજી શકાય તેમ છે, પરંતુ વર્તમાન સમયમાં તો જૈનોએ આ બાબતમાં જાગ્રત થવું જરૂરી છે. એવી રીતે શેમ્પુ, લિપસ્ટિક, નેઇલ પોલિશ વગેરેમાં ઈંડાં તથા માછલીનું તેલ વપરાય છે તે પણ અહિંસાવાદી લોકોએ જાણવું જરૂરી છે.

ભારતમાં ઉત્તરોત્તર પશુઓની કતલ માટે આધુનિક મોટાં સ્વયં સંચાલિત કતલખાનાં ઊભાં થતાં જાય છે. એથી દેશને માત્ર ધાર્મિક દ્દષ્ટિએ જ નહિ, પરંતુ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક દ્દષ્ટિએ પણ કેટલું મોટું નુકશાન થઇ રહ્યું છે તેનો ચિતાર તેમણે આપ્યો હતો. ભારતનાં ગામડાંઓમાં અને શહેરોમાં પણ કેટલાય લોકોને પીવા માટે પૂરતું પાણી મળતું નથી ત્યારે આ કતલખાનાંઓમાં સરકારી નિયમ અનુસાર મરેલાં ઢોરને ધોવા માટે રોજનું કેટલું બધુ પાણી વેડફાઇ રહ્યું છે અને એ ઢોરનું માંસ વિદેશમાં નિકાસ થાય છે. વિદેશીઓ માટે થઇને ભારતે પોતાની પ્રજાની પ્રાથમિક જરૂરિયાતો બાબતમાં કેટલો બધો ભોગ આપવો પડે છે તે આના ઉપરથી જોઈ શકાશે. ભારતમાં લોકશાહી છે એટલે કેટલીક વસ્તુઓનો અમલ કરાવવામાં વિલંબ થાય છે. વળી ભારતના બધાં રાજ્યોમાં કેટલાય સરકારી અમલદારો ભ્રષ્ટ છે અને લાંચ રૂશ્વત લઇને કામ કરે છે. માંસાહારી વાનગીઓ બનાવતી જાણીતી આંતરરાષ્ટ્રીય કંપનીઓ ભારતના જુદા જુદા રાજ્યોના અમલદારોને અને રાજકીય નેતાઓને લાખો, કરોડો રૂપિયાની રૂશ્વત આપીને પોતાનું ધાર્યું કરાવી લે છે. આ અનિષ્ટને તાત્કાલિક અટકાવવાની જરૂર છે. તે વધતું જશે તો આર્થિક દ્દષ્ટિએ ભારતના ગામડાઓમાં પશુપાલન પર જીવતા ગરીબ લોકોનાં પશુઓ ઝૂંટવાઇ જશે. મોંઘા ભાવે પશુઓ ખરીદી નહિ શકવાને કારણે તેમની ભયંકર દુર્દશા નજીકના ભવિષ્યમાં થઇ જશે. વિદેશી મૂડીઓને આકર્ષવા માટે સરકારે જે યોજનાઓ કરી છે તેમાં દીર્ઘદ્દષ્ટિથી વિચાર થયો નથી અને તેથી ભારતનું આર્થિક, સામાજિક અને ધાર્મિક શોષણ કેટલું બધું થશે તેની કલ્પના મુશ્કેલ છે. જીવદયામાં માનનારા લોકોએ વેળાસર સંગઠિત થઇને આ બધી આવી રહેલી યોજનાઓનો સબળ પ્રતિકાર કરવો જોઇએ. જીવહિંસામાં સંડોવાયેલી કંપનીઓના શેર જૈનોએ લેવા ન જોઇએ.

વર્તમાન સમયમાં ભારતમાં અહિંસાના ક્ષેત્રે શ્રીમતી મેનકા ગાંધી પોતાના સાથીદારો શ્રી પ્રીતિશ નાન્દી, શ્રી અનુપમ ખેર વગેરે સાથે મળીને ઘણી મોટી હિલચાલ ચલાવી રહ્યાં છે. શ્રીમતી ગાંધી અહિંસાને વરેલાં (Committed) છે. તેઓ ચુસ્ત શાકાહારી છે, એટલું જ નહિ તેઓ દૂધ કે દૂધની બનાવટો કે વાનગીઓ વગેરે પણ લેતાં નથી. તેઓ રેશમી વસ્ત્ર કે મોતી ધારણ કરતાં નથી. ભારતમાં જુદે જુદે ઠેકાણે કતલખાનાં બંધ કરાવવા માટે તથા વિદેશ માટે ભારતમાંથી નિકાસ થતા માંસનો વિરોધ કરવા માટે તેઓ અત્યંત ગતિશીલ અને કાર્યશીલ છે. દરેક વિષયનો એમનો અભ્યાસ આધારભૂત માહિતી સાથેનો છે. પોતાના દરેક વિષયને તેઓ સર્વાંગીણ દ્દષ્ટિથી વિચારે છે. તેમની પાસે સરસ લેખન શૈલી છે અને એટલી જ સરસ ઉદ્‌બોધન શૈલી છે. લોકમતને જાગ્રત કરવા માટે જરૂર પડે ત્યાં કાનૂની કાર્યવાહી કરવા માટે પણ તેઓ બધે ઘૂમી વળે છે. અલબત્ત આવડા મોટા દેશમાં જ્યાં ત્રણ સાંધો ત્યાં તેર તૂટે એવી સ્થિતિ હોય ત્યાં હજુ ઘણાં મોટા સંગઠનની જરૂર રહે છે.

સમગ્ર દુનિયાના ઘણા બધા દેશોમાં લોકો એકંદરે માંસાહારી છે. કેટલાક દેશોમાં તો અનાજ વગેરે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાને

કારણે લોકો કુદરતી રીતે માંસાહાર તરફ ઠેઠ પ્રાચીનકાળથી વળેલા છે. માંસાહાર તેઓને માટે અનિવાર્ય જેવો બનેલો છે. પ્રાચીનકાળથી ચાલી આવતી જીવન પદ્ધતિમાં પરિવર્તન લાવવાનું સરળ નથી, તો પણ ઘણાં દેશોમાં ઘણાં લોકો સમજણપૂર્વક શાકાહારી થવા લાગ્યા છે.

આ બધા દેશોમાં ભારતની સ્થિતિ નિરાળી છે. ભારત જ એક એવો દેશ છે કે જ્યાં પ્રજાનો ઘણો મોટો વર્ગ શાકાહારી છે. કેટલાંક માંસાહારીઓ પણ રોજ માંસાહાર કરતા નથી. ભૌગોલિક દૃષ્ટિએ જોઇએ તો હિમાલય સહિત ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં શાકાહારી લોકોનું પ્રમાણ ઘણું જ મોટું છે. દક્ષિણ ભારતમાં પણ તે જ પ્રમાણે છે. ભાષાની દૃષ્ટિએ જોઇએ તો ગુજરાતી અને રાજસ્થાની પ્રજામાં શાકાહારી લોકોનું પ્રમાણ સૌથી મોટું છે. ધર્મની દૃષ્ટિએ જોઈએ તો મુસલમાનોમાં માંસાહારનું પ્રમાણ સૌથી વધુ છે. ખ્રિસ્તી, પારસી, શીખ વગેરે ધર્મના લોકોમાં પણ ઘણા ખરા માંસાહારી છે અને કેટલાંક શાકાહારી છે. હિન્દુ ધર્મના લોકોમાં પણ માંસાહારી કહી શકાય એવો વર્ગ પણ છે. એક જૈન ધર્મ એવો છે કે જે ધર્મના સિદ્ધાંત તરીકે અહિંસાને વરેલો છે અને તેથી બધા જૈન લોકો ચુસ્ત શાકાહારી છે. (શોખથી માંસાહાર કરનાર કોઇક જોવા મળે તો તે અપવાદરૂપ છે) જૈન ધર્મના અધિકાંશ લોકો ગુજરાત અને રાજસ્થાનમાં વસેલા છે. આથી ફક્ત ધર્મની દૃષ્ટિએ જોઇએ તો શાકાહાર જૈનોનું મુખ્ય લક્ષણ છે. માંસાહારનો નિષેધ, જીવોની કતલનો વિરોધ, જીવદયા એ જૈનોનું મુખ્ય ધ્યેય છે. એટલે ભારતમાં કતલખાનાં અટકાવવાં એ સમગ્ર જૈન સમાજનું મુખ્ય કર્તવ્ય બની રહે છે. એ માટે જૈનોએ જોરદાર અવાજ ઉઠાવવાની જરૂર છે. એટલું જ નહિ સ્વયં સંચાલિત કતલખાનાંઓ વધતાં અટકાવવા માટે શ્રીમતી મેનકા ગાંધી અખિલ ભારતીય સ્તરે જે જોરદાર આંદોલન ચલાવી રહ્યાં છે તેમને સબળ ટેકો આપવાની જવાબદારી જૈન સમાજે ઉઠાવી લેવી જોઇએ. શ્રીમતી મેનકા ગાંધીના બધા જ વિષયો માટેના બધા જ વિચારો સાથે કોઈ કદાચ સંમત ન થાય કે એમની બધી જ કાર્યપદ્ધતિનો કોઈ કદાચ સ્વીકાર ન કરે તો પણ જીવદયા અને અહિંસાના ક્ષેત્રે તો જૈન સમાજે એમની નેતાગીરીને અવશ્ય મજબૂત બનાવવી જોઈએ.

શ્રી મેનકા ગાંધી નાની ઉંમરનાં છે, તેજસ્વી છે, ઉત્સાહી છે, પોતાના ધ્યેયને વરેલાં છે, સારા વક્તા છે, સારી નેતાગીરીના ગુણ ધરાવે છે, બધે ઘૂમી વળવાની શક્તિ ધરાવે છે, સરકારી અને અર્ધ સરકારી સ્તરે તેઓ માનભેર પહોંચી શકે છે, પોતાના વિષયનો ઊંડો અભ્યાસ ધરાવે છે, કાર્ય કરવાની પદ્ધતિ અને સૂઝ તેમની પાસે છે અને કેન્દ્ર સરકારના પ્રધાન તરીકેનો તેમને સારો અનુભવ છે. બીજી બાજુ જૈન સમાજ પાસે ધનસંપત્તિ ઠીક ઠીક છે, હૃદયમાં દયાની ભાવના છે, પરંતુ અખિલ ભારતીય સ્તરે રાજકીય કે સામાજિક આંદોલન જગાડી તેની નેતાગીરી લેવાની ફાવટ કે આવડત જૈન સમાજ પાસે છે કે કેમ તે નિશ્ચિત નથી. આવા સંજોગોમાં પોતાના હૈયાના હિતને લક્ષમાં રાખી જૈન સમાજ શ્રીમતી મેનકા ગાંધીના હાથ મજબૂત કરી આપવામાં ઉપયોગી થશે તો પોતે પોતાની જ સેવા કરી છે એમ ગણાશે.

□ રમણલાલ ચી. શાહ

# પ્રકૃતિ સૌંદર્યને વિસ્મયભાવથી આલેખતા અંગ્રેજ રંગદર્શી કવિ વર્ડ્ઝવર્થ

□ પ્રો. ચી. ના. પટેલ

ઇશુની અઢારમી સદીના છેલ્લા ચરણમાં અંગ્રેજી સાહિત્યમાં Romantic Movement સંજ્ઞાથી ઓળખાતો સાહિત્ય સર્જનનો પ્રવાહ શરૂ થયો હતો. આપણે તેને રંગદર્શી સાહિત્ય સર્જનનો પ્રવાહ કહી શકીએ. રંગદર્શી માનસનું મુખ્ય લક્ષણ વિસ્મયભાવ ગણાય છે. That I exist is a perpetual surprise to me-મારું અસ્તિત્વ છે એ હકીકત જ મને પ્રતિક્ષણ વિસ્મયથી ભરી દે છે-રવીન્દ્રનાથ ઠાકુરની આ ઉક્તિમાં આપણે વિસ્મયભાવનું ઉત્કટ રૂપ જોઇએ છીએ. રંગદર્શી વિસ્મયભાવનો સૌ પ્રથમ આવિર્ભાવ આપણને ઋગ્વેદના સૂક્તોમાં જોવા મળે છે, સવિશેષ ઉષા અને અગ્નિને સંબોધેલાં સૂક્તોમાં. શ્રી અરવિંદે તો વેદાના કવિ દ્રષ્ટાઓનાં દર્શન આધ્યાત્મિક અનુભૂતિઓનાં પ્રતીક (Symbols) હોવાનું પ્રતિપાદિત કર્યું છે. પશ્ચિમની સંસ્કૃતિમાં રંગદર્શી વિસ્મયભાવનો પહેલો આવિર્ભાવ આપણને ઇશુ પૂર્વેના ૪૨૭માં જન્મેલા અને ૩૪૮માં મૃત્યુ પામેલ ગ્રીક ચિંતક પ્લેટોના તત્ત્વદર્શનમાં જોવા મળે છે. આપણા વેદાંતીઓની જેમ પ્લેટોએ પણ આ ઇંન્દ્રિય પ્રત્યક્ષ જગતને માયારૂપ ગણ્યું હતું, પરંતુ પ્લેટો ચિંતક છે. તેટલો જ સ્વભાવે કવિ છે. અને તેણે માયાસૃષ્ટિના સૌંદર્યનો પ્રભાવ અનુભવ્યો છે અને તેમાં દૈવી સૌંદર્યની ઝાંખી કરી છે.

પ્લેટોના સમય પછી પશ્ચિમનાં સાહિત્ય અને કળાઓમાં રંગદર્શી માનસનો વિસ્મયભાવ વિવિધ રૂપે પ્રગટ થતો રહ્યો હતો. પરંતુ વેદયુગના કવિ દ્રષ્ટાઓએ જે વિસ્મયભાવથી પ્રકૃતિનાં વિવિધ રૂપોને જોયાં હતાં એવો વિસ્મયભાવ પશ્ચિમના સાહિત્યમાં આપણને પહેલી અને છેલ્લી વાર ૧૭૭૦ એપ્રિલની ૭મીએ જન્મેલા અને ૧૮૫૦ના એપ્રિલની ૨૩મીએ મૃત્યુ પામેલા અંગ્રેજ કવિ વિલિયમ વર્ડ્ઝવર્થના ૧૭૯૦ થી ૧૮૦૦ સુધીના દશકામાં શરૂ થયેલા કાવ્યસર્જનમાં જોવા મળે છે. તેમને વિસ્મયભાવની એવી દૃષ્ટિ ૧૭૮૯ના જુલાઇની ૪થીએ ફ્રાંસમાં બંધુત્વ, સમાનતા અને સ્વતંત્રતાની ભાવનાઓએ પ્રેરેલી જે જબરદસ્ત સામાજિક અને રાજકીય ક્રાંતિ શરૂ થઇ હતી તે પ્રત્યેના પોતાના પ્રતિભાવમાંથી મળી હતી. એ પ્રતિભાવનું ૧૮૦૪-૧૮૦૫ના અરસામાં વર્ણન કરતાં કવિ લખે છે:

Bliss was it in that dawn to be alive,
But to be young was very heaven.

એટલે કે આશાના એ પરોઢમાં જીવવું તે કવિ સારું નિરતિશય આનંદ અનુભવવા જેવું હતું, પણ ૧૯ વર્ષના યુવાન હોવું એ તો ખરેખર સ્વર્ગ જ હતું.

પણ તે પછી જ ૧૭૯૩-૯૪નાં વર્ષો દરમિયાન ક્રાંતિવાદીઓએ ક્રાંતિના નામે એકબીજાનાં લોહી વહેવડાવ્યાં હતાં તે જોઇને કવિ હતાશામાં ડૂબી ગયા હતા. તેમની બહેન ડોરથીએ કવિને પ્રકૃતિ સૌંદર્યમાં રસ લેતા કરી તેમને એ હતાશાના કુપમાંથી બહાર કાઢ્યા. હવે પછી કવિ પ્રાચીન ભારતના વેદયુગના કવિદ્રષ્ટાઓના જેવા પ્રકૃતિના પૂજક બની રહ્યા. પ્રકૃતિ સૌંદર્યના દર્શનમાંથી મળતા આનંદે કવિને આધ્યાત્મિક અનુભૂતિઓની ઝાંખી કરાવી અને તે સાથે કવિ માનવજીવન પ્રત્યે કરુણાદૃષ્ટિથી જોતા રહ્યા.

વાવાઝોડાના તોફાનમાં પીલ ગઢના દશ્યનું કોઇ ચિતારાએ ચિતરેલું ચિત્ર જોઇને વર્ડ્ઝવર્થે લખેલા કાવ્યમાં કવિ કહે છે કે એ ચિત્ર જોઇને પોતાને થયેલા ભાવો વ્યક્ત કરવાં પોતાની પાસે પણ ચિતારાની કળા હોત તો કેવું સારું ! એમ હોત, તો, કવિ કહે છે, પોતે એ ચિત્રમાં The gleam, the light that never was, on sea or land ઉમેરત, એટલે કે એ ચિત્રને સાગર કે પૃથ્વી ઉપર ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અપાર્થિવ પ્રકાશનો આભાસ આપત. પોતાની એવી અભિલાષાને અનુસરીને કવિએ પક્ષીઓને, પુષ્પોને, પ્રકૃતિનાં

નયનરમ્ય રૂપોને, એ સર્વને એવા અપાર્થિવ પ્રકાશના વિસ્મયભાવથી જોયાં છે.

વર્ડઝવર્થની ભાવસૃષ્ટિમાં પ્રવેશ મેળવવા સારું તેમનું સરળમાં સરળ કાવ્ય 'ડેફોડિલ' નામના વસંત ઋતુમાં ખીલતા સોનેરી રંગના પુષ્પને લગતું છે. કાવ્યની શરૂઆત જ કવિ 'હું કોઇ વાદળની જેમ એકલો ઘૂમી રહ્યો હતો.' એ પંક્તિથી કરે છે. કોઇ શાંત, નિર્જન પ્રદેશમાં ઘૂમી રહેલા કવિ પોતાને સ્વચ્છ આકાશમાં સરતા વાદળ સાથે સરખાવે છે. એમાં તેમની એકાંતપ્રિયતા અને આકાશમાં ઉડ્ડયન કરવાનું આકર્ષણ છતાં થાય છે. એમ ઘૂમતાં ઘૂમતાં કવિ લખે છે, પોતે લગભગ દશ હજાર, આકાશગંગામાં ચમકતા તારાઓ જેટલાં અગણિત સુવર્ણરંગી 'ડેફોડિલ' પુષ્પો સરોવર તીરે અને વૃક્ષોની નીચે વાયુની લહરીએ લહરીએ આનંદથી નાચતા, કૂદતાં જોયાં, અને એવાં એ 'ડેફોડિલ' પુષ્પો જોઇને કવિ એવા મુગ્ધ થઇ ગયા કે તેમણે એ પુષ્પો સામે જોયા જ કર્યું, અને એ દશ્ય તેમના ચિત્તમાં એવું અંકિત થઇ ગયું કે, કવિ કહે છે, પોતે પલંગમાં શૂન્યમનસ્ક અને ગમગીન થઇને પડ્યા હોય ત્યારે એ પુષ્પો એકાંતમાં નિરતિશય આનંદના સ્રોત જેવી અંતર્દષ્ટિમાં ઝબકી જાય છે-They flash upon that inward eye/which is the bliss of solitude. એમ થાય છે ત્યારે, કવિ કહે છે, મારું હૃદય આનંદથી ઊભરાઇ ઊઠે છે અને 'ડેફોડિલ' પુષ્પોની સાથે નૃત્ય કરતું થઇ જાય છે.

વર્ડઝવર્થના કોયલ વિશેના એક કાવ્યમાં આપણે તેમની વિસ્મય પ્રેરિત સંવેદનશીલતાનું એક બીજું રૂપ જોઇએ છીએ. પોતે વસંત ઋતુમાં કોયલને ગાતી સાંભળે છે ત્યારે, કવિ કહે છે, પોતાને એ કોઇ જીવતું જાગતું પક્ષી નહિ, પણ દૂર દૂર લીન થઇ જતો કોઇ રહસ્યમય અશરીરી સ્વર હોય એમ લાગે છે. સૂર્યના પ્રકાશનું અને પુષ્પોનું ગીત ગાતો એ સ્વર સાંભળી કવિને પોતાની કિશોરોવસ્થામાં કોયલનું ગીત સાંભળી પોતે કલાકો સુધી સ્વપ્નસૃષ્ટિમાં રાચતા એ વાતનું સ્મરણ થાય છે, અને હવે, કવિ કહે છે, પોતે કોયલને ગાતી સાંભળે છે ત્યારે પોતાને આ પૃથ્વી, પરીઓના કોઇ ઇન્દ્રિયાતીત નિવાસ જેવી હોય એમ લાગે છે.

આવા વિસ્મયભાવથી કવિ-પ્રકૃતિની વ્યક્તિને ક્યારેક આધ્યાત્મિક અનુભૂતિની ઝાંખી પણ થાય. વર્ડઝવર્થને એવી ઝાંખી થઇ હોય એમ તેમના The Solitary Reaper એ શિર્ષકવાળા કાવ્યમાં ધ્વનિત થતું જણાય છે. કાવ્યનો વાચ્યાર્થ તો માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કોઇ પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની સમજી શકે એવો છે. એ કાવ્યમાં સ્કોટલેંડની કોઇ ખીણમાં એક ગ્રામયુવતિ પાક લણતાં લણતાં ગમગીન ભાવે ગાતી હોય છે. ખીણની પ્રગાઢ શાંતિ, કવિ કહે છે, એ યુવતીના ગીતનાં સ્વરથી ઊભરાઇ ગઇ છે-The Vale Profound/Is overflowing with the sound. યુવતીનું ગીત સાંભળી કવિ કલ્પના કરે છે કે કોઇ બુલબુલનું ગીત પણ અરબસ્તાનના વેરાન રણમાં ક્યાંક છાયાવાળા સ્થળે આરામ કરતા થાકેલા પ્રવાસીઓને પોતાને યુવતીનું ગીત લાગ્યું હતું એટલું મધુર નહિ લાગ્યું હોય, અથવા સ્કોટલેંડની ઉત્તર પશ્ચિમે દૂર દૂર આવેલા હેબ્રિડીઝ નામનો નિર્જન ટાપુ જે સમુદ્રમાં આવેલો છે, તે સમુદ્રની શાંતિનો ભંગ કરતો કોયલનો સ્વર પણ એ યુવતીના ગીત જેવો રોમાંચકારી નહિ હોય.

કવિને પ્રશ્ન થાય છે કે એ ગ્રામયુવતી શાના વિશે ગાતી હશે? અને એ પ્રશ્નના ઉત્તરમાં કવિ કલ્પના કરે છે કે યુવતીનું એ ગમગીની ભરેલું ગીત કદાચ પુરાણા કાળની કોઇ દુઃખદ ઘટનાઓ વિશે, અથવા દૂરના ભૂતકાળનાં કોઇ યુદ્ધો વિશે હશે? કે પછી, કવિ પૂછે છે, એ ગીત જીવનની કોઇ સામાન્ય ઘટના વિશે હશે? એટલે કે, સામાન્ય જીવનક્રમમાં સર્વ કોઇને થતાં આવ્યા છે કે ભવિષ્યમાં થશે એવા કોઇ શોકપ્રસંગ વિશે, કે મૃત્યુએ કરાવેલા વિયોગ વિશે કે બીજી કોઇ અંતરની પીડા વિશે હશે? યુવતીના ગીતનો વિષય જે હોય તે કવિ કહે છે તે પોતાના ગીતનો અંત જ ન આવવાનો હોય એમ ગાતી જ રહી. અને પોતે એ સ્થળે હાલ્યાચાલ્યા વિના સ્થિર ઊભા રહીને એ ગીત સાંભળ્યા જ કર્યું અને તે પછી પોતે ખીણમાંથી ટેકરી ઉપર ચઢતાં ગીત પૂરું થઇ ગયા પછી પણ કેટલાંય સમય સુધી એ ગીતનું સંગીત પોતાના હૃદયમાં સંઘરી રાખ્યું :

I listened, motionless and still,<br>
and as i mounted up the hill,<br>
The music in my heart I have,<br>
long after it was heared no more.

આમ ખીણની પ્રગાઢ શાંતિનો ભંગ કરીને સ્ફુરતા અને એવી જ પ્રગાઢ શાંતિમાં વિલીન થઇ જતા ગ્રામ યુવતીના એ ગીત પ્રત્યે ઉત્કટ આકર્ષણ અનુભવતા કવિ વર્ડઝવર્થે જાણે કે આપણાં પ્રાચીન ઉપનિષદોના અભ્યાસીઓને નિર્વિકાર બ્રહ્મમાંથી શબ્દબ્રહ્મ રૂપે સ્ફુરતા અને કલ્પતા અંતે એ જ બ્રહ્મમાં વિલીન થઇ જતા વિશ્વસંગીતનો સૂર સંભળાય છે, કંઇક એવું જ સંગીત સાંભળ્યું હોય એમ જણાય છે.

વર્ડઝવર્થને પ્રગાઢ શાંતિ માટે થતું આવું આકર્ષણ તેમના 'બાળપણના પરોઢમાં થતી અમરત્વની ઝાંખી' એવા શિર્ષકવાળા (Intimations of Immortality from Recollections of early childhood) જેને અંગ્રેજીમાં Ode કહે છે. એવા સ્તોત્રરૂપ કાવ્યમાં જોવા મળે છે. એ કાવ્યમાં કવિ કહે છે કે પોતાના જીવનમાં એવો સમય હતો જ્યારે પોતાને સીમ, ઉપવન, ઝરણું, પૃથ્વી અને પોતાની દૃષ્ટિએ પડતી સર્વ કોઇ વસ્તુઓ, સ્વપ્નની પ્રભા અને તાજગી જેવા સ્વર્ગીય પ્રકાશથી રસાયેલી ભાસતી.

To me did seem<br>
Apparelled in celestial light<br>
The glory and the freshness of a dream.

પણ હવે, કવિ કહે છે, એમ નથી રહ્યું. હજુ પણ મેઘધનુષ્ય દેખાય છે અને અદ્રશ્ય થઇ જાય છે, ગુલાબ પહેલાં દેખાતું તેવું જ સુંદર દેખાય છે, છતાં પોતે જ્યાં જુએ છે ત્યાં પૃથ્વીમાંથી દિવ્યપ્રભાનો આભાસ અદ્રશ્ય થઇ ગયો છે-That there hath passed away a glory from the earth.

પણ એમ છતાં, કેવી આનંદની વાત છે, કવિ કહે છે, કે 'રાખમાં પણ કંઇક એવું છે જે જીવતું રહે છે, અને જે અલ્પજીવી નીવડ્યું હતું તેની પ્રકૃતિને સ્મૃતિ રહે છે. આપણાં ભૂતકાળનાં વર્ષોની સ્મૃતિ મારા અંતરને પરમ આશીર્વાદની સ્થિતિની અનુભૂતિ કરાવે છે-The thought of our past years in me doth breed/Perpetual benediction:-તે માટે હું આભાર અને સ્તુતિનું ગીત ગાઉં છું', પણ એ ગીત, કવિ કહે છે, પોતે આનંદ અને સ્વતંત્રતા, બાળપણની ભોળી માન્યતાઓ, બાળકના હૃદયમાં સળવળતી નવી નવી આશાઓ એવી એવી વસ્તુઓ જે આપણાં આશીર્વાદને પાત્ર છે, તેમને માટે નથી ગાતા, પોતે આભાર અને સ્તુતિનું ગીત ગાય છે તે પોતાને ઇન્દ્રિયગમ્ય પદાર્થોની વાસ્તવિકતા પ્રત્યે રહેતી સતત આશંકા, પોતાનામાંથી કંઇક અદ્રશ્ય થઇ જતું હોય એવો ભાવ, પોતાને જે પ્રત્યક્ષ નથી થયાં એવાં વિશ્વોમાં વિચરતા પ્રાણીની શૂન્યતાપ્રેરક આંશકાઓ જેમની સમક્ષ આપણી પ્રત્યે પ્રકૃતિ કોઇ ગુનેગારની જેમ ભયચકિત થઇ ધ્રૂજી ઊઠે એવી ભાવનાઓ એ સર્વ માટે; અને

...for those first affections,<br>
Those shadowy recollections-

એટલે કે આપણામાં સર્વ પ્રથમ સ્ફુરતા ભાવો અને ઝાંખાં ઝાંખાં સ્મરણો માટે કે જે આપણાં સર્વ દિવસોના પ્રકાશનું મૂળ છે, જેના પરમ

પ્રકાશથી આપણે સર્વ વસ્તુઓ જોઇ શકીએ છીએ, જે આપણને જીવનમાં ટકાવી રાખે છે, આપણને પોષણ આપતાં રહે છે અને જેનામાં આપણાં કોલાહલભર્યાં વર્ષોને શાશ્વતીની શાંતિની ક્ષણો બનાવી દેવાનું સામર્થ્ય છે-

which...
uphold us, cherish, and have power to make
our noisy years seem moments in the being of the eternal silence.

આમ આપણાં જીવનનાં કોલાહલભર્યા વર્ષોમાં શાશ્વતીની શાંતિની ક્ષણો અનુભવતા કવિ વર્ડઝવર્થને આપણા પ્રાચીન ઉપનિષદ્ યુગના ઋષિઓએ અરણ્યોની અખંડ શાંતિમાં સાધના કરી જે અનુભવતા તેની જ આછીપાતળી ઝાંખી થઇ હોય એમ લાગે છે.

તેમના એક કાવ્યમાં તો કવિ વર્ડઝવર્થ પ્રકૃતિ સૌંદર્યમાંથી પોતાને મળેલાં આનંદની સ્મૃતિએ પોતાને થયેલી સ્પષ્ટ આધ્યાત્મિક અનુભૂતિની ક્ષણોની વાત કરે છે. એ કાવ્ય તે કવિ સ્કોટલેંડમાં ટિન્ટર્ન એબી નામના એક ધર્મમઠથી થોડા માઇલના અંતરે આવેલી વાઇ નદીના તીરે પાંચ વર્ષ પછી ૧૭૯૮ના જુલાઇની ૧૩મીએ બીજી વાર ગયા ત્યારે તેમને સ્ફુરેલી કાવ્યપંક્તિઓ છે. એ કાવ્યમાં કવિએ પોતાની કિશોરાવસ્થામાં, પછી પોતાની યુવાનીમાં અને છેવટે ૧૭૯૮માં, ૨૮ વર્ષની વયે, એમ પ્રકૃતિ પ્રત્યેની પોતાની દષ્ટિ કેવી બદલાતી ગઇ હતી તેનો પૂરી કાવ્યમય વાણીમાં આલેખ આપ્યો છે.

કિશોરાવસ્થામાં કવિનો પ્રકૃતિ સૌંદર્યમાં રસ ઇન્દ્રિયોને થતા સુખદ સ્પર્શથી થતા સ્થૂળ આનંદનો હતો, તે પછી યુવાનીમાં ઉલ્લાસભર્યા કવિ કોઇ હરણની જેમ પર્વતો ઉપર, ઊંડી નદીઓના તીરે તીરે અને એકલાં વહી રહેતાં ઝરણાં પાસેકૂદા કૂદ કરી મૂકતાં, પણ તે, કવિ કહે છે, પોતાને પ્રિય એવી કોઈ વસ્તુ મેળવવાની ઉત્સુકતાથી નહિ, પણ કોઇ ભયપ્રેરક વસ્તુથી દૂર દૂર નાસી જતા હોય એવા ભાવથી વળી જળધોધનો ઘોષ કોઇ પ્રચંડ ઊર્મિના આવેગથી તેમના હૃદયને અભિભૂત કરી દેતો. પણ હવે, કવિ કહે છે, એ આકુલ આનંદ (Aching joys) અને વ્યાકુળ હર્ષ (dizzy raptures) પૂરાં થઇ ગયાં છે. પણ, કવિ કહે છે, પોતાને એ વાતનો ખેદ નથી, કારણ કે, યુવાનીના એ ઉન્મત્ત આનંદને ભુલાવી દે એવું પોતાને કંઇક મળ્યું છે, પોતે માનવ જીવનનું શાંત કરુણ મધુર સંગીત-The still sad music of humanity-સાંભળતા થયા છે, એ સંગીત કઠોર કે કર્કશ નથી, છતાં તેમાં પોતાની યુવાનીના ઉન્માદને શાંત કરી એવી શક્તિ છે.

આની સાથે કવિને પ્રકૃતિ સૌંદર્યના દર્શને મળતા આનંદમાંથી એક બીજી પણ ઉપલબ્ધિ થઇ છે. તેઓ વાઇ નદીના તીરે બીજી વાર પાંચ વર્ષ પછી ગયા હતા., પણ પાંચ વર્ષ પહેલાં તેમણે એ નદીના તીરે જે દૃશ્યો જોયાં હતાં તે તેઓ ભૂલી નથી ગયાં. પોતે, જ્યારે કોઇ ખંડમાં એકલા કે નગરોના ઘોંઘાટથી થાકીને આરામ કરતા હોય છે, ત્યારે એ દૃશ્યોની સ્મૃતિ, કવિ કહે કહે છે, પોતાનાં લોહીમાં અને હૃદયમાં મધુર સ્પંદનો પ્રેરતી, પોતાના ચિત્તને પ્રગાઢ શાંતિથી ભરી દેતી, પોતે ભૂલી ગયેલા આનંદનું પોતાને સ્મરણ કરાવતી અને પોતાને પાછળથી યાદ પણ ન રહે એવાં, જેને કોઇ નામ ન આપી શકાય એવાં, માનવતા અને પ્રેમનાં નાનાં સરખાં કૃત્યો (little, nameless, unremembered acts of kindness and of love) કરવા પ્રેરતી.

વળી એ દ્રશ્યોની સ્મૃતિમાંથી, કવિ કહે છે, પોતાને એનાથી પણ વધુ ભવ્ય એવી બક્ષિસ મળી રહે છે:

That blessed mood,
in which the burthen of the mystery,
in which the heavy and weary weight.
of all this unintelligible world,
is lightened:-that serene and blessed mood,
in which the affections gently lead us on-
until, the breath of this corporeal frame
and even the motion of our human blood
almost suspended, we are laid asleep
in body and become a living soul:
while with an eye made quite by the power
of harmony, and the deep power of joy,
we see into the life things.

એવી કલ્યાણમય મનઃસ્થિતિ કે જેમાં આ સૃષ્ટિના રહસ્યનો અને આપણી બુદ્ધિને ન સમજાય એવા આ જગતનો ભાર અને આપણને થકવી નાખે એવો બોજો હળવો ફૂલ થઇ જાય છેઃ-એવી પ્રશાંત અને કલ્યાણમય મનઃસ્થિતિ કે જેમાં આપણાં હૃદયનાં મૃદુ સંવેદનો આપણી ચેતનામાં એવાં મંદ સ્પંદનો પ્રેરી તેને ગતિમાન કરે છે કે અંતે આ સ્થૂળ શરીરને શ્વાસ અને આપણાં માનવીય રકતનું ભ્રમણ પણ લગભગ થંભી જતાં, આપણું શરીર નિદ્રાવશ બની જાય છે અને આપણે ચૈતન્યરૂપ આત્મા બની રહીએ છીએ, અને તે સાથે જીવનની સંવાદિતાના પ્રભાવે, અને આનંદના ઊંડા પ્રભાવે પ્રશાંત બનેલાં અંતર્ચક્ષુથી આપણે સમગ્ર જીવનનું રહસ્ય જોઇએ છીએ.

પોતે જીવનનું કરુણ મધુર સંગીત સાંભળ્યું છે તે સાથે, વર્ડઝવર્થ કહે છે, પોતાને ઉન્નત વિચારોના આનંદથી ક્ષુબ્ધ કરતા એવા કોઇ ભવ્ય તત્ત્વના અસ્તિત્વની ઝાંખી થાય છે કે જે આપણે કલ્પના કરી શકીએ તે કરતાં પણ વધારે ગાઢપણે અસ્તિત્વ માત્રની સાથે ઓતપ્રોત થઇ રહેલું છે. એ તત્ત્વનો નિવાસ, કવિ કહે છે, પોતે અસ્ત પામતા સૂર્યના પ્રકાશમાં, વિશાળ સાગરમાં, ચૈતન્યથી ધબકતા વાયુમાં (in the living air), નીલા આકાશમાં અને માણસના મનમાં અનુભવે છે. એ તત્ત્વ, વળી કવિ કહે છે, વિચાર કરતી સર્વ વસ્તુઓમાં અને સર્વ વિચારોના સર્વ વિષયોમાં પ્રાણ પૂરતી ગતિ અને ચેતના છે અને પદાર્થમાત્રમાં વિલસી રહે છેઃ

A motion and a spirit, that impels
All thinking things, all objects of all thoughts,
and rolls through all things

ઇશોપનિષદના પહેલા મંત્રમાં વર્ણવ્યા છે તેવા-

इशावास्यमिदम् सर्वं यत्किंच जगत्याम् जगत ।

પ્રકૃતિમાં અંતર્હિત રહેલા આવા ભવ્ય તત્ત્વની ઝાંખી થઇ હોવાથી કવિ કહે છે, પોતાને સીમ અને વન, પર્વતો અને આ લીલીછમ પૃથ્વી ઉપર જે કંઇ દેખાય છે. આંખ જે કંઇ જુએ છે, કાન જે કંઈ સાંભળે છે, એ સર્વના પોતે પ્રેમી થઇ રહ્યાં છે, તથા પ્રકૃતિ અને ઇન્દ્રિયોની વાણીમાં (in nature and the language of sense) પોતે પોતાના ચિત્તમાં સ્ફૂરતા પવિત્ર વિચારોનાં લંગરરૂપ આધાર (anchor) પોતાના હૃદયને ની રોગી રાખતી દાઇ (nurse), પોતાની પથદર્શક (guide) અને રક્ષક (guardian) તથા પોતાની નીતિ ભાવનાઓનો પ્રેરક આત્મા (the soul of all my moral being)રૂપે ઓળખી પોતે આનંદ અનુભવી રહે છે.

કવિ વર્ડઝવર્થનું આ કાવ્ય ઉચિત રીતે જ કવિના સર્વ વાચકોને તેમના સમગ્ર કાવ્યસર્જનમાં સૌથી વધુ પ્રિય થઇ રહેલું છે.

☆☆☆

# કાર્ય-આરાધના

□ 'સત્સંગી'

આજે શહેરોમાં રસ્તામાં તમને કોઇ મળે અને તમે તેની સાથે વાત કરવા ઇચ્છો તો તે થોભે, પરંતુ તમારી વાત સહેજ પણ લંબાય તો તે વ્યક્તિની ધીરજ ખૂટે છે. તે તરત કહી દે છે કે તેને સમય નથી. પટાવાળાથી માંડીને કલેકટર સુધી, નાની હાટડીવાળાથી માંડીને કારખાનું ચલાવનારા સુધી અને સામાન્ય કાર્યકરથી માંડીને નેતાઓ સુધી કોઇને સમય નથી એવું વાક્ય આપણા કાન પર અવારનવાર અથડાયા કરે છે. આનો અર્થ એવો થયો કે સૌ કોઇ કર્તવ્યપરાયણ છે, કાર્યરત છે. જ્યારે બીજી બાજુથી ઓફિસોમાં નિકાલ થયા વિનાના કાગળોની સારી સંખ્યા રહે છે, અદાલતોમાં હાથ પર ન લઇ શકાતા કેસો સારા પ્રમાણમાં રહે છે, શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના અભ્યાસક્રમો પરીક્ષાનો સમય આવે ત્યારે અધૂરા રહેતા હોય છે. સરકારી દવાખાનાઓમાં ડૉક્ટરો દર્દીઓની સારવારને પહોંચી શકતા નથી, અને મોટા વેપારીઓ, અમલદારો વગેરેને પોતાનાં કામ માટે દિવસના ૨૪ કલાક ઓછા પડે છે એવી તેમની ફરિયાદ રહેતી હોય છે. માણસને સમય નથી એમ કહી શકે તેટલો તે કાર્યરત છે છતાં કામ તો અધૂરું જ રહે છે, તેમ તે દીપી નીકળે છે એમાં હંમેશ કહી શકાય નહિ.

થોડા ભિન્ન પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો વર્તમાન સમયમાં મહાત્મા ગાંધીજી કે કવિવર ટાગોર, ગોખલે, રાનડે કે તિલક, સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરલાલ નહેરુ કે ડૉ. રાધાકૃષ્ણન, અરવિંદ ઘોષ, મદનમોહન માલવીયા કે મહાદેવ દેસાઇ, નાનાભાઇ ભટ્ટ કે ગિજુભાઇ બધેકા જેવી પ્રતિભાઓની થોડી ઝાંખી કરાવે કે તેમનાં વ્યક્તિત્વનો મર્મ સમજીને તેમને માર્ગે ચાલવાનો પ્રયાસ રાખે એવી વ્યક્તિઓ ખાસ જોવા મળતી નથી. તેવી જ રીતે પહેલાં જેવાં પંડિતો, અભ્યાસીઓ, સાહિત્યકારો, કલાકારો, કારીગરો વગેરેની થોડી ઝાંખી થાય એવું પણ ઓછું જોવા મળે છે. ચાર દાયકા પહેલાં વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ લાવતા તેવી તેજસ્વિતા વર્તમાન સમયમાં પ્રથમ વર્ગ લાવનાર વિદ્યાર્થીઓમાં જોવા મળતી નથી. ઉત્પાદનના પદાર્થોની ગુણવત્તા સમયે સમયે ઘટતી રહે છે. પટાવાળો પણ જે દેશમાં કાર્યરત રહેતો હોય તે દેશમાં આવી કંગાળ ફળશ્રુતિ શી રીતે હોય ? કામ બેહદ વધી ગયું છે ? વસતિનો વધારો કામને પહોંચી વળવામાં નડતરરૂપ છે ? પ્રશ્નો એટલા બધા અટપટા છે કે કામનો નિકાલ ખૂબ સમય માગે? પ્રશ્નોની સંખ્યા એટલી બધી વધી ગઇ છે કે ૨૪ કલાક છેક જ થોડા પડતા રહે ?

વસતિ વધી છે એ સાચું, તેથી કામ વધ્યું છે એ સાચું; પ્રશ્નો અટપટા બન્યા છે એ સત્ય છે, તેમ જ પ્રશ્નોની સંખ્યા ઘણી મોટી છે એ પણ સાચું. માણસ 'સમય નથી' એમ સહજ રીતે બોલી જાય એટલો કામઢો બન્યો છે એ પણ સાચું. તો ખોટું શું ? તો કહેવાનું શું રહે છે ? ટૂંકામાં નિખાલસતાથી કહીએ તો મૂળ જ ખોટું છે. અર્થાત્ માણસે ધ્યેય જ ખોટું અપનાવ્યું છે; તે કાર્યરત રહે છે, પણ ધ્યેય છે પૈસા મેળવવાનું. અને જે કાર્ય હોય તેનું ધ્યેય ગૌણ બની ગયું છે. અથવા બોલવા પૂરતું જ છે. માણસ પોતાનાં સુખસગવડોના સરવાળા અને ગુણાકારમાં તલ્લીન, તન્મય રહે છે તેથી તેની પ્રવૃત્તિઓ કે કાર્યપરાયણતા સુખસગવડોની પ્રાપ્તિ માટે રહે છે. દાખલા તરીકે, તદ્દન શાંત જીવનવ્યવહાર ચાલતો રહે તો વકીલોની સલાહ લેવા કોણ જાય ? તેથી વકીલને જે માનવ સંપર્કો થાય તેમાં કજીયાની ચિનગારી તે મૂકે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. શિક્ષકો નોકરીના સમય સિવાયના સમયમાં ટ્યુશનો માટે દોડાદોડી કરે પછી વર્ગમાં શીખવવા માટે તેમની શક્તિ તેમને કેટલો સાથ આપે ? પ્રાધ્યાપકો પાઠ્યપુસ્તકો કે માર્ગદર્શિકાઓ લખવામાં, ટ્યુશનોમાં, યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રમાં અને પરીક્ષણ કાર્યમાં ઓતપ્રોત રહેતા હોય પછી વિદ્યાર્થીઓને શીખવવાનો ઉત્સાહ કેટલો રહે ? આમ અમલદારો, મોટા ખેડૂતો, વેપારીઓ, સિને જગતના અભિનેતાઓ-અભિનેત્રીઓ વગેરે સૌ કોઇ પૈસા પ્રાપ્તિનાં ધ્યેયને સર્વસ્વ ગણે છે ત્યાં પોતે સ્વીકારેલા વ્યવસાયનું ધ્યેય ગૌણ બની જાય છે. અથવા તો તેની સમૂળગી વિસ્મૃતિ થાય છે. ગાડી પાટા પર સીધી ચાલી જતી હોય તો તે નિશ્ચિત સમયે નિયત સ્થળે પહોંચે; પરંતુ ગાડી પાટા પરથી ઉતરી જાય તો ? જે ખોટું છે અથવા જે કહેવાનું છે તે એ છે કે ગાડી પાટા પરથી ઊતરી ગઇ છે.

ગાડી પાટા પર ચડે ખરી ? શી રીતે ચડે ? ગાડી પાટા પર અવશ્ય ચડે, પરંતુ તેમાં માનસનો ધરમૂળથી ફેરફાર કરવો પડે. ઊલટી પરિસ્થિતિમાંથી સુલટી પરિસ્થિતિ બનાવવી પડે. બીજા શબ્દોમાં કહીએ તો માણસ કાર્ય આરાધના છે-(Work is worship)એ સૂત્ર જીવનમાં ઊતારે તો ગાડી પાટા પર ચાલવા લાગે. અત્યારે જે પરિસ્થિતિ છે તે અંગ્રેજી ઇડિયમ 'To put a cart before a horse' પ્રમાણેની છે. અત્યારે આગળ ગાડી અને ઘોડો પાછળ અર્થાત્ પૈસા અને સુખસગવડો પહેલાં અને પછી કાર્ય એ સ્થિતિ છે. ખરી રીતે જોતાં પહેલાં કાર્ય અને પછી પૈસા, સુખ-સગવડો વગેરે આવે. પૈસા-સુખ, સગવડોનું સ્થાન પ્રેરક બળ તરીકે અવશ્ય રહે, પરંતુ અત્યારે તે અંતિમ કારણ તરીકે છે; આ નથી તો સત્ય કે નથી આવકારપાત્ર. માણસ જીવનમાં જે કાર્ય સ્વીકારે છે તે મુખ્ય છે; માણસ કાર્યને વરેલો રહે તેમાં તેનાં સુખ અને શોભા છે.

થોમસ કાર્લાઇલે આ સૂત્ર આપ્યું છે:-'work is workship - કાર્ય આરાધના છે.' આરાધના એટલે પૂજા. હિંદુ ધર્મમાં ઇશ્વરની પૂજા છે. જૈન ધર્મમાં તીર્થંકર ભગવાનની પૂજા છે. જેની પૂજા કરવાની છે, તેના પ્રત્યે પ્રેમ હોવો જોઇએ એ સ્વીકૃત છે. તેમ છતાં ભયથી પૂજા થતી હોય તો સમય જતાં પ્રેમથી પૂજા થાય એ ખરી પૂજા છે. ઇષ્ટદેવની પૂજા કેવળ બાહ્યાચાર નથી, પરંતુ પૂજા હૃદયનો વિષય છે; તેમાં આભાર અને સમર્પણ બંને ભાવો રહેલાં છે. પૂજાનું ફળ તો અવશ્ય મળે, પણ ફળની તૃષ્ણા તેમાં ન હોય તો જ તે સાચી પૂજા બને છે. આવી રીતે પોતે સ્વીકારેલાં કાર્યને આરાધના-પૂજા ગણાવામાં આવે. અર્થાત્ કાર્ય પ્રત્યે આરાધના-પૂજાનો ભાવ રાખીને કાર્ય કરવામાં આવે તો અત્યારે શિક્ષણનો પ્રસાર સારી રીતે થયો હોવા છતાં માણસનાં જીવનની ગાડી પાટા પરથી ઊતરી ગઇ છે તે ફરી પાટા પર ચાલવા લાગે. દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે જે શરૂમાં પડેલી ટેવોને લીધે અત્યંત કષ્ટદાયી લાગે, પણ ભાવિ સૌને માટે સુખદ બને. આ સંબંધમાં મહાત્મા ગાંધીજીના મંત્રી મહાદેવભાઇનું ઉદાહરણ સ્વામી આનંદે આલેખ્યું છે તે મનનીય છે. 'એમનું વાચન સાહિત્યિક અને તેટલું જ ચાલુ રાજદ્વારી પ્રવાહો, બનાવોની અદ્યતન માહિતીવાળું રહેતું. હિંદને લગતી દેશ-પરદેશની છેલ્લામાં છેલ્લી રાજદ્વારી ચાલો અને ચર્ચાઓની છેલ્લામાં છેલ્લી માહિતી એમની પાસેથી મળી શકતી. સભાઓમાં, કમિટીઓની બેઠકોમાં કાં દોડતી ટ્રેનોમાં કમ્પાર્ટમેન્ટને પાટિયે ચડીને ઠાંસોઠાંસ ભરેલા એમના મસમોટા થેલામાંનાં છેલ્લામાં છેલ્લાં છાપાં માસિકો, પુસ્તકો વાંચતા હોય; 'યંગ ઇંડિયા', 'નવજીવન'ના લેખો લખતા હોય. સતત મુસાફરી, સ્ટેશને સ્ટેશને દર્શનાર્થી ખલકતનાં ટોળાં, સભાઓ, મુલાકાતો, બેઠકો, ચર્ચાઓ, વાટાઘાટો વચ્ચે પોતે ક્યારે ખાતા, નાહતા, સૂતા કે દેહધર્મો આટોપતા, એની કોઇ ખબર ન પડે ! કલાકમાં ચાર કલાકનું પતાવે. કામમાં રાત ને દિવસ વચ્ચેનો ભેદ ભાગ્યે જ રહેતો.'

માણસ જે કાર્ય સ્વીકારે તે કાર્ય તેને જીવનમાં ઉચિત સ્થાન આપે છે; તે કાર્ય સમાજ કે રાષ્ટ્ર પ્રત્યેનાં તેનાં યોગદાનનું ક્ષેત્ર બને છે. તે માત્ર વૈયક્તિક રીતે મહત્ત્વનું છે. એટલું જ નહિ પરંતુ તે સમાજજીવનને પણ ચોક્કસ સ્વરૂપ આપે છે. આ દૃષ્ટિએ 'કાર્ય આરાધના છે'નો મર્મ સમજવો ઘટે. પહેલું તો એ કે જે કાર્ય માણસ સ્વીકારે તે કાર્ય માટે તેને પ્રેમ હોવો જોઇએ, તે કાર્ય ગમતું હોવું જોઇએ.

નાછૂટકે સ્વીકારેલું અથવા ભૌતિક પ્રલોભનોથી સ્વીકારેલું કાર્ય વેઠ કે ઘરેડ બને, પરંતુ તેમાં આરાધનાનો ભાવ આવી શકતો નથી. સામાન્ય રીતે યુવાનો જે નોકરી પસંદ કરે છે તેમાં પગાર, અન્ય ફાયદા અને સગવડોનો વિચાર ખાસ કરે છે, પરંતુ પોતાને તે કાર્ય કેવું અને કેટલું પ્રિય છે તેનો વિચાર ખાસ કરતા નથી. ઇજનેર, મ્યુઝિયમના ક્યુરેટર કે પછી આઇ. એ. એસ.ની ડીગ્રી મેળવ્યા બાદ વહીવટી વડા તરીકેની

નોકરીમાં પગારધોરણો, સગવડો, ભાવિ તકો વગેરેને કેન્દ્રમાં રાખીને નોકરીની પસંદગી થાય છે, અભ્યાસ પણ આ દૃષ્ટિને ખ્યાલમાં રાખીને થયો હોય છે. પરિણામે જે કાર્ય આનંદ, શોખ અને વખતે પડકારની બાબત બનવી જોઇએ તે ઘરેડની અને યંત્રવત્ બાબત બને છે. આર્થિક વળતર વગેરે પ્રેરકબળ તરીકે અનિવાર્ય છે; પરંતુ વાસ્તવમાં બને છે અંતિમબળ. તેથી કર્મચારીઓનું માનસ એવું બને છે કે કંઇક આર્થિક ફાયદો દેખાય તો કામમાં વિશેષ રસ પડે અને જરૂરી સ્ફૂર્તિ, ઉત્સાહ વગેરે આવી જાય; આર્થિક ફાયદા વિના મતિ બહેર મારી ગઇ હોય એવી મૂઢતા પણ આવી જાય. અહીં આર્થિક ફાયદાને આરાધના ગણવામાં આવે છે, કાર્યને નહિ. આ ભયંકર રોગ વ્યકતિને અને 'સમષ્ટિ'ને પાયમાલ કરી રહ્યો છે. આનો ઇલાજ એ છે કે આર્થિક વળતર અને મોભો-દરજ્જો સામાન્ય હોય તો પણ તે કાર્ય હૃદયથી ગમતું હોય તો તે સ્વીકારવું.

ગમતું કાર્ય મળ્યા બાદ પણ કેટલાંક લોકો કાર્યમાં આરાધનાનો ભાવ લાવી શકતા નથી તેમાં આસપાસનું વાતાવરણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ ધ્યાનમાં લેવા જેવી બાબત છે. દરેક ઓફિસમાં થોડા કર્મચારીઓ એવા હોય છે જેમને શિસ્તબદ્ધ કામ કરવું ગમતું નથી, પણ સાથે સાથે બીજા કર્મચારીઓ કામ કરે તે પણ તેમને રુચિકર લાગતું નથી. શૈક્ષણિક સંસ્થાઓનો દાખલો લઇએ તો આ પ્રકારના કર્મચારીઓ આવાં સૂચનો કરવા લાગે: 'બોલ બોલ કરવાથી થાકી જવાય છે. બોલવાના ધંધામાં ગળું અને ફેફસાં બંનેને જોખમ છે.' આ સૂચનો એવી પળે થાય કે જ્યારે નિષ્ઠાપૂર્વક કામ કરતા કર્મચારીઓને માનસિક થાક વરતાતો હોય અથવા આચાર્ય સાથે મતભેદ થયો હોય અને આ સૂચનોનો એવી મીઠાશથી મમરો મૂકવામાં આવ્યો હોય કે તે દિવસનાં અધ્યાપનકાર્યમાં શિથિલતા આવી જાય. ઓફિસમાં આ પ્રકારના કર્મચારીઓ આવું સૂચન કરવા લાગે: 'ફલાણાભાઇ સાહેબ કહે તે પ્રમાણે કામ કર્યે જતા હતા. દશ વર્ષમાં અર્ધબિમાર જેવા બની ગયા છે જેથી હવે બિચારાને અવારનવાર રજા લેવી પડે છે.' આવું સૂચન નવા કર્મચારીઓને તેમજ સહૃદયતાથી કામ કરનારા કર્મચારીઓને થોડી વધારે અસર કરે. કાર્ય માણસનું અભિન્ન અંગ છે. આપણે સ્વાભાવિક રીતે જ કોઇને પૂછીએ છીએ, 'તમે શું કરો છો?' વ્યવસાય માણસનાં ઓળખ અને શોભા બંને છે. માણસ જે કંઇ બનવા પામે છે તેમાં તેનાં કાર્યનો ફાળો અતિ મહત્ત્વનો છે. માણસ કામ કરવાથી માંદો પડે છે એ વાહિયાત દલીલ છે. બીમારી આવે છે ચિંતા, તનાવો, ગુસ્સો, તિરસ્કાર, ઇર્ષા, અણગમો, અસંતોષ, નિરાશા, ખિન્નતા, કંટાળો, વાસનાઓ વગેરેને લીધે, નહિ કે કામને લીધે. જ્યારે ગજા ઉપરાંત કામ કરવામાં આવે ત્યારે જ બીમારી માટે કાર્ય કારણરૂપ ગણાય. પોતાના વ્યવસાયમાં ગજા ઉપરાંત કામ કરવાની કોઇ વાત હોતી જ નથી. વાસ્તવમાં, કામ, કાર્ય માણસનો ખોરાક છે. માણસનાં જીવનમાંથી કાર્ય બાદ કરવામાં આવે તો શું રહે? આપણને કોઇ વાર જાણવા મળે કે કોઇ વ્યક્તિ કંઇ કામ કરતી જ નથી, ત્યારે આપણે આશ્ચર્ય સાથે ખિન્નતા અનુભવીએ છીએ અને તે માણસનાં જીવન વિશે પ્રશ્નાર્થ થાય છે. કંઇ જ કામ ન કરનાર માણસનું સમાજમાં નથી હોતું મૂલ્ય તેમ નથી થતો તેના પ્રત્યે કોઇને આદર. તેથી જ કાર્ય માણસનું સર્વસ્વ છે. અને તેમાં પૂજામાં હોય તેમ પ્રેમ, સહૃદયતા અને સમર્પણ હોવા ઘટે. માણસ જે ક્ષેત્રમાં કામ કરતો હોય તેમાં કાર્યને પૂજા, આરાધના ગણીને તે કાર્યમાં ઓતપ્રોત રહે તો તે તે કાર્યનો નિષ્ણાત બને છે. એટલું જ નહિ પરંતુ કંગાળ સ્થિતિમાંથી યોગ્ય સંજોગોનો આનંદ માણવા પામે છે.

મહાત્મા ગાંધીજીના સમગ્ર જીવનમાં 'ઓળખાણ', 'લાગવગ' વગેરેને બદલે કેવળ કાર્યપરાયણતા જોવા મળે છે; તેમણે મહાત્મા તરીકે લોકહૃદયમાં સ્થાન લીધું તેમાં પોતાનાં ઉમદા કાર્યને આરાધના ગણીને અવિરતપણે પ્રવૃત્ત રહ્યા તેનો ફાળો નાનોસૂનો નથી. નાના માણસો પણ કાર્યપરાયણતાથી સારી પ્રગતિ કરી શકતા હોય છે. જે ખેડૂતો, વેપારીઓ, કારીગરો વગેરે સારી સ્થિતિમાં આવ્યા છે તે તેમની કાર્યપરાયણતાને લીધે છે. આળસુ માણસો પોતાની પાયમાલીને આમંત્રણ આપતા હોય છે અને સમાજને પણ નુકસાન પહોંચાડતા હોય છે. કામ વિનાનો નવરો માણસ તો પોતાને માટે તેમ જ સમાજને માટે ત્રાસરૂપ જ છે. માણસ કંઇ કામમાં પરોવાયેલો ન રહે તો તેનું મન 'શેતાનનું કારખાનું-Devil's workshop' બનતાં વાર ન લાગે. વાસ્તવમાં માણસનાં મનને ઠેકાણે રાખવાનો ઉપાય કાર્ય છે. જાતીય વાસના સતાવે ત્યારે કામ કરવા મંડી જવું એમ સાધુસંતો ખાસ કહે છે. આમ કાર્ય માણસને શેતાન બનવામાંથી બચાવે છે, યોગ્ય આજીવિકા આપે છે, કારકિર્દી રચે છે, આવડત અને જાણકારી અર્પે છે, ઘડતર કરે છે, તેના પરિવારનું યોગ્ય ભાવિ નિર્માણ કરે છે, અને નામના પણ અર્પે છે. કાર્યની આવી જબ્બર તાકાત સમજીને અગવડો કે શ્રમની પરવા કર્યા વિના હૃદયપૂર્વક કાર્ય કર્યા કરીએ તો આપણે જે હેતુ માટે ધરતી પર આવ્યા છીએ તે હેતુ પાર પડે તેમ જ સહૃદયતાથી કરેલાં કાર્ય દ્વારા દુનિયા હોય તેનાથી વધારે સારી બનાવવા માટે યોગદાન આપ્યું ગણાય. કાર્યનો આ મહિમા સમજાતાં બોલાઇ જ જાય છે કે કાર્ય આરાધના છે, પૂજા છે.

માણસ કાર્યપરાયણતાને લીધે સારી આર્થિક સ્થિતિમાં પણ આવે, પરંતુ તે કાર્યનું પરિણામ છે, ધ્યેય નથી; ધ્યેય તો છે કાર્ય પોતે, કારણ કે કાર્યનો શુભ હેતુ હોય છે. દાખલા તરીકે, વેપારી યોગ્ય ગુણવત્તા ધરાવતી વસ્તુઓ વાજબી ભાવે સમયસર આપે તો ગ્રાહકોનાં તે બાબત પૂરતાં સગવડતા અને સુખાકારી જળવાય એ વેપારનો હેતુ છે. ગ્રાહકોની શુભ ભાવથી સેવા કરવાથી જે કમાણી થાય તે પરિણામ છે અને પ્રેરક બળ પણ અવશ્ય છે, પરંતુ તે નથી તો અંતિમ હેતુ કે નથી સર્વસ્વ. સહૃદયતાથી વ્યાપાર કરવાથી ગ્રાહકો વધે અને સવિશેષ કમાણી થાય, ઘડીભર સમૃદ્ધિ પણ આવે તો પૈસાનો સદ્‌ઉપયોગ નિઃસ્વાર્થભાવે ધાર્મિક કાર્યો અને સમાજ-સેવામાં કરવાનો છે. જો કેવળ કમાણીનો જ આશય રહે તો ગ્રાહકો ગૌણ બને અને ભેળસેળ, ઓછું જોખવું, ભાવ ફાવે તેવો લેવો, બતાવવી સારી વસ્તુ અને આપવી હલકી વસ્તુ વગેરે જેવાં અનિષ્ટો ઘૂસી જાય. આવા કેવળ કમાણીના હેતુથી વેપાર કરતો વેપારી સવારના ૬ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી પ્રવૃત્ત રહે અને તેને સમય નથી એમ તે ભલે કહે, પરંતુ તે સાચા અર્થમાં કાર્ય પરાયણ નથી. તે કાર્યને વિકૃત બનાવે છે અને તેથી તેની કાર્યપરાયણતા વિકૃત જ ગણાય.

કાર્યને કાર્યના હેતુનાં અનુસંધાનમાં વિચારવાથી તે પૂજારૂપ, અર્ચનારૂપ ગણાય એવી આત્મકેળવણી, માણસે લેવાની રહે છે. બીજી રીતે કહીએ તો, કાર્યના શુભ હેતુની પરિપૂર્ણતા માટે જેમ મૂર્તિપૂજામાં આરતી, દીવો વગેરે બાહ્ય સામગ્રી અને પ્રેમ, નમ્રતા, તાદાત્મ્યતા વગેરેની આંતરિક સામગ્રી હોય તેમ બાહ્ય અને આંતરિક સામગ્રીથી સ્વીકારેલું કાર્ય કરતાં આવડે એવી આત્મકેળવણી માણસે લેવાની રહે છે. આમ થાય તો, આજે કાર્યપરાયણતામાં જે વિકૃતિ આવી છે તેને બદલે સાહજિક સ્વરૂપની કાર્યપરાયણતા આવે; જે હેતુ માટે કાર્ય છે તે લક્ષ્ય બને. વિદ્યાર્થીઓ જુદા જુદા વિષયોની સમજ મેળવે, સારું સ્વાસ્થ્ય કેળવે, યોગ્ય વિચારો સેવતા થાય અને જીવનનો સામનો કરવાની સજ્જતા કેળવે એ કેળવણીનું ધ્યેય છે. આ ધ્યેય માટે શિક્ષકોએ કાર્યપરાયણ બનવાનું છે; પગાર પ્રેરકબળ અને પરિણામ છે, કાર્ય મુખ્ય છે.

'સારા પગારો વિના, સારી આવક વિના અત્યારના સમયમાં, જીવનનો નિભાવ કેમ ચાલે? પુત્રીઓનો કરિયાવર કેવી રીતે થાય? આવા પ્રશ્નો ક્યારેક સાંભળીએ છીએ. પરંતુ એક પ્રકારની વર્તમાન પરિસ્થિતિ જ વિકૃતિ છે તેથી આવા પ્રશ્નો થાય અને તે પ્રશ્નોનો ઉકેલ દેખાય જ નહિ. જે શુભ હેતુ માટે કાર્ય કરવાનું છે તે સમજીને માણસ કાર્યને પૂજારૂપ ગણીને તે માટે શ્રમ આદરે અને સજ્જતા કેળવતો રહે તો માણસનાં જીવન અને વ્યવસાયનાં ક્ષેત્રનું સ્વરૂપ યોગ્ય પ્રકારનાં બનતાં રહેશે. પૈસા, નામના વગેરે માટે જ કાર્ય કરવું એવી કાર્યની બિનજરૂરી વિગતો અદ્રશ્ય થઇ જશે. સમય જતાં દરેક વ્યવસાયનું ક્ષેત્ર કાર્યનું દર્પણ બની રહેશે. વર્તમાન ખર્ચ અને પુત્રીનો કરિયાવર એ બધી વિકૃતિઓ જ છે. વિકૃતિ હટે અને સાહજિક સ્થિતિ આવે ત્યાં પ્રશ્નોના ઉકેલ પણ સહજ રીતે આવ્યા જ કરે. ઘડીભર આ કલ્પના લાગે અને અર્થશાસ્ત્રને બાજુ પર મૂકી દીધું લાગે, પરંતુ સૌને વિચારવાની છૂટ છે. પૈસાની આરાધના હોય ત્યારે જે અર્થશાસ્ત્ર હોય અને કાર્યને આરાધના ગણાય ત્યારે જે અર્થશાસ્ત્ર હોય એમાં ફેર જ ન પડે? ચીલાચાલુ અર્થશાસ્ત્રીઓને નહિ, પણ અર્થશાસ્ત્ર અંગે સાચી સૂઝ ધરાવતા અર્થશાસ્ત્રીને આ પ્રશ્ન અવશ્ય પૂછવો.

☆☆☆

# સાંપ્રત વિચાર વિહાર

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

'પ્રબુદ્ધ જીવન'નાં તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહ છેલ્લાં બાર વર્ષથી વિભિન્ન વિષયો ઉપર 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક તંત્રી લેખ લખતા રહ્યા છે. એમના ઘણાં તંત્રી લેખો 'સાંપ્રત સહચિંતન'ના જુદા જુદા ભાગ રૂપે ગ્રંથસ્થ થયેલા છે. એ લેખોના વિષયો ઉપર નજર ફેરવીએ તો પણ જણાશે કે સાહિત્ય, શિક્ષણ, સ્થાપત્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, રાજકારણ વગેરેના વિવિધ વિષયો કે સામાજિક પ્રશ્નો વિશે તેમણે પોતાની કલમ ચલાવી છે. તાજેતરમાં 'સાંપ્રત સહચિંતન ભાગ-૬' નામનો તેમનો ગ્રંથ પ્રકાશિત થયો છે. આ ગ્રંથમાં તેમણે જુદા જુદા પ્રકારના લેખો આપ્યાં છે.

'નિ:સંતાનત્વ' એ 'સાંપ્રત સહચિંતન-ભાગ ૬'નો ૧૭ પૃષ્ઠોનો, માનવજાતિની સંકુલ વિચારધારાને વિવિધ દષ્ટિબિંદુથી નિરૂપતો, જટિલ ને સનાતન પ્રશ્ન છે. એની માંડણી નિ: સંતાનત્વ ને સંતાન પ્રાપ્તિના પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષ દ્વાર થઇ છે. ત્રીસ સાલનો તેજસ્વી ઓસ્ટ્રેલિયન યુવક, પાશ્ચાત્ય સંસ્કૃતિની વ્યક્તિવાદી કુટુંબપ્રથાની વિચારધારાનો પક્ષકાર ને પ્રતિનિધિ છે તો લેખક 'નન્દનં કુલનન્દનમ્' 'अपुत्रस्य गृहं शून्यम्।' 'अपुत्रस्य गतिर्नास्ति।' કે પિતૃઋણ મુક્તિમાં માનનાર પૌરસ્ત્ય સંસ્કૃતિની કુટુંબ ભાવનાના પક્ષકાર ને પ્રતિનિધિ છે. ઓસ્ટ્રેલિયા તથા યુરોપ અમેરિકાના યુવક-યુવતીઓ, સંતાન હોવા એને એક મોટી ને ખોટી જવાબદારી કે ઉપાધિ સમજે છે ત્યારે ભારતીય માતૃત્વની ભાવના, 'પગલીનો પાડનાર ને ખોળાનો ખૂંદનાર' ઝંખે છે. પ્રજાના તંતુનો ઉચ્છેદ નહીં કરવાનો ભગવાન મનુ આદેશ આપે છે છતાંયે સંતાનોની કૃતઘ્નતામાંથી જન્મેલો વિષાદ ને પ્રત્યાઘાત, નિ:સંતાનત્વની વૃત્તિને પ્રબળ બનાવે છે. ઘણીવાર તો હત માતૃત્વ પોકારી ઊઠે છે: 'આના કરતાં તો પેટે પાણો પાક્યો હોત તો સારું.' આ 'નખોદ-વૃત્તિ'નું લેખક સૂક્ષ્મ પૃથ્થકરણ કરે છે અને વાલ્મીકિ રામાયણ, સેક્સપિયરના 'કિંગ લીઅર' અને વિમલમંત્રીની દંતકથાનો આધાર ટાંકી, સંતાનોની કૃતઘ્નતાને જવાબદાર ઠેરવે છે; તો સામે પક્ષે આવો વિધેયાત્મક અભિગમ અપનાવવા માતા-પિતાને સૂચના પણ આપે છે: 'જીવન વ્યવહારનાં કેટકેટલાં ક્ષેત્રોમાંથી પોતાનાં કર્તૃત્વ, મમત્વ ઇત્યાદિ ભાવોને ખેંચી લેવા જોઇએ...પોતાના દૃષ્ટિકોણ અને અભિગમને બદલવા પડે તો બદલવાં જોઇએ...સંતાનોના યુવાનીના કાળમાં વૃદ્ધ માતા-પિતા અહં મમત્વ, કર્તૃત્વના ભાવો છોડી દે...પરિસ્થિતિનો અને પોતાની મર્યાદાનો સ્વીકાર કરી, કેટકેટલી બાબતોમાં મનથી સમાધાન કેળવી નિવૃત્ત થઇ જાય. પોતાનો સમય વાંચન, ટી.વી. ધર્માચરણ, લોકસેવા, શોખની મનગમતી પ્રવૃત્તિઓ વગેરેમાં પરોવી દે ને વાણી ઉપર સંયમ રાખે, જરૂર લાગે તો મૌનવ્રત ધારણ કરે.. તો કેટલાંક સંઘર્ષ જરૂર નિવારી શકે છે.

'સાંપ્રત સહચિંતન'નો 'રંગભેદ' નામનો પચ્ચીસ પૃષ્ઠોમાં પથરાયેલો બીજો લેખ લખવા પાછળનું મૂળ પ્રેરક કારણ તો છે દક્ષિણ આફ્રિકામાં લાંબી લડતને અંતે લોકશાહીની કાયદેસર રીતની સ્થાપના થઇ તે ઐતિહાસિક પ્રસંગ, પણ એ લેખના ત્રણ પેટા વિભાગોમાં અનુક્રમે ગુલામીની પ્રથા, ભિન્ન ભિન્ન દેશોના પ્રાકૃતિક પરિવેશને કારણે ત્યાંના નિવાસીઓમાં વરતાતી ત્વચાના રંગની તરતમતા તથા તજ્જન્ય વિકસિત મનોવૃત્તિ અને પાશ્ચાત્ય-પૌરસ્ત્ય સાહિત્યના સંસ્પર્શવાળી રંગ મીમાંસા મુખ્ય છે. રંગમીમાંસામાં ક્યાંક ક્યાંક આવાં કાવ્યાત્મક, ધાર્મિક અર્થઘટનો પણ આવે છે. દા.ત. 'જૈન ધર્મમાં લેશ્યાઓનું વર્ણન આવે છે. ચિત્તમાંથી ઉદ્ભવતા ભાવો, વિચારો, તરંગોને પણ પોતપોતાના સૂક્ષ્મ રંગ હોય છે. તે અનુસાર શુભ અને અશુભ મળીને છ લેશ્યાઓ ગણાવવામાં આવે છે. કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ આ લેશ્યાઓમાં અશુભમાં અશુભ, સૌથી ખરાબ લેશ્યા તે કૃષ્ણ લેશ્યા છે. તેનો રંગ કાળો છે. મનુષ્યના ચિત્તમાંથી મલિન, હિંસક, પાપી, દુરાચારી વિચારો કે ભાવો ઉદ્ભવતાંની સાથે એના ચિત્તમાંથી કાળો સૂક્ષ્મ રંગ પણ નીકળે છે જે એના ચહેરા ઉપર અને સમગ્ર શરીરમાં પ્રસરવા લાગે છે. આમ લેશ્યાની દૃષ્ટિએ કાળો રંગ અશુભ ગણાય છે. (પૃ. ૩૬) સમગ્ર માનવજાતિ અને પશુ-પંખી સૃષ્ટિનો લોહીનો રંગ લાલ જ હોય છે....જો કોઇ આ લોહીના તત્ત્વજ્ઞાનને સાચા અર્થમાં સમજે તો સર્વવ્યાપી કરુણા પ્રગટે અને જ્યાં કરુણાનો વિસ્તાર છે ત્યાં સંવાદ છે, સહકાર છે, સહિષ્ણુતા છે, પ્રેમ છે, આનંદ-ઉલ્લાસ છે અને ઉર્ધ્વગમન છે.

વિશ્વના લગભગ બધા જ ધર્મોએ ષડરિપુઓની પ્રબળતાની વાત કરી છે. પણ એમાંય ચોરી માટે વ્યક્તિને લાચાર કરનાર લોભવૃત્તિની પ્રબળતા સવિશેષ છે. 'લોભાવિલે આયયઇ અદત્ત' અને 'દાણચોરીનું નવું ક્ષેત્ર' (પૃ. ૧૨૩-૧૩૫) 'સાંપ્રત સહચિંતન'ના આ બે લેખોમાં લેખકે સર્વકાલીન અને સર્વજનીન ચૌર્યવૃત્તિની અનેક દષ્ટાંતો દ્વારા ઝીણી ચર્ચા કરી છે. તેઓ લખે છે. 'સ્થૂલ અને સૂક્ષ્મ ચોરીના અસંખ્ય પ્રકારો છે જ્યાંસુધી દુનિયામાં નિર્ધનતા છે, લાચારી છે, લોભ છે, લાલસા છે, ઇર્ષ્યા છે, વેરવૃત્તિ છે, માનસિક બીમારી છે, ત્યાં સુધી નાના-મોટી ચોરી રહ્યા કરવાની. દુનિયામાંથી ચોરીને સર્વથા નિર્મૂળ કરવાનું શક્ય નથી'

'લોભાવિલે આયયઇ અદત્ત'માં લેખકે આકર્ષક મનગમતી ચીજવસ્તુઓની ચોરી, લોભ કે લાલચને વશ થઇને લોકો કરે છે તેની વિગતવાર ચર્ચા જૈન ધર્મના અનુલક્ષમાં અનેક લૌકિક અને પૌરાણિક દૃષ્ટાંતો દ્વારા, માનસશાસ્ત્રની દૃષ્ટિએ કરી છે, તો 'દાણચોરીના નવા ક્ષેત્ર'માં, સોનું, ચાંદી, હીરા, માણેક, ઘડિયાળ, માદક પીણાં કેફી દવાઓ ખાદ્ય પદાર્થો, જીવતાં પશુ- પક્ષીઓ, મશીનોના છૂટા ભાગ વગેરેની દાણચોરીનો અછડતો ઉલ્લેખ કરી કેટલાંક નાનાં રાષ્ટ્રો અણુબોમ્બ બનાવવા માટે યુરેનિયમ કે પ્લુટોનિયમની દાણચોરીને રવાડે ચઢ્યાં છે તેની આંતરાષ્ટ્રીય દૃષ્ટિએ ચર્ચા કરી છે. લેખક કહે છે: છેલ્લાં ત્રણ ચાર વર્ષમાં જર્મનીમાં યુરેનિયમ અને પ્લુટોનિયમના ગેરકાયદે સોદા અને ડિલિવરી માટે અંદાજે ચારસો જેટલા કિસ્સા નોંધાયા છે. (પૃ. ૧૨૯) અંતમાં લેખક કહે છે. 'અણુશસ્ત્રોનું વિસર્જન એ શાંતિની દિશામાં મોટું પગલું બન્યું છે, પરંતુ યુરેનિયમ પ્લુટોનિયમની દાણચોરી અશાંતિની દિશામાં જગતને ઘસડી જશે. માનવસંહારની લીલા ક્યારે કેવા સ્વરૂપે ખેલાશે તે કોણ કહી શકે?'

'ધૃત કલ્લોલ પાર્શ્વનાથ' અને 'રાણકપુર તીર્થ', સાંપ્રત સહચિંતનના બે સ્થળ વિષયક લેખો છે. 'ધૃતકલ્લોલ' નામ અદ્વિતીય લાગતાં લેખક એને સ્પષ્ટ કરતાં લખે છે: 'ધૃત એટલે ઘી અને કલ્લોલ એટલે ભરતી, મોજું અથવા વૃદ્ધિ. જેમના ચમત્કારથી ઘીમાં વૃદ્ધિ થાય તે ધૃતકલ્લોલ. એવા સરળ અર્થ ઉપરાંત આધ્યાત્મિક આનંદની ભરતી થાય એવો અર્થ પણ ઘટાવાય છે.' (પૃ. ૫૮) કચ્છના અબડાસા તાલુકામાં આવેલ, લગભગ પાંચસો વર્ષ પુરાણા સુથરીમાં લેખકને છેલ્લાં ચારેક દાયકામાં છથી સાત વાર જવાનો સુયોગ પ્રાપ્ત થાય છે તેની સંસ્મરણાત્મક અંગત, વિગતો, દંતકથાઓ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિના સંદર્ભમાં નિરૂપે છે. 'રાણકપુર તીર્થ' આ ગ્રંથનો ચોથો ભાગ રોકે છે. વિક્રમના પંદરમાં શતકમાં, મેવાડના કુંભારાણાના મંત્રી શેઠ ધરણા શાહે આ મંદિર બંધાવ્યું હતું, ૪૮ હજારની માંડણીવાળા

વિસ્તારનું, ૪૦ ફુટના ઊંડા પાયાવાળું, અઢી હજાર કારીગરોએ લગભગ છ દાયકા સુધી કામ કરી, આજથી સાડા પાંચસો વર્ષ પહેલાં ૯૯ લાખ રૂપિયામાં આ મંદિરની રચના થઈ છે. એને અંગે કેટલાંક કવિઓએ કાવ્યો, સ્તવનો, ફાગ વગેરે લખ્યાં છે. આ પ્રકારનું સાહિત્ય, શિલાલેખો, પરંપરાથી ચાલી આવતી દંતકથાઓને આધારે આ મંદિરની ઘણી બધી વાતો જાણવા મળે છે. નીચે દર્શાવેલી લોકોક્તિઓ એની લોકપ્રિયતાની પારાશીશીરૂપ છે. દા. ત. :-

'કટકુ બટકુ ખાજે પણ રાણકપુર જાજે'

(લોકોક્તિ)

'ગઢ આબુનવિ ફરસિયો
ન સુણ્યો હીરનો રાસ;
રાણકપુર નર નવિ ગયો
ત્રિણે ગર્ભાવાસ'

(હીરવિજયસૂરિ રાસ)

આ લેખ લખવામાં લેખકનો પાકો ને ઘનિષ્ઠ સ્વાનુભવ લેખે લાગ્યો છે. એટલું જ નહીં પણ એમાં એમની બહુમુખી પ્રતિભાનો પણ આવિર્ભાવ થયો છે. 'રાણકપુર' તીર્થમાં ઝીણી ઝીણી વિગતોની ચોક્સાઈ જોવા મળે છે તેમજ શિલ્પ-સ્થાપત્ય-કલાની સૂઝસમજને ઇતિહાસ તથા કાવ્યનો સુભગ સમન્વય થયેલો પ્રતીત થાય છે. પૃ. ૧૯૦ થી પૃ. ૨૦૦મા વિગતપૂર્ણ ચર્ચેલ દેવમંદિરોમાં ભોગાસનો વિષયક મુદ્દો તો એક સ્વયં સંપૂર્ણ અભ્યાસલેખની ગરજ સારે છે ને શૈલીની દૃષ્ટિએ પણ લેખકને જેબ આપે એવું એનું શિષ્ટ-પ્રાસાદિક ગદ્ય છે. શૈલીની દૃષ્ટિએ કલ્પવૃક્ષના પાનની આકૃતિનું વર્ણન જોઈએ. 'રાણકપુરના જિનમંદિરમાં જે કેટલીક સ્વતંત્ર, વિશિષ્ટ બેનમૂન શિલ્પકૃતિઓ છે, તેમાં મંદિરમાં પ્રવેશતાં જ મેઘમંડપની છતમાં મૂકવામાં આવેલા કલ્પવૃક્ષના પાનની આકૃતિ ધ્યાન ખેંચે એવી છે. આ પ્રકારની રચના અન્યત્ર કોઈ પ્રાચીન જૈન મંદિરમાં જોવા મળતી નથી. કલ્પવેલીની આ આકૃતિમાં જે વળાંકો અને રેખાઓ સાથે ઝીણી ઝીણી વિગતો કોતરવામાં આવી છે તે બધાનું એક પ્રકારનું રમણીયતાપૂર્ણ સૂચક સૌંદર્ય છે.આ મુખ્ય આકૃતિમાં ૐના આકારનો આભાસ થાય છે, એટલું જ નહિ તેની ઝીણી ઝીણી પાંખડીઓમાં, કુપળોમાં અને નસોમાં પણ ૐની આકૃતિ જોવા મળે છે. આવી ઘણી બધી આકૃતિઓને લીધે જાણે ૐકારના સતત રણકારવાળું આ પર્ણ હોય તેવું જણાય છે. જોનારને તે મંત્રમુગ્ધ કરી દે છે. એની એક એક રેખા સમપ્રમાણ છે અને સમગ્ર આકૃતિનું એક વિશિષ્ટ સૌંદર્ય ઉઠાવ પામે છે. એમાં વર્તુળાકાર અને લંબગોળ રેખાઓનું મનોહર સામંજસ્ય અનુભવાય છે.'

'ડૉ. ચન્દ્રજોષી' અને 'સ્વ. ચીમનભાઈ પટેલ'-સંગ્રહના આ બે વ્યક્તિ-વિષયક લેખો છે. બંનેય મહાનુભાવો સાથે ભિન્ન ભિન્ન સંદર્ભે લેખકને સંબંધ હોવા છતાં ઉભયના વ્યક્તિત્વ- આલેખનમાં ઉષ્મા-ભેદ સ-કારણ વરતાય છે. ડૉ. જોષીના જીવનકાર્યને આલેખતાં જે ઉમળકો ને અહોભાવ છે તેને સ્થાને સ્વ. ચીમનભાઈનું જીવન-કાર્ય વર્ણવતાં કેવળ નક્કર હકીકતો જોવા મળે છે. લેખકની નિર્મળ ને નિરપેક્ષ જીવનદૃષ્ટિનું આ પરિણામ હશે ?

'સંકલ્પી હિંસા'એ સંગ્રહનો ચિંતન-પ્રધાન લેખ છે, તો 'લેખકો અને રાજ્યસત્તા' એ પ્રાસંગિક લેખ છે. 'સંકલ્પી હિંસા'માં લેખકે દિન-પ્રતિદિન આહાર, ઔષધ, મોજ-શોખ અને અર્થકારણને અંગે, વિશ્વમાં થતી હિંસાની વિગતે ચર્ચા કરી છે, અને અનિવાર્ય હિંસાને 'આરંભી હિંસા' કહી ભવિષ્યમાં વૈજ્ઞાનિક ને આર્થિક કારણોસર અત્યારથી પણ વધુ હિંસા થશે એવી આગાહી કરી અંતે લખે છે: 'આ સમગ્ર વિશ્વનું નિયંત્રણ કોઈ સૂક્ષ્મ સિદ્ધાંતને આધારે થઈ રહ્યું છે. અને દરેકે પાપ પ્રવૃત્તિની ભારે કિંમત મોડી-વહેલી ચૂકવવી પડે છે તેવી દઢ-આંતર-પ્રતીતિ અને શ્રદ્ધા જેના હૈયામાં હશે તે આવા પ્રશ્નોનો વધુ ગંભીરતાથી વિચાર કરી સંકલ્પી હિંસામાંથી બચવાનો પ્રયત્ન કરશે.' 'લેખકો અને રાજ્યસત્તા' નામના લેખમાં, વિશ્વમાં ભિન્ન ભિન્ન દેશોના લેખકોના વિચાર-વાણી-સ્વાતંત્ર્યને અવરોધતાં અનેકવિધ પરિબળોની સોદાહરણ ચર્ચા કરી છે તો 'સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનું સામૂહિક આક્રમણ' નામના લેખમાં અનેક પ્રકારના જ્ઞાત-અજ્ઞાત રોગો એમની વિનાશશક્તિ તદ્ વિષયક દવાઓ, ઔષધો વગેરેની વૈજ્ઞાનિક ઢબે ચર્ચા કરી છે જે બહુજન સમાજને અતિ ઉપયોગી થાય એમ છે. એમનું એક વિધેયાત્મક સૂચન નોંધવા જેવું છે: 'ભારત સરકાર રોગચાળા માટે અને જુદી જુદી બીમારીઓ માટે જેટલાં નાણાં ખર્ચે છે એથી ઓછાં નાણાં સ્વચ્છતાનું પાક શિક્ષણ આપવામાં અને વિવિધ ક્ષેત્રે સ્વચ્છતાનું સ્પર્ધાત્મક આયોજન કરવામાં ખર્ચે તો વધુ સારુ પરિણામ આવે.

જૈન ધર્મ પ્રમાણે ૮૪ લાખ પ્રકારની જીવયોનિઓ છે ને સાત લાખ પ્રકારના વાયરસ છે; વિકસતા કે વિકસિત વિજ્ઞાનને પણ પાછળ પાડી દે એવો સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનો ભયંકર ઉત્પાત છે.

'સાંપ્રત સહચિંતન'ના વિષયો જોતાં એનું શિર્ષક સર્વથા સાર્થક છે; પણ સાંપ્રતના વિષયોને પણ મોટા ફલક પર મૂકીને વિચાર વિહાર કરવાની લેખકની વિશેષતાને કારણે એનો સંસ્પર્શ વધુ ઘેરો બને છે. વળી એ વિચાર-વિહાર દરમિયાન સંસ્કૃત-અંગ્રેજી, પ્રાકૃત-ગુજરાતી ભાષા-સાહિત્યમાંથી અનેક ઔચિત્યપૂર્ણ ટાંકેલાં અવતરણોને કારણે વક્તવ્ય વધુ ચોટદાર બને છે અને અભિવ્યક્તિમાં મૂર્તતા આવે છે, કથન, વર્ણન અને ચિંતનના બધા જ સ્તરને પહોંચી વળતા એમના સુવાચ્ય પ્રાસાદિક ને ઉદ્દીપક ગદ્યનો યુગપદ અનુભવ એમના 'રાણકપુર તીર્થ' વાંચતાં થાય છે. 'સાંપ્રત સહચિંતન' માટે ડૉ. શાહને ખૂબ ખૂબ અભિનંદન.

☆ ☆ ☆

## દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્રની મુલાકાત

સંઘ તરફથી પ્રતિ વર્ષ પર્યુષણ પર્વ દરમિયાન કોઈ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ વર્ષે આણંદની ટી. બી. હૉસ્પિટલ - 'દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્ર'ને સહાય કરવાનું નક્કી થયું હતું. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે સંઘ તરફથી યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓના સુંદર સહકારથી આ સંસ્થા માટે રૂપિયા દસ લાખથી વધુ રકમ નોંધાઈ છે.

સંઘના સભ્યો અને દાતાઓ માટે આ સંસ્થાની મુલાકાતનો કાર્યક્રમ આગામી નવેમ્બર, ડિસેમ્બરમાં અનુકૂળ દિવસે યોજવામાં આવશે. તારીખો નિશ્ચિત થયે 'પ્રબુદ્ધ જીવન'માં તેની જાહેરાત કરવામાં આવશે. જેઓ આ કાર્યક્રમમાં જોડાવા માટે રસ ધરાવતા હોય તેઓએ પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં ૧૫મી ઓક્ટોબર, ૧૯૯૫ સુધીમાં નોંધાવી દેવા વિનંતી છે.

☐ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૯ ● ● તા. ૧૬-૯-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અદત્તાદાન-વિરમણ

જૈન ધર્મમાં સંયમની આરાધના માટે, સમ્યક્ આચાર માટે સાધુઓનાં પાંચ મહાવ્રત બતાવવામાં આવ્યાં છેઃ (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આ પાંચ મહાવ્રત ગૃહસ્થોએ અમુક અંશે પાળવાનાં હોવાથી તેને અણુવ્રત કહેવામાં આવે છે.

આ પાંચ વ્રતમાં ત્રીજું વ્રત છે અસ્તેય વ્રત અથવા અદત્તાદાન-વિરમણ વ્રત. સ્થૂલ ચોરી ન કરવી એટલી જ વાત નથી. ન આપેલું ન ગ્રહણ કરવું ત્યાં સુધી આ વ્રતના વિષયને વિસ્તારવામાં આવ્યો છે અને સૂક્ષ્મ ભાવનાને તો એથી પણ વધુ ઊંચે લઇ જવામાં આવી છે.

अदत्तादानं स्तेयम् ।-અદત્તાદાન એટલે ચોરી એવી સામાન્ય વ્યાખ્યા આપવામાં આવે છે, પરંતુ એમાં એથી વિશેષ અર્થ રહેલો છે. 'સર્વાર્થસિદ્ધિ'માં કહ્યું છેઃ

यत्र संक्लेशपरिणामेन प्रवृत्तिस्तत्र स्तेयं भवति, बाह्यवस्तुनो ग्रहणे चाग्रहणे च ।

બાહ્ય સ્થૂલ વસ્તુનું ગ્રહણ હોય કે ન હોય, પરંતુ જ્યાં સંકલેશ પરિણામની પ્રવૃત્તિ થતી હોય તે ચોરી છે.

આમ, અસ્તેય કરતાં 'અદત્તાદાન વિરમણ' શબ્દમાં વધારે વ્યાપક, ગહન અને સૂક્ષ્મ અર્થ રહેલો છે. દત્ત એટલે આપેલું. અદત્ત એટલે કોઇએ નહિ આપેલું. આદાન એટલે ગ્રહણ કરવું. વિરમણ એટલે અટકવું. આમ, કોઇએ પોતાને નહિ આપેલી એવી વસ્તુનું ગ્રહણ ન કરવું એટલે અદત્તાદાન વિરમણ. વ્રત તરીકે 'અચૌર્ય' કે ' અસ્તેય' શબ્દ કરતાં 'અદત્તાદાન વિરમણ' શબ્દ વધારે ગંભીર અને ગૌરવવાળો છે અને સાધકને માટે તો એ જ શબ્દ વધુ ઉચિત છે.

અદત્તાદાન અથવા ચોરી માટે 'પ્રશ્ન વ્યાકરણ'માં જુદા જુદા સમાન્તર અર્થ કે ભાવવાળા પ્રાકૃત શબ્દો આપ્યા છે, જેમકે ચોરિકકં, (ચોરી), પરહડં (બીજાની વસ્તુ ભોળવીને ચાલાકીથી પડાવી લેવી), કૂરિકડં (નિર્દય બનીને, ધમકી આપીને છીનવી લેવું), પરલાભ (મહેનત કર્યા વિના બીજાનો લાભ ઉઠાવવો), અસંજમ (બીજાની વસ્તુ લેવામાં સંયમરહિત બનવું), લોલિકં ( બીજાની આકર્ષક વસ્તુ જોઇ તે મેળવી લેવા લાલચુ બનવું), અવહાર (દુષ્ટતા અવિનયથી કે ઉદ્ધતાઇથી બીજાની વસ્તુ પડાવી લેવી), હત્થલહુત્તણં (બીજાને ન દેખાય એ રીતે હાથની લાઘવતાથી કામ પતાવી લેવું, જેમકે ખીસ્સાકાતરુઓ કરે છે તેમ), અપચ્ચઓ (વિશ્વાસઘાત કરવો), કુલમસી (પોતાના કુટુંબને કલંક લગાડનારું કામ) વગેરે.

માણસ સ્વભાવથી ચોર નથી, માટે ચોરી ન કરવાની બાબતને વ્રતનું સ્વરૂપ આપવાની જરૂર નથી એવી દલીલ કોઇ કરે તો તે નિરર્થક છે. આ વ્રતની જે સૂક્ષ્મ મીમાંસા જૈન દર્શનમાં કરવામાં આવી છે તેનો જો બરાબર અભ્યાસ કરવામાં આવે તો લાગ્યા વગર રહેશે નહિ કે માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહિ, સામાજિક દૃષ્ટિએ પણ આ વ્રતની ભાવના મનુષ્યજીવન માટે ઘણી ઉપકારક છે.

અદત્તાદાન વિરમણ વ્રત પાંચ મહાવ્રતમાં બરાબર મધ્યમાં આવે છે. પહેલા બે વ્રતના પોષણ અર્થે જ આ ત્રીજું વ્રત પણ બતાવવામાં આવ્યું છે.અહિંસા અને સત્ય સાથે અસ્તેય વ્રત ઘનિષ્ઠ રીતે સંકળાયેલું છે. પહેલાં બે વ્રતનું કે બેમાંથી કોઇ એકનું બરાબર પાલન કરી ન શકનાર વ્યક્તિ આ ત્રીજું વ્રત પણ બરાબર પાળી ન શકે. આ ત્રીજા વ્રતનું પાલન કરનાર પહેલાં બે વ્રતમાં દૃઢ રહી શકે છે. વળી જેઓ આ ત્રીજું વ્રત સ્થૂળ અને સૂક્ષ્મ દૃષ્ટિએ બરાબર પાળે છે તેઓને માટે ચોથા અને પાંચમાં વ્રતનું પાલન સરળ બની જાય છે.

પાંચ મહાવ્રતોમાં અસ્તેય વ્રતને ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે તે સકારણ છે એમ વિવિધ દૃષ્ટિબિંદુથી જોતાં જણાશે. વ્રતભંગ કરનાર લોકોની સંખ્યાના પ્રમાણની દૃષ્ટિએ જોઇએ તો પણ તે યોગ્ય જણાશે. દુનિયામાં અપરિગ્રહ વ્રતનો ભંગ કરનાર માણસો કરતાં બ્રહ્મચર્ય અથવા સ્વદારા સંતોષના વ્રતનો ભંગ કરનાર લોકો વધુ હશે. એથી વધુ લોકો અસ્તેય વ્રતનો ભંગ કરનાર, એથી વધુ અસત્ય બોલનાર અને એથી વધુ સ્થૂલ-સૂક્ષ્મ હિંસા કરનાર લોકો હશે.

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચાર ગતિના જીવોમાંથી ચોરીની સૌથી વધુ શક્યતા મનુષ્ય ભવમાં જ છે. મનુષ્ય ભવમાં જ જેમ એક તરફ જીવને માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉત્તમોત્તમ આરાધના કરી મોક્ષ ગતિ પ્રાપ્ત કરવાની શક્યતા રહેલી છે, તેમ બીજી બાજુ ગરીબી, બેકારી, વેર લેવાની વૃત્તિ વગેરે તથા રાગદ્વેષથી પ્રેરાઇને ભારેમાં ભારે દુષ્કર્મ કરવાની શક્યતા રહેલી છે. મનુષ્યનું કુટિલ ચિત્ત અણહકનું મેળવવાના અનેક રસ્તા શોધી કાઢે છે અને તે મેળવીને તેમાં રાચે છે.

જેમ જમાનો આગળ વધતો જાય તેમ તેમ ચોરી કરવાના નવા નવા પ્રયોગો, યુક્તિ પ્રયુક્તિઓ વગેરે શોધાતાં રહે છે. આવાં કામોમાં પણ મનુષ્યનું ફળદ્રુપ ભેજું વિવિધ રીતે કામ કરવા લાગે છે. અત્યારે દુનિયાભરમાં વૈજ્ઞાનિક પ્રગતિને કારણે ઇલેક્ટ્રોનિક સાધનો અમલમાં આવ્યાં છે. કોમ્પ્યુટરે દુનિયાભરમાં ઘણી મોટી ક્રાંતિ આણી છે અને

કેટલાં બધાં કામો સરળ બનાવી દીધાં છે. બીજી બાજુ કોમ્પ્યુટરને કારણે દુનિયાના પ્રગતિશીલ સમૃદ્ધ દેશોમાં પણ માહિતીની ચોરી ઘણી વધી ગઇ છે. બેંકોના ખાતાંઓમાંથી ઉઠાંતરી કરવાના કિસ્સા પણ ઘણાં વધી ગયાં છે. Electronic Fraud એ આધુનિક જગતનો એક મોટો રોગ છે.

ચોરીનો વિષય ઘણો વિશાળ છે. એના પ્રકારો અનેક છે અને વખતોવખત નવા નવા શોધાતા જાય છે. ચોરી વિનાનો માનવજાતનો ઇતિહાસ ક્યારેય સંભવી ન શકે. દુનિયામાં બધા જ માણસો ધનવાન, સુખી અને સાધનસંપન્ન હોય તો પણ દુનિયામાંથી ચોરી નિર્મૂળ ન થઇ શકે, કારણ કે અનાદિ કાળના એ સંસ્કાર છે. આ તો સ્થૂલ ચોરીની વાત થઇ. સૂક્ષ્મ, માનસિક ચોરીની તો વળી વાત જ જુદી. જ્યાં સુધી મોહ, લોભ જેવા કષાયો છે, ચીજ વસ્તુઓ માટેની આસક્તિ છે, સંગ્રહવૃત્તિ છે. ત્યાં સુધી ચોરી રહેવાની. રાજ્યો દ્વારા સજા થવાના ભયને લીધે, અને ચોકી પહેરાને લીધે ઘણી ચોરી અટકે છે. વળી માણસે તાળાની શોધ કરીને અસંખ્ય લોકોને ચોરીનો ગુનો કરતાં અટકાવ્યા છે. માનવજાત ઉપર આ રીતે તાળાનો ઉપકાર ઘણો મોટો છે. બીજા બાજુ તાળું એ માનવજાતનું કલંક છે, કારણ કે તે અવિશ્વાસનું પ્રતીક છે.

ચોરી કરવાનાં જે કેટલાંક કારણો છે તેમાંનું એક મુખ્ય કારણ છે લોભ. લોભી માણસ ક્યારે ચોરી કરશે તે કહી શકાય નહિ. ભગવાન મહાવીરે 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના બત્રીસમા અધ્યયનમાં કહ્યું છે:

रूवे अतित्ते परिग्गहम्मि
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स
लोभाविले आययई अदत्तं ।।

[મનોજ્ઞ રૂપના પરિગ્રહમાં આસક્ત થયેલો જીવ જ્યારે અતૃપ્ત થાય છે ત્યારે તેનીઆસક્તિ વધે છે અને તે સંતોષ મેળવી શકતો નથી. ત્યારે અસંતોષના દોષ વડે દુઃખી થયેલો તે અત્યંત લોભ વડે મલિન થઇને અન્યનું નહિ દીધેલું પણ ગ્રહણ કરે છે.]

तम्हाभिभूयस्स अदत्तहारिणो
रूवे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढई लोभदोषा
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

[તૃષ્ણાથી પરાભવ પામેલો માણસ અદત્તને લેવા છતાં તે પરિગ્રહમાં તથા રૂપમાં અતૃપ્ત રહે છે. અદત્તને હરણ કરનારો તે લોભથી આકર્ષાઇને માયા અને અસત્યના દોષોને વધારી મૂકે છે, છતાં તે દુઃખથી છૂટી શકતો નથી.]

मोसस्स पच्छा य पुरत्थओ य
पओगकाले य दुही दुरंते ।
एयं अदत्ताणि समाययंतो
रूवे अतितो दुहिओ अणिस्सो ।।

[જૂઠું બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલવા કાળે પણ દુષ્ટ હૃદયવાળો તે જીવ દુઃખી થાય છે. તેમજ રૂપમાં અતૃપ્ત રહેલો અને અણદીધેલું ગ્રહણ કરનારો હંમેશાં અસહાય અને દુઃખથી પીડિત રહે છે.]

કેટલાંક સાધારણ સ્થિતિના માણસોને કોઇ વાડીમાંથી, મંદિરમાંથી કે કોઇ સંસ્થામાંથી શ્રીફળ, સોપારી, પેંડા, લાડુ, ફળ-ફળાદિ મફત મળતાં હોય તો પછી એવું મફત મેળવવાની તેમને આદત પડી જાય છે. એવી વસ્તુ માટે પછી નાણાં ખર્ચવાનો પ્રસંગ આવે છે ત્યારે તેમને ગમતું નથી. એમ કરતાં કરતાં એમનામાં પણ એવી નાની નાની ચીજવસ્તુઓની ચોરી કરવાની ટેવ પડી જાય છે. એટલા માટે પોતાને કોઇ વસ્તુ હકપૂર્વક મફત મળતી હોય તો પણ એવી વસ્તુ દીર્ઘ કાળ સુધી મફત મેળવવી ન જોઇએ કે જેથી એના ખોટા સંસ્કાર પોતાના જીવનમાં ઊંડા ઊતરે.

માત્ર ગરીબ લોકો જ ચોરી કરે છે એવું નથી, શ્રીમંતો પણ ચોરી કરે છે. શ્રીમંતો એમના પ્રકારની વેપાર-ધંધામાં ચોરી કરે છે. કેટલીક વાર વ્યવહારમાં ચોરીના નામને પાત્ર ન ગણાય એવી અથવા રાજ્યના કાયદા દ્વારા સજા ન થાય એવી તેઓની ચોરી હોંશિયારી, આવડત, કુનેહમાં ખપાવવામાં આવે છે.

નાની નાની ચીજવસ્તુઓની શ્રીમંતો કે સાધનસંપન્ન સુખી લોકો દ્વારા જે ચોરી થાય છે એનો તો વળી વિષય જ જુદો છે. ચોરી એ ગુનો છે એવા ભયથી ઘણાં અટકે છે. પરંતુ કેટલાંકને નાનપણથી કે મોટી વયે વારંવાર ચોરી કરવાનું મન થાય છે. વખત જતાં ચોરી એમને માટે વ્યસનરૂપ બની જાય છે. અને એથી આગળ જતાં ચોરી એમને માટે માનસિક રોગ બની જાય છે. આવા રોગને 'કલેપ્ટોમેનિયા' (kleptomania) કહે છે. આવી નાની નાની ચોરી પુરુષો કરતાં મહિલાઓ વધારે કરે છે.

નાની નાની ચોરી કરવામાં એક પ્રકારનો સૂક્ષ્મ માનસિક આનંદ હોય છે. એ આનંદ શુદ્ધ નહિ પણ અશુદ્ધ, વિકૃત પ્રકારનો હોય છે. વખત જતાં એ એક પ્રકારની ગ્રંથિરૂપે બંધાઇ જાય છે. એવી પોતે જ્યાં સુધી ચોરી ન કરે ત્યાં સુધી ચેન પડતું નથી. આવી ગ્રંથિમાંથી સહેલાઇથી છૂટાતું નથી. નાની મનગમતી વસ્તુ સંતાડીને લઇ લેવી એ તેમની કુદરતી ટેવ બની જાય છે. શ્રીમંતોને એવી કોઇ વસ્તુ ખરીદવાનું ન પરવડે એવું નથી, પરંતુ કંઇક ચોરીને મફત મેળવ્યાનો હલકી કોટિનો આનંદ તેમને માટે જુદો જ હોય છે. યુરોપ-અમેરિકાના કેટલાંય મોટા મોટા સ્ટોરમાં Shop-Liftingના બનાવો વારંવાર બનતા હોય છે. એમાં પકડાઇ જનાર વ્યક્તિઓ એકંદરે સુખી ઘરની હોય છે.

છેતરપિંડીની કલામાં વાણિયા લોકો જૂના વખતથી જાણીતા છે. મીઠું મીઠું બોલવું, વધારે કહીને ઓછું આપવું, તક સાધીને બીજાને શીશામાં ઉતારી દેવો વગેરે પ્રકારની આવડત વણિક લોકોને ઘણી હોય છે. વાણિયાના લોહીમાં જ આ વસ્તુ ઊતરી આવે છે. એથી જ વાણિયાની 'લુચ્ચા' તરીકેની છાપ જમાના જૂની છે. કવિઓએ પણ વણિકના શબ્દચિત્રો જૂના વખતમાં દોર્યાં છે. જેમકે :

लौल्येन किंचित्कलया च किंचित् ।
मापेन किंचित्तुलया च किंचित् ।।
किंचिच्च किंचिच्च समाहरंति ।
प्रत्यक्ष चोरा वणिजा भवंति ।।

[ કેટલુંક લટકાં મટકાં કરીને, કેટલુંક કલા વડે (એટલે બીજીને ન દેખાય એવી કુશળતાથી) કેટલુંક માપમાં ઘાલમેલ કરીને, કેટલુંક તોલમાં વધઘટ કરીને, એમ વણિક કંઇક કંઇક હરણ કરી લે છે. માટે વણિક પ્રત્યક્ષ ચોર છે એમ જ સમજવું. ]

આવો જ બીજો એક શ્લોક પણ છે:

अधीते यत्किंचित्तदपि मुषितं ग्राहकजनं ।
मृदु ब्रूते यद्वा तदपि विवशीकर्त्तुमपरं ।।
प्रदत्ते यत्किंचित्तदपि समुपादातुमधिकं ।
प्रपंचोयं वृत्तेरहह गहनं कोपि वणिजां ।।

[ વણિક જે કંઇ કહે તે ગ્રાહકને છેતરવા માટે જ હોય છે. વણિક મીઠું મીઠું બોલે તે પણ ગ્રાહકને વશ કરવા માટે જ હોય છે. વળી ગ્રાહકને થોડું કંઇક મફત આપે તે તેનો વધારે ભાવ લેવા માટે જ છે એમ જાણવું. આમ વણિકના વેપારનો પ્રપંચ ખરેખર ઘણો ઊંડો હોય છે. ]

આમ, વેપાર ધંધામાં જેમ વણિક લોકો કુશળ ગણાય છે તેમ છેતરપિંડીની બાબતમાં પણ વાણિયા લોકોની શાખ જૂના વખતથી જ બગડેલી છે.

જેઓ છેતરપિંડી કરે છે તેઓ બીજાને દુઃખ પહોંચાડે છે. જેનું ધન ચોરાઈ જાય છે તે આપત્તિમાં આવી પડે છે. આવી રીતે બહુ દુઃખી થયેલો માણસ કયારેક આપઘાત કરી બેસે છે. એનું પાપ ચોરને લાગે છે.

અદત્તના ચાર મુખ્ય પ્રકારો આગમોમાં બતાવવામાં આવ્યા છે. પ્રશ્ન વ્યાકરણમાં કહ્યું છે :

सामी–जीवादत्तं तित्थयरेणं तहेव य गुरुहिं ।
एवमदत्तसरूवं परूवियं आगमधरेहिं ।।

(સ્વામી-અદત્ત, જીવ-અદત્ત, દેવ-અદત્ત અને ગુરુ-અદત્ત ચોરીનાં આ ચાર સ્વરૂપ આગમધર જ્ઞાનીઓએ બતાવ્યાં છે.)

૧. **સ્વામી અદત્ત**-જેની માલિકીની જે વસ્તુ હોય તે તેના આપ્યા વગર લેવી તે સ્વામી અદત્ત છે. મોટી વસ્તુઓની બાબતની દૃષ્ટિએ આ ચોરી છે. પરંતુ નાની નાની ચીજવસ્તુઓ પણ તેના માલિકની રજા વગર ન લેવી જોઇએ. સાધુઓએ પણ ઉપાશ્રય કે મકાનનો ઉપયોગ તેના સંઘની, ટ્રસ્ટીની કે માલિકીની રજા લીધા વિના ન કરવો જોઇએ.

૨. **જીવ અદત્ત**-જીવ અદત્ત એટલે જીવે પોતે નહિ આપેલું. જે વસ્તુમાં જીવ હોય તે વસ્તુ ગ્રહણ કરવી તે જીવ અદત્ત. આ ખાસ કરીને મુનિ ભગવંતોને લાગુ પડે છે, કેમકે સચિત્ત વસ્તુનો ત્યાગ તેઓએ કરવાનો હોય છે. કોઈ જીવની હત્યા કરવામાં આવે તો તેમાં હિંસા ઉપરાંત જીવ અદત્તનો દોષ લાગે.

૩. **તીર્થંકર અદત્ત**-એટલે તીર્થંકરોએ નહિ આપેલું એવું ગ્રહણ કરવું તે. વસ્તુતઃ તીર્થંકર પરમાત્માઓ મોક્ષમાં બિરાજમાન છે અને મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન હોય તો પણ તેઓને કશું આપવા લેવાનો વ્યવહાર રહેતો નથી. એટલે અહીં 'તીર્થંકર અદત્ત' શબ્દ લક્ષણાથી લેવાનો છે અને તેનો મર્મ એ છે કે તીર્થંકર પરમાત્માની આજ્ઞાથી વિપરીત કાર્ય કરવામાં તીર્થંકર અદત્ત'નો દોષ લાગે છે.

૪. **ગુરુ અદત્ત**-ગુરુએ ન આપેલી એવી વસ્તુ ગ્રહણ કરવી તે ગુરુ અદત્ત કહેવાય. મુનિઓને પોતાના પંચમહાવ્રતધારી ગુરુ ગોચરી, ઉપકરણો વગેરેની બાબતમાં જે ન આપ્યું હોય તે ન લેવું એ દોષમાંથી સ્થૂલ વ્યવહારની દૃષ્ટિએ બચવાનું છે. પરંતુ વિશેષાર્થ તરીકે તો મુનિઓએ તેમજ ગૃહસ્થોએ પોતાના પંચમહાવ્રતધારી ગુરુ ભગવંતોની આજ્ઞા વિરુદ્ધ કાર્ય કરવું એ ગુરુ અદત્તનો દોષ ગણાય છે. એવા દોષથી બચવું જોઇએ.

ચોરીના પ્રકારોનું જૈન પારિભાષિક પદ્ધતિએ એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ પણ વર્ગીકરણ કરવામાં આવે છે.

૧. દ્રવ્ય ચોરી-દ્રવ્ય એટલે સ્થૂલ પદાર્થ. દ્રવ્ય ચોરી એટલે રોકડ નાણાં, ઘરેણાં, ચીજ-વસ્તુઓની ચોરી કરવી તે. એમાં ખોટાં તોલમાપથી, ભેળસેળથી, ખોટાં બિલ બનાવી, હિસાબમાં ઘાલમેલ કરી કે ખાનગીમાં પોતાનું કમિશન રખાવી કે સરકારી કરવેરા ન ભરી કે ખોટી રીતે ઓછા ભરી જે નાણાં પ્રાપ્ત કરવાનો પ્રયાસ થાય છે તે પણ દ્રવ્ય ચોરી છે.

૨. ક્ષેત્રચોરી-એટલે જમીન, ખેતર વગેરેના વેચાણમાં અપ્રમાણિકતા આચરવી, કોઇની જમીન દબાવી લેવી, ન ધણિયાતી જમીન પચાવી પાડવી વગેરે ક્ષેત્ર ચોરી તરીકે ગણાય. તદુપરાંત ગ્રામ, નગર, વન, ઉદ્યાન વગેરેમાં રહીને ચોરી કરવી તે પણ ક્ષેત્રચોરી તરીકે ઓળખાય છે.

૩. કાલચોરી-એટલે નિશ્ચિત કાલે, દિવસે કે રાત્રે ચોરી કરવી તે કાલચોરી. તદુપરાંત નિયમ કરતાં ઓછા કલાક કામ કરવું, નોકર પાસે વધારે કલાક કામ કરાવી લેવું, જાણી જોઇને કામ વિલંબમાં નાખી દેવું, પગારનાં, બિલનાં કે બીજાં નાણાં ચૂકવવાનાં હોય તેના કરતાં મોડાં ચૂકવવાં, વ્યાજ ગણતી વખતે અમુક દિવસો કાપી લેવા કે દિવસોના ખોટા આંકડા બતાવવા ઇત્યાદિ પ્રકારે પોતાના હક કરતાં વધુ ધનપ્રાપ્તિ કરી લેવી તે કાલચોરી છે.

૪. ભાવચોરી-ચોરી કરવાની શક્યતા ન હોય છતાં મનમાં ચોરી કરવાના ભાવનું સેવન કરવું તે ભાવચોરી, વળી બીજાના ભાવ કે વિચારને પોતાના તરીકે બતાવવાની વૃત્તિ કવિ લેખકોને કેટલીક વાર થાય છે. આ પ્રકારની ઉઠાંતરી તે પણ ભાવચોરી છે. વાક્ય કે ગાથાનો જાણી જોઇને જુદો અર્થ કરવો તે પણ ભાવચોરી છે.

ચોરીના પ્રકાર નીચે પ્રમાણે પણ બતાવવામાં આવે છે :

(૧) અચિત્તની ચોરી અને (૨) સચિત્તની ચોરી

૧. અચિત્તની ચોરી-એટલે નિર્જીવ ચીજવસ્તુઓની ચોરી. ધન, ઘરેણાં, કિમતી ચીજવસ્તુઓ, સાધનો, ઉપકરણો, ચિત્રો, ગ્રંથો વગેરેની ચોરી તે અચિત્તની ચોરી છે. કેટલીક ચોરી નિર્ધન માણસો દ્વારા પોતાની આજીવિકા માટે થાય છે. કેટલીક દુર્લભ વસ્તુઓની ચોરી અછતના વખતમાં થાય છે. કેટલીક આકર્ષક વસ્તુઓની ચોરી માત્ર લાલસા કે વાસનાથી પ્રેરાઇને કરાય છે. ઘરેણાં વગેરેની ચોરી સાધન સંપન્નમહિલાઓ દ્વારા જ્યારે થાય છે ત્યારે તે આવા આશયથી થાય છે. કેટલીક કલાકૃતિઓની ચોરી તેના સંગ્રહકારો કે તેના દલાલો દ્વારા થતી હોય છે. અચિત્તની ચોરીનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે.

૨. સચિત્તની ચોરી-સચિત્તની ચોરી એટલે જીવોની ચોરી. પ્રાણીઓની ચોરીમાં પાળેલાં ગાય, ભેંસ, ઘેટાં, બકરી, કૂતરાં, બિલાડી વગેરેને ઉપાડી જવાની અને એના પૈસા ઉપજાવવાની ઘટનાઓ દુનિયામાં બધે જ બને છે. પશુ-પંખીઓની દાણચોરીની ઘટના પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઘણી વધી ગઇ છે. પાળેલી ગાયો કે ભેંસોને ઉપાડી જઇ તેના શિંગડાંને રસાયણ લગાડી ગરમ કરી એના આકાર બદલી નાખવામાં આવે છે કે જેથી તે ઓળખી ન શકાય. દાસ, નોકર, ચાકર, રસોઇયા, મુનીમ વગેરેને વધુ લાલચ આપી લઇ જવાના બનાવો બને છે. કોઇકની પત્નીને ઉઠાવી જવાની ઘટનાઓ પણ પ્રાગૈતિહાસિક કાળથી જાણીતી છે. સીતાહરણ, ઓખાહરણ, રૂક્મિણીહરણ, સંયુક્તાહરણ જેવી ઘટનાઓ સુપ્રસિદ્ધ છે. પુરુષોને ઉપાડી જવાની ઘટનાઓ પણ બને છે. શિષ્યોની ચોરી ધર્મના ક્ષેત્રે જાણીતી છે. આમ, સચિત્તની ચોરીનું ક્ષેત્ર પણ ઘણું મોટું છે.

સ્થૂલ મોટી ચોરીના મુખ્ય પાંચ પ્રકાર બતાવતાં શ્રાવક પ્રતિક્રમણમાં કહ્યું છે :

अदिन्नादाणं पंचविहे पण्णत्तं तं जहा–खत्तखणणं, गंठिभेयणं, जंतुग्घाडणं, पडियवत्थूहरणं, ससामियवत्थूहरणं ।

અદિન્નાદાન ચોરીના પાંચ પ્રકાર છે.

(૧) ખત્ત-ખણણં (૨) ગંઠિભેયણં (૩) જંતુગ્ઘાડણં (૪) પડિયવત્થૂહરણં અને (૫) સસામિયવત્થૂહરણં.

૧. ખત્તખણણં-એટલે ખાતર પાડવું. જૂના વખતમાં આ પ્રકારની ઘટના વિશેષ બનતી. જ્યારે ઇલેક્ટ્રિક દીવાબત્તી હતાં નહિ, ત્યારે અંધારાનો લાભ લઇ રાત્રિ દરમિયાન ચોર લોકો ઘરની પાછળની ભીંતમાં બાકોરું પાડી, ઘરમાં ઘૂસીને ચોરી કરી જતા. અંધકાર, અમાસની રાત્રિ એ ચોરને માટે આશીર્વાદરૂપ ગણાતી. આ પ્રકારની ચોરીનું પ્રમાણ હવે નહિવત્ રહ્યું છે, પરંતુ ઘરનાં બારણાં તોડીને, ઉઘાડીને ચોરી કરવાની ઘટના હજુ બન્યા કરે છે.

૨. ગઠીભેયણં-ગાંઠ છોડીને અંદરથી વસ્તુ કાઢી લેવી. જૂના વખતમાં જ્યારે તાળાં નહોતાં અથવા ઓછા હતાં. ત્યારે લોકો પોટલી, પોટલા, ગાંસડી વગેરે કરતા. અને ઉપર ગાંઠ મજબૂત મારતા. એવી ગઠરી છોડીને એમાંથી વસ્તુઓ ચોરી લેવાના કિસ્સા બનતા. વર્તમાન સમયમાં પણ બેગ કે પેટી ખોલીને તેમાંથી ચોરી કરી લેવાના કિસ્સા બને છે.

૩. જંતુગ્ઘાડણં-એટલે યંત્ર ઉઘાડવું, તાળું તોડવું. જૂના વખતમાં યંત્રના પ્રકારની રચનાઓ માણસો પોતાનાં ઘર-દુકાનમાં કરાવતા. એને સંચ કહેતા. એવી ગુપ્ત રચના ક્યાં છે તેની બીજાને ખબર ન પડતી અને ખબર પડે તો તે કેમ ઉઘાડવું તે આવડે નહિ. એવી રચનાઓ પણ હોંશિયાર ચોર ઉઘાડતા. એવા સંચ હવે બહુ રહ્યાં નહિ . તાળાં-તિજોરી આવ્યાં. તે પણ ઉઘાડીને ચોરી કરી લેનાર માણસો દુનિયામાં ઓછા નથી.

૪.પડિયવત્થૂહરણં-એટલે કોઇની પડી ગયેલી વસ્તુ ઉઠાવી લેવી. માણસનો ચોરી કરવાનો સ્પષ્ટ આશય ન હોય અથવા પોતે ચોરી કરવા નીકળ્યો ન હોય, પણ કોઇ જગ્યાએ કોઇની કિંમતી ચીજવસ્તુ પડી ગઇ હોય તો તે ઉઠાવી લઇને પોતાના ખિસ્સામાં મૂકી દેવાની ઇચ્છા ઉપર કાબૂ રાખવાનું સરળ નથી. સારા સંસ્કાર હોય તો જ આવી ઇચ્છા ન થાય.

૫. સસામિયવત્થૂહરણં-એટલે કે કોઇ ચીજ વસ્તુ તેના સ્વામીની પાસે હોય અથવા એના સ્વામીની પાસે ઉપસ્થિત હોય. તેવે વખતે એવી વસ્તુ છીનવી લઇને કે ઉપાડી લઇને ભાગી જવું તે ઉઘાડી ચોરી અથવા લૂંટ છે. ચોરીનો આ પણ એક પ્રકાર છે.

અહીં આ જે પાંચ પ્રકાર બતાવ્યા છે તે એવા ગંભીર છે કે જે રાજ્યની દૃષ્ટિએ અપરાધરૂપ છે, ગુનો છે અને તે સજાને પાત્ર છે.

અસ્તેયવ્રતના પાંચ અતિચાર બતાવતાં 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે :

स्तेनप्रयोग-तदाहृतादान-विरुद्धराज्यातिक्रम हीनाधिकमानोन्मान-प्रतिरूपक व्यवहार :।

(૧) સ્તેન પ્રયોગ (૨) તદાહૃતાદાન (૩) વિરુદ્ધ રાજ્યાતિક્રમ (૪) હીનાધિકમાનોન્માન અને (૫) પ્રતિરૂપક એ અસ્તેય વ્રતના અતિચાર છે. અનાચાર કરતાં અતિચારમાં દોષની માત્રા થોડી ઓછી હોય છે. જો કે અસ્તેય વ્રતના અતિચાર એવા છે કે તેનું આચરણ કરનાર ક્યારે મર્યાદાનો ભંગ કરીને અનાચાર આચરશે તે કહી શકાય નહિ.

૧. સ્તેન પ્રયોગ-એટલે ચોરને ચોરી કરવાના પ્રયોગો બતાવે, તેને હિંમત આપે, ઉત્તેજન આપે, તેને હથિયાર, ચીજવસ્તુઓ, અન્ન, વસ્ત્ર, આશ્રય વગેરે પૂરાં પાડે.

૨.તદાહૃતાદાન-એટલે ચોર ચોરી કરીને જે માલ લાવ્યો હોય તે લેવો. એ તો કુદરતી જ છે કે ચોરીનો માલ સસ્તો મળે, કારણ કે ચોરને તે થોડી મહેનતે-થોડા જોખમે ઘણી કિંમતી વસ્તુઓ મળી જાય છે. વળી પકડાઇ જવાની બીકે ચોરને તે વસ્તુઓ વેચી દેવાની ઉતાવળ હોય છે. એકંદરે ચોરીના માલ માટે ચોર લોકો બજારની વધઘટની બહુ રાહ ન જુએ કે માલને વધુ સખત પકડી ન રાખે. આથી ચોરીનો માલ બજાર ભાવ કરતાં ઘણો સસ્તો મળે. એથી એના વેચાણમાંથી નફો સારો મળે. કેટલાંયે વેપારીઓને ચોરીના માલની લે-વેચની ફાવટ આવી જાય છે.

૩. વિરુદ્ધરાજ્યાતિક્રમ-એટલે રાજ્યના કાયદાની વિરુદ્ધ કાર્ય કરીને કમાવું. આ એક ગંભીર પ્રકારની ચોરી છે અને ક્યારે તે અતિચારમાંથી અનાચારમાં પરિણમે અને સજાને પાત્ર થાય તે કહી શકાય નહિ. પોતાના જ રાજ્યમાં સરકારી કરવેરાની ચોરી કરવાની વૃત્તિ દુનિયાના બધા દેશોમાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળશે. બે રાષ્ટ્રો વચ્ચેના કાયદાઓનું ઉલ્લંઘન કરી દાણ (જકાત) ભર્યા વગર ચોરી કરવી તે દાણચોરી છે. આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધતાં સસ્તી-મોંઘી વસ્તુની ખાનગીમાં હેરાફેરી કરીને કમાવવાની પ્રવૃત્તિ દુનિયાભરમાં ઘણી વધી ગઇ છે.

૪. હીનાધિકમાનોન્માન-તોલ અને માપમાં તે લેવાનાં જુદાં અને આપવાનાં જુદાં રાખીને એવી છેતરપિંડી કરીને કમાવાની લાલચને માણસ સહેલાઇથી જતી કરી શકતો નથી. તોલમાપમાં ઓછું આપી પોતે બરાબર આપે છે એવા ભ્રમમાં ઘરાકને રાખવાની કળા ઘણા વેપારીઓ કે ગુમાસ્તાઓ હસ્તગત કરી લે છે. ઘણા સુધરેલા સમૃદ્ધ દેશોમાં આ પ્રકારની ગેરરીતિ હવે અટકી ગઇ છે. પરંતુ અનાદિ કાળથી ચાલી આવેલી આવી ગેરરીતિ હજુ પણ પછાત ગરીબ દેશોમાં ચાલુ છે. જેઓ આવી રીતે કમાવાની વૃત્તિ રાખે છે તેની જાણ ઘરાકોને મોડીવહેલી થયા વગર રહેતી નથી અને એક વખત અવિશ્વાસ જન્મે છે એટલે સરવાળે એના વેપારને નુકસાન પહોંચે છે. આવી બાબતમાં પ્રામાણિકતા રાખી, પોતાની શાખ જન્માવી માણસ વધુ કમાઇ શકે છે.

૫. પ્રતિરૂપક-એટલે તેના જેવી હલકી વસ્તુ ભેળવીને લાભ ઉઠાવવો. અનાજ, ઘી, દૂધ, તેલ, મરી-મસાલા, દવાઓ, રેતી-ચુનો, સિમેન્ટ, પેટ્રોલ વગેરે પ્રત્યેક વસ્તુમાં બનાવટ થઇ શકે છે. માણસની બુદ્ધિ જ્યારે અવળે રસ્તે ચાલે છે અને દગો કરીને કમાઇ લેવાની વૃત્તિ જોર કરે છે ત્યારે ભેળસેળ કરવાનું એને મન થાય છે.

'વંદિત્તુ સૂત્ર'માં ત્રીજા અણુવ્રતના અતિચાર વિશે નીચે પ્રમાણે ગાથા આપવામાં આવી છે:

तेनाहडप्पओगे तप्पडिरूवे विरुद्ध गमणे अ ।
कूड तूल्ल कूडमाणे पडिक्कमे देसिअं सव्वं ।।

(સ્તેનાહૃત, સ્તેનપ્રયોગ, તત્પ્રતિરૂપ, વિરુદ્ધગમન, કૂટ તોલમાપ એ પાંચ અતિચારનું પ્રતિક્રમણ કરું છું.)

પ્રતિક્રમણમાં શ્રાવકો માટેના આ વ્રતના અતિચારો વર્ણવતાં કહ્યું છે:

'ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતે પાંચ અતિચાર. તેનાહડપ્પઓગે ઘર બાહિર ક્ષેત્રે ખલે પરાઇ વસ્તુ અણમોકલી લીધી, વાવરી, ચોરાઇ વસ્તુ વહોરી, ચોર-ઝાડ પ્રત્યે સંકેત કીધો, તેહને સંબલ દીધું, તેહની વસ્તુ લીધી, વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો, નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેળસંભેળ કીધાં. કૂડે કાટલે, તોલે, માને, માપે વહોર્યાં, દાણચોરી કીધી, કુણહીને લેખે વરાંસ્યો, સાટે લાંચ લીધી, કૂડો કરહો કાઢ્યો, વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી પાસંગ કૂડાં કીધાં, દાંડી ચડાવી, લહકે-ત્રહકે, કૂડાં-કાટલાં માન-માપાં કીધાં, માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર વંચી કુણહીને દીધું, જુદી ગાંઠ કીધી, થાપણ ઓળવી, કુણહીને લેખે-પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી.'

ચોરી કરનાર, ચોરી કરાવનાર અને ચોરી કરનારની અનુમોદના કરનાર એ ત્રણે અદત્તાદાન, ચૌર્યકર્મના દોષી છે. આ મુખ્ય ત્રણ પ્રકારનું વિગતવાર પૃથ્થકરણ કરીને ચોરના સાત પ્રકાર બતાવવામાં આવે છે. શાસ્ત્રાકાર લખે છે:

चौरश्चौरापको मंत्री भेदज्ञः काणकक्रयी ।
अन्नदः स्थानदश्चेति चौरः सप्तविधः स्मृतः ।।

ચોરના આ રીતે સાત પ્રકાર બતાવવામાં આવ્યા છે, જેમકે:

(૧) ચોર-જે ચોરી કરે છે તે ચોર.

(૨) ચૌરાપક-ચોરોની સાથે રહેનારો, ચોરને ચોરી માટે જરૂરી વસ્તુઓ લાવી આપનારો.

(૩) મંત્રી-ચોરની સાથે મંત્રણા કરનાર. તેને રસ્તા અને યુકિત-પ્રયુકિત બતાવનાર, અમુક ચોરીમાં રહેલાં લાભાલાભ સમજાવનાર, ચોરને શુકન-અપશુકન કહેનાર, ચોરી કરવા માટે સંમતિ આપનાર, ઇત્યાદિ.

(૪) ભેદજ્ઞ-ચોરી વિશે જરૂરી માહિતી મેળવી આપનારો. અમુક રસ્તામાં, અમુક ઘરમાં આજે કોઇ નથી. અમુક કબાટમાં ઘરેણાં છે . તેની ચાવી અમુક જગ્યાએ રહે છે. અમુક વખતે માલિક આવે છે અને અમુક વખતે બહાર જાય છે. આવી આવી ગુપ્ત માહિતી મેળવીને તે ચોરને જણાવનાર તે ભેદજ્ઞ.

(૫) કાણકક્રયી-આ ચોરીનો માલ છે એ જાણીને તે સસ્તા ભાવે લઈ લેનાર અને તે વેચીને નફો કમાનાર એટલે કે ચોરે ચોરેલી વસ્તુઓનો વેપાર-ધંધો કરનાર.

(૬) અન્નદ-ચોરને ખાવાનું આપનાર.

(૭) સ્થાનદ-ચોરને પોતાને ઘરે આશ્રય આપનાર, ચોરને સંતાવા માટે કોઈ સ્થાને વ્યવસ્થા કરાવી આપનાર.

શ્રી અભયદેવસૂરિએ ચોરના ૧૮ પ્રકાર જણાવ્યા છે. અદત્તાદાન વિરમણ વ્રતના જે અતિચારો છે તે અતિચારો પણ શ્રાવકે ત્યજવા જોઈએ. એ અતિચાર પણ પોતાનાથી ન થાય એવી સાવધાની રાખવા માટે ચોરીની જે અઢાર પ્રસૂતિઓ અથવા ચોરીની જનની ગણાવવામાં આવે છે. તેનું સેવન શ્રાવકે ન કરવું જોઈએ. ચોરના અઢાર પ્રકાર અથવા આ અઢાર પ્રસૂતિ તે નીચે પ્રમાણે છે :

भलनं कुशलं तर्जा राजभोग्याऽवलोकनं ।
अभार्गदर्शनं राय्या पदभंगस्तथैव च ।।
विश्रामपादपतनं चासनं गोपनं तथा ।
खंडस्य खादनं चैव तथान्य न्महाराजिकं ।।
पद्यग्न्युदकरज्जूनां प्रदानं ज्ञानपूर्वकं ।
एताः प्रसूतयोज्ञेया अष्टादश मनीषिभिः ।।

૧. ભલન ૨. કુશલ ૩. તર્જા ૪. રાજભોગ ૫. અવલોકન ૬. અમાર્ગદર્શન ૭. શય્યા ૮. પદભંગ ૯. વિશ્રામ ૧૦. પાદપતન ૧૧. આસન ૧૨. ગોપન ૧૩. ખંડખાદન ૧૪. માહરાજિક ૧૫. પદ્દી ૧૬. અગ્નિ ૧૭. ઉદક ૧૮. રજ્જુ.

૧. ભલન-એટલે ચોરોની સાથે ભળી જવું. ચોરને કહે કે 'તું ચિંતા કરીશ નહિ, હું તારી સાથે જ છું. તને કંઈ થાય તો હું બેઠો છું' આવાં આવાં ગુપ્ત વચનથી ચોરને પ્રોત્સાહિત કરે અને બહારથી પોતે અજાણ હોય તેવો દેખાવ કરે.

૨. કુશલ-એટલે ચોરી કરનારને તેમની ક્ષેમ કુશળતા વિશે પૂછે, તેમનાં સુખદુઃખની વાતથી પોતાને માહિતગાર રાખે.

૩. તર્જા-એટલે હસ્તાદિકની ચેષ્ટા. આંગળીઓના અમુક પ્રકારના સંકેતો ચોરની સાથે નક્કી કરી વખત આવ્યે તેવા ઇશારાથી ચોરને માહિતગાર કરવા કે સાવધાન કરવા.

૪. રાજભોગ્ય-એટલે જે દ્રવ્યના ભોગનો અધિકાર રાજ્યનો હોય અર્થાત. કરવેરા રૂપ હોય તે ભાગ રાજ્યને ન આપવો. ચીજવસ્તુઓના સોદાઓમાં સરકારી કરવેરા બચાવવા માટે ભાવ ઓછા બતાવવા, માલ હલકો બતાવવો વગેરે પ્રકારની કરચોરી કરવી. ('રાજભોગ્ય' શબ્દને બદલે 'રાજભાગ' શબ્દ પણ પ્રયોજાય છે, પણ અર્થ એનો એ જ રહે છે.)

૫. અવલોકન-અવલોકન કરીને ચોરને ચોરી કરવાના ઠેકાણાં બતાવે. ચોરીના માલનું અવલોકન કરે એટલે કે એનું સાવચેતીપૂર્વક ધ્યાન કરે, ચોરને પણ ફસાવવાની દૃષ્ટિએ, તેનો ચોરેલો માલ મફતમાં પડાવી લેવા માટે સૂક્ષ્મ અવલોકન કરી યુક્તિ પ્રયુક્તિઓ વિચારે.

૬. અમાર્ગદર્શન-ચોર ચોરી કરવા માટે જે દિશામાં ગયા હોય અથવા ચોરી કરીને જે માર્ગે ભાગી ગયા હોય તે વખતે પોતાને ખબર હોવા છતાં ચોરને પકડવા નીકળેલાને જાણી જોઈને અવળી દિશા બતાવવી.

૭. શય્યા-ચોર ચોરી કરીને રાતના વખતે આવ્યો હોય અથવા હજુ તેનો ચોરી કરવાનો સમય ન થયો હોય ત્યાં સુધી તેને સૂવા માટે પોતાના ઘરમાં, દુકાનમાં, વખારમાં, કારખાના વગેરેમાં સગવડ કરી આપવી.

૮. પદભંગ-પદભંગ એટલે પગલાં ભૂંસવા અથવા પગ ભાંગવો. ચોર ચોરી કરવા ગયો હોય અને ક્યાંકથી કૂદતાં પગ ભાંગી ગયો હોય અથવા પગે બહુ વાગ્યું હોય અને ચલાતું ન હોય ત્યારે તેને પોતાના મુકામે પહોંચાડવા માટે વાહન વગેરેની વ્યવસ્થા કરી આપવી. વળી, જૂના વખતમાં અને હજુ પણ નાનાં ગામડાંઓમાં ધૂળમાં ચોરના પગલાં પડ્યાં હોય અને સિપાઇઓ કે બીજા તે પગલાંને અનુસરી પગેરું શોધવાનો પ્રયત્ન કરે તે પહેલાં પોતે ચાલીને અથવા ગાય-ભેંસને ચલાવીને એ પગલાં ભૂંસવાનો પ્રયત્ન કરવો કે જેથી ચોર કયા માર્ગે ગયો છે તે પકડાય નહિ.

૯. વિશ્રામ-ચોર ચોરી કરીને આવ્યો હોય અને થાકી ગયો હોય તો તેને આરામ કરવા માટે પોતાને ત્યાં સગવડ કરી આપવી.

૧૦. પાદપતન-એટલે પગમાં પડવું. ચોરીના માલથી પોતાને એટલો બધો લાભ થતો હોય કે પોતે અને સ્વજનો ચોર પ્રત્યે કે ચોરોના સરદાર પ્રત્યે અત્યંત ગૌરવપૂર્વક જુએ, એને આદરમાન આપે અને તે એટલી હદ સુધી કે ચોરના પગમાં પડીને નમન કરે.

૧૧. આસન-ચોરને બેસવા માટે આસન આપે. જરૂર પડે તો પોતે ઊભા થઈ જાય અને ચોરને બેસવા માટે આસન આપે. આ રીતે ચોરની આગતાસ્વાગતા કરે.

૧૨. ગોપન-ચોરને પોતાને ત્યાં સંતાડવો તે ગોપન. તદુપરાંત ચોર પોતાને ત્યાં હોય અથવા ચોર ક્યાં સંતાયો તેની પોતાને ખબર હોય છતાં એ વાતનું ગોપન કરવું.

૧૩. ખંડખાદન-ચોરને મિષ્ટાન્ન વગેરે ખવડાવવાં. ચોરની મહેમાનગતિ માટે સરસ ભોજન કરાવવાં, ચોરની સાથે જમવા બેસવું, ચોરને સરસ ભાતું બાંધી આપવું. ઇત્યાદિ.

૧૪. માહારાજિક-એટલે રાજાને યોગ્ય હોય એટલી હદ સુધીનું એટલે કે રાજ્યને વાંધો ન હોય ત્યાં સુધી ચોરને માન-સન્માન આપવું. (પાઠાંતર 'મોહરાજિક' હોય તો મોહાંધ બનીને ચોરને એવી સલાહસૂચના આપવી એવો અર્થ પણ ઘટાવાય છે.)

૧૫. પટ્ટી-ચોરને હાથપગ ધોવા માટે સાબુ, તેલ વગેરે આપવાં.

૧૬. અગ્નિ-ચોરને રસોઈ વગેરે કરવા માટે અગ્નિ આપવો અથવા એના શરીરે ક્યાંય દુઃખતું હોય તો તે માટે શેક કરવા માટે અગ્નિની વ્યવસ્થા કરી આપવી.

૧૭. ઉદક-ચોરને પીવા માટે પાણી આપવું, તે થાકેલો હોય તો સ્નાન વગેરે માટે ઠંડું કે ગરમ પાણી આપવું.

૧૮. રજ્જુ-એટલે દોરડું. ચોરીનો માલ બાંધવા માટે દોરી- દોરડાં આપવાં. માલ મેડા પર ચડાવવો હોય તો તે માટે દોરડાની વ્યવસ્થા કરી આપવી. ચોર ઘોડો, બળદ, બકરી વગેરે ચોરી લાવ્યાં હોય તો તેને બાંધવા માટે દોરડું આપવું.

બાર વ્રતની પૂજામાં શ્રી વીરવિજયજી મહારાજે કહ્યું છે:

સ્વામી અદત્ત કદાપિ ન લીજે,
ભેદ અઢારે પરિહરિએ રે.
ચિત્ત ચોખે ચોરી નવ કરીએ રે.
નવી કરીએ તો ભવજળ તરીએ રે.
સાત પ્રકારે ચોર કહ્યા છે.
તૃણ, તુષ માત્ર કર ન ધરીએ રે.
રાજદંડ ઉપજે તે ચોરી,
નાનું પડ્યું વળી વિસરીએ રે
કૂડે તોલે કૂડે માપે,
અતિચારે, નવિ અતિ ચરીએ રે.
આ ભવ પરભવ ચોરી કરતાં
વધ બંધન જીવિત હરીએ રે.
ચોરીનું ધન ન ઠરે ઘરમાં

ચોર સદા ભૂખે મરીએ રે
ચોરનો કોઇ ધણી નવિ હોવે,
પાસે બેઠા પણ ડરિએ રે.
પરધન લેતાં પ્રાણ જ લીધા
પંચેન્દ્રિય હત્યા વરીએ રે.

જગતમાં બધા જ ધર્મોએ ચોરીની નિંદા કરી છે. પ્રશ્નવ્યાકરણમાં કહ્યું છે:

अदत्तादाणं...अकित्तिकरणं अणज्जं साहुगरहणिज्जं पियजण-मित्तजण-भेदविप्पीतिकारकं रागदोसबहुलं ।

[અદત્તાદાન (ચોરી) એ અપકીર્તિ કરાવનારું અનાર્ય કાર્ય છે, બધાં જ સાધુ-સંતોએ એની નિંદા કરી છે, પ્રિયજનો અને મિત્રોમાં એ અપ્રીતિ અને ભેદભાવ કરાવનાર, ફાટફૂટ પડાવનાર છે અને રાગદ્વેષથી તે ભરપૂર છે.]

ચોરી કરતાં પકડાયેલાને એનાં કડવાં ફળ ભોગવવાં જ પડે છે. આ એક એવું પાપ છે કે જો તે પકડાય તો આ ભવમાં જ તેના ફળ ભોગવવાનાં આવે છે. સામાન્ય જનસમૂહની ખાસિયત એવી છે કે ચોરી કરતાં કોઇને જોતાં કે પકડાઇ જતાં લોકો ચોરને મારવા લાગે છે. ક્યારેક તો લોકો ભેગા મળીને એટલું બધું મારે છે છે કે ચોર ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામે છે. ચોર ચોરી કરીને ભાગી જાય, પરંતુ પાછળથી જ્યારે પકડાય છે અને એની ચોરી પુરવાર થાય છે ત્યારે એને સજા થાય છે. એ સજા જેલની હોય છે અને ઘણી મોટી ભયંકર ચોરીમાં તો દેહાંતદંડની સજા પણ થાય છે. ઉશ્કેરાયેલો ચોર કોઇનું ખૂન પણ કરી બેસે છે. તો એને ચોરી અને ખૂનની ભેગી સજા થાય છે. દાણચોરી કરનાર કે લશ્કરની ગુપ્ત માહિતીની ચોરી કરનાર, જાસૂસી કરનાર બીજા રાજ્યના ચોરને આવી દેહાંત દંડની સજા સવિશેષ થાય છે. આમ તાડન, મારણ, બંધન અને વધ એ આ ભવમાં જ મળતું ચોરીનું ફળ છે.

અપયશ અને અવિશ્વાસ એ ચોરને થતી સામાજિક સજા છે. ચોરી કરનાર માણસની આબરૂ ખલાસ થઇ જાય છે. વ્યવસાયમાં તેનો કોઇ વિશ્વાસ કરતું નથી. ખુદ ચોર પણ બીજા ચોરનો વિશ્વાસ કરતો નથી. કૌટુંબિક તથા સામાજિક દૃષ્ટિએ પણ એને ઘણું સહન કરવાનું આવે છે. ક્યારેક પોતાની થયેલી અપકીર્તિ માણસને એટલી બધી લાગી આવે છે કે તે આપઘાત કરવા સુધીનું પગલું ભરી બેસે છે.

ચોરી એક વાર કે ઘણી વાર કરે અને પોતે જીવનના અંત સુધી પકડાય નહિ તો પણ પોતે કરેલાં પાપનું, અશુભ કર્મનું ફળ તો આ ભવમાં કે પરભવમાં ભોગવવાનું આવે છે. એ દુઃખ ઘણી જુદી જુદી રીતે આવી શકે છે. દરિદ્રતા, દૌર્બલ્ય, કુટુંબ-કલેશ, શારીરિક પીડા વગેરે રૂપે પણ એ ફળ ભોગવવાનાં આવે છે. दौर्भाग्यं च दरिद्रत्वं लाभते चौर्यतो नरः । ચોરી કરનાર મનુષ્ય છેવટે દુર્ભાગ્ય અને દરિદ્રતા પામે છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે:

इहएव खरारोहण गिरहा धिक्कार मरण पज्जत्तं ।
दु:खं तक्कर पुरिसा लहंति निरयं परभवम्मि ।।
निरयाऊ उ वट्टंता केवट्टाकुकुट मंट बहिरंधा ।
चोरिक्क वसण निहया हुंति नरा भव सहस्सेसु ।।

[ચોરને આ ભવમાં ગધેડા પર બેસવાનો વખત આવે, તેની નિંદા થાય અને મરણ પર્યંત સૌ કોઇ તેને ધિક્કારે. ચોર લોકો આ ભવમાં એવા ભયંકર દુઃખો પામે અને પરભવને વિશે તો નરકગતિ જ પામે.

વળી તે ચોર પુરુષનો જીવ નરકગતિમાંથી નીકળીને લૂલા, લંગડા, બહેરા, આંધળા થાય. ચોરી કરવારૂપ વ્યસનથી હણાયેલા તે પુરુષો હજારો ભવને વિશે તે રીતે દુઃખી થાય.]

જ્ઞાનાર્ણવમાં કહ્યું છે :

विशन्ति नरकं घोरं दु:खज्वालाकरालितं ।
अमुत्र नियतं मूढा: प्राणिनश्चौर्यचर्विता :।।

[ ચોરી કરવાવાળો મૂઢ માણસ દુઃખરૂપી જ્વાળાથી કરાલ એવા નરકમાં નિશ્ચિતપણે પ્રવેશે છે. ]

गुणा गौणत्वमायान्ति याति विद्या विडम्बनाम् ।।
चौर्येणाऽकीर्तय: पुसां शिरस्यादधते पदम् ।।

[ચોરી કરવાથી માણસના ગુણો ગૌણ બની જાય છે, એની વિદ્યાની વિડંબના થાય છે, અને અપકીર્તિ એના માથા ઉપર ચડી બેસે છે. ]

ચોરીની સાથે કેટલીક દુર્વૃત્તિઓ સહજ રીતે સંકળાયેલી હોય છે. બીજાને ત્રાસ આપવો, ભય બતાવવો, નિર્દય થવું, ખૂન કરવું, આગ લગાડવી, પરસ્પર કલેશ ઉત્પન્ન કરાવવો, લોભ, આસક્તિ, અતૃપ્ત વાસના, અપયશ, અનાર્યતા, દિવસ-રાતના કાળની વિષમતા, છળ, પ્રપંચ, ચિંતા, તર્કવિતર્ક, કપટ, ધૂર્તતા, શઠતા, મદિરાપાન, મંત્રતંત્રના પ્રયોગો, સંતોથી વિમુખતા, પાપચરણની ઉત્તરોત્તર વૃદ્ધિ, અવિશ્વાસ, વૈરવૃદ્ધિ, માંહોમાંહે મારામારી, અને છેવટે મૃત્યુ અને નરકગતિ સુધીની શક્યતાઓ તેમાં રહેલી છે.

ચોરીની શિક્ષા જુદા જુદા રાજ્યોમાં જુદી જુદી હોય છે. કોઇ રાજ્ય એવું નહિ હોય કે જ્યાં ચોરી માટે સજા ન હોય. સમાજ વ્યવસ્થા માટે તથા ન્યાયતંત્રના પ્રવર્તન માટે ચોરીના અપરાધીને સજા થવી જરૂરી છે. વળી ચોરી કરનારને લોકો મારતા પણ હોય છે. આથી ચોરી કરનારના મનમાં ભય રહે છે. કેટલાંયે માણસો આવા ભયને કારણે ચોરી નથી કરતાં. પરંતુ એમ કરતાં કરતાં જ ચોરી કરીને કોઇ વસ્તુ મેળવવા માટેની એમની પ્રીતિ ઘટી જાય છે. નાના બાળકોમાં પણ સારા સંસ્કાર પડ્યા હોય તો પરાઇ વસ્તુ ચોરી લેવાનું કુદરતી રીતે જ એમને મન નહિ થાય.

હેમચન્દ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે:

पतितं विस्मृतं नष्टं स्थितं स्थापितमाहितम् ।
अदत्तं नाददीत स्वं परकीयं क्वचित् सुधी : ।।

[પડી ગયેલું, ભૂલાઇ ગયેલું, નષ્ટ થઇ ગયેલું, ખોવાઇ ગયેલું વગેરે પ્રકારનું, ઘરમાં રહેલું, બીજે ક્યાંક રાખેલું એવું બીજાનું ધન સારી મતિવાળાએ ક્યારેય ન લેવું જોઇએ. ]

મહાભારતમાં પણ કહ્યું છે:

यावज्जठरं भ्रियते तावत् स्वत्वं हि देहिनाम् ।
अधिकं योऽभिमन्येत सस्तेनो दण्डमर्हति ।।

પોતાનું પેટ ભરવાને માટે જેટલું જોઇએ તેટલા ઉપર જ પ્રાણીઓનો અધિકાર (સ્વત્વ) છે. એથી વધારે મેળવવાની જે અભિલાષા કરે છે તે ચોર છે અને તે સજાને પાત્ર છે.

अन्यायप्रभवं वित्तं मा गृहाण कदाचन ।
वरभस्तु तदादाने लाभैवास्तुदूषणम् ।।

[ અન્યાયથી ઉત્પન્ન થયેલું ધન ક્યારેય મેળવવું નહિ. તે મેળવવામાં ફક્ત લાભ જ દેખાતો હોય ને તે સિવાય બીજી કોઇ વસ્તુની સંભાવના ન હોય તો પણ તે ન ગ્રહણ કરવું. ]

नीतिं मन: परित्यज्य कुमार्गं यदि धावते ।
सर्वनाशं विजानीहि तदा निकट संस्थितम् ।।

[ જ્યારે ચિત્ત નીતિનો ત્યાગ કરીને અનીતિના કુમાર્ગ તરફ ધસે છે તો સમજવું કે સર્વનાશ નિકટ રહેલો છે. ]

લોકવ્યવહારમાં પણ શુભાષિતકારે કહ્યું છે :

अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति ।
प्राप्तेषु षोडशे वर्षे समूलं च विनश्यति ।।

[ અન્યાયથી મેળવેલું ધન દસ વર્ષ સુધી ટકે છે, સોળ વર્ષ થતાં તો મૂળ સાથે તે નાશ પામે છે. ]

શાસ્ત્રકારોએ ચોરીની નિંદા તો ત્યાં સુધી કરી છે કે હરણ કે ડુક્કરનો ઘાત કરનાર કે પરસ્ત્રીગમન કરનારના પાપ કરતાં પણ ચોરીનું પાપ ઘણું મોટું છે.

પોતાના હકનું જે નથી તેવું કશું જ પોતાને જોઇતું નથી અને કોઇએ વિધિસર ન આપેલી કોઇપણ ચીજવસ્તુ પોતાને જોઇતી નથી એવી અંતરમાં ભાવના રહે તો તેવી વ્યક્તિનું જીવન આ બાબતમાં સહજ રીતે શુદ્ધ રહે છે. જેઓ રાજ્યભય કે સામાજિક અપજશને લીધે ચોરી કરતા નથી તેના કરતાં પકડાયા વગર ચોરી કરવાની સરસ તક મળી હોય છતાં માણસ ચોરી ન કરે તે વધુ ચડિયાતો છે. અંતરમાં ત્યાગ અને નિઃસ્પૃહીપણું સતત જાગૃત હોય તો જ આમ બની શકે છે. ધર્મશ્રદ્ધાથી એવા ગુણો વધુ દૃઢ થાય છે.

અદત્તાદાનવિરમણની ભાવનાને જૈન ધર્મ એટલી ઉંચાઇએ લઇ જાય છે કે 'પ્રશ્ન વ્યાકરણ'માં તો ત્યાં સુધી કહ્યું છે કે असंविभागी, असंगहरुई...अप्पमाणभोई...से तारिसए नाराहए वयमिणं । જે અસંવિભાગી છે, અસંગ્રહરુચિ છે, જે અપ્રમાણભોગી છે તે આ અદત્તાદાનવિરમણ વ્રતની સાચી આરાધના કરી શકતો નથી. વળી કહ્યું છે : संविभागसीले संगहोग्गकुसले ।'જે સંવિભાગશીલ છે અને સંગ્રહ તથા ઉપગ્રહમાં કુશળ છે તે આ વ્રતની સારી રીતે આરાધના કરી શકે છે. પોતે પ્રાપ્ત કરેલાં ધન સંપત્તિમાં કે નાની મોટી ચીજવસ્તુઓમાં કે ભોજનાદિની સામગ્રીમાં જે બીજાનો ભાગ રાખતો નથી, જે સંગ્રહ રુચિવાળો નથી એટલે કે બીજાને માટે ઓછું વત્તું બચાવવાની વૃત્તિવાળો નથી, જે અમર્યાદ ભોગપભોગમાં રાચે છે, પોતાની આવશ્યકતા કરતાં વધુ ભોગવવાની ઇચ્છા રાખે છે તે અદત્તાદાન વિરમણ વ્રતનો ભંગ કરે છે. જૈન ધર્મની દૃષ્ટિએ જે પોતાનું કમાયેલું ધન બધું જ એકમાત્ર પોતે જ ખાય છે તે સમાજનો ચોર છે. દુનિયાના કોઇ ધર્મમાં અસ્તેય વ્રતની આવી ઊંચી ભાવના બતાવવામાં આવી નથી. વ્યક્તિગત કક્ષાએ કેટલાંયે એવા જૈનો હશે કે જે આવી સ્વાર્થી વૃત્તિવાળા હશે. એવા અન્ય ધર્મમાં પણ જોવા મળશે. પરંતુ તેથી ધર્મની આ ઊંચી ભાવના અયોગ્ય છે એમ ન કહી શકાય. આ ભાવના તે સમાજજીવનનો એક ઊંચો આદર્શ તો છે જ, પરંતુ મોક્ષમાર્ગના સાધક માટે પણ એ ભાવના એટલી જ ઉપયોગી છે. એ ભાવનાને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરનારને અને મોક્ષમાર્ગના સાચા સાધકને એમાં ઘણું ઊંડું રહસ્ય રહેલું જણાશે.

સાધુ ભગવંતોએ મહાવ્રતોનું પાલન મન, વચન, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એમ નવ કોટિએ કરવાનું હોય છે. આ ત્રીજા મહાવ્રત માટેશાસ્ત્રમાં પાંચ ભાવના બતાવવામાં આવી છે.

मितोचिताभ्यनुज्ञातग्रहणान्यग्रहोऽन्यथा ।
संतोषो भक्तपाने च तृतीयव्रतभावना: ।।

સાધુઓએ અસ્તેય મહાવ્રતનું પાલન કરવાનું છે. એટલે તેઓએ પોતાના આહારની બાબતમાં પણ આ વ્રતનું પાલન બરાબર થાય એ માટે નીચેની પાંચ પ્રકારની ભાવનાનું સચ્ચાઇપૂર્વક સેવન કરવાનું હોય છે.

૧. મિત આહાર-સાધુઓએ પરિમિત આહાર લેવાનો હોય છે. પેટ ભરીને જમવું એ સાધુનું લક્ષણ નથી. એથી પ્રમાદ અને અસંયમ તરફ ચિત્ત દોડે છે. પરિમિત આહારથી સંયમનું પાલન સારી રીતે થઇ શકે છે અને પ્રમાદ વગેરે પણ રહેતાં નથી. સ્વાધ્યાય, ધ્યાન, ધર્મક્રિયા વગેરેમાં ચિત્ત પ્રસન્નતાપૂર્વક પરોવાયેલું રહે છે. જે સાધુઓ અપરિમિત આહાર કરે છે તેઓ સીધી કે આડકતરી રીતે અસ્તેય મહાવ્રતની ભાવનાનું ખંડન કરે છે.

૨. ઉચિત આહાર-ગૃહસ્થ કરતાં પણ સાધુઓએ પોતાના આહારની બાબતમાં વધુ સૂક્ષ્મ દૃષ્ટિથી ચીવટ રાખવાની હોય છે. ગૃહસ્થો માટે અનંતકાય, અભક્ષ્ય વગેરે આહાર જે ગણાય છે તે સાધુઓ વર્જ્ય છે જ, પરંતુ રસલોલુપતા વધે, વિકાર ઉત્પન્ન થાય એવો આહાર પણ સાધુ માટે વર્જ્ય છે. વળી પોતાના શરીરની પ્રકૃતિને પણ લક્ષમાં રાખી એવો યોગ્ય આહાર લેવો જોઇએ.

૩. અભ્યનુજ્ઞાતગ્રહણ-સાધુઓએ પોતાના આચારનું બરાબર પાલન કરવું હોય તો શ્રાવકો પધારવા માટે વિનંતી કરે તે પછી જ તેમને ત્યાં આહાર લેવા-ગોચરી વહોરવા જવું જોઇએ.

૫. ભક્તપાન સંતોષ- સાધુઓએ પોતાને ગોચરીમાં જે પ્રકારનો આહાર જેટલા પ્રમાણમાં મળ્યો હોય તેમાં સંતોષ માનવો જોઇએ.

જેમ આહાર માટે તેમ પોતાનાં ઉપકરણો માટે પણ અચૌર્ય વ્રતના સૂક્ષ્મ પાલન અર્થે સાધુઓએ કેટલાક નિયમોનું પાલન કરવું જોઇએ, જેમકે (૧) સાધુએ પોતાને માટે જરૂરી એવાં ઉપકરણો એના સ્વામીની રજા વગર લેવા નહિ. (૨) સ્વામીની રજાથી મેળવેલાં ઉપકરણોમાં પણ આસક્તિ રાખવી નહિ. (૩) ઉપકરણો આપનાર ભક્ત ગમે તેટલાં ઉપકરણો આપવાનો આગ્રહ રાખે, પણ પોતાના ખપ કરતાં વધુ ઉપકરણો લેવાં નહિ. લેવા માટે મોઢેથી ના કહેવી પણ મનમાં લાલચ કે આસક્તિ રાખવી એવું પણ ન કરવું. (૪) પોતાને જે ઉપકરણો જોઇતાં હોય તે ઉપકરણો શા માટે જોઇએ છે તે વિશેના પ્રયોજનની આપનાર આગળ સ્પષ્ટતા કરવી અને (૫) પોતાના સંયમની અને જ્ઞાનની આરાધના અર્થે તરત ઉપયોગમાં આવે એવાં જ ઉપકરણો લેવાં. કોઇક ઉપકરણ ભવિષ્યમાં કદાચ કામ લાગશે એવા આશયથી લેવું નહિ. બિનજરૂરી કે વધારાના ઉપકરણો તરીકે કોઇ ઉપકરણ લેવું નહિ.

જેમ આહાર અને ઉપકરણની બાબતમાં તેમ ઉપાશ્રયાદિ સ્થાનની બાબતમાં એવી ઊંચી ભાવના સાધુઓએ સેવવી જોઇએ કે અદત્તાદાનનો સૂક્ષ્મ દોષ પણ લાગે નહિ.

શાસ્ત્રકારોએ આમ સાધુઓએ પાળવાના અદત્તાદાન વિરમણ મહાવ્રતની ઘણી સૂક્ષ્મ વિચારણા પણ કરી છે, જેમકે જીવ કર્મ બાંધે છે ત્યારે કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ એના આત્મપ્રદેશોમાં આવીને ચોંટે છે. આ પુદ્ગલ પરમાણુઓ કોઇએ આપ્યા નથી એટલે અદત્ત છે. જીવ એને ગ્રહણ કરે છે. તો જીવને અદત્તાદાનનો દોષ લાગે કે નહિ ? આ શંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકારો કહે છે કે ના, જીવને અદત્તાદાનનો દોષ લાગે નહિ, કારણ કે જ્યાં દેવાની અને લેવાની ક્રિયાનો સંભવ હોઇ શકે ત્યાં દોષ લાગે. દેવાની ક્રિયા વગર લેવાની ક્રિયા ન થઇ શકે. પરંતુ કર્મબંધનમાં દેવાની ક્રિયા નથી હોતી એટલે લેવાની ક્રિયા પણ ગણી શકાય નહિ-એટલે ત્યાં અદત્તાદાનનો દોષ લાગે નહિ.

આ કર્મબંધનમાં શુભ કર્મ બાંધી કોઇ જીવ પુણ્યોપાર્જન કરે તો તેને 'પ્રશસ્ત ચોરી' પણ કહી શકાય નહિ કે અશુભ કર્મ બાંધી પાપોપાર્જન કરે તો તે 'અપ્રશસ્ત ચોરી' કહી શકાય નહિ, કારણ કે તે બંનેમાં દેવા-લેવાની ક્રિયાનો સંભવ હોતો નથી.

કોઇના ઘરમાં એની રજા વિના પ્રવેશવું એમાં પણ અદત્તાદાનવિરમણ વ્રતનો ભંગ થાય છે. સાધુઓએ તો આ વ્રતનું વધુ સૂક્ષ્મ દૃષ્ટિથી પાલન કરવાનું હોય છે. કોઇના ઘરનું બારણું ઉઘાડું હોય તો પણ સાધુએ બહારથી 'ધર્મલાભ' કે એવા શબ્દો બોલી, પોતાની જાણ કરી પછી જ, ગૃહસ્થ પુરુષ કે સ્ત્રી બોલાવે તે પછી જ ઘરમાં પ્રવેશવું જોઇએ. જો પોતાની મેળે દરવાજો ખોલીને દાખલ થાય અથવા ખુલ્લા દરવાજામાં સીધેસીધા દાખલ થઇ જાય તો અસ્તેય વ્રતનો ભંગ થાય છે. અહીં કોઇક પ્રશ્ન કરે કે કેટલાંક નગરોને કોટ અને તેનો દરવાજો હોય છે અથવા નગરમાં પોળ કે શેરીના દરવાજા હોય છે. તો એ

દરવાજામાંથી સાધુ જાય તો અસ્તેય વ્રતનો ભંગ થાય કે નહિ ? એનો ઉત્તર એ છે કે એ દરવાજા સાર્વજનિક હોય છે. ત્યાં કોઇ અટકાવનાર કે રજા આપનાર હોતું નથી. એટલે એવા સાર્વજનિક દરવાજામાં દાખલ થવામાં સાધુને કોઇ દોષ લાગતો નથી.

આમ, અદત્તાદાન વિરમણ વ્રતની ઘણી સૂક્ષ્મ મીમાંસા જૈન દર્શનમાં કરવામાં આવી છે. જેઓ આ વ્રતનું સ્થૂલ અને સૂક્ષ્મ એમ ઉભય દૃષ્ટિએ સરસ પાલન કરે છે તેને વ્યાવહારિક જગતમાં તો યશ, અનુકૂળતા, નિર્ભયતા ઇત્યાદિ સાંપડે છે, પણ સાથે સાથે તેવા મહાત્માઓના જીવનમાં લબ્ધિ સિદ્ધિ પણ પ્રગટ થાય છે. જો કે તેઓ તેના તરફ આકર્ષાતા નથી. આવા મહર્ષિઓનો એક શબ્દ નીકળતાં ભક્તો ધનનાં ઢગલા કરવા તૈયાર થઇ જાય છે.

પાતંજલ યોગસૂત્રમાં કહ્યું છેઃ

अस्तेय प्रतिष्ठायां सर्व रत्नोपस्थानम् ।

અસ્તેય વ્રતની જેના જીવનમાં પ્રતિષ્ઠા થાય છે તે વ્યક્તિને સર્વ રત્નોનાં સ્થાન દેખાય છે. અર્થાત્ જેઓએ અચૌર્ય વ્રતની ઉત્તમ સાધના કરી હોય છે તેઓને લક્ષ્મી સામેથી આવીને મળે છે.

ચોરી નાની હોય કે મોટી, એ પાપ છે એ નિશ્ચિત છે. જેઓ સદાચારી જીવન જીવવા ઇચ્છતા હોય તેઓએ તો આવી નાની કે મોટી ચોરીથી દૂર જ રહેવું રહ્યું. પરંતુ એથી આગળ વધીને સાધકે તો લોભ, લાલચ, આસક્તિ ઇત્યાદિ ઉપર સંયમ મેળવી અદત્તાદાનથી વિરમવું જોઇએ. તે માટે સંતોષ એ ઉત્તમ માર્ગ છે. જ્યાં સુધી ચિત્તમાં આશા, અપેક્ષા, સ્પૃહા, ઇચ્છા, તૃષ્ણા વગેરે ઉદ્‌ભવે છે ત્યાં સુધી અસંતોષ રહ્યા કરે છે. ચિત્તમાં સ્પૃહા ઉદ્‌ભવે તો તેને વાળી લેવી જોઇએ, પરંતુ આત્મશક્તિને સતત અભ્યાસથી એવી ફોરવવી જોઇએ કે એક વખત નિઃસ્પૃહત્વ આવે એટલે જગતના સર્વ પદાર્થો કાંકરા જેવા કે તણખલા જેવા લાગે. निःस्पृहस्य तृणं जगत् । નિઃસ્પૃહત્વમાંથી જે માનસિક સુખ પ્રાપ્ત થાય છે તે કેવું હોય છે તે તો અનુભવથી જ સમજાય એવું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર'માં કહ્યું છેઃ

भूशय्या भैक्ष्यमशनं जीर्णवासो वनं गृहम् ।
तथापि निःस्पृहस्याहो चक्रिणोप्यधिकं सुखम् ।।

[ભૂમિ ઉપર શયન હોય, ભિક્ષા મેળવીને ખાવાનું હોય, પહેરવાને જીર્ણ વસ્ત્ર હોય અને વન એ જ ઘર હોય તો પણ સાચો નિઃસ્પૃહ મનુષ્ય ચક્રવર્તિના સુખથી અધિક સુખ ભોગવી શકે છે. ]

□ રમણલાલ ચી. શાહ

# श्रद्धामयोऽयम् पुरुषः

-શ્રીમદ્ ભગવદ્‌ગીતા

□ પ્રો. ચી. ના. પટેલ

શ્રી કાન્તિભાઇ શાહે કાન્તાબહેન અને હરવિલાસબહેન એ ભગિની-દ્વયની જીવનકથા આલેખતા 'એકત્વની આરાધના' પુસ્તકના ૧૦મા, 'એકત્વનો સાક્ષાત્કાર' એ શીર્ષકવાળા પ્રકરણમાં કાન્તાબહેનના જીવનમાં ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં, ૧૯૬૧ના જાન્યુઆરીમાં, ૧૯૭૧ના સપ્ટેમ્બરમાં, ૧૯૭૨માં અવારનવાર અને ૧૯૭૩ના જાન્યુઆરીમાં અને જુલાઇમાં બનેલી કેટલીક ચમત્કાર જેવી લાગતી ઘટનાઓનાં વર્ણન કર્યાં છે. 'સ્વસ્થ-માનવ'ના બૌદ્ધિકવાદી તંત્રી ચીનુભાઇ શાહને આવા ચમત્કારોમાં શ્રદ્ધા ન હોવાથી તેમણે કેટલાંક મિત્રોના એ ઘટનાઓ અંગેના અભિપ્રાયો મેળવી તેમને 'સ્વસ્થ-માનવ'માં પ્રગટ કર્યા અને હવે એ અભિપ્રાયો આ પુસ્તિકા રૂપે પ્રગટ કરે છે. તેમણે મને આ પુસ્તિકાની પ્રસ્તાવના લખવાનું સૂચન કર્યું. તેમનું સૂચન સ્વીકારતાં મને સંકોચ થતો હતો, કારણ કે કાન્તિભાઇએ વર્ણવેલી ઘટનાઓ પ્રત્યેનું મારું દૃષ્ટિબિંદુ શ્રી ચીનુભાઇ શાહના દૃષ્ટિબિંદુ જેવું નથી, મેં તેમને આ વાત કરી અને તેમણે મારી પ્રસ્તાવનામાં જે કહેવું હોય તે કહેવાની સ્વતંત્રતા આપતા મેં તેમનું સૂચન સ્વીકાર્યું છે. હું શ્રી કાન્તિભાઇએ વર્ણવેલા ચમત્કારો પ્રત્યે શ્રી ચીનુભાઇ શાહના અને તેમના નિમંત્રણથી કેટલાંક મિત્રોએ એ ચમત્કારો પ્રત્યે શંકા વ્યક્ત કરતા અભિપ્રાયો પોતપોતાના લેખોમાં આપ્યા છે તેમની સાથે સંમત નથી થતો, છતાં ચીનુભાઇ શાહની અને જે મિત્રોએ એવા અભિપ્રાયો પોતાના લેખમાં દર્શાવ્યા છે તેમની સત્યનિષ્ઠા માટે મને પૂરો આદર છે.

ઓગણીસમી સદીના રાજકવિ (Poet Laureate) એલ્ફ્રેડ ટેનિસનનો અભિપ્રાય છે કે :

There lives more faith in honest doubt,
Believe me, than in half the creeds.

ટેનિસનના આ અભિપ્રાયનો બૌદ્ધિક સંદર્ભ એવો છે કે સત્તરમી સદીમાં ગેલિલેઇઓથી (galileo) શરૂ થયેલી ભૌતિક વિજ્ઞાનની નવી નવી શોધોએ ઓગણીસમી સદીમાં બાઇબલના શાસ્ત્રપ્રમાણ ઉપર આધારિત પરંપરાગત ખ્રિસ્તી ધર્મશ્રદ્ધાનો પાયો ડગાવી નાખ્યો હતો અને બાઇબલના genesis નામના પહેલા પુસ્તકના પહેલા પ્રકરણમાં ઇશ્વરે છ દિવસમાં સૃષ્ટિનું સર્જન કર્યાની જે કથા છે તે પ્રત્યે બૌદ્ધિક વિજ્ઞાનની આશ્ચર્યજનક સિદ્ધિઓથી પ્રભાવિત થયેલા કેટલાંક બૌદ્ધિકો અને ચિંતકો શંકાશીલ બન્યા હતા, અને એ બૌદ્ધિકો અને ચિંતકોની મનઃસ્થિતિ એ જ સદીના મેથ્યૂ આર્નલ્ડ નામના બીજા એક કવિએ પોતાના એક કાવ્યમાં લખ્યું છે-

Wandering between two worlds, one dead,
The other powerless to be born - એવી થઇ હતી.

ઓગણીસમી સદીના અંગ્રેજ બૌદ્ધિકો અને ચિંતકોની થઇ હતી, લગભગ તેવી જ મનઃસ્થિતિ વીસમી સદીમાંઆપણા કેટલાક બૌદ્ધિકો અને ચિંતકોની થઇ છે. એ બૌદ્ધિકો અને ચિંતકોએ જે પરંપરાગત ધર્મશ્રદ્ધાનો તે વૈજ્ઞાનિક દૃષ્ટિ સાથે સુસંગત નથી એમ માનીને ત્યાગ કર્યો છે તેના સ્થાને માનવજીવનને અર્થસભર કરે એવી બીજી કોઇ શ્રદ્ધા કેળવી શક્યા હોય એમ જણાતું નથી અને તેથી પરંપરાગત ધર્મશ્રદ્ધા જે ચમત્કારોને સહજ રીતે સ્વીકારી લેતી તેમની પ્રત્યેનું તેમનું દૃષ્ટિબિંદુ માત્ર નકારાત્મક રહેતું જણાય છે. આ સંદર્ભમાં આ સદીના અંગ્રેજ બૌદ્ધિક, ચિંતક, વાર્તાકાર, નવકથાકાર, નિબંધલેખક અને પ્રવાસલેખક આલ્ડસ હકસલીનો અભિપ્રાય જાણવા જેવો છે. તેમણે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગદ્વેષ પ્રેરિત ધારાઓ વિરુદ્ધ જે લડત ચલાવી હતી, તેમાં સાધનશુદ્ધિનો આગ્રહ રાખ્યો હતો તેથી પ્રભાવિત થઇ ૧૯૩૭માં Ends and Means નામનું ગાંધીજીના સાધનશુદ્ધિ માટેના આગ્રહનું મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિવરણ કરતું પુસ્તક પ્રસિદ્ધ કર્યું અને તે પછી વેદાન્તના આધ્યાત્મિક અભિગમમાં રસ પડતાં તેનો અભ્યાસ કર્યો અને ૧૯૪૬માં જગતના સર્વ ધર્મસંપ્રદાયોમાં અમુક સમાન આધ્યાત્મિક સત્યોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે એમ સ્થાપિત કરતું The Perennial Philosophy નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકના ચમત્કારોને લગતા પ્રકરણમાં હકસલી પહેલાં એક બે ખ્રિસ્તી રહસ્ય દૃષ્ટાઓના ચમત્કારોમાં રસ લેવો એ સાધકની આધ્યાત્મિક પ્રગતિમાં બાધક છે એ મતલબનો મત ટાંકી લખે છે :

Because they know nothing of spirituality and regard the material world and their hypotheses about

it as supremely significant, rationalists are anxious to convince themselves and others that miracles do not and cannot happen. Because they have had experience of the spiritual life and its by-products the exponents of the Perennial Phisosophy are convinced that miracles do happen, but regard them as things of little importance, and that mainly negative and anti-spiritual.

શ્રી કાન્તિભાઇ શાહે તેમના પુસ્તકના 'એકત્વનો સાક્ષાત્કાર' પ્રકરણમાં વર્ણવેલા ચમત્કારોની બાબતમાં હું આ જ વાત જરા જુદી રીતે કહું,-એટલે કે ચમત્કારો બને છે, પરંતુ ચમત્કારો પોતાની પ્રસિદ્ધિ અર્થે અથવા પોતાની પ્રત્યે ભક્તો આકર્ષવા કરી બતાવવામાં આવતા હોય તો એવી નિંદનીય પ્રવૃત્તિ ગણાવી જોઇએ. કાન્તિબહેનના જીવનમાં શ્રી કાન્તિભાઇએ જે ચમત્કારિક ઘટનાઓ બની હોવાનું જણાવ્યું છે તે ઘટનાઓ વિષે કાન્તાબહેન ક્યારેય સભાન હતાં જ નહિ, તેથી તેણે કાન્તિભાઇએ વર્ણવેલા ચમત્કારો પોતાની પ્રસિદ્ધિ અર્થે અથવા પોતાના પ્રત્યે ભક્તો આકર્ષવા કરી બતાવ્યા હોય એ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અને કાન્તિભાઇએ પણ કાન્તાબહેનના જીવનમાં બનેલી ચમત્કારિક ઘટનાઓનું વિગતે વર્ણન કર્યું છે. તેની પાછળનો તેમનો ઉદ્દેશ દિલીપકુમાર રોયે 'ચમત્કારો આજે પણ બને છે' એ મતલબના શિર્ષકથી બંગાળીમાં જે પુસ્તક લખ્યું છે તેની પાછળ પોતાનો શો ઉદ્દેશ હતો તે સમજાવ્યું છે તેના જેવો જ હશે એમ લાગે છે. શ્રી રમણલાલ સોનીએ દિલીપકુમાર રોયના એ પુસ્તકના કરેલા ગુજરાતી અનુવાદમાં મૂળ ગ્રંથની દિલીપકુમારે લખેલી ભૂમિકાના નગીનદાસ પારેખે કરેલા ગુજરાતી અનુવાદમાં દિલીપકુમારે આમ લખ્યું હોવાનું જણાવ્યું છે : 'કોઇ કોઇ સાધક કહે છે-ગુહ્ય વાત ગુહ્ય જ રાખવી જ સારી, જેઓ સાધક નથી તેમની આગળ એ બધી વાતો રજૂ કરવા જતાં પરિણામ સારા કરતાં માઠાં જ વધારે આવે છે. ..આ દલીલ સબળ છે. એમાં શંકા નથી.' આમ લખી દિલીપકુમાર શ્રી રામકૃષ્ણ પરમહંસનાં વચનો ટાંકે છે: 'બે જાતની પ્રકૃતિનાં માણસો હોય છે: એક, જેઓ કોઇ ઝાડ ઉપર મીઠી કેરી જોવામાં આવતાં, કેરી પાડી ખાઇ, મોં લૂંછી, ગુપચુપ બેસી રહે છે; બીજા એક જાતના લોકો એવા હોય છે જેઓ બધાને બૂમ પાડીને કહે છે: 'અલ્યા ઓ, જાઓ, જાઓ, અમુક ઝાડની કેરી-સાકર જેવી મીઠી છે'. શ્રી રામકૃષ્ણના આ વચનો ટાંકી દિલીપકુમાર લખે છે: 'દુર્ભાગ્યે કે સદ્ભાગ્યે, હું આ બીજી જાતનો સ્વભાવ લઇને જન્મ્યો છું તેથી હર્ષઘેલા થવા જેવું કશું જ જોતાં હું હર્ષઘેલો થયા વિના રહી શકતો નથી'. કાન્તિભાઇએ પણ કાન્તાબહેનના જીવનમાં જે ચમત્કારો જોયા છે તેથી જાણે હર્ષઘેલા થઇ તેમના પુસ્તકમાં એ ચમત્કારો આપણી સમક્ષ રજૂ કર્યા હોય એમ જણાય છે.

હવે, હકસલી કહે છે તેમ ચમત્કારો બનતા જ હોય તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એ કેવી રીતે બને છે ? કેટલાંક ચમત્કારોમાં હાથ ચાલાકી હોઇ શકે ? કેટલાંક નજરબંદીનાં પરિણામ હોઇ શકે અને કોઇ સામેની વ્યક્તિના મનમાં ચાલતો વિચાર સમજી લેવાની શકિતનું-એટલે કે Thought-Readingનું પરિણામ હોઇ શકે. મારા વતન અસારવામાં ૮-૯ વર્ષની વયે મેં એવી નજરબંદીનો એક ખેલ જોયેલો, જેમાં ખેલ કરનારે એક કિશોરનું માથું કપાયેલું અને પછી એ માથું એ કિશોરના ધડ ઉપર પહેલાં હતું તેવું બેસી ગયેલું બતાવેલું. અને Thought-Readingનો ચમત્કાર હું ગુજરાત કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેના છાત્રાલયમાં એક પારસી મિત્ર સાથે રહેતો એ વર્ષોમાં બનેલો. એક દિવસ બે શીખ જેવા લાગતા ભાઇઓએ અમને બન્નેને મનમા એક એક ફૂલ ધારવાનું કહ્યું, અને અમે એમ કર્યું ત્યારે તે ભાઇઓએ અમે જે ફૂલ ધારેલાં તેનાં નામ કહી બતાવ્યાં.

મારા પોતાના આ બે અનુભવો બાજુએ રાખીએ, તો પણ આપણી તર્કબુદ્ધિને ન સમજાય એવી ઘટનાઓ બને છે એ વાત મને અસંભવિત નથી લાગતી. એવી ઘટનાઓમાં ભૌતિક વિજ્ઞાનના નિયમોનો ભંગ થતો જણાય છે એ વાત ખરી, પરંતુ ભૌતિક વિજ્ઞાનની જડસૃષ્ટિના નિયમો શોધવાની પદ્ધતિ માણસની ચૈતસિક શક્તિઓના નિયમો શોધવામાં કામમાં ન આવે. શેક્સપિયરના સમકાલીન અંગ્રેજ નિબંધકાર અને જડસૃષ્ટિના નિયમો શોધવાની વૈજ્ઞાનિક પદ્ધતિ પોતાના Novum Organum (એટલે કે નવું સાધન) નામના લેટિન ભાષામાં લખેલા પુસ્તકમાં પહેલી વાર સમજાવનાર લોર્ડ બેકન કહે છે કે ભૌતિક વૈજ્ઞાનિકે Nature to be Commanded must be obeyed એ સૂત્ર અનુસાર પોતાનું કામ કરવું જોઇએ. એટલે કે જડસૃષ્ટિ ઉપર પ્રભુત્વ મેળવવા એ સૃષ્ટિના નિયમો સમજી એ નિયમોને અનુસરીને જ પ્રયોગો કરવા જોઇએ. એ જ રીતે માણસના ચૈતસિક વ્યાપારોના નિયમો સમજી એ વ્યાપારો ઉપર પ્રભુત્વ મેળવી શકાય, પણ એમ કરવા માટે તો કઠોપનિષદમાં યમરાજા નચિકેતાને કહે છે તેમ સાધકે આવૃત્તચક્ષુ બનીને પોતાના ચિત્તના ઊંડાણમાં ઊતરવું જોઇએ અને એમ કરવાની રીત પાતંજલ યોગસૂત્રોમાં સમજાવી છે પણ ખરી.

કાન્તાબહેન પાતાંજલ યોગસૂત્રોમાં વર્ણવવામાં આવ્યો છે એવાં રાજયોગનાં સાધક નથી. તેઓ તો શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૦મા અધ્યાયના ૨૫મા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે તેમ यज्ञानाम जप यज्ञोऽस्मि તેમ રામનામ રટણ રૂપી યજ્ઞનાં સાધક રહ્યાં છે અને ગાંધીજીએ એક પ્રશ્નકર્તાને કહ્યું હતું : 'રામનામ લેવામાં ખૂબી છે એમ હું માનું છું...મારા અંગત અનુભવ ઉપરથી હું કહી શકું છું કે રામ-રટણમાં કંઇક ચમત્કાર છે. તે કેમ છે અને શો છે તે જાણવાની જરૂર નથી.' (જુઓ હરિજનબંધુનો ૧૯૪૬ના એપ્રિલનો ૧૪મીનો અંક)

ગાંધીજી કહે છે કે રામનામ-રટણમાં ચમત્કાર કેમ છે અને શો છે એ જાણવાની જરૂર નથી, પણ આપણે રામનામના જપથી ચમત્કાર શાથી થાય છે એ કલ્પી શકીએ છીએ. જે વ્યક્તિ રામનામ કે ઇશ્વરના બીજા કોઇ નામનું રટણ કરવામાં એવી લીન થઇ જાય કે તે પોતાના વ્યક્તિત્વનું અસ્તિત્વ જ ભૂલી જાય તો એ વ્યક્તિનો 'અહંભાવ' સંપૂર્ણપણે ઓગળી જાય અને એ વ્યક્તિ રામનામ કે ઇશ્વરનું બીજું કોઇ નામ જેનું પ્રતીક છે. એ વિશ્વચૈતન્યનો સ્પર્શ અનુભવે એવી પૂરી સંભાવના છે અને એ વિશ્વચૈતન્યે एकोऽहम् बहुस्याम એવો સંકલ્પ કરીને આ અનંત વૈવિધ્યવાળી અને આપણે કલ્પી પણ ન શકીએ એવી સમૃદ્ધ જડ અને ચૈતન્ય સૃષ્ટિ સર્જી છે. તેની જેવો ચમત્કાર બીજો કયો હોઇ શકે ? પરંપરાગત હિંદુ ધર્મશ્રદ્ધાએ જેમને વિશ્વચૈતન્યના પૂર્ણ અવતાર માન્યા છે તે શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૫મા પુરુષોત્તમયોગના ૭મા શ્લોકના પૂર્વાર્ધમાં કહે છે કે ममैवाशो जीवलोके जीवभूतः सनातनः । એ પ્રમાણે જીવાત્મા વિશ્વચૈતન્યના અવતાર જેવા શ્રીકૃષ્ણનો જ અંશ હોય તો એ વિશ્વચૈતન્યની આશ્ચર્યકારક સર્જનશક્તિનો કંઇક અંશ જીવાત્મામાં ઉતરે જ. અને જીવાત્માની એવી શક્તિ, તેના અંશરૂપ વ્યક્તિનું મન રામનામના કે ઇશ્વરના બીજા કોઇ નામના રટણમાં સપૂર્ણપણે લીન થઇ જાય અને પરિણામે એ વ્યક્તિનો અહંભાવ સંપૂર્ણપણે ઓગળી જાય તો એવી વ્યક્તિના મનમાં પણ ઊતરે અને એ મનને વિશ્વચૈતન્યનો કંઇક સ્પર્શ થાય એ અસંભવિત નથી.

કાન્તાબહેન છ-સાત વર્ષની વયથી રામનામનો જપ કરતાં થયેલાં અને પુખ્ત વયે તો તેઓ રામનામ-રટણમાં સંપૂર્ણપણે એકાગ્ર થઇ ગયેલાં. તેમને રામનામનું એમ રટણ કરવામાં આ લેખના શિર્ષક રૂપે ટાંકેલાં શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૭મા અધ્યાયના ૩જા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે તેમ સંપૂર્ણ શ્રદ્ધા હોય તો તેઓ રામમય બની ગયાં હોય એ પણ અસંભવિત નથી, અને એમ હોય તો તેમને પરંપરાગત હિંદુ ધર્મશ્રદ્ધાએ જેમને વિશ્વચૈતન્યના મર્યાદા પુરુષોત્તમ રૂપ અવતાર માન્યા છે એ રામચંદ્રના નામના રટણથી તેમને પણ વિશ્વચૈતન્યની સર્જનશક્તિનો સ્પર્શ થયો હોય એમ આપણે માની શકીએ અને પરિણામે તેમના મનમાં એ વિશ્વચૈતન્યની સર્જનશક્તિનો કંઇક અંશ ઊતર્યો હોય અને તેમના મનની એ સર્જનશક્તિએ જ તેમનાં અજાણતાં શ્રી કાન્તિ શાહે તેમના 'એકત્વની આરાધના' પુસ્તકના 'એકત્વનો સાક્ષાત્કાર' પ્રકરણમાં જે ચમત્કારો વર્ણવ્યા છે તે કર્યા હોય એમ માનવામાં મને કશું અવૈજ્ઞાનિક નથી લાગતું.

☆☆

# સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ
## દરબાર ગોપાલદાસ દેસાઇ ક્ષય નિવારણ કેન્દ્ર (આણંદ) માટે ભેટમાં
## પર્યુષણ પર્વ દરમિયાન નોંધાયેલ રકમની યાદી

૫૦૦૦૦ શ્રી પીયૂષભાઇ કોઠારી તથા શ્રી ચંદ્રાબહેન કોઠારી
૧૮૫૦૦ શ્રી અજિતભાઇ ચોકસીના પરિવાર તરફથી
૧૫૦૦૦ શ્રી સુરેશભાઇ ઉત્તમભાઇ પેથાણી
૧૫૦૦૦ શ્રી નયનાબહેન પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી રમેશભાઇ પારેખ
૧૧૦૦૦ શ્રી નરેન્દ્ર કે. શાહ
૧૧૦૦૦ શ્રી ભણસાળી ટ્રસ્ટ
૧૧૦૦૦ સ્વ. ખોડીદાસ અમૃતલાલ શાહના પરિવાર તરફથી
૧૧૦૦૦ શ્રી ઉમેદભાઇ દોશી
૧૧૦૦૦ શ્રી એ. આર. શાહ
૧૧૦૦૦ શ્રી આશિતાબહેન કાંતિલાલ શેઠ
૧૧૦૦૦ શ્રી ચિમકો બાયોકેમિકલ એન્જિનિયરિંગ કંપની હસ્તે શ્રી જસવંતભાઇ અજમેરા
૧૦૦૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી
૭૫૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબહેન શાહ
૭૫૦૦ સ્વ. કમળાબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે, હસ્તે ચંદ્રકાંત ડી. શાહ
૭૫૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૭૫૦૦ શ્રી કુસુમબહેન એન. ભાઉ
૭૫૦૦ શ્રી ગુણવંતલાલ અ. શાહ
૭૫૦૦ શ્રી રમાબહેન અ. શાહ
૭૫૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૭૫૦૦ શ્રી જયવદનભાઇ રતિલાલ મુખત્યાર
૭૫૦૦ શ્રી અમૃતાબહેન જી. શાહ
૭૫૦૦ શ્રી કે. એન. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૭૫૦૦ શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ
૭૫૦૦ શ્રી ભુપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ ઝવેરી
૭૫૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૭૫૦૦ શ્રી રંજનબહેન મહાસુખલાલ
૭૫૦૦ શ્રી માંડવી મેડિકલ સ્ટોર્સ
૭૫૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ
૭૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ ભાઇલાલ વોરા
૭૫૦૦ શ્રી સત્યવતીબહેન રાજેન્દ્રભાઇ શાહ
૭૫૦૦ શ્રી ભાનુબહેન વિમળભાઇ શાહ
૭૫૦૦ શ્રી રમેશભાઇ મહેતા (ઉદવાડા)
૭૫૦૦ શ્રી કલાબહેન શાંતિલાલ મહેતા
૭૫૦૦ શ્રી દિલીપભાઇ એમ. શાહ
૭૫૦૦ શ્રી પ્રવીણભાઇ ભણસાળી (ગિરનાર ચહા)
૭૫૦૦ શ્રી કિશોરભાઇ વર્ધન
૭૫૦૦ શ્રી કુંજબાળા રમેશચંદ્ર કોઠારી
૭૫૦૦ શ્રી સારાભાઇ નગીનદાસ શેઠ
૭૫૦૦ શ્રી અમર સન્સ હસ્તે શ્રી શામજીભાઇ વોરા
૭૫૦૦ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા
૭૫૦૦ શ્રી કિશોરચંદ્ર એન્ડ કું.
૭૫૦૦ શ્રી રમાબહેન એમ. કાપડિયા ટ્રસ્ટ
૭૫૦૦ ડૉ. રમીલાબહેન અનંતરાય સંઘવી
૭૫૦૦ શ્રી સુશીલાબહેન વિક્રમભાઇ દોશીના સ્મરણાર્થે, હસ્તે શ્રી વિક્રમભાઇ દોશી
૭૫૦૦ શ્રી રજનીકાંત તથા શ્રીમતી પ્રવીણાબહેન ઘડીયાળી
૭૫૦૦ શ્રી જે. આર. શાહ
૭૫૦૦ શ્રી પંકજ વિસરિયા
૭૫૦૦ શ્રી રીકીન મુકેશભાઇ સંઘવી
૭૫૦૦ શ્રી હર્ષાબહેન શાહ
૭૫૦૦ શ્રી અનિલાબહેન શશિકાંત મહેતા તથા શ્રી મણિલાલ મહેતા
૭૫૦૦ શ્રી ઉષાબહેન એચ. શાહ ટ્રસ્ટ
૭૫૦૦ શ્રી ડી. એસ. પટેલ
૭૫૦૦ શ્રી નર્મદાબહેન એમ. શેઠ
૭૫૦૦ શ્રી કીર્તિલાલ માણેકલાલ શાહ
૭૫૦૦ શ્રી રમણલાલ નગીનદાસ
૭૫૦૦ શ્રી મંજુલાબહેન ડી. શાહ
૭૫૦૦ શ્રી રસિલાબહેન જયસુખલાલ શાહ
૭૫૦૦ શ્રી શશિકાંત મણિલાલ મહેતા તથા શ્રી અનિલાબહેન મહેતા
૭૫૦૦ શ્રી શેઠ પરિવાર
૭૫૦૦ શ્રી દેવકાબહેન જેસંગભાઇ રાંભીયા
૭૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૭૫૦૦ શ્રી સી. સી. વસાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૭૫૦૦ શ્રી રાજીવ એસ. મહેતા
૭૫૦૦ શ્રી પ્રતાપ ભોગીલાલ શાહ
૭૫૦૦ શ્રી હંસાબહેન સંઘવી
૭૫૦૦ શ્રી કુમુદબહેન ચાંપશી છેડા તથા શ્રી સરલાબહેન
૭૫૦૦ શ્રી સુરેશકુમાર ચીમનલાલ ચોકસી
૭૫૦૦ મે. નેયોટેરિક
૭૫૦૦ શ્રી કુસુમ ઇલેક્ટ્રીકલ્સ એન્ડ એન્જિનિયરિંગ
૭૫૦૦ શ્રી લીનાબહેન જે. શેઠ
૭૫૦૦ શ્રી નિશાત એ. ઝવેરી
૭૫૦૦ શ્રી હિનાબહેન મણિયાર હસ્તે શ્રી વર્ષાબહેન
૩૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૩૫૦૦ શ્રી શૈલેશભાઇ કોઠારી
૩૫૦૦ શ્રી સુબોધભાઇ એમ. શાહ તથા શ્રી નિરુબહેન એસ. શાહ
૩૫૦૦ શ્રી સવિતાબહેન કે. પી. શાહ
૩૫૦૦ શ્રી પુષ્પાબહેન પરીખ
૩૫૦૦ શ્રી ઉષાબહેન મહેતા તથા શ્રી રમાબહેન મહેતા
૩૫૦૦ શ્રી સુરેશભાઇ શાહ
૩૫૦૦ શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ
૩૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર ઝવેરચંદ ફાઉન્ડેશન
૩૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ રસિકલાલ કોલસાવાલા
૩૫૦૦ શ્રી બાબુલાલ લલિતચંદ્ર ગાંધી
૩૫૦૦ શ્રી દિનેશભાઇ બાવચંદ દોશી
૩૫૦૦ શ્રી લલિતકુમાર સી. કોઠારી
૩૫૦૦ શ્રી કુમુદબહેન રસિકલાલ ભણસાળી
૩૫૦૦ શ્રી શોભાબહેન લક્ષ્મીચંદ વિસરિયા
૩૫૦૦ શ્રી રસિલાબહેન મહેન્દ્રભાઇ ઝવેરી
૩૫૦૦ શ્રી ભાનુબહેન રમેશભાઇ મહેતા (ઉદવાડા)
૩૫૦૦ શ્રી જે. કે. શાહ
૩૫૦૦ શ્રી સી. એન. સંઘવી
૩૫૦૦ શ્રી શશિબહેન ભણશાળીના સ્મરણાર્થે, હસ્તે શ્રી શર્મીબહેન
૩૫૦૦ શ્રી અરવિંદભાઇ સી. દલાલ
૩૫૦૦ શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ તથા શ્રી ભાનુબહેન હસમુખલાલ શાહ
૩૫૦૦ શ્રી મુગટલાલ પી. વોરા
૩૫૦૦ શ્રી જેઠાલાલ અમૃતલાલ દોશી
૩૫૦૦ શ્રી ઉષાબહેન રમેશચંદ્ર ઝવેરી
૩૫૦૦ શ્રી રાજેન્દ્રભાઇ અમૃતલાલ
૩૫૦૦ શ્રી ભૂપેન્દ્રભાઇ હિંમતલાલ શાહ
૩૫૦૦ શ્રી ચીમનલાલ જેચંદભાઇ અજમેરા
૩૫૦૦ શ્રી મુક્તાબહેન લાભુભાઇ સંઘવી
૩૫૦૦ શ્રી સુહાસિનીબહેન શાહ
૩૫૦૦ શ્રી વિજય મહેતા
૩૫૦૦ શ્રી એચ. ટી. જે. બ્રધર્સ
૩૫૦૦ એક ભાઇ
૩૫૦૦ શ્રી બાબુભાઇ ચંપકલાલ તોલાટ
૩૫૦૦ શ્રી વસંતભાઇ મોતીલાલ ઝોટા
૩૫૦૦ શ્રી ફરિયા ઉમરશી થાવર
૩૫૦૦ શ્રી પદ્માવતી એન્ડ શ્રી રમણલાલ નગીનદાસ ચેરિટેબલ ટ્રસ્ટ
૩૫૦૦ શ્રી ભારતીબહેન ગજેન્દ્ર કપાસી
૩૫૦૦ શ્રી વિપિનભાઇ ડી. ઝવેરી
૩૫૦૦ શ્રી લીલાવતી નગીનદાસ દોશી
૩૫૦૦ શ્રી બચુભાઇ (સુંદર બિલ્ડર્સ)
૩૫૦૦ શ્રી અંજનાબહેન ધનેશભાઇ ઝવેરી
૩૫૦૦ શારદાબહેન બાબુભાઇ શાહ તથા શ્રી બાબુભાઇ જે. શાહ
૩૫૦૦ શ્રી ભાઇચંદભાઇ તારાચંદ શાહ
૩૫૦૦ શ્રી મનીષા ભણસાળી
૩૫૦૦ મે. રેનબો પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ
૩૫૦૦ શ્રી ઝેનીબાઇ ટ્રસ્ટ
૩૫૦૦ શ્રી જતીન એન્ટરપ્રાઇઝ
૩૫૦૦ શ્રી ધરમચંદ નાથુભાઇ શાહ (સુરત) હસ્તે શ્રી વિલાસબહેન
૩૫૦૦ શ્રી એમ. કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૩૫૦૦ શ્રી બાબુલાલ દલીચંદ ગાંધી
૩૫૦૦ શ્રી હસમુખભાઇ ચીમનલાલ કુવાડિયા
૩૫૦૦ શ્રી નગીનદાસ ભોગીલાલ
૩૫૦૦ શ્રી પ્રકાશભાઇ ડાહ્યાભાઇ કકલચંદ
૩૫૦૦ શ્રી શાંતિલાલ મહેતા તથા શ્રી રાજુલભાઇ
૩૫૦૦ શ્રી ચંપકલાલ ચુનાલાલ ચોકસી
૩૫૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૩૫૦૦ શ્રી ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૩૫૦૦ શ્રી જસુભાઇ પરીખના સ્મરણાર્થે
૩૫૦૦ શ્રી જિનાદ શાહ
૩૫૦૦ શ્રી મીરાબહેન મહેતા
૩૫૦૦ સ્વ. ભગવાનદાસ ફત્તેહચંદ શાહના સ્મરણાર્થે, હસ્તે શ્રી જતીનકુમાર એન્ડ કું
૩૫૦૦ શ્રી હસમુખભાઇ ચીમનલાલ કુવાડિયા
૩૫૦૦ શ્રી સમક્તિ એંટરપ્રાઇઝિંગ

૩૫૦૦ શ્રી રમિલાબહેન મહાસુખભાઇ
૩૫૦૦ શ્રી મીનાબહેન કિરણભાઇ ગાંધી
૩૫૦૦ શ્રી કે. એમ. પટેલ
૩૫૦૦ શ્રી હેમાબહેન ગાલા
૩૫૦૦ સ્વ. પ્રેમચંદ મોહનલાલ બાવીસીના સ્મરણાર્થે
૩૫૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૩૫૦૦ શ્રી કાંતિલાલ લલ્લુભાઇ શાહ
૩૫૦૦ શ્રી એમ. જે. દોશી
૩૫૦૦ શ્રી મોદી ટેક્ષટાઇલ્સ
૩૫૦૦ શ્રી કિરણ એચ. શાહ
૩૫૦૦ શ્રી સૌરભ શાહ
૩૫૦૦ શ્રી નેમચંદ ચીમનલાલ કુવાડિયા
૩૫૦૦ શ્રી પ્રભાવતી નેમચંદ કુવાડિયા
૩૫૦૦ શ્રી કાશીબહેન સંઘરાજકા
૩૫૦૦ શ્રી હસમુખભાઇ મહાસુખલાલ
૩૫૦૦ શ્રી વિનોદભાઇ મહેતા
૩૫૦૦ શ્રી દેવીલા એસ. મહેતા
૩૫૦૦ શ્રી અમિતા એચ. મહેતા
૩૫૦૦ શ્રી પદ્માબહેન વી. શાહ
૩૫૦૦ શ્રી વસંતલાલ કે. શાહ
૩૫૦૦ શ્રી કુમુદબહેન રતિલાલ શાહ
૩૫૦૦ શ્રી નિર્મળાબહેન ઇન્દ્રલાલ શેઠ
૩૫૦૦ શ્રી પુષ્પાબહેન પ્રેમચંદ બાવીસી
૩૫૦૦ શ્રી તારાબહેન ડાહ્યાભાઇ કોઠારીના સ્મરણાર્થે
૩૫૦૦ શ્રી શાહ એન્ડ શાહ ડેવલપર્સ પ્રા. લિ.
૩૫૦૦ શ્રી રમણીકલાલ ગોપાલજી કપાસીની સ્મૃતિમાં, હસ્તે શ્રી ભારતીબહેન કપાસી
૩૫૦૦ શ્રી કિન્નરભાઇ કે. શાહ
૩૫૦૦ સ્વ. મોહનલાલ ઝવેરી હસ્તે શ્રી મંજુલાબહેન ગાંધી
૩૫૦૦ માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઇ કચ્છ દુર્ગાપુરવાળા તરફથી
૩૫૦૦ શ્રી દિલીપભાઇ હીરાલાલ શાહ
૩૫૦૦ શ્રી ધવલબહેન દેવીલાલભાઇ સાવલા
૩૫૦૦ શ્રી નીરબાલાબહેન શાહ
૩૫૦૦ શ્રી પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા
૩૫૦૦ શ્રી બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા
૩૫૦૦ શ્રી કુમાર મહેતા
૩૫૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખલાલ
૩૫૦૦ શ્રી મનીષા નટવરલાલ શાહ
૩૫૦૦ શ્રી ગુણવંતીબહેન ગુલાબચંદ ઝવેરી
૩૫૦૦ શ્રી કમળાબહેન શશીકાંત પત્રાવાલા
૩૫૦૦ મે. પોલિથીન પ્રિન્ટીંગ એન્ડ સેલિંગ વર્કસ
૩૫૦૦ મે. સુહાસ ટેક્ષપોર્ટ્સ પ્રા. લિ.
૩૫૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૩૫૦૦ ભારત ટ્રેડર્સ
૩૫૦૦ હસમુખલાલ પોપટલાલ વોરાના પરિવાર તરફથી.
૨૫૦૦ લીબર્ટી પ્રિઝમ પેલેસ
૨૫૦૦ શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા
૧૫૦૦ એક બહેન
૧૫૦૦ શ્રી સુવર્ણાબહેન દલાલ
૧૫૦૦ શ્રી ઉષાબહેન ડી. શાહ
૧૨૫૦ શ્રી વસંતબહેન તલસાણિયા
૧૦૧૨ શ્રી એક બહેન
૧૦૦૦ શ્રી સવિતાબહેન મહેતા
૧૦૦૧ શ્રી હેમલત્તાબહેન નાણાવટી
૧૦૦૦ શ્રી કુણાલ રાજન ઝાટકિયા
૧૦૦૧ શ્રી વિક્રાંત નાણાવટી
૧૦૦૧ શ્રી કાંતિલાલ મોહનલાલ
૧૦૦૦ શ્રી ભરતકુમાર જયંતીલાલ
૧૦૦૦ શ્રી રજનીકાંત મહેતા
૧૦૦૦ શ્રી રસિકલાલ એમ. શાહ
૧૦૦૦ શ્રી ભીમજીભાઇ ગડા
૧૦૦૦ શ્રી શાંતિલાલ યુ. શ્રોફ
૧૦૦૦ શ્રી સરોદ શેઠ
૧૦૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૧૦૦૧ શ્રી મોતીબહેન ઉમાશંકર શાહ
૧૦૦૦ શ્રી અનિશ ડી. શાહ
૧૦૦૦ શ્રી ચંદ્રાબહેન એચ. શાહ
૧૦૦૦ શ્રી દર્શની શાહ
૭૦૦ શ્રી જતીનભાઇ શાહ
૫૦૦ શ્રી હરિભાઇ વસા
૫૦૧ શ્રી ગૌતમલાલ એ. શાહ
૫૦૦ શ્રી રૂપાબહેન દોશી
૫૦૦ એક બહેન તરફથી
૫૦૦ શ્રી સરસ્વતીબહેન ઝવેરી
૫૦૦ શ્રી વનિતાબહેન શાહ
૫૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ શ્રી ભારતીબહેન વખારીયા
૬૦૦ શ્રી સવિતાબહેન કોઠારી
૫૦૧ શ્રી રશ્મિબહેન મહેતા
૫૦૦ શ્રી પ્રતિમાબહેન ચક્રવર્તી
૫૦૦ શ્રી નિર્મળાબહેન ઇન્દ્રલાલ શેઠ
૫૦૦ સ્વ. જયંતીલાલ અંબાલાલ શાહ હસ્તે શ્રી મીનેશભાઇ
૪૬૩૧ રૂા. ૫૦૦ થી નીચેની રકમ.

# 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' અને ગાંધીજી

□ ચંદ્રશંકર ભટ્ટ

સત્ય, અહિંસા, પ્રેમ, બંધુતા, કરુણા અને સમાનતાનો સંદેશ ભારતમાં જ નહીં, જગતભરમાં પ્રસારનાર યુગપુરુષ ગાંધીજીની સવાસોમી જયંતી પ્રસંગે આ યુગપ્રવર્તક પુણ્યશ્લોક મહાત્માના જીવનનાં વિવિધ પાસાંઓનો વિચાર કરવો એ આજના હિંસક, સંઘર્ષમય , ત્રાસમય સમયની અનિવાર્ય આવશ્યકતા છે. એમનો સંદેશ જે તેમણે આચરણથી જીવી બતાવ્યો, તે આજના યુગસંદર્ભમાં કેટલો પ્રસ્તુત છે. અને માનવજાત માટે આશીર્વાદરૂપ છે તે સમજવાની તાતી જરૂર છે. પરંતુ માત્ર સમજવાથી હેતુ સરે નહીં, તેના આચરણ વિના એ સમજ નિરર્થક જવાની. ગાંધીજીએ માનવસેવા, સમાજસેવા, રાષ્ટ્રસેવા વગેરે અનેક ક્ષેત્રે જે સમૂળી ક્રાંતિ કરી તેનો ઇતિહાસ ઘણો મોટો છે. પરંતુ તેમની સઘળી સેવાપ્રવૃત્તિના મૂળમાં જે મહત્ત્વની બાબત સમજવા જેવી છે તે તેમનું વ્યક્તિત્વ. તે દૃષ્ટિએ લાગે છે કે ગાંધીજી એક સાચા વૈષ્ણવ કર્મયોગી છે. કુળધર્મથી તે વૈષ્ણવ ખરા, પણ તેમનું વૈષ્ણવત્વ સાંપ્રદાયિક નથી. અંધારાથી પણ બીતા મોહનના અંતરમાં ઘરની નોકરાણીએ વાવેલું રામનામનું બીજ કુટુંબના વૈષ્ણવ ધર્મસંસ્કારથી પોષણ પામ્યું અને ધીરે ધીરે તે આસ્તિકતા પલ્લવિત થઇ પૂર્ણ રીતે મ્હોરી ઉઠી. પરિણામે તેઓ મોહનમાંથી વિશ્વવંદ્ય મહાત્મા બન્યા. તેઓ માનતા કે જે આસ્તિકતા આચરણથી પ્રગટ થાય તે સાચી આસ્તિકતા. આવા કર્મયોગી વૈષ્ણવની આસ્તિકતાને બરાબર પામવાની એક ચાવી, નરસિંહનું 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' એ પદ છે. એ ભજન ગાંધીજીનું અતિ પ્રિય ભજન કેમ થયું તેની પણ પ્રતીતિ સહેજે થશે. એટલે આ પદના સંદર્ભમાં ગાંધીજીનું વૈષ્ણવપણું અને તેમની આસ્તિકતાને સમજવાનો અહીં પ્રયત્ન છે. ગાંધીજીને આ ભજન એવું તો પ્રિય થઇ પડ્યું કે તેમણે તેને આશ્રમની પ્રાતઃ અને સાયં પ્રાર્થનામાં સ્થાન આપ્યું. એને પરિણામે આ પદ અને નરસિંહને ભારતમાં જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાન પ્રાપ્ત થયું. આ પદ ગાંધીજી જેવા રાષ્ટ્રસેવકને ગમી જાય તે સ્વાભાવિક છે. એક સમાજ સેવકમાં અને પ્રજા કલ્યાણનાં કામ કરનારમાં કેવા ગુણ અનિવાર્યપણે હોવા જોઇએ, તે ગાંધીજીને નરસિંહે આ પદમાં સાચા વૈષ્ણવના જે ગુણ ગણાવ્યા છે તેવા જ જોઇએ તે સમજાયું. નરસિંહે આ પદમાં કયા ગુણોની વાત કરી છે તેનો અને ગાંધીજીએ તે ગુણો આચરણથી પોતાના જીવનમાં કેવા ચરિતાર્થ કર્યા છે તેનો વિચાર કરવાથી સ્વીકારવું પડે કે ગાંધીજી નરસિંહે વર્ણવ્યા છે તેવા આસ્તિક બિનસાંપ્રદાયિક વૈષ્ણવ છે. પહેલી નોંધપાત્ર વાત તો એ છે કે આ પદમાં વર્ણવાયેલો વૈષ્ણવ કૃષ્ણની સેવા-પૂજા, દીપ-ધૂપ-આરતી, ભોગ ઇત્યાદિ ધાર્મિક વિધિઓની સાંપ્રદાયિકતામાં વૈષ્ણવધર્મ પાળ્યાનો સંતોષ માનનાર નથી. ગાંધીજીને ગમી જાય, અને ગમી ગઇ પણ ખરી, એ વાત તો આ પદમાં એ છે કે તે સાંપ્રદાયિકતામાં બંધાઇ ગયેલું નથી. તેમાં વૈષ્ણવી કોઇ વિધિનો અણસાર સુદ્ધાં નથી. લોકસેવા અને દેશસેવાનો ધર્મ પાળનાર ગાંધીજીને આ વાત કેમ ન ગમી જાય ! પછી આ પદ ગાંધીજીનું પ્રિય પદ ન બને તો જ નવાઇ લાગે.

સર્વ પ્રથમ ગાંધીજીનું વ્યકતિત્વ સમજી લેવું જોઇએ. તો જ નરસિંહના પદ સાથેની તેમની આત્મિયતા સમજી શકાશે. તેઓ એક સાચા વૈષ્ણવજન છે. તેમના અંતરમાં કરુણા ભરી ભરી છે. બિહારના ઉત્કલ પ્રાંતમાં એક વસ્ત્રભર સ્નાન કરતી નારીઓને જોઇ તેમનું હૃદય દ્રવી ગયું અને પોતાનું વસ્ત્ર આપી દીધું. હિન્દુસ્તાનમાં ફરી તેમણે બહુજન સમાજની ગરીબીનું દર્શન કર્યું અને આજીવન માત્ર બે જ વસ્ત્ર પહેરવાનું વ્રત લીધું. ગાંધીજીના નવનીત જેવા કોમળ વૈષ્ણવી હૃદયના આ કરુણામય ઉન્મેષ છે. ગાંધીજીને મન સ્વાતંત્ર્ય પ્રાપ્તિ કરતાં પણ વધારે મહત્ત્વનું કાર્ય સમાજના સર્વાંગીણ

આમૂલ પરિવર્તનનું-ઉત્થાનનું હતું. ગરીબી, છૂતાછૂત, ઊંચનીચ, વર્ગભેદમાં વિભાજિત થયેલી પ્રજાની એકતા, સમાનતા વિના સ્વાતંત્ર્ય પ્રાપ્તિ અસંભવિત છે અને કદાચ સંભવિત બને તો પણ તે નિરર્થક જવાની એ તેમનું ઊંડું મર્મદર્શન તેમને જગતના મહાન સમાજહિતચિંતક અને રાજકીય વિચારકોમાં સ્થાન આપે તેવું છે. ગાંધીજીએ જે વિવિધ પ્રવૃત્તિઓ આદરી તેમાં સામાજિક પરિવર્તન અને સુધારણાને અગ્રીમતા આપી છે. તેમાં તેમનો શુદ્ધ માનવપ્રેમ વહી રહ્યો છે. માનવમાત્ર એક જ ઈશ્વરનાં સંતાન છે અને તેથી સૌ સમાન છે, બંધુઓ છે એ તેમના માનવપ્રેમનો પાયો છે. આ બંધુભાવ વિના સમાજનાં સર્વ અનિષ્ટો દૂર થઈ શકે નહીં તે તેમની દ્રઢ પ્રતીતિ છે, જે આગળ જતાં વિશ્વબંધુત્વની ભાવના રૂપે વિસ્તરે છે. આ ભાવ ત્યારે જ વિકસે જો માનવી પ્રેમ, અહિંસા, સત્ય, ત્યાગ અને સમાનતાનું આચરણ કરે. આવા સદાચારી આચરણ માટે ચિત્તશુદ્ધિને અનિવાર્ય ગણતા ગાંધીજીએ આશ્રમમાં નિત્ય પ્રાતઃ અને સાયં પ્રાર્થનાનો ક્રમ રાખ્યો અને મરણપર્યંત પાળ્યો. પ્રાર્થનાને તેઓ ચિત્તશુદ્ધિ માટેનું પવિત્ર સ્નાન માનતા. પ્રાર્થનાને આસ્તિકતાનો, અંતરને ઉઘાડવાની શક્તિનો પર્યાય સમજતા. આસ્તિકતા અને ચિત્તશુદ્ધિ વિના માનવીના કામ, ક્રોધ, લોભ, અહંકાર, કપટ જેવાં દુરિતોનું નિરસન ન થાય તે તેમની આધ્યાત્મિક દ્રષ્ટિ છે. તેમને મન તે જ સાચી જીવનમૂલક આધ્યાત્મિકતા છે. ચિત્ત, શુદ્ધ થતાં સમાનતા, પરોપકાર, બંધુતા, ત્યાગ, કરુણા, સત્ય, પ્રેમ, અહિંસા, નિસ્વાર્થતા, શુદ્ધાચાર જેવા ગુણો વિકસે, ન અન્યથા. ગાંધીજીએ આ સર્વ આચરણથી સિદ્ધ પણ કર્યું. આ સર્વ ગુણોના આચરણના અનેક પ્રસંગો ગાંધીજીના જીવનમાંથી મળે છે, જે સૌને સુવિદિત છે અને પ્રેરક પણ છે. એનો ઈતિહાસ ઉજ્જવળ છે. ગાંધીજીની સત્યપ્રીતિ અને સમાનતાભાવના બેએક ઉદાહરણ જોઈએ. ગાંધીજીએ આશ્રમને 'સત્યાગ્રહ આશ્રમ' નામ આપ્યું, તેમની આત્મકથાને ' સત્યના પ્રયોગો' તરીકે ઓળખાવી, તેમના સામાજિક અને રાજકીય ક્રાંતિના કાર્યક્રમોને સત્યાગ્રહ કહ્યા તેમાં તેમની સત્યપ્રીતિ સચોટ રીતે પ્રગટ થાય છે. સમાનતા, બંધુતાના ભાવથી પ્રેરાઈને તેમણે આશ્રમમાં હરિજનોને વસાવ્યા અને ત્યારના રૂઢિચુસ્ત સમાજનો વિરોધ વહોર્યો અને કૃષ્ટ વેઠ્યાં, પણ સત્ય અને સમાનતાના આદર્શોને ન છોડ્યાં તેમાં તેમની અડગતા અને ધીરજ વ્યક્ત થાય છે. આશ્રમમાં હરિજનોને પ્રવેશ આપ્યો. તેમાં તેઓ નરસિંહના સમાનધર્મી વૈષ્ણવજન દેખાય છે ને ! નરસિંહ પણ જ્ઞાતિજનોનો વિરોધ વહોરીને અને તેનાં પરિણામનાં કષ્ટ વેઠીને, માનવધર્મનું પાલન કરતાં, હરિજનવાસમાં કીર્તન કરવા ગયા જ હતા ને ! પાંચસો વર્ષ પહેલાંના માનવધર્મી ભક્ત નરસિંહ અને ગાંધીજીના હૃદયભાવોનો સેતુ કેવો અદ્‌ભૂત રીતે રચાઈ જાય છે ! આશ્રમની આર્થિક ભીંસ વેઠવા છતાં ગાંધીજીએ સત્ય અને સમાનતાના આદર્શોને અડગતા અને ઈશ્વરશ્રદ્ધાથી પાળ્યા હતા.

નરસિંહના પદમાં એવું તે શું છે કે જેથી આ બે વૈષ્ણવજનોના હૃદયભાવનો સેતુ રચાઈ ગયો તે સદ્દષ્ટાંત જોઈએ. આગળ જોયું તેમ નરસિંહને કોઈ સાંપ્રદાયિક કૃષ્ણભક્ત અભિપ્રેત નથી જ નથી. તેમાં વર્ણવેલા વૈષ્ણવના ગુણો એ માનવધર્મના ગુણો છે. તેમાં માનવતાના ધર્મનો મહિમા છે. જેનામાં આ ગુણોનું આચરણ હોય તે સાચો વૈષ્ણવજન એવું આ પદનું તાત્પર્ય છે. ધ્યાનથી જોઈશું તો દેખાશે કે નરસિંહે તેમાં તેમના આરાધ્ય કૃષ્ણનો ઉલ્લેખ, તેમની સ્તુતિ, તેમનાં સ્વરૂપવર્ણન, તેમની શક્તિ અને તેમનાં અલૌકિક કાર્યોની વાત પણ કરી નથી. હા, ' રામનામ શું તાળી રે લાગી' પંક્તિમાં રામનો ઉલ્લેખ છે ખરો, પણ ગાંધીજીએ અન્યત્ર કહ્યું છે તેમ તેમનો રામ દશરથનો પુત્ર નથી, પણ તે નામ તેમને મન પરમાત્માનો પર્યાય છે. અને તે અર્થમાં એ પદ તેમને પ્રિય થઈ ગયું. માનવધર્મના પાલન માટે આવશ્યક ગુણોનો મહિમા કરતું આ પદ બિનસાંપ્રદાયિક છે તે સ્પષ્ટ છે. અને તેથી સર્વ ધર્મને સમાન માનનાર, સર્વધર્મ સમભાવની ભાવનાથી જેમણે પોતાની પ્રાર્થનામાં સર્વ ધર્મના મંત્રોને સ્થાન આપનાર ગાંધીજીએ આ પદની સમુચિત મહત્તા સ્થાપી. ગાંધીજી ભાષણ કરતાં આચરણને જ વિશેષ મહત્ત્વ આપતા અને તેને વિશેષ અસરકારક માનતા. તેઓ કહેતા કે સવા મણ ભાષણ કરતાં અધોળ આચરણ વધારે વજનદાર-અસરકારક બને છે. નરસિંહે પદમાં આચરણનો સંકેત આપતાં ક્રિયાપદો વાપર્યાં છે તે ક્રિયાપદનાં રૂપો જોવાથી સ્વીકારવું પડે. દસ પંક્તિના પદમાં પંદર ક્રિયાપદોનો પ્રયોગ કંઈ અમસ્તો નથી થયો. આ ક્રિયાપદ રૂપો, 'જાણો', 'કરો', 'આણો', 'ત્યાગો', 'રાખો', ' નિવારો' જેવાં બોધાત્મક કે આદેશાત્મક નથી, પરંતુ 'જાણે', કરે', 'આણે', 'ત્યાગે', 'રાખે' જેવાં આત્મિયતાથી ગુણપાલન માટેનાં સૂચનરૂપ છે. આદેશ નહીં પણ આત્મિય સૂચનનો મર્મસંકેત નરસિંહની અભિવ્યક્તિમાં કદાચ અસંપ્રજ્ઞાતપણે આવી ગયો હશે ! ગમે તે હો, પણ તે ક્રિયાપદરૂપોમાંથી ફલિત થતો આ સંકેત કોઈપણ મર્મજ્ઞ, સહૃદય ભાવકને સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. આચરણનું મહત્ત્વ સ્થાપનાર ગાંધીજીને આ ગમી જાય, હૃદયમાં વસી જાય તેવી વાત છે. નરસિંહના પદના સંકેતનો એક મર્મ એ પણ છે કે પદમાં વર્ણવેલા ગુણો જેનામાં હોય તે વૈષ્ણવ. ગાંધીજી આ ગુણોનું આચરણ કરનાર પરમ વૈષ્ણવજન છે તે સિદ્ધ વાત છે. નરસિંહે આ પદમાં વર્ણવેલા કયા ગુણ ગાંધીજીમાં નથી ! તેમનામાં અન્યના દુઃખ અને પીડા માટે હૃદયદ્રાવક સમસંવેદન છે, અભિમાનરહિત એટલે કે શુદ્ધ સેવાધર્મથી પ્રેરિત ઉપકારભાવ છે, તેઓ વાણી, મન અને કર્મથી નિશ્ચલ અને શુદ્ધ છે. સત્યના ચુસ્ત આગ્રહી છે તે આપણે સદૃષ્ટાંત આગળ જોઈ ગયા. ત્યાગી છે અને આચરણમાં શુદ્ધ છે. તેમની ઈશ્વરશ્રદ્ધા અવિચલ છે, નિંદા તો તેમના સ્વભાવમાં નથી; પરંતુ અન્યના ગુણ જોનાર અને તેની કદર કરનાર છે. તેઓ વણલોભી અને કપટરહિત છે. તેમના વાણી-વર્તન ખુલ્લા મનનાં હોય છે. તેમણે કામ, ક્રોધ નિવાર્યા છે. આ પ્રત્યેક ગુણના આચરણના અનેક પ્રસંગો ગાંધીજીના જીવનમાંથી ટાંકી શકાય. પરંતુ તેમના વણલોભીપણા અને ત્યાગશીલતા બંને જેમાં પ્રગટ થાય છે તેવું એક દૃષ્ટાંત પર્યાપ્ત થશે. લોકસેવાને પ્રભુસેવા માનનાર ગાંધીજીનું વણલોભીપણું અને ત્યાગ અદ્વિતીય છે. લોકસેવા અર્થે તેમણે કુટુંબનાં સુખ અને હિતનો વિચાર શુદ્ધાં કર્યો નથી. એ ચિંતા તેમણે ઈશ્વરને સોંપી. પોતાના પુસ્તકોનાં હક પણ ન રાખતાં. તે નવજીવનને આપી દીધા. એકમાત્ર 'આત્મકથા'ના હક પણ રાખ્યા હોત તો તેમની પેઢીઓ સુખસાહ્યબીમાં જીવતી હોત. કેટલો મોટો ત્યાગ ! કેવું મહાન વણલોભીપણું ! નરસિંહનો ગાંધીજી જેવો ત્યાગી અને વણલોભી, ત્યારે અને આજે શોધ્યો જડે ખરો !

ગાંધીજીને ગમી ગયા તેવા જે ગુણો નરસિંહે દર્શાવ્યા છે તે સંક્ષેપથી જોવા આવશ્યક છે. જે અન્યની પીડા સહૃદયતાથી સમજે, નિસ્વાર્થભાવે ઉપકાર કરે પણ તેનું અભિમાન ન રાખે, કે ઉપકૃત ઉપર તેનો ભાર ન ચડાવે. એટલે કે તે વિનમ્ર અને સેવાભાવી હોય. તે કોઈની નિંદા ન કરે, બલ્કે ગુણ જોનારો હોય. તે મન, વચન અને ચારિત્ર્યથી શુદ્ધ હોય. જેનામાં માનવમાત્રની સમાનતાનો, બંધુતાનો સમદૃષ્ટિભાવ હોય, જેની દૃષ્ટિ પવિત્ર હોય, જે વણલોભી, કપટરહિત અને તૃષ્ણારહિત હોય. ગાંધીજીની દૃષ્ટિએ સેવા કરવાના અંગત લાભનો લોભ કે તૃષ્ણા ન હોય. તે અસત્ય ન બોલે. લાભના લોભે અસત્ય બોલી બીજાનું ધન પડાવી ન લે, અરે પરધન હાથમાં પણ ન ઝાલે, તે મોહ -માયાથી પર હોય, એટલે કે પારકા, પોતાના, ઊંચ-નીચ, ગરીબ- તવંગરના ભેદ મનમાં ન હોય, અર્થાત્ માનવ સમાનતાનો ભાવ હોય, તે આસ્તિક હોય, જેનામાં ક્રોધ ન હોય, તાત્પર્ય કે અંતરમાં સ્વસ્થતા, સ્થિરતા અને શાન્તિ હોય. આ ગુણોનું આચરણ કરે તે સાચો વૈષ્ણવજન. એક સાચા નિષ્ઠાવાન સમાજસેવક માટે ગાંધીજીને આ ગુણો યોગ્ય રીતે જ આવશ્યક લાગ્યા.

દૃષ્ટાંતરૂપ બે એક પ્રસંગોથી આગળ જોયું તેમ ગાંધીજીએ આ સર્વ ગુણો પોતાના આચરણથી ચરિતાર્થ કર્યા છે. તેમ કરવા જતાં જે કંઈ દુઃખ કે કષ્ટ વેઠવાં પડ્યાં તે ગાંધીજીએ સ્વસ્થતા અને શ્રદ્ધાથી વેઠ્યાં છે તેમાં તેમણે પાછી પાની કરી નથી કે જીવનું જોખમ ખેડતાં તેઓ ખચકાયા નથી.

ગાંધીજીની આ સવાસોમી જયંતીના વર્ષમાં આઈન્સ્ટાઈને ગાંધીજીને આપેલી ભવ્ય અંજલિમાં સૂર પુરાવતાં તેમના શબ્દો ઉચ્ચારીશું કે, 'ભવિષ્યની પેઢીઓ ભાગ્યે જ માનશે કે હાડચામનો આવો માનવી ક્યારેય આ ધરતી પર વિચર્યો હતો.' આઈન્સ્ટાઈનના આ શબ્દોમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. એમ કહીએ કે આજે જગતને આવા કોઈ મહામાનવ, વૈષ્ણવજનની તાતી જરૂર છે.

☆ ☆ ☆

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૧૦ ● ● તા. ૧૬-૧૦-૯૫ ● ● Regd. No. MH By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. હીરાબહેન પાઠક

શ્રીમતી હીરાબહેન રામનારાયણ પાઠકનું ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મુંબઇમાં કેન્સરની લાંબી બીમારી બાદ ૭૯ વર્ષની વયે અવસાન થયું. ગુજરાતી સાહિત્યજગતનાં એક તેજસ્વી નારીએ આપણી વચ્ચેથી વિદાય લીધી. અંગત રીતે અમને એક સ્વજન ગુમાવ્યા જેટલું દુઃખ થયું. મારાં પત્ની અને હું હીરાબહેનને હંમેશાં 'માતાજી' કહીને બોલાવતાં અને એમને એ ગમતું પણ ખરું. સાચે જ માતાતુલ્ય અપાર વાત્સલ્ય અમને એમની પાસે અનુભવવા મળતું. અમારા કુટુંબના એક સભ્ય જેવાં તેઓ બની રહ્યાં હતાં. અમારી પુત્રી ચિ. શૈલજા એક બે વર્ષની હતી ત્યારથી અમે એમને ઘરે લઇ જતાં અને તેઓ એને 'ઢોકળાં માસી' કહીને બોલાવતાં, તે છેલ્લાં સાડત્રીસ વર્ષથી જ્યારે અમે મળીએ ત્યારે, ચિ. શૈલજાની ખબર પૂછતી વખતે 'ઢોકળાં માસી શું કરે છે ?' એમ કહીને જ તેઓ વાત કરતાં. અમારો પુત્ર ચિ. અમિતાભ પણ એકાદ વર્ષનો હતો ત્યારે એમના ઘરે લઇ જતાં ત્યારે તેઓ એને ખોળામાં લઇ રમાડતાં. છેલ્લાં દિવસોમાં અમે હીરાબહેનને હરકીશન હોસ્પિટલમાં જોવા ગયેલાં અને તે દિવસે સદ્ભાગ્યે તેઓ ભાનમાં હતાં અને બોલવાની સ્વસ્થતા અને તાકાત હતી ત્યારે એમણે 'ઢોકળાં માસી'ની અને અમિતાભની ખબર પૂછેલી.

હીરાબહેન સાથેનો મારો પરિચય ઠેઠ ૧૯૪૯માં શરૂ થયેલો. ૧૯૪૯માં હું એમ.એ.નો અભ્યાસ કરતો હતો ત્યારે બળવંતરાય ઠાકોર અને રામનારાયણ પાઠકની નિમણૂંક મુંબઇ યુનિવર્સિટીએ એમ.એ.ના માનાર્હ અધ્યાપક તરીકે કરેલી અને તેઓ બંને વિલસન કોલેજમાં અમારા વર્ગ લેવા આવતા. ત્યારથી એ બે વડીલ સાહિત્યિકારોને ઘરે જવા આવવા જેટલો અંગત સંબંધ મારે થયેલો. પાઠક સાહેબ અત્યંત સંવેદનશીલ હતા: એમ. એ.ના વર્ગમાં ભણાવતી વખતે જ્યારે જ્યારે સરસ્વતીચંદ્ર અને કુમુદની વાત નીકળે ત્યારે તેઓ ગળગળા થઇ જતા અને એમની આંખમાંથી આંસું વહેતાં. કોઇક વાર તો તેઓ પોતાની જાતને રોકી શકતા નહિ અને હવે પોતાનાથી વધુ બોલાશે નહિ એવો ઇશારો કરી તેઓ વર્ગ પૂરો કરી ઊભા થઇ જતા. પાઠક સાહેબ વિલસન કોલેજની પાસે જ બે મિનિટના અંતરે રહેતા એટલે કેટલીક વખત અમે એમને ઘરે મળવા જતા અને ત્યારથી હીરાબહેન સાથે પણ અંગત પરિચય થયેલો.

૧૯૫૦માં એમ.એ. થયા પછી હું આરંભમાં પત્રકારત્વના ક્ષેત્રમાં અને ત્યારપછી કોલેજમાં અધ્યાપનના ક્ષેત્રમાં કામ કરતો રહ્યો હતો. એમ.એ. પછી મારે પીએચ.ડી.નો અભ્યાસ કરવો હતો. નળ-દમયંતીની કથાનો વિષય મારે પીએચ.ડી. માટે રાખવો એવી ભલામણ બળવંતરાય ઠાકોરે મને કરી હતી. 'મનીષા' નામના મારા સોનેટ-સંગ્રહના સંપાદન નિમિત્તે બળવંતરાયને ઘરે દર અઠવાડિયે જવાનું થતું. તેમણે નળદમયંતીની કથાનો વિષય સૂચવ્યો, પણ તેઓ ગાઇડ નહોતા. મુંબઇ યુનિવર્સિટીમાં પીએચ. ડી.ના ગાઇડ તરીકે મુંબઇમાં શરૂઆતનાં વર્ષોમાં એક માત્ર પાઠક સાહેબ જ હતા. એટલે જે કોઇને પીએચ.ડી.નો અભ્યાસ કરવો હોય તેમણે પાઠક સાહેબ પાસે જ જવું પડે. મેં ૧૯૫૧માં 'નળ અને દમયંતીની કથાનો વિકાસ' એ વિષય ઉપર પીએચ.ડી.નો અભ્યાસ કરવાનું વિચાર્યું. એ માટે પાઠક સાહેબને મળવા ઘણી વાર ગયો હતો. મારા આ વિષયમાં પાઠક સાહેબને પોતાને પણ ઘણો રસ હતો.

પ્રેમાનંદ અને ભાલણના નળાખ્યાન ઉપરાંત રામચંદ્રસૂરિ કૃત 'નલ વિલાસ' નાટક વિશે એમણે અભ્યાસ કર્યો હતો. પરંતુ એમના માર્ગદર્શન હેઠળ હું વિધિસર મારો વિષય નોંધાવું તે પહેલાં તો તેઓ અવસાન પામ્યા. આ વિષયને નિમિત્તે પાઠક સાહેબને ૧૯૫૧થી ૧૯૫૫ના ગાળામાં ઘણીવાર મળવાનું થયું હતું. એટલું જ નહિ કોઇ સભામાં કે રસ્તામાં તેઓ મળે ત્યારે મારા આ વિષયની ચર્ચા કરવા માટે ઊભા રહેતા. કોઇવાર મારું ધ્યાન ન હોય તો સામેથી બોલાવતા. પરંતુ એવી દરેક વખતે હીરાબહેન વાતને વાળી લઇને મને કહેતા, 'ભાઇ, ઘરે નિરાંતે મળવા આવજોને. અહીં મારે મોડું થાય છે.' હું કહેતો, 'તમારા ઘરે જ્યારે આવીએ ત્યારે ચારપાંચ જણ બેઠાં હોય અને મારી વાત સરખી થાય નહિ. અહીં રસ્તામાં બીજું કોઇ હોય નહિ એટલે પાંચ-સાત મિનિટની વાતચીતમાં પણ ઘણું જાણવાનું મળે છે.' હું જોતો હતો કે પાઠક સાહેબ વાત કરવાના ઘણા ઉત્સાહી રહેતા અને હીરાબહેનના અટકાવ્યા પછી પણ તેઓ વાત કરવાનું ચાલુ રાખતા. પાઠક સાહેબને સાહિત્યના અધ્યયન સંશોધનમાં જે ઊંડો રસ હતો એને લીધે જ તેઓ આટલી નિરાંતે વાત કરી શકતા.

હીરાબહેનનો જન્મ ૧૯૧૬માં મુંબઇમાં થયેલો. એમના પિતાશ્રી કલ્યાણરાય મહેતા ચુસ્ત ગાંધીવાદી હતા. તેઓ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સાથે રહેલા. ગાંધીજીએ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' નામના ગ્રંથમાં પોતાના સાથીદાર તરીકે કલ્યાણરાયનો ઉલ્લેખ કર્યો છે. ગાંધીજી સાથે તેઓ કોઇ કોઇ વાર ચાલીસ માઇલ જેટલું અંતર પગે ચાલ્યા છે. દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા પછી તેઓ મુંબઇ આવીને સ્થાયી થયા હતા. તેઓ બાબુલનાથ પાસે રહેતા હતા. એજ

વિસ્તારમાં રહેતા સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાએ મને ૧૯૫૨-૫૩માં હીરાબહેન પાઠકના પિતાશ્રી અને ગાંધીજીના સાથીદાર તરીકે કલ્યાણરાય મહેતાનો પરિચય કરાવેલો. પરમાનંદભાઇએ કહેલું કે 'મારી દીકરી મધુરી અને એમની દીકરી હીરા બંને ખાસ બહેનપણી છે. મારી અને કલ્યાણરાયના જીવનની એક સમાન વાત એ છે કે મારી એક દીકરી મેના અને એમની એક દીકરી હીરાએ પોતાના કરતાં પચ્ચીસ વર્ષ મોટી ઉંમરની પરનાતની વ્યક્તિ સાથે પ્રેમલગ્ન કરી લીધાં. અમને બંનેને એ ઘટનાએ થોડો વખત અસ્વસ્થ કરી દીધા હતા.'

કલ્યાણરાય મહેતા રોજ સાંજે પોતાના ઘરેથી ચાલતા ફરવા નીકળતા અને ઠેઠ નરીમાન પોઇન્ટ સુધી જઇને પાછા આવતા. રોજ દસ-પંદર કિલોમિટર ચાલવાનો એમનો નિયમ હતો. તેઓ મરીનડ્રાઇવ પર મને ઘણીવાર મળતા અને પોતાના અનુભવોની વાત કરતા. તેઓ સ્વભાવે અત્યંત શાંત, પ્રસન્ન અને ઓછાબોલા હતા.

હીરાબહેને મેટ્રિક થયા પછી મુંબઇની કર્વે એટલે હાલની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં અભ્યાસ ચાલુ કર્યો હતો. ૧૯૩૬માં એમણે ગુજરાતી વિષય સાથે કર્વે યુનિવર્સિટીમાંથી જી.એ.ની ડિગ્રી મેળવી હતી. અને ૧૯૩૮માં હીરા કલ્યાણરાય મહેતાના નામથી એમણે 'આપણું વિવેચન સાહિત્ય' એ નામનો શોધનિબંધ લખીને કર્વે યુનિવર્સિટીની પી.એ.ની ડિગ્રી મેળવી હતી, જે મુંબઇ યુનિવર્સિટીની લગભગ એમ.એ.ની ડિગ્રી જેવી ગણાતી. એ શોધનિબંધ માટે એમના ગાઇડ રામનારાયણ વિશ્વનાથ પાઠક હતા. તેઓ કર્વે યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયના અધ્યાપક હતા. રામનારાયણ પાઠક ત્યારે વિધુર હતા. એકાવન-બાવન વર્ષની ત્યારે તેમની ઉંમર હતી. એમના માર્ગદર્શન હેઠળ બાવીસેક વર્ષનાં કુમારી હીરા મહેતા અધ્યયન કરતાં હતાં. આ શોધનિબંધને નિમિત્તે હીરાબહેનને રામનારાયણ પાઠકને વારંવાર મળવાનું થતું અને એને કારણે બંને વચ્ચે પરસ્પર સ્નેહાકર્ષણ થયું હતું. પોતાના કરતાં લગભગ ત્રીશ વર્ષ મોટા એવા રામનારાયણ પાઠક સાથે લગ્નકરવાં એ સામાજિક દૃષ્ટિએ ખળભળાટ મચાવે એવી ઘટના હતી. વળી બંનેની જ્ઞાતિ જુદી હતી. રામનારાયણ પ્રશ્નોરા નાગર હતા અને હીરાબહેન કપોળ વણિક કુટુંબનાં હતાં. સાતેક વર્ષ આ રીતે પરસ્પર મૈત્રી ચાલી, પછી તેઓએ લગ્ન કરી લીધાં.

હીરાબહેને જ્યારે પાઠક સાહેબ સાથે લગ્ન કર્યાં ત્યારે ઘણો ઉહાપોહ થયો હતો. (આજે આવી કોઇ ઘટના બને તો એટલો ઉહાપોહ કદાચ ન થાય) એ દિવસોમાં 'વંદે માતરમ્' દૈનિકમાં શામળદાસ ગાંધી અને યજ્ઞેશ શુકલે આ વિષયને બહુ ચગાવ્યો હતો. ગુજરાતના નામાંકિત, પ્રતિષ્ઠિત સાહિત્યકારો, કેળવણીકારો વગેરેના અંગત અભિપ્રાયો મેળવીને રોજેરોજ તેઓ છાપતા. ઘણાંખરાના અભિપ્રાય આ લગ્નની વિરુદ્ધ આવતા, તો કેટલાંકના અભિપ્રાયો એમની તરફેણમાં પણ આવતા. વળી 'વંદેમાતરમ્'માં એ દિવસોમાં પાઠક સાહેબ અને હીરાબહેનનાં લગ્ન ઉપર કટાક્ષ કરતાં કાર્ટુનો પણ છપાયાં હતાં. એ દિવસોમાં હું ઝેવિયર્સ કોલેજમાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતો હતો અને રામનારાયણ પાઠક અમારી કોલેજમાં વ્યાખ્યાન આપવા માટે આવેલા. વ્યાખ્યાનના અંતે સાહિત્ય વિશે પ્રશ્નોત્તરી હતી તેમાં કોઇક વિદ્યાર્થીએ પાઠક સાહેબ પાસે જઇને સીધો પોતાનો પ્રશ્ન મૂક્યો. પાઠક સાહેબ તો જેવા પ્રશ્નો આવતા કે તરત તેઓ વાંચતા અને જવાબ આપતા. આ વિદ્યાર્થીનો પ્રશ્ન હતો કે 'ગુરુથી પોતાની શિષ્યા સાથે લગ્ન થઇ શકે?' આ પ્રશ્ન સાંભળતાં જ વિદ્યાર્થીઓમાં ખળભળાટ મચી ગયો. અમારા ઝાલા સાહેબ અને મનસુખલાલ ઝવેરી ઊભા થઇ ગયા અને બોલ્યા કે 'કોઇએ અંગત પ્રશ્ન પૂછવાનો નથી.' પરંતુ પાઠક સાહેબે ખેલદિલીથી કહ્યું, 'કોઇ વિદ્યાર્થીઓને અટકાવશો નહિ.' પછી એમણે કહ્યું આ વિદ્યાર્થીએ જે પ્રશ્ન કર્યો છે તે અંગે મારો ઉત્તર એ છે કે 'ગુરુથી શિષ્યા સાથે લગ્ન થઇ શકે નહિ. મારી અંગત વાત જુદી છે. તેનાં કારણોની ચર્ચામાં હું અહીં નહિ ઊતરું. પણ હું એમ માનું છું કે ગુરુથી શિષ્યા સાથે લગ્ન ન થઇ શકે.' પાઠક સાહેબ એ પ્રસંગે જરાપણ અસ્વસ્થ થયા નહોતા કે ઉશ્કેરાયા નહોતા. અને સ્વબચાવ કરવાને બદલે પોતાનો જવાબ સિદ્ધાંતની દૃષ્ટિએ આપ્યો હતો.

હીરાબહેને પાઠક સાહેબ સાથે લગ્ન કર્યાં ત્યારે એમની ઉંમર ત્રીસેક વર્ષની પણ નહોતી. પાઠક સાહેબ એમનાથી ત્રીશેક વર્ષ મોટા હોવા છતાં હીરાબહેન માટે સંતાન પ્રાપ્તિની શક્યતા હતી. વળી સંતાન માટે તેમની પ્રબળ ઇચ્છા પણ ખરી. પરંતુ દૈવયોગે સંતાન પ્રાપ્તિનો કોઇ અવસર તેમને સાંપડ્યો નહિ. આથી જ હીરાબહેને પાઠક સાહેબનાં ગ્રંથોરૂપી માનસસંતાનોને મઠારવાનું અને નવા રૂપે પ્રકાશિત કરવાનું કાર્ય જીવનનાં છેલ્લા દિવસો સુધી કર્યા કર્યું.

લગ્ન પછી હીરાબહેન અને પાઠક સાહેબ થોડો વખત અમદાવાદમાં રહી આવીને પછી મુંબઇમાં ગ્રાંટ રોડ પાસે એક ફ્લેટમાં રહેવા લાગ્યાં હતાં. કેટલોક સમય તેઓ એ ઘરમાં રહ્યાં, પરંતુ પછી પાઠક સાહેબને હૃદયરોગની તકલીફ ચાલુ થઇ અને એ ઘરે દાદર વધારે ચઢવાના હોવાથી તેઓ બાબુલનાથ પાસે, ભારતીય વિદ્યા ભવનની સામેની ગલીમાં નવા બંધાયેલા મકાનમાં પહેલા માળે રહેવા આવ્યાં. આ નવું ઘર તેમના માટે બધી રીતે અનુકૂળ હતું અને બંનેના જીવનનાં અંત સુધી એ એમનું ઘર રહ્યું. આ નવા ઘરે પાઠક સાહેબે હીંચકો પણ બંધાવ્યો હતો. પુસ્તકો રાખવા માટે જગ્યા પણ ઘણી મોટી અને અનુકૂળ હતી. વળી પાઠક સાહેબ કનૈયાલાલ મુનશીએ સ્થાપેલા ભારતીય વિદ્યા ભવનમાં કામ કરતા, એટલે પગે ચાલીને ત્યા ત્રણ-ચાર મિનિટમાં પહોંચી શકતા. પાઠક સાહેબ મુંબઇના સાહિત્ય જગતના બળવંતરાય ઠાકોર અને કનૈયાલાલ મુનશીની જેમ અગ્રગણ્ય સાહિત્યકાર, પંડિત યુગના છેલ્લા પ્રતિનિધિ જેવા હતા. તેથી પાઠક સાહેબના ઘરે સાહિત્યકારોની અને સાહિત્યરસિક લોકોની અવરજવર ઘણી રહેતી. મુંબઇમાં હવે નવી પદ્ધતિનાં ઘરો બંધાવવાં ચાલુ થયા હતાં અને અલગ બાથરૂમ અને અલગ સંડાસને બદલે એક જ મોટી જગ્યામાં બાથરૂમ અને સંડાસ સાથે રાખવાની પશ્ચિમ જેવી પદ્ધતિ ચાલુ થઇ હતી. એથી પાઠક સાહેબ પોતે સ્વૈરવિહારીના પોતાના વિનોદી સ્વભાવ અનુસાર, મળવા આવેલાને કોઇ કોઇ વાર કહેતા કે 'મારા જેવા કબજિયાતવાળા માણસને માટે આ બહુ અનુકૂળ જગ્યા થઇ ગઇ. પેટ સાફ ન આવતું હોય તો અંદર જ આંટા મારવાનું ચાલુ કરી શકાય એટલો મોટો અમારો આ બાથરૂમ છે.' કોઇ કોઇ વખત હીરાબહેન આવી રમૂજ માટે પાઠક સાહેબને અટકાવતા અને કહેતાં કે 'બધાંને એકની એક વાત કેટલી વાર કહ્યા કરશો ? કંઇ બીજી સારી વાત કરોને !' પણ પાઠક સાહેબ હીરાબહેનનું માનતા નહિ. મેં પોતે પાઠક સાહેબના મુખે આ વાત છ-સાત વખત સાંભળી હશે. નવા ઘરમાં જૂના થયા પછી એમની એ વાત આપોઆપ બંધ થઇ ગઇ.

હીરાબહેન પાઠક સાહેબનું ખાવા-પીવા માટે ઘણું ધ્યાન રાખતા. ખરીદી માટે ખાદીનાં પહેરણ, ધોતીયું, પાયજામો ને ટોપી ખરીદવા ખાદી ભંડારમાં સાથે જતાં. હીરાબહેને પાઠક સાહેબને મળવા આવતા મુલાકાતીઓ ઉપર નિયંત્રણ ચાલુ કરી દીધું હતું. એ દિવસોમાં ટેલિફોન નહોતો એટલે મળવા આવનારા તો અચાનક જ આવી ચડ્યા હોય. પાઠક સાહેબને દરેકની સાથે નિરાંતે શાંતિથી વાત કરવાની ટેવ અને 'તમે હવે જાવ, એવા શબ્દો તો એમના મુખમાંથી નીકળે જ નહિ. પરિણામે એમના ઘરે જ્યારે જઇએ ત્યારે ત્રણ-ચાર માણસો બેઠા જ હોય. કોઇને અંગત વાત કરવી હોય તો પણ ફાવે નહિ. મુલાકાતીઓની અવરજવર બહુ વધી ગઇ ત્યારે હીરાબહેને ઘરની બહાર મુલાકાતનો સમય લખીને બોર્ડ મૂકી દીધું. સવારનાં પાઠક સાહેબ પોતાના સ્વાધ્યાય અને લેખનમાં પ્રવૃત્ત હોય, બપોરે જમીને આરામ કરે એટલે મુલાકાતનો સમય બપોરે ચારથી સાતનો જાહેર કરી દીધો. પછી ગમે તેવી વ્યક્તિ આગળ પાછળ મળવા જાય તો હીરાબહેન મુકાલાતીઓને બારણામાંથી જ વળાવી દેતા. આમ કરવું એ એમના માટે જરૂરી હતું. તો જ પાઠક સાહેબ 'બૃહદ્ પિંગળ' જેવો ગ્રંથ પૂરો કરી શક્યા. હીરાબહેનની આ

વધારે પડતી ચીવટને કારણે કેટલાક સાહિત્યકારોને માઠું લાગતું અને પોતાનો કચવાટ માંહોમાંહે વ્યક્ત કરતાં. બે વડીલ સાહિત્યકારોને અંદરોઅંદર બોલતા એક વખત મેં સાંભળ્યા હતા કે 'હીરાબહેન પાઠક સાહેબનું એટલું બધું ધ્યાન રાખે કે જાણે તેઓ તેમને અત્તરના હોજમાં નવડાવતા ન હોય !' તો બીજા સાહિત્યકારે કહ્યું, 'ભલેને અત્તરના હોજમાં નવડાવે. એમાં આપણું શું જાય છે ? પરંતુ તેઓ નવડાવતાં નવડાવતાં અત્તરના હોજમાં ડૂબાડી ન દે તો સારું !'

હૃદયરોગની બીમારી ચાલુ થયા પછી પાઠક સાહેબ નિયમિત ફરવાનું ચાલુ કર્યું હતું. તેઓ પોતાના ઘરેથી સાંજે કોઇ વાર હીરાબહેન સાથે તો કોઇવાર એકલા ફરવા નીકળી જતા અને બાબુલનાથના વિસ્તારમાં એક-બે કિલોમિટર જેટલું ચાલીને પાછા આવતા, પાઠક સાહેબને ઘરની બહાર જવું બહુ ગમે. પરંતુ હૃદયરોગની બીમારી પછી મુંબઇમાં બહાર જવાની એટલી અનુકૂળતા નહોતી. મુંબઇમાં પણ જ્યાં દાદર ચડવાનો હોય તેવી જગ્યાએ તેઓ જવાનું નિવારતા. એ દિવસોમાં મુંબઇમાં લેખક મિલનની પ્રવૃત્તિ સારી રીતે ચાલતી. પીતાંબર પટેલ એના મંત્રી હતા. ગુજરાત વિદ્યાપીઠમાં તેઓ પાઠક સાહેબના વિદ્યાર્થી હતા. એટલે પાઠક સાહેબનાં વ્યાખ્યાનો તેઓ વારંવાર ગોઠવતા. લેખક મિલન પાસે એટલું ભંડોળ નહોતું કે હોલના ભાડાના રૂપિયા ખર્ચીને વ્યાખ્યાનની પ્રવૃત્તિ ચલાવે. વળી ત્યારે એવી પ્રણાલિકા નહોતી. આથી અમારી ઝેવિયર્સ કોલેજના વ્યાખ્યાન ખંડમાં લેખક મિલનનાં વ્યાખ્યાનો યોજાતાં. તે ઘણું ખરું પહેલા કે બીજે માળે રાખવામાં આવતાં, પરંતુ પાઠક સાહેબનું જ્યારે વ્યાખ્યાન હોય ત્યારે હીરાબહેનના આગ્રહથી ભોંયતળિયે કેમિસ્ટ્રીનો રૂમ અમે ખોલાવતા કે જેથી કરીને પાઠક સાહેબને દાદરો ચડવો પડે નહિ.

ફરવાનું સારી રીતે મળે અને ચિત્ત બીજી વાતમાં પરોવાય અને હળવું થાય એવા આશયથી હીરાબહેને પાઠક સાહેબ માટે એક સરસ ઉપાય શોધી કાઢ્યો હતો. તેઓ સવારે કે સાંજે બાબુલનાથથી એચ રૂટની (હાલ ૧૦૩ નંબરની) ખાલી બસમાં બેસે અને ઠેઠ કોલાબા કે આર. સી. ચર્ચ સુધી એક કલાકે પહોંચે. ત્યાં તેઓ બસની અંદર જ બેસી રહે અને એ જ બસમાં પાછા બાબુલનાથ આવી પહોંચે. આવી રીતે તેઓ જુદે જુદે સ્થળે જતા અને એ જ બસમાં પાછા ફરતાં. જવાનું પ્રયોજન બીજું કંઇ જ નહિ. બસ-રાઇડમાં આ રીતે તેમના ત્રણેક કલાક આનંદમાં પસાર થતા. દરેક સ્ટોપ ઉપર મુસાફરોની ચડ-ઊતર, અવર-જવર જોવા મળે. વૃદ્ધાવસ્થામાં પાઠક સાહેબ માટે મુંબઇ નગરીના જીવનમાં આ એક સારો ઉપાય હતો.. ૧૯૫૫માં પાઠક સાહેબનું અવસાન થયું તે દિવસે પણ તેઓ બસમાં ફરીને પાછા બાબુલનાથ ઊતર્યા અને ત્યાંથી ચાલતા ચાલતા ઘર પાસે પહોંચવા આવ્યા તે પહેલાં જ મકાનના દરવાજા પાસે તેમને હૃદયરોગનો મોટો હુમલો આવ્યો. તેઓ ત્યાં જ અવસાન પામ્યા. એ પ્રસંગે હીરાબહેને ઘણું કલ્પાંત કર્યું હતું. ત્યારપછી પાઠક સાહેબના શબને જ્યારે લઇ જવામાં આવતું હતું ત્યારે પણ હીરાબહેન શબને વળગી પડ્યાં હતાં. અને આર્તસ્વરે બોલતાં હતાં, 'હું તમને નહિ લઇ જવા દઉં...તમે મને મૂકીને કેમ ચાલ્યા જાવ છો ?...'

હીરાબહેનને આ ઘટનાથી કેટલો ઊંડો આઘાત લાગ્યો હતો તેની ત્યારે પ્રતીતિ થઇ હતી.

પાઠક સાહેબના અવસાન પછી હીરાબહેન ઘણાં વ્યાકુળ રહેતાં. સાંત્વન માટે તેઓ તત્ત્વજ્ઞાનના ગ્રંથો વાંચતાં,પરંતુ સંસ્કૃત ભાષામાં લખાયેલા ગ્રંથોનું રહસ્ય સહેલાઇથી સમજાતું નહીં, કારણ કે કોલેજના અભ્યાસ દરમિયાન એમણે સંસ્કૃત ભાષા વિષય તરીકે લીધી નહોતી. એ અરસામાં એકાદ વખત ઉમાશંકર જોશીએ હીરાબહેનને કહેલું કે 'તમારે ઉપનિષદો વાંચવા હોય તો પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા પાસે જજો. હું પણ ભલામણ કરીશ.' ઉમાશંકરે ઝાલા સાહેબને એ માટે ભલામણ કરી. આથી હીરાબહેને ઝાલા સાહેબના ઘરે સ્વાધ્યાય માટે નિયમિત જવાનું ચાલુ કર્યું. આ પ્રકારના અધ્યયનથી એમને મનની ઘણી શાંતિ મળી. પછી તો ઝાલા સાહેબ સાથે એમને ઘર જેવો સંબંધ થઇ ગયો. ઝાલા સાહેબના વિદ્યાર્થી તરીકે અને કોલેજમાં સહ-અધ્યાપક તરીકે મારે પણ પિતાતુલ્ય એવા ઝાલા સાહેબના ઘરે ઘણીવાર જવાનું થતું. હીરાબહેન ત્યાં મળતાં. અમારી ઝેવિયર્સ કોલેજની સંસ્કૃત વિષયની એક વિદ્યાર્થિની બહેન મીનળ વોરા એક કોલેજમાં સંસ્કૃત વિષયની અધ્યાપિકા થઇ હતી. તે પણ ઝાલા સાહેબને મળવા આવતી. મીનળ પોતે મોટરકાર ચલાવે. એટલે મુંબઇના કોઇ સાહિત્યિક કાર્યક્રમમાં અમારે જવાનું હોય તો મીનળ અમને ત્રણેને લેવા આવે અને પાછા ફરતાં ઘરે મૂકી જાય. અમારો સાહિત્યિક સંગાથ આ રીતે ઘણાં વર્ષો સુધી ચાલ્યો. અને ઝાલા સાહેબના અવસાન પછી પણ બહેન મીનળ અને હીરાબહેન વર્ષો સુધી સાથે જતાં આવતાં રહેતાં.

પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાના સ્વર્ગવાસ પછી એમની સ્મૃતિ રહે એ માટે કશુંક કરવું જોઇએ એવું એમના વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોને લાગ્યું અને ઓછામાં ઓછું, ઝાલા સાહેબના લેખો ગ્રંથસ્થરૂપે પ્રગટ કરવા જોઇએ અને એ માટે ફંડ એકઠું કરવું જોઇએ એવો નિર્ણય કરી 'પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા સ્મારક સમિતિ' ની અમે રચના કરી. એની કેટલીક બેઠકો હીરાબહેનના ઘરે યોજવામાં આવતી. ગૌરીપ્રસાદ ઝાલાના અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં લખાયેલાં તમામ લખાણો પ્રગટ થઇ ચૂક્યાં. તે પછી સ્મારક સમિતિનું કશું કામ ન રહેતા એના વિસર્જન માટેની છેલ્લી બેઠક પણ હીરાબહેનના ઘરે રાખવામાં આવી હતી.

અમે એ દિવસોમાં ચોપાટી રહેતાં હતાં. એટલે પાંચેક મિનિટના અંતરે પગે ચાલીને હું અને મારાં પત્ની સાંજે હીરાબહેનને ઘણીવાર મળવા જતાં. ત્યારે અમારા કોઇને ઘરે ટેલિફોન નહોતો. હીરાબહેન ઘરમાં છે કે નહિ તે નીચેથી જ ખબર પડી જતી. તેઓ ઘરમાં હોય તો તેમની ગેલેરીની જાળી ખુલ્લી હોય અને લાઇટ ચાલુ હોય. પાઠક સાહેબને હીંચકાનો બહુ શોખ હતો અને તેમના ગયા પછી હીરાબહેનને પણ હીંચકે બેસીને લખવા વાંચવાનુ ચાલુ રાખ્યું હતું.

હીરાબહેન સાંજના ચોપાટી બાજુ ફરવા નીકળે તો અમારે ઘરે આવી ચડતાં. તેમને ગાવાનું બહુ ગમે. અમારે ત્યાં આવે ત્યારે એકાદ બે ગીત ગાયાં હોય. અમે કેટલીકવાર વિરાર પાસે આવેલા અગાશી તીર્થની યાત્રાએ જતાં. હીરાબહેન કેટલીકવાર અમારી સાથે અગાશીની યાત્રાએ પણ આવતાં.

પાઠક સાહેબના અવસાન પછી હીરાબહેને 'પરલોકે પત્ર' એ શિર્ષકથી પાઠક સાહેબને સંબોધીને વનવેલી છંદમાં કવિતા રૂપે પત્રો લખવા ચાલુ કર્યા હતા. એમની એ રચનાઓએ ગુજરાતી સાહિત્યકારોનું સારું એવું ધ્યાન ખેંચ્યું હતું. એ પત્રો ગ્રંથ રૂપે પ્રગટ થયા ત્યારે એ માટે હીરાબહેનને પારિતોષિકો પણ મળ્યાં હતાં. એ દિવસોમાં હીરાબહેનની સંવેદનશક્તિ એટલી ખીલી હતી કે તેઓ સાચઅં કવયિત્રી બની ગયાં હતાં. પોતાના ઘરે જે કોઇ મળવા આવે તેને પોતાની નવી લખેલી પંક્તિઓ સંભળાવતા. તેઓ વહેલી સવારે પાંચેક વાગે ઊઠી જતાં અને જાતે દૂધ લેવા જતાં તે વખતે દૂધની લાઇનમાં ઊભાં ઊભાં તેઓ 'પરલોકે પત્ર'ના કાવ્યોની પંક્તિઓની રચના કરતા. સવારનું શાંત, મધુર, શીતલ વાતાવરણ એમને માટે ઘણું પ્રેરક બનતું.

હીરાબહેનનું પાઠક સાહેબ સાથેનું દામ્પત્ય જીવન પ્રેમ અને બહુમાનપૂર્વકનું હતું. તેઓ પાઠક સાહેબમય બની ગયાં હતા. પાઠક સાહેબના અવસાન પછી પણ તેઓ તેમને સતત યાદ કરતાં રહેતાં . હીરાબહેનને ઘરે ગયા હોઇએ અને કંઇ વાત નીકળે તો તેઓ 'એ કહેતા કે...' એમ કહીને કેટલીય જૂની વાતોનું સ્મરણ તાજું કરતાં.

હીરાબહેને પાઠક સાહેબના અવસાન પછી તરત જ એક દૃઢ સંકલ્પ એવો કર્યો હતો કે પાઠક સાહેબના નામની જે કંઇ રકમ છે તે તથા પાઠક સાહેબને એમના ગ્રંથોમાંથી જે કંઇ રોયલ્ટી મળે તે રકમમાંથી પોતાની અંગત જરૂરિયાત માટે કશું જ લેવું નહિ. પોતાનું ગુજરાન નોકરીના

પગારમાંથી ચાલી રહે એમ હતું. એટલે પાઠક સાહેબની બધી રકમ સાહિત્યના કાર્યો માટે વાપરવાનો નિર્ણય કર્યો.

હીરાબહેનનો આ નિર્ણય ઘણો જ ઉદાર અને ઉદાત્ત હતો. પોતે કરકસરથી રહેતા, પણ પાઠક સાહેબની રકમ પોતાના માટે વાપરતા નહિ. પાઠક સાહેબની રકમમાંથી તેઓ ખાનગીમાં કેટલાંક સાહિત્યકારને આર્થિક સહાય કરતા. કેટલાંકને ગ્રંથ પ્રકાશન માટે મદદ કરતા અને છતાં એ બધી વાતોની કશી પ્રસિદ્ધિ ન થાય તેની ખેવના રાખતા. ગુજરાતી સાહિત્ય પરિષદને પણ આ રીતે એમણે પાઠક સાહેબના નામની જમા થયેલી રકમમાંથી માતબર રકમનું દાન આપ્યું હતું.

પાઠક સાહેબના અવસાન પછી હીરાબહેને સાહિત્યના ક્ષેત્રે કવિતા, વિવેચન લેખો, સંશોધન ઇત્યાદિ પ્રકારની લેખન પ્રવૃત્તિ ઠીક ઠીક કરી લીધી હતી. તેમને રણજિતરાય સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક વગેરે પ્રાપ્ત કર્યાં હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના વિભાગીય પ્રમુખ તરીકે પણ તેમની વરણી થઇ હતી અને પરિષદના ઉપ-પ્રમુખ તરીકે પણ તેમણે કેટલાંક વર્ષ માટે સારી સેવા આપી હતી. એ દિવસોમાં હીરાબહેન સાહિત્ય પરિષદની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતાં. ઉપ-પ્રમુખ અને વિભાગીય પ્રમુખનું સ્થાન પ્રાપ્ત કર્યાં પછી હીરાબહેનને એવી આશા હતી કે આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ દરમિયાન કોઇ મહિલા સાહિત્યકારને સાહિત્ય પરિષદના પ્રમુખનું સ્થાન મળવું જોઇએ. એમ જો થાય તો પોતે એને માટે યોગ્ય ઉમેદવાર છે એમ એમને લાગતું. પરંતુ સાહિત્ય પરિષદમાં તો પ્રમુખ ચૂંટણી માટે જે નિયમો છે તે જોતાં હીરાબહેન તેમાં ફાવી શકે નહિ. એટલે એમણે એ દિશામાં પ્રયાસ કરવાનું માંડી વાળ્યું.

મુંબઇમાં પોતાને ઘરે ફોન મેળવવો એ ઘણી તકલીફની વાત રહી છે. હીરાબહેનના ઘરે જ્યારે ફોન આવ્યો ત્યારે તેમને ખૂબ આનંદ થયો. ફોનથી તરત સંપર્ક થઇ શકે. કેટલેય ઠેકાણે જાતે જવું ન પડે અને કેટલાય કામ ઝડપથી કરી શકાય. હીરાબહેનના ઘરે આ ફોન આવ્યો એ એમને માટે ઉત્સવ જેવી ઘટના હતી, કારણ કે એથી ઘરમાં એકલતા લાગતી નહિ.

પોતાના ઘરે ફોન આવ્યા પછી હીરાબહેનના સંપર્કો ઘણાં વધી ગયા હતા. મુંબઇ અને ગુજરાતના સાહિત્ય જગતની પ્રવૃત્તિઓના વિવિધ પ્રવાહોથી ફોન દ્વારા તેઓ સતત પરિચયમાં રહેતાં. એને લીધે હીરાબહેનનો ફોન સતત રોકાયેલો રહેતો. માંડીને વાત કરવાની એમની પ્રકૃતિને લીધે પણ તેમની સાથેનો ફોન ઠીક ઠીક સમય સુધી ચાલતો. એમનો ફોન આવે અને 'છે...તે' શબ્દથી તેઓ કેટલીકવાર શરૂઆત કરતા અને વચ્ચે વચ્ચે પણ 'છે...તે', 'છે....તે' 'એમ...કે' બોલવાની પણ તેમને આદત હતી. એમના ઉચ્ચારનો જુદો જ લહેકો હતો. બધા દાંત પડાવ્યા પછી બત્રીશી આવી તે પછી હીરાબહેનના લહેકામાં થોડોક ફરક પડ્યો હતો, પરંતુ એમની ચેતનાની ઉષ્મા તો એવી જ અનુભવાતી. હીરાબહેનનો ફોન કોઇ કોઇ વાર તો કલાકનો સમય વટાવી જતો. અને એથી જ કંઇક કામ પ્રસંગે હીરાબહેનને ફોન કરવાનો હોય અને ઉતાવળમાં હોઇએ તો મનમાં એમ થાય કે 'હમણાં ફોન કરવો નથી; વાત કરવાની મજા નહિ આવે.'

એક દિવસ હીરાબહેને પોતાની ચિંતા વ્યક્તિ કરતાં અમને કહ્યું કે 'થોડા દિવસથી કોઇકનો રોજ રાતના બેથી ત્રણ વાગ્યાની વચ્ચે ફોન આવે છે. હું ઊઠીને લઉં છું પણ સામેથી કોઇ બોલતું નથી. કોઇક સતાવતું લાગે છે.' મેં કહ્યું. 'તમે એક નુસખો અજમાવી જુઓ. રાત્રે દસેક વાગે સૂઇ જાવ ત્યારે રિસીવર નીચે મૂકીને સૂઇ જાવ. અને સવારે છ વાગે ઊઠો ત્યારે રિસીવર પાછું મૂકી દો.' હીરાબહેને એકાદ મહિનો એ પ્રમાણે કરતાં અડધી રાતે આવતો ફોન બંધ થઇ ગયો હતો. પછીથી તો હીરાબહેને એવી ટેવ રાખી હતી કે કોઇનો પણ ફોન આવે કે તરત બોલતાં નહિ. સામેનો પરિચિત અવાજ હોય તો જ બોલવાનું ચાલુ કરે.

ઇ. સ. ૧૯૬૦ની આસપાસ હીરાબહેને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં એમ. એ.ના ગુજરાતી વિષયના એક્સર્ટનલ લેક્ચરર તરીકે મારા નામની ભલામણ કરી. દર અઠવાડિયે બે થી ત્રણ લેક્ચર એ યુનિવર્સિટીમાં લેવાનું મારે નક્કી થયું. એને લીધે એ યુનિવર્સિટીનાં સ્ટાફના સભ્યો સાથે મારે વધુ પરિચયમાં આવવાનું બન્યું. જ્યારે પણ લેક્ચર લેવા જાઉં ત્યારે પ્રિન્સિપલ ફાટકને બે ચાર મિનિટ માટે પણ મળવા જવાનું રહેતું હતું. સુંદરજીભાઇ બેટાઇ પણ ત્યારે ત્યાં બેઠેલા હોય. આ રીતે પ્રિન્સિપલ ફાટક સાથે મારે ગાઢ સંબંધ થયો અને પ્રતિવર્ષ એમ.એ.ના લેક્ચર માટે તેઓ મને નિમંત્રણ મોકલતા રહ્યા. આઠેક વર્ષ એ રીતે એ યુનિવર્સિટી સાથે એમ.એ.ના લેક્ચર્સને નિમિત્તે હું સલગ્ન રહ્યો. દરમિયાન એમ.એ.ના પરીક્ષક તરીકે પણ એ યુનિવર્સિટીમાં મારી નિમણૂંક થવા લાગી અને ગુજરાતી બોર્ડના સભ્ય તરીકે પણ મને નિયુક્ત કરવામાં આવ્યો. શ્રીમતી શારદાબહેન દીવાન ત્યારે રજિસ્ટ્રાર હતા. અને ઇશ્વરભાઇ કાજી ડેપ્યુટી રજિસ્ટ્રાર હતા. ઇશ્વરભાઇ કાજીને મારે વારંવાર મળવાનું થતું. તેઓએ હીરાબહેનની ભલામણથી તે વખતે મને એ યુનિવર્સિટીમાં કોઇકનું ગુજરાતીમાં લખેલું પુસ્તક ભાષાની દૃષ્ટિએ સુધારવા માટે આપ્યું. એ પુસ્તક તે બીજા કોઇકના પુસ્તકમાંથી કરેલી સીધી ઉઠાંતરી છે એવું મેં જ્યારે ઇશ્વરભાઇ કાજીને બતાવ્યું ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઇ ગયા હતા. પુસ્તક સુધારવાનું આ કામ મને સોંપ્યું તે બદલ તેઓ રાજી થયા અને તે લખનાર લેખકને બોલાવીને તેમણે આ ઊઠાંતરી બતાવી અને આખોય ગ્રંથ ફરીથી નવેસરથી લખાવ્યો. આથી કાજી સાહેબ સાથે પણ મારે ગાઢ પરિચય થયો. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં હું ગયો હોઉં ત્યારે કાજી સાહેબને નમસ્તે કર્યા વિના પાછો ફરું તો તેમને માઠું લાગતું.

યુનિવર્સિટી ગ્રાંટ કમિશને મુંબઇ યુનિવર્સિટી અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી માટે ગુજરાતી વિષયમાં પ્રોફેસરની પોસ્ટની મંજૂરી આપી, પરંતુ સરકારી કાર્યવાહીના કારણે તેનો અમલ થતાં તો પાંચેક વર્ષ નીકળી ગયાં. પરિણામે એ સ્થાનની ઉત્સુકતાપૂર્વક રાહ જોનાર એવા મનસુખલાલ ઝવેરી, સુંદરજી બેટાઇ વગેરે કેટલાક ધુરંધર પ્રાધ્યાપકો નિવૃત્તિવય વટાવી ચૂક્યા. એ સ્થાન તેમને મળ્યું નહિ. ગુજરાત યુનિવર્સિટીમાં ઉમાશંકર જોશીને પ્રોફેસરનું સ્થાન મળ્યું હતું. એટલે પ્રોફેસરના પદ માટેના ઉમેદવાર ઉમાશંકરની કક્ષાના હોવા જોઇએ એવી મોટી અપેક્ષા ત્યારે બંધાઇ હતી. એટલે આવું માનભર્યું પદ સહેલાઇથી કોઇના હાથમાં ન જવા દેવું એવી લાગણી વડીલ અધ્યાપકોમાં પ્રવર્તતી હતી. ત્રીસેક વર્ષ પહેલાંની એ પરિસ્થિતિ ઉપર આજના પ્રોફેસરોની કક્ષાના સંદર્ભમાં જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એ વખતે આપણાં વડીલ અધ્યાપકોએ કેવો અન્યાય ગુજરાતી ભાષાને અને સાથે સાથે આપણાં સમર્થ અધ્યાપકોને કર્યો હતો તે સમજાય છે.

૧૯૬૭/૬૮માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં પ્રોફેસરોની પોસ્ટ માટે યુ.જી.સી.ની મંજૂરી મળી હતી. એ પોસ્ટની જાહેરાત થતાં હીરાબહેન તો એ માટે અરજી કરવાનાં જ હતા, પરંતુ પ્રિન્સિપાલ ફાટકના આગ્રહથી મારે પણ એ પોસ્ટ માટે અરજી કરવાનું પ્રાપ્ત થયું હતું. મારી બહુ ઇચ્છા નહોતી. પરંતુ સંજોગો એવા ઊભા થયા હતા કે અરજી કરવી પડે તેમ હતી. એ માટે ઝાલા સાહેબની તથા હીરાબહેનની સંમતિ પછી જ મેં અરજી કરી હતી, એ દિવસોમાં હીરાબહેન માટે એક પ્રશ્ન એ ઊભો થયો હતો કે એમણે પોતાના શોધ નિબંધ પછી નવું કંઇ સંશોધન કાર્ય કર્યું ન હતું. પ્રોફેસરની પોસ્ટ પ્રાપ્ત કરવા માટે આવું કંઇક સંપાદન-સંશોધન કરવું આવશ્યક હતું. હીરાબહેને એ વિશે મને વાત કરી. ચંદ્રચંદ્રાવતીની વાર્તાનું સંપાદન ઇન્ટરવ્યૂ પહેલાં પ્રકાશિત કરવાની તેમની ઇચ્છા હતી. એ માટે તેમણે મારી સહાય માગી. ભારતીય વિદ્યા ભવનમાં બેસીને આ સંપાદન તૈયાર કરવામાં મેં તેમને સહાય કરી. એ વખતે હીરાબહેન પાસે નિખાલસતાથી એક વાત મેં રજૂ કરી કે, 'હીરાબહેન, પ્રોફેસરની પોસ્ટ માટે હું પણ અરજી કરવાનો છું.

એટલે ચંદ્ર-ચંદ્રાવતીના વાર્તાના સંપાદનમાં મેં તમને સહાય કરી છે એવો ઉલ્લેખ તમે ન કરો એવું હું ઇચ્છું છું, કારણ કે પ્રિન્સિપાલ ફાટક તો એ વાતને જ વળગી રહેશે કે હીરાબહેન કરતાં રમણલાલ શાહ ચડિયાતા છે.' હીરાબહેને એ વાત માન્ય રાખી .

એ દિવસોમાં મુંબઇમાં બે વ્યક્તિઓને પ્રોફેસરના પદ માટે અપાત્ર ઠરાવીને મુંબઇ યુનિવર્સિટી અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીએ ભારે અન્યાય કર્યો હતો એમ ઘણાંને ત્યારે લાગ્યું હતું. (૧) ડૉ. કાંતિલાલ બી. વ્યાસ અને (૨) શ્રીમતી હીરાબહેન પાઠક. ડૉ. કાંતિલાલ વ્યાસ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રખર અભ્યાસી અને સંશોધક હતા. તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર અને વળી ભાષા વિજ્ઞાનના પણ નિષ્ણાત હતા. પ્રોફેસરની પોસ્ટ માટે મુંબઇ યુનિવર્સિટીમાં એમણે જ્યારે અરજી કરી ત્યારે તેઓ એકમાત્ર ઉમેદવાર હતા. તેઓ એ સ્થાન માટે યોગ્ય જ હતા. છતાં આવું માનભર્યું સ્થાન એમને ન આપવાના દ્વેષભર્યા પ્રયાસો થયા હતા. ત્યારે પસંદગી સમિતિમાં પ્રો. અમૃતલાલ યાજ્ઞિક, પ્રો. બેટાઇ વગેરે હતા. પ્રો. અનંતરાય રાવળ અમદાવાદથી હેતુપૂર્વક આવ્યા નહિ. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના નિષ્ણાત ડૉ. કાંતિલાલ વ્યાસને ઇન્ટરવ્યૂમાં એમના અભ્યાસના વિષયના ક્ષેત્રને લગતો કોઇ પ્રશ્ન ન પૂછતાં બોદલેર, કેમુ, કાફકા, સાર્ત્ર, કીરકેગાર્ડ, એબ્સર્ડ ડ્રામા, એન્ટિનોવેલ, અસ્તિત્વવાદ વગેરે વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યા. જો કે પૂછનારનો પોતાનો એ વિષયોનો અભ્યાસ ઇન્ટરવ્યૂમાં પાસ થવા જેટલો નહોતો. દરેક પ્રશ્ન વખતે ડૉ. વ્યાસને જવાબ આપવો પડ્યો કે 'માફ કરજો, એ મારા અભ્યાસનો વિષય નથી.' આવી રીતે આવા આવા પ્રશ્નો પૂછીને પસંદગી સમિતિએ ડૉ. વ્યાસને કશું જ આવડતું નથી એવું વાઇસ ચાન્સેલર અને સરકારી પ્રતિનિધિ સમક્ષ બતાવીને પ્રોફેસરની પોસ્ટ માટે અપાત્ર ઠરાવ્યા. એવી જ રીતે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં રીડરની પોસ્ટ ધરાવનાર હીરાબહેન પાઠકને પ્રોફેસરની પોસ્ટ ન આપતાં અન્યાય થયો હતો. પસંદગી સમિતિમાં ઉમાશંકર જોશી પણ હતા. ઇન્ટરવ્યૂ પછી એકમાત્ર ઉમાશંકર જોશીએ હીરાબહેનને પ્રોફેસરની પોસ્ટ મળવી જોઇએ એવો અભિપ્રાય દર્શાવ્યો હતો. પસંદગી સમિતિની બેઠકમાં પ્રિન્સિપાલ ફાટકે હીરાબહેનના અધ્યાપનકાર્યથી પોતાને સંતોષ નથી એવું લેખિત નિવેદન રજૂ કર્યું. જેની કોઇ જરૂર નહોતી. એવા નિવેદન પાછળ કાવતરું હતું. એથી ઉમાશંકર આ બધી ચાલ સમજી ગયા, ગુસ્સે થયા અને કહ્યું; 'I smell a rat in this meeting' અને પસંદગી સમિતિના અહેવાલમાં પોતે બીજા સભ્યોના અભિપ્રાય સાથે સંમત નથી એવી વિરોધની નોંધ લખી અને વાઇસ ચાન્સેલર લેડી ઠાકરશીને પછી કહ્યું કે પોતે હવેથી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીનું કોઇ નિમંત્રણ સ્વીકારશે નહિ.

હીરાબહેનને પ્રોફેસરની પોસ્ટ મળી નહિ એનું દુઃખ ઘણું રહ્યું. પછી તો તેઓ રાજીનામું મૂકી યુનિવર્સિટીમાંથી વહેલાં નિવૃત્ત થઇ ગયાં.

જ્યાં સુધી કોલેજમાં અધ્યાપિકા તરીકે હીરાબહેન કામ કરતાં હતાં ત્યાં સુધી તો તેમનો સમય ક્યાં પસાર થઇ જતો તેની ખબર પડતી નહિ. પરંતુ નિવૃત્ત થયા પછી તેમણે નજીકમાં ભારતીય વિદ્યા ભવનમાં રોજેરોજ જઇને પોતાના અધ્યયનની પ્રવૃત્તિ સતત ચાલુ રાખી હતી. પોતાને નોકર-ચાકરના સમય સાચવવાની પરાધીનતા નહોતી ગમતી. એટલા માટે તેઓ કેટલાંક ઘરકામ હાથે જ કરી લેતાં. તેઓ સાદાઇથી રહેતાં અને સ્વાશ્રયી જીવન જીવતાં. સાંજે ભવનમાંથી તેઓ ઘરે આવે ત્યારે મળવા આવનાર વ્યક્તિઓનો મેળો જામતો. તેઓ ઘણી જુદી જુદી સંસ્થાઓમાં સલાહકાર તરીકે માર્ગદર્શન આપતા. મહિલાઓની સંસ્થાઓમાં તેઓ વધુ રસ લેતાં. નવોદિત લેખિકા કે કવિયિત્રીઓને તેઓ સારું માર્ગદર્શન આપતા. મુંબઇના સાહિત્ય જગતમાં એક મુરબ્બી તરીકે તેમનું મોભાભર્યું સ્થાન હતું. તેઓ સાહિત્યિક અને અન્ય વિષયના વ્યાખ્યાનો કે ચર્ચાઓના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેતા. તેઓ સશક્ત અને તરવરાટવાળાં હતાં અને ઘણી પ્રવૃત્તિઓને પહોંચી વળતાં.

અધ્યાપિકા તરીકેનું નોકરીનું કોઇ બંધન ન હોવાથી અને પોતાની લેખન પ્રવૃત્તિ કંઇક મંદ પડવાથી તથા પાઠક સાહેબના ગ્રંથોના પુર્નમુદ્રણને માટે કરેલી મોટી યોજના માટે ઠીક ઠીક સમય આપવો પડતો હોવાથી ૧૯૭૫ પછી હીરાબહેનનું પોતાના ઘરે નિયમિત રહેવાનું ઓછું અને ઓછું થતું ગયું. ક્યારેક ત્રણ-ચાર મહિના માટે તેઓ અમદાવાદ ગયાં હોય, ક્યારેક પોતાના ભાઇના ઘરે રહેવા ગયાં હોય, તો ક્યારેક વળી પોતાની ખાસ બહેનપણી બકા બહેનના ઘરે રહેવા ગયાં હોય. આવું વારંવાર બનવા લાગ્યું હતું. એથી મુંબઇના સાહિત્ય જગત સાથેના હીરાબહેનના સંપર્કમાં ઓટ આવી હતી. વળી જ્યારથી તેઓ ઇગતપુરીમાં શ્રી ગોએન્કાજીની વિપશ્યના ધ્યાનની સાધના કરી આવ્યાં હતાં ત્યારથી તેમના જીવનમાં એક વળાંક આવેલો જોઇ શકાતો હતો. પહેલાં હીરાબહેન મળે ત્યારે દસ સવાલ પૂછે અને ઘણી માહિતી મેળવે. તેને બદલે હવે હીરાબહેનને ઓછા સંપર્કો અને એકાંતવાસ વધુ પ્રિય બન્યાં હતાં. ફોનમાં પણ તેઓ ટૂંકી અને મુદ્દાસરની વાત કરતાં. તેઓ બિલકુલ બહાર જતાં નહિ એવું નહિ, પરંતુ ઉપયોગી અને અનિવાર્ય હોય એવા જાહેર કાર્યક્રમોમાં જતાં.

ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી પાઠક સાહેબના બધા જ ગ્રંથોના પુર્ન પ્રકાશનનું આયોજન થયું એથી હીરાબહેનને અત્યંત હર્ષ થયો હતો. જીવનની બહુ મોટી ધન્યતા તેમણે અનુભવી હતી. આ યોજના માટે પોતાની બીજી પ્રવૃત્તિઓ છોડી દઇને પણ તેઓ કામ કરવા લાગી ગયાં હતાં. વિદ્યમાન હતાં ત્યાં સુધી એમણે આ જવાબદારી સારી રીતે વહન કરી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીએ મુર્ધન્ય સાહિત્યકાર તરીકેનો 'ગૌરવ પુરસ્કાર' હીરાબહેનને આપવાનું નક્કી કર્યું એ સમયોચિત જ હતું. હીરાબહેનને આ પુરસ્કાર આપવા માટે શ્રી મનુભાઇ પંચોળી, શ્રી યશવંત શુકલ વગેરે મુંબઇ પધાર્યા અને હરકિશન હોસ્પિટલમાં જઇને પથારીવશ એવાં હીરાબહેનને આ પુરસ્કાર અર્પણ કર્યો એ ખરેખર એક મહત્ત્વની યાદગાર ઘટના બની રહી. એ પ્રસંગે માંદગીને બિછાનેથી હીરાબહેને પંદરેક મિનિટ સુધી પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. અશકત એવાં હીરાબહેનને અંદરના કોઇ અદમ્ય ઉત્સાહ અને ઉમંગે એમની પાસે આવું સરસ વક્તવ્ય કરાવ્યું હતું.

હીરાબહેનની તબિયત બગડી એ પછી નિદાન કરતાં ડૉક્ટરોને જણાયું કે તેમને હાડકાંના કેન્સરનો વ્યાધિ થયો છે. આ માટે તરત સારવાર ચાલુ થઇ. એમના ભાઇ બાલકૃષ્ણભાઇ હરકિશનદાસ હોસ્પિટલમાં મુખ્ય ટ્રસ્ટી એટલે હીરાબહેનની સારવારમાં તો કોઇ જ ખામી રહી નહિ, પરંતુ હીરાબહેનની માંદગી ઠીક ઠીક સમય સુધી ચાલી. વચ્ચે તો તેઓ બેભાન અવસ્થામાં હતાં ત્યારે કોઇને અંદર જવા દેવામાં આવતાં નહિ. તેઓ ઘરે આવ્યાં. ફરી પાછાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. તેમને સારું લાગતું હતું અને મુલાકાતીઓને મળવા દેવામાં આવતા હતા ત્યારે અમે એમની ખબર જોવા ગયેલાં. તે વખતે પૂરી સ્વસ્થતાપૂર્વક તેમણે અમારાં દીકરા-દીકરીનાં નામ દઇને પૂછતાછ કરેલી. એ પરથી લાગ્યું કે તેમની સ્મૃતિ હજુ સારી છે. જ્યારે જ્યારે એમને અસહ્ય પીડા થતી ત્યારે એમને પીડાશામક દવાઓ અને ઇન્જેક્શન આપવા પડતાં.

અલબત્ત બીમારી કેન્સરની હતી અને શરીર ઉત્તરોત્તર ઘસાતું જતું હતું તે જોતાં તેઓ હવે વધુ વખત નહિ કાઢે એવું લાગતું હતું. તેમની તબિયત વધુ લથડતી ગઇ અને હોસ્પિટલમાં રાખવાનું કોઇ પ્રયોજન નથી એમ જણાતાં ફરી પાછા એમને એમના ભાઇના ઘરે લઇ આવવામાં આવ્યાં અને એ ઘરે જ એમણે દેહ છોડ્યો.

હીરાબહેનનું સ્મરણ થતાં કેટલા બધા પ્રસંગો નજર સામે તરવરે છે ! પાઠક સાહેબના સંયોગથી તેઓ ધન્ય અને સાર્થક જીવન જીવી ગયાં. તેમની ઉચ્ચ કોટિની ચેતનામાંથી ઘણાંને પ્રેરણા મળી રહે એમ છે.

સ્વ. હીરાબહેનના આત્માને નત મસ્તકે અંજલિ અર્પું છું.

☐ રમણલાલ ચી. શાહ

# માણસના જીવનને કલ્પનાના રંગે જોતા
# કવિ વિલિયમ વર્ડ્ઝવર્થ

☐ ચી. ના. પટેલ

વર્ડ્ઝવર્થે તેમના મિત્ર કોલરિજના સહકારથી ૧૭૯૮માં 'લિરિકલ બેલડ્ઝ' નામનો સંયુક્ત કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો તેમાં કોલરિજે ૧૮૧૭માં પ્રગટ થયેલા તેમના સાહિત્યિક આત્મકથાનક જેવા પુસ્તક Biographia Literariaમાં સમજાવ્યા પ્રમાણે બે મિત્રો વચ્ચે સમજૂતી એવી હતી કે કોલરિજ પોતાનાં કાવ્યોમાં કલ્પના સૃષ્ટિનાં પાત્રોને વાસ્તવિકતાનો આભાસ આપશે અને વર્ડ્ઝવર્થ તેમનાં કાવ્યોમાં વાસ્તવિક પ્રસંગો, પરિસ્થિતિઓ અને પાત્રોને કલ્પનાનો રંગ આપશે. કલ્પનાના રંગે પ્રેરાઇ વર્ડ્ઝવર્થની કલમ પ્રકૃતિ અને માણસના જીવન વચ્ચે આત્મીયતાનો સંબંધ આરોપે છે. માણસ અને પ્રકૃતિ વચ્ચેનો પ્રેમવિનિમય સમજાવવામાં તેમના એક કાવ્યમાં વર્ડ્ઝવર્થ બહેન ડૉરથીને કહે છે : 'એવી કોઇ કલ્યાણકારી શક્તિ છે કે જે માર્ચ માસના આ પહેલા દિવસે વાયુમાં, અને પર્ણવિહીન વૃક્ષોમાં પણ, આનંદની લહરીઓ વહેવરાવે છે. આજે સમગ્ર સૃષ્ટિમાં પ્રેમનો જન્મ થયો છે અને તે એક હૃદયમાંથી બીજા હૃદયમાં છૂપોછૂપો સરે છે, પૃથ્વીમાંથી માણસમાં અને માણસમાંથી પૃથ્વીમાં સરે છે. અત્યારની એ ક્ષણ આપણને બુદ્ધિથી પચાસ વર્ષ વિચાર કર્યા કરવાથી પણ ન મળે તેટલું આપશે'.

વર્ડ્ઝવર્થ માનતા કે પ્રકૃતિ અને માણસ વચ્ચે આવો પ્રેમવિનિમયનો સંબંધ છે તે સાથે તેઓ એમ પણ માનતા કે પ્રકૃતિ મૂંગાં પ્રાણીઓની પીડા પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. કોઇ ઉમરાવના શિકારનો ભોગ બનેલા નરસાબરને લગતા તેમના કાવ્યમાં કવિએ પ્રકૃતિનું એ નરસાબર પ્રત્યેની સહાનુભૂતિનું વાચકને સચોટ દર્શન કરાવ્યું છે. એ કાવ્યમાં ઉમરાવ પોતાના કૂતરાઓ સાથે નરસાબરની પાછળ પડ્યો ત્યારે તે નરસાબર પોતાનો જીવ બચાવવા એક ટેકરી ઉપરથી ત્રણ કૂદકા મારી ટેકરીની પાસે વહેતા ઝરણ પાસે પડ્યો અને મૃત્યુ પામ્યો. આને પોતાનું પરાક્રમ માની એ માનેલા પરાક્રમની સ્મૃતિમાં ઉમરાવે વહેતા ઝરણાંનું પાણી ભરાય એવો એક કુંડ બનાવરાવ્યો. નરસાબરે ટેકરી ઉપરથી ત્રણ કૂદકા માર્યા હતા તેની નિશાનીરૂપે ત્રણ સ્તંભ ચણાવ્યા અને પોતાના અને પોતાની પ્રેમિકાના આનંદ-પ્રમોદ માટે એક વિલાસગૃહ બંધાવ્યું.

તે પછી એક દિવસ કવિ એ સ્થળે ગયા ત્યારે તેમને ત્યાં રહેતા એક ભરવાડ પાસેથી જાણવા મળ્યું કે એ સ્થળ પહેલાં ઘણું સુંદર હતું, પણ હવે તે જાણે શાપિત બની ગયું હોય તેમ ત્યાં નથી ઘાસ ઊગતું કે નથી શીતળ છાયા થતી, વૃક્ષો, ફુવારો, શિલાઓ બધું અદ્રશ્ય થઇ ગયું છે, વિલાસગૃહનું તો નામનિશાન નથી રહ્યું, અને આખી ખીણ સૂનકાર બની ગઇ છે. ભરવાડની આ વાત સાંભળી કવિ તેને કહે છે; 'વાદળોમાં, વાયુમાં, અને ઉપવનોનાં લીલાં પર્ણોમાં જે પરમ તત્ત્વ વસે છે તે સર્વ નિર્દોષ પ્રાણીઓ ઉપર પ્રેમ રાખે છે અને તેમની પ્રત્યે ઊંડો પૂજ્યભાવ રાખી તેમના ક્ષેત્રની ચિંતા કરે છે. આ પ્રસંગ ઉપરથી આપણે બન્નેએ બોધપાઠ લેવાનો છે કે, સુખદુઃખનાં સંવેદનવાળાં ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીને પણ કષ્ટ આપીને આપણે આપણાં આનંદ કે ગર્વ ન પોષીએ.'

વળી વર્ડ્ઝવર્થ એમ પણ માનતા કે પ્રકૃતિ જેમ મૂંગાં પ્રાણીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે તેમ તેની દૃષ્ટિએ કોઇ ભિખારીના જીવનનું પણ મૂલ્ય છે. એક ગરીબ ભિખારીને જોઇ કરુણા અનુભવતા કવિ રાજપુરુષોને ઉદ્દેશીને કહે છેઃ 'તમારા ડહાપણમાં તમે જગતમાં ઉપદ્રવ કરનારી સર્વ વસ્તુઓને વાળીઝૂડીને સાફ કરી નાખવા માટે ઝાડુ રાખો છો, પણ જો જો કોઈ ભિખારીને પૃથ્વી ઉપર ભારરૂપ માનતા નહિ. પ્રકૃતિનો કાનૂન છે કે ઇશ્વરે સર્જેલું ક્ષુદ્રમાં ક્ષુદ્ર, દુષ્ટમાં દુષ્ટ, અને પાશવી વૃત્તિનું, મંદમાં મંદ બુદ્ધિનું કે ઉપદ્રવી પ્રાણી શુભ ભાવનાઓથી રહિત નથી હોતું. એવા ઘણા ધનિકો છે જે સમાજના બધા નીતિ નિયમો પાળે છે અને જેમની વચ્ચે તેઓ રહે છે તેમની ઉપર પ્રેમ રાખે છે. પણ જઇને કોઇ ગરીબને પૂછો, એવા ધનિકોની શુષ્ક નીતિમત્તા અને તેમનાં દાનો આત્માને સંતોષી શકે ખરાં ? ના, કદી નહિ. માણસને માણસ જ પ્રિય છે. ગરીબમાં ગરીબ માણસને પણ તેના શુષ્ક જીવનમાં પોતે કોઇને આશીર્વાદરૂપ બન્યો હોય, જેમને સ્નેહની જરૂર હોય તેમને પોતે સ્નેહ આપ્યો હોય એવી ક્ષણોની ઝંખના રહે છે, અને તે માત્ર એક જ કારણ, કે આપણા બધામાં એક જ માનવહૃદય ધબકે છે.'

આવી માન્યતાથી પ્રેરાઇ વર્ડ્ઝવર્થે સામાન્ય સ્ત્રી-પુરુષોનાં જીવનની કરુણતાનાં અને વિપરીત સંયોગોને પણ સહન કરી લેતી વ્યક્તિઓનાં શબ્દચિત્રો આલેખ્યાં છે. કોઇ વ્યક્તિના દુઃખ સાથે તાદાત્મ્ય અનુભવી એ વ્યકિતના પરસ્પર વિરોધી મનોભાવોનું નિરૂપણ કરવાની તેમની કુશળતા એલિસ ફેલ નામની એક આઠ-નવ વર્ષની ગરીબ છોકરીને લગતા હૃદયસ્પર્શી કાવ્યમાં જોવા મળે છે. એ કાવ્યમાં જે બગીમાં બેસી કવિ પ્રવાસ કરી રહ્યા હતા તે બગીની પાછળ એલિસ ચઢી બેઠી હતી અને તેનો ફાટેલો તૂટેલો ચીંથરેહાલ ડગલો બગીના પાછળના એક પૈડાના આરામાં ભરાઇ ગયો હતો અને એવા ડગલા માટે, કવિ કહે છે, એલિસ તેનું હૃદય ચિરાઇ જતું હોય એવું આક્રંદ કરતી હતી. કવિએ એલિસને પોતાની પાસે બગીમાં બેસાડી ત્યાં પણ તેણે ડૂસકે ડૂસકે રડવાનું ચાલું રાખ્યું. બગી પ્રવાસીઓ માટેના કોઇ વિરામસ્થાને આવી. ત્યાં કવિએ વિરામસ્થાનના માલિકને એલિસને નવો ડગલો અપાવવા પૈસા આપ્યા. બીજે દિવસે કવિએ જોયું તો વિરામસ્થાનના માલિકે તેને આપેલો નવો ડગલો પહેરીને એલિસ આગલા દિવસનું તેનું બધું દુઃખ ભૂલી ગઇ હતી અને પોતાને કોઇ મૂલ્યવાન વસ્તુ મળી હોય એમ તે આનંદથી ખીલી ઊઠી હતી.

એલિસ ફેલના જેવું જ હૃદયસ્પર્શી શબ્દચિત્ર ગ્રામવિસ્તારમાંથી કોઇ શહેરમાં ઘરકામ કરવા આવેલી સૂઝન નામની યુવતીને લગતા 'ગરીબ સૂઝનનું દિવાસ્વપ્ન' એ કાવ્યમાં છે. એ કાવ્યમાં શહેરની કોઇ શેરીના વળાંક પાસેથી પસાર થતાં સૂઝન કોઇ પંખીને ગાતું સાંભળે છે. તેણે ત્રણ વર્ષ સુધી દરરોજ પ્રભાતના સમયે એ ગીત સાંભળ્યું છે અને દરેક વાર એ પંખીનું ગીત, સંમોહન મંત્ર હોય તેમ, સૂઝનને પોતાના વતનની આસપાસનો પર્વત મૂર્તિમંત બનતો દેખાય છે, અને ત્યાંનાં ત્યાં દેખાતાં વરાળનાં ઉજ્જવળ વાદળો, ત્યાંની વહી જતી નદી, ત્યાંના લીલાંછમ ગોચરો કબૂતરને પોતાનો માળો પ્રિય હોય એવી પોતાની પ્રિય નાની સરખી ઝૂંપડી, એ સર્વ એ શહેરની શેરીમાં જ હોય એમ તેને તાદ્દશ દેખાય છે, અને કવિ કહે છે, સૂઝનનું હૃદય સ્વર્ગમાં પહોંચી જાય છે, પણ તે એ ક્ષણ માટે જ. સૂઝને જે જોયું હતું તે બધું ધીમે ધીમે ઝાંખું પડીને અદ્રશ્ય થઇ જાય છે. વર્ડ્ઝવર્થની કલમે આલેખેલા આ શબ્દચિત્રમાં આપણે ગ્રામ વિસ્તારમાંથી કોઇ શહેરમાં ઘરકામ કરવા જતી પણ સતત પોતાના વતન માટે ઝૂરતી હરકોઇ યુવતીની મનઃસ્થિતિ અનુભવીએ છીએ.

વર્ડ્ઝવર્થની કલમે વળી એક બીજું, વિપરીત સંયોગોમાં સ્વસ્થ રહેતી રૂથ નામની એક યુવતીનું ઘેરી કરુણતાના પાસવાળું શબ્દચિત્ર આલેખ્યું છે. રૂથ સાત વર્ષની થઇ ત્યારે તેની માતા મૃત્યુ પામી અને પિતાએ બીજું લગ્ન કર્યું. પણ, કવિ કહે છે, પિતાના ઘરમાં એકલી પડેલી રૂથ પોતાના વિચારો પોતાના મનમાં જ રાખતી અને પોતાનો આનંદ પોતાનામાંથી મેળવી લેતી. તે પછી રૂથ યુવાનીમાં આવતાં તેના

જીવનની કરુણતા શરૂ થઇ. અમેરિકાથી કોઇ યુવાન આવ્યો અને તેણે રૂથને ભોળવીને પોતાની સાથે લગ્ન કરવા સમજાવી, લગ્ન કરીને રૂથ અને એ યુવાન અમેરિકા ગયાં. ત્યાં યુવાન રૂથને છોડીને જતો રહ્યો. રૂથ એવી દુઃખી થઇ ગઇ કે છ માસમાં તેને ચિત્તભ્રમ થઇ ગયો અને તેને ચિત્તભ્રમના રોગીઓની ઇસ્પિતાલમાં રાખવામાં આવી. એ ઇસ્પિતાલમાં પણ રૂથ પોતાને થયેલા અન્યાયને યાદ કરીને આક્રોશ કરી કરીને ગાતી. એકાદ વર્ષ પછી રૂથ એ ઇસ્પિતાલમાંથી નાસી ગઇ. અને તે પછી જ્યાંથી તેને પસંદ પડે ત્યાંથી ખોરાક મેળવી લેતી અને જ્યાં ગમી જાય ત્યાં આશ્રય લેતી. હવે વળી પાછી, કવિ કહે છે, રૂથ ખેતરોમાં મુક્ત શ્વાસ લેતી થઇ અને છેવટે ટોન નામની એક નદીની પાસે આવીને ત્યાં એક લીલાછમ વૃક્ષ નીચે એકલી પડી રહેતી થઈ, શિયાળો હોય કે ઉનાળો હોય રૂથ એ જ વૃક્ષ નીચે પડી રહેતી અને ભૂખ લાગે ત્યારે આવતાજતા પ્રવાસીઓ પાસેથી ભીખ માંગીને ખાવાનું મેળવી લેતી. આમ, ઉપસંહાર કરતાં કવિ કહે છે કે, રૂથ પોતાનાં દુઃખની કોઇને ફરિયાદ કર્યા વિના દિવસો વિતાવતી અને પોતાની આવી એકલતામાં ક્યારેક વાંસળી વગાડીને પ્રસન્ન રહેતી.

તળાવના પાણીમાંથી જળો મેળવીને પોતાનો જીવનનિર્વાહ ચલાવતા એક વૃદ્ધને લગતા કાવ્યમાં વર્ડઝવર્થ એ વૃદ્ધને પણ રૂથની જેમ વિપરીત સંયોગોમાં સ્વસ્થ રહેતો નિરૂપ્યો છે. એ કાવ્યમાં એક દિવસ પ્રભાતના સમયે જ્યારે સર્વત્ર આનંદનું વાતાવરણ પ્રસર્યું હતું ત્યારે કવિનું મન તેઓ ન સમજી શકે એવા ખિન્નતાના આછાપાતળા ભાવોથી અને અર્થહીન વિચારોથી ભરાઇ ગયું. પોતાની એ મનઃસ્થિતિમાં, કવિ કહે છે, પોતાના કોઇ વિલક્ષણ સદ્ભાગ્યથી કે ઉપરથી ઊતરી આવેલી પ્રેરણાથી, એ એકાંત સ્થળમાં જોગાનુજોગ પોતે શ્વેત વાળવાળા વૃદ્ધોમાં સૌથી વૃદ્ધ લાગતા એવા એક વૃદ્ધને જોયો. એ વૃદ્ધ જાણે કે જીવતો ય નહોતો કે મૃત્યુ ય નહોતો પામ્યો એવો દેખાતો હતો અને તેની જીવનયાત્રામાં તેનું શરીર બેવડ વળી ગયું હોવાથી તેનું માથું જાણે કે તેના પગને અડકતું હતું. પણ કવિએ જ્યારે એ વૃદ્ધને પૂછ્યું, 'તમે અહીં શું કરો છો ?' ત્યારે , કવિ કહે છે, તેણે ઉત્તર આપ્યો કે પોતે વૃદ્ધ અને ગરીબ હોવાથી જળો ભેગી કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. જો કે કામ કંટાળાજનક છે અને જળો હંમેશાં મળતી પણ નથી. કવિ એ જ પ્રશ્ન ફરી પૂછ્યો ત્યારે વૃદ્ધે હસીને ઉત્તર આપ્યો કે પહેલાં તો જળો ઠેર ઠેર મળતી હતી,પણ હવે બહુ ઓછી થઇ ગઇ છે. અને જ્યાંથી જેટલી જળો મળે તેટલી ભેગી કરીને પોતાનું કામ ચલાવે છે. વૃદ્ધ આમ વાતો કરતો હતો ત્યારે, કવિ કહે છે, એકાંત સ્થળ, વૃદ્ધના શરીરની સ્થિતિ, તેની વાત કરવાની રીત,એ બધાથી પોતે અસ્વસ્થ બની ગયા અને જીર્ણ બની ગયેલા એ વૃદ્ધનું નિશ્ચયબળ જોઇને પોતાની નિર્બળતા માટે પોતાને એવી શરમ આવી કે 'મને મારી જાતનો તિરસ્કારપૂર્વક ઉપહાસ કરવાનું મન થઇ આવ્યું-I could have laughed myselt to scorn to find; In that decrepit old man so firm a mind.

તેમના એક કાવ્યમાં વર્ડ્ઝવર્થ કહે છે કે વસંતઋતુમાં પોતે એક કુંજમાં આરામથી બેઠા હતા ત્યારે પોતાના મનમાં દર્દમિશ્રિત આનંદના વિચારો સ્ફુરી રહ્યા હતા અને પોતાને પોતાનો આત્મા પ્રકૃતિના નયનરમ્ય દ્રશ્યો સાથે એકરૂપ થઇ ગયો હોય એમ લાગ્યું. પણ પછી માણસે માણસની કેવી દશા કરી છે એ વિચારે પોતે ખિન્ન બની ગયા. તેમના સાઇમન લી નામના એક વૃદ્ધને લગતાં કાવ્યમાં આપણે માનવ જીવનની કરુણા પ્રત્યેની તેમની આવી સંવેદનશીલતા જોઇએ છીએ. સાઇમન કોઇ વૃક્ષના થડને મૂળમાંથી કાપવાનો પ્રયત્ન કરતો હતો, પણ તે એવો નિર્બળ હતો કે કેમેય કરીને થડને નહોતો કાપી શકતો. કવિએ તેને થડ કાપવામાં મદદ કરી તેથી તે એવો ઉપકારવશ બની ગયો કે તેની આંખોમાં આંસું ઊભરાઇ આવ્યાં. એ જોઇને કવિ ખિન્ન બની ગયા. 'ઘણીવાર', તેઓ કહે છે. 'માણસની કૃતજ્ઞતા જ મને વિષાદમાં ડૂબાડી દે છે.'

આ બધાં કાવ્યોમાં વર્ડઝવર્થનું જે કવિરૂપ પ્રગટ થાય છે તેના કરતાં તેઓ જે કક્ષાના કવિ થવાની અભિલાષા સેવતા હતા તે તો ઘણી ઊંચી હતી. એ અભિલાષાનો તેમણે ૧૮૦૪-૧૮૦૫ના અરસામાં પૂરા કરેલા એક કાવ્યમાં નિર્દેશ કર્યો છે. એ કાવ્યમાં તેઓ કહે છે કે એકાંતમાં પોતે માણસ, પ્રકૃતિ અને જીવન વિશે વિચાર કરતા હોય છે ત્યારે પોતાની અંતરદષ્ટિને રમ્ય કલ્પનાઓની હાર પ્રત્યક્ષ થાય છે અને તે સાથે પોતે શુદ્ધ અથવા મધુર ખિન્નતાના મિશ્રણવાળા આનંદની ભાવોર્મિઓનો સ્પર્શ અનુભવે છે. એવી અને એવી બીજી બાહ્ય પરિસ્થિતિઓમાંથી કે આત્માના ઊંડાણમાંથી ઉદ્ભવતી ભાવોર્મિઓને પોતે શબ્દબદ્ધ કરશે. કવિ કહે છે, 'હું સત્ય, ભવ્યતા, સૌંદર્ય, પ્રેમ, આશા, શ્રદ્ધાએ સૌમ્ય બનાવેલો ખિન્નતા મિશ્રિત ભય, આપત્તિકાળમાં આપણને આશીર્વાદરૂપ નીવડતાં આશ્વાસનો, નૈતિકબળ અને બુદ્ધિનો પ્રભાવ, વિશાળતમ જનસમુદાયમાં પ્રસરેલો આનંદ- Joy in widest commonalty spread-જેમાં માત્ર પોતાના અંતરાત્માને વશ છે એવી પોતાની નિવૃત્તિ ભાવનાને અક્ષત રાખતું વ્યક્તિનું મન અને સર્વનું શાસન કરતું પરમ પ્રજ્ઞાનું ઋત-Of the individual Mind that keeps her own, Inviolate retirement subject there, to conscience only, and the law supreme; Of that intelligence which governs all- મારી કવિતામાં હું આ સર્વનું ગાન કરીશ.

આમ કહી વર્ડ્ઝવર્થ કવિતાની દેવીને સંબોધીને કહે છે કે પોતાને તેની સહાયની જરૂર પડશે, કારણકે, 'મારે પ્રકાશ અને અંધકારમિશ્રિત ભૂમિ ઉપર (on shadowy ground) ચાલવાનું છે, ખૂબ ઊંડે ઊતરવાનું છે અને પછી ઉચ્ચતમ સ્વર્ગ જેને ગોપિત રાખતું આવરણ માત્ર છે એવા વિશ્વોમાં શ્વાસ લેવાનો છે- (breath in words to which the heaven of heavens is but a veil). પછી કવિ પોતાના કાવ્યસર્જનના વિષયનો નિર્દેશ કરતાં કહે છે : 'આ વિશ્વના સર્જન પહેલાંની ઋતહીન અવ્યવસ્થા (chaos), છેલ્લામાં છેલ્લા પાતાળના ગાઢ અંધકાર અથવા સ્વપ્નમાં અનુભવીએ છીએ તેનાથી પણ વધુ તીવ્ર સૂનકાર - આમાંનું કશું આપણા ચિત્તમાં ભય અને મનને સ્તબ્ધ કરી દે એવો આશ્ચર્યભાવ (fear and awe) નથી પ્રેરતું જેવો ભય અને આશ્ચર્યભાવ આપણે આપણા મનના-માણસના મનના-ઊંડાણમાં જોઈએ છીએ ત્યારે આપણા ઉપર આક્રમણ કરીને આપણને અઅસ્વસ્થ કરી મૂકે છે-આ છે જેનું હું અવિરત ચિંતન કર્યા કરું છું તે વિષય અને મારા કાવ્ય સર્જનનું મુખ્ય ક્ષેત્ર. તે સાથે હું માણસના મનનું અને બાહ્ય જગતનું કેવું પરસ્પર અનુસંધાન છે તે પણ ગાઈશ. વળી આ બધા વિષયોને બાજુએ રાખીને હું માણસોના સમુદાયો પાસે જઈને એકબીજાને સળગાવી મૂકતા ઉન્મત્ત ઊર્મિઆવેગોને જોઉં કે માણસોને વનવગડામાં અથવા ખેતરોમાં ગાતા સાંભળું, કે નગરોની દીવાલોમાં કાયમ માટે ખીચોખીચ ઘેરાયયેલાં લોકોનાં આક્રંદ સાંભળી ગમગીન બની વિચારમગ્ન થઈ જાઉં, તોપણ હું આશા રાખું છું કે હું ખિન્ન નહિ થાઉ અથવા અનાથ બની ગયાનો ભાવ નહિ અનુભવું.'

અંતમાં કવિ ભવિષ્યદર્શી સત્ત્વને (prophetic spiritને) સંબોધી કહે છે : 'ભવિષ્યનું સ્વપ્ન સેવતા આ સમગ્ર પૃથ્વીના માનવઆત્માને - (The human Soul of universal earth, Dreaming things to come)- પ્રેરણા આપનાર અને મહાકવિઓના હૃદયમાં સ્થાપિત વિશાળ મંદિરમાં વસતો એવો તું મારામાં ઊતરીને મને સાચી આંતરદષ્ટિની બક્ષિસ આપ, કે જેથી મારું ગીત કોઈ ચમકતા તારાની જેમ પ્રકાશી રહે અને શુભ પ્રભાવ પાડે...મારા હૃદયને સાચી સ્વતંત્રતાનું પોષણ આપ અને મારા હૃદયમાં સર્વ શુદ્ધ વિચારો વસે એમ કર. એમ થશે તો તારો અનવરત પ્રેમ મારો માર્ગદર્શક અને મારો આધાર બની રહેશે અને અંત સુધી મારામાં ઉત્સાહ પ્રેરશે.'

પોતાના કવિધર્મ વિષે આવી ઉન્નત ભાવના સેવનાર વિલિયમ વર્ડઝવર્થની કવિતાનો પ્રભાવ સમજાવતાં તેમના એક કાવ્ય સંગ્રહનાં સંપાદક, ઓગણીસમી સદીના કવિ-વિવેચક મેથ્યૂ આર્નલ્ડે એ સંપાદનના તેમના આમુખમાં ઉચિત જ કહ્યું છે કે તેમની કવિતામાં આપણાં હૃદયના ઘા રુઝાવવાનું સામર્થ્ય-healing power છે.

☆☆☆

# શ્રીફળ : શ્રેયસ્કર જીવનની કળ

□ હેમાંગિની જાઈ

સચરાચર સૃષ્ટિમાં આદરસૂચક માંગલ્યવાચક 'શ્રી' સંજ્ઞાથી વિભૂષિત થવાનું બહુમાન મળ્યું હોય તો તે બહુધા દેવોને કે પછી માનવોને. દેવોને શ્રીકર, શ્રીધર, શ્રીકાંત, શ્રીનાથ, શ્રીકંઠ, શ્રીહરિ, શ્રીનિકેતન, શ્રીનિવાસ, શ્રીપતિ, શ્રીપાલ, શ્રીરંગ, શ્રીકૃષ્ણ, ઇત્યાદિ સંજ્ઞા છે. કેવળ કૃષ્ણ અને શ્રીકૃષ્ણમાં ફરક છે, શો ? રામને શ્રીરામ કહીએ છીએ, રાવણને શ્રીરાવણ કોઇ કહેતું નથી, શા માટે ?

દેવોના અંગને કે મુખને શ્રીઅંગ કે શ્રીમુખ કહી એનો મહિમા વધાર્યો છે. મનુષ્યના નામની આગળ 'શ્રી' ઉમેરીને એનું ગૌરવ કર્યું છે. શ્રીની માળ એના ગળામાં પહેરાવી એને શ્રીમાલીની ખ્યાતિ બક્ષી છે. 'શ્રી' સંજ્ઞામાં માનવે શ્રેયને, માંગલ્યને, સૌંદર્યને, ઐશ્વર્યને, નિહાળ્યું છે.

શ્રી એટલે શક્તિ, શ્રી એટલે લક્ષ્મી;
શ્રી એટલે શોભા, શ્રી એટલે આભા;
શ્રી એટલે ગૌરવ, શ્રી એટલે વૈભવ;
શ્રી એટલે સૌંદર્ય, શ્રી એટલે ઐશ્વર્ય;
શ્રી એટલે સમાદર, શ્રી એટલે સુમંગલ;

દેવો અને મનુષ્યો ઉપરાંત 'શ્રી' સંજ્ઞાથી વિભૂષિત થવાનું સન્માન પ્રકૃતિની કેટલીક વિરલ વિભૂતિઓને મળ્યું છે, ગણી ગાંઠી માનવનિર્મિત વિશિષ્ટ કૃતિઓને મળ્યું છે.

પર્વતોમાંશ્રી શ્રીશૈલ, ઉત્સવોમાં શ્રીપંચમી (વસંતપંચમી), સૂક્તોમાં શ્રીસૂક્ત, સંપ્રદાયોમાં શ્રી સંપ્રદાય (શ્રી રામાનુજાચાર્યનો), વાનગીઓમાં શ્રીખંડ, સંગીતમાં શ્રીરાગ, નગરમાં શ્રીનગર, શ્રીરંગપટ્ટનમ્ ઇ., વિદ્યાઓમાં શ્રીવિદ્યા, ધર્મક્રિયાઓમાં શ્રીસવા, ચક્રમાં શ્રીચક્ર, વૃક્ષોમાં શ્રીદ્રુમ (પારિજાત, પીપળો) પુષ્પોમાં શ્રીપુષ્પ (પદ્મ અને વિલક્ષણ ભારતીઓને સરકાર નવાજે પદ્મશ્રી ઇ. થી) આ ઉપરાંત ફળોમાં શ્રીફળ શ્રીહરિના વિભૂતિમત્વથી 'શ્રીમંત' છે.

શ્રીફળ એટલે શ્રીધર નારાયણનું નૂર.
શ્રીફળ એટલે માધુર્યથી ભરપૂર.
શ્રીફળ એટલે સાફલ્યનું પ્રતીક.
શ્રીફળ એટલે માંગલ્યનું વૈતાલિક.
શ્રીફળ એટલે ઉત્તુંગ ઉન્નત ભાવના.
શ્રીફળ એટલે કૃતજ્ઞતાની વિભાવના.

શ્રીફળ એટલે નારિયેળીના ઉન્નત વૃક્ષ પર લાગતું ફળ. ઉન્નતિના પ્રતીક સમુ ભવ્યોત્તુંગ જીવનનું પ્રતીક. નારિયેળી એટલે અતિ ઊંચું વૃક્ષ એની ટોચે લાગતું શ્રીફળ એટલે ઉચ્ચ વિચારોનું પ્રતીક.

નારિયેળી એટલે શાખારહિત વૃક્ષ. શાખાયુક્ત વૃક્ષની ઘટા ઘેઘૂર પણ નાળિયેરી જેવી ઊંચાઇ ન મળે. જીવનની ગતિ અનેકવિધ શાખાઓમાં ફંટાઇ જવાને બદલે ધ્યેયની એક જ દિશામાં પ્રગતિ કરે તો નાળિયેરી જેવી મૂઠી ઊંચેરી ઊર્ધ્વગતિ પામે.

નાળિયેરી એટલે સાવ સીધું વૃક્ષ. અતિ સરળ વૃક્ષ. જે સરળ હોય તે હંમેશાં સુગમ નથી હોતું. અતિ સરળ એવા આ વૃક્ષ પર ચડવું માત્ર દુષ્કર. પણ જો ચઢી શકે તો ટોચે ઝૂલતું અમૃતફળ પામે. નારિકેલસંદેશ અતિ સરલ વ્યક્તિ, Straight Forward સજ્જનની ઊંચાઇ પામવી દુર્લભ, પરંતુ જો પામી શકીએ તો સત્સંગતિનું અમૃત મધુરું ફળ મળી શકે.

**એક સંસ્કૃત સુભાષિતમાં સજ્જનને નાળિયેરની સાથે અને દુર્જનને બોરની સાથે સરખાવ્યા છે.**

नारिकेलफलाकाराः सज्जनाः सन्ति भूतले ।
अन्ये च बदरिकाकारा बहिरेव मनोहराः ।।

નાળિયેર બહારથી અતિ કઠણ. Hard nut to crack. પણ જો એક વાર કઠણ કોચલું તૂટ્યું, વજ્જર બંધ તૂટ્યા તો સજ્જનો અંદરથી કોપરા જેવા કોમળ અને પાણી જેવા મિષ્ટ. મૂઠી ઉંચેરા લોકોત્તર માનવીઓનાં મન એટલે - वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि। બહારથી વજ્ર જેવું કઠોર પણ અંદરથી કુસુમ જેવું સુકોમલ. જ્યારે બોર બહારથી પોચું પોચું, બહારથી મનોહર, દેખાવે અતિસુંદર, નાળિયેળી જેવું બરછટ નહીં પણ અંદર કઠળ ઠળિયો. રાવણ બોર જેવો છે, બાહ્ય વેશ સાધુનો છે પણ અંદરથી આસુરી વૃત્તિવાળો, સીતા જેવી સતિનું હરણ કરનારો રાક્ષસ છે. કહે છે કે રાવણ દેખાવે રૂડો રૂપાળો હતો, શક્તિમાન પણ હતો. શક્તિનો વિનિયોગ એણે કર્યો, પણ એ શ્રેયાર્થે નથી. સીતાહરણનું કૃત્ય લજ્જાસ્પદ છો, શોભાસ્પદ નથી. આ ઘૃણાસ્પદ કૃત્ય શિવંકર, શુભંકર કે શ્રેયસ્કર નથી. એ તો પ્રલયંકર, ભયંકર, વિનશ્વર છે. સૌંદર્ય અને શક્તિ બન્ને હોવા છતાં 'શ્રી' સંજ્ઞા માટે આવશ્યક ત્રીજા તત્ત્વનો અર્થાત્ 'શ્રેયસ'નો અભાવ છે. સત્યમ્ અને સુંદરમ્ સાથે શિવમ્ આવશ્યક છે. સામર્થ્ય અને સૌંદર્ય સાથે 'શ્રેયસ'નો સુભગ હૃદયંગમ સંગમ હોય તો જ પૂર્ણપણે 'શ્રી'નો વાચ્ય બની શકે. લંકાનો વિધ્વંસ નોતરનાર સમર્થ સુંદર રાવણને તેથી કોઇ 'શ્રીરાવણ' કહેતું નથી. જ્યારે 'શ્રીરામ' એટલે શ્રેયસ્કર કલ્યાણમયી અનંતશક્તિથી યુક્ત સુંદરનારાયણ સ્વરૂપ.

શ્રીફળ શ્રીધર નારાયણનું નૂર છે. નારાયણની જેમ એને ય દરિયો વ્હાલો છે. નાળિયેરી સમુદ્રકાંઠાનું વૃક્ષ છે. નાળિયેરી વૃક્ષરાજ છે. રાજાને શિરછત્ર હોય તેમ આ વૃક્ષને માથે વિશાળ પાંદડાઓનું રાજછત્ર છે.

નાળિયેરી કલ્પવૃક્ષ છે. બહારથી થોડું રૂક્ષ છે પણ અંદરથી મધુરરસસભર છે. નીતરતી કૃતજ્ઞતાનું સર્વોત્તમ પ્રતીક છે. દરિયા કિનારાનું ખારું જળ પીએ છે પણ એને મિષ્ટ મધુરું કરીને જગતને આપે છે. સંતોને જગત ખારું લાગ્યું છે, ' મુખડું મેં જોયું તારું, જગતડું થયું ખારું.' નાળિયેરી જગતની ખારાશ પચાવી જઇને લ્હાણી મધુરતાની કરે છે.

કવિશ્રી મેઘાણીની પંક્તિઓ છે-
'તુજ સુખની મહેફિલમાં સહુને નોતરજે;
પણ જમજે અશ્રુની થાળ એકલો.'

શ્રીફળની જેમ કૃતજ્ઞ સજ્જનો અશ્રુજળ-સમુદ્રજળ જેવાં ખારાં અશ્રુજળ-પોતે પી જઇને, સમુદ્રમંથનની જેમ કવચિત્ મનોમંથન અનુભવીને, જગતનું વિષ, એની ખારાશ એકલા ગટગટાવી જઇને ય લ્હાણી તો અમૃતની જ કરે છે. નાળિયેરીએ જાતને વધેરાઇ જવા દીધી (યજ્ઞમાં શ્રીફળ વધેરે, હોમે) પરંતુ માનવને અમૃતજળ પાયું.

માનવની ક્ષુધા શમવવા દુગ્ધઘન ગર્ભબીજ આપ્યું. શીતલ, નત્રિલ , સ્નેહલ, સુકોમલ, પુષ્ટિકર, સુસ્વાદુ.

અને વળી, પોતે બેવડ વળી ગયું, વળ પર વળ ચઢ્યા કિંતુ માનવને આરામની ઊંઘ આપવા ખાટલો ભરવાની કાથી આપી.

બળતણ માટે લાકડું આપ્યું. પોતે બળી જઇને ય બીજાના પેટની આગ ઠારી.

સૂરજનો તાપ પોતે સહી લઇને ય માનવને પંખા માટે પત્રો આપ્યાં. અંગના બે ફાડચાં થયાં તોય પાન પાત્ર માટે વાટી આપી, કાચલી આપી. એકે એક અંગને સેવામાં સમર્પિત કર્યું.

રસોઇને સ્વાદિષ્ટ બનાવવા-પછી એ કોપરાપાક હોય, કોપરાનું સુસ્વાદુ 'કોમળ' હોય, ચટણી હોય, સંભારિયું શાક હોય કે સુશોભન માટે-જાત ખમણાઇ ગઇ પણ સરસ કોપરું આપ્યું.

અભ્યાગતની આગતા સ્વાગતા માટે શ્રીફલે જલ આપ્યું. નિજ અંગ નીચોવાઇ ગયું, પીલાઇ ગયું તો ય માનવના મસ્તિષ્કની શાંતિ માટે કોપરેલની બક્ષિસ આપી.

નાળિયેરીની ટોચે ઝૂલતા હતા ત્યારે જ એના ગગનચુંબી પત્રોના મનમાં જીવનવ્રત જાગી ઊઠ્યું-જેના ઉદરમાંથી જન્મ લીધો એ મા ધરતીના ચરણે શીશ નમાવું. ભલેને ઉચ્ચસ્થાને વિરાજું કિંતુ જીવું ત્યાં સુધી સેવામાં જ જીવન વિતાવું. અને સાવરણી બનીને એ ઘરઘરમાં પહોંચ્યા. પૃષ્ટિ સંપ્રદાયમાં 'બુહારીની સેવા' માટે ભક્તો તલપાપડ હોય છે. સાવરણીનાં અંગ અંગ ઘસાયાં, છતાંય વરણી તો સેવાની જ કરી. સ્વચ્છતાનું, સેવાનું, સમર્પણ વ્રત આજીવન જીવતું રાખ્યું.

નાળિયેરીના અનેકવિધ સમર્પણભાવની માનવે પણ રૂડી કદર કરી. માંગલિક પ્રસંગોએ એને માનભર્યું સ્થાન આપ્યું. પ્રેમભાવે એનું પૂજન કર્યું. એમાં પાવિત્ર્યનું દર્શન કર્યું. એ પરોપકારી વૃક્ષને કૃતજ્ઞભાવે માથું નમાવ્યું. તો ય માનવને સુપેરે સંતોષ ન થયો. જીવનપથદર્શક મહાપુરુષોની સ્મૃતિ જીવંત રાખવા, કીર્તિ, શાશ્વત રાખવા, કૃતિ ચિરંજીવ કરવા જેમ જયંતીઓ ઊજવીએ છીએ તેમ શ્રાવણી પૂનમને (રક્ષાબંધન) નાળિયેરી પૂનમ તરીકે ઊજવી જીવનરક્ષક મહામના વૃક્ષને સ્થિરકીર્તિ બક્ષી.

જીવન એક પ્રવાસ છે, આપણે પારાવારના પ્રવાસીઓ છીએ. આપણે ત્યાં એક પ્રણાલિકા છે, પ્રવાસના શુભારંભે શ્રીફળ ફોડવાની. શ્રીફળ શુભસૂચક છે. જીવન-પ્રવાસ પણ શુભંકર બની રહે, શિવંકર બની રહે, જીવનમાં સદાય શ્રીમંગલ પ્રવર્તે એવી શુભભાવના વ્યક્ત કરવાનું સાધન બને છે-મંગલમય શ્રીફળ.

જે વિચાર દ્વારા જીવનનું મંગળ થાય તે સુવિચાર,

જે ફળ દ્વારા જીવન-મંગળની ભાવનાઓ વ્યક્ત થાય તે શ્રીફળ.

જીવન-પ્રવાસનો એક તબક્કો પૂરો કરી શ્વસુરગૃહે નવજીવનનો આરંભ કરતી, ગૃહ-પ્રવેશ કરતી કુળવધૂને શ્રીફળથી પોંખે. સીમંતના પ્રસંગે શ્રીફળ દ્વારા કૂળવધુના કોડ પોષાય. ગર્ભસ્થ શિશુના જયમંગલની કામના કરાય. નાળિયેર પર કુમકુમ છાંટી સ્વસ્તિક કાઢી તેનો ખોળ ભરાય. કોપરું માતાના ધાવણને વધારે. આ સર્વ ભાવભરી સામાજિક ક્રિયાઓ પાછળ આત્મીય જનોની મંગળભાવના વ્યક્ત કરવાનું સાધન છે-સૃજનશક્તિનું પ્રતીક એવું શ્રીફળ.

લગ્નમાં વરરાજના હાથમાં શ્રીફળ આપે. લગ્નવિધિમાં શ્રીફળ હોમે. નાળિયેરી બહુપ્રસવ છે, નવવધૂ પુત્ર-પૌત્રાદિ સંપન્ન બને એ ભાવનાથી લગ્ન જેવી મહત્ત્વની સામાજિક, ધાર્મિક વિધિઓમાં શ્રીફળનું મહત્ત્વ અનેરું.

શ્રીફળને મહાફળ ગણી દેવને અર્પણ કરે. યજ્ઞમાં છેલ્લે શ્રીફળ હોમે શા માટે ? કૃતજ્ઞતાના પ્રતીક રૂપે. દેવે માનવને એટલું દીધેલ છે જે ઋણ-દેવઋણ ફેડી શકાય તેમ નથી. તેથી કૃતજ્ઞતાના પ્રતીક રૂપે શ્રીફળ હોમે. સાંકેતિક સ્વરૂપે ઇશ્વર કાજે મારી જાત હોમું એ ભાવના પ્રગટ કરે.

ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીફળ વધેરે. આપણામાં જેમ મંગલ પ્રસંગે વિઘ્નહર્તા મંગલકર્તા દેવ તરીકે ગણપતિની સ્થાપના થાય છે તે રીતે મંગલમય ફળ તરીકે શ્રીફળને માન્યતા છે. પાન, સોપારી, નાળિયેરી, કેળ બધાં જ સદામંગલ, સર્વમંગલ. કેળ, શ્રીફળ, બારમાસી ફળ. તેમાંય નાળિયેરી સોપારીનો વિશેષ ગુણ એ છે કે ખૂબ લાંબું ટકે. જે શુભકાર્યનો આરંભ કરીએ, નવીનનું ઉદ્‌ઘાટન કરીએ તે શ્રીફળની જેમ ચિરસ્થાયી બની રહે, ખૂબ લાંબુ ટકી રહે એવી ભાવનાની સંભાવના નકારી ન શકાય.

કોઇપણ કાર્યનો આરંભ કરીએ તો મુસીબતો, આડખીલીઓ, અવરોધો આવ્યા જ કરે. અંતરાયોના કોઠા પાર કરી શકીએ તો સફળતાની ટોચે અવશ્ય પહોંચીએ. શ્રીફળ સાફલ્યનું પ્રતીક છે. કઠો[ર] કોઠાને, કઠોર કવચને ભેદી શકીએ તો મૃદુગર્ભ, અમૃતપેય અને સુસ્વા[દુ] ખાદ્ય મળી શકે. જીવનમાં મુસીબતોના કઠોર પડને ભેદી શકીએ તો અંદરનો સાત્ત્વિક મેવો મળે. જીવનના સુખ-શાંતિ, આનંદ પામ[ી] શકીએ. મુસીબતો સામે જીવન જીવવાની અને જીતવાની કલા છે. કઠો[ર] અને કોમલના દ્વંદ્ વચ્ચે સમન્વય સાધવાની કલા છે. એ કલા સિદ્[ધ] કરવાનું ભાથું શ્રીફળ બાંધી આપે.

શ્રીફળ પાસે ભર્ગ વરેણ્યનું ભાથું છે. શ્રીફળ પંચતત્ત્વોને પોતાનામાં સમાવી લે છે. પૃથ્વીના પેટાળમાં રહેતા પાંચ તત્ત્વો પાણી-ટોપરાં દ્વારા નારિકેલ અર્પે છે. સૂર્ય, ચંદ્રના સિતારા મંડળને મીનોઇ પ્રવાહ ખેંચી ખોરાક રૂપે આપે છે. ઠંડી, ગરમી, પવન, પાણી, વરસાદનાં વાઇબ્રેશન ચૂસી શરીરને પોષે છે. પ્રાણતત્ત્વ સાથે ઇશ્વ[ર] નામનું આકાશતત્ત્વ અને કોસ્મિક કિરણો સાથે સર્વરોગનાશક Healing Power પણ દિલદારીથી, ઉદારતાથી ભેટ આપે છે. આ બધા કિંમતી પ્રવાહો તિજોરી જેવા મજબૂત ફળમાં સીલબંધ પૂરાં પા[ડે] છે.

શ્રીફળમાં સૂર્યનો પ્રાણવર્ધક આતશી પ્રભાવ છે. ચંદ્રની શીતળ બુદ્ધિવર્ધક તાસીર છે. શિવશંકરની લોખંડી મરદાનગી છે. મા પાર્વતીની ઋજુતા, કોમલતા, આર્દ્રતા છે. તપસ્વી સરખું પુણ્યવં[ત] પરોપકારી વૃક્ષ છે.

સાધક તપ કરે તો જીવન-રસો સૂકાય. વૃત્તિઓનો સંક્ષેપ થાય, રસત્યાગ સહજ સિદ્ધ થાય. દેહશુદ્ધિ એ તો તપનો મહિમા છે, આથ[ી] યે વિશેષ- 'જૈન ધર્મ વિશેષ એમ માને છે કે તપ વડે કર્મની નિર્જરા થાય છે. જ્યારે શુભ કે અશુભ કર્મ બંધાય છે ત્યારે કાર્મણ વર્ગણાંના કેટલાં પુદ્‌ગલ પરમાણુઓ આત્માને ચોંટે છે. એ કર્મ ઉદયમાં આવી જ્યાં ભોગવાય છે ત્યારે એ પુદગલ પરમાણુઓ ઊખડી જાય છે, નીકળી જા[ય] છે, ખરી પડે છે. એટલે કે કર્મની નિર્જરા થાય છે.' (જીનતત્ત્વ-ડૉ. રમણલાલ ચી. શાહ).

કેરી કાચી હોય ત્યારે છાલ ફળને મજબૂત ચોંટેલી હોય એને ઉતર[ડી] નાખવી પડે. પાકે પછી સહેલાઇથી છૂટી પડે. નાળિયેરનો મૃદુ ગ[ર્ભ] કોચલા સાથે વળગેલો હોય. અંદરનું પાણી સૂકાય તેમ તેમ ગોટ[ો] આપોઆપ છૂટો પડી જાય. સાધનાની કાચી અવસ્થામાં સાધક સંસા[ર] સાથે ચોંટેલો હોય, પરિપક્વ અવસ્થામાં સંસારનાં વળગણ આપોઆ[પ] છૂટી જાય. કાચું હોય તેને જોરથી ઉતરડી દેવું પડે, પાકું સહજ ખરી પડે.

નાળિયેરીનો ગોટો સૂકાય, અંદરના રસ સૂકાય તો ગોટો ગડગ[ડ] વાગે, ખખડે. કહે છે, ભગવાન બુદ્ધે આરંભમાં ઉગ્ર તપશ્ચર્યા કરી. એમનો દેહ અતિ કૃશ બની ગયો. શરીર સૂકાઇને એવું તો થયું કે તેઓ ચાલતા ત્યારે હાડકાંનો ખડખડ અવાજ આવતો.

આવી ઉગ્ર તપશ્ચર્યાને કારણે તેઓ વારંવાર બેભાન થઇ જતા. એક વાર આવી બેભાન અવસ્થામાં ભગવાન બુદ્ધ પડેલા ત્યાં નજીકન[ા] વૃક્ષ તળે ગાયિકાઓના વૃંદે આરામ માટે મુકામ કર્યો, વીણાના સૂ[ર] મેળવવા મુખ્ય ગાયિકાએ બીજી ગાયિકાને સૂચના આપી-એના તા[ર] તંગ ખેંચીશ મા, ભદ્રે ! અને સાવ ઢીલાય રાખીશ ના. મધ્યમસર રાખ[જે] નહીં તો સંગીતની મધુરતા નહીં જન્મે. તે સમયે જાગ્રત થતાં ભગવા[ન] બુદ્ધે આ શબ્દો સાંભળ્યા અને ઘોર તપશ્ચર્યાને 'ગડગડિયું' દીધું.

આપણી ભાષામાં નારિયેળ પરથી અનેક કહેવતો પ્રચલિત થ[ઇ] છે. તેમાંની એક તે ગડગડિયું અથવા તો ખડખડિયું નારિયેળ મળવું આપવું, પકડાવવું અર્થાત્‌ રૂખસદ મળવી, કાઢી મૂકવું, પડતું મૂકવું નોકરીમાંથી રજા આપવી.

નાળિયેર મોકલવું એટલે સગાઇનું માગું કરવું. વરપક્ષ સ્વીકારે ત[ો] સગપણ પાકું. નાળિયેર સ્વીકારવું એટલે વિવાહ મંજૂર હોવા. શ્રીફ[ળ]

ાદલાવવું, પાટલવું, વધાવવું, અદલાબદલી કરવી એટલે વિવાહ ાન્ય હોવા. પરંતુ...વિવાહ પછી જમાઇરાજા સાસરે ધામા નાખીને ડે તો સાસુ હાથમાં નાળિયેર પકડાવે અર્થાત્ સાંકેતિક ભાષામાં ભાઇને કહે, હવે અહીંથી વિદાય લો.

શુભ કાર્યમાં નાળિયેર દેવને ચઢાવે તો ક્યારે અશુભ કાર્યમાં, ન ામે તેવા કામમાં 'હોળીનું નાળિયેર' પણ બનાવે. અર્થાત્ બલિનો ાકરો બનાવવો, ભોગ લેવો, હોમવું.

રડતું નારિયેળ એટલે દૂધ-દહીંમાં રમે તેવો માણસ. ભર્યું નારિયેળ ોટલે અગમ્ય બાબત. નાળિયેરનું પાણી નારિયેળમાં અર્થાત્ ભેદ ખુલ્લો ા થવો. ભીનું સંકેલવું.

નાળિયેરનો એક અર્થ થાય છે માણસનું માથું. એની એક વેભાવના તે કળશ ઉપરનું શ્રીફળ. કળશ માનવદેહનું પ્રતીક છે, રીફળ માનવ મસ્તકનું. કળશ શ્રીફળ વિના શોભતો નથી જેમ મસ્તક, ુદ્ધિ વિનાનો માણસ. બીજી વિભાવના તે એક લોકવાયકા કહે છે, ાળિયેર ગાયત્રીમંત્રના રચયિતા મહર્ષિ વિશ્વામિત્રનું સર્જન છે. વેશ્વામિત્રે બ્રહ્મદેવની જેમ સૃષ્ટિનું સર્જન કરવા માંડ્યું. તેમણે ાતજાતનાં અનાજ ઉત્પન્ન કર્યાં. વનસ્પતિ સૃષ્ટિ પરથી પ્રાણીસૃષ્ટિ પ્રતિ ાળ્યા. માનવને નિપજાવવા માંડ્યા. માનવનું માથું નીપજ્યું અને ાજાપિતા બ્રહ્માને ચિંતા થઇ કે આ ઋષિ મારું સર્જનકાર્ય ઝૂંટવી લેશે. ોમણે ઋષિવરને પ્રાર્થના કરી. પ્રજાપિતાની પ્રાર્થના સ્વીકારી વેશ્વામિત્રે સર્જન કાર્ય થંભાવ્યું. પરંતુ પોતાનો મહિમા કાયમ રાખવા ાણસના મસ્તક જેવું શ્રીફળ નિર્માણ કર્યું.

શ્રીફળ સમુદ્ર કાંઠાનું ફળ છે. દરિયાઇ હવા અને દરિયાની નમકીન ારતીની નિપજ છે. સમુદ્ર સૃષ્ટિના સર્જનનો પ્રથમ સૂર છે. સમુદ્રકાંઠે ાતું નાળિયેર સૃજનશક્તિનું પણ પ્રતીક છે. નાળિયેરનાં જળને કેટલાંક ાર્ભજળનું પ્રતીક માને છે. કદાચ આવી જ કોઇક માન્યતા પરથી કેરલ જેવા નારિકેલાચ્છાદિત પ્રદેશમાં નાળિયેરનું વૃક્ષ તોડનાર નિર્વંશ મરે ેવી માન્યતા બંધાઇ હશે.

નાળિયેરી સંબંધી બીજી એક આખ્યાયિકા એવી છે કે શ્રીફળને ીતાજીએ લક્ષ્મણફળનું નામ આપ્યું. રામફળ કે સીતાફળ હોય તો લક્ષ્મણફળ શા માટે નહીં? રામફળ કે સીતાફળ ખાઇએ ન ખાઇએ, મૃદુતા માણીએ ન માણીએ ત્યાં દાંતે ઠળિયા વાગવા માંડે. રામ-સીતાજીનું જીવન-સુખ આવું. લગ્ન બાદ તરત કઠિન વનવાસ-વનવાસની કઠોર તપશ્ચર્યા-સીતાહરણ-લંકાદહન-અગ્નિ પ્રવેશ-સીતાત્યાગ-મુસીબતોનો વાવંટોળ, જ્યારે લક્ષ્મણ શ્રીફળ જેવા કરાલ-કોમલ છે. કઠોરતાના છદ્મવેશમાં શ્રીફળની મૃદુતા છે. શ્રીફળ લક્ષ્મણજીના બંધુપ્રેમ, નિર્મળ પ્રેમભક્તિના મધુરરસના પ્રતીકસમું છે એવી એક માન્યતા છે.

શ્રીફળના ગોટા પર ત્રણ આંખ છે તેથી શ્રીફળને ત્ર્યંબકની સંજ્ઞા છે. ત્ર્યંબક મૃત્યુંજયના અધિષ્ઠાતા શિવનું સ્વરૂપ છે. શ્રીફળના જળના સેવનમાં મૃત્યુને, રોગને પાછા હઠાવવાની પ્રતિકારક શક્તિ છે. એ હૃદયનું ટૉનિક છે. મૂત્રાશયને સાફ રાખે છે. આયુર્વેદની દૃષ્ટિએ શ્રીફળ જળ દીપક છે, પાચક છે. એની કાચલીની ભસ્મ ચર્મરોગોમાં ઉપયોગી છે. કોપરેલનું માલિશ શરીર પુષ્ટ કરે, બળ વધારે, વાતપિત્તહારક છે. શ્રી બાપાલલાભાઇ વૈદ્ય લખે છે કે કોપરેલ કોડલીવર ઓઇલની ગરજ સારે છે. આયુર્વેદમાં એના અનંત ગુણો છે. અંગ અંગ એનું વૈભવશાળી છે, બ્યુટી ક્રીમની પણ ગરજ સારે છે. નાળિયેરનું પાણી પીવાથી બાળક ગોરું જન્મે એવી માન્યતા છે.

બાળક ગોરું જન્મે કે નહીં, કિન્તુ માનવજાતને પ્રેરણા આપતી ઉજ્જ્વલધવલ યશસંપદા શ્રીફળ પાસે અવશ્ય છે. એ અભ્યુદયનું શ્રીફળ છે, ઉચ્ચ ભાવનાઓનું શ્રીફળ છે, શ્રેષ્ઠ વિચારણાનો અર્ક છે. સાત્ત્વિક સદાચારી જીવન માટે પ્રેરણાત્મક કલ્પદ્રુમ છે. સાફલ્યનું પ્રતીક છે. માધુર્યનો પર્યાય છે. સાગરશાયી નારાયણનું નૂર છે, પરમ કલ્યાણમયી જીવન-માંગલ્યની ભાવનાથી ભરપૂર છે. ઋક્ષતાના કવચ તળે રહેલી રસમયતા છે. શ્રદ્ધા અને સ્નેહના પ્રતીક સમી ભેટ તે શ્રીફળ. કૃતજ્ઞતાનું સુફલિત તે શ્રીફળ.

શ્રીફળ સરીખા-મંગલમય બનીએ, મધુર બનીએ, ઉન્નત બનીએ, કૃતજ્ઞ બનીએ. શ્રીફળનું જીવન આપણને અણમોલ જીવનમંત્ર નથી આપતું? નથી લાગતું કે શ્રેયસ્કર જીવનની કળ એટલે અમૃતમધુર શ્રીફળ?

☆ ☆ ☆

## મુંબઇ જૈન યુવક સંઘને મળેલ ભેટ રકમની યાદી

૧૦૦૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ હસ્તે શ્રી જયંતીલાલ પી. શાહ
૧૧૦૦૦ શ્રી પિયુષભાઇ કોઠારી તથા
૪૦૦૦ શ્રી રમાબહેન જયંતીલાલ શાહ
૨૫૦૦ શ્રી ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબહેન શાહ
૨૨૫૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૨૫૦૦ શ્રી કુસુમબહેન એન. ભાઉ
૨૫૦૦ શ્રી ગુણવંતલાલ અ. શાહ
૨૫૦૦ શ્રી રમાબહેન વોરા
૨૫૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૨૫૦૦ શ્રી જયવદનભાઇ રતિલાલ મુખત્યાર
૨૫૦૦ શ્રી કે. એમ. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૨૫૦૦ શ્રી શૈલેશભાઇ કોઠારી
૨૫૦૦ શ્રી સુબોધભાઇ એમ. શાહ તથા શ્રી નીરુબહેન શાહ
૨૫૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૨૫૦૦ શ્રી પુષ્પાબહેન પરીખ
૨૫૦૦ શ્રી નીરુ એન્ડ કું. હસ્તે શ્રી ભૂપેન્દ્રભાઇ
૨૫૦૦ શ્રી ઉષાબહેન મહેતા તથા શ્રી રમાબહેન મહેતા
૨૫૦૦ શ્રી રંજનબહેન મહાસુખભાઇ
૨૫૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ રસિકલાલ કોલસાવાલા
૨૫૦૦ શ્રી દિનેશભાઇ બાવચંદ દોશી
૨૫૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
૨૫૦૦ શ્રી દિલીપભાઇ એમ. શાહ
૨૫૦૦ શ્રી કિશોરભાઇ વર્ધન
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ ભાઇલાલ વોરા
૨૫૦૦ શ્રી જેઠાલાલ અમૃતલાલ દોશી
૨૫૦૦ શ્રી જીવણલાલ વીરચંદ દોશી
૨૫૦૦ શ્રી નગીનદાસ પી. શેઠ અને શ્રીમતી ઊર્મિલાબહેન
૨૫૦૦ શ્રી અનિલા શશિકાંત મહેતા
૨૫૦૦ શ્રી કલાબહેન સંઘવી
૨૫૦૦ શ્રી ઉષાબહેન એચ. શાહ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી બચુભાઇ (સુંદર બિલ્ડર્સ)
૨૫૦૦ શ્રી મુગટભાઇ વોરા
૨૫૦૦ શ્રી ઇન્દ્રલાલ નગીનદાસ શેઠ
૨૫૦૦ શ્રી કાંતિલાલ મણિલાલ
૨૫૦૦ શ્રી એ. આર. ચોકસી
૨૫૦૦ શ્રી શશિકાંત મણિલાલ મહેતા તથા શ્રી અનિલાબહેન મહેતા
૨૫૦૦ શ્રી કાંતિલાલ કરમશી વિક્રમશી
૨૫૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ હસ્તે શ્રી પુષ્પાબહેન
૨૫૦૦ શ્રી વિમળાબહેન સી. શાહ
૨૦૦૦ શ્રી સુવર્ણાબહેન દલાલ
૧૫૦૦ શ્રી પ્રકાશભાઇ ડાહ્યાભાઇ
૧૫૦૦ શ્રી મધુસુદનભાઇ શાહ
૧૦૦૦ શ્રી ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૧૦૦૦ શ્રી શશિબહેન ભણસાળી
૧૦૦૦ શ્રી લખમશી ઘેલાભાઇ
૧૦૦૦ શ્રી એક બહેન
૧૦૦૦ શ્રી ભારતીબહેન શાહ
૬૦૦ શ્રી સવિતાબહેન કોઠારી
૫૦૦ શ્રી વિજયાબહેન દુર્લભજી પરીખ
૫૦૦ શ્રી ભૂપેન્દ્રભાઇ હિંમતલાલ શાહ
૫૦૦ શ્રી વસંતલાલ ફિરોદિયા
૫૦૦ શ્રી મુક્તાબહેન સંઘવી
૫૦૦ શ્રી શારદાબહેન બી. શાહ
૫૦૧ શ્રી પરેશભાઇ વી. શાહ
૫૦૦ શ્રી રસિલાબહેન દિલીપભાઇ કાકાબળિયા
૫૦૧ શ્રી નયનાબહેન રાજેન્દ્રભાઇ ઝવેરી
૫૦૧ શ્રી જસવંત ભાઇચંદ મહેતા

દરબાર ગોપાલદાસ દેસાઇ શ્રય નિવારણ કેન્દ્ર (આણંદ) માટે ભેટમાં નોંધાયેલ રકમ

૭૫૦૦ શ્રી રમાબહેન જે. વોરા

☆ ☆ ☆

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
### તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૫ ના દિવસનું સરવૈયું

| ૧૯૯૪ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | **રીઝર્વ ફંડ** | | |
| ૧૫૩૭૨૦૯-૧૮ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૫૪૩૨૧૪-૧૮ | |
| ૬૦૦૫-૦૦ | ઉમેરો : આજીવન સભ્યોના લવાજમના વસુલ નેટ | ૩૭૫૪-૦૦ | |
| ૧૫૪૩૨૧૪-૧૮ | | | ૧૫૪૬૯૬૮-૧૮ |
| | **અન્ય ફંડો** | | |
| ૧૩૯૬૨૩૧-૬૬ | પરિશિષ્ઠ અ પ્રમાણે | | ૧૫૨૭૦૧૬-૭૨ |
| | **દેવું** | | |
| ૯૫૧૧૯-૫૪ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | ૧૧૭૨૪૫-૧૪ | |
| ૪૯૭૧૭૭-૫૦ | પરચુરણ દેવું | ૭૯૦૩૫૪-૬૦ | |
| ૫૯૨૨૯૭-૦૪ | | | ૯૦૭૫૯૯-૭૪ |
| | **શ્રી જનરલ ફંડ** | | |
| ૧૮૬૫૫૪-૯૦ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૭૧૯૨૩-૧૮ | |
| ૧૪૬૩૧-૭૨ | વર્ષ દરમિયાન ખર્ચનો વધારો | | |
| | ખર્ચ કરતાં આવકમાં વધારો | ૧૯૪૩૭૪-૪૪ | |
| ૧૭૧૯૨૩-૧૮ | | | ૩૬૬૨૯૭-૬૨ |
| ૩૭૦૩૬૬૬-૦૬ | | કુલ રૂા. | ૪૩૪૭૮૮૨-૨૬ |

### ઓડિટરનો રિપોર્ટ

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇનું તા. ૩૧-૩-૯૫ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચર સાથે તપાસ્યું છે. અને અમારું ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ તા. ૭-૧૦-૧૯૯૫

ઉત્તમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટ

રમણલાલ ચી. શાહ-પ્રમુખ
ચંદ્રકાંત દીપચંદ શાહ-ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ-કોષાધ્યક્ષ

નિરુબહેન એસ. શાહ-મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ-મંત્રી

| ૧૯૯૪ | મલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| | બ્લોક (કરાર મુજબ) | | |
| | રસધાર કો. ઓ. હા. સો. લિ. | | |
| ૫૧૨૩૦-૪૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૧૨૩૦-૪૦ |
| | **ઈન્વેસ્ટમેન્ટ ચોપડાં પ્રમાણે પરિશિષ્ઠ બ પ્રમાણે** | | |
| ૫૦૦-૦૦ | શેરો | | ૫૦૦-૦૦ |
| ૨૦૨૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ.ના યુનિટો | ૮૫૧૧૬૦-૦૦ | |
| ૨૫૪૫૦૦૦-૦૦ | ગર્વ. કું.માં ડિપોઝીટ | ૨૩૦૫૦૦૦-૦૦ | |
| ૩૩૫૦૦૦-૦૦ | બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | ૬૦૫૬૭૧-૨૫ | |
| ૩૦૮૨૫૦૦-૦૦ | | | ૩૭૬૧૮૩૧-૨૫ |
| | **ફરનીચર અને ફિક્ષર (ચોપડા પ્રમાણે)** | | |
| ૩૧૩૪૧-૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૧૬૧૪-૦૦ | |
| ૧૯૭૨૭-૨૪ | ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના ૧૦% | ૧૧૬૧-૦૦ | |
| ૧૧૬૧૪-૦૦ | | | ૧૦૪૫૩-૦૦ |
| | **ડિપોઝીટ** | | |
| ૧૨૫-૦૦ | પોસ્ટ ઓફિસમાં | ૧૨૫-૦૦ | |
| ૧૮૪૫-૦૦ | બી.ઈ.એસ.ટી. | ૧૮૪૫-૦૦ | |
| ૩૬૦-૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦-૦૦ | |
| ૧૬૦૦-૦૦ | બિરલા ક્રિડા કેન્દ્ર | ૧૬૦૦-૦૦ | |
| ૩૯૩૦-૦૦ | | | ૩૯૩૦-૦૦ |
| | **લેણું સદ્ધર** | | |
| ૯૬૩૫૬-૭૭ | શ્રી મણિલાલ એમ. શાહ લાઈબ્રેરી | ૧૫૯૪૫-૭૭ | |
| ૨૪૧૪૮-૦૦ | શ્રી ઈન્કમટેક્ષ રિફંડ બાકી લેણા | ૬૬૪૯-૦૦ | |
| ૭૨૬૭૪-૧૮ | ગર્વ કું. તથા બેંકમાં મુકેલ રકમ પર ચઢેલ વ્યાજના | ૭૨૬૩૩-૩૩ | |
| ૧૦૩૯૬૬-૩૮ | સ્ટાફ પાસે અને અન્ય | ૮૫૭૫૯-૩૮ | |
| ૨૯૭૧૪૫-૩૩ | | | ૧૮૦૯૮૭-૪૮ |
| | **રોકડ તથા બેંક બાકી** | | |
| ૧૪૪૭૦-૪૮ | બેંક ઓફ ઈ ચાલુ ખાતે | ૩૦૧૮૯૪-૫૪ | |
| ૨૪૨૭૭૫-૩૬ | બેંક ઓફ ઈ. બચલ ખાતે | ૩૬૮૩૫-૧૮ | |
| ૦.૪૯ | રોકડ પુરાંત | ૨૨૦-૪૧ | |
| ૨૫૭૨૪૬-૩૩ | | | ૩૩૮૯૫૦-૧૩ |
| ૩૭૦૩૬૬૬-૦૬ | | કુલ રૂા. | ૪૩૪૭૮૮૨-૨૬ |

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૫ ના દિવસના સરવૈયામાં બતાવેલ ટ્રસ્ટ ફંડો અને ટ્રસ્ટ ખાતાઓની વિગત દર્શાવતું પરિશિષ્ટ

**પરિશિષ્ટ અ**

| | ટ્રસ્ટ ફંડો | તા. ૩૧-૩-૯૪ | વર્ષ દરમિયાન ભેટ | હવાલા વ્યાજના | વર્ષ દરમિયાન ખર્ચ | હવાલો | તા. ૩૧-૩-૯૫ના રોજ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી પુસ્તક પ્રકાશન ખાતું | (ઉધાર)૧૬૯૯૭-૪૧ | | | | ૧૬૯૯૭-૪૧ | ૦-૦૦ |
| ૨ | શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨૦૦૦-૦૦ | | | | | ૨૦૦૦-૦૦ |
| ૩ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા | ૩૫૦૦૦૦-૦૦ | ૫૦૦૦૦-૦૦ | | | | ૪૦૦૦૦૦-૦૦ |
| ૪ | શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક | ૧૧૦૦૦-૦૦ | | | | | ૧૧૦૦૦-૦૦ |
| ૫ | શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર | ૭૭૫૦૬-૪૯ | | | | | ૭૭૫૦૬-૪૯ |
| ૬ | શ્રી મહાવીર વંદના : શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા સ્નેહ મિલન | ૧૫૦૦૦૦-૦૦ | | | | | ૧૫૮૦૦૦-૦૦ |
| ૭ | શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ | ૧૩૦૨૪૬-૦૦ | | | | | ૧૩૦૨૪૬-૦૦ |
| ૮ | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા | ૫૧૦૦૦-૦૦ | | | | | ૫૧૦૦૦-૦૦ |
| ૯ | શ્રી કિશોર ટિંબડિયા કેળવણી યોજના ફંડ | ૧૦૫૦૦૦-૦૦ | | | | | ૧૦૫૦૦૦-૦૦ |
| ૧૦ | શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૧૫૧૦૦૦-૦૦ | | | | | ૧૫૧૦૦૦-૦૦ |
| ૧૧ | શ્રી ભાનુબહેન પ્રવીણચંદ્ર શાહ નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૧૦૦૦૦૦-૦૦ | | | | | ૧૦૦૦૦૦-૦૦ |
| ૧૨ | સ્વ. જ્યોત્સનાબહેન ભૂપેન્દ્ર ઝવેરી ચક્ષુ રાહત યોજના ફંડ | ૧૨૨૨૨૬-૦૦ | ૨૭૭૭૪-૦૦ | | | | ૧૫૦૦૦૦-૦૦ |
| | | ૧૨૩૨૯૮૧-૦૮ | ૭૭૭૭૪-૦૦ | | | | ૧૩૨૭૭૫૨-૪૯ |
| ૧ | શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્ર પ્રવૃત્તિ | ૩૭૪૯૪-૩૫ | | | ૯૫૮૧-૭૫ | | ૨૭૯૧૨-૬૦ |
| ૨ | શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા પ્રેમળ જ્યોતિ ખાતું | (ઉધાર) ૨૨૫૧૪-૧૯ | ૨૦૧૩૩૧-૦૦ | | ૧૫૩૦૭૨-૦૦ | | ૨૫૭૪૪-૫૧ |
| ૩ | શ્રી દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ ફંડ | ૨૭૬૯-૩૭ | ૯૧૧૩-૫૦ | ૨૭૭-૦૦ | ૨૩૮૬૧-૧૦ | | ૧૧૭૦૧-૨૩ |
| ૪ | શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી ચશ્માઘર | ૨૫૩૯૮-૫૦ | ૧૦૦૦-૦૦ | | ૨૩૬૦-૦૦ | | ૨૪૦૩૮-૫૦ |
| ૫ | શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર આવક જાવક ખાતું | ૧૩૦૨૮-૪૫ | ૯૬૬૩-૦૦ | ૭૭૫૧-૦૦ | ૧૭૦૪૨-૫૦ | | ૧૩૩૯૯-૯૫ |
| ૬ | શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ | ૩૪૦૬૫-૦૦ | ૭૧૮૫૭-૦૦ | ૧૩૦૨૪-૦૦ | ૭૧૦૯૫-૦૦ | | ૪૭૮૫૧-૦૦ |
| ૭ | શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા મહાવીર વંદના આવક જાવક ખાતુ | ૧૪૦૦૦-૦૦ | | ૧૫૦૦૦-૦૦ | ૭૫૦૫-૦૦ | | ૨૧૪૯૫-૦૦ |
| ૮ | સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા આવક જાવક ખાતું | ૦-૦૦ | | ૩૭૫૦૦-૦૦ | ૩૭૫૦૦-૦૦ | | ૦-૦૦ |
| ૯ | શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ શ્રેષ્ઠ પારિતોષિક આવક જાવક ખાતું | ૭૦૦-૦૦ | | ૧૧૦૦-૦૦ | | | ૪૦૦-૦૦ |
| ૧૦ | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા આવક જાવક ખાતું | ૪૨૧૦-૦૦ | | ૫૧૦૦-૦૦ | | | ૯૩૧૦-૦૦ |
| ૧૧ | શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ આવક જાવક ખાતું | ૩૫૮૧૨-૯૦ | ૪૫૯૪૧-૦૦ | ૧૦૫૦૦-૦૦ | ૫૧૪૪૦-૦૦ | | ૪૦૮૧૩-૯૦ |
| ૧૨ | શ્રી નેત્રયજ્ઞ આવક જાવક ખાતું | ૧૯૬૮૬-૫૦ | ૧૯૫૮૨-૦૦ | ૩૭૩૨૩-૦૦ | ૭૬૫૯૧-૫૦ | | ૦-૦૦ |
| | | ૧૬૩૨૫૦-૫૮ | ૩૫૮૪૮૭-૫૦ | ૧૨૭૫૭૫-૦૦ | ૪૫૦૦૪૮-૮૫ | | ૧૯૯૨૬૪-૨૩ |
| | | ૧૩૯૬૨૩૧-૬૬ | ૪૩૬૨૬૧-૫૦ | ૧૨૭૫૭૫-૦૦ | ૪૫૦૦૪૮-૮૫ | ૧૬૯૯૭-૪૧ | ૧૫૨૭૦૧૬-૭૨ |

## પરિશિષ્ટ બ

### તા. ૩૧-૩-૯૫ના રોજ ઇન્વેસ્ટમેન્ટ

| | વિગત | | |
|---|---|---|---|
| | (૧) શેરો | | |
| ૫૦૦૦-૦૦ | શ્રી રસધારા કો. ઓ. હા. સો. લિ. શેર-૧૦ | | ૫૦૦-૦૦ |
| ૨૦૨૦૦૦-૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના યુનિટો | | ૮૫૧૧૬૦-૦૦ |
| | (૩) ગર્વ. કાં. ફિક્સ ડિપોઝીટ | | |
| ૩૪૦૦૦૦-૦૦ | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | | |
| ૬૫૫૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરીટી ઓફ ઈ લિ. | ૬૫૫૦૦૦-૦૦ | |
| ૧૦૦૦૦૦-૦૦ | મદ્રાસ રિફાઈનરી | | |
| ૫૦૦૦૦૦-૦૦ | ઈન્ડિયન પેટ્રો કેમિકલ્સ કોર્પો. લિ. | ૫૦૦૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦૦-૦૦ | હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈ. કો. લિ. | ૨૦૦૦૦૦-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | આઈ.સી.આઈ.સી. | ૫૦૦૦૦-૦૦ | |
| | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન | ૯૦૦૦૦૦-૦૦ | |
| ૨૫૪૫૦૦૦-૦૦ | | | ૨૩૦૫૦૦૦-૦૦ |
| | (૪) બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | | |
| ૨૪૫૦૦૦-૦૦ | બેંક ઓફ ઈન્ડિયા ફિક્સ ડિપોઝીટ | ૬૦૫૬૭૧-૨૫ | |
| ૬૦૦૦૦-૦૦ | માંડવી કો. ઓ. બેંક લિ. | | |
| ૩૦૦૦૦-૦૦ | ધી બોમ્બે મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લિ. | | |
| ૩૩૫૦૦૦-૦૦ | | | ૬૦૫૬૭૧-૨૫ |
| ૩૦૮૨૫૦૦-૦૦ | | | ૩૭૬૨૩૩૧-૨૫ |

### દેવું

| | | |
|---|---|---|
| શ્રી ભગવાન મહાવીર વચનો પુસ્તક (અગાઉથી આવેલા) | ૮૬૪૦૫-૬૦ | |
| શ્રી સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ | ૨૭૦૦-૦૦ | |
| શ્રી ચિખોદરા હોસ્પિટલ | ૨૩૧૬૩-૦૦ | |
| શ્રી પ્રવાસ ફંડ | ૨૩૨૯૦-૦૦ | |
| શ્રી ખર્ચ અંગે | ૧૫૦૦-૦૦ | |
| શ્રી ચિખોદરા મુલાકાત અંગે | ૬૦૦-૦૦ | |
| શ્રી પ્રબોધિની ટ્રસ્ટ | ૨૦૦૦-૦૦ | |
| શ્રી મુનિ સેવાશ્રમ | ૫૦૦-૦૦ | |
| શ્રી એ. આર.સી.એચ. માંગરોલ સંસ્થા | ૬૪૩૦૯૬-૦૦ | |
| ડૉ. પીઠાવાલા ષષ્ઠીપૂર્તિ આવક જાવકના | ૭૧૦૦-૦૦ | |
| | | ૭૯૦૩૫૪-૬૦ |
| **સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ** | | |
| શ્રી એલ. એમ. મહેતા | ૭૪૩૩૭-૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ | ૧૨૮૭૫-૯૦ | |
| શ્રી મનસુખલાલ બી. મહેતા | ૧૨૮૭૬-૦૦ | |
| પ્યુન અશોક પલમસકર | ૮૮૮૨-૦૦ | |
| પ્યુન વિજય સાવંત | ૮૨૭૪-૦૦ | |
| | | ૧૧૭૨૪૫-૧૪ |
| **લેણું સ્ટાફ તથા અન્ય** | | |
| શ્રી એલ. એમ. મહેતા | ૬૦૦૪૮-૦૦ | |
| પ્યુન હરિચંદ એ. નવાળે | ૫૫૬૦-૦૦ | |
| પ્યુન અશોક પલમસકર | ૭૧૬૦-૦૦ | |
| પ્યુન વિજય સાવંત | ૧૦૩૬૦-૦૦ | |
| શ્રી અલ્પાહાર | ૨૬૩૧-૩૮ | |
| | | ૮૫૭૫૯-૩૮ |

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૫ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૪ | આવક | | |
|---|---|---|---|
| ૯૬૨૭૯-૦૦ | ચાલુ ભેટના | ૩૬૯૭૯૬-૦૦ | |
| | પ્રબુદ્ધ જીવન ભેટના | ૩૫૨-૦૦ | |
| | લવાજમના | | |
| ૧૦૬૦-૦૦ | વસુલ આવ્યા | ૧૩૫૦-૦૦ | |
| ૩૮૬૦-૦૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૩૧૩૭-૦૦ | ૩૭૪૬૩૫-૦૦ |
| ૪૯૨૦-૦૦ | | | |
| | વ્યાજના | | |
| ૫૪૪૫૩-૦૫ | બેંકની ફિક્સ ડિપોઝીટ પર | ૪૬૯૦૮-૪૯ | |
| ૩૬૬૫૨૧-૭૯ | ગવર્નમેન્ટ કું.ની ડિપોઝીટ પર | ૩૭૫૫૪૮-૯૨ | |
| ૩૧૪૯૬-૦૦ | યુનિટ ટ્રસ્ટની યુનિટ પર | ૪૦૫૩૩-૬૭ | |
| ૧૦૫૭૯-૫૫ | બેંકોના ખાતા પર | ૧૮૪૧-૦૦ | |
| | ઈન્કમટેક્સ રિફંડ પર વ્યાજ | ૪૪૬૩-૦૦ | |
| ૪૬૩૦૫૦-૩૯ | | ૪૬૯૨૯૫-૦૮ | |
| | બાદ : અન્ય અંકિત ફંડોને ૧૦% | ૧૨૭૫૭૫-૦૦ | |
| | | | ૩૪૧૭૨૦-૦૦ |
| | પરચુરણ આવક | | |
| ૪૫૫-૦૦ | શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહના | ૧૬૫૬-૦૦ | |
| ૪૫૫-૦૦ | | | ૧૬૫૬-૦૦ |
| ૧૪૬૩૧-૭૨ | આવક કરતાં ખર્ચનો વધારો | | |
| ૪૬૮૯૧૮-૧૧ | | કુલ રૂા. | ૭૧૮૦૧૧-૦૮ |

| ૧૯૯૪ | વહીવટી અથવા વ્યવસ્થા ખર્ચ | | |
|---|---|---|---|
| ૧૧૮૮૦૧-૦૦ | પગાર તથા બોનસ | ૧૨૩૭૧૦-૦૦ | |
| ૧૯૨૯૦-૧૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ | ૨૧૯૯૪-૦૦ | |
| ૨૮૭૨૯-૦૫ | ગાડી ભાડું તથા અન્ય ખર્ચ | ૫૫૪૧૩-૭૩ | |
| ૩૬૩૬૫-૦૦ | સ્ટાફ બેનિફીટ ખર્ચ | ૨૭૨૧૬-૫૦ | |
| ૧૮૯૯૪-૦૦ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળીખર્ચ | ૧૭૭૨૫-૦૦ | |
| ૫૨૫૪-૦૦ | ટેલિફોન ખર્ચ | ૬૫૦૯-૦૦ | |
| ૩૭૨૧-૦૦ | પ્રિન્ટિંગ તથા સ્ટેશનરી | ૪૬૫૬-૫૦ | |
| ૨૬૭-૦૦ | પોસ્ટેજ | ૬૨૭-૦૦ | |
| ૨૬૭-૭૫ | બેંક કમિશન | ૨૧૬-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | | |
| ૧૫૦૦-૦૦ | ઓડિર્સને ઓનેરિયમના | ૧૫૦૦-૦૦ | |
| ૧૮૨૫૫-૫૬ | રિપેરીંગ ખર્ચ | | |
| ૩૨૭૨-૦૦ | બોમ્બે પબ્લિક એડ. ટ્રસ્ટ ફંડને ફાળાના | ૨૪૯૫-૦૦ | |
| ૧૨૯૦-૦૦ | ફરનીચર ઘસારાના | ૧૧૬૧-૦૦ | |
| | લીફ્ટ ખર્ચ | ૫૦૦૦-૦૦ | |
| ૨૫૬૬૦૬-૪૬ | | | ૨૬૮૨૨૩-૭૩ |
| | ઉદ્દેશો અંગે | | |
| ૫૪૪૦૫-૭૫ | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૩૯૪૯૭-૯૦ | |
| ૮૬૪૨-૨૫ | ભક્તિ સંગીત | ૭૨૫૦-૦૦ | |
| ૧૪૪૨૫-૦૦ | કેસેટ ખર્ચ | ૩૬૦૦-૦૦ | |
| ૬૧૦૦૦-૦૦ | અન્ય સંસ્થાઓને ઠરાવ પ્રમાણે | ૧૦૦૦૦૦-૦૦ | |
| | નેત્રયજ્ઞ ખર્ચ | ૫૨૪-૩૫ | |
| ૧૩૮૪૭૩-૦૦ | | | ૧૫૦૮૭૨-૨૫ |
| | પ્રબુદ્ધ જીવન અંગે | | |
| ૯૩૩૯-૬૫ | શ્રી પ્રબુદ્ધ જીવન પોસ્ટ ખર્ચ | ૯૧૧૬-૦૦ | |
| ૪૪૯૫-૦૦ | શ્રી પ્રબુદ્ધ જીવન પુરસ્કાર | ૪૦૯૫-૦૦ | |
| ૪૧૧૫૫-૦૦ | શ્રી પ્રબુદ્ધ જીવન પ્રિન્ટિંગ | ૩૨૫૨૭-૦૦ | |
| ૨૯૧૯-૦૦ | શ્રી પ્રબુદ્ધ જીવન ખર્ચ | ૩૪૮૫-૨૫ | |
| ૧૫૯૩૦-૦૦ | શ્રી પ્રબુદ્ધ જીવન પેપર ખરીદ્યાં | ૩૮૩૨૦-૦૦ | |
| ૭૩૮૩૮-૬૫ | | | ૮૭૫૪૩-૨૫ |
| | શ્રી પુસ્તક પ્રકાશન ખર્ચ | ૧૬૯૯૭-૪૧ | ૧૬૯૯૭-૪૧ |
| | ખર્ચ કરતાં આવકમાં વધારો | | ૧૯૪૩૭૪-૪૪ |
| ૪૬૮૯૧૮-૧૧ | | કુલ રૂા. | ૭૧૮૦૧૧-૦૮ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર માલુમ પડ્યો છે.

મુંબઇ

તા.૭-૧૦-૧૯૯૫

ઉત્તમચંદ સાંકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

પ્રમુખ    સેક્રેટરી    ટ્રેઝરર

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

### તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૫ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૪ | આવક | | |
|---|---|---|---|
| | **વ્યાજના** | | |
| ૬૮૬૬-૦૦ | ગર્વ : કંપનીની ફિક્સ ડિપોઝીટ પર | ૭૪૯૮-૦૦ | |
| ૧૧૩૨-૦૦ | બેંકના વ્યાજના | ૪૯૭-૦૦ | |
| ૭૯૯૮-૦૦ | | | ૭૯૯૫-૦૦ |
| | **ભેટ, ગ્રાંટ તથા લવાજમના** | | |
| ૨૫૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારકનિધિના | | |
| ૯૬૭૫-૦૦ | પુસ્તક લવાજમના | ૮૭૪૦-૦૦ | |
| ૩૪૬૭૫-૦૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | ૧૦૦૦૦૦-૦૦ | |
| | | | ૧૦૮૭૪૦-૦૦ |
| | **પરચુરણ આવક** | | |
| ૩૫૮-૦૦ | પસ્તી વેચાણ | ૧૬૩૩-૧૫ | |
| ૨૮-૦૦ | લેઈટ ફીના | ૪૭-૫૦ | |
| ૮૫૦-૦૦ | દાખલ ફીના | ૧૦૫૦-૦૦ | |
| ૩૫-૦૦ | પાસબુક | ૪૨-૦૦ | |
| ૧૨૭૧-૦૦ | | | ૨૭૭૨-૬૫ |
| ૩૦૩૩૮-૩૦ | વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચમાં વધારો | | |
| | | કુલ રૂ. | ૧૧૯૫૦૭-૬૫ |

| ૧૯૯૪ | ખર્ચ | | |
|---|---|---|---|
| ૯૦૬૬-૮૦ | પેપર લવાજમ | ૮૯૭૨-૪૦ | |
| ૩૬૨૯૫-૦૦ | પગાર બોનસ, ગ્રેચ્યુટી વગેરે | ૩૫૧૮૫-૦૦ | |
| ૯૭૦-૦૦ | બુક બાઈંડીંગ | ૧૫૬૭-૫૦ | |
| ૫૩૨૨-૫૦ | પ્રોવિડંડ ફંડ ફાળાના તથા તેના પર વ્યાજના | ૭૦૬૩-૫૦ | |
| ૧૦૯-૦૦ | વિમા પ્રિમીયમ | ૧૧૩-૦૦ | |
| ૫૧૭૬૩-૩૦ | | | ૫૨૯૦૧-૪૦ |
| | **વ્યવસ્થા ખર્ચ** | | |
| ૧૦૦૦-૦૦ | ઓડિટરને ઓનેરિયમના | ૧૦૦૦-૦૦ | |
| ૫૦૭૬-૫૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચના | ૪૩૯૯-૦૦ | |
| ૬૧૪૭-૦૦ | સાફ-સફાઈ, પરચુરણ ખર્ચ | ૭૭૨૮-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | | |
| ૩૯૫-૦૦ | પ્રિન્ટીંગ ખર્ચ | | |
| ૧૩૨૧૮-૫૦ | | | ૧૩૫૦૭-૦૦ |
| | **ઘસારાના** | | |
| ૬૭૪-૦૦ | ફરનીચર પર ઘસારાના ૧૦% | ૬૦૭-૦૦ | |
| ૮૬૨૬-૫૦ | પુસ્તક પર ઘસારાના ૧૫% | ૭૭૭૮-૦૦ | |
| ૯૩૦૦-૫૦ | | | ૮૩૮૫-૦૦ |
| | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકમાં વધારો | | ૪૪૭૧૪-૨૫ |
| | | કુલ રૂ. | ૧૧૯૫૦૭-૬૫ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર માલુમ પડ્યો છે.

મુંબઈ તા. ૭-૧૦-૧૯૯૫

ઉત્તમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

### તા. ૩૧ મી માર્ચ, ૧૯૯૫ ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૧૯૯૪ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | કાયમી ફંડ | | |
| ૪૦૭૮૯૪-૦૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૪૦૭૮૯૪-૦૦ |
| | શ્રી પુસ્તક ફંડ | | |
| ૫૫૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૫૦૦-૦૦ |
| | શ્રી ફરનીચર ફંડ | | |
| ૨૪૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | | ૨૪૦૦-૦૦ |
| | શ્રી રીઝર્વ ફંડ | | |
| ૯૨૩૩-૧૭ | ગયા સરવૈયા મુજબ | | ૯૨૩૩-૧૭ |
| ૨૫૦૦૦-૦૦ | પુસ્તકો અંગે ડિપોઝીટના | | ૨૬૯૫૦-૦૦ |
| ૨૪૧૬૩-૬૭ | સ્ટાફ પ્રોવિડંડ ફંડના | | |
| | ૬૫૩૨-૬૦ શ્રી હિના એચ. રાઠોડ | ૧૦૯૪૭-૫૦ | |
| | ૧૭૬૩૧-૦૭ પ્યુન હરિચંદ એ. નવાળે | ૨૧૯૨૬-૧૭ | |
| | | | ૩૨૮૭૩-૬૭ |
| ૯૬૩૫૬-૭૭ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘના | ૧૫૯૪૫-૭૭ | |
| ૧૦૦૦-૦૦ | ખર્ચ અંગે | ૧૦૦૦-૦૦ | |
| ૯૭૩૫૬-૭૭ | | | ૧૬૯૪૫-૭૭ |
| | કુલ રૂ. | | ૫૦૧૭૯૬-૬૧ |

| ૧૯૯૪ | મિલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| ૫૦૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરીટી ઓફ ઈ. ફિક્સ્ડ ડિપોઝીટ | | ૫૦૦૦૦-૦૦ |
| | ફરનીચર (ખરીદ કિંમતે) | | |
| ૨૦૧૮૭-૬૩ | ગયા સરવૈયા મુજબ | ૨૦૧૮૭-૬૩ | |
| ૧૪૧૧૯-૬૩ | બાદ કુલ ઘસારાના ૧૯૯૪ સુધીના | ૧૪૧૧૯-૬૩ | |
| ૬૦૬૮-૦૦ | | ૬૦૬૮-૦૦ | |
| | બાદ : ૧૯૯૫ના ઘસારાના | ૬૦૭-૦૦ | ૫૪૬૧-૦૦ |
| | પુસ્તકો (ખરીદ કિંમતે) | | |
| ૫૧૫૧૩-૫૫ | ગયા સરવૈયા મુજબ | ૫૧૮૫૪-૩૦ | |
| ૨૯૬૭-૨૫ | વર્ષ દરમિયાન ખરીદી | ૫૫૯૦-૦૦ | |
| | | ૫૭૪૪૪-૩૦ | |
| ૮૬૨૬-૫૦ | બાદ વર્ષ દરમિયાન ઘસારાના | ૭૭૭૮-૦૦ | |
| ૫૧૮૫૪-૩૦ | | | ૪૯૬૬૬-૩૦ |
| | રોકડ તથા બેંક બાકી | | |
| ૫૮૯૫-૯૨ | બેંક ઓફ ઈ. બચત ખાતે (ટ્રસ્ટના નામે) | ૮૧૯૦-૯૨ | |
| ૧૦૨-૭૬ | રોકડ પુરાંત | ૦૧-૦૧ | |
| ૫૯૯૮-૬૮ | | | ૮૧૯૧-૯૩ |
| | શ્રી આવક ખર્ચ ખાતું | | |
| ૪૦૭૬૩૯-૩૩ | ગયા સરવૈયા મુજબ | ૪૨૯૬૮૨-૬૩ | |
| ૩૦૩૩૮-૩૦ | ઉમેરો આવક કરતાં ખર્ચનો વધારો | | |
| ૪૩૭૯૭૭-૬૩ | બાદ : ખર્ચ કરતાં આવકનો વધારો | ૪૪૭૧૪-૨૫ | |
| ૮૨૯૫-૦૦ | બાદ : જુના મેમ્બર ડિપોઝીટ ન લઈ જતા માંડી વાળ્યા | | ૩૮૪૯૬૮-૩૮ |
| ૪૨૯૬૮૨-૬૩ | | | |
| | લેણું | | |
| ૨૫૦૦૦-૦૦ | શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ | | |
| ૧૦૯૫-૦૦ | ઈન્કમટેક્ષ રિફંડ બાકી લેણા | ૧૬૬૦-૦૦ | |
| ૧૮૪૯-૦૦ | વ્યાજ બાકી લેણા | ૧૮૪૯-૦૦ | |
| | | | ૩૫૦૯-૦૦ |
| ૨૭૯૪૪-૦૦ | | | |
| | કુલ રૂ. | | ૫૦૧૭૯૬-૬૭ |

### ઓડિટરનો રિપોર્ટ

અમોએ શ્રી મણીલાલ મોકમચંદ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૩-૯૫ના દિવસનું ઉપરનું સરવાયું મજકુર લાઈબ્રેરીના ચોપડાં તથા વાઉચર સાથે તપાસ્યું છે. અને અમારા શ્રી મુંબઈપબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ના અનુસાર જુદા રીપોર્ટ આધીન બરોબર છે.

ઉત્તમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

મુંબઈ તા. ૭-૧૦-૧૯૯૫

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

☐ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે એકસઠમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. જ્ઞાન અને સાધનાની જ્યોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો છેલ્લાં બાર વર્ષથી સતત આર્થિક સહયોગ મળતો રહ્યો છે.

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને બુધવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૧૯૯૫થી તા. ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૫ સુધી એમ આઠ દિવસ માટે ચોપાટી મધ્યે બિરલા ક્રિડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

♦ **મૃત્યુંજયી મહામંત્ર નવકાર :** પ્રથમ દિવસે આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી શશિકાંત મહેતાએ જણાવ્યું હતું કે નવકાર મંત્ર શાશ્વત મંત્ર છે. અનંતકાળ ગયો, અનંત ચોવીશી ગઇ છતાં આ મહામંત્રના શબ્દો શાશ્વત રહ્યાં છે. આ મંત્રના અક્ષરો મૃત્યુંજયી છે તેનું સેવન કરનારને તે અવશ્ય મૃત્યુંજયી બનાવે છે. નમસ્કાર મંત્રની આરાધના એક દિવ્ય તપ છે. જે તપ આપણને અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ લઇ જાય છે. આપણે મનોરથમાં નહિ નમો-રથમાં બેસવાનું છે. નવકારમંત્રનો આરાધક કામજયી, ધનંજયી, શત્રુંજયી અને મૃત્યુંજયી હોવો જોઇએ.

♦ **તપની તેજસ્વિતા :** શ્રીમતી છાયાબહેન પ્રવીણચંદ્ર શાહે આ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે, વિશ્વના સકળ જીવોએ પોતાનું સમગ્ર જીવન આત્મશુદ્ધિ અર્થે જ ખર્ચવું જોઇએ, એવી તીર્થંકર પરમાત્માની આજ્ઞા છે. આત્મશુદ્ધિ માટેનો તેમણે જે વિશિષ્ટ માર્ગ બતાવ્યો છે તે છે તપ. તપ એ આત્માને કર્મબંધથી મુક્ત બનાવી શકે છે. જે તપ કરે છે તે માત્ર પોતાનું જ કલ્યાણ કરે છે એમ નથી. તે બીજા અનેક જીવોને અભયદાન આપે છે. જૈન ધર્મમાં બાહ્યતપ અને આભ્યંતર તપ એવા તપના બે પ્રકાર બતાવ્યા છે. તપ પાછળ કોઇપણ પ્રકારની સાંસારિક સુખભોગની અપેક્ષા ન હોવી જોઇએ.

♦ **જૈન દર્શનમેં કર્મવાદ :** પૂ. મુનિશ્રી રાજકારણજીએ આ વિષય પર પ્રવચન આપતાં જણાવ્યું હતું કે આ સૃષ્ટિ કોણે બનાવી ? કઇ રીતે બનાવી ? આ સૃષ્ટિનું સંચાલન કોણ કરે છે ? તેના પર કોનો અધિકાર ચાલે છે ? હું કોણ છું ? ક્યાંથી આવ્યું છું ? ક્યાં જવાનો છું ? મારું સ્વરૂપ શું છે ? વગેરે પ્રશ્નોના જવાબ જુદા જુદા ધર્મના મહર્ષિઓએ અલગ અલગ રીતે આપ્યા છે. જૈન ધર્મ માને છે કે એ બધા પાછળ કર્મનો સિદ્ધાંત રહેલો છે. મનુષ્યનાં કર્મો જ તેને ઉર્ધ્વ કે અધોગતિ તરફ લઇ જાય છે. આત્મા પર કર્મનો બંધ અનંતકાળથી છે. જૈનદર્શન પ્રમાણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર ઘાતિકર્મ આત્માના વિકાસમાં બાધક છે.

♦ **આઓ આત્માકો પહિચાને :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં ડૉ. શેખરચંદ્ર જૈને જણાવ્યું હતું કે મનુષ્ય જેવી ભાવના રાખશે તેવી તેની સ્થિતિ બની રહેશે. જેવું તમારું મન તેવો તમારો ભાવ રહેશે. આજે આ જીવ આત્માનો મૂળ સ્વભાવ ભૂલી ગયો છે. આત્મા સ્વયં પ્રકાશિત છે. તેની ચારે તરફ કામ, ક્રોધ, મોહ, લોભ રૂપી કષાયો ફેલાયેલા છે. આ ચારે કષાયોમાંથી આપણે મુક્ત થવાનું છે. આત્માને ઉર્ધ્વગતિ તરફ લઇ જનારા ક્ષમા, માર્દવ આદિ દસ પ્રકારના ધર્મો આપણા ધર્મશાસ્ત્રમાં બતાવ્યા છે. આત્મા સ્વતંત્ર છે. એટલે આત્મા પોતાના તંત્રમાં રહેવાવાળો છે.

♦ **એકવીસમી સદી અને આધ્યાત્મિક યુગનું પ્રભાત :** ડૉ. અશ્વિન કાપડિયાએ આ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે અધ્યાત્મ એ અંધશ્રદ્ધા કે કલ્પના નથી, પરંતુ આત્માને ઉર્ધ્વગતિ તરફ લઇ જનારું ઉડ્ડયન છે. જીવન એ પરિણામ છે અને આત્મા એ જીવનનું કારણ છે. આવતીકાલનો યુગ એ અધ્યાત્મ ચેતનાનો યુગ હશે. મહર્ષિ અરવિંદ કહે છે કે એ યુગ 'લાઇફ ડિવાઇન' તરીકે ઓળખાશે. આ અધ્યાત્મયુગ માનવ મનના દરવાજા ખોલી નાખશે અને આત્માના પ્રકાશને પ્રતિબિંબિત કરતું જીવન નીપજાવી શકશે.

♦ **વ્યવહાર ઔર અધ્યાત્મ :** આ વિષય પર પ્રવચન આપતા પૂ. સમણી શ્રી મુદિતપ્રજ્ઞાજીએ જણાવ્યું હતું કે જ્યાં ધર્મ છે ત્યાં અધ્યાત્મ છે જ. ધર્મ સાધન છે તો અધ્યાત્મ સાધ્ય છે. ધર્મ બીજ છે તો અધ્યાત્મ તેનું ફળ છે. ધર્મથી જ અધ્યાત્મની પ્રાપ્તિ થઇ શકે. અધ્યાત્મનું મૂળભૂત તત્ત્વ છે-'આત્મા'. વ્યક્તિ ધર્મ કરે છે, પરંતુ જ્યાં સુધી તેનું આચરણ જીવનમાં નહિ આવે ત્યાં સુધી તેનું કોઇ પણ પરિણામ નહિ મળે. જે વ્યક્તિ જીવને કે અજીવને ન જાણે, આત્મા કે અનાત્માને ન ઓળખે તે વ્યકિત પોતાના જીવનમાં સંયમનું પાલન કરી શકે નહિ. જે વ્યક્તિ આત્માની સમીપ જવા ઇચ્છે તેમણે પહેલા આત્માને ઓળખવો પડશે. અધ્યાત્મને સમજતાં પહેલાં ધર્મને સમજવો પડશે.

♦ **સેવા મુક્તિનું દ્વાર :** પૂ. સાધુ પ્રીતમપ્રસાદજીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે સેવા મનુષ્યનો સાહજિક ગુણ છે. સેવાનો વિશેષ અર્થ કરતાં વેદાંત કહે છે કે સંપૂર્ણ ભાવથી આચાર્યને અનુરૂપ કામ કરવું તે સેવા છે. સેવા કરવાથી પુણ્ય ઉપાર્જન થાય છે. પુણ્યની વાત છોડો તો પણ સેવાથી નિર્વ્યાજ આનંદ તો મળી જ શકે છે. અને પુણ્ય મળે કે ન મળે પણ સેવાથી પશ્ચાતાપ તો થતો જ નથી. સેવા કર્યા પછી મનને એ માટેના સૂક્ષ્મ અહંકારથી મુક્ત રાખવું અઘરું છે. એ કામ જે કરી શકે તેવા વિરલા જ મુક્તિને પામી શકે. સેવા મનુષ્યનું આવશ્યક કાર્ય છે. સેવાથી માનસિક શાંતિ સહજ રીતે મળી શકે છે.

♦ **પ્રાર્થનાના અજવાળે :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી પ્રકાશ ગજ્જરે જણાવ્યું હતું કે આત્માની જાગૃતિ રહે તે માટે જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ છે. પ્રાર્થનાથી વિનય, સમજણ અને કૃતજ્ઞતા આવે છે. પ્રાર્થના આપણને અજ્ઞાનમાંથી અને અહંકારમાંથી બહાર કાઢે છે. અને પરમાત્મા સાથે જોડે છે. પ્રાર્થનામાં શ્રદ્ધા અને સબૂરી એ બે વસ્તુનું વિશેષ મહત્ત્વ છે. પ્રાર્થનામાં પરમેશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવાનો છે. પરમાત્મા સર્વજ્ઞ, સર્વશક્તિમાન હોવાની અનુભૂતિ કરવાની છે. પરમાત્માએ જે આપ્યું છે તે માટે તેમનો આભાર માનવાનો છે. પરમાત્મા પાસે આપણે શું જોઇએ છે તેની માંગણી કરવાની છે અને સાથે સાથે આપણી પ્રાર્થના સાંભળવા બદલ પરમાત્માનો ઋણ સ્વીકાર કરવાનો છે.

♦ **અદત્તાદાન વિરમણ :** ડૉ. રમણલાલ ચી. શાહે આ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે ચોરીનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. યુગે યુગે નવી નવી યુક્તિ પ્રયુક્તિઓ પ્રચારમાં આવે છે. અત્યારના યુગમાં કમ્પ્યુટરના લાભ સાથે Electronic Fraud એ દુનિયાની નવા પ્રકારની ચોરી છે. અસ્તેય વ્રત પાંચ મહાવ્રતોમાં ત્રીજું છે. તે પહેલાં બે વ્રતના પોષણ માટે છે. જે પહેલાં બે વ્રત અહિંસા અને સત્ય બરાબર ન પાળી શકે તે ત્રીજું વ્રત ન જ પાળી શકે. જૈન ધર્મમાં આ વ્રત માટે 'અદત્તાદાન વિરમણ' શબ્દ વપરાયો છે. તેમાં ઘણું સૂક્ષ્મ ઔચિત્ય રહેલું છે. બીજાએ જે વસ્તુ આપી ન હોય તેવી વસ્તુ ગ્રહણ ન કરવી જોઇએ. જૈન ધર્મમાં તો ત્યાં સુધી કહ્યું છે કે જે પોતાનાં ધન વૈભવમાં બીજાને

ભાગીદાર બનાવતો નથી. એમાંથી બીજાને કશું આપતો નથી તે સમાજનો ચોર છે. સાધુ ભગવંતો માટે તો લોભ, લાલચ, વાસના, આસક્તિ પણ ચોરી રૂપ છે. માટે તે વર્જ્ય છે.

♦ **અહિંસા :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રીમતી મેનકા ગાંધીએ જણાવ્યું હતું કે અહિંસાનો વ્યાપક અર્થ છે પર્યાવરણનો ખ્યાલ રાખવો, કુદરત તરફ નજર નાખવી. માત્ર શાકાહારી હોવું એ જ અહિંસા નથી પરંતુ આપણા દેશમાં જે ક્રૂર રીતે, જાનવરો અને જંગલો કપાઇ રહ્યાં છે તેને માટે કંઇક કરી છૂટવું એ જ અહિંસા છે. આજે જીવન અને વ્યવહારમાં ઘણી બધી ચીજો એવી છે કે પ્રથમ નજરે અહિંસક લાગે, પરંતુ તેની પાછળ કેટલી હિંસા થઇ છે તેનું રહસ્ય ઉદ્‌ઘાટિત થાય ત્યારે જ ખ્યાલ આવે કે એવી ચીજ પણ ઘોર હિંસાથી બનાવેલી છે. જૈનોએ તો ખાસ કરીને રેશમી વસ્ત્રો, મોતી વગેરેનો ઉપયોગ કરતાં વિચારવું જોઇએ કારણ કે તે બનાવવા પાછળ કેટલી બધી જીવહિંસા રહેલી છે. સરકાર વિદેશી હુંડિયામણ માટે કતલખાનાની પરવાનગી આપે છે એ દિશામાં લોકમતને વધુ જાગ્રત કરવાની જરૂર છે.

♦ **ચંદનની તો ચપટી ભલી :** પ્રા. ધીરેન્દ્ર રેલિયાએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે શબ્દની અંદર શ્રી ભળે છે ત્યારે શિવ તરફ ગતિ થાય છે. શબ્દની અંદર નિષ્ઠા ભળે છે ત્યારે સત્ય તરફ ગતિ થાય છે અને શબ્દની અંદર મધુરતા ભળે છે ત્યારે સુંદરતા તરફ ગતિ થાય છે. સત્યમ્, શિવમ અને સુંદરમ્‌ની ભાવના જેમના જીવનમાં વણાઇ ગઇ હોય તેના અંતરમાંથી શબ્દો નીકળતાં હોય છે. ભગવાન મહાવીરે ગણધર ગૌતમને 'समयं मा पमायओ' એટલે કે એક ક્ષણ માત્રનો પ્રમાદ ન કરીશ એવો ઉપદેશ આપ્યો અને આજે ૨૫૦૦ વર્ષ પછી પણ એ શબ્દ જગતના સર્વજીવો માટે મંત્ર રૂપ બની ગયો છે.

♦ **માથે મોત તોળાતું હોય ત્યારે :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી નારાયણ દેસાઇએ કહ્યું હતું કે આજે વિશ્વ ભયના ઓથાર નીચે જીવી રહ્યું છે. શસ્ત્રો નિમિત્તે, ઉર્જાના દુરૂપયોગ નિમિત્તે, આર્થિક નીતિ નિમિત્તે અને સાંસ્કૃતિક આક્રમણ નિમિત્તે આપણી શાંતિ કથળતી જાય છે. સૌના રક્ષણમાં જ મારું રક્ષણ છે. એવી સ્થિતિમાં સમત્વ બુદ્ધિ જ મદદ કરી શકે. જે સમત્વ જાળવે તે જ આવી આફતોથી બચી શકે. સમત્વ પ્રાપ્ત થવાથી યયાતિવૃત્તિથી બચી શકાશે. ભવિષ્યની પેઢીનો વિચાર કરવાની સાથે સમત્વ બુદ્ધિ સાથે સંયમી જીવન તરફ આપણે ડગ માંડવા પડશે. અહિંસા, સંયમ અને તપને લક્ષમાં લેવા પડશે. અહિંસાને વૃત્તિમાં, કાર્ય પદ્ધતિમાં, સમાજ રચનાની વ્યવસ્થામાં જોડવી પડશે. સર્વનાં હિતો સમજનારું સંતોષી, સાદું, સરળ જીવન ઘડવું પડશે. તપ એટલે ઘસાઇને ઉજળા થવું. આ રીતે આપણે શિક્ષણ અને પ્રબોધન કરી શકીએ.

♦ **પરમાર્થ યાત્રા-અતિક્રમણથી પ્રતિક્રમણ :** શ્રી હરિભાઇ કોઠારીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે આજે આ વિશ્વમાં પ્રત્યેક ક્ષેત્રમાં અતિક્રમણ થયું છે તેથી જ સમાજને પ્રતિક્રમણની જરૂર છે. આજે ચોતરફ અર્થની પ્રતિષ્ઠા છે. પરમાર્થ તરફ કોઇની દૃષ્ટિ નથી. પૈસો ખરાબ નથી, તેની પાછળ પાગલ થવું ખરાબ છે. માનવી પહેલાં પૈસો કમાવા તબિયત ખલાસ કરે છે અને પછી તબિયત પાછળ પૈસો ખલાસ કરે છે. અર્થ પાછળની પાગલદોટમાં સત્વ અને તત્ત્વ ખોવાઇ જાય છે. આપણને વાણીનું વરદાન પવિત્રતા જાળવવા માટે મળ્યું છે, નહિ કે પ્રદૂષણ ફેલાવવા. આજનો માનવી પર પરીક્ષણમાંથી ઊંચો આવતો નથી, તેથી આત્મ નિરીક્ષણના કામે લાગી શકતો નથી.

♦ **ધર્મક્ષેત્રે, કુરુક્ષેત્રે અને બજારક્ષેત્રે :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં ડૉ. ગુણવંત શાહે કહ્યું હતું કે મને કોઇ પૂછે કે તમને કયા દેશમાં રહેવાનું ન ગમે તો તેના ત્રણ જવાબ મને જડ્યા છે. પહેલો જવાબ છે જે દેશમાં માત્ર એક જ કોમ રહેતી હોય તે દેશમાં રહેવાનું હું પસંદ ન કરું. જ્યાં વૈવિધ્ય ન હોય ત્યાં હું કંટાળી જાઉં. બીજો જવાબ છે જે દેશમાં કોઇ સમસ્યા જ ન હોય ત્યાં પણ હું ન રહું. સમસ્યા વિના જીવવાની કોઇ મજા નથી. ત્રીજો જવાબ એ છે કે જે દેશમાં ધર્મ ફલાવરવાઝ સમાન હોય, ધર્મ આચરણમાં ન હોય તે દેશમાં રહેવા હું મુદ્દલ ન ઇચ્છું. ધર્મક્ષેત્ર, કુરુક્ષેત્ર અને બજારક્ષેત્ર આ ત્રણે જુદાં નથી, માણસે પોતાની આવક પર નિયંત્રણ રાખતાં શીખવું જોઇએ. માણસ પૈસો કમાઇ ત્યાં સુધી વાંધો નથી, પરંતુ પૈસા બનાવે તે આપણી સંસ્કૃતિને અનુરૂપ નથી.

♦ **વ્રતશિરોમણિની પ્રતિષ્ઠા :** શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઇ શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોમાં જૈન ધર્મે અહિંસાને સર્વોપરિ સ્થાન આપ્યું છે. દુનિયામાં વખતોવખત ક્યાંક અને ક્યાંક નાનાં મોટાં યુદ્ધો ફાટી નીકળે છે અને હજારો લાખો માણસોનો સંહાર થાય છે, પરંતુ છેવટે તો શાંતિ માટે અહિંસાનું જ શરણું લેવું પડે છે. જૈન ધર્મમાં દ્રવ્યહિંસા અને ભાવહિંસા એમ બે મુખ્ય પ્રકારો અને પેટા પ્રકારો બતાવ્યા છે. દુનિયામાં ઘણા લોકો માનવની હત્યાનો વિચાર કરે છે, અથવા પશુપક્ષીની હત્યાનો વિચાર કરે છે, પરંતુ જૈન ધર્મમાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની હિંસાથી વિરમવા સુધીની વાત કરવામાં આવી છે. શાકાહાર અને ભક્ષ્યાભક્ષ્યનો વિચાર પણ ઘણી સૂક્ષ્મતાથી કરવામાં આવ્યો છે. અહિંસાની જીવનમાં જે સાચી પ્રતિષ્ઠા થાય તો તેના સાન્નિધ્યમાં વેર ટકી શકતું નથી. ભગવાનનું સમવસરણ એનું ઉત્તમ ઉદાહરણ છે.

♦ **જિન ભાવના ઉતારે પાર :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રીમતી સુષમા અગરવાલે કહ્યું હતું કે ભગવાન મહાવીર પોતાના યુગના મસિહા હતા. આ જ્યોતિર્ધરની વિચારધારાની એ સમયે જેટલી જરૂર હતી એટલી આજે પણ છે, અને અનંતકાળ સુધી રહેશે. તેઓનું જીવન માત્ર ઉપદેશ જ નહિ સાધનાનું ઉત્કૃષ્ટ પરિણામ હતું. તેમણે સ્થાપિત કર્યું હતું કે આત્મકલ્યાણ જ જીવનનો ખરો ઉદ્દેશ છે. આ વિશ્વમાં જે પક્ષપાતથી રહિત છે, અને જેણે પોતાની જાતને જીતી લીધી છે તે જ ખરો જૈન છે. જે સુખીને જોઇને ઇર્ષ્યા, દુ:ખીને જોઇને ગ્લાનિ, પુણ્યાત્માને જોઇને પ્રસન્નતા, પાપીને જોઇ કરુણા અનુભવતો નથી તે મનુષ્ય પોતાના જીવનને કલ્યાણમાર્ગથી દૂર લઇ જાય છે.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનનો પ્રારંભ થતાં પહેલા એક કલાકનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે દરરોજ પ્રારંભમાં પ્રાર્થનાની રજૂઆત કરવાની સાથે ભક્તિ સંગીતના કલાકારોનો પરિચય આપ્યો હતો. શ્રી અવનિબહેન પારેખ, શ્રી ઇન્દિરાબહેન પરીખ, શ્રી રમેશભાઇ રાવળ, કુમારી કશની શાહ, શ્રી ચંદ્રાબહેન કોઠારી, કુમારી અમીષિ શાહ, શ્રી નીતિનભાઇ સોનાવાલા અને શ્રી જતીનભાઇ શાહે અનુક્રમે ભક્તિ સંગીતનો કાર્યક્રમ આપી સવારના વાતાવરણને વધુ આહલાદક અને ભક્તિમય બનાવ્યું હતું. વ્યાખ્યાતાનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પ્રતિવર્ષ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરે છે તે મુજબ ગુજરાતના આણંદ શહેરની દરબાર ગોપાળદાસ ટી. બી. હૉસ્પિટલને સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આ સંસ્થાના મુખ્ય સંચાલક ડૉ. રમણિકલાલ દોશી આ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ ટી. બી. હૉસ્પિટલની સેવા પ્રવૃત્તિની માહિતી આપી હતી. આ ઉપરાંત આ વર્ષે સંઘને પણ આર્થિક રીતે સદ્ધર કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો.

સંઘના ઉપ-પ્રમુખ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહે અને આ પ્રોજેક્ટના સંયોજક શ્રી રસિકલાલ લહેરચંદ શાહે આણંદની ટી. બી. હૉસ્પિટલને અને સંઘને ઉદાર હાથે સહાય કરવા અપીલ કરી હતી. સંઘના મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે દાતાઓનો તેમજ વ્યાખ્યાનમાળામાં સહકાર આપનાર સૌનો આભાર માનવાની સાથે આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું સુંદર સંચાલન કર્યું હતું. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનગંગા સમી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ થઇ હતી.

☆☆☆

# મારી જીવનયાત્રાનું શબ્દ-સંબલ

☐ રમણલાલ ચી. શાહ

સંબલ એટલે ભાતું. યાત્રા સારી રીતે કરવી હોય તો માણસે સુપથ્ય, સુરુચિપૂર્ણ સંબલ પણ પૂરતા પ્રમાણમાં સાથે રાખવું જોઇએ. કેટલાક ગ્રંથો જીવનયાત્રામાં સંબલરૂપ નીવડે છે.

આજે શબ્દનો ઉપયોગ કેટલો બધો વધી ગયો છે! માનવ જીવનનાં વિકાસમાં શબ્દનું યોગદાન અનન્ય છે. આરંભમાં સંકેત રૂપ રહેલા ધ્વનિઓ કાળક્રમે બોલાતા અને શ્રવણગોચર બનતા શબ્દોમાં રૂપાંતરિત થતા ગયા. લિપિનો વિકાસ થયા પછી તો સ્થળ અને કાળને અતિક્રમવાની શબ્દની શક્તિ અનહદ વધી ગઇ.

શબ્દસમૂહ દ્વારા ગ્રંથરચનાની પ્રવૃત્તિ ઠેઠ પ્રાગૈતિહાસિક કાળથી ચાલતી આવી છે. ભવિષ્યમાં પણ તે સતત ચાલતી રહેશે. પ્રત્યેક યુગમાં કેટલીયે અનોખી તેજસ્વી પ્રતિભા શબ્દ દ્વારા, કૃતિ દ્વારા અભિવ્યક્ત થતી આવી છે. એવી કેટલીયે કૃતિઓએ કેટલાયનાં જીવનમાં ઘણું મોટું પરિવર્તન આણ્યું છે.

મેં વાંચવાનું ક્યારે શરૂ કર્યું એનું પાકુ સ્મરણ નથી, કારણ કે શાળાના આરંભનાં વર્ષોમાં રમતગમત અને ચિત્રકલાનો જેટલો શોખ હતો તેટલો વાંચનનો નહોતો. અમારા દિવસોમાં અને એમાં પણ અમારી શાળામાં હોમવર્ક જેવું ખાસ નહોતું. શીખવવાની પદ્ધતિ પણ ત્યારે એવી હતી કે વિદ્યાર્થી વર્ગમાં જ બધી તૈયારી કરી લે. વિદ્યાર્થીઓ કેટલું જાણે છે કે શીખ્યા છે તે શિક્ષકો પ્રશ્નોત્તરી દ્વારા ચકાસી લેતા. કેટલુંક કંઠસ્થ કરવાની પદ્ધતિ પણ ત્યારે પ્રચલિત હતી. શાળામાંથી છૂટ્યા પછી રમવાનું જ હોય એવો ખ્યાલ બાળપણમાં ત્યારે અમારો હતો.

૧૯૪૨માં Quit Indiaની ચળવળ શરૂ થઇ એ વખતે મારી ઉંમર ચૌદ-પંદર વર્ષની હતી. સભા-સરઘસમાં ભાગ લેવાનો ઉત્સાહ કુદરતી રીતે જ ત્યારે બધા વિદ્યાર્થીઓમાં હતો. એ દિવસોમાં મુંબઇમાં હાથે લખેલી અને સાઇક્લોસ્ટાઇલ કરેલી પત્રિકાઓ ઘેર ઘેર પહોંચાડવા માટે ઘણુંખરું નાનાં નાનાં છોકરાંઓને પસંદ કરવામાં આવતાં. તેવું કામ કેટલોક વખત મેં પણ કરેલું. બીજા મિત્રો સાથે અમારા વિસ્તારમાં અમે રાતને વખતે પત્રિકાઓ પહોંચાડી આવતા. એ વખતે પત્રિકાઓનું બંડલ અમારા મકાનમાં આવતું. કોઇક એક ગુપ્ત સ્થળે તે મૂકી જતું. ત્યારે એ બંડલ ખોલીને સૌથી પહેલું કામ પત્રિકા વાંચવાનું હું કરતો. રોજેરોજના સમાચાર એની અંદર આપવામાં આવતા હતા. સામાન્ય રીતે જે સમાચાર છાપવા ઉપર પ્રતિબંધ હોય એવા સમાચાર એમાં છપાતા. કોઇકની ધરપકડ, ક્યાંક સભા-સરઘસ હોય કે ક્યાંક ધ્વજવંદન થયું હોય એવા સમાચાર એમાં આપવામાં આવતા. એ વાંચીને વાચકો ઘણો રોમાંચ અનુભવતા. સાથે સાથે કોઇકનું લખાણ પણ હોય. તે ઘણું ઉદ્‌બોધક અને શૌર્ય પ્રેરક હોય. આ બધું રોજેરોજ વાંચવાથી અમારા જેવા છોકરાઓમાં પણ રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિ આવી હતી.

પત્રિકાઓના વાંચન પછી કેટલેક સમયે હું પુસ્તકોના વાંચન તરફ વળ્યો. પુસ્તક ખરીદીને ઘરમાં વસાવી શકાય એટલી ત્યારે મારી શક્તિ નહોતી. પુસ્તકો રાખવા માટે નાનકડાં ઘરમાં એટલી જગ્યા પણ નહોતી. વળી એવી ત્યારે પ્રથા પણ નહોતી. પુસ્તક તો ગ્રંથાલયમાંથી લાવીને વાંચવાનું હોય એવો ખ્યાલ ત્યારે પ્રવર્તતો મારા મોટાભાઇ સ્વ. વીરચંદભાઇને પુસ્તકો વાંચવાનો શોખ હતો. તેઓ ગ્રંથાલયમાંથી પુસ્તકો લાવે. તેના ઉપર હું નજર નાખતો. આઝાદીની લડતના દિવસો હતા. એટલે મોટાભાઇ ગાંધીજીની આત્મકથા તથા કાકા કાલેલકર, મહાદેવભાઇ દેસાઇ વગેરેનાં, ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવનનાં પ્રકાશનો ઘરે લઇ આવતા. એ દિવસોમાં ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ઠેર ઠેર વંચાતી. ગાંધીજી તો સમગ્ર ભારત માટે આદર્શરૂપ નેતા હતા. હું ગાંધીજીની પ્રાર્થના સભાઓમાં જતો. એમની આત્મકથાએ મારા ચિત્ત ઉપર ઘણાં ઊંડા સંસ્કાર પાડ્યા હતા.

શાળામાં અભ્યાસ દરમિયાન ચિત્રકલા મારો પ્રિય વિષય રહ્યો હતો. વર્ગમાં ચિત્રકલાના વિષયમાં સૌથી વધુ માર્ક્સ મને મળતા અને તે વિષયમાં મારો પહેલો નંબર રહેતો. રોજ સાંજે પાંચ વાગે શાળા છૂટ્યા પછી ચિત્રકલાના અમારા શિક્ષક શ્રી રાહલકર અમને કેટલાક વિદ્યાર્થીઓને બે કલાક ચિત્રકલાની વિશેષ તાલીમ આપતા. એ વખતે મુંબઇ ઇલાકામાં સરકાર તરફથી શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્રકલાની પરીક્ષા લેવાતી. એ પરીક્ષા માટે અમને કેટલાક વિદ્યાર્થીઓને રાહલકર સર સારી રીતે તૈયાર કરતા. સરકાર દ્વારા ચિત્રકલા માટે લેવાતી એલિમેન્ટરી અને ઇન્ટરમિડિયેટ એ બંને પરીક્ષાઓમાં પ્રથમ નંબરે આવી પારિતોષિકો મેં મેળવેલાં. અમારા રાહલકર સરની પણ ઇચ્છા એવી હતી કે મેટ્રિક પાસ કરીને મારે જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં દાખલ થવું અને ચિત્રકલાનો ડિગ્રી કક્ષાનો વિશેષ અભ્યાસ કરવો. પરંતુ ૧૯૪૨ની ચળવળ દરમિયાન ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર અને કિશોરલાલ મશરૂવાળાનાં પુસ્તકો મેં વાંચ્યાં. મારી ઉંમર નાની હતી અને વાંચેલું બધું સમજાતું ન હતું. તો પણ કાકાસાહેબ કાલેલકરના પુસ્તકો-'જીવનનો આનંદ', 'જીવન સંસ્કૃતિ', 'જીવન વિકાસ' અને 'જીવન ભારતી'ની મારા જીવન ઉપર ઘણી મોટી અસર થઇ. કાકાસાહેબ કાલેલકરની શૈલી રોચક અને પ્રેરક હતી. વળી એમનું ધ્યેય જીવનલક્ષી હતું. એને કારણે આઝાદીની ચળવળના એ દિવસોમાં એવું સાહિત્ય વાંચવું ગમી જાય એ સ્વાભાવિક હતું. વાતાવરણમાં એવી જ હવા પ્રસરેલી હતી. ૧૯૪૨ની ચળવળ દરમિયાન શાળાઓ ચારેક મહિના સુધી બંધ રહેલી. એ દિવસોમાં ફાજલ સમયમાં શું કરવું એ મોટો પ્રશ્ન વિદ્યાર્થીઓ માટે હતો. હું મારો ઘણો સમય નવાં નવાં ચિત્રો દોરવામાં વિતાવતો. પરંતુ તે ઉપરાંત મારો કેટલોક સમય વાંચન માટે પણ વપરાતો. કાકા સાહેબનાં પુસ્તકો વાંચવાની શક્તિ શાળાના વિદ્યાર્થીઓમાં એટલી બધી ખીલેલી ન હોય, તો પણ મારા સદ્‌ભાગ્યે એ પુસ્તકો હું યથાશક્તિ સમજણપૂર્વક વાંચી ગયો હતો. કદાચ શાળાઓ નિયમિત ચાલતી હોત તો કાકા સાહેબનાં પુસ્તકો વાંચવાનો અવકાશ જ મળ્યો ન હોત. આ પુસ્તકોએ મારા ચિત્ત ઉપર ઘણી મોટી અસર કરી અને બીજે વર્ષે મેટ્રિકના વર્ગમાં હું આવ્યો ત્યારે મારા નિર્ણયમાં પરિવર્તન આવ્યું. જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં જઇને ચિત્રકલાનો અભ્યાસ મારે નથી કરવો, પણ આર્ટસ કોલેજમાં જઇને બી.એ. થવું છે એવો નિર્ણય થયો.

મેટ્રિકના વર્ષ દરમિયાન અમારા વર્ગ શિક્ષક શ્રી અમીદાસ કાણકિયા અમારો ગુજરાતીનો વિષય લેતા. એમણે વર્ગની છ માસિક પરીક્ષામાં ગુજરાતી વિષયમાં મને સૌથી વધુ માર્ક્સ આપ્યા અને ઉત્તરપત્રમાં છેલ્લે એવી નોંધ કરી કે 'સાહિત્યમાં તમે રસ લેશો તો આગળ જતાં જરૂર લેખક થઇ શકશો.' એમના એ અભિપ્રાયથી હું હર્ષવિભોર થઇ ગયો. મેટ્રિક પછી ચિત્રકલાને બદલે આર્ટ્સ કોલેજમાં જઇ સાહિત્યનો વિષય લેવો એવો મારો સંકલ્પ દ્રઢ બની ગયો. આમ કાકાસાહેબ કાલેલકરના 'જીવન વિકાસ' અને 'જીવન સંસ્કૃતિ' એ ગ્રંથોએ મારા કિશોર જીવનમાં દિશા પરિવર્તન કરાવ્યું.

મારી વાંચવાની પ્રવૃત્તિનો આરંભ કાકા સાહેબના ચિંતનાત્મક સાહિત્યથી થયો હતો. પરંતુ મેટ્રિકના વર્ષ દરમિયાન રમણલાલ દેસાઇની બે નવલકથાઓ 'દિવ્યચક્ષુ' અને 'ગ્રામલક્ષ્મી' વાંચવામાં

આવી. ગાંધીજીના વિચારોનું એમાં ઘણું મોટું પ્રતિબિંબ પડેલું હતું. એટલે એ નવલકથાઓ એ જમાનામાં ઘેર ઘેર વંચાતી હતી. રમણલાલ દેસાઇની કથાશૈલી પણ એવી આકર્ષક હતી કે વાંચકને છેવટ સુધી જકડી રાખે. આ બે નવલકથાઓના વાંચન પછી કોલેજનાં વર્ષો દરમિયાન રમણલાલ દેસાઇની બધી જ નવલકથાઓ મેં વાંચી લીધી હતી. એની સાથે સાથે કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી અને ધૂમકેતુની પણ બધી જ નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓનું વાંચન રસપૂર્વક થવા લાગ્યું હતું. આથી કોલેજમાં પણ મેં એવો નિર્ણય કર્યો કે બી.એ.માં અર્થશાસ્ત્રનો વિષય ન લેતાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિષય લેવો. એ પ્રમાણે બી.એ. અને એમ.એ.માં મેં મુખ્ય વિષય ગુજરાતી સાહિત્યનો રાખ્યો હતો.

બી.એ. થયા પછી મેં બે વર્ષ 'સાંજ વર્તમાન' નામના દૈનિકમાં અને એક વર્ષ 'જનશક્તિ' નામના દૈનિકમાં પત્રકાર તરીકે કામ કર્યું. સાથે સાથે એમ.એ.નો અભ્યાસ પણ કર્યો. એમ.એ.માં મુંબઇ યુનિવર્સિટીમાં (આખા મુંબઇ ઇલાકામાં ત્યારે માત્ર એક જ યુનિવર્સિટી હતી) ગુજરાતી વિષયમાં પ્રથમ નંબરે આવ્યો અને બળવંતરાય ઠાકોર સુવર્ણચંદ્રક મને મળ્યો. એને પરિણામે મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે મારી નિમણૂંક થઇ. પત્રકારત્વનું ક્ષેત્ર છોડીને અધ્યાપનના ક્ષેત્રમાં હું આવ્યો. કાકાસાહેબ કાલેલકરે કોઇક સ્થળે લખેલું હજું યાદ છે કે માણસે જીવનમાં તક મળે તો થોડોક વખત પણ અધ્યાપનકાર્ય કરવું જોઇએ કારણ કે એથી એના જીવનનો અભિગમ વિકાસશીલ રહે છે. અધ્યાપક થવાના મારા સ્વપ્નમાં એ રીતે કાકાસાહેબ કાલેલકરનું પ્રેરક બળ રહ્યું હતું. અધ્યાપનક્ષેત્ર મળતાં લેખન અને વાંચન માટે ઘણો અવકાશ મળ્યો, જેણે મારા જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ઇ. સ. ૧૯૫૫માં હું પૂ. પુણ્યવિજયજી મહારાજના સંપર્કમાં આવ્યો. એમની પ્રેરણાથી મધ્યકાલીન જૈન રાસાકૃતિઓનો મેં અભ્યાસ કર્યો તથા 'નળ દમયંતીની કથાનો વિકાસ' એ વિષય પર શોધ નિબંધ લખી મેં મુંબઇ યુનિવર્સિટીની પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી. ત્યાર પછી ૧૯૬૩માં ડૉ. હરિવલ્લભ ભાયાણીની ભલામણથી આચાર્ય હેમસાગરસૂરિજીએ 'કુલવયમાળા' નામના પ્રાકૃત ગ્રંથના અનુવાદનું કામ મને સોંપ્યું. બે વર્ષ એ કાર્ય ચાલ્યું. મહાન આચાર્ય ઉદ્યોતનસૂરિ કૃત 'કુલવયમાળા' નામનો ગ્રંથ પ્રાકૃત ભાષાનો એક અદ્‌ભૂત ગ્રંથ છે. એ પ્રાકૃતમાં વાંચતાં અનેરો આહ્‌લાદ અનુભવ્યો. એની સાથે સાથે એ ગ્રંથે જૈન ધર્મના સૂક્ષ્મ સિદ્ધાંતો સમજવા માટેની પ્રેરણા મને આપી એથી કવિતા, નવલકથા, નાટકાદિ લલિત સાહિત્ય તરફથી હું જૈન સૈદ્ધાંતિક સાહિત્યના અધ્યયન તરફ વળ્યો. ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમનાં વચનોથી મહેંકતા 'કુવલયમાળા' ગ્રંથ દ્વારા મારા જીવનમાં એક નવો ઉઘાડ થયો. એ ગ્રંથનું ઋણ મારે માથે ઘણું મોટું છે. છેલ્લા ત્રણેક દાયકામાં જૈનદર્શન ઉપરાંત અન્ય દર્શનોના શાસ્ત્રીય ગ્રંથો વાંચવાની અભિરુચિ મને જે થઇ છે તેમાં 'કુવલયમાળા'નું પ્રેરકબળ ઘણું મોટું રહ્યું છે. અલબત્ત શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી યશોવિજયજી, શ્રી સમયસુંદર, શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી વગેરેની કૃતિઓએ પણ મારા જીવનમાં આ રસનું પોષણ કરવામાં મહત્ત્વનું કાર્ય કર્યું છે.

આમ, ગાંધીજીની આત્મકથા, કાકા સાહેબના જીવનલક્ષી ગ્રંથો, રમણલાલ દેસાઇની નવલકથાઓ અને ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયમાળા' વગેરેનું મારા જીવનને ઘડવામાં ઘણું મોટું યોગદાન રહ્યું છે. એવું નથી કે માત્ર આ કૃતિઓથી જ જીવન ઘડાય. સામાજિક, કૌટુંબિક, વ્યાવસાયિક, આર્થિક ઇત્યાદિ સંજોગોનુસાર દરેકના જીવનને ઘડનાર જુદી જુદી કૃતિઓ હોઇ શકે. મનુષ્યનાં જીવનધ્યેય અને જીવનપથ ઉપર તેનો ઘણો આધાર રહે છે.

હું વ્યવસાયે આરંભમાં પત્રકાર હતો. પછી કોલેજમાં અને યુનિવર્સિટીમાં અધ્યાપક થયો એટલે વાંચનની પ્રવૃત્તિ મારા જીવનમાં અનિવાર્યપણે જોડાયેલી રહી છે. વ્યવસાયકાળના ચાર દાયકા અને નિવૃત્તિકાળનો લગભગ એક દાયકો એમ પાંચ દાયકામાં લાખો પૃષ્ઠનું વાંચન થયું હશે. (વિદ્યાર્થીઓના ઉત્તરપત્રોનું, કે પીએચ.ડી.ના શોધનિબંધોનું વાંચન તે જુદું) આટલા બધા વાંચન પછી ભૂતકાળ ઉપર દૃષ્ટિ કરતાં લાગે છે કે જેટલું કામનું અને ઉપયોગી વંચાયું છે તેના કરતાં બિનજરૂરી પ્રાસંગિક વાંચન ઘણું વધુ થયું છે. અને તેમાં કેટલુંક તો ફરજિયાત કરવું પડ્યું છે.

શબ્દમાં અચિંત્યશક્તિ છે. વાંચન જીવનને ઘડે છે એ નિર્વિવાદ હકિકત છે. ખરાબ વાંચન માણસને બગાડે છે એ પણ એટલું જ સાચું છે. પોતાના જીવનઘડતર માટે વ્યક્તિઓએ અને એમના વડીલોએ આરંભથી જ યોગ્ય પસંદગી કરતા રહેવું જોઇએ. જે ગ્રંથ પ્રથમ વાંચને પણ પૂરા કરવાનું મન ન થાય એવા નિસ્તેજ ગ્રંથનો જીવન ઉપર બહુ પ્રભાવ પડે નહિ. જે ગ્રંથનો પોતાના જીવન ઉપર ઘણો બધો પ્રભાવ પડ્યો હોય તે ગ્રંથ ફક્ત એક જ વાર વાંચીને માણસ સંતોષ માની ન શકે.

જે ગ્રંથ પ્રથમ વાંચને જ પોતાનું તમામ રહસ્ય પ્રગટ કરી દે અને પછી એને ક્યારેય કશું નવું કહેવાનું રહે નહિ તે ગ્રંથનું મૂલ્ય બહુ આંકી શકાય નહિ. જે ગ્રંથ વારંવાર વાંચવાનું ગમે અને પ્રત્યેક વાંચને કશોક નવો અર્થ સંદર્ભ પ્રકાશે અને એની જૂની વાત પણ પ્રત્યેક નવા વાંચને તાઝગીસભર લાગે તે ગ્રંથની મૂલ્યવત્તા ઘણી વધારે હોય છે. આવા જીવનસ્પર્શી ગ્રંથો જ વ્યક્તિત્વના ઘડતરમાં ઘણું મોટું યોગદાન આપી શકે.

[તાજેતરમાં પ્રગટ થનાર ડૉ. પ્રીતિબહેન શાહ-સંપાદિત ગ્રંથ 'પીધો અમીરસ અનુભવનો' માટે લખેલો લેખ.]

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, મુંબઇ-૪૦૦ ૦૦૪.

## વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા. ૨૨-૧૧-'૯૫ના રોજ સાંજના ૬-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટસ્
(૨) ૧૯૯૪-૯૫ના વૃતાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) ૧૯૯૫-૯૬ વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.
(૪) સંઘનાં પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.
(૫) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણુંક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાયલના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧૫-૧૧-૯૫ થી તા. ૨૧-૧૧-૯૫ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરાક્ષણ કરી શકશે. આ સામાન્ય સભામાં કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરુબેન એસ. શાહ ● પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૧૧ ● ● તા. ૧૬-૧૧-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## શાંતિદૂતોની હત્યા

ઇઝરાયેલના વડાપ્રધાન યિત્ઝાક રેબીનની હત્યા એક ઇઝરાયેલીના હાથે જ થઇ. ઇઝરાયલને યુદ્ધના મોરચેથી પાછું વાળીને શાંતિ સ્થાપવાની દિશામાં અત્યંત મહત્ત્વનું કદમ ભરનારને શાંતિ માટેની પ્રાર્થનાનો કાર્યક્રમ પૂરો થતાં જ ગોળીથી વીંધી નાખવામાં આવ્યા. રેબીને શાન્તિ માટે ગવાયેલા પ્રાર્થનાગીતના કાગળને વાળીને પોતાના ખિસ્સામાં મૂક્યો તે કાગળની આરપાર ગોળી નીકળીને રેબીનનો પ્રાણ લઇને જંપી. આવી ઘટના પાછળ પણ જાણે કોઇ સંકેત ન રહ્યો હોય ! શાન્તિદૂતની હત્યા થાય એ કુદરતની ઘટનાઓમાં એક મોટી વિસંગત ઘટના ગણાય. છેલ્લા થોડા દાયકાઓમાં મહાત્મા ગાંધીજી, માર્ટિન લ્યુથર કિંગ, અબ્દુલ નાસર, અનવર સાદત વગેરે શાન્તિદૂતોની હત્યા થઇ છે. ઈજીપ્તના વર્તમાન પ્રમુખ હોસ્ની મુબારક અને પેલેસ્ટાઈનના યાસર અરાફાત ઉપર હિંસક હુમલાઓ થયા છે. આવી ઘટનાઓ માનવજાતની મોટામાં મોટી કમનસીબી છે. પુત્રને હાથે પિતાનું ખૂન થાય, શિષ્યના હાથે ગુરુની હત્યા થાય તો તેવી ઘટનાઓ ચોંકાવનારી, આઘાતજનક અકળ લાગે છે. પોતે જેને મરતાં બચાવ્યો હતો એવા એક દર્દીએ એક શાંતિચાહક મૂક લોકસેવકને મારી નાખવાનો પ્રયાસ કર્યાની ઘટના ઘણા વખત પહેલાં સાંભળી હતી. સદ્‌ભાગ્યે નજીવી ઇજાથી એ લોકસેવક બચી ગયા હતા. આવી ઘટનાઓ વિશે જ્યારે સાંભળીએ છીએ ત્યારે માનવીનું મન કેટલું અકળ છે અને ક્યારે, કઇ રીતે, કેવા ઝનૂનથી તે ઉશ્કેરાઇ જશે તેનો વિચાર આવે છે !

કોઇપણ શાંતિદૂતની હત્યા કરવાથી શાંતિ અટકી જતી નથી. કોઇક વાર એવું પણ બને છે કે લોકો એવી ઘટનાને કારણે વધુ સંગઠિત થાય છે અને શહીદ થયેલા નેતાના તર્પણ રૂપે શાંતિ માટે વધુ જોરદાર પ્રયાસો કરે છે. કોઇક વાર એવું પણ બને છે કે મુખ્ય વ્યક્તિની વિદાય થતાં શાંતિ માટેનું આંદોલન વિલંબમાં પડી જાય છે અને ફરી પાછી વૈમનસ્યની ઘટમાળ ચાલુ થાય છે.

સુલેહ શાંતિ કરવા માટે નેતાગીરી લેનાર નેતાની હત્યા ઘણીવાર એના પોતાના જ માણસોના હાથે થાય છે, તો કેટલીક વાર વિરોધી પક્ષના માણસોને હાથે થાય છે. સ્વપક્ષની વ્યકિત દ્વારા થતી હત્યાના પ્રત્યાઘાતો એક પ્રકારના પડે છે. વિરુદ્ધ વર્ગના માણસો દ્વારા થતી હત્યાના પ્રત્યાઘાતો જુદી જ જાતનાં પડે છે. આવા પ્રત્યાઘાતો ક્યારેક હિંસક સ્વરૂપ પણ પકડે છે અને એક હત્યામાંથી ઘણી હત્યાઓ સર્જાય છે. હિંદુ-મુસલમાનના પ્રશ્ને ગાંધીજીની હત્યા એક હિંદુના હાથે જ થઇ. ગાંધીજીની અહિંસાની ઉચ્ચ ભાવના અને એ સમયના વાતાવરણને કારણે એ ઘટનાના હિસાત્મક પ્રત્યાઘાતો પડ્યા નહિ, પણ જો કોઇ મુસલમાનના હાથે ગાંધીજીની હત્યા થઇ હોત તો હિંસક પ્રત્યાઘાતો ન જ પડ્યા હોત એમ કહી શકાય નહિ.

દુનિયામાં વ્યક્તિગત હત્યા સૌથી વધુ રાજકારણના ક્ષેત્રે થાય છે. સામાજિક, શૈક્ષણિક કે ધાર્મિક ક્ષેત્રે એટલો સંભવ નથી. રાજકારણમાં તો સત્તાની ખેંચતાણનો મોટો પ્રશ્ન હોય છે. વળી દુશ્મન રાજ્ય સાથેનાં ઘર્ષણો પણ તેમાં ભાગ ભજવે છે.

કુટિલ રાજનીતિ તો એમ જ માને છે કે મુખ્ય વ્યક્તિનું અસ્તિત્વ જ મિટાવી દેવાથી મોટી રાજદ્વારી ઉથલપાથલ થઇ શકે છે. જહોન કેનેડી, ઇંદિરા ગાંધી, લિયાકત અલીખાન, રાજીવ ગાંધી, પ્રેમદાસ, બિયંતસિંગ વગેરે ઘણાં ઉદાહરણો નજીકના ભૂતકાળમાં જોવા મળશે. વર્તમાન સમયમાં રિવોલ્વર વગેરે ઘાતક શસ્ત્રો એટલાં સુલભ બની ગયાં છે અને સલામતીની ગમે તેટલી સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી હોય અને માણસ ચોવીસ કલાક બખ્તર પહેરીને ફરે તો પણ ક્યારે કેવી રીતે હત્યા થઇ જશે તે કહી શકાતું નથી. હવે તો 'માનવ-બોમ્બ'ની યુક્તિ ચાલુ થઇ છે. મરણિયો થવા નીકળેલો માણસ પોતાના શરીર ઉપર જ વિસ્ફોટક દ્રવ્ય રાખી પાસે જઇ ચાંપ દબાવી પોતે મરે છે અને નક્કી કરેલા નેતાને પણ મારે છે. સલામતીની વ્યવસ્થામાં ક્યારે કેવા પ્રકારની હાલત થઇ જશે તે કહી શકાય નહિ.

દુનિયાના બધા જ શાન્તિદૂતો એકસરખા નથી હોતા. સક્રિય રાજકારણમાં ભાગ લેવો અને શાન્તિની સ્થાપનાના પ્રયાસો કરવા એ એક પ્રકાર છે. બે ત્રાહિત રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ ચાલતું હોય અને ત્રીજા જ દેશની વ્યક્તિ મધ્યસ્થી તરીકે સરસ કામગીરી બજાવી શાન્તિ સ્થાપી આપે એ પણ એક પ્રકાર છે. યુદ્ધની સ્થિતિ ન જ હોય, પરંતુ પોતાનું માનવકલ્યાણનું કાર્ય એવી સરસ રીતે ચાલતું હોય કે શાન્તિ કુદરતી રીતે જ બનેલી રહ્યા કરે એ વળી જુદો જ પ્રકાર છે. શાન્તિ માટેના કેટલાક પ્રયાસ એ માત્ર 'અયુદ્ધ'ની સ્થિતિના જ હોય છે. એનાં મૂળ ઊંડાં નથી હોતાં. બીજી બાજુ પ્રજા કલ્યાણની કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓમાં સંગીન ચિરંજીવી શાંતિનાં મૂળ ઘણાં ઊંડે ઊતરેલાં હોય છે.

સાચા શાંતિદૂતો ધર્મના ક્ષેત્રે આપણને જોવા મળશે. દીન, દુઃખી, ગરીબ લોકોની વચ્ચે જઇને તેઓને સુખી કરવા માટે આવી વિભૂતિઓ પોતાની જાતને ઘસી નાખે છે, પોતાના સમગ્ર જીવનને સમર્પિત કરી દે છે. તેઓને કોઇ પ્રસિદ્ધિની કે પારિતોષિકની આકાંક્ષા હોતી નથી.

શાંતિમય રીતે તેઓ પોતાનું જીવનકાર્ય (મિશન) સારી રીતે ચલાવે છે. લોકોના કલ્યાણને માટે તેઓ રાત- દિવસ પોતાનું કામ પ્રેમ અને નિષ્ઠાથી સાચી રીતે જીવનના અંત સુધી કરે છે. એકંદરે આવા શાંતિદૂતોને કોઇ આંચ આવતી નથી. તેમના જીવનકાર્યમાં કોઇ પક્ષપાત, અન્યાય, રાજકારણ જેવું કશું હોતું નથી. તેઓ સ્થળાંતર, ક્ષેત્રાંતર, કાર્યાન્તર પણ કરતા નથી.

કેટલાંક નેતાઓ સામાજિક ક્ષેત્રે લોકકલ્યાણની એકાદ મહત્ત્વની પ્રવૃત્તિ સારી રીતે ઉપાડી લે છે. કોઇક અનાથ બાળકોની પ્રવૃત્તિ હાથ ધરે છે; કોઇક ભિખારીઓને વ્યવસાયે લગાડવાની પ્રવૃત્તિ ચલાવે છે; કોઇક રક્તપિત્તના દર્દીઓની સારવાર કરે છે; કોઇક આદિવાસી વિસ્તારમાં જઇને તેઓની સુખાકારી માટે મહત્ત્વની કામગીરી બજાવે છે. આવા ઘણાખરા લોકસેવકો વર્ષો સુધી જીવનભર એ જ ક્ષેત્રમાં એ જ મહત્ત્વનું કાર્ય સાચા દિલથી કરે છે. લોકોમાં પ્રેમ અને સંપની ભાવના દ્વારા તેમનું શાંતિનું કાર્ય સારી રીતે ચાલે છે. પરંતુ આવા કેટલાક લોક સેવકોમાં પણ વખત જતાં ધનની અભિલાષા જાગે છે. પ્રસિદ્ધિ પાછળ તેઓ દોટ મૂકે છે. પછીના વર્ષોમાં તેઓનો એક પગ પોતાની સંસ્થામાં અને બીજો પગ દિલ્હી સુધી કે વિદેશ સુધી પહોંચતો રહે છે. તક મળે તો તેઓ રાજકારણમાં પણ ઝંપલાવે છે; આંટી ઘૂંટીમાં પડે છે. બીજાના દ્વેષ અને વૈમનસ્યનો ભોગ બને છે અને ક્યારેક કોઇકની હત્યા પણ થાય છે.

કેટલાક શાંતિદૂતો ગરીબ લોકોની વચ્ચે જઇને, ખાસ કરીને ડુંગરોમાં અને જંગલોમાં રહેતા આદિવાસી લોકોની વચ્ચે જઇને તેમને અન્ન, વસ્ત્ર, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ વગેરેની બાબતમાં બહારથી ધન લાવીને ઘણી સહાય કરે છે. તેઓ પોતાના એ કાર્યમાં રાત દિવસ લાગી પડેલા હોય છે. તેઓ એકંદરે માનવસેવાનું ઘણું મોટું અને મહત્ત્વનું કાર્ય કરે છે. પરંતુ તેમના અંતરમાં ઊંડે ઊંડે લોકો પાસે, બહુ જાહેર ન થઇ જાય એ રીતે, ધીમે ધીમે ધર્માંતર કરાવવાની વૃત્તિ રહેલી હોય છે. તેઓનું ધ્યેય તરત નજરે આવે એવું નથી હોતું, પરંતુ પચાસ-સો વર્ષના અંતે તેનું પરિણામ દેખાયા વગર રહેતું નથી. આવા શાંતિદૂતો ક્યારેક વિવાદના વંટોળે ચડે છે. અને ક્યારેક અન્ય ધર્મના ઝનૂની માણસના હાથે તેની હત્યા પણ થઇ જાય છે.

કોઇ પણ પ્રજા લાંબા સમય સુધી યુદ્ધની સ્થિતિમાં જીવી શકે નહિ. વીસ-પચીસ વર્ષ એ તો મોટામાં મોટો ગાળો ગણાય, કારણ કે એટલા વખતમાં તો એક પેઢી વિદાય લઇ લે છે અને બીજી નવી પેઢી ઉદયમાં આવે છે. જૂની પેઢીને દુશ્મનો પ્રત્યે જેટલું વૈમનસ્ય હોય તેટલું નવી પેઢીને ન હોય. બીજી બાજુ અનેક સૈનિકોની હત્યાને કારણે હજારો, લાખો સ્ત્રીઓ વિધવા બની હોય. કેટલીય માતાઓએ પોતાના સંતાનને ગુમાવ્યા હોય. એવી દુઃખદ કૌટુંબિક પરિસ્થિતિમાં યુદ્ધના નાદને બહુ અનુમોદન મળે નહિ. મહિલાઓ પોતાના કિશોર કે યુવાન સંતાનોને યુદ્ધ ભૂમિ પર જતાં અટકાવવાના સબળ પ્રયાસ કર્યા વગર રહે નહિ. આથી યુદ્ધની સ્થિતિમાં બંને પક્ષ સમજણપૂર્વક વેળાસર જો સુલેહ શાંતિ ન કરી તો પણ યુદ્ધના થાકની શાંતિ તો આવ્યા વગર રહે નહિ. એ દૃષ્ટિએ પણ શાંતિની આવશ્યકતા રહે છે. એટલા માટે એવા સંજોગોમાં જેઓ સુલેહ-શાંતિની દરખાસ્ત કરે છે તેઓને લોકોના વિશાળ વર્ગનો સત્વર સાથ મળવા લાગે છે. શાન્તિ માટેની પહેલ કરનાર યશ મેળવી જાય છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલાંના દિવસો જુદા હતા. ગયા બે સૈકામાં યુરોપના સામ્રાજ્યવાદે દુનિયાના ઘણા દેશોમાં, ખાસ કરીને એશિયા અને આફ્રિકાના દેશોમાં પોતાની હકુમત જમાવી હતી. ત્યારે વિનાશક શસ્ત્રોની અને વિસ્ફોટક દ્રવ્યોની આટલી બધી શોધ થઇ ન હતી. તેથી એક નાના સૈન્ય દ્વારા મોટા પ્રદેશ ઉપર પોતાની સત્તા ચલાવી શકાતી અને ધાક બેસાડી શકાતી હતી. હવે યુગ બદલાયો છે. રાજદ્વારી સભાનતા આવી છે. લોકશાહી અને સ્વતંત્ર અસ્તિત્વના વિચારો પ્રબળ બન્યા છે. આર્થિક સમસ્યાઓ પણ ઊભી થઇ છે. વળી યુનાઇટેડ નેશન્સ દ્વારા નાનાં નાનાં રાજ્યોના પણ અસ્તિત્વ, સ્વાયત્તતા અને સંરક્ષણનો સ્વીકાર થયો છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીએ લાખો યહૂદીઓની જે ઘોર સામુદાયિક કત્લેઆમ કરી હતી તેને કારણે વિશ્વયુદ્ધ પછી યહૂદીઓ માટે કુણી લાગણી પ્રવર્તતી હતી. અમેરિકાની લાગવગને કારણે યુનાઇટેડ નેશન્સ દ્વારા યહુદીઓના મૂળ વતન જેરુસલેમ પાસે નકરો રણપ્રદેશ એમના વસવાટ માટે અલગ કરી આપવામાં આવ્યો. ખમીરવંતી યહૂદી પ્રજાએ ભારે પુરુષાર્થ કરી પોતાના રાષ્ટ્રને દુનિયાનું એક મોખરાનું રાષ્ટ્ર બનાવી દીધું. દુનિયાભારના યહુદીઓ ત્યાં આવી વસ્યા. રણ ફળદ્રુપ બની ગયું. પરંતુ લશ્કરી તાકાત વધતાં ઇઝરાયેલ જબરૂં અને આક્રમક બની ગયું. ૧૯૬૭માં અને ૧૯૭૨માં એણે યુદ્ધ કરી પાડોશી દેશો ઇજિપ્ત, સિરિયા, જોર્ડન વગેરેનો એમની સરહદો પરનો પ્રદેશ કબજે કરી લીધો. ત્યારથી એ દેશો સાથે ઇઝરાયેલ સતત લડતું ઝઘડતું રહ્યું.

ઇઝરાયલને એમની સીમાઓ વિસ્તારી આપવાનું કામ લશ્કરના કમાન્ડર યિત્ઝાક રેબીને કર્યું. રેબીનનો જન્મ જેરુસેલમમાં થયો હતો. એમનું કુટુંબ રશિયામાંથી નીકળીને જેરૂસેલમમાં આવીને રહ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પહેલાંની એ ઘટના છે. ઇઝરાયેલની અંદર યહુદીઓની વસતી ૫૪ લાખ જેટલી છે. પરંતુ તેમાંના મોટા ભાગના યહુદી લોકો દુનિયાના બીજા દેશોમાંથી આવીને વસેલા છે. જેરૂસેલમ અને એની આસપાસના વિસ્તારોમાં સૈકાઓથી મૂળ રહીશ તરીકે રહેતા યહુદીઓની સંખ્યા ઘણી જ ઓછી છે. એટલે બહારથી આવેલા લોકો કરતાં ત્યાં જન્મેલાં યહુદીઓનો પોતાની માતૃભૂમિ માટેનો પ્રેમ વધારે હોય એ કુદરતી છે. યહુદીઓને પોતાને અલગ સ્વતંત્ર રાષ્ટ્ર મળ્યું તેનું તેઓને ઘણું ગૌરવ અને સ્વાભિમાન હોય, પરંતુ ઇઝરાયેલ માટે રેબીનને ઘણી લાગણી હતી, કારણ કે તેઓ ઇઝરાયેલમાં જ જન્મ્યા અને મોટા થયા હતા.

રેબીન પોતાના જુવાનીનાં વર્ષોમાં ઇઝરાયેલના સૈન્યના કમાન્ડર હતા અને તેમણે આરબો પાસેથી ઇઝરાયેલ માટે પ્રદેશ જીતી આપવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું. ઇજિપ્ત, સિરિયા, જોર્ડનના પોતાની સરહદ ઉપરના પ્રદેશોને લશ્કરી આક્રમણ કરીને ઇઝરાયેલે પચાવી પાડ્યા. ઇઝરાયેલની દાનત તો એ પ્રજાઓને હાંકી કાઢીને પોતાના રાજ્યોની સીમા વિસ્તારવાની હતી, પરંતુ એમ સૈકાઓથી વસેલી તમામ પ્રજાને સહેલાઇથી હાંકી કાઢી શકાતી નથી. એટલે એ પ્રદેશો ઉપરનો લશ્કરી કબજો બીજી રીતે કહીએ તો ઇઝરાયેલ માટે માથાના દુઃખાવા રૂપ હતો. બીજા વિશ્વયુદ્ધ પછી ગેરીલા પદ્ધતિની લડાઇ અને આતંકવાદ તથા સુલભ બનેલા નવાં વિસ્ફોટક શસ્ત્રોને કારણે આરબ મુસલમાનો મરણિયા થઇને ઇઝરાયેલની અંદર મોટા ધડાકા કરતા રહ્યા હતા. સળગતી સરહદોને કારણે ઇઝરાયેલમાં સતત તંગદિલી અને અશાંતિ રહ્યા કરતી હતી. વડાપ્રધાન રેબીનને એમ લાગ્યું કે આ રીતે કાયમ અશાંત અને અનિશ્ચિત જીવન જીવવું એના કરતાં દુશ્મન સાથે સુલેહ કરી લેવી સારી. પરંતુ સુલેહનો અર્થ એક જ થાય કે દુશ્મનને એના પોતાના પ્રદેશો પાછા આપી દેવા.

વયોવૃદ્ધ રેબીન હવે એવું કરવા પણ તૈયાર હતા. એમણે ઇઝરાયેલની શાંતિ માટે અમેરિકાના દબાણથી એ પ્રમાણે શાંતિ કરાર કર્યાં. રેબીન અને યાસર અરાફત એ બંનેએ શાંતિની દિશામાં જે પગલું

લીધું તે ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વનું હતું. આંતરાષ્ટ્રીય રાજદ્વારી ઘટનાઓની દૃષ્ટિએ પણ એ એક ક્રાંતિકારી પગલું હતું. એટલે જ રેબીન અને અરાફતને શાંતિ માટેનું નોબલ પારિતોષિક આપવામાં આવ્યું. આ ઘટના બતાવે છે કે ઇઝરાયેલ અને મુસલમાન આરબોનો પ્રશ્ન ગંભીર રહ્યા કર્યો છે. નોબેલ પારિતોષિક આપવામાં રાજકારણ ભાગ ભજવી ગયું, કારણ કે બંને યુદ્ધખોર વ્યક્તિઓએ ગરજના માર્યા સુલેહ કરી હતી. એટલે સાચા અર્થમાં તેઓ શાંતિના દૂત બની ગયા નહોતા. (નોઆખલીમાં શાંતિ સ્થાપવા ગયેલા મહાત્મા ગાંધીજીને નોબેલ પારિતોષિક આપવમાં આવ્યું નહોતું. એ માટે એવું કારણ આપવામાં આવેલું કે ભલે અહિંસક હોય તો પણ તેઓ ચળવળ ચલાવનાર હતા. જો કે ગાંધીજીને એવા કોઈ પારિતોષિકમાં જરા મણ રસ ન હતો.)

રેબીને એક મહત્ત્વની મુદ્દાની વાત એ કરી હતી કે એ પેલેસ્ટિનિયનોના જીતેલા પ્રદેશમાં પેલેસ્ટાઇનના મુલમાન લોકોની સંખ્યા એક લાખ ને વીસ હજારની છે અને ત્યાં રહેતા યહુદીઓની સંખ્યા માત્ર ૪૫૦ જેટલી છે. એટલા યહુદીઓના રક્ષણ માટે ત્રણ બેટેલિયન જેટલું સૈન્ય કાયમને માટે ત્યાં રાખવું પડે છે. ૪૫૦ યહુદીઓ માટે આટલો મોટો ખર્ચ કરવાનું ઇઝરાયેલ જેવા નાના રાષ્ટ્રને કાયમ માટે પરવડે નહિ. વળી એ પ્રદેશમાંથી પેલેસ્ટિનિયન લોકોને ભગાડી દેવા અને યહુદીઓને ત્યાં વસાવવાનું કામ ત્યાં થઇ શકે નહિ. એવું કરતાં તો પચાસ સો વર્ષ પણ નીકળી જાય અને છતાં ધાર્યું પરિણામ આવે હહિ. વળી પેલેસ્ટાઇનના લોકોની પોતાની અલગ સંસ્કૃતિ છે, અલગ ધર્મ છે, તેઓ ક્યારેય યહુદી થવાના નથી. તો પછી આટલું બધું ખર્ચ કરવાની આવશ્યકતા શી ? વળી ત્યાં આટલું બધું સૈન્ય રાખવા છતાં વખતોવખત બોમ્બ ફાટે છે, મશીનગન ચાલે છે અને કાયમની અશાંતિ અને તંગદિલી રહ્યા કરે છે. એના કરતાં તો સારો રસ્તો એ છે કે 'શાંતિપૂર્વક તેઓ જીવે અને શાંતિપૂર્વક આપણે જીવીએ.'

યુદ્ધની સ્થિતિ દમિયાન જ્યારે પણ સુલેહ-શાંતિની વાત આવે ત્યારે એક નાનકડો વર્ગ એવો તો રહેવાનો કે જેને એ સુલેહ-શાંતિ ગમે નહિ. દેશાભિમાનથી કે જાતિ, કુળ કે ધર્મના અભિમાનથી પ્રેરાયેલા એવા ઝનૂની માણસો આવી શાંતિને અટકાવવાનો પ્રયત્ન કરે છે. એવા ઝનૂની માણસોમાં યુવાનવર્ગ વિશેષ હોય છે. કેટલાંક બેબાકળા યુવાનો કોઇકના ચડાવ્યા ચઢી પણ જાય છ,. તે એટલી હદ સુધી કે હિંસક તોફાનો કરવા ઉપરાંત પોતાના કે અન્ય પક્ષના મુખ્ય નેતાની હત્યા કરવા સુધી તેઓ પહોંચી જાય છે. ક્યારેક તો પોતાના ચડાવેલા યુવાનોનો નશો પછી ડાહી વાતો કરવાથી ઊતરતો નથી. એવા યુવાનો શાંતિની વાત કરનાર પોતાના નેતાની હત્યા કરી બેસે છે.

છેલ્લા એકબે દાયકામાં દુનિયાભરમાં કેટલોક યુવાવર્ગ મગજનું સમતોલપણું ગુમાવીને રખડનારે નીકળ્યો છે. પોતે જે ગુનો કરશે તેનું આવતી કાલે શું પરિણામ આવશે, પોતાની, પોતાના કુટુંબની, સમાજ અને દેશની શી સ્થિતિ થશે એની એને જરા પણ પરવા હોતી નથી. ભાડૂતી મારાઓની સંખ્યા પણ દુનિયામાં દિવસે દિવસે વધતી જાય છે. ટી.વી. અને ચલચિત્રો દ્વારા એ ભયંકર હિંસક દ્રશ્યો બતાવવામાં આવે છે. એની અસર પણ યુવાનોના માનસ ઉપર થાય છે. આંતરરાષ્ટ્રીય ગુપ્ત સંગઠનો દ્વારા નિર્દય હત્યાની વિવિધ યેજનાઓ થતી રહે છે. જાહેર જીવનમાં સલામતીનું પ્રમાણ દિવસે દિવસે ઓછું થતું જાય છે. નાનાં નાનાં એકમો દ્વારા સદાચારનું પાયાનું નક્કર કામ કરવાનો વખત તો ક્યારનોય પાકી ગયો છે. એ જો નહિ થાય તો ભાવિ અશાંતિમય, અંધકારમય છે એ વિશે શંકા નથી.

☐ રમણલાલ ચી. શાહ

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## નવી કાર્યવાહક સમિતિ

### (૧૯૯૫-૧૯૯૬)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૨૨-૧૧-૧૯૯૫ના રોજ સાંજના ૬ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના હિસાબો, સરવૈયું અને નવા વર્ષના અંદાજપત્રો રજૂ થયા બાદ અને તે મંજૂર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

☐ **પદાધિકારીઓ :**

(૧) ડૉ. રમણલાલ ચી. શાહ-પ્રમુખ
(૨) શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-ઉપપ્રમુખ
(૩) શ્રીમતી નિરુબહેન એસ. શાહ-મંત્રી
(૪) શ્રી જયવદન રતિલાલ મુખત્યાર-મંત્રી
(૫) શ્રી ભૂપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ ઝવેરી-કોષાધ્યક્ષ

☐ **કાર્યવાહક સમિતિ :**

સંઘની કાર્યવાહક સમિતિના પંદર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. ચૂંટાયેલા સભ્યોનાં ક્રમાનુસાર નામ નીચે પ્રમાણે છે :

(૧) શ્રી ચીમનલાલ જે. શાહ (૨) પ્રા. તારાબહેન ર. શાહ (૩) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ (૪) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૫) શ્રી સુબોધભાઇ એમ. શાહ (૬) શ્રી વસુમતીબહેન ભણસાલી (૭) શ્રી ઉષાબહેન મહેતા (૮) શ્રી પુષ્પાબહેન પરીખ (૯) શ્રી મીનાબહેન એન. શાહ (૧૦)શ્રી કે. પી. શાહ (૧૧) શ્રી જયાબહેન વીરા (૧૨) શ્રી નેમચંદ એમ. ગાલા (૧૩) શ્રી શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી (૧૪) શ્રી કુસુમબહેન એન. ભાઉ (૧૫) શ્રી પન્નાલાલ ર. શાહ.

☐ **કો. ઓપ્ટ સભ્યો :**

સંઘની તા. ૨-૧૨-૧૯૯૫ની મળેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભામાં નીચેના પાંચ સભ્યોને કો-ઓપ્ટ કરવામાં આવ્યા હતા.

(૧) શ્રી ગુણવંતલાલ અ. શાહ
(૨) શ્રી જે. પી. શાહ
(૩) શ્રી વી. આર. ઘેલાણી
(૪) શ્રી નીતિનભાઇ સોનાવાલા
(૫) શ્રી રમાબહેન જે. વોરા

☐ **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ :**

ટ્રસ્ટીઓ : (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ (૩) શ્રી સુબોધભાઇ એસ. શાહ (૪) શ્રી કે. પી. શાહ અને ( ૫) શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ

લાયબ્રેરી સમિતિ : સંઘના પદાધિકારીઓ ઉપરાંત (૧) શ્રી નેમચંદ એમ. ગાલા (કન્વિનર) (૨) પ્રા. તારાબહેન ર. શાહ (૩) શ્રી ઉષાબહેન મહેતા (૪) શ્રી વસુમતીબહેન ભણસાલી (૫) શ્રી કુસમબહેન એન. ભાઉ (૬) શ્રી પુષ્પાબહેન પરીખ (૭) શ્રી નટુભાઇ પટેલ.

# તમને કેવા ભાગાકાર ગમે-નિઃશેષ કે શેષવાળા ?

□ ગુલાબ દેઢિયા

ગણિત મને ન ગમતો વિષય છે. કદાચ એવું પણ હોય કે ગણિતને પણ હું ન ગમતો હોઉં. છતાં ગણિતને સમજવાની મજા કંઇ ઓર હોય છે. ઘણી મથામણને અંતે કોઇ દાખલાનો જવાબ મળી આવે ત્યારે ઉકેલનારને થતા આનંદને અગણિત રસ કહેવો રહ્યો. બચપણમાં મને પુસ્તકને અંતે જવાબ આપેલા હોય એવું ગણિત ગમતું. અમે જવાબ જોઈ લઇને ઘણી વાર દાખલાની માંડણી કરતા. ક્યારેક તાળો ન મળે તો એને પુસ્તકમાં થયેલ મુદ્રણદોષ સમજતા.

સરવાળા મને ગમે છે. સરવાળા મને આવડે છે . આંગળીમાં વેઢાનાં માપ મૂકીને કુદરતે આપણને ગણિત વારસામાં આપ્યું છે. વેઢાની ગણતરીથી હું સરવાળા કરી શકું છું. સરવાળા એ ગણિતનું બાળપણ છે. સરવાળામાં સરળતા છે. સરવાળાનો મને ડર નથી લાગતો. પણ મોઢે મોટી મોટી રકમના સરવાળા કરનારાઓને હું અચંબા અને માનની નજરે જોઉં છું.

સરવાળાનો થોડો સાદો આનંદ લીધો ન લીધો કે બાદબાકી આવી જ સમજો. બસ, ખરી ખૂબી જ આ છે. ભેગું કરો, જમા કરો, વત્તા કરો, ઉમેરો, કે તરત જ ભરતી પછી ઓટ આવી જ સમજો. સુદ પછી વદ ઊભેલી જ છે. બાદબાકીની આડી લીટી '—' મેદ ઉતારી નાખે છે. ઓછું કરે છે, ઘટાડે છે. પ્રથમ તો જે વધુ છે તેમાંથી થોડું બાદ કરાવે છે. પણ આગળ જતાં તો થોડામાંથી ઝાઝું બાદ કરાવે છે. ત્યારે મને મુંઝારો થાય છે. મનમાં ખટકો થાય છે. વદી લેવી પડે ગૂંચવાડા જેવું લાગે છે. બાદબાકી એટલે તો કહે છે, તમારી પાસે છે તે આપો. નથી તો માગી ભીખી ઉધારું ઉછીનું કરીને પણ આલો. બાદબાકી આપણી બોરડી ખંખેરી નાખે છે. સરવાળા ખળાના ધાન જેવા છે. બાદબાકી ખેડૂતના નસીબ જેવી છે. પાનખર એ બાદબાકીનું અપરનામ છે.

સમજુ જન તો એમ વદે છે કે બાદબાકી વગર ચાલે એમ નથી, નહિ તો સરવાળાનો ફુગાવો વધી જશે. ભીડ વધી જશે. બાદબાકી પછી સીધી ઉડાન આવે છે. એકના કરો એકવીસ એ ગુણાકાર બહુ ધીંગી ચીજ છે. ચોકડી એ ખોટાની નિશાની છે પણ ગુણાકારમાં ચોકડી અનેકગણું કરી દે છે. રાતે સૂતાં પહેલાં આંકના ઘડિયા કે કવિતા મુખપાઠ કરનાર વિદ્યાર્થીઓને એ ભણતરનો ભાર નહોતો લાગતો.

અનાજનો એક દાણો મુઠ્ઠી ભરીને દાણા પાછા દે તે ગુણાકાર. વર્ષા ગુણાકારની ઋતુ છે. ગુણાકાર એ સરવાળાની યુવાની છે. આંક મુખપાઠ હોય તો ગુણાકારની મજા માણી શકાય. 'બાર બારે ચુમાલસો' મોઢે ફટ દઇને કહેવાની જે મજા અને ગર્વ છે તે બાર ને બાર વડે ગુણાકાર કરી જવાબ દેવામાં નથી. ઉદ્‌ગાર રૂપે મગજમાંથી જ છૂટતો જવાબ એ કોમ્પ્યુટરની કરામત છે. ગણતરીને દીધેલો જવાબ બહુ ટાઢોબોળ હોય છે. પાંચ આંકડાની રકમનો પાંચ આંકડાથી ગુણાકાર કરવો મને પરસેવાના પ્રદેશમાં પહોંચાડી દે છે. તોતીંગ ગુણાકાર હું ન કરી શકું. એવા ગુણાકાર તો મને સંસારની માયા જેવા લાગે છે. જટાજાળ છે. સાધુવૃત્તિ કેળવી એવા ગુણાકારથી દૂર રહેવું હિતાવહ છે. ગુણનો ગુણાકાર કરવો જોઇએ એમ કહેવાયું છે. સારું લાગે છે પણ એમ થાય છે ખરું !

ચોરીના ચોથા ફેરા જેવો ભાગાકાર છે. બધું આવડી ગયું પછી ભાગાકાર શરૂ થાય છે. શરૂઆત સહેલા ભાગાકારથી થાય છે. આપણને ભોળા નિર્દોષ ભાગાકાર શીખવે છે. બાર ભાગ્યા બે એટલે જવાબ છ . શેષમાં રહે શૂન્ય. શૂન્ય ઝટપટ લખી દઇએ છીએ. પછી શીખવે છે શેષવાળા ભાગાકાર. વળી ઉપરથી કહે છે શેષ ન રહે તે જોજો. રહે તો ઓછામાં ઓછો રહે તે ખાસ જોજો.

પહેલાં મને નિઃશેષ ભાગાકાર ગમતા હતા. હિસાબ ચૂકતે શેષ કંઇ ન રહે. પણ હવે લાગે છે કે ભાગાકારમાં મહત્ત્વની વસ્તુ જ શેષ છે. શેષ એ નગણ્ય નથી. એને ધુત્કારો કાં ? વધેલી શેષ આપણી નિયતિ છે. ઘણું ઘણું કરો તોય બધું ભાગી જ ન શકાય. આપણને ભાગી જવું પડે. ભાગ્યાનો ભ્રમ કરીએ તો પણ શેષ રહે જ. શેષ સ્વભાવે મક્કમ હોય છે. તળિયે રહે છે એટલે ઘટ્ટ હોય છે. શેષ હોય નાનકડી પણ હટે નહિ. શેષનો વિચાર કરતા મને પ્રસાદમાં અપાતી શેષ યાદ આવે છે. પ્રસાદને અમે શેષા કહેતા.

બહાર ભલે બધું પૂરું થઇ જાય તો પણ અંદર કંઇક શેષ રહી જાય છે. મૈત્રીમાં તો શેષનો જ મહિમા છે. જવાબ શું આવ્યો તેને કોણ ગણે છે ? શું કર્યું શું ન કર્યું એ બધું તો ઠીક જાણે. શેષ શું રહ્યું તે કામનું. વડીલોપાર્જિત માલમિલકતની વહેંચણીમાં પણ બધે પક્ષે નજર શેષ પર હોય છે.

ગણિતમાં નિઃશેષ ભાગાકાર ભલે શક્ય છે. જીવનમાં નિઃશેષ સંબંધો, નિઃશેષ પ્રસંગો, નિઃશેષ પળો કે નિઃશેષ સંસ્મરણો ક્યાં શક્ય છે ?

ઉશનસનું જાણીતું કાવ્ય 'વળાવી બા આવી' યાદ છે ને ! વેકેશન પૂરું થતા સંતાનો ચાલ્યા જાય છે, વિરહ ભાગાકાર કરી દે છે. બાકી રહી જાય છે ખાલી ઘર, એજ વડીલો અને સ્મરણોની શેષ. જનારાઓને વળાવી આવ્યા પછી ઘરમાં રહી ગયેલ શેષનો સામનો કરવો કેવો કઠિન હોય છે. વર્તમાનનો સંતત ભાગાકાર થતો રહે છે , શેષ રહે છે તે અનાગત છે. મૃત્યુ ભાગાકાર કરે છે છતાં શેષ છોડી જાય જ છે. પાછળનાઓ માટે એ શેષ પછી વિશેષ બની રહે છે.

કોણે કહ્યું ગણિત નીરસ વિષય છે. જેમાં ગણિત સિવાયનું આવું આવું આવતું હોય એ ગણિત મને ગમે છે. ગણિતમાં નાપાસ થયા પછીય ગણિત ગમે છે. કદાચ મારામાંય હજી ગણિતનો શેષ રહી ગયો હશે. શરૂઆતમાં મને નિઃશેષ ભાગાકાર ગમતા'તા એ મારી ભૂલ હતી. એ ખોટો જવાબ હતો. હવે તો થાય છે કે ભાગાકાર કરવા જ નહિ, કરવા પડે તો શેષ રહે તેવા જ કરવા.

પ્રકૃતિ પાસે શેષવાળા ઘણા ભાગાકાર છે. એટલે તો ત્યાં બધું નિઃશેષ નથી થયું. સભામાં કે કાર્યક્રમમાં જનગણમન થઇ ગયા પછી કશુંક રહી જતું હોય છે. તે સભાગૃહ કે થિયેટરનું વાતાવરણ છે. બધું વિરમી જાય તે પછીનું શાંત સરોવર જેવું થિયેટર મને ગમે છે. થિયેટર કદી ખાલી નથી હોતું. માણસો ન હોય એવું બની શકે ખરું.

વરસાદ વરસી ગયા પછી જ દીપ્તિમંત તડકો નવાં કપડાં પહેરીને નવા સ્મિત સાથે આવે છે. મેઘધનુષ એ વર્ષાસમારંભની ગીફ્ટ છે. કુદરતનું ગણિત પાકું છે અને એની પાસે શેષની પરંપરા છે.

બોલો, તમને કેવા ભાગાકાર ગમે નિઃશેષ કે શેષવાળા ?

☆ ☆ ☆

## નેત્રયજ્ઞ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે અને ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ દ્વારા સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરીની આર્થિક સહાયથી માતર મુકામે શનિવાર, તા. ૯-૧૨-૯૫ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

□ મંત્રીઓ

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

# વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તેની ૬૬ વર્ષની યાત્રા પૂર્ણ કરે છે ત્યારે વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં પ્રગટ થયેલ છે, એટલે અહીં એ પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં સળંગ અહેવાલ આપીએ છીએ.

♦ **સંઘના સભ્યો :** સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છેઃ પેટ્રનઃ ૧૮૨, આજીવન સભ્યઃ ૨૨૦૩, સામાન્ય સભ્યઃ ૮૦ અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકોઃ ૧૧૮.

♦ **પ્રબુદ્ધ જીવન :** ગાંધીજીની ભાવનાને અનુસરીને કશી પણ જાહેરખબર લીધા વિના છેલ્લાં છપ્પન વર્ષથી સંઘનું માસિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો 'પ્રબુદ્ધ જીવન'ને સારો સહયોગ મળતો રહ્યો છે, જે માટે અમે તેમના આભારી છીએ. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ છેલ્લાં તેર વર્ષથી માનદ્ સેવા આપી રહ્યા છે, જે માટે અમે તેમના ઘણા ઋણી છીએ. તદુપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના મુદ્રણકાર્ય માટે 'મુદ્રાંકન'ના પણ અમે આભારી છીએ.

♦ **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય :** પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૫૫૯૦નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. વર્ષની આખરે ૧૩૪૫૦ પુસ્તકો છે. પુસ્તકાલયની પ્રવૃત્તિ માટે પુસ્તકાલય સમિતિના તથા તેના મંત્રી શ્રી નેમચંદભાઇ ગાલાના અમે આભારી છીએ.

♦ **પ્રેમળ જ્યોતિ :** સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા પ્રેરિત 'પ્રેમળજ્યોતિ' વિભાગ દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કૂલ ફી, યુનિફોર્મ વગેરેની સહાય આપવાની પ્રવૃતિ વર્ષ દરમિન સારી રીતે ચાલી રહી છે. સંયોજકો તરીકે શ્રી નિરુબહેન શાહ અને શ્રી નટુભાઇ પટેલ પ્રશસ્ય સેવા આપે છે. આ માટે અમે તેમના અને અન્ય કાર્યકર ભાઇ-બહેનોના આભારી છીએ.

♦ **અસ્થિ સારવાર કેન્દ્ર :** સંઘના કાર્યાલયમાં તા. ૩૧-૭-૮૩ થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંના દર્દોના નિષ્ણાંત ડૉક્ટર શ્રી જે. પી. પીઠાવાલા દર રવિવારે નિયમિતપણે સવારના ૧૦ થી બપોરના ૨ વાગ્યા સુધી હાડકાના દર્દીઓને વિના મૂલ્યે માનદ્ સારવાર આપે છે. ડૉ. પીઠાવાલાના તેમજ તેમના સાથી કાર્યકરોના તથા આ પ્રવૃત્તિના સંયોજક શ્રી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

♦ **અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર :** આ કેન્દ્રમાં મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી ડૉ. જે.પી. પીઠાવાલા સેવા આપે છે. અંધેરી ખાતેની આ પ્રવૃત્તિ માટે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ તરફથી તેમની જગ્યાનો ઉપયોગ કરવા દેવામાં આવે છે તે માટે તેમના આભારી છીએ.

♦ **સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ :** સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈન ધર્મમાં પુસ્તકોના પ્રકાશન માટે ભેટ રકમ આપવામાં આવી હતી. અને ત્યારપછી તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. આ ટ્રસ્ટના ઉપક્રમે અત્યાર સુધી ૧૯ જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે.

♦ **સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક :** 'પ્રબુદ્ધ જીવન' માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલ લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનારા લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. ૧૯૯૪ના વર્ષ માટેનું પારિતોષિક ડૉ. બિપિનચંદ્ર કાપડિયાને આપવામાં આવ્યું હતું. આ પારિતોષિક માટે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામભાઇ દેસાઇ અને શ્રી પન્નાલાલ આર. શાહે સેવા આપી હતી. તે બદલ તેમના આભારી છીએ.

♦ **શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાં ઘર :** સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની આ પ્રવૃત્તિ સંઘના કાર્યાલયમાં દર રવિવારે બપોરના ૩ થી ૫ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૦૫ જેટલી રહી છે. રમકડાં ઘર માટે વખતોવખત નવા રમકડાં ખરીદવામાં આવે છે. આ પ્રવૃત્તિનાં સંયોજકો ડૉ. અમુલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

♦ **શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ :** શ્રી જે. એચ . મહેતાના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫૦૦૦ની રકમ અનાજ રાહત ફંડમાં મળી હતી. અને તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. એમાંથી જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા, શ્રી રમાબહેન મહેતા અને અન્ય બહેનો સેવા આપી રહ્યાં છે. તેમનાં અમે આભારી છીએ.

♦ **કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ :** સ્વ. કિશોર ટિમ્બડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને રૂપિયા એક લાખનું દાન મળ્યું છે. આ ફંડમાંથી બૃહદ્ મુંબઇની કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇ- બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજકો શ્રી વસુમતીબહેન ભણસાલી, શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતાના અમે આભારી છીએ.

♦ **શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી ચશ્માબેન્ક :** સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા દર્દીઓને મફત ચશ્મા આપવામાં આવે છે. શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયમાંથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે .

♦ **ભક્તિ સંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે ચાલુ વર્ષે ભક્તિ સંગીતના વર્ગો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા હતા. શ્રી શ્યામ ગોગટેએ આ તાલીમ વર્ગના અધ્યાપક તરીકે અને શ્રી ઉષાબહેન મહેતાએ આ વર્ગના સંયોજક તરીકે સેવા આપી હતી.

♦ **ગ્રંથ પ્રકાશન :** સંઘના ઉપક્રમે વખતોવખત વિશિષ્ટ ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ગ્રંથોના નામ આ પ્રમાણે છે.

(૧) JAINA VACHANA - जिनवचन -
સંપાદક : ડૉ. રમણલાલ ચી. શાહ

(૨) નેમિનાથ-રાજિમતી બારમાસા
સંપાદક : ડૉ. શિવલાલ જેસલપુરા

(૩) સાંપ્રત સહ ચિંતન ભા. ૬
લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

(૪) ભાતીગળ જીવનની મધુરમ
લેખક : જયંતીલાલ એમ. રાચ્છ

♦ **પર્યુષણ વ્યાખ્યાનમાળા :** સંઘના ઉપક્રમે, શુક્રવાર તા. ૨ સપ્ટેમ્બર, ૧૯૯૪ થી શુક્રવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ

ટ્રસ્ટના આર્થિક સહયોગથી બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ ખાતે યોજવામાં આવી હતી. આ આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ કલોઝ સરકીટ ટી .વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો નીચે પ્રમાણે છે.

♦ **પૂ. સાધ્વીશ્રી ચાંદકુમારીજી** - કર્મ કી ગતિ ન્યારી
♦ **શ્રી શશિકાંત મહેતા** - સાધના પંચતીર્થ-પંચ પરમેષ્ઠિ નમસ્કાર
♦ **પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય** - ધર્મક્રિયાઓનું લોકોત્તર ફળ
♦ **ડૉ. વર્ષાબહેન દાસ** - ધર્મ અને તેનો સામાજિક સંદર્ભ
♦ **શ્રી નેમચંદ ગાલા** - તમિળનાં સંત કવયિત્રી અવ્વઈયાર
♦ **ડૉ. રમણલાલ ચી. શાહ** - મૃષાવાદ વિરમણ
♦ **શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક** - મૂલ્યોનું શિક્ષણ
♦ **શ્રી પ્રવીણભાઇ સી. શાહ** - તમે ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ?
♦ **શ્રી ચંદુલાલ સેલારકા** - ધર્મની અનુભૂતિ
♦ **શ્રીમતી સુષમા અગરવાલ** - બડે ભાગ માનુષ તન પાયા
♦ **બ્રહ્માકુમારી શારદાબહેન** - તનાવ મુક્ત જીવન
♦ **શ્રીમતી શૈલજા ચેતનભાઇ શાહ** - પરહિત ચિંતા-મૈત્રી
♦ **પૂ. સાધુ પ્રીમતપ્રસાદદાસજી** - વિસ્મરણ-એક આશીર્વાદ
♦ **ડૉ. શાંતિકુમાર પંડ્યા** - ગીતા-જીવન જીવવાની કલા
♦ **પ્રા. તારાબહેન ર. શાહ** - ગુણોપાસના
♦ **પૂ. સમણી શ્રી કુસુમપ્રજ્ઞાજી** - હમ અપને ભાગ્ય કે વિધાતા હૈ

આ વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એમાં, અનુક્રમે સર્વશ્રી ધીરેન વોરા, શ્વેતાબહેન વકીલ, ચંદ્રાબહેન કોઠારી, કુમારી અમિષી શાહ, અલકાબહેન શાહ, નટુભાઇ ત્રિવેદી, વંદનાબહેન શાહ અને શોભાબહેન સંઘવીએ આપ્યો હતો. અમે શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના, સર્વ વ્યાખ્યાતાઓના, સંગીતકારોના તથા સહકાર આપનાર સર્વના આભારી છીએ.

પર્યુષણ પર્વ દરમિયાન કોઇ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ વર્ષે માંગરોળ (તા. રાજપીપળા)ની 'આર્ચવાહિની' સંસ્થાને સહાય કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને દાતાઓ તરફથી 'આર્ચવાહિની' માટે આશરે રૂપિયા સાત લાખથી રકમ એકત્ર થઇ હતી.

♦ **નેત્રયજ્ઞ :** સંઘના ઉપક્રમે નીચે મુજબ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું.

(૧) સંઘની આર્થિક સહાયથી અને શ્રી વિશ્વવાત્સલ્ય ઔષધાલય ગુંદીના સહયોગથી તા.૨૦મી નવેમ્બર, ૧૯૯૪ના રોજ વિરમગામ તાલુકાના બાન્ટાઇ ગામે નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. (૨) સ્વ. જ્યોત્સનાબહેન ભૂપેન્દ્રભાઈ ઝવેરીના સ્મરણાર્થે સંઘ દ્વારા ચિખોદરાની શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલના સહયોગથી તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ ગોધરા તાલુકાના કાંકણપુર ગામે નેત્રયજ્ઞનું આયોજન થયું હતું.(૩) સંઘની આર્થિક સહાયથી શ્રી મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર-ચીંચણી મધ્યે તા. ૫મી માર્ચ, ૧૯૯૫ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. (૪) શ્રી રજનીકાંત ચંદુલાલ ભણસાલીના આર્થિક સહયોગથી સ્વ. ચંદુલાલ જેસંગલાલ ભણસાલીના સ્મરણાર્થે ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ દ્વારા તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ માતર તાલુકાના દેવલી ગામે એક નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૫) શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી તરફથી સ્વ. શ્રી ચંદુલાલ ઝવેરીના સ્મરણાર્થે સંઘના ઉપક્રમે ભાલ નળકાંઠાના પ્રાયોગિક સંઘ દ્વારા તા. ૨૦-૧૦-૯૫ના રોજ એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. (૬) શ્રી ધીરજલાલ તલકચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સંઘના ઉપક્રમે રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરા દ્વારા તારાપુર (તા. ખંભાત) મુકામે તા. ૮-૧-૯૫ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. (૭) સ્વ. ધીરજબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે સંઘના ઉપક્રમે રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરા દ્વારા રાજપીપળા ગામે તા. ૨૧-૧-૯૫ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું.

♦ **સ્થાનિક સંસ્થાઓની મુલાકાત :** પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ 'પ્રેમળજ્યોતિ' શાખા તરફથી દિપોત્સવી પર્વ નિમિત્તે ધનતેરશ, તા. ૧૦મી નવેમ્બર, ૧૯૯૪ના રોજ સંઘના કાર્યકર્તા ભાઇ-બહેનોએ સ્ટેફર્ડ હોમ, જમશેદજી જીજીભાઇ ધર્મશાળા અને આનંદ કેન્દ્ર એ ત્રણ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. વૃદ્ધ સ્ત્રી પુરુષો તથા અનાથ બાળકોને માટે સંઘ તરફથી મિષ્ટાન્ન વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

♦ **ચામડીના દર્દીઓ માટે કેમ્પ :** સંઘના આર્થિક સહયોગથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા-ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૪થી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ ચામડીના દર્દીઓ માટે તથા તાવ, મરડો, વગેરે સામાન્ય દર્દો માટે એક કેમ્પનું આયોજન ડાંગ જીલ્લાના આદિવાસી વિસ્તારમાં ધવલીઘર ગામમાં કરવામાં આવ્યું હતું. સવાસોથી વધુ દર્દીઓએ એ યોજનાનો લાભ લીધો હતો.

♦ **વિદ્યાસત્ર :** સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનાં વ્યાખ્યાનો શનિવાર, તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ ઇન્ડિયન મરચન્ટ, ચેમ્બરના કમિટિ રૂમમાં યોજવામાં આવ્યા હતા. ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઇએ (૧) આજની પરિસ્થિતિના સંદર્ભમાં જીવનલક્ષી સાહિત્ય અને (૨) સમૂહ માધ્યમો- પરિસ્થિતિ અને પડકાર-એ બે વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા હતા. કાર્યક્રમના સંયોજક તરીકે પ્રો. તારાબહેન ર. શાહે સેવા આપી હતી. અમે વિદ્વાન વ્યાખ્યાતાના તથા કાર્યક્રમના સંયોજક પ્રો. તારાબહેન ર. શાહના આભારી છીએ.

♦ **આર્ચવાહિની-માંગરોલની મુલાકાત :** સંઘ તરફથી ગત્ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન માંગરોલ (ગુજરાત)ની આર્ચવાહિની સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. અને તે માટે આશરે રૂપિયા સાત લાખ જેટલી રકમ એકત્ર થઇ હતી. આ રકમનો ચેક આપવાનો કાર્યક્રમ માંગરોલ ખાતે તા. ૨જી માર્ચ, ૧૯૯૫ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને સમિતિના કેટલાક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

♦ **ટ્રેઇનિંગ કોર્સ :** શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ઉપક્રમે ૨૦ થી ૩૫ વર્ષના ગ્રેજ્યુએટ યુવાન ભાઇ-બહેનો માટે તા. ૧૧ અને ૧૨ માર્ચ, ૧૯૯૫ના રોજ બી.સી.એ. ગ્રીન રૂમ, ગરવારે કલબ હાઉસમાં એક ટ્રેઇનિંગ કોર્સ યોજવામાં આવ્યો હતો.

♦ **સ્નેહ મિલન-મહાવીર વંદના :** સંઘના ઉપક્રમે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલાના આર્થિક સહયોગથી રવિવાર, તા. ૧૬-૪-૯૫ના રોજ સવારે દશ વાગે સંઘના સભ્યોનું સ્નેહ મિલન અને મહાવીર વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રી જતીનભાઇ ભગવાનદાસ શાહે ભક્તિ સંગીતનો કાર્યક્રમ આપ્યો હતો. સંઘ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

♦ **વાર્તાલાપ :** સંઘના ઉપક્રમે તા. ૮મી જૂન, ૧૯૯૫ના રોજ સાંજના ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા હોલમાં તુર્કસ્તાન, ગ્રીસ અને

ઇજિપ્તના પ્રવાસના અનુભવો એ વિષય પરનો સંઘના સમિતિના સભ્ય શ્રી મફતલાલ ભીખાચંદ શાહનો એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ યાત્રા પ્રવાસમાં સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી મફતભાઇ ભીખાચંદ શાહ અને શ્રી ભૂપેન્દ્રભાઇ ઝવેરી જોડાયા હતા. શ્રી મફતભાઇએ પોતાની આગવી શૈલીમાં પ્રવાસની રસિક માહિતીની રજૂઆત કરી હતી.

♦ **વસંત વ્યાખ્યાનમાળા** : સંઘના ઉપક્રમે સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મૃતિ વસંત વ્યાખ્યાનમાળાનું તા. ૨૫ અને ૨૬મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટિ રૂમમાં આયોજન કરવામા આવ્યું હતું. પ્રથમ દિવસે 'સેબી'ના અધ્યક્ષ શ્રી ડી. આર. મહેતાએ અને બીજા દિવસે આર્થિક બાબતોના નિષ્ણાંત શ્રી મીનુ શ્રોફે 'આર્થિક સુધારાઓ' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે સંભાળ્યું હતું. વિદ્વાન વક્તાઓના અને કાર્યક્રમના સંયોજકો શ્રી સુબોધભાઇ એમ. શાહ તથા શ્રી પ્રવીણચંદ્ર કે. શાહના અમે આભારી છીએ.

♦ **ડૉ. પીઠાવાલાની ષષ્ઠિપૂર્તિ** : છેલ્લાં બાર વર્ષથી જૈન યુવક સંઘના અસ્થિ સારવાર કેન્દ્રમાં સેવા આપી રહેલા હાડકાના રોગોના નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા પોતાની જીવનયાત્રાનાં સાઠ વર્ષ પૂર્ણ કર્યાં છે એટલે સંઘ તરફથી તેમની ષષ્ઠિપૂર્તિ પ્રસંગે તેમનું અભિવાદન કરવાનો એક કાર્યક્રમ તા. ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૫ના રોજ સવારના દસ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ડૉ. રમણભાઇ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ વક્તાઓએ ડૉ. પીઠાવાલાની નિષ્ઠાપૂર્વકની સેવા પરાયણતાની તારીફ કરી હતી.

♦ **મોતીયાના ઓપરેશન** : સંઘના આર્થિક સહયોગથી ડૉ. કુમુદ પ્રવીણચંદ્ર મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મોતીયાના દર્દીઓને લેન્સ બેસાડવા સાથે મફત ઓપરેશન કરવાની યોજના કરવામાં આવી છે. વર્ષ દરમિયાન ત્રીસેક દર્દીઓએ એનો લાભ લીધો હતો. આ કાર્યમાં સહયોગ આપવા માટે અમો ડૉ. પ્રવીણભાઇ મહેતાના આભારી છીએ.

♦ **આભાર** : વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની પાંચ સભા મળી હતી. કારોબારી સમિતિના સર્વ સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને ઘણો આનંદ છે.

♦ વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રસંગે વર્ષ દરમિયાન સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓને કેમ ભૂલાય ? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

♦ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાના અખબારોએ પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને નવું પરિમાણ આપ્યું છે તે દરેક વર્તમાન પત્રોનો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

♦ આપણી વ્યાખ્યાનમાળાઓ, વ્યાખ્યાન શ્રેણીઓ અને વાર્તાલાપના વિદ્વાન વક્તાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

♦ સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના સર્વ સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા માટે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના અમે અત્યંત આભારી છીએ.

♦ સંસ્થાના હિસાબો ચીવટપૂર્વક જોઇ તપાસી આપવા માટે ઓડીટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટ્સના શ્રી ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.

♦ સંઘના કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતા અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે !

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
માનદ્ મંત્રીઓ
(૧૯૯૪-૯૫)

## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાંત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, રસધારા કો. ઓ. હા. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦ ૦૦૪, (ફોન : ૩૮૨૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩ થી ૫ના સમયે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ) મુંબઇ-૪૦૦૦૫૮ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિના મૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

જયાબહેન વીરા
સંયોજક

નિરુબહેન એસ. શાહ
જયવદન આર. મુખત્યાર
માનદ્ મંત્રી

## દરબાર ગોપાળદાસ દેસાઈ ક્ષય નિવારણ કેન્દ્ર-આણંદ સંઘ દ્વારા ચેક અર્પણનો કાર્યક્રમ

અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આ વર્ષે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાના કાર્યક્રમ દરમિયાન દરબાર ગોપાળદાસ દેસાઇ ક્ષય નિવારણ કેન્દ્ર-આણંદને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. એ માટે ઘણો જ સરસ પ્રતિસાદ અમને સાંપડ્યો હતો અને રૂપિયા સાડા દસ લાખ કરતાં વધુ રકમ એકત્ર થઇ હતી. આ રકમનો ચેક દરબાર ગોપાળદાસ દેસાઇ ક્ષય નિવારણ કેન્દ્રને અર્પણ કરવાનો કાર્યક્રમ જાણીતા દાનવીર **શ્રી મફતલાલ મોહનલાલ મહેતા** (દિવાળીબેન મહેતા ટ્રસ્ટના સૂત્રધાર)ના પ્રમુખપદે રવિવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૫ના સવારે ૧૦-૩૦ કલાકે ચિખોદરા મુકામે આંખની હોસ્પિટલના હોલમાં યોજવામાં આવ્યો છે, જેમાં પધારવા સર્વને નિમંત્રણ છે.

☐ **મંત્રીઓ**

# કન્ફ્યૂશિયસની કેટલીક ખાસિયતો

□ રમણલાલ ચી. શાહ

અઢી હજાર વર્ષ પૂર્વે થઈ ગયેલા સુપ્રસિદ્ધ ચીની ફિલસૂફ કન્ફ્યૂશિયસના શિષ્યોએ કન્ફ્યૂશિયસની જે કેટલીક ખાસિયતો નોંધી છે તેમાંથી એમના વ્યક્તિત્વનું એક સુરેખ ચિત્ર નજર સામે તરવરે છે.

કન્ફ્યૂશિયસ દેખાવે કડક મુખમુદ્રાવાળા હતા, પરંતુ સ્વભાવે અત્યંત હસમુખા, વિનમ્ર, વિનયી અને ઉદાર હતા. તેઓ નિખાલસ હતા અને પોતાની ભૂલોનો કે પોતાના સ્વભાવના દોષોનો તરત સ્વીકાર કરી લેતા. તેઓ ઘમંડી નહોતા. એથી લોકો તેમને એટલી હદ સુધી ચાહતા હતા કે જાણે તેઓ સાક્ષાત ભગવાન ન હોય !

રાજા કે ઉમરાવ તરફથી મહેમાનોનું સ્વાગત કરવાનું અને એમની દેખભાળ રાખવાનું કામ જ્યારે એમને સોંપવામાં આવતું ત્યારે તેઓ તે ઉત્સાહ અને વિનયપૂર્વક કરતા. તેઓ શ્વેત ઝભ્ભો ધારણ કરતા. મહેમાનના સ્વાગત માટે બે હાથ પહોળા કરી તેઓ સામે જતા ત્યારે એ પ્રસારેલા બે હાથની ઝૂલતી શ્વેત બાંય જાણે પંખીની બે પાંખ હોય તેવી શોભતી. તેઓ મહેમાન વિદાય થાય ત્યાં સુધી હાજર રહેતા, મહેમાનોને વંદન કરતા અને એમનું વંદન ઝીલતા અને પછી રાજા પાસે આવી મહેમાનની મુલાકાતનો વિગતવાર અહેવાલ આપતા.

રાજદરબારમાં તેઓ જતા ત્યારે દરવાજો ઘણો ઊંચો હોવા છતાં તેઓ પોતાનું રાજા તરફનું બહુમાન દર્શાવવા સહેજ વાંકા વળીને દાખલ થતા. તેઓ ઉંબરા ઉપર ક્યારેય પગ મૂકતા નહિ. રાજગાદી પાસેથી તેઓ પસાર થતા ત્યારે ત્યાં ઘૂંટણથી વાંકા વળતા અને પછી ઊભા થઈ આગળ જતા.

તેઓ રથમાં કે પાલખીમાં બેઠા હોય ત્યારે સીધી નજર રાખતા. ડોક ફેરવીને આજુબાજુ કે પાછળ જોવાનો તેઓ પ્રયત્ન કરતા નહિ . વળી ત્યારે તેઓ પોતાની સાથે બેઠેલાઓ જોડે વાતચીત પણ કરતા નહિ. તેઓ નિયમપાલનમાં બહુ કડક રહેતા.

જ્યારે એમને રાજદંડ ઊંચકીને ચાલવાનું આવતું ત્યારે તેઓ વિનયપૂર્વક જરા વાંકા વળતા, દંડને પ્રથમ મસ્તક સુધી લઈ જઈ પછી સહેજ નીચે ઉતારી છાતી સુધી લાવીને પકડી રાખતા. દંડ સાથે ચાલતી વખતે તેઓ ધીમાં ધીમાં નજીક નજીક ડગલાં ભરતા.

કોઈ જાહેર સ્થળે કે કોઈના ઘરે તેઓ ગયા હોય અને ત્યાં સાદડી વાંકીચૂકી પડી હોય તો એ સરખી કર્યા પછી જ તેઓ એના ઉપર બેસતા. (ચીન-જાપાનમાં ખુરશી ટેબલને બદલે જમીન ઉપર સાદડી પાથરીને બેસવાનો રિવાજ હતો, જે હજુ પણ ઘણે અંશે ત્યાં, વિશેષતઃ ગામડાંઓમાં ચાલુ છે.)

તેઓ કોઈની સાથે આડા પડીને કે સૂતાં સૂતાં વાત કરતા નહિ. વાત કરવી હોય ત્યારે તરત તેઓ બેઠા થઈ જતા.

રાજા તરફથી એમને જ્યારે જ્યારે મળવા માટે બોલાવવામાં આવતા ત્યારે રથ કે પાલખીની રાહ જોયા વિના તેઓ પગે ચાલતા નીકળી જતા.

તેઓ શિષ્ટાચાર સાચવતા. કોઈ પોતાને મિજબાની આપે ત્યારે નીકળતી વખતે પ્રસન્નતાપૂર્વક એનો આભાર માનતા. કોઈ લશ્કરી અમલદારને જુએ તો તેના તરફ આદરભાવ બતાવતા. કોઈ ગરીબ માણસ મળવા આવ્યો હોય અથવા રસ્તામાં કોઈ અંધ મનુષ્યને જતો જુએ તો તેઓ તેને સહાય કરવા ઊભા રહેતા અને તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા.

જેનાં કોઈ સગાં સંબંધી ન હોય એવી પોતાની કોઈ પરિચિત વ્યક્તિ ગુજરી જતી તો એની અંતિમ ક્રિયા તેઓ પોતે સંભાળી લેતા.

તેઓ કોઈ ઉત્સવ કે મિજબાનીમાં ભાગ લેવા જતા ત્યારે ત્યાં પધારેલા વડીલો જ્યાં સુધી વિદાય ન લે ત્યાં સુધી તેઓ ત્યાં બેસી રહેતા. તેઓ કોઈ મંદિરે દર્શન કરવા જતા ત્યારે ત્યાંના નાનામાં નાના કર્મચારીના પણ ખબરઅંતર પૂછતા અને કોઈને કંઈ મુશ્કેલી હોય તો સહાય કરતા કે કરાવતા.

પોતાનો જ્યાં જન્મ થયો હતો એ વતનમાં તેઓ જતા ત્યારે ત્યા અત્યંત સાદાઈથી રહેતા. ગામજનો આગળ પોતે મોટા માણસ હોવાનો કોઈ આડંબર કરતા નહિ. પોતાના વતનમાં પૂર્વજોના મંદિરમાં તેઓ પગે લાગવા અચૂક જતા. તેમની વાણીમાં સંયમ રહેતો. તેઓ જંગલી લોકોના પ્રદેશમાં જવા માટે જરા પણ અચકાતા નહિ, ડરતા નહિ. પોતાના જવાથી જંગલી લોકો સુધરશે એવી તેઓ આશા રાખતા.

વાવાઝોડું થતું કે આકાશમા મેઘ ગર્જના અને વીજળીના કડાકા થતાં ત્યારે તેઓ ગંભીર બની જતા.

કોઈના શોકના પ્રસંગે જો તેઓ દિલસોજી દર્શાવવા ગયા હોય તો એ દિવસે ઘરે આવ્યા પછી તેઓ કોઈ મનોરંજનની પ્રવૃત્તિ કરતા નહિ. તેઓ ગીત ગાવા કે સંગીતના અભ્યાસ માટે પણ બેસતા નહિ.

કોઈના શોકના પ્રસંગે બેસવા જવાનું થયું હોય ત્યારે જો એ ઘરે ભોજન લેવાનો પ્રસંગ આવે તો તેઓ પેટ ભરીને જમતા નહિ.

તેઓ એકંદરે ઓછું ખાતા અને ખાતાં ખાતાં કોઈની સાથે વાતચીત કરતા નહિ. ભોજન વખતે થોડું પિતૃઓને અર્પણ કર્યા પછી જ તેઓ ખાતા. તેમને દારૂની ટેવ પ્રમાણમાં વધારે હતી, તો પણ નશો ચડી જાય એટલી હદ સુધી તેઓ પીતા નહિ.

કન્ફ્યૂશિયસ પોતાના દોષોનો સ્વીકાર કરી લેતા. તેઓ એકરાર કરતાં કહેતા કે પોતાની એક બહુ જ ખરાબ નબળાઈ એ છે કે પોતે દારૂ પીવાનું છોડી શકતા નથી.

કન્ફ્યૂશિયસ ઘણીવાર મનન ચિંતન કરવા માટે એકાંતમાં દિવસોના દિવસો સુધી બેસી રહેતા. કેટલીક વાર તો તેઓ ખાવાનું પણ ભૂલી જતા. રાત્રે ચિંતન મનન કરતાં કરતાં કોઈવાર આખી રાત પૂરી થઈ જતી, છતાં તેમને થાક લાગતો નહિ કારણ કે તેમની શારીરિક અને માનસિક શક્તિ એટલી બધી હતી. જેમ ચિંતનમનનમાં તેમ સ્વાધ્યાયમાં પણ તેઓ એવી જ રીતે સતત લાગેલા રહેતા. તેમને અનુભવે એમ સમજાયું હતું કે ચિંતનમનન કરતાં સ્વાધ્યાય પોતાની પ્રકૃતિને વધુ અનુકૂળ છે અને એથી પોતાને વિશેષ લાભ થાય છે.

તેઓ દુઃખી માણસ પ્રત્યે દિલસોજી દર્શાવતા. કોઈ સરકારી અધિકારી મળવા આવે તો પોતે ઊભા થઈને સામેથી લેવા જતા અને આદરભાવ દર્શાવતા. અંધ માણસ હોય કે અપંગ માણસ હોય તો તેને મદદ કરવા ઝડપથી તેની પાસે પહોંચી જતા.

રાજાઓ કે ઉમરાવોની સાથે વાતચીત કરતી વખતે તેઓ પૂરી સ્વસ્થતાથી વાત કરતા. રાજાના મંત્રીઓ કે અધિકારીઓ સાથે જ્યાં જરૂર લાગે ત્યાં તેઓ શાંતિથી, સ્વસ્થતાથી, નિખાલસતાથી કે દ્રઢતાથી વાત કરતા.

કવિતા, ઇતિહાસ અને વિધિવિધાન એમના અત્યંત પ્રિય વિષયો હતા. એના ઉપર તેઓ વખતો વખત પ્રવચનો આપતા.

સંગીત એમને બહુ પ્રિય હતું. તેમને વાજિંત્રો વગાડતાં આવડતું અને મધુર કંઠે સરસ ગાતાં પણ આવડતું. કોઈ ગવૈયાને બોલાવ્યો હોય અને પોતાને કોઈ ગીત ગમી જાય તો તે ફરીવાર ગાવાનું તેને કહેતા અને પોતે પણ તેની સાથે ગાવા લાગતા.

દૈવી ચમત્કારો કે શારીરિક પરાક્રમોની વાતોમાં તેમને રસ પડતો ન હતો. સંસ્કારની વાતોમાં, જીવનની ઉન્નતિની વાતોમાં તેમને વધુ રસ પડતો.

પ્રચલિત રીત-રિવાજોમાં જે સ્વીકારવા યોગ્ય હોય તે તેઓ સ્વીકારતા અને જ્યાં ફેરફાર કરવા યોગ્ય હોય તેમાં ફેરફાર પણ કરતા. તેમનામાં જડતા નહોતી અને અવિચારી ક્રાંતિ પણ નહોતી. ધાર્મિક પ્રસંગોએ ત્યારે શણની ટોપી પહેરવાનો રિવાજ હતો. પરંતુ ત્યારપછી રેશમી ટોપી આવી. એ ઓછી ખર્ચાળ હતી એટલે કન્ફ્યૂશિયસે શણની ટોપીને બદલે રેશમી ટોપી પહેરવાનું ચાલુ કર્યું હતું. એ જમાનામાં આવો ફેરફાર ઘણો મોટો હતો. જૂની પરંપરા પ્રમાણે રાજાને પ્રણામ કરવા લોકો આવ્યા હોય તો તે વખતે મંચની નીચે ઊભા રહીને પ્રણામ કરતા. પરંતુ તે વખતે કેટલાંક લોકો મંચનાં પગથિયાં ચઢી રાજાની પાસે જઈને પ્રણામ કરવા લાગ્યા હતા. તો પણ કન્ફ્યૂશિયસ કહેતા કે પોતાને નીચે ઊભા રહીને પ્રણામ કરવામાં રાજાનું વધારે ગૌરવ સચવાતું લાગે છે. અને એથી પોતે પ્રાચીન પરંપરાને વળગી રહેવા ઇચ્છતા. છે. આમ યોગ્યતા અનુસાર કન્ફ્યૂશિયસ જૂની પરંપરામાં ફેરફાર કરતા અને જ્યાં ફેરફારની યોગ્યતા ન હોય ત્યાં જૂની પરંપરાને વળગી રહેતા.

☆ ☆ ☆

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

● વર્ષ : (૫૦) + ૬ ● અંક : ૧૨ ● ● તા. ૧૬-૧૨-૯૫ ● ● Regd. No. MH. By. / South 54. Licence 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બળાત્કાર

છેલ્લા કેટલાક સમયથી દુનિયાભરમાં બળાત્કારના કિસ્સા વધવા લાગ્યા છે. મુંબઈ કે કલકત્તા જેવાં શહેરોમાં બેચાર દિવસે એકાદ ઘટના બન્યાના સમાચાર અખબારોમાં છપાય છે. વધતી જતી આ પ્રવૃત્તિ અંગે સરકારોએ અને સમાજધુરીણોએ સવેળા સચિંત થવું ઘટે છે.

પહેલાં બળાત્કારના એકલદોકલ કિસ્સાની બહુ જાહેરાત થતી નહિ. હવે તો પોલીસને ચોપડે કેસ નોંધાયો કે તરત અખબારોમાં એને પ્રસિદ્ધિ મળી જાય છે. ક્યારેક તો અખબારો પણ આવા કિસ્સાઓને છાપવામાં રસ ધરાવતાં હોય એમ લાગે. લોકજાગૃતિની દૃષ્ટિએ એને પ્રસિદ્ધિ મળે તો તે યોગ્ય ગણાય, પરંતુ અખબારનો ફેલાવો વધારવાની દૃષ્ટિથી કે વાચકોની અપરુચિને પોષવાની દૃષ્ટિથી એવા કિસ્સાઓને વિગતે ચમકાવવામાં આવે તો તે યોગ્ય નથી. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે દુનિયામાં જેમ વસતી વધી છે તેમ બળાત્કારનું પ્રમાણ પણ વધ્યું છે. કોઈ ગુંડાઓએ મોડી રાતે રસ્તામાં એકલી જતી મહિલા ઉપર બળાત્કાર કર્યો હોય, બહારગામથી એકલી આવેલી ગભરુ બાળા રસ્તો શોધતી હોય તો તેને ફોસલાવીને તેનો લાભ લેવાયો હોય, કોઈ શાળાના શિક્ષકે લેસન શીખવવાના બહાને સગીર વયની વિદ્યાર્થિનીને શાળા છૂટ્યા પછી રોકી રાખીને એના ઉપર બળાત્કાર કર્યો હોય, કોઈ સિત્તેર વર્ષના ડોસાએ બે વર્ષની બાળકી સાથે ચેષ્ટા કરી હોય, કોઈ ડૉક્ટરે નર્સ ઉપર કે જેલરે કે પોલીસે મહિલા કેદી ઉપર, કોઈ ધનાઢ્ય શેઠે મહિલા નોકરાણી ઉપર કે કોઈ નોકરે યુવાન શેઠાણી ઉપર કે શેઠની દીકરી ઉપર કુકર્મ કર્યું હોય એવા એવા ભાતભાતના કિસ્સાઓ વખતોવખત છાપાઓમાં ચમકે છે. ભારતમાં અને વિદેશોમાં સાધુ-સન્યાસીઓ કે પાદરીઓએ બળાત્કાર કર્યો હોય એવા કિસ્સાઓ પણ છાપાઓમાં વાંચવામાં આવે છે.

બળાત્કાર એટલે બીજાના ઉપર બળ વાપરીને સંતોષેલી પોતાની ઇચ્છા. અન્ય વ્યક્તિની સદંતર અનિચ્છા અને અસહકાર હોવા છતાં પરાણે તેને પકડીને અને વશ કરીને પોતાની જાતીય ઇચ્છા સંતોષવાનો પ્રયત્ન કરવાની આવી અક્ષમ્ય ઘટનાઓ અનાદિકાળથી ચાલી આવે છે.

બળનો ઉપયોગ માત્ર જાતીય વૃત્તિના સંતોષ માટે થાય છે એવું નથી. કુદરતમાં એક જીવ બીજા જીવનું જ્યારે ભક્ષણ કરે છે ત્યારે તેને સમજાવીને, વહાલ કરીને તેનું ભક્ષણ કરતો નથી. તેને બળથી પકડવા પ્રયત્ન કરવો પડે છે. જંગલમાં ચિત્તા, વાઘ કે સિંહ પોતાના શિકારને પકડવા માટે દોડે છે ત્યારે તેઓ વચ્ચે થતી ઝપાઝપીમાં ચિત્તા, વાઘ કે સિંહને પોતાનું બધું જ બળ વાપરવું પડે છે અને હરણ, બકરી, ઘેટું, ગાય કે ભેંસ જેવાં પ્રાણીને પરવશ બનાવીને, મારી નાખીને તેઓ ખાઈ જાય છે. પાણીની અંદર મગર અને એવા મોટા જીવો નાના જલચરોનું ભક્ષણ કરતા રહે છે. કોઈ પ્રાણી સ્વેચ્છાએ પોતાનું ભક્ષણ થવા દેતું નથી. પોતાનો જીવ બચાવવા માટે તે દોડી જાય છે અને પકડાય છે ત્યારે પોતાની બધી જ શક્તિ વાપરીને તે ઝઝૂમવાનો પ્રયત્ન કરે છે. શિકારી પક્ષીઓ પોતાની ચાંચમાં માછલું પકડવાનો પ્રયત્ન કરે છે. માખી અને બીજા જીવડાંઓ ઉપર તરાપ મારી ગરોળી તેને ખાઈ જાય છે. ઊંદર, દેડકાં વગેરેની પાછળ સાપ દોડે છે અને એને પકડવા તથા ખાઈ જવા પોતાની બધી શક્તિ વાપરે છે. જળચરોમાં મત્સ્યગલાગલ ન્યાય પ્રવર્તે છે. એટલે કે મોટી માછલી નાની માછલીઓને ગળી જવાનો પ્રયત્ન કરે છે. જીવ સૃષ્ટિમાં जीवो जीवस्य जीवनम् જોવા મળે છે.

ભૂખની વાસના સંતોષવા માટે બળાત્કાર કરવાની આ કુદરતી વૃત્તિ માંસાહરી પ્રાણીઓમાં પડેલી હોય છે. એ શીખવવા માટે કોઈને પ્રયાસ કરવો પડતો નથી. જેમ આહાર સંજ્ઞા બળવાન છે તેમ ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞા પણ જીવોમાં બળવાન હોય છે. પ્રાણીસૃષ્ટિમાં પ્રથમ સહચાર, ત્યારપછી પ્રેમ અને ત્યારપછી કામભોગ એવો ક્રમ દરેક વખતે હોતો નથી. પોતાની મૈથુન સંજ્ઞા પ્રબળ બને ત્યારે તે માટે તેવાં પ્રાણીઓ વિજાતીય પાત્રને વશ કરવા માટે બળનો ઉપયોગ કરે છે. કેટલાંક પ્રાણીઓની મૈથુન સંજ્ઞા ઋતુઓને આધીન હોય છે અને એવી ઋતુ ચાલુ થતાં તે પ્રાણીઓ બહાવરાં બની જાય છે અને આમતેમ ભટકે છે અને તક મળે ત્યારે બળાત્કારે પોતાની વૃત્તિને સંતોષે છે. કામવાસનાનો આવેગ એકંદરે માદા કરતાં નરમાં વધુ હોય છે. તે જ્યારે અતિશય ઉગ્ર બની જાય છે ત્યારે તે પ્રાણી પોતાની જાતને અંકુશમાં રાખી શકતું નથી.

પ્રાણીસૃષ્ટિ કરતાં મનુષ્યની વાત જુદી છે. સામાન્ય રીતે મનુષ્યને આહાર માટે બળાત્કાર કરવાની જરૂર પડતી નથી. મનુષ્યની કામવૃત્તિ કોઈ નિશ્ચિત ઋતુમાં મર્યાદિત નથી. ગમે ત્યારે ગમે ત્યાં તે પ્રવર્તી શકે છે. તો બીજી બાજુ કેટલાંક પશુઓમાં બને છે તેવો કામવાસનાનો એવો ઉન્માદ મનુષ્યના જીવનમાં આવતો નથી કે જેથી ઘણાં માણસોની વચ્ચે તે પોતાની જાત પરનો કાબુ ગુમાવી દઈને ગમે ત્યારે ગમે ત્યાં અપકૃત્ય કરી બેસે. આમ એકંદરે સમાજની રચના કરીને રહેતો માણસ સમાજના નિયમોને સ્વીકારીને જીવન ગુજારી શકે છે, કારણ કે જાતીય વૃત્તિઓ

ઉપર જાહેરમાં સંયમ રાખવાનું મનુષ્ય માટે અઘરું નથી. પરંતુ એકાંતમાં તક મળતાં કેટલીક વાર અજ્ઞાની, અસંસ્કારી, સ્વચ્છંદી કે શરાબનો નશો ચડેલો માણસ, પરિણામનો ખ્યાલ કર્યા વગર પોતાની વૃત્તિને વશ થઇ બળાત્કારનું અપકૃત્ય કરી બેસે છે.

પરસ્પર સંમતિ અને સહકારથી થતી વ્યભિચારની ઘટનાનું પ્રમાણ ઓછું વત્તું દુનિયાની દરેક પ્રજામાં દરેક કાળમાં રહેલું છે. માનવજાતનું એ સનાતન અપલક્ષણ છે. એ અનૈતિક છે, પણ દરેક વખતે એ ગેરકાયદે હોય યા ન પણ હોય. પોતપોતાની સરકારના કાયદા ઉપર તે અવલંબે છે. બળાત્કાર અનૈતિક પણ છે અને ગેરકાયદે પણ છે.

બળાત્કારના કિસ્સાઓ એશિયાના દેશોમાં જેટલા બને છે તેટલી સંખ્યામાં બીજા દેશોમાં બનતા નથી. યુરોપ અને અમેરિકાના દેશોમાં લોકો એકંદરે સુશિક્ષિત હોય છે. સુશિક્ષિત સ્ત્રીઓ પોતાના હક્ક માટે અને કાયદેસરના રક્ષણ માટે ઘણી સભાન હોય છે. પરસ્પરની સ્વીકૃતિ અને સહકારથી થતા વ્યભિચારનું પ્રમાણ ત્યાં કદાચ ઘણું મોટું હશે, તો પણ સ્ત્રીની અનિચ્છા હોવા છતાં બળનો ઉપયોગ કરીને તેને વશ કરવાના કિસ્સાનું પ્રમાણ ત્યાં ઓછું જોવા મળે છે. વળી ત્યાં કાનૂની કાર્યવાહી ઝડપથી થતી હોવાને લીધે પણ ખોટું કરવામાં માણસને ડર વધુ રહે છે.

મધ્ય પૂર્વના ઇસ્લામ દેશોમા જૂનવાણીપણાનું અને રૂઢિગ્રસ્તતાનું પ્રમાણ ઘણું મોટું રહેલું છે. સ્ત્રીઓના ફરવા ઉપર ઘણાં નિયંત્રણો છે. વળી સ્ત્રી ઘરની બહાર નીકળે ત્યારે પોતાના માથાના વાળ ન દેખાય એવી રીતે એને વસ્ત્રપરિધાન કરવાનું રહે છે. કેટલાક સમાજમાં તો બુરખાની પ્રથા પણ છે. બીજી બાજુ બળાત્કાર કે વ્યભિચાર માટે ત્યાંના કેટલાક પ્રદેશોમાં ફાંસીની અથવા જાહેરમાં ચાબખા મારવાની સજા થાય છે. આવી સજાનો પણ ત્યાં બહુ મોટો ડર રહે છે. આથી બળાત્કારના કિસ્સાઓનું પ્રમાણ એકંદરે ત્યાં પણ ઓછું રહે છે.

મુંબઇ, કલકત્તા જેવાં ભારતનાં શહેરોની એક મોટી સમસ્યા એ છે કે લાખો પુરુષો પોતાનાં ઘરબાર છોડીને આજીવિકા માટે ત્યાં એકલા આવીને રહે છે. ઘણાંખરા તો આખું વર્ષ આ રીતે એકલા રહે છે. એમાંના ઘણા પુરુષો જાતીય જીવનના ભૂખ્યા હોય છે. પરિણામે આવા મોટાં શહેરોમાં રૂપજીવીઓનો વ્યવસાય વ્યાપક પ્રમાણમાં ચાલે છે. તેમ છતાંય કેટલાય પુરુષો પોતાની પ્રબળ કામવૃત્તિને કારણે કોઇકના ઉપર બળાત્કાર કરી બેસે છે.

વાસનાભૂખ્યો માણસ ક્યારે કેવું પાપ કરી બેસે એ કહી શકાય નહિ. બળાત્કારના કિસ્સાઓમાં આવા એકલા રહેતા માણસો જ સંડોવાય છે એવું નથી. કેટલાક તો એવી રીતે એકલા રહેવાને ટેવાઇ જાય છે. બીજી બાજુ ગૃહસ્થ જીવન ભોગવતા અસંયમી માણસો પણ શિકારની શોધમાં રખડતા હોય છે.

બળાત્કારના કિસ્સાઓ વધવાનાં કારણો ઘણાં છે. એકાંત અને સહચારનું પ્રમાણ વર્તમાન જગતમાં ચારે બાજુ વધી રહ્યું છે. બદલાતી જતી જીવનપદ્ધતિ પ્રમાણે ઘરો હવે મોટાં થવા લાગ્યાં છે. અલગ ઓરડાઓની વ્યવસ્થા વધી છે. ઓરડાંઓમાં એકાંતમાં મળવાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. મોટાં શહેરોમાં શ્રીમંતોના વિશાળ ઘરોમાં આખો દિવસ નોકર-નોકરાણી એકલાં હોય અથવા યુવાન નોકર અને શાળા કે કોલેજમાં ભણતી દીકરી એકલાં હોય. આવી સ્થિતિમાં પુરુષમાં ક્યારે અચાનક કામવેગ ઉછળશે અને તે બળાત્કાર કરી બેસશે એ કહી શકાય નહિ. કેટલાંયે વ્યવસાયોમાં પુરુષ અને સ્ત્રી સાથે કામ કરતાં થયાં છે. ક્યારેક તેઓને ફરજ પર એકાંતમાં એકલાં રહેવાનું બને છે. આવાં કારણે પણ અણઘટતી છૂટ લેવાની ઘટનાઓ બને છે.

મોટાં શહેરોમાં મોટી મોટી હોટેલોની સંખ્યા વધતી જાય છે. એને કારણે એકાંતમાં મળવાની વ્યવસ્થા પણ વધતી જાય છે. પરિણામે દુનિયાભરનાં મોટાં શહેરોની મોટી મોટી હોટેલો વ્યભિચારને માટે સારી અનુકૂળતા કરી આપે છે. એવી જ રીતે એવી હોટેલોમાં બળાત્કારની ઘટનાઓ પણ બને છે. એવી કેટલીય ઘટનાઓની વાત અડધેથી અટકી જાય છે અને છાપાં કે પોલીસ સુધી પહોંચતી નથી. એ બે વ્યક્તિ જ મનોમન સમજી જાય છે અને વાત એટલેથી પૂરી થઇ જાય છે.

છેલ્લા કેટલાક સમયથી આધુનિક દેખાવાના મોહમાં સ્ત્રીઓએ ધારણ કરેલા પોષાકો પણ પુરુષની ચંચલ વૃત્તિને ઉશ્કેરવાનું કામ કરે છે. ચલચિત્રોમાં ગીત અને નૃત્યનાં ઉત્તેજક દ્રશ્યોમાં અશ્લીલ અભિનય બતાવવાનું વધતું જાય છે. ચલચિત્રોનું ખોટું અનુકરણ કરનાર, અસભ્ય પોષાક ધારણ કરનાર, ચેનચાળા અને લટકાં-મટકાં કરનાર યુવતીઓને આરંભમાં તો ગર્વપૂર્વક એમ લાગે છે કે પોતે પુરુષોને પોતાની ઇચ્છા મુજબ કેવી નચાવી શકે છે. પરંતુ એવા જ પ્રસંગો જ્યારે મર્યાદા ઓળંગે છે અને યુવતી પુરુષોના આક્રમણનો ભોગ બને છે ત્યારે તેને સમજાય છે કે પોતાના નખરાનું કેટલું મોટું મૂલ્ય પોતાને ચૂકવવું પડ્યું છે. પકડાયેલી અને વગોવાયેલી આવી કેટલીક યુવતીઓ આ આઘાત સહન ન થતાં આપઘાત કરી બેસે એવી ઘટનાઓ પણ બને છે.

આજકાલ નોકરી માટેનાં અને પ્રસિદ્ધિનાં પ્રલોભનો એટલાં બધાં વધતાં જાય છે કે સારી નોકરી મેળવવા માટે કે નાટક કે ચલચિત્રમાં કામ કરવાની તક મળવાની લાલચે યુવતીઓ એવી જાહેરખબરો આપી લલચાવનારી યુક્તિ કરનાર પુરુષના બળાત્કારની ભોગ બને છે. હવે તો ઝડપી ફોટા અને વિડિયો ફિલ્મનાં સાધનોના કારણે ગુપ્ત રીતે રખાયેલા કેમેરાઓ દ્વારા બળાત્કારમાં સપડાયેલી યુવતીના ફોટાઓ લેવાઇ જાય છે. પછી એ બ્લેક મેઇલનું મોટું સાધન બની જાય છે. ચલચિત્રમાં કામ કરવું હોય તો અર્ધનગ્ન શરીરનો ફોટો ડાયરેક્ટર કે પ્રોડ્યુસરને આપવો પડશે એવી શરતને મંજૂર કરનારી અને તે પ્રમાણે ફોટો પડાવનારી યુવતી પછી એના એજન્ટના બ્લેકમેલનો ભોગ બની જાય છે. એવા એજન્ટોના બળાત્કારને વશ બનવું પડે છે. ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે એવી સ્થિતિ આવી યુવતીઓની થાય છે.

કેટલીક કિશોરીઓ કે યુવતીઓ પોતાનો સ્વાર્થ સાધવા માટે, પોતાનું કામ કરાવી લેવા માટે પુરુષો આગળ ચેનચાળા કરે છે અને નાટકીય ભાવ બતાવે છે, પરંતુ તેમ કરવા જતાં કોઇક વખત આકર્ષાયેલા પુરુષના આક્રમણનો જ્યારે તેઓ ભોગ બને છે ત્યારે રોવાનો વખત આવે છે. પરસ્પર આબરૂ સાચવવા આવા કિસ્સાઓની વાત બહાર આવતી નથી, આવે છે તો પણ તેનું સમર્થન થતું નથી અને વખત જતાં તે ભૂલાઇ જાય છે. કેટલીક યુવતીઓ આવી ઘટના પછી જિંદગીનો પાઠ શીખી લે છે અને પુરુષથી હંમેશાં ડરીને ચાલે છે.

શાળામાં ભણતી બાલિકાઓ ઉપર શિક્ષકો દ્વારા કે મોટા વિદ્યાર્થીઓ દ્વારા થતા બળાત્કારના કિસ્સાઓનું પ્રમાણ દુનિયાભરમાં એકંદરે વધુ રહે છે. શારીરિક ફેરફારો અને કુતૂહલ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભોળી બાળાઓને જાતીય જીવનની કશી ખબર હોતી નથી અથવા ઔત્સુકય હોય છે અને કામાંધ શિક્ષકો દ્વારા થતાં અપકૃત્યનો ભોગ બની જાય છે તે પછી જ એને ખ્યાલ આવે છે. મુગ્ધ વિદ્યાર્થિનીઓ પોતાના ચેનચાળાથી શિક્ષકને રાજી કરવામાં પોતાની આવડતનું અભિમાન ધરાવે છે, પરંતુ એમ કરવામાં શિક્ષકના શિકારનો તે ભોગ બની જાય છે ત્યારે એની આંખ ઊઘડે છે.

બે-ચાર વર્ષની નાની બાળકી ઉપર બળાત્કાર કરવાનો વિચાર કેટલાક નરાધમોને સૂઝે છે. નાની બાળકીને તો કશી જ ખબર ન હોય. પરંતુ કામાંધ બનેલા બહાવરા માણસો એકાંતનો લાભ લઇ આવું અપકૃત્ય કરી બેસે છે. તેઓ પકડાય છે ત્યારે પસ્તાય છે. પોતાના ઘરના જ પુરુષની વિકૃત મનોદશાનો ભોગ બનતી મહિલાઓમાં ત્યા સુધીના કિસ્સા બને છે કે ઘરની અંદર ભાઇએ પોતાની બહેન ઉપર, પિતાએ

પુત્રી ઉપર કે દીકરાએ માતા ઉપર બળાત્કાર કર્યો હોય. દેશ-વિદેશમાં ક્યારેક બનતા એવા કિસ્સાઓમાં તો શરાબનું અતિ સેવન, વકરેલી જાતીયવૃત્તિ કે વિકૃત મનોદશા જેવાં કારણો વધારે મહત્ત્વનો ભાગ ભજવે છે.

એકાદ બે વખત બળાત્કારનો ભોગ બનેલી અને સમાજમાં વગોવાઇ ગયેલી કન્યાઓ અને તેમાં પણ ખાસ કરીને અનાથ કે ગરીબ કન્યાઓ કાયમને માટે વેશ્યાના વ્યવસાયમાં ધકેલાઇ જાય છે. કેટલીક વાર તો એવા વ્યવસાયમાં પડેલા આદમીઓ આવી કન્યાઓના શિકાર કરવા માટે જાતજાતની તરકીબો યોજીને હેતુપૂર્વક વારંવાર બળાત્કાર દ્વારા તેઓને આ વ્યવસાયમાં ઘસડી જાય છે.

બળાત્કાર ક્યારેક પુરુષની માનસિક વ્યાધિરૂપ હોય છે. કેટલાક પુરુષોની પ્રકૃતિ જ એટલી બધી વિકૃત હોય છે કે પોતાની કામવૃત્તિ સહજ રીતે પોતાની પત્ની સાથે સંતોષાતી હોવા છતાં કોઇક યુવતીને બળથી વશ ન કરે ત્યાં સુધી પોતાને ચેન પડતું નથી. આવો અપરસ ધરાવનારના કિસ્સા મનોચિકિત્સકો પાસે પાશ્ચાત્ય દેશોમાં ઠીક ઠીક પ્રમાણમાં આવે છે. એકલતા, એકાંત, નિરાશા, જીવનનો નિર્વેદ, જાતીય વૃત્તિનો જોરદાર આવેગ અને હલકી વૃત્તિને પરિણામે કેટલાક યુવાનો આવી વિકૃત મનોદશા ધરાવતા થઇ જાય છે.

કોઈક વાર બળાત્કારની સાથે ખૂનની ઘટના પણ સંકળાય છે. લાચાર સ્ત્રીઓ પહેલાં બળાત્કારનો ભોગ બને છે અને પછી બળાત્કાર કરનાર પુરુષ પોતાની વાત જાહેર ન થાય એ માટે એવી સ્ત્રીનું ખૂન પણ કરી નાખે છે.

સ્ત્રી જ્યારે બળાત્કાર કરનાર પુરુષની સામે અતિશય ઝઝૂમે છે ત્યારે ભય, માનસિક તીવ્ર આઘાત અને થાકના કારણે મૃત્યુને શરણ થાય છે. કેટલીક વાર બળાત્કાર કરનાર પુરુષ સ્ત્રીને વશ કરવા બળનો એટલો બધો વધુ પડતો ઉપયોગ કરે છે કે સ્ત્રી ગુંગળાઇને મૃત્યુ પામે છે. બળાત્કાર કરનારનો આશય ખૂન કરવાનો હોતો નથી. પરંતુ બળાત્કારની ઘટના ખૂનમાં પરિણમે છે. દુનિયામાં કોઇ કોઇ વખત અકલ્પ્ય ભયંકર ઘટનાઓ પણ બને છે. કેટલાંક નરપિચાશ જેવા પુરુષોની પાશવી, રોગિષ્ઠ, વિકૃત કામવૃત્તિ એટલી બધી ક્રૂર રીતે વકરેલી રહે છે અને તેની સાથે સાથે હિંસાનું ભયંકર તાંડવ એના ચિત્તમાં રમે છે કે જેને લીધે જ્યારે જ્યારે તક મળે ત્યારે તેવા રાક્ષસો મહિલા ઉપર એકાંતમાં બળાત્કાર ગુજારીને પછી તેને મારી પણ નાખે છે અને તેના શબને પોતે ન પકડાય એ રીતે ક્યાંક ફગાવી દે છે કે દાટી દે છે. મનોવૈજ્ઞાનિકો નોંધે છે કે બળાત્કારના લાખો કિસ્સાઓમાં કોઇક આવા કિસ્સા પણ બને છે. એ એક પ્રકારની ભયંકર માનસિક અને શારીરિક કામવિકૃતિ છે. ઇંગ્લેંડ, અમેરિકા, લેટિન અમેરિકામાં એવી ઘટનાઓ બની છે કે જેમાં આવા નરરાક્ષસોએ એક બે નહિ, દસ પંદરથી પણ વધુ સ્ત્રીઓ ઉપર બળાત્કાર ગુજારી, પછી એને મારી નાખી પોતાના મકાનના કમ્પાઉન્ડમાં કે દૂર વગડામાં દાટી દીધી હોય. એકાદ કિસ્સામાં તો એવા પુરુષને વખતોવખત સ્ત્રી લાવી આપનાર ખુદ એની પત્ની જ હતી.

પશ્ચિમના દેશોમાં તથા આપણે ત્યાં ચલચિત્રોમાં બળાત્કારની ઘટના રસપૂર્વક બતાવાય છે. હળવી થતી સેન્સરશિપને કારણે બીજા દેશોમાં અને ભારતમાં પણ આવી ઘટનાઓ વધુ ઘેરા રંગે અમર્યાદપણે દર્શાવાય છે. ચલચિત્ર બનાવનાર તો કેવળ આર્થિક દષ્ટિએ જ વિચાર કરે છે. લોકોના મનને ગલગલિયાં થાય તેવી ઘટનાઓ બતાવીને પ્રેક્ષકોનું ધન તેઓ હરી લે છે. એથી ભોળા અજ્ઞાની પ્રેક્ષકોના ચિત્ત ઉપર એવા ખોટા સંસ્કારની ઊંડી છાપ પડે છે કે જેથી કોઇક વખત તેઓ પોતે પણ પોતાની જાત ઉપર કાબુ ગુમાવી અનાચાર કરી બેસે છે.

છેલ્લા કેટલાક સમયથી કેટલાક પાશ્ચાત્ય દેશોનાં ચલચિત્રોમાં સામૂહિક બળાત્કાર (Gang Rape)ના કિસ્સા બતાવવામાં આવે છે. એવા કિસ્સાઓમાં પણ અશ્લીલતાની કોટિ સુધી ગણી શકાય એવાં દ્રશ્યો બતાવવામાં આવે છે. ચાર-પાંચ યુવકો સાથે મળીને કોઇને ન ગાંઠનારી, પુરુષોને ઇરાદાપૂર્વક ટટળાવતી કોઇક જબરી યુવતીને એક પડકાર તરીકે વશ કરવાનો અને એને પણ જિંદગીનો પાઠ ભણાવવાનો આશય ધરાવીને એ યુવતી ઉપર વારાફરતી બળાત્કાર કરવાનો પ્રયત્ન કરે છે. આવાં દ્રશ્યો જોનારને કમકમાટી ઉપજાવે એવાં હોય છે. પરંતુ વાસ્તવિકતાને નામે ચલચિત્રો બનાવનારાઓ સનસનાટી ફેલાવી વધુ ધન કમાઇ લેવાનો જ આશય રાખે છે. આવાં દ્રશ્યોનું અનુકરણ બીજા દેશોના ચલચિત્રકારો પણ કરવા લાગ્યા છે એ ઘણી ખેદની વાત છે.

પુરુષો દ્વારા સ્ત્રીઓ ઉપર થતા બળાત્કારની અહીં વાત કરી છે. સજાતીય બળાત્કાર કે સ્ત્રી દ્વારા પુરુષ ઉપર થતા બળાત્કારની અહીં ચર્ચા કરી નથી. તેવી રીતે માનવજાતે છેલ્લા ચારેક દાયકામાં કુદરત ઉપર કરેલા બળાત્કારને કારણે પર્યાવરણની ઊભી થયેલી સમસ્યાનો વિષય પણ જુદો છે.

શિક્ષકો, ધર્માચાર્યો, સમાજહિતચિંતકો વગેરે દ્વારા જેમ જેમ શિક્ષણ અને સંસ્કારની વૃદ્ધિ થાય તેમ તેમ બળાત્કારની ઘટનાઓ ઓછી થવા સંભવ છે. જે દેશોમાં બળાત્કાર કરનારાઓને ઓછી સજા થાય છે અથવા ઘણે લાંબે ગાળે સજા થાય છે તેવા દેશોમાં પોતાનાં દુષ્કૃત્યો માટે ભયની લાગણી ઓછી રહે છે. આવાં કુકર્મ કરનારને જો ભય સતાવે તો તે કુદરતી રીતે એવાં ખોટાં કાર્યો કરતાં અચકાય. અલબત્ત, ભય કરતાં સાચી સમજણ વધુ આવકારદાયક છે.

ચલચિત્રોમાં બતાવાતા બળાત્કારનાં દ્રશ્યો ઉપર સરકારી નિયંત્રણ વધુ કડક બને તો તેનું કંઇક સારું પરિણામ આવવાનો સંભવ છે. સમાજ-હિતચિંતકોએ આવાં ચલચિત્રો પ્રત્યે સંગઠિત જાહેર પ્રતિકાર અને બહિષ્કારનાં આંદોલનો જગાવવાં જોઇએ કે જેથી કેવળ ધનની લાલસાથી આવાં દ્રશ્યો ઉતારનાર ચલચિત્રવાળાઓ પણ ચોંકી જાય.

વ્યભિચાર, બળાત્કાર વગેરે પ્રકારની ઘટનાઓ પોતાના સમાજમાં ઓછી થાય એ માટે સરકારી કાયદાઓ, કૌટુંબિક અને સામાજિક નિરામય વાતાવરણ ઉપરાંત વ્યક્તિગત કક્ષાએ યોગ્ય શિક્ષણ અને સંસ્કાર ઘણું સારું કામ કરી શકે. પ્રચાર માધ્યમો તેમાં સક્રિય ફાળો આપી શકે.

બળાત્કારને હંમેશને માટે સર્વથા નિર્મૂળ તો નહિ કહી શકાય, પરંતુ તેનું પ્રમાણ અને તેમાં રહેલી નિર્દયતા વગેરે તો અવશ્ય ઘટાડી શકાય. એ માટે કૌટુંબિક, સામાજિક અને સરકારી સ્તરે યોગ્ય દિશામાં સાચાં પગલાં લેવાવાં ઘટે.

□ રમણલાલ ચી. શાહ

## દિવાળીબેન મહેતા ટ્રસ્ટ તરફથી દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્ર માટે મળેલ રૂપિયા પંચોતેર હજારનું દાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્ર-આણંદ માટે ગત પર્યુષણ પર્વ દરમિયાન આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. તે અનુસાર રૂપિયા સાડા દસ લાખથી વધુ રકમ એકત્ર થઇ હતી. આ રકમનો ચેક દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્રને આપવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ આણંદ મુકામે દિવાળીબેન મહેતા ટ્રસ્ટના સૂત્રધાર મુ. મફતલાલ મોહનલાલ મહેતા (મફતકાકા)ના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો, જેમાં સંઘના વીસેક જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુ. શ્રી મફતકાકાએ પોતાના તરફથી દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્રને રૂપિયા પંચોતેર હજાર આપવા માટેની જાહેરાત કરી હતી. આ રીતે દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ કેન્દ્રને રૂપિયા સવા અગિયાર લાખ કરતાં વધુ રકમ આપી શકાઇ છે. એ આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે.

આ પ્રસંગે મુ. શ્રી મફતકાકાનો એમની ઉદારતા બદલ અને સંઘ માટેની લાગણી બદલ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

# શેક્સપિયરનું ટ્રેજિડી પ્રકારનું નાટક 'મેકબેથ': નૈતિક આત્મહત્યા કરતાં મહત્ત્વાકાંક્ષી પતિ-પત્ની

□ ચી. ના. પટેલ

શેક્સપિયરના ટ્રેજિડી પ્રકારનાં નાટકોનું એક વિશિષ્ટ લક્ષણ એ હોય છે કે તેમનાં નાટકોમાં આપણને આદર થાય એવાં પાત્રોમાં ચારિત્ર્યગુણોની સાથે એવી કંઇક નિર્બળતા હોય છે જેના કારણે તેમની વિવેકબુદ્ધિ ભ્રમિત થઇ જાય છે અને પરિણામે તેમનો અંતે નાશ થાય છે.

'મેકબેથ' નાટકના નાયક મેકબેથની બાબતમાં આપણે એમ થતું જ જોઇએ છીએ. મેકબેથ સ્કોટલેન્ડમાં અગિયારમી સદીમાં થઇ ગયેલા રાજા ડંકનનો મશિયાઇ ભાઇ અને પરાક્રમી સેનાપતિ છે, અને તેનામાં કોઇ કવિની જેમ કાવ્યમય વાણીમાં પોતાના મનોભાવો વ્યક્ત કરવાની કલ્પનાશક્તિ છે. પણ તે સાથે તે મહત્ત્વાકાંક્ષી છે અને તેના દુર્ભાગ્યે તેને તેનાથી પણ વધારે મહત્ત્વાકાંક્ષી એવી પત્ની મળી છે. રાજા ડંકનને મેલ્કમ અને ડોનાલ્બેઇન નામના બે પુત્રો છે. તેમાં મેલ્કમ મોટો પુત્ર છે. પણ સ્કોટલેન્ડમાં ૧૧મી સદી રાજકીય અસ્થિરતાનો સમય હોવાથી એક રાજાના મૃત્યુ પછી તેનો મોટો પુત્ર જ ગાદીએ આવે એવો નિયમ નહોતો. તેથી ડંકનના મૃત્યુ પછી તેનું ઉમરાવમંડળ રાજા તરીકે યુવાન અને બિન અનુભવી મેલ્કમના બદલે પરાક્રમી સેનાપતિને પસંદ કરે એવો પૂરો સંભવ હતો, અને મેકબેથ એમ થાય એવી આશા રાખતો હશે, કારણ કે ડંકનની હત્યા કરીને રાજા થવાની મેકબેથે કંઇક કલ્પના કરી હશે એવા સંકેતો નાટકમાં મળે છે.

મેકબેથની રાજા થવાની મહત્ત્વાકાંક્ષાને ઉત્તેજે એવા સંયોગથી નાટક શરૂ થાય છે. ડંકનના એક ઉમરાવે તેની સામે બળવો કર્યો છે. તેને મેકબેથ અને બેંકવો નામના ડંકનના એક બીજા સેનાપતિએ યુદ્ધમાં ભારે પરાક્રમ કરીને હરાવ્યો તે પછી કોડોર નામના એકબીજા ઉમરાવની છૂપી સહાયથી નોર્વેના રાજાએ આક્રમણ કર્યું. તેને પણ મેકબેથે અને બેંકવોએ એવું જ પરાક્રમ કરીને હરાવ્યો. આમ યુદ્ધમાં યશસ્વી વિજય મેળવી મેકબેથ અને બેંકવો રાજા ડંકનને મળવા જતા હોય છે ત્યાં તેમના માર્ગમાં આવતા એક વગડામાં તેમને ચુડેલો કે ડાકણો જેવી દેખાતી દાઢી ઉપર આછા વાળવાળી ત્રણ રહસ્યમયી બહેનો (wired sisters) મળે છે. (આ બહેનો માણસના મનમાં દુરિતની પ્રેરણા કરતી અદ્રશ્ય આસુરી શક્તિઓની પ્રતીક છે.) બેંકવો એ ત્રણ બહેનોને પૂછે છે: 'તમે જીવતી સ્ત્રીઓ છો, અથવા જેને પ્રશ્ન પૂછી શકાય એવાં સત્ત્વો છો?' ઉત્તરમાં ત્રણે બહેનો પોતપોતાના હોઠ ઉપર આંગળી મૂકી સંકેત કરે છે. પોતે બેંકવોના પ્રશ્નનો ઉત્તર આપવા નથી ઇચ્છતી. પણ જેવો મેકબેથ પૂછે છે, 'તમે બોલી શકતાં હો, તો કહો તમે કોણ છો?' કે તરત પહેલી બહેન કહે છે. 'જય જય (all hail) મેકબેથ, ગ્લેમિસના ઉમરાવનો જય હો,' બીજી બહેન કહે છે, 'જય જય મેકબેથ, કોડોરના ઉમરાવનો જય હો,' અને ત્રીજી બહેન કહે છે, 'ભવિષ્યમાં રાજા થનાર મેકબેથનો જય જય.'

ત્રીજી બહેનની પોતાને લગતી આ ભવિષ્યવાણી સાંભળી મેકબેથના મોં ઉપર પ્રગટ થયેલો ભાવ જોઇને બેંકવો તેને પૂછે છે, 'આવી સારી વાત સાંભળીને તમે કેમ ચમકો છો?' (મેકબેથ ચમકે છે. કારણ કે પોતાની ગુપ્ત અભિલાષા ત્રીજી બહેન જાણી ગઇ છે એમ એને સ્પષ્ટ થઇ ગયું છે.) બેંકવોના પ્રશ્નનો મેકબેથ ઉત્તર નથી આપતો અને બેંકવો ત્રણ બહેનોને કહે છે, 'ભવિષ્યમાં શું થશે એ તમે જાણી શકતાં હો તો, નથી તમારી કૃપા યાચતો, કે નથી તમારા દ્વેષથી ભય પામતો, એવા મને કહો.' તેને ઉત્તર આપતાં પહેલી બહેન કહે છે, 'મેકબેથથી ઓછો, છતાં મેકબેથથી વધારે મહાન,' બીજી બહેન કહે છે, 'મેકબેથ જેટલો સુખી નહિ, છતાં મેકબેથથી વધારે સુખી,' અને ત્રીજી બહેન કહે છે, 'તું રાજાઓનો જનક થશે, જો કે તું પોતે રાજા નહિ થાય.' મેકબેથ ત્રણ બહેનો પાસેથી વધારે જાણવા એક પ્રશ્ન પૂછે છે, પણ તેના પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના ત્રણે બહેનો હવામાં અદ્રશ્ય થઇ જાય છે.

એમ એ ગેબી બહેનોના અદ્રશ્ય થઇ ગયા પછી મેકબેથ કંઇક ઇર્ષ્યાભાવથી કહે છે, 'તમારા વંશજો રાજા થશે.' બેંકવો કહે છે, 'અને તમે રાજા થશો.' મેકબેથ કહે છે, 'અને કોડોરનો ઉમરાવ પણ, ખરું ને?' મેકબેથ અને બેંકવો આમ વાત કરતા હોય છે. ત્યાં રોસ અને એન્ગસ નામના બે ઉમરાવો મેકબેથ માટે રાજા ડંકનનો સંદેશો લઇને આવે છે, અને બેમાંથી રોસ મેકબેથને જણાવે છે. (રાજા ડંકને મેકબેથને કોડોરના ઉમરાવને મોતની સજા ફરમાવી હતી.) આમ બીજી બહેનની ભવિષ્યવાણી સાચી પડતી સાંભળી બેંકવો કંઇક આશ્ચર્યભાવથી બોલી ઊઠે છે, 'ખરેખર, શયતાન સાચું બોલી શકે શું?' પણ મેકબેથના મનોભાવ જુદા છે. તે સ્વગત બોલે છે: 'ગ્લેમિસનો ઉમરાવ (મેકબેથના પિતા ગ્લેમિસના ઉમરાવ હતા અને તે મૃત્યુ પામ્યા હોવાથી મેકબેથ ગ્લેમિસનો ઉમરાવ થઇ ચૂક્યો હતો) અને કોડોરનો ઉમરાવ, અને સર્વોત્તમ હવે પછી ભવિષ્યમાં (the greatest is behind) અને પછી પહેલાંની જેમજ કંઇક ઇર્ષ્યાભાવથી બેંકવોને પૂછે છે: 'જેમણે મને જણાવ્યું હતું કે હું કૉડોરનો ઉમરાવ થઇશ, તેમણે તમારા વંશજો રાજા થશે એમ પણ જણાવ્યું હતું, તો તમે તમારા વંશજો રાજા થશે એવી આશા નથી રાખતા?' મેકબેથને ચેતવણી આપતો હોય એમ બેંકવો તેને ઉત્તર આપે છે. 'એ ભવિષ્યવાણી સાચી પડશે એમ આપણે માનીએ તો તેમની ભવિષ્યવાણી તમને પણ ભવિષ્યમાં રાજા થવાની આશા રાખવા પ્રોત્સાહિત કરે. પણ આ તો ન કળાય એવી વાત છે. ઘણીવાર એમ બને છે આપણને આપણું જ અહિત કરવા પ્રેરવાના ઉદ્દેશથી દુરિતનાં શસ્ત્રો (instruments of darkness) જેવાં તત્ત્વો આપણને સાચી પડે એવી નજીવી બાબતોને લગતી ભવિષ્યવાણી કહી આપણો વિશ્વાસ સંપાદન કરે છે અને પછી આપણે માટે ભયંકર પરિણામો આવે એવી બાબતમાં આપણને છેતરે છે.'

પણ મેકબેથ તો પોતે ભવિષ્યમાં રાજા થશે એ સ્વપ્નમાં મગ્ન છે અને તે સાથે ત્રણ બહેનોની ભવિષ્યવાણી અંગે ભારે મનોમંથન અનુભવે છે. તે સ્વગત બોલે છે. 'ગૌરવવંતા સર્વોચ્ચ સમ્રાટ પદની સુખદ આગાહી કરતી બે વાત સાચી પડી છે (Two truths are told/as happy prologue to the sweelling act/of the imperial theme.) આ ભવિષ્યવાણી સારી ન હોઇ શકે અને નરસી પણ ન હોઇ શકે. જો નરસી હોય તો ભવિષ્યમાં મારી ઉન્નતિનો સંકેત કરતી એક વાત કેમ સાચી પડી? હું કોડોરનો ઉમરાવ થયો છું. પણ જો સાચી હોય તો જેની કલ્પના માત્રથી મને અસ્વાભાવિક એવી રીતે મારાં રૂંવાડાં ખડાં થઇ જાય છે અને મારું હૃદય ફફડી ઊઠીને મારી પાંસળી સાથે ટકરાય એવા પ્રલોભનને હું કેમ વશ થાઉં છું? હું જે હત્યાનો વિચાર કરી રહ્યો છું તે તો હજું માત્ર મારી કલ્પનામાં જ છે, અને છતાં કલ્પનાનો એ વિચાર મારા સમસ્ત અંતરને એવું અસ્વસ્થ કરી મૂકે છે, કે હું કંઇ પણ કરવા અસમર્થ બનીને કલ્પના વિહાર જ કરતો હોઉં એમ લાગે છે. દૈવયોગે જો હું રાજા બનવાનો હોઇશ, તો પછી હું કંઇ નહિ કરું તોય દૈવયોગે જ મને તાજ મળશે.' એટલે કે રાજા થવા ડંકનની હત્યા કરવી કે નહિ તેનો મેકબેથ નિર્ણય નથી કરી શકતો.

હવે મેકબેથ અને બેંકવો રાજા ડંકનને મળવા તેના મહેલમાં જાય છે. ત્યાં ડંકન એ બેયનો હૃદયપૂર્વક આભાર માની એ રાત્રે મેકબેથનો મહેમાન બનવાનો પોતાને ઇરાદો જણાવે છે. અને તે પછી તેના જ્યેષ્ઠ પુત્ર મેલ્કમને પ્રિન્સ ઓફ કંબરલંડ, એટલે કે પોતાનો વારસ, જાહેર કરે છે. આ સાંભળી મેકબેથ ચમકે છે અને સ્વગત બોલે છે: 'તારાઓ, તમારા પ્રકાશને ગોપિત રાખો, પ્રકાશ મારી કાળી અને ગુપ્ત ઇચ્છા ન

જુએ, મારી આંખ મારો હાથ શું કરે છે તે ન જુએ, અને જે કૃત્ય થયા પછી આંખને જોવાનું ન ગમે તે કૃત્ય થાઓ.' એટલે કે મેલ્કમ ડંકનનો વારસ જાહેર થતાં દૈવયોગે પોતાને તાજ મળશે એવી મેકબેથને આશા ન રહી અને તેથી તેણે તાજ મેળવવા કંઇક કાળું કૃત્ય કરવાને નિર્ણય કર્યો.

આમ કંઇક કરવાનો નિર્ણય કરીને મેકબેથે ત્રણ બહેનોએ પોતાને જ વચનોથી સંબોધન કર્યું હતું તે જણાવતો તેની પત્નીને પત્ર લખ્યો. પત્ર વાંચીને મેકબેથથી પણ વધારે મહત્ત્વાકાંક્ષી એવી લેડી મેકબેથ સ્વગત બોલે છે: 'તારા ભવિષ્ય અંગે જે નિર્દેશ કરવામાં આવ્યો છે તે તું થશે જ. પણ મને તારા સ્વભાવનો ભય રહે છે. તેમાં સ્તનપાન કરાવતી માતાના દૂધ સાથે જે સ્નેહભાવ ભળે છે તેના જેવા દયાભાવનો વધારે પડતો અંશ છે. (It is too fullo'the the milk of human kindness) અને તેથી તું રાજા થવાનો સહેલો માર્ગ લઇ શકીશ નહિ. તારે રાજા થવું છે, પણ તે નિર્દોષ રીતે. તું વહેલો વહેલો અહીં આવ જેથી કરીને હું મારું નિશ્ચયબળ તારા કર્ણમાં રેડું અને જે તાજ વિધાતાએ અને ગેબી શક્તિઓએ તારા માટે નિયત કર્યો છે તેની આડે આવતાં વિઘ્નોને હું મારી જીભના સપાટાથી હટાવી દઉં.'

લેડી મેકબેથની આ સ્વગતોક્તિ પૂરી થાય છે ત્યાં એક સંદેશવાહક આવીને તેને જણાવે છે કે રાજા ડંકન એ રાત્રે આવે છે. એ સાંભળીને વળી તે સ્વગત બોલે છે: 'હત્યા કરવાનો ઇરાદો સેવતા માણસોના વિચારોને અદ્રશ્ય રહીને જોતાં ગેબી સત્ત્વો (spirits) તમે આવો અને મારી સ્ત્રી સ્વભાવની નિર્બળતા દૂર કરો. (unsex me) મને માથાથી અંગૂઠા સુધી નિર્દયતાથી ભરી દો, મારા રક્તને જાડું બનાવી દો. મને મારી ઊર્મિઓને એવી જડ બનાવી દો કે જેથી મારામા દયા પ્રવેશ ન કરી શકે. આવ. કાળી રાત્રિ, નરકના અંધકારનું એવું આવરણ ઓઢી લે કે મારી તીક્ષ્ણ છરી જે ઘા કરે તે તે જુએ નહિ.' એટલે કે ડંકન પોતાનો મહેમાન બનીને આવે ત્યારે પોતે તેની હત્યા કરી શકે એવાં નિર્દયતા અને નિશ્ચયબળ પોતાને આપવા તે ગેબી સત્ત્વોને પ્રાર્થના કરે છે. આપણે જોઇએ છીએ કે આવી પ્રાર્થના કરવામાં તે પોતાના અંતરમાં ઊઠતા વિરોધના સૂરને રૂંધી નાંખવાનો પ્રયત્ન કરે છે.

હવે મેકબેથ આવીને લેડી મેકબેથને જણાવે છે કે રાજા ડંકન બીજા દિવસની સવારે પાછા જવાનો ઇરાદો રાખે છે. તે સાંભળીને લેડી મેકબેથ ઉત્તર આપે છે, 'સૂર્ય એ આવતી કાલ ક્યારેય જોશે નહિ. આંખોમાં અને શબ્દોમાં આવકારનો ભાવ જમાવા દો, નિર્દોષ પુષ્પ જેવા દેખાવ, પણ અંતરમાં સર્પ જેવા રહો, જે આવે છે તેમને સારું યોગ્ય વ્યવસ્થા થવી જોઇએ. (એટલે કે ડંકનની હત્યા કરવાની યોજના તૈયાર રાખવી જોઇએ.) આજે રાત્રે જે મોટું કામ કરવાનું છે તે મને સોંપો, હું તે સારી રીતે પાર પાડીશ કે ભવિષ્યનાં આપણાં સર્વ દિવસો અને રાત્રિઓ આપણને સર્વ સત્તાધીશ બનેલાં જોશે.' પણ મેકબેથ હજું કંઇ નિર્ણય કરી શક્યો નથી અને તે ઉત્તરમાં એટલું જ કહે છે, 'આ વિશે આપણે હવે પછી વાત કરીશું.'

સાંજ પડતાં ડંકન, તેના બે પુત્રો, પાંચ ઉમરાવો અને અનુચરો આવે છે તેમનો ભોજન સમારંભથી સત્કાર કરવામાં આવે છે. સમારંભ પૂરો થતાં એકલો પડેલો મેકબેથ સ્વગત બોલે છે: 'જે કરવાનું છે તે થઇ જાય પછી કંઇ થવાનું ન હોય તો બહેતર છે કે એ કામ બને તેટલું વહેલું કરવું. જો હત્યા કરવાનું પરિણામ લૌકિક કાળના છીછરા પ્રવાહ પૂરતું સીમિત રહેવાનું હોય અને પરલોકમાં તેનું કંઇ મહત્ત્વ ન હોય તો હત્યા કરવાના પરિણામ ભોગવવાનું સાહસ ખેડવા હું તૈયાર છું. પણ આવી બાબતોમાં આપણને શિક્ષા આ જીવનમાં જ થાય છે. આપણે કોઇનું લોહી રેડીને બીજાંને એમ કરવાનું શીખવીએ છીએ અને પરિણામે લોહી રેડનારનું જ લોહી રેડાય છે. આપણે તૈયાર કરેલો લોહીનો પ્યાલો આપણાં જ હોઠને ધરવામાં આવે છે. તે (ડંકન) મારા ઉપર બેવડા વિશ્વાસથી અહીં છે (He's here in double trust), એક તો તે મારો રાજા છે અને હું તેને સગો છું, આ બેય બાબતો મને તેની હત્યા કરતો રોકતાં પ્રબળ કારણો છે, બીજું હું તેનો યજમાન છું, તેથી મારું કર્તવ્ય તેની હત્યા કરવા આવનારને અટકાવવા દ્વાર બંધ કરવાનું છે, અને નહિ કે મારા જ હાથમાં છરી લેવી. વળી આ ડંકને તેની રાજસત્તાઓનો એવી વિનમ્રતાથી ઉપયોગ કર્યો છે અને તેનો રાજકારભાર એવો અનીંદનીય રહ્યા છે તેની હત્યા કરવાના રાક્ષસી કૃત્યની સામે તેના સદ્‌ગુણો રણશિંગાના જેવા અવાજથી પોકારી ઊઠશે, અને દયા નવજાત શિશુની જેમ નગ્ન વાયુના તરંગો ઉપર સવાર થઇને મારા નિર્ઘૃણ કૃત્યને વાયુના સપાટા સાથે એકેએક આંખમાં ફેંકશે અને એમ વાયુ આંસુઓથી ભીંજાઇ જશે.' મેકબેથની આ સ્વગતોક્તિમાં આપણે જોઇએ છીએ કે તેની કવિના જેવી કલ્પના તેને પોતે કરવા ધારેલી હત્યાની ભયંકરતા પ્રત્યક્ષ કરાવે છે.

આમ ડંકનની હત્યા ન કરવાનો વિચાર કરીને મેકબેથ લેડી મેકબેથને મળે છે ત્યારે તેને કહે છે: 'આ કામમાં આગળ વધવાની મારી ઇચ્છા નથી. તેણે હજુ હમણાં જ મારું બહુમાન કર્યું છે અને હું ઘણા બધા લોકોના સુવર્ણ જેવા કિંમતી અભિપ્રાયોને પાત્ર બન્યો છું, એ અભિપ્રાયોને અપાત્ર ઠરું એવું મારે કંઇ ન કરવું જોઇએ.' 'તો પછી,' લેડી મેકબેથ તિરસ્કારપૂર્વક કટાક્ષમાં તેને કહે છે, 'તમે જે આશા સેવી હતી તે માત્ર દારૂની ઉત્તેજનાનું જ પરિણામ હતી? અને હવે તમે જેની સ્વેચ્છાએ વાત કરી હતી તેના વિચાર કરતાં આમ કોઇ પીધેલાની જેમ પીળા પડી ગયા છો. હવે પછી હું પ્રેમનું પણ એવું જ મૂલ્ય આંકીશ. (એટલે કે કાયરના પ્રેમ જેવું.) તારી ઇચ્છામાં તું જેવો શૂરવીર છે તેવો તારા કૃત્યમાં થતાં તને ભય લાગે છે? તું જેને જીવનનો અલંકાર માને છે તે તારે મેળવવું છે, અને છતાં માછલી મેળવવા ઈચ્છતી પણ એમ કરતાં પોતાનો પંજો ભીનો થાય એવા ભયથી અટકતી કહેવતની પેલી બિલાડીની જેમ તું 'મારે આ મેળવવું છે, પણ તે મેળવવાની મારામાં હિંમત નથી,' એમ કહીને તારે તારી પોતાની દષ્ટિમાં કાયર થઇને જીવવું છે?' લેડી મેકબેથના આ કટાક્ષનો ઉત્તર આપતાં મેકબેથ કહે છે, 'બસ, હવે વધુ ન બોલ. માણસને શોભે એવું બધું કરવાની મારામાં હિંમત છે. તેનાથી વધારે કરે એ માણસ ન ગણાય.'

મેકબેથના આ ઉત્તરથી આવેશમાં આવી જઇ લેડી મેકબેથ કહે છે: 'તો પછી કયા પશુની પ્રેરણાથી તમે સાહસ કરવાની વાત મને જણાવી હતી? તમે એ વાત કહી ત્યારે સંયોગો અનુકૂળ નહોતા, (એટલે કે મેકબેથે ડંકનની હત્યા કરીને રાજા બનવાની પોતાની ઇચ્છા લેડી, મેકબેથને નાટક શરૂ થાય છે તે પહેલાં જણાવી હોવી જોઇએ), અને હવે સંયોગો અનુકૂળ થયા છે ત્યારે એ અનુકૂળ સંયોગોએ જ તમને કાયર બનાવી મૂકયા છે. મેં સ્તનપાન કરાવ્યું છે અને સ્તનપાન કરાવતી માતાને સ્તનપાન કરતા બાળક માટે સ્નેહનો જે કોમળ ભાવ થાય તેનો મને અનુભવ છે, છતાં તમે ડંકનની હત્યા કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમ મેં સ્તનપાન કરતાં મારી સામે જોઇને હસતા એ બાળકના બોખા મોંમાંથી મારા સ્તનની દીંટી બળપૂર્વક ખેંચી લઇ તેને ભીંત સાથે અફાળી તેના મગજના ચૂરેચૂરા કરી નાખવાનો સંકલ્પ કર્યો તો મેં એમ કર્યું જ હોત.' આ છેલ્લું વાક્ય લેડી મેકબેથ જાણે કે પોતાના અંતરમાં સળવળતા કોઇ પ્રબળ વિરોધના સૂરને બળપૂર્વક રૂંધી નાંખવાનો પ્રયત્ન કરતી હોય અને એમ કરતાં તેને વાઇ આવતી હોય તેમ આવેશપૂર્વક ચીસ પાડીને બોલતી લાગે છે. કહેવાય છે કે લંડનમાં ૧૭૮૨ના અરસામાં ભજવાયેલા 'મેકબેથ' નાટકમાં લેડી મેકબેથનો પાઠ ભજવતી શ્રીમતી સરસિડન્સ નામની એક અભિનેત્રીએ આ છેલ્લા વાક્યનું એવી રીતે ચીસ પાડીને જ ઉચ્ચારણ કર્યું હતું.

લેડી મેકબેથના આવા આવેશભર્યા આક્રમણથી ડગ્યા વિના મેકબેથ માણસને શોભે તેનાથી વધારે કરનાર માણસ ન ગણાય એ પોતાના પહેલા પ્રતિભાવને વળગી રહ્યો હોત તો તેના એવા દઢ નિશ્ચયની સામે લેડી મેકબેથ નિરુત્તર થઇ જાત. પણ તેના દુર્ભાગ્યે તે લેડી મેકબેથના આપણને આસુરી લાગે એવા નિશ્ચયબળથી પ્રભાવિત થઇ ગયો. વળી પોતે ડંકનની હત્યા કરવામાં નિષ્ફળ જાય એવા તેના ભયનું પણ લેડી મેકબેથે ડંકનની સાથે ઊંઘતા બે અંગરક્ષકોને (Chamberlains) પોતે દારૂ પાઇને બેશુદ્ધ કરી દેશે તે પછી અરક્ષિત એવા ડંકનની હત્યા કરી શકાશે અને એ હત્યા બે અંગરક્ષકોએ જ કરી

... ઉપર માત્ર અધિકારોની આ માંગણી જાત પર વિસંગત છે, કેમ કે ધર્મ તો માત્ર કર્તવ્યોનો પ્રહરી છે, ધર્મમાં અધિકારની કોઇ વાત જ નથી હોતી. એક સાચો જૈન આવા અધિકારોનો આગ્રહ ક્યારેય કરે નહીં.

(૮) આંદોલનકારી એવું સમજે છે કે જૈન ધર્મ ઉપર વાણિયાઓનો જ એકાધિકાર છે. પરંતુ બહુસંખ્યક અથવા અલ્પસંખ્યક કોઇપણ કોમ, જાતિ અથવા જમાતમાં જન્મેલો માણસ જૈન થઇ શકે છે. કોઇપણ પ્રકારના ભેદભાવ વિના પૂર્ણ રીતે જૈન ધર્મનું પાલન કરી શકે છે. જૈન ધર્મના દરવાજા કોઇના માટે ક્યારેય બંધ કરવામાં આવ્યા નથી. બીજી બધી વાતો તો દૂર રહી, પરંતુ જૈનનું ચિન્હ કે લિંગ ધારણ કરવું પણ અનિવાર્ય નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં આંકડા આપ્યા છે કે, સાચા તત્ત્વમાં શુદ્ધ શ્રદ્ધા ન રાખનારા પરલિંગીઓની મોક્ષ નિર્વાણ અથવા સિદ્ધિ પ્રાપ્ત કરવાવાળાઓની સંખ્યા ઘણી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે કેટલાક શતકો પૂર્વે જૈન ધર્મમાં બ્રાહ્મણોની એક સશક્ત લોબી હતી. જ્યારથી બ્રાહ્મણોનો પ્રભાવ ઓછો થવો શરૂ થયો ત્યારથી જૈનો માટે ખરેખર ખરાબ દિવસો સિદ્ધ થયા છે.

(૯) આ આંદોલન શરૂ કરવાની ભયંકર ભૂલ માટે ચેતવણી આપવી તે એક જૈન હોવાને નાતે મારું પુનિત કર્તવ્ય સમજું છું. મારી ધારણા પ્રમાણે તો સ્વયં કુહાડીથી પોતાના જ પગને કાપી નાંખવા જેવી આ આત્મઘાતી માંગણી છે. કદાચ આ આંદોલન સફળ થઇ જાય અને જૈનોની આ માંગણી મંજૂર પણ થઇ જાય અને તેમને સામાન્ય જનતાથી અલગ કરી એક અલ્પસંખ્યકનો દરજ્જો મળી જાય તો પણ તેના પરિણામો ખૂબ જ ઘાતક પુરવાર થશે. તમે નિશ્ચિત સમજજો કે ત્યારબાદ જૈનોના અસ્તિત્વના દિવસો ઘણાં ઓછા રહેશે. જેવી રીતે ભૂતકાળમાં બૌદ્ધોનું થયું તેવી જ રીતે જૈનોની પણ આ દેશમાંથી સમાપ્તિ થઇ જશે. ચાલુ હાલતમાં આંખો બંધ કરીને માત્ર નિશ્ચય ન્યાયની લકીર દોરવાથી કોઇ બચાવ થવાનો નથી. પાકિસ્તાનના અનુભવોથી શીખો કે, ત્યાંથી આપણા દેખતાં જ જૈનધર્મ લુપ્ત થઇ ગયો છે. જો કે જૂના સમયમાં તે સમસ્ત પ્રદેશ જૈન ધર્મનો એક મજબૂત ગઢ ગણાતો પરંતુ થોડાક જ વર્ષોમાં જૈનોનું ત્યાં નામોનિશાન રહ્યું નથી. ખરી રીતે તો હિન્દુ શબ્દ ધાર્મિક સંજ્ઞા નથી, તે તો મૂળ ભારતવાસીઓનો દ્યોતક છે. વિદેશીઓના આગમનથી સિંધુનું અપભ્રંશ થઇ હિન્દુ બન્યું છે. અલબત્ત તે પરંપરામાં આ દેશમાં આર્ય અને અનાર્ય એવા બે જાતીય વિભાગો હતા. તથા બહારથી આવેલા લોકો યવનો અને મ્લેચ્છો જેની સંસ્કૃતિ અભારતીય હતી તે જેને અનાર્યો કહેવામાં આવતાં. એ વાત નિર્વિવાદ છે કે ભારત વર્ષ જ જૈનોની માતૃભૂમિ છે. જૈન ધર્મ ક્યાંય બહારથી આવ્યો નથી. આર્યોના અનેક ભેદ પ્રવર્તે છે, તેમાં જૈનોનો સમાવેશ થાય છે અને તેમણે પણ ગર્વથી કહેવું જોઇએ કે અમે હિન્દી છીએ. લગભગ હજાર વર્ષના મુસ્લિમ આક્રમણના ઇતિહાસમાં જૈનો પણ તે આતંકથી જરાય પણ બચવા પામ્યા નથી પરંતુ બધાની સાથે એકમેક થઇને તેમણે પણ આ સંકટનો સામનો કર્યો છે. માટે દોઢ ચોખાની ખીચડી અલગ પકાવવા કરતાં આપણું કલ્યાણ તેમાં જ છે કે અંદર અંદરના સાંપ્રદાયિક ઝઘડાઓને છોડીને પોતાની શક્તિનો ઉપયોગ કરવો.

(૧૦) આંદોલકોએ પોતાના અભિયાનના સમર્થનમાં એક બીજો પણ તર્ક આપ્યો છે કે જો આવું નહીં થાય તો રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ માટે નાણા સંસ્થા દ્વારા આપવામાં આવતી મદદ તથા તે માટે મળતી આયકર (Income tax) રાહતોથી જૈનો તથા તેની સંસ્થાઓ વંચિત રહેશે. પરંતુ જૈનો માટે અલ્પસંખ્યક થઇ આ યોગ્યતા મિટાવવી દશમા જના પણ સહાયતા લેવા લાયક છે તો ધનવાન કહેવાવાળા કોણ બચશે. કોઇ નવી જ પરિભાષા આપણે ઘડવી પડશે. લેવાને બદલે જૈનોએ આજ સુધી બધાને આપ્યા જ કર્યું છે. આપીને ખુશ થનાર જગડુશાહ અને ભામાશાહના વર્તમાન વંશજ શું એટલા બધા નિર્ધન અને નિર્બળ થઇ ચૂક્યા છે કે તેઓ પોતાના સ્તરે પણ સાધર્મિક ભાઇઓના સ્વાભિમાનની રક્ષા નથી કરી શકતા ? અને તેમને સરકારના આશ્રિત બનવું પડે ?

(૧૧) આ દૂરંદેશીતા રહિત માંગણીના વિરુદ્ધમાં છેલ્લો પરંતુ બધાથી મૂળભૂત મુદ્દો એ છે કે આ અભિયાન કરવાવાળા માણસો વિશ્વભરમાં થઇ રહેલ જૈનદર્શનના પ્રચારનો ખ્યાલ કરતા નથી. ઉદાહરણ રૂપે અહિંસા હવે માત્ર જૈનધર્મની અધિકાર સીમાનો સિદ્ધાંત રહ્યો નથી. પરંતુ તેને પાર કરીને સંપૂર્ણ સામાજિક જીવનની આધારશિલા બની ચૂક્યો છે. તેવી જ રીતે મૂડીવાદ, રાષ્ટ્રીયકરણવાદ, ભૌતિકવાદ, સામ્યવાદ આ બધાની ઘોર અસફળતા પછી આધુનિક ચિંતકોના મનમાં અપરિગ્રહનો સિદ્ધાંત સ્થાયી વિકલ્પના રૂપમાં સ્થિર થયો છે અને બહુ ઝડપથી આખી દુનિયામાં લાગુ થશે. તેવી જ રીતે અનેકાન્ત અને અનુશાસનના પ્રસાર માટે ભૂમિકા તૈયાર થઇ ચૂકી છે. અને તેની મહત્તા અને ઉપયોગિતાની બધે જ પ્રશંસા થઇ રહી છે. આ બધા સિદ્ધાન્તો જૈન ધર્મના મર્મ સ્વરૂપે છે. તેથી મારી જૈનોને એ સલાહ છે કે આપણે નામ અથવા લેબલમાં રુચિ ન રાખવી જોઇએ જ્યારે આપણા ધાર્મિક સિદ્ધાન્ત સમસ્ત સંસાર દ્વારા માન્ય થઇ જીવનમાં તારવામાં આવી રહ્યા છે. જૈન ધર્મના રક્ષણ અને વિકાસ માટે આપણે આ ધર્મના મૂળ સિદ્ધાન્તોનો આશરો લેવો જોઇએ, નહીં કે શાસકીય છત્રછાયાનો. ખરેખર તો સત્યમેવ જયતે નાનૃતમ્.

(૧૨) અંતમાં ઉપરોક્ત મહામંડળના પદાધિકારીઓને મારી વિનમ્ર પ્રાર્થના છે કે, તેઓ પોતાના અભિયાનને ગતિશીલ કરવાને બદલે ઝડપથી સમેટી લે અથવા ઓછામાં ઓછા જૈન સંઘના બધા જ અગ્રણી નેતાઓની સર્વ સંમતિ અને માર્ગદર્શન પ્રાપ્ત કરી પછી જ આગળ કાર્યવાહી કરે. કેમકે આ બાબત કેવળ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘને સ્પર્શતી નથી પરંતુ સમગ્ર જૈન સંઘને સ્પર્શે છે માટે શ્રેષ્ઠ માર્ગ તો એ જ ગણાશે કે શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને આમ્નાયોના એકે એક ફિરકા, ગચ્છ અને સંપ્રદાયના પ્રતિનિધિઓને આમંત્રિત કરી બહુમતિ જ નહીં પરંતુ સર્વસંમતિ મેળવીને જ પ્રયાસ કરવામાં આવે.

☆ ☆ ☆

## ક્ષમાયાચના

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૫ના અંકમાં સ્વ. હીરાબહેન પાઠક વિશેના મારા લેખમાં સ્મૃતિદોષને કારણે શરતચૂકથી કેટલોક વિગતદોષ રહી ગયો છે તે પ્રત્યે મારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. પ્રો. રણજિતભાઇ પટેલ-'અનામી'એ જણાવ્યું છે કે સ્વ. પીતાંબર પટેલ રામનારાયણ પાઠકના અમદાવાદમાં વિદ્યાર્થી હતા એ ખરું પરંતુ તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં નહિ પરંતુ એસ. એલ. ડી. આર્ટસ કોલેજના એમ. એ. ના વિદ્યાર્થી હતા. શ્રીમતી ગીતાબહેન પરીખે જણાવ્યું છે, કે મેનાબહેન અને અજિતભાઇ વચ્ચે ઉંમરનો તફાવત ૨૫ વર્ષનો નહિ પરંતુ પાંચ વર્ષનો હતો. એમનાં લગ્ન સર્વ સંમતિથી થયાં હતાં અને એ આંતરજ્ઞાતીય લગ્ન સુધારાવાદી પરમાનંદભાઇએ સારી રીતે બિરદાવેલા હતા.

આ સ્મૃતિદોષ માટે ક્ષમા ચાહું છું અને તે પ્રત્યે ધ્યાન ખેંચનાર આ બંનેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

☐ તંત્રી

# કન્ફયૂશિયસ

☐ રમણલાલ ચી. શાહ

મહાત્મા કન્ફયૂશિયસને ચીની સંસ્કૃતિના પિતા તરીકે ઓળખાવવામાં આવે છે. ચીનની પ્રજાના ઇતિહાસમાં તેમના જેવી બીજી કોઇ વ્યક્તિ થઇ નથી. તેમના દ્વારા ચીની પ્રજાના સંસ્કારોનું જેટલું ઘડતર થયું છે તેટલું અન્ય કોઇ એક વ્યક્તિ દ્વારા થયું નથી. એથી જ ચીનની પ્રજાએ જેટલું માન મહાત્મા કન્ફયૂશિયસને આપ્યું છે તેટલું બીજા કોઇને આપ્યું નથી.

અઢી હજાર વર્ષ પૂર્વે ચીનની સંસ્કૃતિને ઘડવામાં બે મહાન વિભૂતિઓએ મહત્ત્વનું કાર્ય કર્યું. એ બે વિભૂતિઓ તે લાઓત્સે અને કન્ફયૂશિયસ. બંને સમકાલીન હતા. લાઓત્સે નિવૃત્તિમાર્ગી, એકાંતપ્રિય અને અધ્યાત્મવાદી હતા. તેઓ પ્રસિદ્ધિથી વિમુખ હતા. એમની તત્ત્વવિચારણા ઘણી ગહન હતી. કન્ફયૂશિયસ પ્રવૃત્તિમાર્ગી હતા. અનેક લોકોના સંપર્કમાં તેઓ આવ્યા હતા. રાજાઓ દ્વારા પ્રજાના જીવનને ઉન્નત બનાવવાનું તેમનું ધ્યેય હતું. તેઓ ચીનમાં ઘણે સ્થળે ઘૂમી વળ્યા હતા અને અનેક રાજાઓના અંગત સંપર્કમાં આવ્યા હતા. રાજ્યશાસન ચલાવવાની બાબતમાં તેઓ ઘણા જ કુશળ હતા. ચીનના રાજ્ય દરબારમાં લાઓત્સે અને કન્ફયૂશિયસ એમ બંનેનું ઘણું માન હતું, પરંતુ રાજદ્વારી કક્ષાએ અને લોકજીવનની ભૂમિકાએ કન્ફયૂશિયસે ઘણું મોટું, મહત્ત્વનું અને પાયાનું કામ કર્યું હતું.

ચીનમાં મુખ્ય ત્રણ ધર્મ છે : (૧) તાઓ ધર્મ (૨) કન્ફયૂશિયસ ધર્મ અને (૩) બૌદ્ધ ધર્મ. આ ત્રણે ધર્મ એકબીજાના વિરોધી નહિ પણ ઘણે અંશે પૂરક જેવા રહ્યા છે. આથી જ ચીનમાં એ ત્રણે ધર્મને એકસાથે અનુસરતી વ્યક્તિઓ જોવા મળશે.

તાઓ ધર્મ અને કન્ફયૂશિયસનો નીતિ ધર્મ લગભગ એક જ કાળે પ્રચલિત બન્યા હતા. એ બંને ધર્મ વચ્ચે કોઇ વિરોધ કે વૈમનસ્ય નહોતું. ચીનમાં ત્યાર પછી ઘણા સૈકાઓ બાદ બૌદ્ધ ધર્મ આવ્યો. બૌદ્ધ ધર્મ ભારતમાંથી બ્રહ્મદેશ, થાઇલેન્ડ, વિએટનામ, કંબોડિયામાંથી પ્રસરતો પ્રસરતો ચીનમાં પહોંચ્યો હતો. અહિંસાદિ પંચશીલની ભાવના અને નીતિમય જીવનના ઉપદેશને કારણે ચીનમાં એને સારો આવકાર મળ્યો હતો. બૌદ્ધ ધર્મ બહારથી આવેલો હોવા છતાં તાઓ ધર્મ કે કન્ફયૂશિયસના ધર્મ સાથે સંઘર્ષમાં આવે એવો એ ધર્મ નહોતો. એથી જ ચીનમાં અને ત્યાર પછી કોરિયા અને જાપાન સુધી બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હતો અને વર્તમાન સમય સુધી એ પ્રચલિત રહ્યો છે.

પ્રાચીન સમયમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ કરતાં પૌરસ્ત્ય સંસ્કૃતિ વધુ વિકસેલી અને સમૃદ્ધ હતી. ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં ત્યારે સમગ્ર વિશ્વમાં ભારત ઘણું આગળ વધેલું હતું. પરંતુ બીજી બાજુ કેટલીક વ્યવહારુ કળાઓમાં ચીન ત્યારે મોખરે હતું. મધ્યકાળમાં કાગળ બનાવવાની બાબતમાં, મુદ્રણકલા એટલે કે છાપકામમાં, દારૂગોળો બનાવવામાં, રેશમ, મોતી અને સોનાની બાબતમાં ચીની પ્રજા પ્રથમ નંબરે આવતી હતી. એ કાળમાં પ્રાદેશિક સરહદો એટલી કડક નહોતી. એટલે પગરસ્તે તથા દરિયાઇ માર્ગે ચીનનો ભારત સાથે ઘણો વ્યવહાર ચાલતો હતો. ચીની પ્રવાસીઓ પ્રવાસ કરતાં કરતાં ઠેઠ ભારત સુધી આવી પહોંચતા હતા, કારણ કે કેટલીક બાબતોમાં ચીન કરતાં ભારત ઘણું સમૃદ્ધ હતું. બીજી બાજુ હજારેક વર્ષ પહેલાં બૌદ્ધ ધર્મના ગુરુઓ, ભિખ્ખુઓ પ્રચાર કરતા કરતા ઠેઠ ચીન, કોરિયા અને જાપાન સુધી પહોંચતા હતા.

ચીનના પ્રવાસીઓ ભારતમાં આવતા હતા છતાં ભારતીય વિચારધારા ઉપર કન્ફયૂશિયસની વિચારધારાનો ખાસ પ્રભાવ પડ્યો ન હતો, કારણ કે વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, જૈન આગમ ગ્રંથો અને બૌદ્ધ ત્રિપિટક ગ્રંથો તે પહેલાંથી અસ્તિત્વમાં હતા. એટલે હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મની તત્ત્વમીમાંસા અને જીવન મીમાંસા આગળ કન્ફયૂશિયસની વિચારધારા એટલી વિકસિત ન લાગે. અને એનો પ્રભાવ ભારતીય સંસ્કૃતિ ઉપર ન પડે એ સ્વાભાવિક છે.

યુરોપીય પ્રજાઓને કન્ફયૂશિયસનો પરિચય ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા થયો હતો. ચારસો વર્ષ પૂર્વે કેટલાક દરિયાખેડુઓ યુરોપથી નીકળી દરિયાઇ માર્ગે ભારતના કિનારે કિનારે થઇ ચીન અને જાપાન સુધી પહોંચ્યા હતા. તેમની સાથે કેટલાક ખ્રિસ્તી મિશનરીઓ પણ ગયા હતા. તેઓ ત્યાંની રાજ્ય વ્યવસ્થા, ધર્મ, સંસ્કૃતિ વગેરે જે જે વિષયોથી પ્રભાવિત થયા તે તે વિષયોનો પરિચય તેમણે પોતાની યુરોપિયન પ્રજાને કરાવ્યો હતો. ઇ. સ. ૧૬૫૩માં ઇટાલીના પાદરી મેરિયો રિસાઇને ધર્મોપદેશ માટે ચીન મોકલવામાં આવ્યા હતા. તેમણે ત્યાં જઇ કન્ફયૂશિયસનાં વચનોનો લેટિન ભાષામાં અનુવાદ કરીને ઇટલી મોકલાવ્યો હતો. કન્ફયૂશિયસનાં વચનોનો યુરોપીય ભાષામાં આ પહેલો અનુવાદ હતો. ત્યારપછી ઇ. સ. ૧૬૮૭માં એક ફ્રેન્ચ લેખકે અને ઇ. સ. ૧૮૯૭માં એક જર્મન લેખકે કન્ફયૂશિયસના ગ્રંથોનાં ભાષાંતરો પ્રગટ કર્યાં હતાં. ત્યારપછી વીસમી સદીમાં, વર્તમાન સમય સુધીમાં, કેટલાયે ચિંતકોએ કન્ફયૂશિયસનાં ઉપદેશવચનોના અનુવાદો પ્રગટ કર્યા છે અને એની સમીક્ષા પણ કરી છે.

'કન્ફયૂશિયસ' શબ્દ ખ્રિસ્તી પાદરીઓએ પ્રયોજેલો શબ્દ છે. જ્યારે તેઓ ચીની પ્રજાના સંપર્કમાં આવ્યા ત્યારે ચીની ભાષાના શબ્દો ઉચ્ચારવા લાગ્યા હતા. પરંતુ પોતાના મુખના ઉચ્ચારણના અવયવોની ખાસિયત અને મર્યાદાને લીધે તેઓ કેટલાક ચીની શબ્દો ચીની લોકોની જેમ ઉચ્ચારી શકતા નહોતા. ચીની ભાષામાં ગુરુવર્ય માટે શબ્દ છે કુંગ. બહુમાનપૂર્વક તે બોલવો હોય તો 'કુંગ-ફુત્-સે' એ પ્રમાણે બોલાય છે. પરંતુ આ ચીની શબ્દનો યુરોપીય ખ્રિસ્તીઓએ ઉચ્ચાર કર્યો 'કન્ફયૂશિયસ'. વખત જતાં 'કન્ફયૂશિયસ' શબ્દ યુરોપમાં અને પછી આખી દુનિયામાં એટલો બધો પ્રચલિત અને રૂઢ બની ગયો કે ખુદ ચીનમાં પણ 'કન્ફયૂશિયસ' શબ્દ અપરિચિત ન રહ્યો.

ચીનમાં કન્ફયૂશિયસ માટે બીજો એક શબ્દ પણ વપરાય છે: 'યુ ચી' એનો એક અર્થ થાય છે 'પ્રાચીન કાળના મહાત્માઓના ઉપદેશને અનુસરનાર.'

ચારેક હજાર વર્ષ જેટલો જૂનો ચીનનો ઇતિહાસ છે. એ ઇતિહાસની વાતો મુખ પરંપરાથી ચાલી આવતી હતી. અઢી હજાર વર્ષ પૂર્વે કન્ફયૂશિયસે એ બધી વાતો ગ્રંથસ્થ કર લીધી. એને લીધે ચીનના પ્રાચીન ઇતિહાસની અને એના જીવનવ્યવહારની વાતો જળવાઇ રહી છે. જો કન્ફયૂશિયસે એ બધી વાતો જુદા જુદા ગ્રંથો રૂપે ન સાચવી લીધી હોત તો તે બધી કાળક્રમે નષ્ટ થઇ ગઇ હોત.

કન્ફયૂશિયસની પૂર્વે ચીન ઘણું સમૃદ્ધ હતું. એમની પૂર્વેના હજારેક વર્ષમાં, એટલે આજથી ત્રણ-સાડા ત્રણ હજાર વર્ષ પૂર્વેના ગાળામાં ચીનમાં જે સમર્થ મહાન વ્યક્તિઓ થઇ ગઇ તેમાં પિંગત્સુ અને ચાઉ કુંગનાં નામ મહત્ત્વનાં છે. કન્ફયૂશિયસ માટે તેઓ આદર્શરૂપ હતા. તેઓએ પ્રજા કલ્યાણને માટે જે નીતિ નિયમો ઘડ્યા હતા તે સઘન હતા. એમના કાળમાં જેવું સમૃદ્ધ ચીન હતું તેવું ચીન ફરીથી બનાવવાની મહત્ત્વાકાંક્ષા યુવાન વયે કન્ફયૂશિયસ ધરાવતા હતા. પરંતુ વર્ષો પસાર થવા છતાં પોતે પોતાના પૂર્વજ મહાત્માઓ જેવું કાર્ય ન કરી શક્યા. એ

માટે કન્ફ્યૂશિયસે પોતાનાં લખાણોમાં વારંવાર ખેદ વ્યક્ત કર્યો છે. પોતે પોતાના ચીન માટે આટલું બધું સરસ કાર્ય કર્યું હતું તે છતાં તે પૂર્વજોની સરખામણીમાં પોતે કશું કર્યું નથી એમ કહેવામાં કન્ફ્યૂશિયસની વિનમ્રતા રહેલી છે.

કન્ફ્યૂશિયસની પૂર્વે થઇ ગયેલા બીજા એક મહાત્મા તે ત્ઝુ ચેન હતા. ત્ઝુ ચેન ઇ.સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં થઇ ગયા. તેઓ ચેંગ રાજ્યના મુખ્ય પ્રધાન હતા. તેઓ ઘણા કુશળ અને ઉમદા શાસનકર્તા હતા. તેમની સરસ રાજનીતિથી ચોરીલૂંટનું પ્રમાણ ઘટી ગયું હતું. રસ્તામાં પડેલી વસ્તુને પણ કોઇ અડતા નહિ. લોકો ઘરને તાળું મારતા નહોતા. ત્ઝુ ચેન માટે કન્ફ્યૂશિયસ કહે છે કે 'તેમનામાં ઉત્તમ માણસ માટે જરૂરી એવા ચાર સારા ગુણો હતાઃ (૧) પોતાના અંગત સંબંધો અને વ્યવહારમાં તેઓ સ્વસ્થ અને ગંભીર રહેતા (૨) પોતાનાથી ચડિયાતા લોકો પ્રત્યે તેઓ પૂરો આદરભાવ ધરાવતા (૩) પ્રજાની દેખભાળ રાખવામાં તેઓ ઉત્સાહ અને પ્રેમ ધરાવતા અને (૪) રાજ્યનો વહીવટ કરવામાં તેઓ કાર્યદક્ષ અને ન્યાયપૂર્ણ રહેતા.

કન્ફ્યૂશિયસની પૂર્વે થઇ ગયેલા ચીનના બીજા એક શહેનશાહ યુ મહાન હતા. એમણે નદીઓમાં વારંવાર આવતી રેલમાંથી પ્રજાને ઉગારવા માટે સતત આઠ વર્ષ સુધી ઘણી મહેનત કરી હતી. કન્ફ્યૂશિયસે કહ્યું હતું કે 'યુમાં વ્યક્તિગત કોઇ દોષ મને જણાતો નથી. એમની રાજ્ય વ્યવસ્થામાં પણ કોઇ છિદ્ર જણાતું નથી. યુ જાડા કપડાં પહેરતા, ગરીબની જેમ પોતે સાદાઇથી રહેતા અને લોકોને વધુ સગવડો મળે એવી હંમેશા વ્યવસ્થા કરતા.'

કન્ફ્યૂશિયસની પૂર્વે થઇ ગયેલા અન્ય મહાન શહેનશાહોમાં યાઓ અને શહેનશાહ શુનના નામ મહત્ત્વનાં ગણાય છે. શહેનશાહ યાઓ ઇ. સ.પૂર્વે ૨૩૫૬ના ગાળામાં થઇ ગયા હતા અને શહેનશાહ શુન ઇ.સ. પૂર્વે ૨૫૨૫ના ગાળામાં થઇ ગયા હોવાનું મનાય છે.

કન્ફ્યૂશિયસ પોતાની પૂર્વેના કાળના શહેનશાહ યાઓના રાજ્ય-શાસનનાં પણ હંમેશાં ખૂબ વખાણ કરતા. તેમનો શાસનકાળ ભવ્ય હતો. એમનું વ્યક્તિત્વ વિશાળ હતું. દેશને માટે એમણે ઘડેલા કાયદાઓ દીર્ઘદષ્ટિવાળા હતા.

કન્ફ્યૂશિયસના પોતાના સમયમાં ચીનમાં સમ્રાટ ચાઉનું સામ્રાજ્ય હતું. પરંતુ ચાઉના પૂર્વજો જેટલી સરળતાથી પોતાના સામ્રાજ્ય ઉપર સત્તા ભોગવી શક્યા હતા તેટલું ચાઉ માટે સરળ નહોતું. હવે ખંડિયા રાજાઓ કે ઉમરાવો આજ્ઞાનું ઉલ્લંઘન કરવા લાગ્યા હતા. ચીનની અત્યંત વિશાળ ધરતીમાં ત્યારે છ હજાર જેટલાં નાના મોટાં રાજ્યો હતાં. તે બધાં ઉપર એક સમ્રાટની આણ વર્તતી હતી. પરંતુ સમ્રાટ ચાઉના વખતમાં એમની સત્તા નબળી પડતી જતી હતી. રાજ્યો વચ્ચે આંતરવિગ્રહ થવા લાગ્યા હતા. આંધાધુંધી ફેલાતી જતી હતી. રાજકીય અસ્થિરતાને લીધે સામાજિક ક્ષેત્રે પણ અશાંતિ અને આરાજકતા આવી ગયાં હતાં. અપ્રમાણિકતા વધતી જતી હતી. ન્યાય અને નીતિ, શિસ્ત અને શિષ્ટાચારમાં પણ ઘણી શિથિલતા આવી ગઇ હતી. પ્રગતિ અટકી ગઇ હતી. ગરીબી અને બેકારી વધી હતી. કાયદાઓનું વારંવાર ઉલ્લંઘન થતું. વિભિન્ન વર્ગના લોકો વચ્ચે કુસંપ, વિગ્રહ વગેરેની સ્થિતિ વર્તવા લાગી હતી. કેટલાંક રાજ્યોમાં દમન, જોર જુલમની સ્થિતિ પ્રવર્તતી હતી. કેટલાક લોકો એવા ત્રાસમાંથી બચવા સ્થળાંતર કરવા લાગ્યા હતા. આવી રાજકીય અને સામાજિક અસ્થિરતાના વાતાવરણમાં પ્રજાનું સામાન્ય શિક્ષણ પણ કથળવા લાગ્યું હતું.

કન્ફ્યૂશિયસનો જન્મ ઇ.સ. પૂર્વે ૫૫૧માં ચીનમાં લુ નામના રાજ્યમાં થયો હતો. લુ નામનો પ્રદેશ હાલ ચીનમાં શાન્ટુંગ નામના પ્રાંતમાં આવેલો છે.

કન્ફ્યૂશિયસ શાંગ (Shang) વંશના હતા. એમના પિતાનું નામ શુહ-લિયાંગ હેઇહ (Shuh Liang Heih) હતું. તેઓ લશ્કરમાં સૈનિક તરીકે કામ કરતા હતા. તેઓ શરીરે સશક્ત્ અને સુદઢ હતા. તેઓ સાહસિક અને પરાક્રમી હતા. તેમને નવ સંતાન થયાં હતાં. પણ તે બધી દીકરીઓ હતી. તેમની ઉંમર સિત્તેર વર્ષની થવા આવી ત્યારે તેમની પત્નીનું અવસાન થયું હતું. પોતાને એક દીકરો હોય એવી તેમને ઇચ્છા હતી. દરમિયાન તેમને યેન (Yen) કુટુંબની એક કુંવારી કન્યા સાથે સંબંધ થયો હતો. એનાથી તેમને એક દીકરો થયો હતો. એનું નામ પાડવામાં આવ્યું કુંગ ત્સુ. પરંતુ એ દીકરાને તેઓ 'ચિઉ' (Chiu) કહીને બોલાવતા, કારણ કે એનું માથું મોટું હતું. આમ લાડમાં પાડેલું એમનું નામ પછી પ્રચલિત થઇ ગયું હતું. અને લોકો એમને 'ચિઉ' કહીને જ બોલાવતા. આ 'ચિઉ' તે જ કન્ફ્યૂશિયસ. ચીની ગ્રંથોમાં એમને માટે 'ચિઉ' શબ્દ વધુ વપરાયો છે.

કન્ફ્યૂશિયસ ત્રણ વર્ષના થયા ત્યાં તો એમના પિતાનું અવસાન થયું. આથી બાળકોને ઉછેરવાની જવાબદારી માતા ઉપર આવી પડી. પિતાનું અવસાન થતાં કુટુંબની આવક બંધ થઇ. તેઓ માંડ પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમ છતાં માતાએ ચિઉને સારી રીતે ઉછેરવા માટે તનતોડ મહેનત કરી. માતા પોતે ઘણી હોંશિયાર હતી. માતાએ ચિઉને પ્રામાણિક, ચબરાક અને તેજસ્વી બનાવવા માટે ઘણો શ્રમ લીધો હતો. તે ચિઉને નવરાશના સમયે પોતાની પાસે બેસાડી ભણાવતી.

કન્ફ્યૂશિયસનું કુટુંબ ગરીબ છતાં ખાનદાન અને સંસ્કારી હતું. કુટુંબની ગરીબીને કારણે કન્ફ્યૂશિયસની માતા જાતજાતનાં ઘરકામ કરીને કુટુંબનું ભરણપોષણ કરતી હતી. કન્ફ્યૂશિયસે પણ નાની ઉંમરમાં ગુજરાન ચલાવવા માટે તરહે તરેહની મજૂરી કરી હતી. આથી તેમનામાં કેટલીક આવડત અને હોંશિયારી નાની ઉંમરથી જ આવી ગઇ હતી. ગરીબીને કારણે તેમને કેટલીકવાર અપમાન પણ સહન કરવાનાં આવતાં.

કૌટુંબિક નબળી સ્થિતિને કારણે કન્ફ્યૂશિયસ શાળામાં બહુ અભ્યાસ કરી શક્યા નહોતા. બાર વર્ષની વયે તેઓ શાળામાં જવા લાગ્યા હતા. પરંતુ પછી આપબળે તેમણે વધુ અભ્યાસ શરૂ કર્યો હતો. તેમણે સંગીત, કાવ્યશાસ્ત્ર, ઇતિહાસ વગેરે વિદ્યાઓમાં ઘણો રસ હતો.

કન્ફ્યૂશિયસનાં લગ્ન ઓગણીસમે વર્ષે થયાં હતાં. એમની પત્નીનું નામ જાણવા મળતું નથી. પરંતુ એમને એક પુત્ર અને પુત્રી એમ બે સંતાન થયાં હતાં. એમનું દામ્પત્ય જીવન સુખી નહોતું. એથી થોડા વર્ષમાં જ પતિ-પત્ની જુદા રહેવા લાગ્યાં હતાં. કેટલાક વર્ષ પછી કન્ફ્યૂશિયસની પત્નીનું અવસાન થયું હતું. એ પ્રસંગે એમનો દીકરો બહુ રડ્યા કરતો હતો. એ વખતે કન્ફ્યૂશિયસે એને વધુ પડતું રડવા માટે ઠપકો આપ્યો હતો.

પોતાના પુત્રને ઉછેરવાની બાબતમાં કન્ફ્યૂશિયસ બહુ કડક હતા.

કન્ફ્યૂશિયસના પુત્રનું નામ પો યુ હતું. એ કુંગ લાઇ તરીકે પણ ઓળખાતો હતો. એક દિવસ કોઇકે પૂછ્યું ત્યારે પો યુએ પોતાના પિતાની વાત કરતાં કહ્યું: 'એક દિવસ મારા પિતા ઘરમાં એકલા હતા. ત્યારે એમણે મને પૂછેલું કે 'તે કાવ્યસંગ્રહનો બરાબર અભ્યાસ કર્યો છે?'

મેં કહ્યું, 'ના, હજી નથી કર્યો.'

એમણે કહ્યું: 'જો તું કાવ્યસંગ્રહનો અભ્યાસ નહિ કરે તો ભાષા ઉપરનું પ્રભુત્વ તું મેળવી નહિ શકે. એથી તું કોઇની સાથે સારી રીતે વાતચીત નહિ કરી શકે. એમણે આ પ્રમાણે શિખામણ આપી એટલે મેં કાવ્યસંગ્રહનો અભ્યાસ શરૂ કર્યો હતો.'

પછી બીજી એક વખત તેઓ ઘરમાં એકલા હતા ત્યારે એમણે મને પૂછ્યું, 'તેં વિધિવિધાનના ગ્રંથનો બરાબર અભ્યાસ કર્યો છે?'

મેં કહ્યું, 'ના, હજી નથી કર્યો.'

એમણે કહ્યું. 'જો તું વિધિવિધાનના ગ્રંથનો સારી રીતે અભ્યાસ નહિ કરે તો તારામાં ચારિત્રની દ્રઢતા નહિ આવે.' એમની શિખામણથી મેં એ ગ્રંથનો અભ્યાસ કર્યો.'

કુંગ લાઇ કેટલો મોટો થયો હતો તેની વિગત મળતી નથી, પરંતુ તેનું અવસાન કન્ફ્યૂશિયસની હયાતીમાં જ થયું હતું. એ અવસાન પ્રસંગે એની ક્રિયાવિધિ કન્ફ્યૂશિયસે ઘણી સાદાઇથી કરી હતી.

યુવાન વયે કન્ફ્યૂશિયસને સંગીતવિદ્યામાં અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યું હતું. એમણે તે સમયના વિખ્યાત ચીની સંગીતકાર ચાંગ હુંગ પાસે સંગીતનો ઊંડો અભ્યાસ કર્યો હતો. વળી એમણે ચાંગ હુંગ પાસે વિધિ વિધાનનો પણ અભ્યાસ કર્યો હતો.

આજીવિકા માટે કન્ફ્યૂશિયસે જુદા જુદા વ્યવસાયો કર્યા હતા. પરંતુ અધ્યયન અને અધ્યાપન એ જીવનભર એમના પ્રિય વિષય રહ્યા હતા.

કન્ફ્યૂશિયસ જ્યારે તેત્રીસ વર્ષના થયા ત્યારે એમની માતાનું અવસાન થયું. એ દિવસોમાં ચીનમાં એવો રિવાજ હતો કે મૃત્યુનો શોક ત્રણ વર્ષ સુધી પાળવામાં આવતો હતો. આટલો સમય શોક પાળવાની પરંપરાને અનુસરવાનું કન્ફ્યૂશિયસ માનતા પણ હતા. આથી કન્ફ્યૂશિયસે રાજ્યની પોતાની નોકરી છોડી દીધી, ભોગ વિલાસ છોડી દીધાં. ઘરે સાદાઇથી રહેવાનું ચાલુ કર્યું, અને પોતાનો સમય જુદી જુદી વિદ્યાઓ શીખવામાં તથા કવિતા, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસનો અભ્યાસ કરવામાં પસાર કરવા લાગ્યા હતા.

પોતાના સમયની પરિસ્થિતિનું અવલોકન કરતાં કન્ફ્યૂશિયસને લાગ્યું કે પોતે જીવનમાં ત્રણ મહત્ત્વનાં કાર્યો કરવાં જોઇએ.

(૧) રાજ્યમાં શાસનને મદદરૂપ થવું અને તે દ્વારા રાજ્યમાં સુધારાઓ કરવા તથા કરાવવા.

(૨) યુવાન પેઢીને શિક્ષણ આપવું.

(૩) ચીનના પ્રશિષ્ટ ગ્રંથોનું સંકલન-સંપાદન કરવું કે જેથી ભાવિ પેઢીઓને તે ઉપયોગી થાય.

કન્ફ્યૂશિયસે યુવાન પેઢીને શિક્ષણ આપવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું અને પ્રાચીન ગ્રંથોનું સંકલન કર્યું હતું. વળી એમણે જ્યારે જ્યારે અવકાશ મળ્યો ત્યારે ત્યારે રાજ્યકક્ષાએ સુધારા કરાવવા ભારે પુરુષાર્થ કર્યો હતો.

આજીવિકા માટે વ્યવસાય તરીકે કન્ફ્યૂશિયસે ખાનગી અધ્યાપન-કાર્ય ચાલુ કર્યું હતું. કન્ફ્યૂશિયસ એમના જમાનાના એક આદર્શ શિક્ષક ગણાતા હતા. તેઓ શિસ્તના કડક આગ્રહી હોવા છતાં વિદ્યાર્થીઓ પ્રત્યે ઉદારતા અને સહાનુભૂતિ ધરાવતા. પોતાની શાળામાં ગરીબ અને શ્રીમંત વિદ્યાર્થી વચ્ચે તેઓ કશો ભેદભાવ રાખતા નહિ. ગરીબ વિદ્યાર્થીને પણ ફીની અપેક્ષા વગર તેઓ દાખલ કરતા અને પ્રેમથી ભણાવતા.

કન્ફ્યૂશિયસ પોતે કવિતા, સાહિત્ય, ઇતિહાસ, સંગીત, પ્રકૃતિ, વિજ્ઞાન, રાજ્ય બંધારણ, વહીવટી તંત્ર, શિષ્ટાચાર વગેરે વિવિધ વિષયો ભણાવતા. એક મિશનરીના ઉત્સાહથી તેઓ વિદ્યાર્થીઓને અધ્યયન કરાવતા. તેઓ વિદ્યાર્થીઓને ભાષણ કરતાં પણ શીખવતા.

પ્રાચીનકાળમાં ચીનમાં પણ ગુરુ શિષ્યની પરંપરા ભારત જેવી ગૌરવવાળી હતી. કન્ફ્યૂશિયસ પાસે વિદ્યાર્થીઓ ભણવા આવતા અને વિદ્યાભ્યાસના બદલામાં તેઓ યથાશક્તિ ગુરુને દક્ષિણ આપતા. કેટલાક ગુરુઓ મોંઘી ભેટ આપનાર અથવા રાજવંશી કુટુંબના વિદ્યાર્થીઓ તરફ પક્ષપાત રાખતા, પરંતુ કન્ફ્યૂશિયસ તેવું ક્યારેય કરતા નહિ. તેઓ એ બાબતમાં સ્વાર્થી, લોભી કે સંકુચિત મનોવૃત્તિના ન હતા. શિષ્ય ગરીબ હોય કે તવંગર, દરેક શિષ્યને તેઓ સમાન દૃષ્ટિથી જોતા અને તે પ્રમાણે વ્યવહાર રાખતા. અલબત્ત તેઓ પ્રમાદી કે મૂર્ખ શિષ્ય માટે બહુ સમય બગાડતા નહિ. વિદ્યાર્થીઓને ભણાવવામાં કન્ફ્યૂશિયસ કદી થાકતા નહિ. શિષ્યોને ભણાવવાનો તેમનો ઉત્સાહ ગજબનો હતો.

કન્ફ્યૂશિયસને સત્તા ધારણ કરવા કરતાં અધ્યયન અને અધ્યાપનકાર્યમાં સવિશેષ રસ હતો. પોતે નાની વયથી સંગીતાદિ વિવિધ કલાઓનો અભ્યાસ કર્યો હતો અને જીવનના અંત સુધી તેઓ નવા નવા વિષયનું જ્ઞાન સતત સંપાદન કરતા રહ્યા હતા. તેમણે પોતે પોતાની શાળા સ્થાપી હતી. એમની શાળામાં ઉત્તરોત્તર વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હતી. આરંભમાં કન્ફ્યૂશિયસ પોતે વિવિધ વિષયો વિદ્યાર્થીઓને શીખવતા. પછીથી તો એમના શિષ્યો પણ જુદા જુદા વિષયોમાં પારંગત થઇ ગયા હતા. અને તેઓ પણ અધ્યાપનકાર્ય કરવા લાગ્યા હતા. તેમના એવા ૬૦ થી ૭૦ જેટલા વિદ્યાર્થીઓ જુદે જુદે સ્થળે અધ્યાપન કાર્યમાં લાગ્યા હતા અને એમની શાળાઓમાં વધતા વધતાં એક કાળે એક સાથે ત્રીસ હજાર જેટલા વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા. ઘણે દૂર દૂરથી સેંકડો માઇલ ચાલીને વિદ્યાર્થીઓ આવતા અને અધ્યયન કરવા માટે રહેતા. કન્ફ્યૂશિયસની શાળામાં અભ્યાસ કરવો એ તે દિવસોમાં એક ગૌરવની વાત ગણાતી. માતાપિતા પોતાના સંતાનોને કન્ફ્યૂશિયસની શાળામાં મોકલવામાં ધન્યતા અનુભવતા. કન્ફ્યૂશિયસ અને એમના શિષ્યો દ્વારા થતા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓમાં અને એ દ્વારા ચીની પ્રજાના સંસ્કાર ઘડતરમાં ઘણો ફરક પડવા લાગ્યો હતો.

કન્ફ્યૂશિયસ કહેતા કે 'હું વિદ્યાર્થીને વિષયના ચાર ખૂણામાંથી એક ખૂણો બરાબર સમજાવી દઉં. પરંતુ પછી જો બાકીના ત્રણ ખુણા વિશે વિદ્યાર્થી અનુમાન ન કરી શકે તો હું સમજી જાઉં કે વિદ્યાભ્યાસ કરવાની તેની એટલી શક્તિ નથી. એવા વિદ્યાર્થીને આગળ ભણાવવાનું નિરર્થક છે.'

કન્ફ્યૂશિયસ કહેતા કે 'કોઇ વિદ્યાર્થી મને વિદ્યાભ્યાસના બદલામાં સૂકા રોટલાનો ટુકડો આપે તો પણ મને તેથી સંતોષ થાય છે. અર્થોપાર્જન માટે વિદ્યાભ્યાસ કરાવવાનું મારું ધ્યેય નથી. મારું ધ્યેય તો નવી પેઢીને તૈયાર કરવાનું છે.'

કન્ફ્યૂશિયસે પોતાના વિચારો વ્યક્ત કરતાં એક સ્થળે કહ્યું છે કે 'ધન કમાવાની પ્રવૃત્તિ જો પ્રશંસાપાત્ર હોત તો હું એ પ્રવૃત્તિમાં પડ્યો હોત. ધન કમાવા માટે રથ હાંકવા જેવું સામાન્ય કામ પણ કરવાનું આવે તો હું તે કરવા તૈયાર છું. પણ હું સ્પષ્ટ માનું છું કે ધન કમાવાની પ્રવૃત્તિ એ જીવનની શ્રેષ્ઠત્તમ પ્રવૃત્તિ નથી. આથી જ મને જે શ્રેષ્ઠત્તમ પ્રવૃત્તિઓ લાગી છે તેમાં હું મારો સમય પસાર કરું છું. મનુષ્યના આધ્યાત્મિક વિકાસની પ્રવૃત્તિ એ શ્રેષ્ઠતમ પ્રવૃત્તિ છે અને એથી જ તે મને એટલી બધી પ્રિય છે.'

કન્ફ્યૂશિયસનું જીવન સરળ, નિખાલસ અને પારદર્શક હતું. એમને પોતાના જીવનમાં કશું જ છૂપાવવા જેવું નહોતું. એમનો કોઇ પણ શિષ્ય એમની પ્રવૃત્તિઓ વિશે, એમના વિચારો વિશે કે એમના જીવનધ્યેય વિશે બધું જ જાણતો હોય અથવા જ્યારે ઇચ્છે ત્યારે જાણી શકતો હતો.

કન્ફ્યૂશિયસના શિષ્યો કહેતા કે પોતાના ગુરુ નીચે પ્રમાણે ચાર પ્રકારના દોષોથી રહિત હતા:

(૧) તેઓ ક્યારેય ભવિષ્યની ચિંતા કરતા નહિ

(૨) તેઓ પોતાના મત માટે દુરાગ્રહ ધરાવતા નહિ.

(૩) તેઓ પહેલેથી સ્વેચ્છાએ કે મનસ્વીપણે કોઇ નિર્ણય બાંધી લેતા નહિ કે પૂર્વગ્રહ ધરાવતા નહિ.

(૪) તેઓ નિરાભિમાની હતા. તેઓ પોતાનો કોઇ પણ દોષ જણાય કે તરત કબૂલી લેતા.

કન્ફયૂશિયસ પુરુષાર્થ કરવામાં માનતા. પ્રમાદ તેમના સ્વભાવમાં નહોતો. કન્ફયૂશિયસ માટે કોઇક સાધુએ એવું કહ્યું હતું કે 'આ એક એવો માણસ છે કે જે જાણતો હોય કે પોતે સફળ થવાનો નથી, તોપણ છેટવ સુધી પોતાનો પુરુષાર્થ છોડે એવો નથી. '

કન્ફયૂશિયસ હજુ ઊગતા યુવાન હતા ત્યારે લાઓત્સેનું નામ ઘણું મશહુર હતું. કન્ફયૂશિયસ જ્યારે જાહેર જીવનમાં સક્રિય થયા ત્યારે લાઓત્સેને મળવાનું તેમને મન થયું. ત્યારે લાઓત્સેની ઉંમર એંસી વર્ષની હતી અને કન્ફયૂશિયસની ઉંમર ચોત્રીસ વર્ષની હતી. કન્ફયૂશિયસ પોતાના શિષ્યો સાથે લાઓત્સેને ચાઉના રાજ્યદરબારમાં મળ્યા હતા.

લાઓત્સે અને કન્ફયૂશિયસની વિચારસરણી જુદી જુદી હતી. લાઓત્સેએ વૈયક્તિક સદાચાર અને આધ્યાત્મિકતા ઉપર ભાર મૂક્યો હતો. કન્ફયૂશિયસે રાજ્યાના સારા કાયદાઓ અને વ્યવહારુ નીતિ નિયમો ઉપર ભાર મૂક્યો હતો. લાઓત્સે સાત્ત્વિક પ્રકૃતિના અને અંતર્મુખ હતા. તેમણે વૈશ્વિક ચેતના સાથે સંવાદ સાધવા અને એમાં અવગાહન કરવા ઉપર ભાર મૂક્યો હતો. કન્ફયૂશિયસ રાજસી પ્રકૃતિના અને બહુર્મુખ હતા. તેઓ લોકોનું કલ્યાણ કરવામાં, ગરીબોની અને દુઃખીઓની સેવા કરવામાં માનતા હતા. રાજ્યના કાયદાઓના પરિપાલનને અને ન્યાયને તેઓ મહત્ત્વ આપતા હતા. તેઓ ગુનેગારોને બરાબર સજા થવી જોઇએ એમ માનતા હતા. તેમનો ધર્મ સમાજલક્ષી અને વ્યવહાર પ્રધાન હતો. એટલે જ તેમણે ઉપદેશેલો માર્ગ ઘણો જ લોકપ્રિય બન્યો હતો. લાઓત્સેનો માર્ગ ઘણો ગહન અને કઠિન હોવાથી એટલો લોકપ્રિય ન થાય એ સ્વાભાવિક હતું. લોકપ્રિયતા એ લાઓત્સેનું ધ્યેય નહોતું. આધ્યાત્મિક દષ્ટિએ લાઓત્સેનો માર્ગ વધુ ચઢિયાતો હતો.

કન્ફયૂશિયસ જ્યારે લાઓત્સેને મળ્યા ત્યારે બંને વચ્ચે ઘણો વિચારવિનિમય થયો હતો. લાઓત્સેએ કન્ફયૂશિયસને કહ્યું હતું, 'સમાજને સુધારતા પહેલાં માણસે પોતાની જાતને સુધારવી જોઇએ.' વળી એમણે કન્ફયૂશિયસને સલાહ આપતાં કહ્યું હતું કે 'તમારે સમાજ માટે જે કાયદાઓ ઘડવા હોય તે ઘડજો, પરંતુ મનુષ્યમાં કુદરતી રીતે જે સાધુતા રહેલી છે તેમાં દખલગીરી કરશો નહિ.'

અલબત્ત, કન્ફયૂશિયસ પ્રકૃતિથી જ પ્રવૃત્તિના માણસ હતા. રાજ્ય વ્યવસ્થા દ્વારા પ્રજાને સુધારવાની એમણે જે ઝુંબેશ ઉપાડેલી હતી તે જોતાં લાઓત્સેની વિચારધારા સંપૂર્ણપણે તેઓ સ્વીકારી શકે એમ નહોતા. તો પણ લાઓત્સેના કેટલાક વિચારોથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

કન્ફયૂશિયસે લાઓત્સે માટે કહ્યું હતું કે, 'લાઓત્સે પ્રાચીન વસ્તુઓની પ્રશંસા કરે છે. તેઓ વિનમ્રતા અને સૌજન્યના અવતાર જેવા છે. તેમને દરેક વિષયનું અગાધ જ્ઞાન છે. તેઓ પ્રાજ્ઞ પુરુષ છે. તેમની સ્મૃતિ ઘણી સતેજ છે. તેમનામાં સંત-રાજા (શ્રેષ્ઠ માનવ) થવાની પૂરેપૂરી યોગ્યતા છે.'

કન્ફયૂશિયસ જુવાન હતા ત્યારે પોતાના રાજ્ય લુમાં રાજગાદીએ રાજા ચાઓ હતા. એ જમાનામાં ચાઓના અંગત જીવન વિશે એક જાહેર વિવાદ થયો હતો. ભારતની જેમ ચીનમાં પણ એ જમાનામાં સગોત્ર લગ્નનો નિષેધ હતો. પરંતુ રાજા ચાઓએ પોતાના જ ગોત્રની કન્યા સાથે લગ્ન કરી એનું નામ બદલી નાખ્યું હતું કે જેથી લોકોને ખબર ન પડે. પણ આવી વાતો મોડી વહેલી લોકો સુધી પહોંચે જ છે . કન્ફયૂશિયસ ચાઓના અંગત મિત્ર જેવા હતા. તો પણ આ બનાવની બાબતમાં એમણે રાજાને પોતાનો વિરોધી મત સ્પષ્ટતાથી જણાવ્યો હતો.

લુ રાજ્યના મોટાં ત્રણ કુટુંબોમાં શુ-સુનનું કુટુંબ પણ ગણાતું હતું. શું સુનને રાજ્ય દરબારમાં જવા મળતું હતું. તેને કન્ફયૂશિયસ પ્રત્યે કંઇક પૂર્વગ્રહ હતો. તે એમના શિષ્ય ત્zુ કુંગને કન્ફયૂશિયસ કરતાં વધુ ચડિયાતો ગણતો હતો. આ વાત એક વખત ત્ઝુ કુંગ પાસે આવી. ત્યારે ત્ઝુ કુંગે કહ્યું; શું સુન ગુરુજી કરતાં મને ચડિયાતો ગણે છે તે યોગ્ય નથી. મારી અને ગુરુજી વચ્ચેનું અંતર મકાનના કમ્પાઉન્ડની દિવાલ જેવું છે. મારા મકાનની દિવાલ ખભા સુધી આવે છે. એટલે જતાઆવતા સૌ કોઇ ઘરની સુંદરતા જોઇ શકે છે. પરંતુ ગુરુજીના મકાનની દિવાલ ઘણી ઊંચી છે. એટલે જે કોઇને અંદર દાખલ થવા મળે તે જ એની સુંદરતા અને ભવ્યતા જોઇ શકે છે .'

કોઇકે ત્ઝુ કુંગને કહ્યું કે 'શુ-સુન કન્ફયૂશિયસની ટીકા કરતા હતા અને તમારી પ્રશંસા કરતા હતા.' ત્યારે ત્ઝુ કુંગે કહ્યું, 'શુ-સુનને એ શોભતું નથી. ગુરુજી તો સૂર્ય સમાન છે. ત્યાં પહોંચવું મારે માટે શક્ય નથી.'

લુના રાજ્યમાં આ ત્રણ ભાયાતી કુટુંબો એવાં વસતાં હતાં કે જે સત્તાનાં અને ધનનાં લોભી હતાં. રાજ્યની આવકમાંથી તે કુટુંબો ઉચાપત કરી લેતાં. રાજાના નોકરોને ફોડતા અને રાજાના હુકમનું પાલન ન થાય એ માટે ખટપટ કરતાં. આથી રાજા ચાઓને તેઓની સાથે સંઘર્ષમાં આવવું પડ્યું. પરંતુ જે રમખાણ થયું તેમાં રાજા ચાઓને ખ્યાલ આવી ગયો કે રાજ્યના ઘણા અમલદારો પણ એ કુટુંબોના પક્ષે છે. પરિસ્થિતિ એવી સર્જાઇ કે ચાઓને પોતાનો જાન બચાવવા રાજ્ય છોડીને ભાગી જવું પડ્યું. રાજાના આ દુઃખના પ્રસંગમાં કન્ફયૂશિયસ એમની સાથે રહ્યા હતા અને એમની સાથે દેશવટો ભોગવ્યો હતો. લુ દેશના રાજા કન્ફયૂશિયસને પોતાના રાજ્યમાં ઊંચો હોદ્દો આપવા ઇચ્છતા હતા . પરંતુ કન્ફયૂશિયસે તે સ્વીકાર્યું નહિ અને રાજા ચાઓની સાથે રહ્યા. આઠેક વર્ષ પછી તેઓ લુ રાજ્યમાં પાછા ફર્યા હતા .

કન્ફયૂશિયસે પોતાના સમયના બે રાજવંશી સગા ભાઇઓની ઘણી પ્રશંસા કરી છે. તેમનાં નામ છે પોઆઇ અને શુ ચિ. પો આઇ એક નાના રાજ્યના રાજા હતા. તેમની હકુમતમાં પ્રજા ઘણી સુખી હતી . રાજ્યવહીવટ પણ સરસ ચાલતો હતો. પો આઇને થયું કે પોતે કેટલાંક વર્ષ રાજ્ય કર્યું છે, એટલે હવે પોતાના નાનાભાઇ શુ ચિને રાજ્ય સોંપવું જોઇએ. એમણે રાજ્યગાદીનો ત્યાગ કરીને નાનાભાઇને રાજ્યસત્તા સ્વીકારવા વિનંતી કરી. પરંતુ નાનાભાઇએ રાજ્યસત્તા સ્વીકારી નહિ. બંને ભાઇઓ રાજમહેલ છોડી વનમાં ચાલ્યા ગયા. એવામાં વુ વંગ નામના રાજાએ શહેનશાહ ચાઉને હરાવ્યો અને પોતે શહેનશાહ થયો. એ પોતે ચાઉ કરતાં ઘણો ભલો હતો. એણે પો આઇ અને શુ ચિને પોતાના રાજ્યની રાજગાદી પાછી લેવા વિનંતી કરી. પણ બંને ભાઇઓએ તે સ્વીકારી નહિ. આ બંને ભાઇઓ કોઇની સાથે દુશ્મનાવટ રાખતા નહિ. એથી સૌ કોઇ એમના ચાહક હતા. કન્ફયૂશિયસે પણ એમની કદર કરી હતી.

કન્ફયૂશિયસનો જન્મ લુ રાજ્યમાં થયો હોવાથી એ રાજ્ય એમને વધારે વહાલું હતું. પોતાના રાજ્યમાં કોઇ સત્તાનું પદ પોતાને મળે એ એમને માટે ગૌરવવાળી વાત હતી.

કન્ફયૂશિયસને પચાસ વર્ષની ઉંમરે, ઇ. સ. પૂર્વે ૫૦૧માં, એ રાજ્યમાં એક નગરના ઉપરી અમલદારની નોકરી મળી હતી. ત્યારે લુમાં રાજા ટિંગ રાજ્ય કરતા હતા. કન્ફયૂશિયસમાં વહીવટી શક્તિ ઘણી સારી હતી. એથી રાજાના તેઓ માનીતા અમલદાર બન્યા હતા.

કન્ફ્યૂશિયસે રાજ્યમાં ઘણા સુધારા કર્યા હતા. અને એથી પ્રજાનાં સુખ સંપત્તિમાં ઘણો વધારો થયો હતો.

એક વખત રાજા ટિંગની જિંદગી જોખમમાં હતી ત્યારે કન્ફ્યૂશિયસે પોતાની બહાદુરી અને અગમચેતીથી રાજાનો જાન બચાવી લીધો હતો.

૫૩ વર્ષની વયે કન્ફ્યૂશિયસની ચુંગ-તુ (Chung tu) નામના શહેરના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. ન્યાયાધીશ તરીકેનું એમનું કાર્ય એટલું સરસ હતું કે એમને તરત કાયદા ખાતાના પ્રધાન તરીકે બઢતી આપવામાં આવી. એમણે એ ખાતાના પ્રધાન તરીકે પણ ઘણું સરસ કાર્ય કર્યું. આથી એમની ખ્યાતિ સમગ્ર રાજ્યમાં પ્રસરી. લુના રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે કન્ફ્યૂશિયસને ત્યાંથી બોલાવી લુમાં ગુના ખાતાના પ્રધાન કર્યા. ત્રણ વર્ષ કન્ફ્યૂશિયસે એ ખાતામાં કામ કર્યું. તેને પરિણામે રાજ્યમાં ગુના થતાં બંધ થઇ ગયા. કેદખાનાં ખાલી પડ્યાં. ન્યાય કચેરીઓ પણ ખાલી લાગવા માંડી. ગુનાઓ તો ત્યાં સુધી ઘટી ગયા કે લોકો ઘરને તાળાં પણ મારતા નહિ.

તે વખતે લુના રાજા ટિંગે કન્ફ્યૂશિયસને પોતાના રાજ્યનો બધો વહીવટી કાર્યભાર સ્વીકારવા કહ્યું. એણે કન્ફ્યૂશિયસની સલાહ અનુસાર બધા સુધારાઓ રાજ્યમાં કરવા ચાલુ કર્યાં. પરિણામે લુ રાજ્યની એક સુંદર રાજ્ય તરીકે ચારે બાજુ પ્રતિષ્ઠા ઘણી વધી ગઇ. ચોરી અને લૂંટફાટનો ઉપદ્રવ તદ્દન નિર્મૂળ થઇ ગયો. રસ્તામાં પડેલી વસ્તુ કોઇ લેતા નહિ. વેપારધંધામાં પ્રામાણિકતા આવી. લોકો વેપારમાં ચીજ વસ્તુઓની જે ભેળસેળ કરતા હતા તે હવે બંધ થઇ ગઇ. સ્ત્રીઓને અને પુરુષોને ચાલવા માટે અલગ અલગ પગથી (ફૂટપાથ) પણ રસ્તાની સામસામી બાજુએ કરવામાં આવી હતી કે જેથી સ્ત્રીઓ અને પુરુષો ધક્કાધક્કી વિના શિસ્તબદ્ધ અને વિનયપૂર્વક ચાલી શકે.

બીજા રાજ્યના અનેક લોકો લુ રાજ્યની આવી સરસ સ્થિતિ જોવા આકર્ષાઇને આવતા અને તેઓ પણ જાણે લુના જ નાગરિક હોય એવો ભાવ અનુભવતા.

કન્ફ્યૂશિયસના સુંદર વહીવટથી જે રીતે લુ રાજ્યની પ્રગતિ થતી હતી તે પડોશી રાજ્યો સાંખી શક્યા નહિ. લુનો રાજા ટિંગ ચંચળ મનનો, ધનલોલુપ અને કામાસક્ત હતો. એની નિર્બળતાની વાતો પાડોશી રાજ્યો પણ જાણતાં હતાં. એની નબળાઇનો લાભ લેવા પડોશી રાજ્ય ચીના રાજાએ ટિંગ માટે સંગીતમાં વિશારદ અને રૂપવતી એવી ઘણી સુંદરીઓને તથા સરસ ઘોડાઓને ભેટ તરીકે મોકલ્યાં. કન્ફ્યૂશિયસે તે ન સ્વીકારવા ટિંગને સલાહ આપી. તેમ છતાં ટિંગ લલચાયા અને ભેટનો સ્વીકાર કર્યો. સુંદરીઓની મોહજાળમાં તેઓ ફસાયા. પોતાની સલાહના અનાદર માટે કન્ફ્યૂશિયસે રાજ્યના મંત્રીપદેથી રાજીનામું આપ્યું. તેઓને રાજ્ય છોડીને ચાલ્યા જવાની ફરજ પડી. વખત જતાં પડોશી રાજ્યો દ્વારા રાજા ટિંગને પણ ઉથલાવી પાડવામાં આવ્યો અને તે પણ રાજ્ય છોડીને ભાગી ગયો.

જ્યારે કન્ફ્યૂશિયસ લુ છોડી વઇ નામના રાજ્ય તરફ ગયા ત્યારે એમનો રથ જન યુ નામનો એક શિષ્ય હાંકતો હતો. વઇમાં વસતિનું પ્રમાણ ઘણું મોટું હતું, પણ લોકો એકંદરે ગરીબ હતા. જન યુએ રસ્તામાં કન્ફ્યૂશિયસને પૂછ્યું કે 'વઇ રાજ્યના ઉદ્ધાર માટે શું કરવું જોઇએ?' કન્ફ્યૂશિયસે કહ્યું, 'પહેલાં લોકોને રોજગારી મળે એ રીતે તેઓને સમૃદ્ધ બનાવવા જોઇએ. ત્યાર પછી લોકોને સંસ્કારી બનાવવા જોઇએ, કારણ કે સંસ્કાર વિના સમૃદ્ધિ નહિ ટકે અને ગરીબીની દુર્દશામાં સંસ્કાર ટકે નહિ.'

કન્ફ્યૂશિયસ લુ છોડી પોતાના કેટલાક શિષ્યો સાથે વઇ રાજ્યના સરહદ પરના સાઇ નગરમાં દાખલ થયા. એ નગરના વયોવૃદ્ધ મુખીનો એવો રિવાજ હતો કે પોતાના નગરમાં જે કોઇ સાધુ સંતો આવે તો એમનાં દર્શન કરવા માટે તેઓ જતા. કન્ફ્યૂશિયસના શિષ્યો સાથે એમનો મેળાપ થયો. એમની પાસેથી કન્ફ્યૂશિયસ વિશે જાણ્યું એટલે એમને કન્ફ્યૂશિયસનાં દર્શન કરવાની તાલાવેલી લાગી. શિષ્યો એમને કન્ફ્યૂશિયસ પાસે લઇ ગયા. કન્ફ્યૂશિયસનાં દર્શનથી તેઓ બહુ પ્રભાવિત થઇ ગયા. બહાર આવીને એમણે શિષ્યોને કહ્યું, 'તમારે દેશવટો ભોગવવો પડે છે એનો શોક ન કરશો. અત્યારે આખી શહેનશાહત અવળે માર્ગે ચાલી રહી છે, પરંતુ કન્ફ્યૂશિયસને જોતાં મને લાગે છે કે આ દેશના ઉદ્ધાર માટે ભગવાને દૂત તરીકે કન્ફ્યૂશિયસને મોકલ્યા છે એ વાત તમે યાદ રાખજો.'

મુખીએ કરેલી આગાહી વખત જતાં કેટલી બધી સાચી પડી!

કન્ફ્યૂશિયસ જ્યારે લુનું રાજ્ય છોડીને ચાલી નીકળ્યા ત્યારે તેમણે વઇ નામના રાજ્યમાં આશ્રય લીધો, કારણ કે ત્યાંનો ઉમરાવ લિંગ કન્ફ્યૂશિયસનો દૂરનો સગો હતો. પરંતુ પાછળથી લિંગ બહુ દુરાચારી થઇ ગયો. એનો સાવકો પુત્ર એનું ખૂન કરીને ભાગી ગયો. એથી દરબારીઓને એના પૌત્રને ગાદીએ બેસાડ્યો. પરંતુ ભાગી ગયેલો એનો પિતા પાછો આવ્યો અને રાજગાદી માગી, પરંતુ પુત્રે તે આપી નહિ. એથી બંને વચ્ચે લડાઇ થઇ. એમાં પિતા જીત્યો અને ગાદી પર આવ્યો.

એ વખતે પહેલાં પુત્રે અને ત્યારપછી પિતાએ એમ બંનેએ કન્ફ્યૂશિયસને રાજ્યના મુખ્ય મંત્રી તરીકે જવાબદારી સ્વીકારવા માટે વિનંતી કરી હતી, પરંતુ કન્ફ્યૂશિયસે એ સ્વીકારી નહિ. એમના શિષ્યે એનું કારણ પૂછ્યું ત્યારે કન્ફ્યૂશિયસે કહ્યું, 'પિતાએ પિતૃધર્મ અને પુત્રે પુત્રધર્મ બજાવ્યો નથી. એવા રાજ્યની લગામ હાથમાં લઇ શકાય નહિ.'

શિષ્યે પૂછ્યું, 'કદાચ સત્તા લેવાનું થાય તો આપ શરૂઆત કેવી રીતે કરો?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'હું નીચેથી શરૂઆત કરું. સૌથી પહેલાં પારિભાષિક શબ્દોનાં લક્ષણ બાંધું કે જેથી રાજ્યમાં કાયદો અને ન્યાય બરાબર જળવાઇ રહે.'

દેશવટા દરમિયાન જુદાં જુદાં રાજ્યોમાં રાજકીય અસ્થિરતાને કારણે તથા કાવાદાવાને કારણે કન્ફ્યૂશિયસને પોતાના શિષ્યો સાથે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં રખડવું પડ્યું. કેટલીકવાર એમને માથે જાનનું જોખમ પણ આવ્યું. એક વખત મરતાં મરતાં તેઓ બચી ગયા. આમ છતાં તેઓ ક્યારેય નિરાશ કે નિરુત્સાહી થયા નહોતા, પરંતુ વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે આવા વિપરિત સંજોગોમાં પણ એમનો એક પણ શિષ્ય એમને છોડીને ચાલ્યો ગયો નહોતો. એ બતાવે છે કન્ફ્યૂશિયસનું પોતાનું વ્યક્તિત્વ કેટલું બધું પવિત્ર અને આકર્ષક હશે!

દેશવટા દરમિયાન કન્ફ્યૂશિયસ કેટલોક વખત ચિંગ નામના રાજાના રાજ્યમાં રહ્યા હતા. ચિંગની ઇચ્છા હતી કે કન્ફ્યૂશિયસ પોતાના રાજ્યમાં રહે અને લોકોના જીવનને સુધારવા માટે યોગ્ય માર્ગદર્શન આપે. પરંતુ ચિંગ પોતાના રાજ્યમાં કન્ફ્યૂશિયસને યોગ્ય હોદ્દો આપી શક્યા નહિ. વળી ચિંગના રાજ્યમાં સુધારા કરવા માટે કોઇ અનુકૂળ વાતાવરણ રહ્યું નહોતું એટલે કન્ફ્યૂશિયસ ચિંગનું રાજ્ય છોડીને ચાલ્યા ગયા હતા.

કન્ફ્યૂશિયસ કહેતા કે કોઇપણ રાજ્ય તરફથી તે રાજ્યમાં સુધારા કરવા માટે પોતાને જો કોઇ જવાબદારી સોંપવામાં આવે તો પોતે ત્રણ વર્ષની અંદર પ્રજાકીય સ્તરે એનો સંપૂર્ણ અમલ કરાવી શકે. કન્ફ્યૂશિયસને રાજ્યવહીવટની બાબતમાં કેટલો બધો આત્મવિશ્વાસ હતો તે તેમના આ કથન ઉપરથી જોઇ શકાય છે.

દેશવટા દરમિયાન કન્ફયૂશિયસ જુદાં જુદાં રાજ્યોમાં ફર્યાં. રાજ્યના અમલદાર તરીકે એમને સારો અનુભવ હતો. એ વાત બીજા રાજાઓ અને લોકો જાણતા હતા. પરંતુ કન્ફયૂશિયસે એવું કોઇ પદ મેળવવા સામેથી કોઇ પ્રયત્ન કર્યો ન હતો. વળી પોતાની શક્તિને યોગ્ય પદ મળે તો જ તેઓ સ્વીકારવા તૈયાર હતા. એથી નીચેનું પદ લેવામા તેમને રસ નહોતો. એમના કેટલાક શિષ્યો આવું કોઇક પદ તેઓ જલદી સ્વીકારે એમ ઇચ્છતા હતા. પરંતુ કન્ફયૂશિયસને એવી કોઇ ઉતાવળ નહોતી. એમ કરતાં કરતાં પંદરેક વર્ષ વહી ગયાં હતાં. પોતાના લુ રાજ્યમાં પાછા ફરવા માટે હવે અનુકૂળ વાતાવરણ થયું હતું. એટલે કન્ફયૂશિયસે લુ પાછા ફરવાનો નિર્ણય કર્યો.

કન્ફયૂશિયસ જ્યારે પાછા ફરી રહ્યાં હતા ત્યારે એક વખત તેઓ ચેન અને ત્સાઇ એ બે રાજ્યોની સરહદ પરના સાંકડા ડુંગરાળ રસ્તામાંથી પસાર થઇ રહ્યા હતા. તે સમયે એક રાજ્યના સૈનિકોએ એમના ઉપર ઘેરો ઘાલ્યો. આથી કન્ફયૂશિયસ આગળ વધી ન શક્યા. એમ સતત સાત દિવસ સુધી કશી સાધન સામગ્રી વિના તેઓને એક સ્થળે સંતાઇને રહેવું પડ્યું હતું. એ વખતે એમની સાથે એમના શિષ્યો પણ હતા. પરંતુ આવા સંકટમાં પણ કન્ફયૂશિયસની સાથે રહેવામાં તેઓ કોઇ ડરી ગયા નહોતા કે હિંમત હારી ગયા નહોતા.

કન્ફયૂશિયસ જ્યારે દેશવટો ભોગવતા હતા ત્યારે એમની ઉંમર સાઠ વર્ષની થવા આવી હતી. તેઓ સશક્ત અને સક્રિય હતા. તેમને આશા હતી કે લુનો રાજ્યવહીવટ સંભાળવા માટે તેમને બોલાવવામાં આવશે. પરંતુ તેમને બોલાવવામાં આવ્યા નહિ. એને બદલે એમના શિષ્ય જન ચિઉને રાજ્યવહીવટ સંભાળવા માટે રાજાએ કહ્યું અને જન ચિઉએ એ દરખાસ્ત સ્વીકારી લીધી. કન્ફયૂશિયસને એ ગમ્યું નહિ. તે વખતે તેઓ ચેનના રાજમાં હતા. એમણે તે વખતે પોતાના શિષ્યોને કહ્યું, 'ચાલો, આપણે જલદી આપણા લુ રાજ્યમાં પાછા ફરીએ કારણ કે આપણા જુવાનો ઉતાવળિયા, લોભી અને તકવાદી થઇ ગયા છે. તેઓ થોડી વિદ્યા શીખ્યા એનો અર્થ એ નથી કે તેઓ રાજ્યવહીવટ ચલાવવામાં કાબેલ છે.'

કન્ફયૂશિયસે પોતાના શિષ્યો સાથે ચૌદ-પંદર વર્ષ જુદાં જુદાં રાજ્યોમાં પરિભ્રમણ કર્યું. આ પ્રવાસો દરમિયાન એમને સારા માઠા વિવિધ પ્રકારના અનુભવો થયા. એથી એમને ઘણું શીખવા મળ્યું.

કન્ફયૂશિયસને લુના રાજવીએ પાછા ફરવા માટે વિનંતીનો સંદેશો મોકલાવ્યો. કન્ફયૂશિયસ લુમાં પાછા ફર્યા, પરંતુ ત્યારે એમની ઉંમર ૬૮ વર્ષની થઇ ગઇ હતી. તેઓ રાજ્યની કોઇ જવાબદારી હવે લેવા ઇચ્છતા નહોતા. એમણે પોતાનો સમય વિદ્યાર્થીઓને ભણાવવામાં અને પ્રાચીન ગ્રંથોનું સંકલન કરવામાં પસાર કર્યો.

કન્ફયૂશિયસ વઇના રાજ્યમાંથી લુના રાજ્યમાં પાછા ફર્યા ત્યારપછી એમણે સંગીતના ક્ષેત્રે જે એક મહત્ત્વનું કાર્ય કર્યું તે સંગીતના કાર્યક્રમોની પુનર્યોજનાનું હતું. અત્યાર સુધી ધાર્મિક ગીતો અને લૌકિક ભોગવિલાસનાં ગીતોની સેળભેળ થતી રહેતી. સંગીતકારો અને ગાનારાઓ મન ફાવે તે ગીત કાર્યક્રમમાં ગાતા વગાડતા રહેતા. એમાં બહુ ઔચિત્ય રહેતું નહિ. (જેમ આપણે ત્યાં લગ્નપ્રસંગે વાજાવાળાં લગ્નભંગનાં, કાયમના વિરહનાં, બેવફાઇનાં એમ જુદા જુદા પ્રકારનાં પ્રચલિત ફિલ્મી ગીતો વગાડે છે તેમ) કન્ફયૂશિયસે આવા કાર્યક્રમોની પુનર્યોજના કરી કે જેથી ધાર્મિક ઉત્સવના પ્રસંગે ધાર્મિક ગીતો જ ગવાય અને કોઇકના લગ્ન કે મરણ પ્રસંગે તેવા પ્રકારનાં ગીતો ગવાય.

એક વખત પોતાના હાથ નીચે અગાઉ કામ કરતો એક અધિકારી અચાનક મળી ગયો. સુધારા કરવાની બાબતમાં તે નિરાશ થઇ ગયો હતો. ત્યારે કન્ફયૂશિયસે એ નિરાશ થઇ ગયેલા અધિકારીને કહ્યું હતું, 'પરમાત્માએ મને જગતમાં સુધારાઓ કરવા મોકલ્યો છે. માટે પૂરો વિશ્વાસ રાખવો અને હિંમત રાખવી. એ માટે તમારે નિરાશ થવાની જરા પણ જરૂર નથી. સુધારાઓ અવશ્ય થશે જ.'

પોતાના માથે કષ્ટો આવી પડ્યાં ત્યારે પણ કન્ફયૂશિયસ સત્ય અને કર્તવ્યપાલન માટેના પોતાના આગ્રહમાંથી અને સુધારાઓ માટેની પોતાની ધગશમાંથી જરા પણ પાછા હઠ્યા નહોતા. વૃદ્ધાવસ્થામાં એમને પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિમય વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાની સલાહ ઘણા તરફથી મળતી, તો પણ તે ન સ્વીકારતાં તેમણે જીવનના અંત સુધી પ્રવૃત્તિમય જીવન ચાલુ રાખ્યું હતું.

કન્ફયૂશિયસે પોતે પોતાના વિશે કહ્યું છે, 'પંદર વર્ષની વયે હું વિદ્યાભ્યાસમાં ડૂબેલો હતો. ત્રીસ વર્ષની વયે હું ગમે તે પરિસ્થિતિમાં ગમે તે વ્યક્તિ સામે સ્વસ્થ અને અણનમ રહેતાં શીખ્યો. ચાલીશ વર્ષની વયે ઇશ્વરમાં મારી શ્રદ્ધા સ્થિર થઇ અને કુદરતના નિયમો સમજવા લાગ્યો. સાઠ વર્ષની વયે સત્યવચન પ્રત્યે મારો આદરભાવ વધી ગયો. સિત્તેર વર્ષની વયે નીતિનિયમોના ભંગ વિના મારા આત્માના અવાજને ઓળખવાનું અને તે મુજબ અનુસરવાનું બળ મેં મેળવ્યું.'

ઇ. સ. પૂર્વે ૪૭૯માં ૭૩ વર્ષની વયે કન્ફયૂશિયસનું અવસાન થયું. એમના મૃતદેહને ચુ-ફુ નામના નગરમાં દફનાવવામાં આવ્યો હતો.

કન્ફયૂશિયસના સ્વર્ગવાસ પછી એમની યાદગીરીમાં વખતોવખત રાજ્ય તરફથી એમનું મરણોત્તર બહુમાન કરવામાં આવતું. એમના સ્વર્ગવાસના લગભગ બે સૈકા પછી તો એમની સમાધિ આગળ ચીનના શહેનશાહે મોટો યજ્ઞ કરાવ્યો હતો. ત્યારપછી કેટલેક વર્ષે કન્ફયૂશિયસને જુદી જુદી મરણોત્તર પદવીઓ, ઇલ્કાબો વગેરે આપવામાં આવ્યાં હતાં. ત્યારપછી એમના માનમાં નિયમિત સમયે વર્ષમાં ચાર વખત ધાર્મિક અનુષ્ઠાનો કરવાનો હુકમ રાજ્ય તરફથી નીકળ્યો હતો. કન્ફયૂશિયસ માટે જુદા જુદા સ્થળે મળીને દોઢ હજારથી વધુ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કન્ફયૂશિયસના સ્વર્ગવાસ પછી લગભગ એક હજાર વર્ષ પછી રાજ્યની તમામ શિક્ષણ સંસ્થાઓમાં કન્ફયૂશિયસનું પૂતળું મૂકવામાં આવ્યું હતું. વળી એમના પૂતળાની ધૂપ, દીપ સાથે પૂજા કરવાની પ્રણાલિકા પ્રચલિત બની હતી. સંક્ષેપમાં કહીએ તો કન્ફયૂશિયસને ચીનના શહેનશાહ જેટલું માન આપવામાં આવતું. અને દેવ તરીકે એમની પૂજા થતી રહી. અલબત્ત તત્કાલીન રાજકીય પરિસ્થિતિ અનુસાર તે તે પ્રદેશોમાં આ પૂજા વિધિ અને ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ વધઘટ થતી રહી હતી.

કન્ફયૂશિયસને 'રાજમુગટ (અથવા રાજ્યદંડ) વિનાના રાજા' તરીકેનું બિરુદ આપવામાં આવ્યું હતું.

કન્ફયૂશિસનો જન્મ દિવસ ચીનમાં શિક્ષક દિન તરીકે આજ દિવસ સુધી ઊજવાતો આવ્યો છે. વળી કન્ફયૂશિયસે પ્રજાના હૃદયમાં એવું સ્થાન જમાવ્યું છે કે અનેક લોકોને કન્ફયૂશિયસ માટે લખાયેલી સ્તુતિઓ, પ્રાર્થનાઓ વગેરે કંઠસ્થ છે. સમયે સમયે નવી નવી કવિતાઓ ચીની ભાષામાં આજ દિવસ સુધી કન્ફયૂશિયસ માટે લખાતી રહી છે જે એમની વત્સલ અને પ્રેરક પ્રતિભાની સૂચક છે.

આ રીતે ઠેઠ વર્તમાન સમય સુધી કન્ફયૂશિયસનું ચીની સંસ્કૃતિના પિતા તરીકે પ્રજામાં હંમેશાં બહુ આદરમાન રહ્યું છે. કન્ફયૂશિયસ જેવું અને જેટલું માન આ અઢી હજાર વર્ષમાં ચીનમાં બીજા કોઇને મળ્યું નથી.

☆☆☆

# ચિત્તની પ્રસન્નતા

□ 'સત્સંગી'

ગ્રીસ દેશનો મહાન તત્ત્વચિંતક સોક્રેટીસ યુવાનોને અવળે માર્ગે દોરે છે અને નવાં દેવ-દેવીઓને માને છે એવો તેના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. યુવાનો પોતાના માટે વિચારતાં શીખે એવા સવળા માર્ગે તેમને દોરનાર આ સત્યપ્રિય મહામાનવ પર કામ ચલાવવામાં આવ્યું. ત્યારે ગ્રીસ દેશમાં લોકશાહી હતી. મત લેવાયા. થોડા મતે સોક્રેટીસની હાર થઇ અને એ ગુનેગાર ઠર્યો. તેને ફાંસીની સજા આપવામાં આવી. તે સમયમાં ઝેરનો કટોરો પીવાનો રહેતો. નિયત કરેલા દિવસે સોક્રેટીસને ઝેરનો કટોરો આપવામાં આવ્યો ત્યારે જેલર રડી પડ્યો હતો. સોક્રેટીસે તો સ્વસ્થતાથી પૂછ્યું હતું તેણે ઝેર પીધા પછી શું કરવું. ત્યારે જેલરે ગળગળા અવાજે જવાબ આપ્યો, 'બીજા તો ઝેર પીતી વખતે ધમપછાડા અને દેકારા કરે છે અને ન બોલવાના શબ્દો બોલે છે, ત્યારે તમે શાંતિથી પૂછો છો.' પછી જેલરે તેને કહ્યું કે ઝેર પીધા પછી થોડી વાર આંટા મારવા, તેથી પગ ભારે થઇ જશે એટલે સૂઇ રહેવું. જે 'મૃત્યુ' શબ્દનાં ઉચ્ચારણથી પણ માણસ ભયભીત બને છે તે મૃત્યુ સન્મુખ જ હોવા છતાં સોક્રેટીસે છેલ્લા શ્વાસ સુધી સ્વસ્થતા રાખી અને માણસે શાંતિથી મૃત્યુ પામવું જોઈએ એ દલીલની ભૂમિકા પર સ્ત્રીઓને રડવાની તેમણે મના કરી હતી.

સોક્રેટીસ એથેન્સની ધરતી પર યુવાનો કે પીઢ લોકો સૌ સાથે પ્રસન્નતાથી વાતચીત કર્યે જતો હતો ત્યારે તેની અંગત પરિસ્થિતિ કેવી હતી ? બાહ્ય દેખાવની દષ્ટિએ તે એથેન્સમાં સૌથી કદરૂપો માણસ હતો. આર્થિક દષ્ટિએ તે હંમેશાં દેવાદાર હતો. તેને પત્ની વઢકણી મળી હતી, તેમ છતાં તે તેની પત્ની પર ક્યારે પણ ગુસ્સો થયો નહોતો. તે હંમેશાં પ્રસન્ન ચિત્તે માનવશિલ્પી તરીકેનું તેનું કાર્ય કર્યે જતો હતો. આ મહામાનવ વિપરીત સંજોગોમાં પણ પ્રસન્નતાથી જીવ્યો અને કેવળ મતની ગણતરીથી મળેલી મોતની અન્યાયી શિક્ષા પણ પ્રસન્નતાથી ભોગવી ગયો. સોક્રેટીસ સમગ્ર એથેન્સમાં સૌથી શાણો, ડાહ્યો માણસ છે એવું દૈવી અવાજનું વિધાન સોક્રેટીસે જીવન અને મૃત્યુ બંને સ્થિતિમાં સત્ય કરી બતાવ્યું અને અનોખી પ્રેરણા આપતો ગયો.

આજે પરિચિત વ્યક્તિને મળવાનું બને અને આપણે સહજ રીતે પૂછીએ, 'ભાઇ ! આજે કેમ ઉદાસ ? એવું કંઇ બન્યું નથી ને ?' જવાબમાં તે કહેશે, 'ના, રે ભાઇ ના, આજે એવું કંઇ જ બન્યું નથી.'

'તો પછી ભાવતું ભોજન નહિ મળ્યું હોય ?'

'ના રે ના, આજ તો મનગમતું કંટોલાનું શાક મળ્યું. વળી અધૂરામાં પુરું તે પુરણપોળીનો અદ્દ્ભૂત સ્વાદ મળ્યો.'

'તો પછી આટલા ઉદાસ કેમ છો ?'

'આ તો તમે મને ઘણે દિવસે જોયો એટલે એમ લાગતું હોય, બાકી કંઇ ઉદાસ નથી.'

ટૂંકામાં કહીએ તો આજે ચિત્તની પ્રસન્નતા જોવી દુર્લભ છે. માણસોના ચહેરા પર શોક, ગ્લાનિ, ખિન્નતા, નિરાશા, રાંકપણું વગેરે ભાવો સહજ રીતે રહેતા હોય છે જે જોવા મળે છે. ત્યારે એવું પણ જોવા મળે કે જે માણસને જમવામાં કેવળ બે જ વસ્તુઓ રોટી અને દાળ મળ્યાં હોય છતાં તેનો ચહેરો પ્રસન્ન હોય.

માણસ પ્રસન્ન શા માટે રહી શકતો નથી ? માણસની અપ્રસન્નતાનાં ઘણાં કારણો છે. સામાન્ય રીતે માણસને તેની આર્થિક સ્થિતિ અંગે નારાજી રહેતી હોય છે. આર્થિક સદ્ધરતાથી ચિત્ત પ્રસન્ન બને એમ તે માનતો હોય છે. સ્વ. પૂજ્ય વિનયચંદ્રજી મહારાજ સાહેબે તેમનાં એક પ્રવચનમાં દર્શાવ્યું છે કે તેઓ એક બંગલામાં ગયા. બંગલો વિશાળ હતો. બે ચાર મોટરો હતી. ઘરમાં જેવા તેઓશ્રી શેઠ પાસે પહોંચ્યા કે શેઠની આંખોમાંથી અશ્રુધારા વરસી પડી. અઢળક નાણું હોવા છતાં આ સ્થિતિ ? અમેરિકામાં એવા દાખલા નોંધાયા છે કે ધનપતિ આત્મહત્યા કરી લે. કેવળ પૈસાથી પ્રસન્નતા મળે એ માણસનો ખ્યાલ ખરેખર ભ્રામક છે. માણસ પોતાના જીવન વ્યવહાર અંગે બે છેડા ભેગા ન કરી શકતો હોય તેથી નારાજી અવશ્ય રહે, પરંતુ આવાં દૃષ્ટાંતોની મદદથી તે પ્રસન્નતા કેળવી શકે અને પોતાની આર્થિક સ્થિતિ સુધારવા માટે પુરુષાર્થ કરવા સમર્થ બને. ખિન્નતા, ગ્લાનિ, રીસ, રોષ, નારાજી, વગેરેથી આર્થિક સ્થિતિ લેશમાત્ર સુધરતી નથી, ઊલટાનું સ્વાસ્થ્ય બગડે છે અને આર્થિક સ્થિતિ સુધારવાના પુરુષાર્થની જાણે સ્મૃતિ પણ રહેતી નથી !

માણસ લઘુતાગ્રંથિ (Inferiority Comlex)નો ભોગ બન્યો હોવાથી પણ તે પ્રસન્નતા રાખી શકતો નથી. પોતાનામાં કંઇક ખામી છે એવો વિચાર તેનાં મનમાં દ્રઢ થઇ ગયો હોય છે. તેથી તે પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરે ત્યાં તેને તેની ખામી યાદ આવે અને મોં પડી જાય. પોતાની ખામીનો વિચાર તેને સતત સતાવતો રહે છે. પરિણામે, તે બીજી ઘણી રીતે સુખી હોય તો પણ તે જીવનનો આનંદ મેળવી શકતો નથી. માનસિક બિમારી ગણાય તેટલી હદ સુધી લઘુતાગ્રંથિ હોય તો તો માનસચિકિત્સક પાસે સારવાર લેવી પડે. નહિતર આવા વિચારથી લઘુતાગ્રંથિ દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ,' આ ધરતી પર કોઇ પણ માણસ પૂર્ણ નથી. માણસમાત્રમાં કંઇક ખામી હોય એ તદ્દન સ્વાભાવિક છે. મારી ખામી સુધારવાનો પ્રયત્ન મારે જરૂર કરવાનો, પણ તેના વિશે સતત સભાન રહેવાની કોઇ જરૂર નથી. હું જે છું તે બરાબર છું. મારે ધર્મની આરાધના કરવી છે અને પ્રગતિ માટે પુરુષાર્થ કરવાનો છે. ખામી હોય તેથી હાથ જોડીને બેસી રહેવાનું હોય નહિ.' આવું સહૃદયી વલણ પ્રસન્નતા કેળવવામાં અવશ્ય મદદરૂપ બને છે.

માણસમાં ગુનાની લાગણી (sense of guilt) સવિશેષ રહેતી હોય તેવી પણ તે પ્રસન્ન રહી શકે નહિ; નારાજ કે ઉદાસ રહ્યા કરે ગુનાની લાગણી નાનપણથી કામ કરવા લાગે છે. અને તે જીવનસાથી તરીકે રહેતી હોય છે. આ ગુનાની લાગણી દૂર કરવા આ રીતે વિચારાય, 'ભૂલ થઇ ગઇ તે થઇ ગઇ. જે ભૂલ થઇ તે ન થઇ નહિ થાય. માણસમાત્ર ભૂલને પાત્ર. ભૂલ થવી સ્વાભાવિક છે. વધારે વાર પણ ભૂલો થઇ જાય. પરંતુ જાગ્યા ત્યાંથી સવાર. હવે આવી ભૂલ નહિ થાય એ જ સાચો પશ્ચાતાપ છે. ભૂતકાળ વાગોળવાથી વર્તમાન બગડે છે. ભૂલ થઇ છે તેથી ભૂલ ન થઇ હોય એવો હું બની શકું તેમ નથી. ઊલટાનું વર્તમાન જીવન કંગાળ રહે છે. હવે ભૂલ કરવી જ નથી. નીતિ, સદાચાર અને ધર્મને માર્ગે ચાલવું છે . મારી જાતને વધુ પડતી શિક્ષા આપવાથી મારું અમૂલ્ય જીવન વેડફાશે. માણસોને ટીકા કરવાની ટેવ પડી, ઉતારી પાડવાની ટેવ પડી. મારે અમૂલ્ય સમય ખિન્નતા, આત્મદયા, ઉદાસીનતા વગેરે સાથે જ વ્યતીત કરવો ?'

ભૂલ થઇ જાય પરંતુ ભૂલનો સ્વીકાર કરીને એ ભૂલ ફરી ન થાય એવો નિશ્ચય રાખીને આચરણ કરે તેમાં જ માનવજન્મની સાર્થકતા છે. સાચા સંતનો સમાગમ કરીને પ્રાયશ્ચિત લઇને સમાધાન કરી શકાય. અને સંતની સમજાવટથી પોતાનો રાહ ઠીકઠાક થઇ શકે છે. આવા પ્રયત્નોથી અને ધર્મને અનુસરવાથી ધીમે ધીમે પ્રસન્નતા કેળવી શકાય છે. પ્રસન્નતા રહે તેમાં દુનિયાને કે પોતાની જાતને છેતરવાનું હોતું નથી.

માણસને પોતાનાં જીવન દરમ્યાન આઘાતો, નિષ્ફળતાઓ વગેરે મળ્યાં હોય તેથી માણસ પોતાના ચિત્તની પ્રસન્નતા ખોઇ બેઠો હોય. સમગ્ર વિશ્વ અને માનવજીવનની રચના એવી છે કે માણસમાત્રને જાતજાતનાં આઘાતો, નિષ્ફળતાઓ વગેરે મળતાં જ રહે અને તેમ ન થાય તો તે જગતની અકલ્પ્ય અજાયબી જ ગણાય. સદા એકધારું સીધી લીટીવાળું જીવન અશક્ય છે. તેથી જીવનનો સામનો કરવો એ માણસ માત્ર માટે પડકારની બાબત બને છે. આઘાતો નિષ્ફળતાઓ વગેરેનું બળ એટલું જબ્બર હોય છે કે માણસ માનસિક અસ્થિરતાનો પણ ભોગ બને અથવા હૃદયરોગ, લોહીનું દબાણ વગેરે રોગોનો ભોગ બને. દૈવેચ્છા અને પૂર્વજન્મોના કર્મનું ફળની વિચારસરણી સમજીને આઘાતો, નિષ્ફળતાઓ વગેરે જીરવતાં શીખતા રહેવું જ જોઇએ. ભગવદ્દભક્તિ, ધર્મારાધના, સંત-સમાગમ, સારા ગ્રંથોનું વાચન વગેરે દ્વારા આઘાતો અને નિષ્ફળતાઓ દ્વારા સર્જાયેલી ગ્લાનિ દૂર થઇ શકે છે. આવા

